॥ नमोऽस्तु तस्मै जिनशासनाय ॥

# શાસ્ત્રાભ્યાસની કળા
# ની
# કસોટી

(ઉત્તરાધ્યયનસૂત્રના પ્રથમ વિનય અધ્યયનનું ભાષાંતર)

❖ શુભાશિષદાતા ❖

પ. પૂ. પંન્યાસશ્રી હંસકીર્તિવિજયજી મ. સાહેબ

❖ અનુવાદક ❖

યુગપ્રધાનાચાર્યસમ પૂજ્યપાદ પં. પ્રવરશ્રી

શ્રી ચન્દ્રશેખર વિજયજી મ. સાહેબના

શિષ્ય

મુનિશ્રી ગુણહંસ વિજયજી

❖ સંશોધક ❖

પૂ. જયભૂષણ વિજયજી મ. સાહેબ

પૂ. તત્ત્વરૂચિ વિજયજી મ. સાહેબ

પૂ. નયબોધિ વિજયજી મ. સાહેબ

❁ **પ્રકાશક** ❁

**શ્રમણ પ્રધાન જૈન સંઘાન્તર્ગત**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨-એ, ચંદનબાળા કોમ્પ્લેક્ષ
આનંદ નગર પોસ્ટ ઑફિસ સામે
ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭
ટેલી. (૦૭૯) ૨૬૬૦ ૫૩૫૫


❁ **અનુવાદકીય પરિચય** ❁

સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્ વિજય
**પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**
યુગપ્રધાનાચાર્યસમ પૂજ્યપાદ પં. પ્રવર શ્રી
**ચન્દ્રશેખર વિજયજી મ. સા. ના વિનેય**
**મુનિશ્રી ગુણહંસ વિજય**


❁ **પ્રાગટ્ય દિન** ❁

**અષાઢ સુદ-૬, વિ. સં. ૨૦૭૦, તા. ૩-૭-૨૦૧૪**

(પ્રભુવીરનો ચ્યવન કલ્યાણક દિન)

❁ **મૂલ્ય** ❁

શાસ્ત્રાભ્યાસની કળામાં માહીર થવાનો મનોરથ કેળવવો

**આવૃત્તિ :** પ્રથમ સંસ્કરણ, **નકલ :** ૭૦૦

❁ **મુદ્રક** ❁

શ્રી રામાનંદ ઑફસેટ
અમદાવાદ
. : ૯૮૨૪૦ ૫૩૭૭૨

# સમર્પણમ્

૨૧૦૦૦ વર્ષ સુધી પ્રત્યેક સંયમીને વિનય માટે આદર્શભૂત બની રહેનારા ગૌતમસ્વામી ગણધર મહારાજાને.....
ચંદનબાળાજીનો ઠપકો સાંભળીને પણ સહર્ષ ભૂલ સ્વીકારનારા રાજરાણી સાધ્વીજી શ્રી મૃગાવતીજીને.....
મહાત્માઓના ધિક્કારપૂર્વકના થુંકને ઘી સમજીને ભાતમાં હલાવીને વાપરી જનાર શ્રી કુરગડુ મુનિને.....
ગુરુના દાંડાઓનો સખત માર ખાઈને પણ હસતા રહીને કેવલજ્ઞાન પામનારા એ ઉત્તમ મુનિરાજને.....

અને

વર્તમાનકાળના એ હજારો સંયમીઓને... કે જેઓ
ગુરુજનોનો,વડીલોનો,તપસ્વી-જ્ઞાનીઓનો શ્રેષ્ઠકોટિનો વિનય આચરે છે.....
ખોટા કે સાચા ઠપકાઓને અમૃત સમજીને સહન કરી લે છે.....
ઉત્તરાધ્યયનસૂત્રના પ્રથમ અધ્યયનમાં દર્શાવેલ વિનયનું પાલન કરવા માટે શક્ય પુરુષાર્થ કરે છે.....
આ સૌના કરકમળમાં
**શાસ્ત્રાભ્યાસકળાની કસોટી** પુસ્તક સમર્પણ કરતાં હું અનેરો આનંદ અનુભવું છું.

લિ.
ગુણહંસ વિ.

# સૌજન્ય

પ્રસ્તુત પુસ્તક મુખ્યત્વે સંયમીઓ માટે જ હોવાથી
જ્ઞાનખાતાની રકમમાંથી છાપી શકાય, છતાં...

શ્રુતજ્ઞાન પ્રત્યેના અપૂર્વ બહુમાનભાવથી પ્રેરાઈને,
સંપત્તિનો સન્માર્ગે વ્યય કરીને પરમલોક મેળવવાની ભાવનાથી પ્રેરાઈને,
સંયમીઓ પ્રત્યેના અમાપ સદ્ભાવથી પ્રેરાઈને,
સ્વદ્રવ્યથી પુસ્તકનો સંપૂર્ણ લાભ લેનાર

**ભિન્નમાલ નિવાસી**

**એક સદ્ગૃહસ્થ**

**પ્રાપ્તિસ્થાન**

| **હિતેશભાઈ ગાલા** | **દીપેશભાઈ દીક્ષિત** |
| --- | --- |
| B/૧૭, તૃપ્તિ સોસાયટી, | B/૨, અમર એપાર્ટમેન્ટ, |
| હનુમાન રોડ. વિલેપાર્લે (પૂર્વ) | બેરેજ રોડ, વાસણા |
| **મુંબઈ** | **અમદાવાદ** |
| મો. ૯૮૨૦૯૨૮૪૫૭ | મો. ૯૪૨૮૬૦૮૨૭૯ |

**આશિષભાઈ મહેતા**
૭, સુનીષ એપાર્ટમેન્ટ
રત્નસાગર સ્કૂલની સામે,
કાજીનું મેદાન, ગોપીપુરા
**સુરત**
મો. ૯૩૭૪૫૧૨૨૫૯

नमोस्तु तस्मै जिनशासनाय

## પ્રતના ૭૦ પાનાની ટીકા ઉપર ૨૮૦ ફૂલસ્કેપનું ભાષાંતર શા માટે ?

નિખાલસ હૈયે કબુલ કરૂં છું કે પહેલા મારો સ્વભાવ Negitive જોવાનો-વિચારવાનો-બોલવાનો-લખવાનો હતો. કદાચ આજે પણ એના થોડા-ઘણા સંસ્કાર હશે જ.

સંયમીઓ ભણતા નથી... સંયમીઓ સંયમમાં છૂટછાટો બહુ લે છે... સંયમીઓ સ્વભાવથી બરાબર નથી હોતા...

પણ વર્ષો વીતતા ગયા અને દેવ-ગુરુકૃપાએ આ વિચારધારા પલટાઈ. એનું ખરૂં કારણ એ પણ બન્યુ કે ઢગલાબંધ સંયમીઓના સાક્ષાત કે પરંપરાએ પરિચયો થયા, એમાં એ સૌમાં જબરદસ્ત કોટિની ગુણવત્તા જોવા મળી.

એ બધું વિસ્તારથી લખવાનો આ અવસર નથી, પણ એ પુષ્કળ-પુષ્કળ અનુભવો બાદ અત્યારે મનમાં એક દઢ નિશ્ચય પેદા થયો છે. તે એ છે કે-

વર્તમાનકાળના મોટા ભાગના સંયમીઓનું જીવદળ=ઉપાદાન=આત્મા ઉત્તમ છે, લાયક છે, પાત્ર છે, આમ છતાં તેઓમાં જો સ્વાધ્યાય-સંયમ-સ્વભાવ બાબતમાં ખામી દેખાતી હોય, તો એમાં એમનો પોતાનો દોષ નથી પણ -

(૧) એમને નબળા નિમિત્તો મળ્યા હોય... (૨) એમને સુંદર-સરસ નિમિત્તો ન મળ્યા હોય... એટલે તેઓમાં ખામીઓ જોવા મળે છે.

એમાંય - 'સુંદર-સરસ નિમિત્તો ન મળવા' એ સૌથી મુખ્ય કારણ છે. મોટા ભાગના સંયમીઓ- એવો સુંદર પત્થર છે કે જો શિલ્પી સરસ મળી જાય તો વિશ્વવંદનીય પ્રતિમા બને.

સાર એટલો જ કે- (૧) મોટા ભાગના સંયમીઓ સારા છે, (૨) પણ તેઓને સરસ-શ્રેષ્ઠ નિમિત્તો મળતા નથી કે ઓછા મળે છે. એમાં પણ જો સ્વાધ્યાય માટેના સરસ-શ્રેષ્ઠ નિમિત્તો મળે, તો તેઓ શાસ્ત્રો ભણી-ગણીને સંયમ અને સ્વભાવ બંનેમાં શ્રેષ્ઠતાને આપમેળે જ પામશે.

એટલે મને એક જ ઈચ્છા થતી કે- ''સંયમીઓને કોઈપણ હિસાબે સ્વાધ્યાય માટેના સરસ-શ્રેષ્ઠ નિમિત્તો આપવા.'' એ માટે જ (૧) ઓઘનિર્યુક્તિ, (૨) દસવૈ. હારિભદ્રીવૃત્તિ વગેરે ગ્રન્થોના ભાષાંતરો કર્યા... કરાવ્યા... સામાચારીપ્રકરણ, યોગવિંશિકા જેવા ગ્રન્થો ઉપર સરળ ટીકાઓ રચી...

આ બધાના કારણે ઘણા સંયમીઓ ભણતા થયા... એ ફાયદો પણ પ્રત્યક્ષ દેખાયો.

હવે મુખ્ય વાત...

અમે **સ્વાધ્યાય માર્ગદર્શિકા** પુસ્તક બહાર પાડ્યું, જેમાં સંયમીઓએ કયા ગ્રન્થો કયા ક્રમથી ભણવા ? એ અભ્યાસક્રમ બતાવ્યો, એ પછી **શાસ્ત્રાભ્યાસની કળા** પુસ્તક પ્રકાશિત કર્યું. એમાં શાસ્ત્રો કેવી રીતે ભણવા ? એ આખી પદ્ધતિ દર્શાવી, પણ એ કળા પ્રેક્ટીકલ રૂપે શેમાં શીખવી... એ પ્રશ્ન હતો. મેં જોયું કે ઉત્તરાધ્યયન શાંતિસૂરિ ટીકામાં આ કળા બરાબર શીખી શકાય એમ છે. આ ટીકામાં તમામે

તમામ પ્રકારના મુદ્દાઓ આવી જાય છે... એટલે આ કળાઓની પ્રેક્ટીસ માટે જ શાંતિસૂરિ ટીકાવાળું આ પ્રથમ અધ્યયન પસંદ કરીને ભાષાંતર સહિત પ્રકાશિત કરીએ છીએ, જેથી સંયમીઓ શાસ્ત્રાભ્યાસની કળા પુસ્તકની તમામ કળાઓની પ્રેક્ટીસ આ ભાષાંતરના આધારે કરી શકે.

એવો અનુભવ પણ અનેકવાર થયો છે કે–

સંયમીઓ ખૂબ ધગશથી ઘણા ગ્રન્થો વાંચે તો છે, પણ ગ્રન્થ વાંચનની સાચી પદ્ધતિના અભાવને કારણે તેઓ યોગ્ય વાંચન કરી શકતા નથી. જો કે એમને એક સંતોષ થઈ જાય છે કે અમે ગ્રન્થો વાંચ્યા... પણ જેમ રસગુલ્લાદિ શ્રેષ્ઠ મીઠાઈઓ કદી ન ચાખી હોય, એને ઘઉંનો શીરો શ્રેષ્ઠ લાગે, રસગુલ્લાદિ ચાખ્યા પછી તો શીરો ખાવાની ઈચ્છા ય ન થાય... એમ અનેક સંયમીઓએ યોગ્ય પદ્ધતિથી ટીકા વાંચન કરેલું નથી, એટલે એમાંથી જે બોધ મળે, જે મસ્તી આવે, જે રહસ્યો પ્રાપ્ત થાય... એ એમને મળ્યા નથી હોતા. એટલે પોતાની પદ્ધતિના ટીકાવાંચનથી એમને સંતોષ થઈ જાય. પણ એ ઘઉંનો શીરો છે... રસગુલ્લા તો ચાખવાના ય બાકી છે.

ઢગલાબંધ અઘરા ગ્રન્થો વાંચી ચૂકેલા સંયમીઓ પાસે જ્યારે સામાન્ય ગ્રન્થની ટીકા વંચાવું, ત્યારે પણ તેઓ જે ભૂલો કરે, જે ગરબડો કરે... એનાથી સ્પષ્ટ ખ્યાલ આવે કે – 'એ ઢગલાબંધ, અઘરા ગ્રન્થોનું વાંચન બિલકુલ બરાબર થયું નથી.'

ફરી એ જ વાત... સંયમીઓ સ્વાધ્યાયાદિ માટે પાત્ર છે, ઉત્તમ છે, યોગ્ય છે...

પણ સુંદર–શ્રેષ્ઠ નિમિત્તોનો અભાવ એમની પાત્રતાને, ઉત્તમતાને, યોગ્યતાને પુરબહારમાં ખીલવા દેતો નથી.

– જો સંયમીઓ પાસે ટીકા–વાંચનની વ્યવસ્થિત પદ્ધતિ હાથમાં આવી જાય,

– તો સંયમીઓ એ વ્યવસ્થિત પદ્ધતિ દ્વારા આપણા અણમોલ ટીકા ગ્રન્થોને, અતિ–અતિ–અતિ અદ્ભુત ટીકારત્નોને સારી રીતે, સાચી રીતે વાંચી શકે.

– તો એમને શાસનના બેનમૂન રહસ્યોની પ્રાપ્તિ થાય.

– તો તેઓની આત્મમસ્તી આસમાને પહોંચે.

– તો સંયમ–સ્વભાવ અંગેના પ્રશ્નોના સમાધાન તેઓ આપમેળે જ પોતાના જીવનમાં જ ઉતારી લે.

– તો શ્રેષ્ઠ સંયમીઓનું વિરાટ સૈન્ય જિનશાસનને – જૈન સંઘને પ્રાપ્ત થાય.

ત્રિષષ્ઠિશલાકાદિ ગ્રન્થોનું વાંચન પણ સરસ છે, પણ એમાં અને આ રહસ્ય ભરપૂર ટીકા ગ્રન્થોમાં ખાસ્સું અંતર છે.

એટલે મારો આ નિર્ણય પાકો થયો કે – "સંયમીઓ ટીકાવાંચનની પદ્ધતિ જો બરાબર શીખી લે, તો સરસ ! સૌથી પહેલા આ કામ કરવું છે." એટલે... આ પ્રથમ અધ્યયનનું ગુજરાતી ભાષાંતર કર્યુ એમાં એ લક્ષ્ય જ ખાસ રાખ્યું કે– 'ટીકા કેવી રીતે વાંચવી ?' એ સંયમીઓને ખ્યાલમાં આવે...' એ માટે જ લંબાણથી લખાણ કર્યું.

સાવ સામાન્ય બાબત પણ બરાબર લખવાનો પ્રયત્ન કર્યો. એક જ વસ્તુ પાંચ–દસ વાર આવે, તોય દરેક વખતે એનો અર્થ લખ્યો. એ છોડી ન દીધી. કૌંસ કરી કરીને એમાં વારંવાર સ્પષ્ટીકરણ કરતો ગયો.

હાથ થાકતા, કયારેક એવી સામાન્ય બાબતો લખવાનો કંટાળો પણ આવતો, છતાં 'બીજા સંયમીઓને આ મને સામાન્ય લાગતી બાબત પણ અઘરી પડશે તો ?' એમ વિચારીને લખતો રહ્યો.

જો કે આ ભાષાંતર લખવામાં મને ય ઘણી મુંઝવણો થઈ છે. તેનું કારણ એ કે–

(૧) જો ટીકાનો અક્ષરશઃ અનુવાદ કરું, તો એમાં ભાવાર્થ પકડવો બધાને અઘરો પડે. કેમકે આ ટીકા એવી છે કે–

એમાં એક આખું સળંગ સીધું વાક્ય ઓછું મળે... ગાથાના શબ્દો નીચે ઉતારતા જાય, અને એનો અર્થ કરતા જાય. અન્વય પણ ટીકામાં ઓછો જોવા મળે, હોય તોય જલ્દી પકડાય નહિ.

એટલે અક્ષરશઃ અનુવાદ કરું, તો સંયમીઓને વ્યવસ્થિત બોધ ન થાય. માત્ર ટીકાના અક્ષરોનું = પદોનું જ્ઞાન થાય, પણ સાચી સમજ ન પડે.

(૨) જો ટીકાનો ભાવાનુવાદ કરું, મારી રીતે જ અન્વય કરીને જ અર્થ લખું, તો બધું સમજાઈ તો જાય, પણ સંયમીઓ સ્વયં એ ટીકા ખોલતા શીખી ન શકે. 'આ અર્થ શી રીતે થયો ?' એ સમજી ન શકે. એમને કોઈ કહે કે – 'ટીકા વંચાવો.' તો તેઓ ભાવાર્થ સમજાવી શકશે, પણ આખી ટીકા વ્યવસ્થિત વંચાવી નહિ શકે. હવે આવું થાય, એ ય બરાબર નહિ. કેમકે સંયમીઓ બધી ટીકાઓ વાંચવાની પદ્ધતિ શીખી લે, એ મારું લક્ષ્ય છે. એટલે મુંઝવણ વચ્ચે જ ભાષાંતર લખતો ગયો.

બંને વસ્તુ સચવાય, એનો પ્રયત્ન કરતો ગયો... અન્વય પણ કરતો ગયો, ભાવાર્થ બતાવતો ગયો, સાથે-સાથે ટીકાના પદોનો અર્થ પણ ખોલતો ગયો. એટલે જ આ ભાષાંતર ઘણું લાંબુ થયું છે. પણ મને લાગે છે કે –

જેમ શાસ્ત્ર વાંચન માટે સંસ્કૃતભાષા આવડવી જોઈએ...

એમ જો સંયમીઓ એકવાર એકદમ ધીરજ ધરીને, ભાષાંતરનો સહારો લઈને ધીમે-ધીમે વાંચશે અને એમાંથી એ વસ્તુ પકડતા જશે કે- 'આ અર્થ શી રીતે ખોલ્યો ?' અને એના ઉપરથી ટીકાવાંચનના નિયમો બરાબર સમજી લેશે... તો બીજી ઢગલાબંધ ટીકાઓ વાંચવામાં એમને ખૂબ જ સરળતા રહેશે. એટલે સૌ સંયમીઓને મારી નમ્ર વિનંતિ કે-

(૧) 'આ તો લાંબુ લાંબુ લખ્યું છે.' એવો મને દોષ ન દેશો, પણ મારા ભાવ સામે જોશો.

(૨) 'આવા સામાન્ય ખુલાસાની શી જરૂર હતી ?' એમ વિચાર ન કરશો, પણ 'મંદક્ષયોપશમવાળા માટે આ ખુલાસાઓ કરેલા છે' એમ સમજીને મને માફી આપશો.

(૩) આ પ્રથમ અધ્યયન એકદમ શાંતિથી વાંચશો, ગ્રન્થ ભણવા માટે નહિ વાંચતા. પણ ટીકાવાંચનની પદ્ધતિ શીખવાના લક્ષ્યથી વાંચશો, કદાચ આ એક જ અધ્યયન વાંચતા ચાર માસ નીકળી જાય, તો ચિંતા ન કરશો, એનો ઘણો મોટો ફાયદો પાછળથી તમને મળી રહેશે.

(૪) 'ટીકાવાંચન શી રીતે કરવું ?' એ માટેનું એક અલગ પુસ્તક ''શાસ્ત્રાભ્યાસની કળા'' તૈયાર કર્યું છે. તેમાં દર્શાવેલા બધાં મુદ્દાઓ બરાબર ધ્યાનમાં લીધા બાદ જ આ ગ્રન્થનું વાંચન કરશો. એકપણ મુદ્દાને ગૌણ ન સમજશો. આ પુસ્તકનો તલસ્પર્શી અભ્યાસ કરી લેશો.

(૫) ટીકાવાંચનની પદ્ધતિ મને જ આવડે છે, એવું બિલકુલ નથી. અરે, હજી મનેય ઘણી બધી તકલીફો પડે જ છે. મારા કરતા પણ જોરદાર પદ્ધતિ જાણનારા ઘણાય સંયમીઓ હશે જ, છે જ.

પણ જેમને મારા કરતા ઓછી આવડે છે, તેમને તો મારા જેટલી પદ્ધતિ તો શીખવાડું... એ માટે આ પ્રયત્ન છે.

બાકી મારી પદ્ધતિમાં ય ખામીઓ હશે, ત્રુટિઓ હશે... આ ૧૦૦ ટકા શ્રેષ્ઠ પદ્ધતિ બિલકુલ ન માનશો. આના કરતા વધુ સારી પદ્ધતિ શીખવાડનારા મળે, ત્યારે આ પદ્ધતિ બાજુ પર મૂકી એમની પાસે એ નવી પદ્ધતિ અપનાવી લેશો.

(૬) જ્યાં સુધી ટીકાવાંચનની બરાબર પ્રેક્ટીસ થઈ ન જાય, ત્યાં સુધી જે વાંચો, એ બધું લખી લખીને ભણો. ગુર્વાદિ પાસે વાંચન કર્યા બાદ એ બધું નોટમાં વ્યવસ્થિત લખવાનો પ્રયત્ન કરો. લખાણ દ્વારા એ પદાર્થ એકદમ સ્પષ્ટ થવા માંડશે. એમાં પણ જે અઘરા પદાર્થો આવે એ તો ખાસ લખવા. અમને પૂ. ગુરુદેવશ્રીએ હજારો પાના લખાવ્યા, તેથી આજે ખૂબ લખી શકીએ છીએ, સ્પષ્ટ સમજી શકીએ છીએ...

(૭) એક જ પદાર્થ કુલ પાંચ વાર રૂઢ થાય એ રીતે ગોઠવણ કરવી.

– પાઠ લેતા પહેલા એક વાર સ્વયં એ પાઠ જોવો, સ્વયં બેસાડવાનો પ્રયત્ન કરવો. જ્યાં ન બેસે, ત્યાં પેન્સિલથી નોંધ કરી લેવી.

– પછી ગુર્વાદિ પાસે પાઠ લેવો, જે જાતે ન બેઠું હોય, તેના ઉપર વિશેષથી ધ્યાન આપવું. આપણે ખોટું બેસાડેલું હોય, તો 'શું ભૂલ કરી ?' એ સમજી લેવું. જેથી બીજીવાર એ ભૂલ ન થાય. માત્ર ભૂલ સુધારી લેવાથી કામ ન પતે. પણ 'મારી ભૂલ શું થઈ ?' એ સમજી તો લેવું જ. જેથી વારંવાર ભૂલ ન થાય.

– એ પછી ગુરુની ગેરહાજરીમાં બધા ભણનારાઓએ ભેગા થઈ એ પાઠ ફરી જોઈ લેવો = પરસ્પર સમાધાનો કરી લેવા.

– એ પછી નોટમાં એ પાઠના પદાર્થો વ્યવસ્થિત લખી લેવા. એ વખતે ફરી જાતે એકવાર એ પદાર્થો = ટીકા જોવાઈ જ જશે.

– રાત્રે પ્રતિક્રમણ ાદ એ પાઠનું પુનરાવર્તન કરવું. આ રીતે પાંચવાર એ પદાર્થ જોવાનો થશે.

આમાં જો કે ઝડપ ઘટે, પણ શરૂઆતમાં પાંચેક ટીકા ગ્રન્થો પૂરતી તો આ મહેનત કરી જ લેવી. એ તમારી ઝડપને દસ ગણી બનાવી દેશે. પછી તમારે કયારેય બીજાની અપેક્ષા નહિ રાખવી પડે.

(૮) રોજ પ્રભુને ભાવભરી પ્રાર્થના, કે 'પ્રભુ ! હું તારા વચનોને સાચી રીતે, સારી રીતે સમજી શકું, જીવનમાં ઉતારી શકું એવી તું મારા પર કૃપા કર. મારા પુરુષાર્થથી મને સફળતા નહિ મળે, પણ તારી કૃપાથી જરૂર મળશે...

એમ શાસ્ત્રકાર ભગવંતોને યાદ કરીને પ્રાર્થના કરવી કે – 'આપના શાસ્ત્રો વાંચું છું.' આપનો અભિપ્રાય સમ્યક્ રીતે પકડી શકું, એટલી તમે મારા ઉપર કૃપા કરજો. આપના અભિપ્રાયથી વિપરીત સમજાઈ ન જાય, એ માટે કૃપા વરસાવજો...

આ પુસ્તક તૈયાર કરવા પાછળની એક માત્ર તમન્ના એ જ છે કે– 'મારા સંયમીઓ, મારા શાસનને પામેલા મારા સંયમીઓ, તમામે તમામ સંયમીઓ પ્રભુના વચનોને સારી રીતે–સાચી રીતે સમજીને સંયમ + સ્વાધ્યાય + સ્વભાવના ત્રિવેણી સંગમમાં સ્નાન કરીને પવિત્રતમ બને...

ખાસ... ખાસ... ખાસ... સૂચન :– (૧) આ આગમગ્રન્થ છે, માટે ગૃહસ્થોએ આનો અભ્યાસ કરવો નહિ. (૨) સંયમીઓએ પણ પોતાના વડિલોની સંમતિ મેળવીને જ ભણવું. (૩) આ પુસ્તક ગમે ત્યાં મૂકી દેવું નહિ. કાં તો યોગ્ય ભંડારમાં મૂકવું અથવા તો અમને પરત કરવું. સંયમીઓને સ્પષ્ટ સૂચના કે તમારે તમારા વડિલોને પૂછીને જ આ ભાષાંતરવાળા પુસ્તકનો ઉપયોગ કરવો, નહિ તો તમે પાપના ભાગીદાર બનશો.

જિનાજ્ઞા વિપરીત કંઈપણ લખાયું હોય, તો મિચ્છા મિ દુક્કડં...

યુગપ્રધાન આચાર્યસમ ગુરુદેવશ્રી પૂજયપાદ પંન્યાસપ્રવર
શ્રી ચન્દ્રશેખર વિ. મ. સાહેબનો શિષ્ય ગુણહંસ વિ.
જેઠ વદ-૪, ૨૦૬૯
૭૨ જિનાલય ભિન્નમાલ
સવારે ૮.૫૨ કલાકે સંપૂર્ણ

# વિષયાનુક્રમ


| વિષય | પાના નં. |
|---|---|
| પ્રસ્તાવના | ૭-૧૦ |
| મંગલ | ૧ |
| જિનાગમની દુર્લભતા | ૩ |
| ઉત્તરાધ્યયનની પ્રાથમિકતા | ૪ |
| શબ્દ પ્રામાણ્ય | ૫ |
| ગ્રન્થના ફળ અને યોગ | ૬ |
| મંગળનો નિરૂક્તાર્થ | ૭ |
| મંગળના નિક્ષેપ | ૮ |
| નિ. ગા.-૧ ઉત્તર પદના નિક્ષેપ | ૧૧ |
| નિ. ગા.-૨ ઉત્તર પદના નિક્ષેપ | ૧૬ |
| નિ. ગા.-૩ ઉત્તર પદના નિક્ષેપ | ૧૭ |
| નિ. ગા.-૪ ૩૬ અધ્યયનના રચનાર | ૧૮ |
| નિ. ગા.-૪ ૩૬ અધ્યયનના વિષય | ૧૯ |
| નિ. ગા.-૫ ૩૬ અધ્યયનના નિક્ષેપા | ૨૨ |
| નિ. ગા.-૬ અધ્યયનની નિરૂક્તિ | ૨૩ |
| નિ. ગા.-૭ અધ્યયનની નિરૂક્તિ | ૨૫ |
| નિ. ગા.-૮ ભાવક્ષીણનું વર્ણન | ૨૮ |
| નિ. ગા.-૯ ભાવ આયનું વર્ણન | ૨૯ |
| નિ. ગા.-૧૦ દ્રવ્યક્ષપણાનું વર્ણન | ૩૧ |
| નિ. ગા.-૧૧ ભાવક્ષપણાનું વર્ણન | ૩૩ |
| નિ. ગા.-૧૨ શ્રુતસ્કંધના નિક્ષેપા તથા અધ્ય. અધિકારનું વર્ણન | ૩૪ |
| નિ. ગા.-૧૨ શ્રુત અને સ્કંધના નિક્ષેપા | ૩૫ |
| નિ. ગા.-૧૩ થી ૧૭, ૩૬ અધ્યયનોના નામો | ૩૬ |
| નિ. ગા.-૧૮ થી ૨૬, ૩૬ અધ્યયનોના વિષયો | ૩૭ |
| નિ. ગા.-૨૭-૨૮, પ્રથમ અધ્યયનનો અનુયોગ | ૩૯ |
| નિ. ગા.-૨૮ અનુયોગદ્વાર-તદ્ભેદ-નિરુક્તિનું વર્ણન | ૪૦ |
| નિ. ગા.-૨૮ ક્રમપ્રયોજનનું વર્ણન | ૪૧ |
| નિ. ગા.-૨૮ ઉપક્રમના ચાર નિક્ષેપા | ૪૨ |
| નિ. ગા.-૨૮ ઉપક્રમના પ્રભેદ | ૪૩ |
| નિ. ગા.-૨૮ દ્રવ્યોપક્રમ | ૪૫ |
| નિ. ગા.-૨૮ ક્ષેત્રોપક્રમ | ૪૭ |
| નિ. ગા.-૨૮ કાળોપક્રમ | ૪૮ |
| નિ. ગા.-૨૮ ભાવોપક્રમ | ૪૯ |

| વિષય | પાના નં. |
|---|---|


નિ. ગા.-૨૮ શાસ્ત્રીયોપક્રમ ........ ૫૨
નિ. ગા.-૨૮ શાસ્ત્રીયોપક્રમમાં અનાનુપૂર્વી ........ ૫૩
નિ. ગા.-૨૮ નામનું વર્ણન ........ ૫૭
નિ. ગા.-૨૮ પ્રમાણનું વર્ણન ........ ૫૮
નિ. ગા.-૨૮ વક્તવ્યતાનું વર્ણન ........ ૬૧
નિ. ગા.-૨૮ સમવતારનું વર્ણન ........ ૬૨
નિ. ગા.-૨૮ નિક્ષેપાનું વર્ણન ........ ૬૩
નિ. ગા.-૨૯ વિનયના નિક્ષેપા ........ ૬૬
નિ. ગા.-૨૯ શ્રુતના નિક્ષેપા ........ ૭૦
અનુગમનિરૂપણ ........ ૭૩
અનુયોગના ત્રણ દ્વારનું વર્ણન ........ ૭૫
મૂળ સૂત્ર-૧, સંયોગનું વર્ણન ........ ૭૭
મૂળ સૂત્ર-૧, અણગાર પદનું વર્ણન ........ ૭૮
મૂળ સૂત્ર-૧, ભિક્ષુ પદનું વર્ણન ........ ૮૦
મૂળ સૂત્ર-૧, વિનય પદનું વર્ણન ........ ૮૧
મૂળ સૂત્ર-૧, ચાલના ........ ૮૩
મૂળ સૂત્ર-૧, પ્રત્યવસ્થાન ........ ૮૪
મૂળ સૂત્ર-૧, પ્રથમ સૂત્રનો બીજી રીતે અર્થ ........ ૮૫
નિ. ગા.-૩૦ સંયોગના નિક્ષેપ ........ ૮૭
નિ. ગા.-૩૦ સ્યાદ્વાદની પ્રરૂપણા ........ ૮૮
નિ. ગા.-૩૦ નામ નય ........ ૯૧
નિ. ગા.-૩૦ સ્થાપના નય ........ ૯૩
નિ. ગા.-૩૦ દ્રવ્ય નય ........ ૯૪
નિ. ગા.-૩૦ ભાવનય ........ ૯૫
નિ. ગા.-૩૦ ચારે નયોનો સમન્વય ........ ૯૭
નિ. ગા.-૩૦ સંયોગના નિક્ષેપ ........ ૯૮
નિ. ગા.-૩૧ સંયુક્તસંયોગનું વર્ણન ........ ૯૯
નિ. ગા.-૩૨ સચિત્તસંયુક્તસંયોગનું વર્ણન ........ ૧૦૧
નિ. ગા.-૩૩ અચિત્તસંયુક્તકસંયોગનું વર્ણન ........ ૧૦૨
નિ. ગા.-૩૪ મિશ્ર સંયુક્તસંયોગ ........ ૧૦૬
નિ. ગા.-૩૪ સંયુક્તસંયોગનું વર્ણન પૂર્ણ ........ ૧૧૦
નિ. ગા.-૩૫ ઇતરેતરસંયોગનું વર્ણન ........ ૧૧૧
નિ. ગા.-૩૬ પરમાણુ ઇતરેતરસંયોગનું વર્ણન ........ ૧૧૨
નિ. ગા.-૩૭ સ્કન્ધને આશ્રયીને ઇતરેતરસંયોગનું વર્ણન ........ ૧૧૩

| વિષય | પાના નં. |
|---|---|
| નિ. ગા.-૩૮ સંસ્થાનને આશ્રયીને ઇતરેતરસંયોગનું વર્ણન | ૧૧૮ |
| નિ. ગા.-૩૯-૪૦-૪૧ પરિમણ્ડલાદિનું વર્ણન | ૧૨૧ |
| નિ. ગા.-૩૯-૪૦-૪૧ વૃત્તનું વર્ણન | ૧૨૩ |
| નિ. ગા.-૩૯-૪૦-૪૧ ત્ર્યસ્રનું વર્ણન | ૧૨૪ |
| નિ. ગા.-૩૯-૪૦-૪૧ ચતુરસ્રનું વર્ણન | ૧૨૫ |
| નિ. ગા.-૩૯-૪૦-૪૧ આયત + પરિમણ્ડલનું વર્ણન | ૧૨૬ |
| નિ. ગા.-૪૨ પ્રદેશોને આશ્રયીને ઇતરેતરસંયોગ | ૧૨૭ |
| નિ. ગા.-૪૩ અભિપ્રેત અને અનભિપ્રેત ઇતરેતરસંયોગ | ૧૩૨ |
| નિ. ગા.-૪૪ મનને આશ્રયીને અભિપ્રેત અર્થ | ૧૩૪ |
| નિ. ગા.-૪૪ મનને આશ્રયીને અભિપ્રેતાનભિપ્રેત | ૧૩૫ |
| નિ. ગા.-૪૩-૪૪ની જુદી રીતે વ્યાખ્યા | ૧૩૬ |
| નિ. ગા.-૪૫ અભિલાપ ઇતરેતસંયોગ | ૧૩૭ |
| નિ. ગા.-૪૫ અભિલાપ દ્રવ્યસંયોગ | ૧૪૦ |
| નિ. ગા.-૪૬ સમ્બન્ધ ઇતરેતરસંયોગ | ૧૪૧ |
| નિ. ગા.-૪૬ દ્રવ્યને આશ્રયીને સંબંધનસંયોગ | ૧૪૨ |
| નિ. ગા.-૪૭ ક્ષેત્રાદિને આશ્રયીને સંબંધનસંયોગ | ૧૪૪ |
| નિ. ગા.-૪૭ આદેશ-અનાદેશ પ્રકારનું વર્ણન | ૧૪૫ |
| નિ. ગા.-૪૮ ભાવને આશ્રયીને સંબંધનસંયોગ | ૧૪૭ |
| નિ. ગા.-૪૮ અનાદેશ ભાવસંબંધનસંયોગ | ૧૪૮ |
| નિ. ગા.-૪૯ આદેશ ભાવસંબંધનસંયોગ | ૧૪૯ |
| નિ. ગા.-૪૯ અર્પિત અને અનર્પિતનું વર્ણન | ૧૫૦ |
| નિ. ગા.-૫૦ આત્મર્પિત સંબંધનસંયોગ | ૧૫૧ |
| નિ. ગા.-૫૧ આત્માર્પિત સંબંધનસંયોગ | ૧૫૩ |
| નિ. ગા.-૫૨ બાહ્યાર્પિત સંબંધનસંયોગ | ૧૫૪ |
| નિ. ગા.-૫૩ ઉભયાર્પિત સંબંધનસંયોગ | ૧૫૭ |
| નિ. ગા.-૫૫ આત્માર્પિત સંયોગ | ૧૫૯ |
| નિ. ગા.-૫૬ બાહ્યાર્પિત સંયોગ | ૧૬૩ |
| નિ. ગા.-૫૬ ઉભયાર્પિત સંયોગ | ૧૬૮ |
| નિ. ગા.-૫૭ બાહ્ય સમ્બન્ધસંયોગ | ૧૭૦ |
| નિ. ગા.-૫૮ આચાર્યના ૩૬ ગુણો | ૧૭૪ |
| નિ. ગા.-૫૮ શિષ્યના ગુણો | ૧૮૧ |
| નિ. ગા.-૫૯ ઉભયસંબંધનસંયોગ | ૧૮૩ |
| નિ. ગા.-૬૦ ઉભયસંબંધનસંયોગ | ૧૮૭ |
| નિ. ગા.-૬૧ ઉભયસંબંધનસંયોગના સ્વામી | ૧૯૩ |

| વિષય | પાના નં. |
|---|---|


નિ. ગા.-૬૨ સંયોગથી વિપ્રમોક્ષ ........ ૧૯૭
નિ. ગા.-૬૩ ક્ષેત્રાદિસંયોગ ........ ૨૦૦
મૂ. ગા.-૨ વિનયના સ્વરૂપ ........ ૨૦૨
મૂ. ગા.-૨ ભગવદ્ વચનમાં અનંતગમ અને પર્યાયો ........ ૨૦૩
મૂ. ગા.-૨ વિનયનું સ્વરૂપ ........ ૨૦૪
મૂ. ગા.-૩ અવિનયનું સ્વરૂપ ૨૦૭
મૂ. ગા.-૪ અવિનયનું ફળ ........ ૨૦૮
મૂ. ગા.-૪ અવિનય એ પાપોદય છે ૨૧૦
મૂ. ગા.-૫ અવિનયીની પશુતુલ્યતા ........ ૨૧૧
મૂ. ગા.-૫ દુષ્ટશીલથી અપાય ........ ૨૧૨
મૂ. ગા.-૬ અશુભરતિ વિના અશુભ પ્રવૃત્તિ નહીં ૨૧૪
મૂ. ગા.-૭ વિનયનું સ્વરૂપ ........ ૨૧૫
મૂ. ગા.-૭ વિનયનું ફળ ........ ૨૧૬
મૂ. ગા.-૮ વિનયનું ફળ ........ ૨૧૭
મૂ. ગા.-૯ શિક્ષાની વિધિ ........ ૨૨૦
મૂ. ગા.-૧૦ વિનયનું સ્વરૂપ ........ ૨૨૧
મૂ. ગા.-૧૧ અવિનય થાય તો શું કરવું ? ........ ૨૨૪
મૂ. ગા.-૧૨ સ્વતઃ વિનયમાં પ્રવૃત્તિ ૨૨૬
નિ. ગા.-૬૪ અવિનીતાશ્વના એકાર્થિક ........ ૨૨૮
મૂ. ગા.-૧૩ સુશિષ્ય-કુશિષ્ય પ્રમાણે ગુરુની પ્રવૃત્તિ ........ ૨૩૦
મૂ. ગા.-૧૩ ચંડરૂદ્રાચાર્યનું દષ્ટાંત ........ ૨૩૨
મૂ. ગા.-૧૪ ગુરુચિત્તાનુસરણવિધિ ........ ૨૩૩
મૂ. ગા.-૧૪ કુલપુત્રકોદાહરણ ........ ૨૩૫
મૂ. ગા.-૧૪ ત્રણ ભૂતવાદિકનું દષ્ટાંત ........ ૨૩૬
મૂ. ગા.-૧૫ આત્મદમનનું ફળ ........ ૨૩૮
મૂ. ગા.-૧૬ આત્મદમનનું ફળ ........ ૨૪૧
મૂ. ગા.-૧૬ સેચનકનું દષ્ટાંત ........ ૨૪૨
મૂ. ગા.-૧૭ અનુવૃત્તિરૂપ પ્રતિરૂપ વિનય ........ ૨૪૩
મૂ. ગા.-૧૮ શુશ્રૂષા પ્રતિરૂપ વિનય ૨૪૫
મૂ. ગા.-૧૯ શુશ્રૂષા પ્રતિરૂપ વિનય ૨૪૭
મૂ. ગા.-૨૦ પ્રતિશ્રવણવિધિ ........ ૨૪૮
મૂ. ગા.-૨૧ પ્રતિશ્રવણવિધિ ........ ૨૪૯
મૂ. ગા.-૨૨ પ્રતિશ્રવણવિધિ ........ ૨૫૦
મૂ. ગા.-૨૩ ગુરુ વડે સૂત્રાદિ દાન ........ ૨૫૨

| વિષય | પાના નં. |
|---|---|


મૂ. ગા.-૨૩ આચાર્યનો શ્રુત વિનય ............ ૨૫૩
મૂ. ગા.-૨૪-૨૫ શિષ્યનો વાગ્વિનય ............ ૨૫૫
મૂ. ગા.-૨૫ શિષ્યનો વાગ્વિનય ............ ૨૫૬
મૂ. ગા.-૨૬ શિષ્યનો વાગ્વિનય ............ ૨૫૮
મૂ. ગા.-૨૬ ભાવ સમરની ઘાતકતા ............ ૨૫૯
મૂ. ગા.-૨૭ ગુરૂની હિતશિક્ષાનો સ્વીકાર ............ ૨૬૦
મૂ. ગા.-૨૮ અસાધુનો હિતશિક્ષા પ્રત્યે અરૂચિ ............ ૨૬૧
મૂ. ગા.-૨૯ હિતશિક્ષાના લાભો ૨૬૩
મૂ. ગા.-૩૦ સાધુ ઉચિત આસન ............ ૨૬૪
મૂ. ગા.-૩૧ કાલોચિત ક્રિયાકારી ............ ૨૬૬
મૂ. ગા.-૩૨ એષણા શુદ્ધિ ............ ૨૬૭
મૂ. ગા.-૩૩ અન્ય ભિક્ષુસંભવ વિધિ ............ ૨૭૦
મૂ. ગા.-૩૪ ભિક્ષાટન વિધિ ............ ૨૭૩
મૂ. ગા.-૩૫ ગ્રાસૈષણા વિધિ ............ ૨૭૫
મૂ. ગા.-૩૬ ગોચરી સંબંધી વાગ્યતના ............ ૨૭૮
મૂ. ગા.-૩૬ સાવદ્ય-નિરવદ્ય વચન ............ ૨૭૯
મૂ. ગા.-૩૭ અનુશાસનથી ગુરૂને રતિ કે અરતિ ૨૮૧
મૂ. ગા.-૩૮ અવિનયીના અનુશાસનનું ફળ ............ ૨૮૨
મૂ. ગા.-૩૯ વિનીત-અવિનીતના વિચારો ૨૮૩
મૂ. ગા.-૪૦ વિનયનો સાર ............ ૨૮૪
મૂ. ગા.-૪૧ ગુરૂને પ્રસન્ન કરવાની વિધિ ............ ૨૮૭
મૂ. ગા.-૪૨ આચાર્યના કોપની અનુત્પત્તિની વિધિ ............ ૨૮૯
મૂ. ગા.-૪૨ આચાર્યસેવ્ય વિનય ૨૯૧
મૂ. ગા.-૪૩ સૂક્ષ્મ વિનય ............ ૨૯૧
મૂ. ગા.-૪૪ વિનયીની કાર્યપદ્ધતિ ............ ૨૯૩
મૂ. ગા.-૪૫ વિનયનું ફળ ............ ૨૯૫
મૂ. ગા.-૪૬ પૂજ્ય પ્રસાદનું ફળ ૨૯૬
મૂ. ગા.-૪૭ શ્રુતજ્ઞાનનું ઐહિક ફળ ૨૯૮
મૂ. ગા.-૪૮ વિયનું ઐહિક-આમુષ્મિક ફળ ............ ૩૦૨
નિય નિરૂપણ ............ ૩૦૫
નયોનું વિવિધ સંખ્યા પ્રમાણ ............ ૩૦૮
જ્ઞાન નય ............ ૩૦૯
ક્રિયા નય ૩૧૪
સમાધાન ............ ૩૧૭
ઉપસંહાર ............ ૩૨૧

अर्हम्

नमोऽस्तु तस्मै जिनशासनाय ।

पूर्वोद्धृतजिनभाषितश्रुतस्थविरसंदृब्धानि

श्रीमद्भद्रबाहुस्वामिसंकलितनिर्युक्तियुतानि

श्रीशान्त्याचार्यविहितशिष्यहिताख्यवृत्तियुक्तानि

# श्री उत्तराध्ययनानि

विस्तृतभावानुवादसमेतम्

## विनयश्रुतनामकं प्रथममध्ययनम्

ભાષાન્તરકારનું મંગલ :

यदीयसम्यक्त्वबलात्प्रतीमो भवादृशानां परमस्वभावम् ।
कुवासनापाशविनाशनाय नमोऽस्तु तस्मै तव शासनाय ।।

શ્રીવાદિવેતાલ શાન્તિસૂરીશ્વરજી મહારાજાની વૃત્તિના મંગલશ્લોક :

---

शिवदाः सन्तु तीर्थेशा, विघ्नसङ्घातघातिनः ।
भवकूपोद्धृतौ येषां, वाग् वरत्रायते नृणाम्।।१।।

---

મનુષ્યોને જેમની વાણી સંસાર રૂપી કુવામાંથી ઉદ્ધાર પામવાને વિશે=બહાર નીકળવાના કાર્યમાં દોરડા જેવું કામ કરે છે તેવા, તથા વિઘ્નોના સમૂહનો ઘાત કરનારા તે તીર્થંકરો કલ્યાણને= મોક્ષને આપનારા થાઓ.

શ્લોકમાં येषा શબ્દ છે, માટે 'તે' એ પ્રમાણે તત્સર્વનામનો શબ્દ तीर्थेशाः ના વિશેષણ તરીકે હોવો જોઈએ, એ નથી પણ સમજી લેવાનો છે.

वरत्रा = દોરડું, આ શબ્દ= નામ ઉપરથી वरत्राय ધાતુ બને, જેને નામધાતુ કહે છે. એનો અર્થ થાય 'દોરડાના જેવું કામ કરનાર...' હજારો નામો ઉપરથી આવા હજારો ધાતુઓ બની શકે, અને એના દસેય કાળના રૂપો ચાલે. ત્રીજી બુકમાં (શિવલાલ નેમચંદજીની) આના થોડાક નિયમો શરૂઆતના જ પાઠમાં છે, એ જોઈ-ભણી લેવા.

उद्धृति = ઉદ્ધાર = નીકળવું... અહીં વિભક્તિ સાતમી છે, આપણને ગુજરાતીમાં ચોથી ઉપર-

ગ્રન્થની શરૂઆતમાં મંગલ વિઘ્નવિનાશ માટે હોય છે, એટલે વૃત્તિકારે 'विघ्नसंघातघातिनः' એ વિશેષણ વાપરીને એનું સૂચન કરી દીધું છે.

---

समस्तवस्तुविस्तारे, व्यासर्पत्तैलवज्जले ।
जीयात् श्रीशासनं जैनं, धीदीपोद्दीप्तिवर्द्धनम्।।२।।

---

જેમ પાણીમાં તેલ ફેલાઈ જાય, જેમ તેલ દીપકના પ્રકાશને વધારે... તેમ તમામ વસ્તુઓના વિસ્તારમાં ફેલાતું અને બુદ્ધિરૂપી દીપકના તેજને વધારનારું જૈન શાસન જય પામો.

જૈન શાસન = જિનાગમો... એ જગતના તમામ પદાર્થોનું વર્ણન કરનારા છે, માટે એમ કહેવાય કે જૈન શાસન તમામ વસ્તુના વિસ્તારમાં ફેલાતું છે... जैनं = જિનેશ્વર સંબંધી, श्रीशासन = શોભાયુક્ત શાસન.

---

यत्प्रभावादवाप्यन्ते, पदार्थाः कल्पनां विना ।
सा देवी संविदे नः स्तादस्तकल्पलतोपमा।।३।।

---

જેના (શ્રુતદેવીના) પ્રભાવથી કલ્પના=સંકલ્પ વિના જ પદાર્થો મેળવાય છે તેવી, તથા કલ્પલતાની ઉપમાને અસ્ત પમાડનાર તે દેવી અમારા જ્ઞાનને માટે થાઓ.

આપણે કલ્પના પણ ન કરી હોય, એવા પદાર્થો દેવીની કૃપાથી પ્રાપ્ત થાય છે.

દેવીને સામાન્યથી કલ્પલતાની = કલ્પવૃક્ષની વેલડીની ઉપમા આપી શકાય. પણ આ શ્રુતદેવીને એની ઉપમા ન આપી શકાય. કારણ કે કલ્પલતા પાસે તો માણસે કલ્પના=સંકલ્પ કરવો પડે કે- "મારે આ જોઈએ" અને એ સંકલ્પ પ્રમાણે એને કલ્પલતા પાસેથી વસ્તુ મળે, જ્યારે પ્રસ્તુત દેવી પાસે તો એ કલ્પના પણ કરવાની જરૂર નથી પડતી. એ વિના જ બધા પદાર્થો મળે છે. એટલે જ કલ્પના પ્રમાણે આપનાર કલ્પવેલડીની ઉપમા, કલ્પના વિના જ બધું જ આપી દેનાર દેવી સાથે ન થઈ શકે... માટે જ अस्त... ઈત્યાદિ લખેલું છે.

---

व्याख्याकृतामखिलशास्त्रविशारदानां, सूच्यग्रवेधकधियां शिवमस्तु तेषाम् ।
यैरत्र गाढतरगूढविचित्रसूत्रग्रन्थिर्विभिद्य विहितोऽद्य ममापि गम्यः ।।४।।

---

તમામ શાસ્ત્રોના જાણકાર, સોંયના અગ્ર ભાગ જેવી વેધક=તીક્ષ્ણ બુદ્ધિવાળા તે વ્યાખ્યાનકારોનું=ટીકાકારો, ચૂર્ણિકારોનું કલ્યાણ થાઓ, કે જેઓએ પ્રસ્તુત ગ્રન્થમાં રહેલ અત્યંતગાઢ, ગૂઢ અને વિચિત્ર એવી સૂત્રો રૂપી ગાંઠ ભેદી નાંખીને મારા જેવાને માટે પણ गम्य=જાણી શકાય એવી=સમજી શકાય એવી બનાવી આપી.

સૂત્રોને ગાંઠની ઉપમા આપી છે. સૂત્રો અત્યંત ગાઢ છે, ગૂઢ છે, વિચિત્ર છે... એટલે જેમ આવા પ્રકારની ગાંઠમાંથી જાડું તણખલું પસાર કરવું હોય, તો ન થઈ શકે, પરંતુ એ ગાંઠમાં ોંય નાંખીને એમાં જગ્યા કરવામાં આવી હોય, તો પછી એ સોંયના પ્રતાપે હવે જાડું તણખલું પણ અંદર ઘુસી શકે.

એમ જૂના ટીકા-ચૂર્ણિકારો સોંય જેવી બુદ્ધિવાળા છે, તેઓએ બુદ્ધિરૂપી સોંયથી આ સૂત્રરૂપી ગાંઠમાં ઘણી બધી જગ્યા કરી નાંખી છે, એટલે પ્રસ્તુત ટીકાકાર કહે છે કે મારી જાડી બુદ્ધિ હવે આમાં પ્રવેશ કરી શકશે...

સાર એટલો જ કે-

જો જૂના ટીકા-ચૂર્ણિકારોની એ ટીકા-ચૂર્ણિઓ ન હોત, તો ઉત્તરાધ્યયન નામના પ્રસ્તુત ગ્રન્થના બધા પદાર્થો સમજવા માટે અઘરા પડત, પણ આ ટીકા-ચૂર્ણિઓની સહાયથી આ બધા જ પદાર્થો અત્યંત અઘરા હોવા છતાં પણ અત્યંત સહેલા બની ગયા છે.

---

अध्ययनानामेषां यदपि कृताश्चूर्णिवृत्तयः कृतिभिः ।
तदपि प्रवचनभक्तिस्त्वरयति मामत्र वृत्तिविधौ ।।५।।

---

બીજી વાત એ કે સજ્જનોએ આ અધ્યયનોની ચૂર્ણિઓ અને વૃત્તિઓ કરેલી છે, એ કારણથી પણ મને પ્રવચનભક્તિ આ ટીકા કરવાના કાર્યમાં ઉતાવળ કરાવે છે.

यदपि શબ્દ ટીકા લખવાના બીજા પોષક બળને સૂચવે છે, તે આ પ્રમાણે-

જૂની ટીકા–ચૂર્ણિઓથી આ ગ્રન્થ મારા માટે સરળ બન્યો, માટે હું પણ એના પર ટીકા લખી શકું– એટલે ટીકા લખું છું,

અને બીજી વાત [यदपिं= વળી જે કારણથી...] એ કે સજ્જનોએ ચૂર્ણિ–વૃત્તિઓની રચના કરી છે. એટલે એનો અર્થ એ કે આ કામ કરવા જેવું છે, એટલે મારા મનમાં પણ પ્રવચન પ્રત્યેની ભક્તિ પ્રગટી છે. અને આ કારણથી પણ એ પ્રગટેલી પ્રવચનભક્તિથી પ્રેરાઈને હું ટીકા લખું છું.

પ્રસ્તુત ટીકાકારની પંક્તિઓ ગંભીર અર્થવાળી હોય છે, એટલે એના અક્ષરે–અક્ષરનો અર્થ પકડવાનો પ્રયત્ન કરવો. यदपि–तदपि ઉપર ધ્યાન આપશો, તો આ વાત સમજાશે.

આ રીતે વૃત્તિના પાંચ મંગલ શ્લોકોનું વિવેચન કરી લીધું.

હવે इह खलु... ઈત્યાદિ જે ગદ્યવૃત્તિ છે, એનો ભાવાર્થ જોઈએ.

---

वृत्तिः – इह खलु सकलकल्याणनिबन्धनं जिनागममवाप्य विवेकिनैवं विवेचनीयं-यदुत महार्थोऽयं मनोरथानामप्य-पथभूतो भूरिजन्मान्तरोपचितपुण्यपरिपाकतो महानिधिरिव मयाऽधिगतः,

---

**इह खलु ...** :– ખરેખર આ જગતમાં, આ ભવમાં તમામ કલ્યાણના કારણભૂત જિનાગમને પામીને વિવેકી આત્માએ આ પ્રમાણે વિવેક કરવો જોઈએ કે– મનોરથોના પણ અમાર્ગભૂત = માનસિક કલ્પના પણ જેમાં ન પહોંચે તેવો, મહાન અર્થોથી ભરેલો આ જિનાગમ અન્ય પુષ્કળ જન્મોમાં ભેગા કરેલા પુણ્યના ઉદયથી મને મળેલ છે. જેમ કે મોટો ધનનિધિ !

જમીનમાં દાટેલો ધન ભંડાર એ નિધિ કહેવાય. સામાન્ય માણ ોને તો એની ઈચ્છા પણ ન પ્રગટે કે 'મને આ નિધિ મળો...' એટલે એ નિધિ મનોરથોનો પણ અમાર્ગભૂત કહ્યો છે, ત્યાં મનોરથો પણ પહોંચતા નથી. વળી એ મહાનિધિ મોટા અર્થવાળો = પુષ્કળ ધનવાળો `

महार्थो શબ્દ આગમમાં જોડો, ત્યારે અર્થ, તત્ત્વ, જ્ઞેય પદાર્થ... એમ સમજવું, અને મહાનિધિ સાથે જોડો ત્યારે અર્થ= ધન...

---

वृत्तिः – तथाहि– महति संसारमण्डलेऽस्मिन् मानसादिदण्डैरभिहन्यमानाः कष्टेनेष्टविशिष्टार्थां महापुरीमिव मनुजगतिमनुप्रविशन्ति जन्तवः, अनुप्रविश्यापि चास्यामौद्ध्वर्ध्यिका इवाकृतसुकृतसम्भारा निरीक्षितुमपि नैनं क्षमन्ते, किमङ्ग पुनरवासुमिति ?

---

**प्रश्न** : જિનાગમ તમને અનેક અન્ય ભવોના ભેગા થયેલા પુણ્યથી જ મળેલ છે, એવું તમે કયા કારણસર કહો છો ? શું પુણ્ય વિના આ ન મળે ?... અર્થાત્ આગમની પ્રાપ્તિમાં પુણ્યોદય પુષ્કળ પ્રમાણમાં જોઈએ, એ તમારી વાત સ્પષ્ટ કરો.

**तथाहि...** ઉત્તર : તે આ પ્રમાણે– આ વિરાટ પૃથ્વી મંડલમાં માનસિક વગેરે દુ:ખોથી હણાતા, પરેશાન થતા છતાં લોકો જેમ પોતાના મનગમતા વિશિષ્ટ પદાર્થોવાળી મોટી નગરીમાં મુશ્કેલીથી પ્રવેશ પામે છે, એમ આ સંસારમંડલમાં માનસ વગેરે દુ:ખોથી હણાતા જીવો મનગમતા વિશિષ્ટ પદાર્થોવાળી મનુષ્યગતિમાં મુશ્કેલીથી પ્રવેશ પામે છે.

**अनुप्रविश्यापि...**– એવી નગરીમાં પ્રવેશ પામ્યા પછી પણ સુકૃતોનો સમૂહ જેમણે આચર્યો નથી એવા ભિખારીઓ જેમ મોટા નિધિને જોવા પણ પામતા નથી, તેમ મનુષ્યગતિમાં પ્રવેશ પામ્યા પછી પણ પુણ્યનો ભંડાર = સમૂહ જેમણે આચર્યો નથી, એવા જીવો આ જિનાગમને જોવાને માટે પણ સમર્થ બનતા નથી, તો એને પામવાની તો વાત જ શી કરવી ?

માટે એ નક્કી માનવું કે જો મને જિનાગમ મળ્યા છે, તો ઢગલાબંધ અન્ય જન્મોમાં ભેગા કરેલા પુણ્યના વિપાકથી જ

---

1. भिक्षाचराः ।

મળ્યા છે... અહીં પેલા પ્રશ્નનો ઉત્તર પૂર્ણ થાય છે.

वृत्तिः- एतदवाप्तौ सर्वथा कृतार्थोऽस्मि, सम्भवति चास्यां स्वोपकारवत्परोपकारेऽपि शक्तिरिति नेदानीं युक्ता कदर्यता, किन्तु ?, भवितव्यमुदाराशयेन, परोपकारपूर्विकैव च स्वोपकारप्रवृत्तिरुदाराशयतां ख्यापयतीति परोपकार एवादितः प्रवर्तितुमुचितम् ।

एतदवाप्तौ... આ જિનાગમની પ્રાપ્તિ થઈ એટલે હું સર્વ પ્રકારે કૃતાર્થ છું, કૃતકૃત્ય છું,

सम्भवति.. વળી આ પ્રાપ્તિ થઈ એટલે પોતાના ઉપર ઉપકાર કરવાની શક્તિની માફક બીજાના ઉપર ઉપકાર કરવાને વિશે પણ શક્તિ સંભવી શકે છે. અને જો આ પરોપકાર શક્તિ સંભવે, તો પછી હવે કૃપણતા કરવી (એટલે કે પરોપકાર કરવામાં આળસ, ઉપેક્ષા કરવી) યોગ્ય નથી. પરંતુ ઉદાર હૈયાવાળા ('મારે પરોપકાર કરવો છે' એવા વિચારવાળા) બનવું જોઈએ.

પ્રશ્ન : એ તો આપણે આપણી આરાધના કરીએ, સ્વોપકાર કરીએ, તો એમાં ઉદાર-આશય આવી જ જાય ને ?

'परोपकारपूर्विकैव...' ઉત્તર : સ્વોપકારની પ્રવૃત્તિ તો કરવાની જ છે. પણ એ પ્રવૃત્તિ જો પરોપકારપૂર્વકની હોય, તો જ એ જગતમાં એવું દર્શાવે, જણાવે કે "આ આત્મા ઉદાર આશયવાળો છે." આશય એ છે કે પરોપકારની પ્રવૃત્તિ વિનાની માત્ર સ્વોપકારની પ્રવૃત્તિથી ઉદાર આશયની સિદ્ધિ થતી નથી. અને માટે જ- પહેલેથી પરોપકારમાં જ પ્રવૃત્તિ કરવી ઉચિત્ત છે.

વિશેષાર્થ :- અહીં परोपकार एव માં જે एव છે, એનો અર્થ એવો થયો કે પ્રથમથી સ્વોપકારમાં નહિ, પણ પરોપકારમાં જ પ્રવૃત્તિ કરવી ઉચિત છે. શું સ્વોપકાર વિના પરોપકાર કરી શકાય ? એ પ્રશ્નનો જવાબ આ છે...

આગમની પ્રાપ્તિ પૂર્વેની સ્વોપકાર પ્રવૃત્તિઓ તો થઈ જ ચૂકી છે. દીક્ષા લેવી, જોગ કરવા, વિનયાદિ આચરવા... એ કંઈ એમને એમ તો ન જ થાય ને ? એ બધી સ્વોપકાર પ્રવૃત્તિ જ છે. પણ ટીકામાં જે જણાવ્યું કે આગમની પ્રાપ્તિ બાદ સ્વોપકાર-શક્તિની માફક પરોપકારશક્તિ પણ પ્રગટે છે. એમાં સ્વોપકાર એટલે જિનકલ્પાદિની અથવા તો અનશનાદિની વિશિષ્ટ આરાધના ! અને પરોપકાર એટલે ગ્રન્થરચનાદિ !

આ બેમાં સીધી સ્વોપકાર પ્રવૃત્તિ યોગ્ય નથી, પરોપકાર પ્રવૃત્તિ જરૂરી છે... પહેલા પરોપકાર પ્રવૃત્તિ... પછી સ્વોપકાર પ્રવૃત્તિ... આ આશયથી एव નો ઉપયોગ સમજવો.

वृत्तिः - सन्ति चास्मिन् महितमाहात्म्याः समीहितसम्पादकाश्च मणय इव चरणकरणादिगोचराचारा-द्यङ्गानुयोगाः, न चैत इदानीं सम्यग्दर्शनादिहेतुं मिथ्यात्वादिपिशाचशमनं धर्मकथात्मकोत्तराध्ययनानुयोगं रक्षाविधानमिवापहाय स्वयं ग्रहीतुमन्यस्मै वा दातुं युज्यन्ते ।

પ્રશ્ન : પરોપકાર પ્રવૃત્તિ કરવી એ બરાબર, પણ એમાં શું કરવું ? એ તો દર્શાવો.

सन्ति... ઉત્તર : આ જિનાગમમાં ચરણકરણાદિવિષયવાળા એવા આચારાંગાદિ અંગોના અનુયોગો છે. જેમ મણિઓ પ્રસિદ્ધ મહિમાવાળા = પૂજાયેલા મહિમાવાળા અને ઈષ્ટ વસ્તુને આપનારા હોય છે, તેમ આ અનુયોગો = નિર્યુક્તિ, ભાષ્યાદિ રૂપ વ્યાખ્યાનો પણ તેવા જ છે.

જિનાગમને મહાનિધિ કહ્યો છે. જેમ મહાનિધિમાં મણિઓ હોય, એમ જિનાગમમાં પણ મણિઓ હોય ને ? આ બધા અનુયોગો એ જ મણિઓ !

न चैत... પણ જેમ મહાનિધિમાં રહેલા મણિઓ જાતે ગ્રહણ કરવા હોય કે બીજાઓને આપવા હોય તો ભૂત-પ્રેતાદિને શાંત કરનાર રક્ષાવિધિ કરવી પડે, આના વિના એ શક્ય નથી. એમ અત્યારના સમયમાં સમ્યગ્દર્શનાદિના કારણભૂત અને

1. कृपणता ।

મિથ્યાત્વ વગેરે પિશાચોને શમાવનાર એવા ધર્મકથા સ્વરૂપ ઉત્તરાધ્યયનના અનુયોગને કર્યા વિના બીજા અનુયોગોને સ્વયં ગ્રહણ કરવા કે બીજાને આપવા કલ્પતા નથી = યોગ્ય નથી.

---

वृत्तिः – इत्यारभ्यत उत्तराध्ययनानुयोगः– तत्र च न तथाविधफलादिपरिज्ञानविकला प्रेक्षावतां प्रवृत्तिः, तस्यास्तद्व्याप्यत्वात्, व्याप्यस्य च व्यापकाविनाभावित्वात्, अतः प्रेक्षावत्प्रवृत्त्यङ्गत्वात् फलयोग-मङ्गलसमुदायार्थानुयोगद्वारतद्भेदनिरुक्तिक्रमप्रयोजनानि वाच्यानि ।

---

इत्यारभ्यत... એટલે;

ઉત્તરાધ્યયન સૂત્રનો અનુયોગ = વ્યાખ્યાન શરૂ કરાય છે, અને તે અનુયોગમાં બુદ્ધિમાન માણસો તેવા પ્રકારના ફલ વગેરેના વિસ્તૃત જ્ઞાન વિના પ્રવૃત્તિ કરતા નથી. કારણ કે– બુદ્ધિમાનોની પ્રવૃત્તિ ફલાદિના પરિજ્ઞાનને વ્યાપ્ય છે, (જ્યાં પ્રવૃત્તિ હોય, ત્યાં ફલાદિનું પરિજ્ઞાન હોય જ... જ્યાં ધૂમ હોય, ત્યાં અગ્નિ હોય જ... એ રીતે...) અને વ્યાપ્ય એ વ્યાપક વિના ન જ રહે, અને માટે ફલાદિપરિજ્ઞાન (વ્યાપક) વિના બુદ્ધિમાનોની પ્રવૃત્તિ (વ્યાપ્ય) ન હોય.

(અગ્નિ વિના ક્યારેય ધૂમ ન હોય, કારણ કે ધૂમ વ્યાપ્ય છે, અગ્નિ વ્યાપક છે. એમ બુદ્ધિમાનની પ્રવૃત્તિ ફલાદિ પરિજ્ઞાન વિના ન હોય. કારણ કે તાદશ પ્રવૃત્તિ એ ફલાદિ પરિજ્ઞાનને વ્યાપ્ય છે, અને વ્યાપ્ય વસ્તુ વ્યાપક વિના ન રહે.)

આથી નક્કી થાય છે કે ફલાદિ પરિજ્ઞાન એ બુદ્ધિમાનોની પ્રવૃત્તિનું કારણ છે. (જમ અગ્નિ ધૂમનું કારણ છે.)

अतः प्रेक्षावत्... અને તેથી જ ફલ, યોગ (સંબંધ), મંગલ, સમુદાયાર્થ (વિષય), અનુયોગ દ્વાર, તેના ભેદો, નિરુક્તિ, ક્રમ અને પ્રયોજન... આટલું કહેવું જોઈએ. આ બધું કહેશું, એટલે બુદ્ધિમાન પુરુષો તરત જ ગ્રન્થવાંચનમાં પ્રવૃત્તિ કરશે...

---

वृत्तिः – यच्च शब्दस्याप्रमाणत्वमभिधाय तदभिधानस्यानर्थकत्वमिह कैश्चिदुक्तं,

तदसाधु, शब्दस्याप्रमाणत्वे तत्प्रामाण्यमूलत्वेन सकलव्यवहाराणामुच्छेदप्रसङ्गात्,

---

यच्च...

પ્રશ્ન : તમે આ ફલ, સંબંધ વગેરે બતાવશો, પણ એ તો શબ્દ દ્વારા જ બતાવશો ને ? અને શબ્દ તો અપ્રામાણિક છે =કલ્પનાપ્રાયઃ છે. એના આધારે તમે શી રીતે નિર્ણય કરી શકો કે ફલ, સંબંધ વગેરે છે ? માટે શબ્દ દ્વારા ફલાદિનું કથન નકામું જ છે.

शब्दस्याप्रमाणत्वे... ઉત્તર : આ ફલાદિનું નિરૂપણ કરવાની વાત આવી, એમાં કેટલાકોએ આ પ્રમાણે કહ્યું છે કે 'શબ્દ તો અપ્રામાણિક છે.' અને આ પ્રમાણે કહીને તેઓએ શબ્દો દ્વારા ફલાદિનું નિરૂપણ અનર્થક કહ્યું તે બરાબર નથી=નકામું. કારણ કે– તમામ વ્યવહારોનું મૂળ શબ્દોની પ્રામાણિકતામાં જ છે, અને એટલે જ – શબ્દનું પ્રામાણ્ય મૂલ રૂપ હોવાથી જો શબ્દને અપ્રામાણિક માનશો તો તે તમામ વ્યવહારોનો ઉચ્છેદ થવાની આપત્તિ આવશે.

(દા. ત. મમ્મી દીકરાને કહે છે– 'તને તરસ લાગી છે ને ? જો સામે પાણીવાળો ઘડો છે, ત્યાં જઈ પાણી પી આવ...'

દીકરો આ શબ્દોને સાચા જ માને છે. એ પ્રમાણે એ ઘડા પાસે જવાનો, પાણી પીવાનો વ્યવહાર કરે છે. અને ખરેખર એ રીતે બધુ બને જ છે. એની તરસ દૂર થાય જ છે. આવા તો તમામ વ્યવહારો શબ્દોની પ્રામાણિકતાના આધારે તો ચાલે છે, એટલે જો પ્રામાણિકતા ન માનવામાં આવે, તો તો દીકરો એ શબ્દ પ્રમાણે પ્રવૃત્તિ જ ન કરે... પણ એવું નથી.)

માટે શબ્દને પ્રામાણિક માનવા જ.

---

उक्तं हि–

वृत्तिः - "लौकिकव्यवहारोऽपि, यस्मिन्न व्यवतिष्ठते । तत्र साधुत्वविज्ञानं, व्यामोहोपनिबन्धनम् ।।१।।" इति । तथा च शास्त्रादौ फलादिप्रतिपादिका पूर्वाचार्यगाथा-

*'तस्स फलजोगमंगलसमुदायत्था तहेव दाराइं ।*
*तब्भेयनिरुत्तिक्कमपयोयणाइं च वच्चाइं ।।१।।'*

---

उक्तं हि... આ અંગે કહ્યું છે કે- જે હોતે છતે (શબ્દની અપ્રામાણિકતા હોતે છતે) લૌકિક વ્યવહાર પણ વ્યવસ્થિત ન થાય, (એની વ્યવસ્થા ન થાય, માટે) તેમાં (શબ્દની અપ્રામાણિકતામાં) સત્યતાનું વિજ્ઞાન એ તો વ્યામોહનું-ભ્રમણાનું કારણ છે.

અર્થાત્, શબ્દની અપ્રામાણિકતાને સાચી માનવાથી ઘણો વ્યામોહ થશે. આનો સાર એ આવ્યો કે 'ફલાદિ કહેવા જ જોઈએ.' અને જુઓ શાસ્ત્રની શરૂઆતમાં ફલાદિનું પ્રતિપાદન કરનારી એવી પૂર્વાચાર્યોની ગાથા આ પ્રમાણે છે...

"શાસ્ત્રના ફલ, યોગ (સંબંધ), મંગલ, સમુદાયાર્થ, દ્વારો (અનુયોગ દ્વારો), તેના ભેદો, નિરુક્તિ, ક્રમ અને પ્રયોજન કહેવા જોઈએ."

---

वृत्तिः - फलाभिलाषिणां च सकलप्रेक्षावतां प्रवृत्तिरिति प्रथमतः फलस्याभिधानं, तत्रापि किमिदं सम्बद्धमुतासम्बद्धमिति विचारत एव विपश्चितः प्रवर्तन्त इति तदनु योगस्य, इत्यादि क्रमप्रयोजनं सर्वत्र योज्यं, तत्र फलं कर्तुः श्रोतुश्चाव्यवहितं विनेयानुग्रहो यथावदर्थावबोधश्च, व्यवहितं पुनरुभयोरपि तदुत्तरोत्तरगुणप्रकर्षप्राप्त्याऽपवर्गावाप्तिरिति ।

---

પ્રશ્ન : સૌથી પહેલા ફલનું નિરૂપણ શા માટે ?

फलाभिलाषिणां... ઉત્તર : ફલની ઈચ્છાવાળા એવા (જ છતાં) તમામ બુદ્ધિમાનોની પ્રવૃત્તિ હોય છે. (ફલેચ્છા વિનાનાની નહિ.) માટે સૌ પ્રથમ ફલનું કથન કરવું પડે. જેથી ફલ જોઈને=જાણીને તેની ઈચ્છાવાળા બુદ્ધિમાનો પ્રવૃત્તિ કરે.

પ્રશ્ન : ફલ પછી યોગનું=સંબંધનું કથન શા માટે ?

ઉત્તર : तत्रापि = ફલકથન કરી લીધું હોય, એ પછી પણ બુદ્ધિમાનો "શું આ શાસ્ત્ર સંબદ્ધ છે = સંબંધવાળું છે કે અસંબદ્ધ છે = સંબંધ વિનાનું છે. (એટલે કે ગમે તેવા માણસે અદ્ધર તાલ બનાવી દીધેલું છે...)" એ પ્રમાણેના વિચારથી જ પ્રવૃત્તિ કરે છે, એ વિના નહિં. માટે ફલ કથન બાદ યોગનું નિરૂપણ જરૂરી છે.

(इति શબ્દ પૂર્ણાહૂતિ દર્શાવવા પણ વપરાય અને 'માટે=એ કારણથી' એવા હેતુ-અર્થમાં પણ વપરાય...)

इत्यादि क्रमप्रयोजनं... એમ યોગ પછી મંગલ... એ બધાના ક્રમનું કારણ બધે જ જોડી દેવું. (અહીં એ દર્શાવતા નથી.) એમાં (૧) (એ ફળાદિ નવ બાબતોમાં) તાત્કાલિક ફળ શાસ્ત્રકર્તાને શિષ્યો ઉપર ઉપકાર અને શ્રોતાને વાસ્તવિક અર્થોનો બોધ છે.

व्यवहितं... પરંપરાએ મળતું ફળ તો કર્તા અને શ્રોતા બંનેને ઉત્તરોત્તર, ઉપર-ઉપરના ગુણોના પ્રકર્ષની પ્રાપ્તિ દ્વારા મોક્ષની પ્રાપ્તિ છે !

फलं कर्तुः... એમાં શ્રોતા અને વક્તાનું ક્રમશઃ ફલ સમજવાનું છે, જે ઉપર બતાવી દીધું. વ્યવહિત=અંતરવાળું. અવ્યવહિત=તાત્કાલિક...

---

1. तस्य फलयोगमङ्गलसमुदायार्थास्तथैव द्वाराणि । तद् (द्वार) भेदनिरुक्तिक्रमप्रयोजनानि च वाच्यानि ।।१।।

उभयोरपि तदुत्तरो... માં तत्=फल એ શબ્દ સમાસમાં નથી. છેલ્લે इति શબ્દ છે, એ પૂર્ણાહૂતિના અર્થમાં છે.

---

वृत्तिः - योगः सम्बन्धः, स च हेतुतः फलतश्च, तत्र हेतुत उत्तराध्ययनानुयोगस्य साक्षात्कृतधर्माणः सूत्रकृत एव यथास्वं प्रणेतारः ततस्तदवबोधिततदर्थास्तच्छिष्याः ततोऽपि तद्विनेयास्तावद् यावद् भगवान् भद्रबाहुः ततो भाष्यकृतस्ततश्चूर्णिकृतः ततोऽपि वृत्तिकृतो यावदस्मद्गुरव इति गुरुपर्वक्रमलक्षणः । फलतस्तूपायोपेयभावरूपः अभिहितफलस्योपेयत्वात् प्रस्तुतानुयोगस्य च तदुपायत्वादिति ।

---

योगः सम्बन्धः... યોગ એટલે સંબંધ... તે બે રીતે છે. હેતુથી=કારણથી અને ફળથી...

આ ઉત્તરાધ્યયનના અનુયોગના કારણ કોણ ? એ દર્શાવવું એ કારણથી યોગ.

ઉત્તરાધ્યયનના અનુયોગનું ફળ શું ? એ દર્શાવવું એ ફળથી યોગ. તેમાં હેતુથી યોગ ગુરુપર્વક્રમ સ્વરૂપ છે. તે આ પ્રમાણે,

तत्र हेतुत... ઉત્તરાધ્યયન-અનુયોગના ધર્મને=સ્વરૂપને સાક્ષાત કરી ચૂકેલા, સૂત્રની રચના કરનારા પૂર્વાચાર્યો જ કે જેમણે તે-તે સૂત્રોની રચના કરી છે. (યથાસ્વં= स्वमनतिक्रम्य એટલે કે દરેકે પોત-પોતાના તે-તે અધ્યયનોની રચના કરી છે.)

ततस्तदव... ત્યાર બાદ એ સૂત્રકારો પાસેથી જ ઉત્તરાધ્યયનના અનુયોગના અર્થને જાણી ચૂકેલા એવા તેમના શિષ્યો. એ પછી પણ તેમના શિષ્યો... એમ ત્યાં સુધી સમજવું કે જ્યાં સુધી ભગવાન ભદ્રબાહુસ્વામી.. (ઉત્તરાધ્યયનની નિર્યુક્તિની રચના કરનારા.) ત્યાર પછી (ઉત્તરાધ્યયનનિર્યુક્તિ પર) ભાષ્ય કરનાર, ત્યાર પછી ચૂર્ણિકાર... તે પછી પણ ટીકાકાર... એમ છેક અમારા ગુરુજનો... આ પ્રમાણે ગુરુપર્વક્રમલક્ષણ સંબંધ થયો.

પર્વ=ગાંઠ... ગુરુઓ ગાંઠ જેવા છે. બે ગાંઠ વચ્ચેનો કાળ એ શેરડીના વચ્ચેના ભાગ જેવો `. ગુરુઓ એ રીતે આખા કાળને જોડી રાખે છે. અને એ રીતે છેક પ્રભુવીરથી માંડીને અહીં સુધી બધા જ પદાર્થો અખંડિતપણે આવેલા છે.

આ ગુરુપરંપરા અત્યાર સુધી ટકેલા આ અનુયોગનું કારણ=હેતુ છે. માટે એ હેતુથી સંબંધ કહેવાય.

फलत... ફલથી સંબંધ વિચારીએ તો ઉપાય-ઉપેયભાવ રૂપ સંબંધ થાય. તે આ પ્રમાણે-

શ્રોતા અને વક્તાનું જે ફળ અમે હમણાં કહી ગયા, એ ઉપેય (કાર્ય) છે અને આ પ્રસ્તુત અનુયોગ એ તે ફળનો ઉપાય છે.

---

वृत्तिः - मथ्नाति=विनाशयति शास्त्रपारगमनविघ्नान्, गमयति-प्रापयति शास्त्रस्थैर्यं, लालयति च-श्लेषयति तदेव शिष्यप्रशिष्यपरम्परायामिति मङ्गलम्, यद्वा मन्यन्ते अनपायसिद्धिं, गायन्ति प्रबन्धप्रतिष्ठितिं, लान्ति वाऽव्यवच्छिन्नसन्तानाः शिष्यप्रशिष्यादयः शास्त्रमस्मिन्निति मङ्गलम्, आदिमध्यावसानवर्तिनस्तस्योक्तरूपार्थप्रसाधकत्वेन प्रसिद्धत्वात्, उक्तं हि-

*"[1]तं मंगलमाईए मज्झे पज्जंतए य सत्थस्स ।*
*पढमं सत्थस्साविग्घपारगमणाय निद्दिट्ठं ॥१॥*

*तस्सेव उ थिज्जत्थं मज्झिमयं अंतिमं च तस्सेव ।*
*अव्वोच्छित्तिनिमित्तं सिस्सपसिस्साइवंसस्स ॥२॥"*

---

1. तन्मङ्गलमादौ मध्ये पर्यन्ते च शास्त्रस्य । प्रथमं शास्त्रस्याविघ्नपारगमनाय निर्दिष्टम् ॥१॥ तस्यैव तु स्थैर्यार्थं मध्यममन्तिमं च तस्यैव । अव्यवच्छित्तिनिमित्तं शिष्यप्रशिष्यादिवंशे ॥२॥

**मथ्नाति...** હવે મંગલની વિચારણા કરીએ. એમાં मं + ग + ल એમ ત્રણ અક્ષરો છે. એ ત્રણેયનો અલગ-અલગ અર્થ થાય. શાસ્ત્રને પાર પામવામાં જે વિઘ્નો આવતા હોય, એને જે મથી નાંખે=ખતમ કરી નાંખે તે मं નો અર્થ; જે શાસ્ત્રને આપણામાં સ્થિરતાને પમાડે તે ग નો અર્થ છે અને એ જ શાસ્ત્રને જે શિષ્ય-પ્રશિષ્યની પરંપરામાં જોડી આપે તે ल નો અર્થ છે. આમ મંગલ શબ્દમાં જ ત્રણ અર્થો સમાઈ જાય છે.

**અથવા**

**यद्वा...** આ (મંગલ) હોતે છતે- શિષ્ય-પ્રશિષ્યો વગેરે અપાય વિનાની = વિઘ્ન વિનાની સિદ્ધિને માને છે તે म નો અર્થ; (અનુભવે છે... અર્થાત્ શાસ્ત્રનો નિર્વિઘ્ન રીતે પાર પામે છે.) પ્રકૃષ્ટ બંધવાળી (ગાઢ) પ્રતિષ્ઠાને ગાય છે તે ग નો અર્થ, (એટલે કે એ શાસ્ત્ર પોતાના આત્મામાં ગાઢ રીતે સ્થિરતાને પામે.) અને અવ્યવચ્છિન્ન-પરંપરાવાળા છતાં શાસ્ત્રને પામે છે તે ल નો અર્થ છે. (એટલે કે માત્ર એક-બે પેઢી સુધી જ એ શિષ્યાદિઓ શાસ્ત્રને પામે, એમ નહિં... પણ પેઢીની પેઢીઓ સુધી ઢગલાબંધ શિષ્યાદિઓ શાસ્ત્રને પામે છે. એ પ્રમાણે એ મંગલ છે. (સાર એટલો જ કે મંગલ હોય, તો ત્રણ લાભ થાય : (૧) ગ્રન્થ નિર્વિઘ્ને પૂર્ણ થાય, (૨) ગ્રન્થ મનમાં સ્થિર=દઢ બને, (૩) ગ્રન્થ શિષ્યાદિની અવિચ્છિન્ન પરંપરામાં ભણાયા કરે. એ રીતે ગ્રન્થ જીવતો રહે.)

**પ્રશ્ન :** એક જ મંગલથી આ ત્રણેય કાર્યો થાય છે ?

**आदिमध्यावसानवर्तिन:... ઉત્તર :** મંગલ ત્રણ સ્થાને હોય છે : (૧) શાસ્ત્રની શરૂઆતમાં, (૨) મધ્યમાં, (૩) અંતમાં. આવું તે મંગલ ઉપર જણાવેલા ત્રણ અર્થોને સાધી આપનાર છે. એ રીતે મંગલ પ્રસિદ્ધ છે. અર્થાત્ ત્રણ મંગલ ક્રમશઃ એક-એક કાર્યને સાધી આપનાર તરીકે પ્રસિદ્ધ છે. એટલે અહીં મંગલના ત્રણેય અર્થો બતાવી દીધા.

**उक्तं हि-** કહ્યું જ છે કે- (૧) તે મંગલ શાસ્ત્રના આરંભમાં, મધ્યમાં અને અંતમાં કરાય છે. તેમાં પ્રથમ મંગલ શાસ્ત્રનો નિર્વિઘ્ન રીતે પાર પામવા માટે દેખાડાયેલું છે.

(૨) તેની જ=શાસ્ત્રની સ્થિરતાને માટે મધ્યમ મંગલ છે અને શિષ્ય-પ્રશિષ્યાદિવંશની અંદર તે જ શાસ્ત્રનો વિચ્છેદ ન થાય એ નિમિત્તે અંતિમ મંગલ છે.

---

**वृत्तिः - तच्च नामादिचतुर्भेदं, तत्र मङ्गलमिति नामैव नाममङ्गलं, स्थापनामङ्गलं मङ्गलाकारः मङ्गलानि च दर्पणादीनि, यथोक्तम्-**

*"दप्पण[1]भद्दासण वद्धमाण वरकलसमच्छसिरिवच्छा ।*
*सोत्थिय नंदावत्ता लिहिया अट्ठ मंगलगा ॥१॥"* **इति,**

**द्रव्यभावमङ्गले त्वावश्यकभाष्यानुसारतोऽवबोद्धव्ये ।**

---

**तच्च...** તે મંગલ નામ વગેરે ચાર પ્રકારવાળું છે. તેમાં (૧) 'મંગલ' એ નામ જ નામ મંગલ છે,

(૨) સ્થાપના મંગલ એટલે મંગલનો આકાર...

**પ્રશ્ન :** પણ મંગલ કઈ વસ્તુ છે ? એ તો કહો, તો એના આકારને સ્થાપના મંગલ કહી શકીએ.

**मङ्गलानि... ઉત્તર :** દર્પણ વગેરે પદાર્થો મંગલ છે.

**यथोक्तम्-** જેમ કે કહ્યું છે કે 'દર્પણ - ભદ્રાસન - વર્ધમાન - શ્રેષ્ઠ કલશ - માછલું - શ્રીવત્સ - સ્વસ્તિક (સાથિયો) - નંદાવર્ત... દોરાયેલી, લખાયેલી, ચીતરાયેલી આ આઠ વસ્તુ એ આઠ મંગલ છે. (દર્પણાદિ આઠને ચોખાથી દોરેલા હોય કે

1. दर्पणं भद्रासनं वर्धमानो वरकलशो मत्स्यः श्रीवत्सः । स्वस्तिको नन्द्यावर्त्तो लिखितान्यष्टाष्ट मङ्गलानि ॥१॥

પંચધાતુની પાટલીમાં ઢાળેલા હોય, તો આ બધું સ્થાપના મંગલ કહેવાય.)

द्रव्य... દ્રવ્ય મંગલ અને ભાવ મંગલ એ આવશ્યક ભાષ્યના અનુસારે જાણી લેવા.

वृत्तिः - तत्र चेह भावमङ्गलेनाधिकारः, तच्च कृतमेव, नन्दिरूपत्वात् तस्य, नन्दिव्याख्यान-पूर्वकत्वाच्च सकलानुयोगस्य, अपवादत उत्क्रमेणापि यदाऽनुयोगस्तदा भावत आदिमङ्गलं *'संजोगा विप्पमुक्कस्स अणगारस्स'* त्ति अणगारग्रहणम्, मध्यमङ्गलम्, *'कंपिल्ले नयरे राया'* इत्यादिना-ऽनगारगुणवर्णनम्, अन्त्यमङ्गलम् *'इइ पाउकरे बुद्धे'* इत्यादिना बुद्धाद्यभिधानम् ।

तत्र चेह... એ ચાર મંગલમાં અહીં ભાવમંગલ વડે અધિકાર છે. (એટલે કે ભાવમંગલનો ઉપયોગ છે.) અને એ મંગલ તો કરી જ દીધુ છે. કેમકે ભાવમંગલ નંદિરૂપ છે. અને તમામ અનુયોગ નંદિના વ્યાખ્યાનપૂર્વક જ થાય છે. (એટલે આવશ્યકના વ્યાખ્યાનમાં પહેલા પંચજ્ઞાનાત્મક નંદિનું વ્યાખ્યાન કરી જ લીધું છે, માટે એ થઈ ગયેલું ગણાય.)

अपवादत उत्क्रमेणापि... હા ! અપવાદે જ્યારે ઉત્ક્રમથી પણ અનુયોગ થાય, (એટલે કે નંદિના વ્યાખ્યાન વિના પણ અનુયોગ થાય.) ત્યારે પ્રસ્તુતમાં ભાવથી પ્રથમ મંગલ संजोगा... એ પ્રથમ ગાથામાં જે અણગાર શબ્દનું ગ્રહણ કરેલું છે તે જાણવું. મધ્યમંગલ कंपिल्ले... એ વગેરે ગાથાઓ વડે જે અણગારગુણોનું વર્ણન કરેલું છે તે જાણવું. અને છેલ્લું મંગલ इइ पाउकरे વગેરે વડે બુદ્ધ વગેરેનું કથન કરેલું છે તે જાણવું.

वृत्तिः - समुदायो-वर्णपदवाक्यश्लोकाध्ययनकदम्बकात्मकश्रुतस्कन्धरूपस्तस्याभिधेयोऽर्थः समुदायार्थः, स चेह धर्मकथात्मकः, विशेषतस्त्वेनं 'पढमे विणओ' इत्यादिना निर्युक्तिकार एव वक्ष्यति।

समुदायो... હવે સમુદાયાર્થ :

વર્ણ, પદ, વાક્ય, શ્લોક, અધ્યયન... આ બધાના સમૂહાત્મક જે શ્રુતસ્કંધ, તે સ્વરૂપ સમુદાય છે. (વર્ણોનો સમૂહ, પદોનો સમૂહ...) તેનો જે અભિધેય=વિષય એવો જે અર્થ... તે સમુદાયાર્થ ! (અર્થાત્ આ આખા ઉત્તરાધ્યયન શ્રુતસ્કન્ધનો વિષય કહેવો.)

स चेह... અહીં = ઉત્તરાધ્યયનમાં તે સમુદાયાર્થ ધર્મકથા સ્વરૂપ છે.

પ્રશ્ન : આખા ગ્રન્થનો વિષય ભલે ધર્મકથા હોય, પરંતુ ૩૬ અધ્યયન છે, તો દરેક અધ્યયનનો અલગ-અલગ અર્થ હશે જ ને ?

विशेषतस्त्वेनं... ઉત્તર : (ધર્મકથા એ સામાન્યથી સમુદાયાર્થ કહ્યો.) વિશેષથી તો આ સમુદાયાર્થને નિર્યુક્તિકાર જ पढमे विणओ વગેરે વડે કહેશે. (પહેલા અધ્યયનનો અર્થ વિનય છે, બીજાનો પરિષહ છે... વગેરે.)

वृत्तिः - द्वाराणीति प्रक्रमादनुयोगद्वाराणि, तत्र चानुगतमनुरूपं वा श्रुतस्य स्वेनाभिधेयेन योजनं-सम्बन्धनं तस्मिन् वाऽनुरूपोऽनुकूलो वा योगः श्रुतस्यैवाभिधानव्यापारोऽनुयोगः, तदुक्तम्-

*"[1]अणुजोयणमणुजोगो सुयस्स नियएण जमभिधेयेणं ।*
*वावारो वा जोगो जो अणुरूवोऽणुकूलो वा ।।१।।"*

द्वाराणीति... હવે દ્વારો :

1. अनुयोजनमनुयोगः सूत्रस्य निजकेन यदभिधेयेन । व्यापारो वा योगो योऽनुरूपोऽनुकूलो वा ।।१।।

ગાથામાં જે द्वार શબ્દ લખેલો છે, એમાં પ્રસ્તુત વિષયને અનુસારે અનુયોગ દ્વારો સમજવાના છે.

**પ્રશ્ન :** અનુયોગ એટલે શું ।

**तत्र चानुगतमनुरूपं... ઉત્તર :** 'અનુયોગદ્વાર'માં જે અનુયોગ શબ્દ છે, તેનો અર્થ આ પ્રમાણે છે : શ્રુતનું પોતાના અભિધેય – અર્થની સાથે અનુગત (અનુસરેલું) કે અનુરૂપ (યોગ્ય) જોડાણ કરવું, સંબંધન કરવું તે અનુયોગ ! અથવા અર્થમાં અનુરૂપ કે અનુકૂલ યોગ એ અનુયોગ !

**પ્રશ્ન :** અર્થમાં કોનો યોગ ?

**श्रुतस्यैवा... ઉત્તર :** શ્રુતનો

**યોગ એટલે કથનનો વ્યાપાર !**

**અર્થમાં શ્રુતનો જ અનુકૂલ એવો કથન વ્યાપાર એ અનુયોગ !** (દા.ત. પહેલી ગાથામાં અણગાર શબ્દ આવશે, એનો અર્થ છે સાધુ=ઘર વિનાનો મુનિ ! હવે એવું કહીએ કે અણગાર એટલે ઘર વિનાનો મુનિ... તો આ શ્રુતનો અર્થ સાથે અનુરૂપ યોગ કરેલો કહેવાય. એમ ઘર વિનાનો મુનિ એ અર્થ છે, તો એને માટે કયો શબ્દ વાપરવો ? ત્યાં જો એમ કહીએ કે– 'ઘર વિનાનો મુનિ એ અણગાર કહેવાય.' તો અર્થને વિશે શ્રુતનો આ કથન વ્યાપાર છે. (ઘર વિનાના સાધુની સામે આંગળી ચીંધીને 'આ અણગાર' એવું કથન કરવું... એ કથનાત્મક વ્યાપાર એ અનુયોગ !)

---

वृत्तिः - तस्य द्वाराणि-उपक्रमादीनि अनुयोगद्वाराणि तानि तद्भेदनिरुक्तिक्रमप्रयोजनानि च 'तत्थज्झयणं पढम' मित्यत्र वक्ष्यामः । आह-प्रकृतोऽयमुत्तराध्ययनानुयोगः, तत्र किमेतान्युत्तराध्ययनान्यङ्गमङ्गानि श्रुतस्कन्धः श्रुतकन्धा अध्ययनमध्ययनानि उद्देशक उद्देशकाः ?,

---

**तस्य...** એ અનુયોગના દ્વારો ઉપક્રમ વગેરે છે,

**પ્રશ્ન :** આ દ્વારો કયા

**ઉત્તર :** અનુયોગદ્વારો અને તેના ભેદ, નિરુક્તિ, ક્રમ તથા પ્રયોજન... આ બધું **तत्थज्झयणं...** એ સ્થાનમાં અમે કહીશું.

**आह...** પ્રશ્ન કરે છે કે આ ઉત્તરાધ્યયન અનુયોગ પ્રકૃત=પ્રસ્તુત=શરૂ થયેલો છે, તેમાં આ ઉત્તરાધ્યયનો એ (૧) અંગ છે ? કે (૨) અંગો છે ? (૩) શ્રુતસ્કંધ છે ? કે (૪) શ્રુતસ્કંધો છે ? (૫) અધ્યયન છે ? કે (૬) અધ્યયનો છે ? (૭) ઉદ્દેશો છે ? કે (૮) ઉદ્દેશાઓ છે ?

---

उच्यते, नाङ्गं नाङ्गानि, श्रुतस्कन्धो न श्रुतस्कन्धाः, नाध्ययनमध्ययनानि, नोद्देशको नोद्देशका इति । अस्य च नामनिक्षेपे 'उत्तराध्ययनश्रुतस्कन्ध' इति नाम, तत्रोत्तरं निक्षेसव्यमध्ययनं श्रुतस्कन्धश्च, तत्रोत्तरनिक्षेपाभिधानायाह भगवान् निर्युक्तिकारः-

---

**उच्यते...** ઉત્તર અપાય છે :– આ ઉત્તરાધ્યયનો અંગ નથી... અંગો નથી... શ્રુતસ્કંધ છે... શ્રુતસ્કંધો નથી... અધ્યયન નથી... અધ્યયનો છે... ઉદ્દેશો નથી... ઉદ્દેશાઓ નથી.

**अस्य च...** આચારાંગાદિ બાર અંગ છે. ઉત્તરાધ્યયન એ એમાંથી એકાદ અંગ રૂપ પણ નથી કે અનેક અંગ રૂપ પણ નથી... ઉત્તરાધ્યયન એ એક શ્રુતસ્કંધ કહેવાય, અનેક નહિ. આમાં ૩૬ અધ્યયનો હોવાથી અનેક અધ્યયનો રૂપ છે. એક અધ્યયન રૂપ નહિ. આમાં ઉદ્દેશા કે ઉદ્દેશાઓ નથી, તેથી આ એક ઉદ્દેશા રૂપ નથી કે અનેક ઉદ્દેશા રૂપ પણ નથી. આ ગ્રન્થના નામનિક્ષેપનો વિચાર કરીએ તો, 'ઉત્તરાધ્યયન શ્રુતસ્કંધ' એ નામ છે.

तत्रोत्तर... તેમાં (૧) ઉત્તર, (૨) અધ્યયન, (૩) શ્રુતસ્કંધ એમ ત્રણના નિક્ષેપા કરવાના છે. તેમાં 'ઉત્તર'ના નિક્ષેપાનું કથન કરવાને માટે નિર્યુક્તિકાર ભગવાન ભદ્રબાહુસ્વામી કહે છે.

---

॥निर्यु. गा.१॥ [1]नामं ठवणा दविए खित्त दिसा तावखित्त पन्नवए ।
पइकालसंचयपहाणनाणकमगणणओ भावे ॥१॥

व्याख्या- इह च सुपो=यत्रादर्शनं तत्र सूत्रत्वेन छान्दसत्वात् लुक्, तथोत्तरनिक्षेपप्रस्तावात् सूचकत्वात्सूत्रस्य *'कमउत्तरेण पगयं'* मित्युत्तरश्रवणाच्च *'नामं'* ति नामोत्तरं *'ठवणं'* ति स्थापनोत्तरमित्याद्यभिलापः कार्यः ।

---

ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, દિગ્, તાપક્ષેત્ર, પ્રજ્ઞાપક, પ્રતિ, કાળ, સંચય, પ્રધાન, જ્ઞાન, ક્રમ, ગણણા અને ભાવ એ ૧૫ નિક્ષેપા 'उत्तर' પદ ના `

इह च... આ ગાથામાં खित्त વગેરે જે જે શબ્દોમાં વિભક્તિ દેખાતી નથી. ત્યાં એમ સમજવું કે આ (ચૌદપૂર્વધર રચિત હોવાથી) સૂત્ર છે. અને તેથી તે આર્ષપ્રયોગ છે=છાન્દસ છે=ઋષિપ્રણીત છે, અને તેથી તેમાં વિભક્તિનો લોપ થયેલો છે.

પ્રશ્ન : પણ આમાં उत्तर ના નિક્ષેપાઓ છે એ ખબર શી રીતે પડે ? ગાથામાં કયાંય उत्तर શબ્દનો તો ઉલ્લેખ જ નથી કર્યો.

→ Pg No-17 ગાથાનં-3

तथोत्तरनिक्षेपप्रस्तावात्... ઉત્તર : બીજી વાત એ કે (૧) 'उत्तर'ના નિક્ષેપાનો જ પ્રસ્તાવ છે, (૨) સૂત્ર સૂચક હોય, (તેમાં બધું સ્પષ્ટ ન મળે... સૂચનાથી સમજી લેવાનું.) (૩) આગળ ગાથામાં कमउत्तरेण पगयं એમ उत्तर શબ્દ સંભળાય છે. એટલે કે આગળ કહેશે જ કે પ્રસ્તુતમાં क्रमोत्तर નું પ્રયોજન છે. (અને આ ગાથામાં कम શબ્દ છે જ, એટલે उत्तरની જ વાત આ ગાથામાં છે, એ સમજી શકાય છે.) આ ત્રણ હેતુથી- (૧) नाम બરાબર नामोत्तरं, (૨) ठवणा બરાબર स्थापनोत्तरं એ પ્રમાણે બધે જ उत्तर શબ્દપૂર્વક બોલવાનું કરવું.

---

वृत्ति :- तत्र नामोत्तरमिति नामैव यस्य वा जीवादेरुत्तरमिति नाम क्रियते, स्थापनोत्तरमक्षादि, उत्तरमिति वर्णविन्यासो वा, *द्रव्योत्तर*मागमतो ज्ञाताऽनुपयुक्तो नोआगमतो ज्ञशरीरभव्यशरीरे तद्व्यतिरिक्तं च,

---

तत्र नामोत्तरमिति... હવે આ બધાનું વર્ણન જોઈએ : (૧) તેમાં નામોત્તર એટલે उत्तर એ પ્રમાણેનું નામ જ નામોત્તર! અથવા જે જીવાદિનું 'ઉત્તર' એ પ્રમાણે નામ કરાય એ જીવાદિ નામોત્તર ! (૨) સ્થાપનોત્તર એટલે અક્ષાદિ (અક્ષ વગેરેને આ 'ઉત્તર' એ પ્રમાણે સ્થાપવામાં આવે, તે સ્થાપનોત્તર !) અથવા 'उत्तरं' એમ જે ત્રણ અક્ષરો લખવા એ સ્થાપનોત્તર ! (૩) દ્રવ્યોત્તરમાં બે ભેદ છેઃ આગમથી દ્રવ્યોત્તર એટલે દ્રવ્ય શબ્દાર્થનો જ્ઞાતા પણ તેમાં અત્યારે ઉપયોગ રહિત... નોઆગમથી દ્રવ્યોત્તર જ્ઞશરીર, ભવ્યશરીર અને તદ્વ્યતિરિક્ત એમ ત્રણ પ્રકારે છે...

---

वृत्ति :- तत्र तद्व्यतिरिक्तं त्रिधा-सचित्ताचित्तमिश्रभेदेन, तत्र सचित्तं पितुः पुत्रः, अचित्तं क्षीरात् दधि, मिश्रं जननीशरीरतो रोमादिमदपत्यम्, इह च द्रव्यपर्यायोभयात्मकत्वेऽपि वस्तुनो द्रव्यप्राधान्यविवक्षया पित्रादेरूर्ध्वंभवनतश्च पुत्रादीनां द्रव्योत्तरत्वं भावनीयं,

---

1. कयपवयणप्पणामो वुच्छं धम्माणुओगसंगहिअं । उत्तरज्झयणाणुओगं गुरूवएसाणुसारेण ॥१॥ इत्येषा गाथाऽऽदौ निर्युक्तिपुस्तके दृश्यते, न च व्याख्यातेत्युपेक्षिता, अनुवन्धादिदर्शितयोपयोगित्वे (कृतप्रवचनप्रणामो वक्ष्ये धर्मानुयोगसंगृहीतम् । उत्तराध्ययनानुयोगं गुरूपदेशानुसारेण) इति संस्करणं ज्ञेयम् ।

तत्र... તેમાં તદ્વ્યતિરિક્ત ત્રણ પ્રકારે છે : સચિત્ત, મિશ્ર અને અચિત્તના ભેદથી... તેમાં-

સચિત્ત – તદ્વ્યતિરિક્ત-ઉત્તર તરીકે પિતાની પછી પુત્ર !

અચિત્ત – તદ્વ્યતિરિક્ત-ઉત્તર તરીકે દૂધની પછી દહીં !

મિશ્ર – તદ્વ્યતિરિક્ત-ઉત્તર તરીકે માતાના શરીર માંથી રૂંવાટીવાળું સંતાન !

પિતા પૂર્વ છે, પુત્ર ઉત્તર છે... દૂધ પૂર્વ છે, દહીં ઉત્તર છે... માતૃશરીર પૂર્વ છે, રૂંવાટીવાળું સંતાન ઉત્તર છે.

પ્રશ્ન : પણ પુત્ર એ દ્રવ્યોત્તર કેમ ? દહીં દ્રવ્યોત્તર કેમ ? એ જેમ દ્રવ્યરૂપ છે એમ એ ભાવરૂપ, પર્યાયરૂપ પણ છે જ તો એને ભાવોત્તર કેમ ન કહેવાય ?

इह च... ઉત્તર : વસ્તુ દ્રવ્ય-પર્યાય એમ ઉભયસ્વરૂપ છે, છતાં પણ પ્રસ્તુતમાં દ્રવ્યને પ્રધાન તરીકે ગણી લીધું છે, તેથી પુત્રાદિ એ દ્રવ્યોત્તર કહ્યા છે. તથા પિતા વગેરેની પછી= ઉત્તરમાં પુત્રાદિ થાય છે, એ કારણસર પુત્રાદિને ઉત્તર કહ્યા છે. આ રીતે તેઓ દ્રવ્યોત્તર છે. તેઓમાં દ્રવ્યોત્તરત્વ છે. એમ વિચારી લેવું.

---

**વૃત્તિ :- *क्षेत्रोत्तरं* मेर्वाद्यपेक्षया यदुत्तरम्, यथोत्तराः कुरवः, यद्वा पूर्वं शालिक्षेत्रम् तदेव पश्चादिक्षुक्षेत्रम्, *दिगुत्तर*मुत्तरा दिग्, दक्षिणदिगपेक्षत्वादस्य, *तापक्षेत्रोत्तरं* यत्तापदिगपेक्षयोत्तरमित्युच्यते, यथा-सर्वेषामुत्तरो मन्दराद्रिः,**

---

क्षेत्रोत्तरं... (૪) ક્ષેત્રોત્તર : મેરુ વગેરેની અપેક્ષાએ જે ઉત્તર હોય (ઉત્તર તરફ હોય) જેમકે ઉત્તર કુરુક્ષેત્ર ! અથવા તો જે પહેલા શાલિ (ડાંગર વિશેષ)નું ખેતર હતું અને તે જ પછીથી શેરડીનું ખેતર થાય તો એ ઉત્તરક્ષેત્ર !

दिगुत्तरमुत्तरा... (૫) દિગુત્તર એટલે ઉત્તર દિશા !

પ્રશ્ન : અહીં ઉત્તર શબ્દ સાપેક્ષ જ દર્શાવેલો છે. ઉત્તર=પછી થનાર, ઉપર રહેલ વગેરે. પૂર્વે થયેલ કે પૂર્વે રહેલની અપેક્ષાએ જ ઉત્તર શબ્દ વપરાયેલો છે પણ દિગુત્તરમાં તો એવું નથી. કેમકે દિગુત્તરમાં તો ઉત્તર દિશા જ લીધી છે... એ તો એનું નામ જ છે.

ઉત્તર : દિગુત્તર... એ દક્ષિણ દિશાની અપેક્ષાએ છે. (એટલે ત્યાં પણ ઉત્તર શબ્દ સાપેક્ષરૂપે જ વપરાયેલો છે, માટે કોઈ દોષ નથી.)


तापक्षेत्रोत्तरं... (૬) તાપક્ષેત્રોત્તર : જે તાપ દિશાની અપેક્ષાએ ઉત્તર એ પ્રમાણે કહેવાય છે.

દા. ત. મેરુ પર્વત બધાને ઉત્તર છે (જ્યાં સૂર્યોદય એ પૂર્વ દિશા ! એની અપેક્ષાએ જ બાકીની ત્રણ દિશા ગણવાની. આવું તાપદિશામાં છે. સૂર્યોદય પ્રમાણે ગોઠવાય છે માટે એને તાપદિગ્ કહેલું છે. હવે ભરતવાળા માટે જે પશ્ચિમ છે તે ઐરાવતવાળા માટે પૂર્વ છે અને એટલે જ બધા માટે મેરુ ઉત્તરમાં જ આવે છે.)

---

ચિત્ર જોઈએ=આ આપણી અપેક્ષાએ છે. ઐરાવતવાળા પશ્ચિમને પૂર્વ તરીકે લેશે, કેમકે એમને ત્યાં સૂર્યોદય થાય છે. ઈત્યાદિ વિચારી લેવું એટલે આ જે મેરુ બધાને ઉત્તર તરફ છે, એ તાપદિક્ની અપેક્ષાએ છે.

ચિત્ર :-



वृत्ति :- *प्रज्ञापकोत्तरं* यत् प्रज्ञापकस्य वामं, प्रत्युत्तरमेकदिगवस्थितयोर्देवदत्तयज्ञदत्तयोर्देवदत्तात् परो यज्ञदत्त उत्तरः, *कालोत्तरः* समयादावलिका आवलिकातो मुहूर्तमित्यादि, सञ्चयोत्तरं यत्सञ्चयस्योपरि, यथा धान्यराशेः काष्ठम्,

---

प्रज्ञापकोत्तरं... (૭) પ્રજ્ઞાપકોત્તર : પ્રજ્ઞાપકની ડાબી બાજુ જે હોય એ, એને માટે ઉત્તર કહેવાય. (આપણે પ્રદક્ષિણા ફરીએ, ત્યારે પ્રભુ આપણી જમણી બાજુ હોય છે ને ? એ જમણીબાજુને જ દક્ષિણબાજુ કહેવાય છે, અને એટલે જ પ્રદક્ષિણા શબ્દ બોલાય છે. એટલે ડાબી બાજુ જે હોય તે ઉત્તર કહી શકાય.

પ્રજ્ઞાપક= વક્તા, બોલનાર, વાચનાદિ આપનાર.

प्रत्युत्तर... (૮) પ્રત્યુત્તર : એક દિશામાં રહેલા દેવદત્ત અને યજ્ઞદત્તમાંથી દેવદત્તની પછી રહેલો યજ્ઞદત્ત એ ઉત્તર કહેવાય.

આપણે જ્યાં ઊભા છીએ ત્યાંથી કોઈપણ એક જ દિશામાં બે જણ ઊભા હોય, તો એમાં નજીક હોય એ પૂર્વ કહેવાય અને એની પછી રહેલો ઉત્તર કહેવાય. અહીં પૂર્વને આશ્રયીને (પ્રતિ) ઉત્તર મળે છે. જો પહેલો માણસ ન હોત તો પેલો બીજો માણસ ઉત્તર ન કહેવાત... એટલે આ પ્રતિ-ઉત્તર છે.

कालोत्तर... (૯) કાલોત્તર : સમય કરતા આવલિકા, આવલિકા કરતા મુહૂર્ત... વગેરે કાલોત્તર છે.

सञ्चयोत्तरं... (૧૦) સંચયોત્તર : ઢગલાની ઉપર જે હોય, તે સંચયોત્તર ! જેમકે અનાજના ઢગલાની ઉપર લાકડું હોય તો એ સંચયોત્તર કહેવાય.

---

वृत्ति :- प्रधानोत्तरमपि त्रिविधं सचित्ताचित्तमिश्रभेदात्, सचित्तप्रधानोत्तरमपि त्रिधैव, तद्यथा- द्विपदं चतुष्पदमपदं च, तत्र द्विपदमनुत्तरपुण्यप्रकृतितीर्थकरनामाद्यनुभवनतः तीर्थकरः, चतुष्पदमनन्यसाधारणशौर्यधैर्यादियोगतः सिंहः, अपदं रम्यत्वसुरसेव्यत्वादिभिर्जात्यजाम्बूनदादिमयी जम्बूद्वीपमध्यस्थिता सुदर्शनाजम्बूः, अचित्तमचित्यमाहात्म्यश्चि-न्तामणिः, मिश्रं तीर्थकर एव गृहस्थावस्थायां सर्वालङ्कारालङ्कृतः,

---

प्रधानोत्तरमपि... (૧૧) પ્રધાન-ઉત્તર : આ પણ ત્રણ પ્રકારે છે. (જેમ દ્રવ્યોત્તરમાં તદ્વ્યતિરિક્ત ત્રણ પ્રકારે છે, તેમ આ પણ ત્રણ પ્રકારે છે... આ પ્રમાણે અર્થ લેવો. પાઠાંતરમાં अपि નથી, ત્યાં તો સ્પષ્ટ જ છે કે પ્રધાનોત્તર ત્રણ પ્રકારે છે.

સચિત્ત, અચિત્ત અને મિશ્રના ભેદથી સમજવું.

सचित्तप्रधानोत्तरमपि... સચિત-પ્રધાનોત્તર પણ ત્રણ પ્રકારે જ છે. તે આ પ્રમાણે :- (૧) દ્વિપદ, (૨) ચતુષ્પદ અને (૩) અપદ... તેમાં સર્વોત્કૃષ્ટ એવી પુણ્યપ્રકૃતિ જે તીર્થંકરનામકર્મ છે, એ વગેરે કર્મોના અનુભવથી તીર્થંકર દ્વિપદમાં પ્રધાનોત્તર છે.

चतुष्पद... બીજામાં સાધરણ નહિ = બીજામાં ન મળે એવા શૌર્ય, ધૈર્ય વગેરે ગુણોના સંપર્કથી સિંહ એ ચતુષ્પદમાં પ્રધાનોત્તર છે.

अपदं... જાતિમાન એવું જાંબુનદ (સુવર્ણ વિશેષ) વગેરેનું બનેલું, સુદર્શના નામના જંબુવૃક્ષની રમ્યતા, દેવો વડે સેવનીયતા વગેરે વડે અપદમાં પ્રધાનોત્તર છે. ('જંબૂ' શબ્દ સ્ત્રીલિંગ હોવાથી અહીં બધું સ્ત્રીલિંગમાં લેલું છે.)

अचित्त... આમ સચિત્તમાં ત્રણ ભેદ જોઈ ગયા... અચિત્ત-પ્રધાનોત્તર અચિન્ત્ય મહિમાવાળું ચિંતામણિરત્ન લેવું.

मिश्रं... મિશ્ર-પ્રધાનોત્તર તરીકે ગૃહસ્થ-અવસ્થામાં તમામ અલંકારોથી અલંકૃત તીર્થંકર જ લેવા.

वृत्ति :- ज्ञानोत्तरं केवलज्ञानं, विलीनसकलावरणत्वेन समस्तवस्तुस्वभावावभासितया च, यद्वा श्रुतज्ञानं, तस्य स्वपरप्रकाशकत्वेन केवलादपि महर्द्धिकत्वात्, उक्तं च-

*"सुयणाणं महिड्ढीयं, केवलं तयणंतरं ।*
*अप्पणो य परेसिं च, जम्हा तं परिभावणं ॥१॥"* ति,

ज्ञानोत्तरं... (૧૨) જ્ઞાનોત્તર : જ્ઞાનમાં ઉત્તર કેવલજ્ઞાન છે. કેમકે એના તમામ આવરણ વિલીન થઈ ગયા છે, અને તમામ વસ્તુઓના સ્વરૂપનો બોધ કરાવે છે.

यद्वा श्रुतज्ञानं... અથવા તો શ્રુતજ્ઞાન જ્ઞાનોત્તર સમજવું કેમકે શ્રુતજ્ઞાન સ્વ અને પર બંનેને જણાવે છે, તેથી એ કેવલજ્ઞાન કરતા પણ મહર્દ્ધિક છે. કહ્યું છે કે શ્રુતજ્ઞાન મહર્દ્ધિક છે, કેવલજ્ઞાન શ્રુતજ્ઞાનની પછી છે. કેમકે તે (શ્રુતજ્ઞાન) પોતાને અને બીજાઓને જણાવનાર=પ્રકાશ કરનાર છે.

वृत्ति :- क्रमोत्तरं क्रममाश्रित्य यद्भवति, तच्चतुर्विधं-द्रव्यतः क्षेत्रतः कालतो भावतश्च, तत्र द्रव्यतः परमाणोर्द्विप्रदेशिकः ततोऽपि त्रिप्रदेशिकः एवं यावदन्त्योऽनन्तप्रदेशिकः स्कन्धः, क्षेत्रत एकप्रदेशावगाढात् द्विप्रदेशावगाढः ततोऽपि त्रिप्रदेशावगाढः एवं यावदवसानवर्त्यसङ्ख्येयप्रदेशावगाढः, कालत एकसमयस्थितेर्द्विसमयस्थितिः ततोऽपि त्रिसमयस्थितिः एवं यावदसङ्ख्येयसमयस्थितिः, भावत एकगुणकृष्णात् द्विगुणकृष्णः ततोऽपि त्रिगुणकृष्णः एवं यावदनन्तगुणकृष्णः, यतो वा-क्षायोपशमिकादिभावादनन्तरं यः क्षायिकादिर्भवति,

क्रमोत्तरं... (૧૩) ક્રમોત્તર : ક્રમને આશ્રયીને જે ઉત્તર હોય તે ચાર પ્રકારે છે : (૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાલથી, (૪) ભાવથી... તેમાં દ્રવ્યથી વિચારીએ તો-

तत्र द्रव्यतः... (૧) પરમાણુની ઉત્તરમાં દ્વિપ્રાદેશિક સ્કંધ છે. તેના પછી ત્રિપ્રાદેશિક છે. એમ છેક છેલ્લે અનંત પ્રાદેશિક સ્કંધ છે. (અને એ બધા પૂર્વ-પૂર્વની અપેક્ષાએ ઉત્તરોત્તર ગણાય.)

क्षेत्रत... (૨) ક્ષેત્રની અપેક્ષાએ વિચારીએ તો :- એક પ્રદેશમાં રહેલા દ્રવ્ય કરતા બે પ્રદેશમાં રહેલ દ્રવ્ય એ ક્ષેત્રોત્તર... તેના કરતા પણ ત્રણ પ્રદેશમાં રહેલ... એમ છેક અંતે રહેલું અસંખ્યપ્રદેશાવગાઢ દ્રવ્ય... આ બધા ક્ષેત્રોત્તર તરીકે જાણવા.

कालत... (૩) કાલની અપેક્ષાએ વિચારીએ તો :- એક સમયની સ્થિતિવાળા દ્રવ્ય કરતા બે સમયની સ્થિતિવાળું દ્રવ્ય... તેના પછી પણ ત્રણ સમયની સ્થિતિવાળું... એમ છેક અસંખ્યસમયની સ્થિતિવાળું દ્રવ્ય... આ બધા પૂર્વ-પૂર્વ કરતા કાલની અપેક્ષાએ ઉત્તર જાણવા.

भावत... (૪) ભાવની અપેક્ષાએ વિચારીએ તો :- એક ગુણકાળાશવાળા (એકાંશકાળાશવાળા) દ્રવ્ય કરતા દ્વિગુણકાળાશવાળું... તેના પછી પણ ત્રિગુણકાળાશવાળું... એમ છેક અનંતગુણકાળાશવાળું દ્રવ્ય... આ બધા પૂર્વ-પૂર્વની અપેક્ષાએ ભાવોત્તર જાણવા. (ગુણ=અંશ=નાનામાં નાનો ભાગ.) અથવા ક્ષાયોપશમિક વગેરે ભાવની પછી જે ક્ષાયિકાદિ ભાવ થાય તે ભાવોત્તર !

वृत्ति :- 'गणणओ'त्ति गणनात उत्तरमेककाद् द्विकस्ततोऽपि त्रिक एवं यावच्छीर्षप्रहेलिका,

1. श्रुतज्ञानं महर्द्धिकं केवलं तदनन्तरम् । आत्मनश्च परेषां च यस्मात्तत्परिभावनम् ॥१॥

भावोत्तरं क्षायिको भावः, तस्य केवलज्ञानदर्शनाद्यात्मकत्वेन सकलौदयिकादिभावप्रधानत्वाद् ।

---

गणनात... (૧૪) ગણનોત્તર : એક સંખ્યાની પછી બે, તેના પછી વળી ત્રણ... એમ છેક શીર્ષપ્રહેલિકા. (શાસ્ત્રીય ગણિતમાં વ્યવહારમાં ગણનાયોગ્ય તરીકે શીર્ષપ્રહેલિકા નામની સર્વોત્કૃષ્ટ સંખ્યા આપી છે. એ ગ્રન્થાન્તરથી જાણી લેવી.)

भावोत्तरं... (૧૫) ભાવોત્તર : ક્ષાયિક ભાવ એ ભાવોત્તર છે. કેમકે તે કેવલજ્ઞાન અને કેવલદર્શન વગેરે સ્વરૂપ છે. અને તેથી તે તમામ ઔદયિકાદિ ભાવોમાં પ્રધાન છે.

(ક્રમોત્તરમાં ભાવથી ક્રમોત્તર હતું, તેનો અર્થ એ કે ક્ષાયો. પછી ક્ષાયિક થાય તો એ ભાવથી ક્રમોત્તર છે... ધારો કે ઔદયિક પછી ક્ષાયો. થાય, તો એ ક્ષાયો. પણ ભાવથી ક્રમોત્તર છે. જ્યારે અહીં તો બધા ભાવોમાં પ્રધાન કોણ ? એ રીતે માત્ર ક્ષાયિક જ આવે.)

---

वृत्ति :- आह-एवमस्य प्रधानोत्तर एवान्तर्भावादयुक्तं भेदेनाभिधानं, यद्येवमत्यल्पमिदमुच्यते, एवं हि नामादिचतुष्टय एव सर्वनिक्षेपाणामन्तर्भावात्तदेवाभिधेयं, तत इहान्यत्र च यन्नामादि-चतुष्टयाधिकनिक्षेपाभिधानं तच्छिष्यमतिव्युत्पादनार्थं सामान्यविशेषोभयात्मकत्वख्यापनार्थं च सर्ववस्तूनामिति भावनीयमिति गाथार्थः ।।१।।

---

आह... પ્રશ્ન : આ ભાવોત્તરનો તો પ્રધાનોત્તરમાં જ અંતર્ભાવ થઈ જાય છે, તેથી એનું અલગથી કથન અયોગ્ય છે.

यद्येवमत्य... ઉત્તર : જો તમે આવું કહેતા હો, તો આ તો તમે અતિ-અલ્પ વાત કરી. કેમકે આ પ્રમાણે તો નામ વગેરે ચારમાં જ તમામ નિક્ષેપાઓનો સમાવેશ થતો હોવાથી નામદિચતુષ્ક જ કહેવા જોઈએ. (પણ એવું નથી કર્યું.)

तत इहान्यत्र... તેથી અહીં કે અન્યસ્થાનમાં નામાદિચતુષ્ક કરતા વધારે નિક્ષેપાઓનું જે કથન કરેલું છે તે શિષ્યની બુદ્ધિનો વિકાસ કરવા માટે કરેલું છે... એમ વિચારવું. તથા 'તમામ વસ્તુઓ સામાન્ય અને વિશેષ એમ ઉભય સ્વરૂપ છે.' એવું જણાવવા માટે આ વધારે નિક્ષેપાનું વર્ણન છે... એમ જાણવું.

(ક્ષેત્રોત્તરમાં ઉત્તરકુરુ ગણ્યું, હવે આમ જોઈએ તો એ દ્રવ્ય સ્વરૂપ છે. એટલે એ દ્રવ્યોત્તરમાં આવી જાય છે. પણ એ એનું સામાન્ય સ્વરૂપ છે... ક્ષેત્ર રૂપે એને અલગ ગણીએ, ત્યારે એ વિશેષ સ્વરૂપ છે... એ વિશેષમાં ગણાઈ જાય.

માણસ એ સામાન્ય છે, પુરુષ / સ્ત્રી... એ વિશેષ છે... પુરુષ પણ અપેક્ષાએ સામાન્ય છે, બાલ / વૃદ્ધ... એ વિશેપ છે... આમ દરેક વસ્તુ સામાન્ય, વિશેષ, ઉભયરૂપ હોય છે.

પ્રસ્તુતમાં નામાદિ ચાર નિક્ષેપ એ સામાન્યસ્વરૂપ છે, કોઈપણ નિક્ષેપા આ ચારમાં સમાવેશ પામી જ જાય. પણ જ્યારે એ નિક્ષેપાઓની ચાર કરતા અલગ વિવક્ષા કરીએ, ત્યારે એ વિશેષ તરીકે ગણાય...)

આ પ્રમાણે પહેલી ગાથાનો અર્થ થયો.

---

*अवतरणिकाः* – इहानेकधोत्तराभिधानेऽपि क्रमोत्तरमेवाधिकरिष्यति, विषयज्ञाने च विषयी सुज्ञानो भवति इति मन्वानो यत्रास्य सम्भवो यत्र चासम्भवो यत्र चोभयं तदेवाह–

---

અવતરણિકા :- इहानेक... અહીં અનેક પ્રકારે ઉત્તરનું કથન કર્યું હોવા છતાં પણ અહીં ક્રમોત્તરનો જ અધિકાર ગ્રહણ કરશે...

विषयज्ञाने... અને 'વિષયનું જ્ઞાન થાય, એટલે વિષયી પણ સારી રીતે જણાઈ જાય...' એ પ્રમાણે માનતા નિર્યુક્તિકાર 'જ્યાં આનો સંભવ છે જ્યાં આનો અસંભવ છે અને જ્યાં બંને છે...' તે જ દેખાડતા કહે છે.

(સોત્તર વગેરે રૂપે નીચે દર્શાવાતા પરમાણુ વગેરે 'उत्तरत्व' ના વિષય રૂપ છે. તેમના આલંબનથી 'उत्तरत्व' નો બોધ સહજતાથી થઈ જશે.)

---

**॥निर्यु. गा.२॥ जहण्णं सुत्तरं खलु उक्कोसं वा अणुत्तरं होइ ।**
**सेसाइं उत्तराइं अणुत्तराइं च नेयाणि ॥२॥**

व्याख्या - जघन्यं सोत्तरं *'खलु'* अवधारणे, सोत्तरमेव *'उक्कोसं'* ति उत्कृष्टं, वाशब्दस्यैवकारार्थस्य भिन्नक्रमत्वाद् अनुत्तरमेव भवति, *'शेषाणि'* मध्यमानि *'उत्तराणि'* इति अर्शआदित्वेनाजन्तत्वात् मतुब्लोपाद्वोत्तरवन्ति अनुत्तराणि च ज्ञेयानि ।

---

ગાથાર્થ : જઘન્ય સોત્તર હોય છે (ઉત્તર સહિત હોય છે.)

ઉત્કૃષ્ટ અનુત્તર હોય છે. (એની ઉત્તરમાં કોઈ ન હોય.) બાકીના બધા ઉત્તર (સોત્તર) અને અનુત્તર જાણવા.

जघन्यं... ટીકાર્થ : જે જઘન્ય હોય, તે સોત્તર જ હોય (એની ઉત્તરમાં કોઈક હોય જ... માટે જ તો આને જઘન્ય કહેવાય...)

ગાથામાં રહેલો खलु શબ્દ એ અવધારણમાં છે (એટલે કે જકાર અર્થમાં છે.)

उक्कोसं = ઉત્કૃષ્ટ... वा શબ્દ एव કારના અર્થવા ો છે અને એ ભિન્ન ક્રમવાળો છે, એટલે કે ગાથામાં એ उक्कोसं वा એ રીતે છે, પણ એને अणुत्तरं એ શબ્દની પછી જોડવો.

એટલે અર્થ આ પ્રમાણે થશે કે જે ઉત્કૃષ્ટ હોય, તે અનુત્તર જ હોય. જે શેષ=મધ્યમ હોય એ ઉત્તરવાળા= ોત્તર હોય અને અનુત્તર હોય છે.

પ્રશ્ન ગાથામાં તો सेसाइं उत्तराइं લખેલ છે, એનો અર્થ થાય છે– 'શેષ ઉત્તર હોય' પણ તમે તો 'શેષ સોત્તર=ઉત્તરવાળો' એવો અર્થ કરો ો, એ અર્થ શી રીતે થાય ?

उत्तराणि... ઉત્તર : उत्तराइं શબ્દ વ્યાકરણ પ્રમાણે अर्शआदि હોવાથી अज् અન્તવા ો છે. એટલે એનો અર્થ સોત્તર થાય. અથવા તો અહીં मतुप् પ્રત્યયનો લોપ થયો હોવાથી સોત્તર અર્થ થાય.

---

वृत्ति :- द्रव्यक्रमोत्तरादीनि हि जघन्यान्येकप्रदेशिकादीनि उपरि द्विप्रदेशिकादिवस्त्वन्तरभावात् सोत्तराण्येव, तदपेक्षयैव तेषां जघन्यत्वात्, उत्कृष्टानि त्वन्त्यानन्तप्रदेशिकादीन्यनुत्तराण्येव, तदुपरि वस्त्वन्तराभावाद्, अन्यथो-त्कृष्टत्वायोगात्, मध्यमानि तु द्विप्रदेशिकादीनि त्रिप्रदेशिकाद्यपेक्षया सोत्तराणि एकप्रदेशापेक्षया त्वनुत्तराणि, उपरितनवस्त्वपेक्षयैव सोत्तरत्वात् इति गाथार्थः ।।२।।

---

પ્રશ્ન : આ બધું તમે દ્રષ્ટાન્ત સાથે સમજાવો, તો જરાક સ્પષ્ટ થાય.

द्रव्यक्रमोत्तरादीनि... ઉત્તર : જે દ્રવ્યથી, ક્રમોત્તર, ક્ષેત્રથી ક્રમોત્તર વગેરે ઉત્તરો બતાવ્યા છે, તેમાં જઘન્ય દ્રવ્યક્રમોત્તર તરીકે એકપ્રાદેશિક દ્રવ્યો (સ્વતંત્ર પરમાણુઓ...) આવે, કારણ કે, એમની પછી દ્વિપ્રાદેશિક વગેરે બીજી વસ્તુઓ છે જ, તેથી તે જઘન્ય દ્રવ્ય ક્રમોત્તર એ સોત્તર જ છે, કેમકે એ દ્વિપ્રાદેશિકાદિ ઉત્તર દ્રવ્યોની અપેક્ષાએ જ તેઓ જઘન્ય છે. (એ જ રીતે ક્ષેત્ર ક્રમોત્તર વગેરે પણ સમજી લેવા.)

उत्कृष्टानि... ઉત્કૃષ્ટ દ્રવ્યક્રમોત્તર તરીકે સૌથી છેલ્લા અનંતપ્રાદેશિક સ્કંધો આવે, અને તે અનુત્તર જ છે. કેમકે તેમની ઉપર બીજી વસ્તુનો અભાવ છે. જો એમની ઉપર બીજી વસ્તુ હોત, તો આમનું ઉત્કૃષ્ટપણું જ ન ઘટે. (એ જ રીતે ક્ષેત્રક્રમોત્તર

વગેરે પણ સમજી લેવા...)

मध्यमानि... મધ્યમ દ્રવ્યક્રમોત્તર તરીકે જે દ્વિપ્રાદેશિકાદિ દ્રવ્યો છે. તે ત્રિપ્રદેશિક વગેરેની અપેક્ષાએ સોત્તર છે, પણ એકપ્રાદેશિકની અપેક્ષાએ તો અનુત્તર છે. કેમકે ઉપર રહેલી વસ્તુની અપેક્ષાએ જ સોત્તર થાય. (એકપ્રાદેશિક તો પૂર્વવર્તી છે, ઉત્તરવર્તી નથી.)

**વિશેષાર્થ :-** ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦

આમાં ૧ ની ઉત્તરમાં ૨... ૩... વગેરે છે. માટે તે સોત્તર છે. અનુત્તર નથી. ૧૦ ની ઉત્તરમાં કશું નથી, માટે તે અનુત્તર છે, સોત્તર નથી. ૨ ની ઉત્તરમાં ૩... ૪... વગેરે છે. માટે તે સોત્તર. ૨ ની પૂર્વમાં ૧ છે. એની અપેક્ષાએ તે અનુત્તર.

---

अवतरणिकाः - उत्तरस्यानेकविधत्वेन येनात्र प्रकृतं तदाह-

---

અવતરણિકા :- 'ઉત્તર' અનેક પ્રકારનું છે, તેથી જે પ્રકારના ઉત્તર વડે અહીં કામ છે, તે ઉત્તરને બતાવે છે.

---

**।।निर्यु. गा. ३।। कमउत्तरेण पगयं आयारस्सेव उवरिमाइं तु ।**
**तम्हा उ उत्तरा खलु अज्झयणा हुंति णायव्वा ।।३।।**

व्याख्या - क्रमापेक्षमुत्तरं क्रमोत्तरं, शाकपार्थिवादित्वान्मध्यपदलोपी समासः, तेन *प्रकृतम्*- अधिकृतम्, इह च क्रमोत्तरेणेति भावतः क्रमोत्तरेण, एतानि हि श्रुतात्मकत्वेन क्षायोपशमिकभावरूपाणि तद्रूपस्यैवाऽऽचारा-ङ्गस्योपरि पठ्यमानत्वेनोत्तराणीत्युच्यन्ते,

---

**ગાથાર્થ :** ક્રમઉત્તર વડે પ્રકૃત છે (કામ છે=પ્રયોજન છે=અધિકાર છે.) આચારાંગની ઉપર જ આ (અધ્યયનો) છે, તેથી આ ઉત્તર અધ્યયનો જાણવા.

क्रमापेक्षमुत्तरं... **ટીકાર્થ :-** ક્રમની અપેક્ષાએ જે ઉત્તર તે ક્રમોત્તર ! 'શાક પાર્થિવાદિ' રૂપ હોવાથી (વ્યાકરણનો તેવા પ્રકારનો સામાસિક નિયમ હોવાથી) મધ્યમપદલોપી સમાસ થયો છે. (અપેક્ષા શબ્દનો લોપ થયો ને...) તેના વડે પ્રકૃત છે= અધિકાર છે.

**પ્રશ્ન :** ક્રમોત્તર પણ ચાર પ્રકારના છે, તો કયું લેવું ?

इह च क्रमोत्तरेणेति... **ઉત્તર :** અહીં क्रमोत्तरेण એ શબ્દથી ભાવથી ક્રમોત્તર વડે અધિકાર સમજવો. (શા માટે ભાવતઃ ક્રમોત્તર ? એ દર્શાવે છે.) આ અધ્યયનો શ્રુત સ્વરૂપ છે એટલે ક્ષાયોપશમિકભાવ રૂપ છે, અને ક્ષાયોપશમિકભાવ રૂપ એવા જ આચારાંગની ઉપર=ઉત્તરમાં ભણાય છે તેથી ઉત્તર કહેવાય છે.

---

वृत्ति :- अत एवाह- *'आयारस्सेव उवरिमाइं'*ति एवकारो भिन्नक्रमः, ततश्चाचारस्योपर्येव- उत्तरकालमेव *'इमानी'*ति हृदि विपरिवर्तमानतया प्रत्यक्षाणि, पठितवन्त इति गम्यते, *'तुः'* विशेषणे, विशेषश्चायं यथा-शय्यम्भवं यावदेष क्रमः, तदाऽऽरतस्तु दशवैकालिकोत्तरकालं पठ्यन्त इति, *'तम्हा उ'*त्ति *'तुः'* पूरणे, यत्तदोश्च नित्यमभिसम्बन्धः, ततो यस्मादाचारस्योपर्येवेमानि पठितवन्तस्तस्माद् *'उत्तराणि'* उत्तरशब्दवाच्यानि, *'खलुः'* वाक्यालङ्कारेऽवधारणे वा, तत उत्तराण्येव *'अध्ययनानि'* विनयश्रुतादीनि भवन्ति *'ज्ञातव्यानि'* अवबोद्धव्यानि, प्राकृतत्वाच्च लिङ्गव्यत्यय इति गाथार्थः ।।३।।

---

अत एवाह... આથી જ ગાથામાં કહે છે- 'आयारस्सेव...'

एव કાર ભિન્ન ક્રમવાળો છે, તેથી આ પ્રમાણે અર્થ કરવો કે આચારની ઉપર જ=ઉત્તરકાળમાં જ આ અધ્યયનોને કહ્યા છે.

प्रश्न : इमानि એ इदं નું રૂપ છે, આ રૂપ પ્રત્યક્ષ વસ્તુ માટે વપરાય છે, પ્રસ્તુત અધ્યયનો પ્રત્યક્ષ તો છે જ નહિ, તો પછી એમના માટે इमानि રૂપ શી રીતે વપરાય ? તથા 'કહ્યા છે' (पठितवन्तः) એ શબ્દ શ્લોકમાં તો નથી...

'इमानी'ति... ઉત્તર : આ અધ્યયનો હૃદયમાં બરાબર હાજર છે, માટે પ્રત્યક્ષ છે, માટે इमानि રૂપ બરાબર છે, અને पठितवन्तः શબ્દ સમજી લેવાનો છે. (અર્થની સંગતિ કરવા માટે ઘણીવાર આ રીતે અધ્યાહારથી શબ્દો લેવાય છે.)

ગાથા નો तु શબ્દ વિશેષ પદાર્થ બતાવવામાં

प्रश्न : શું વિશેષ પદાર્થ બતાવે છે ?

विशेषश्चायं... ઉત્તર : વિશેષ આ છે કે– શય્યંભવસૂરિ સુધી આ ક્રમ હતો કે પહેલા આચારાંગ, પછી ઉત્તરાધ્યયન... પણ તેમના પછી તો દસવૈકા. પહેલા, એની પછી ઉત્તરાધ્યયન... (એની પછી આચારાંગ...) ભણાય છે.

'तम्हा उ' માં तु પૂરણ અર્થમાં છે. तम्हा = तस्मात् શબ્દ છે, तत् સર્વનામના રૂપ અને यत् ના રૂપનો નિત્ય સંબંધ છે. અર્થાત્ બેમાંથી એક હોય, ત્યારે બીજું ન હોય, તો પણ સમજી જ લેવાનું. તેથી આ પ્રમાણે અર્થ કરવો.

ततो... यस्मात् = જે કારણથી આચારાંગની ઉપર જ આ અધ્યયનોને કહ્યા છે તે કારણથી આ અધ્યયનો ઉત્તર શબ્દથી વાચ્ય છે. खलु શબ્દ વાક્યાલંકારમાં છે અથવા તો અવધારણમાં છે. તેથી (અવધારણાર્થ લો, તો...) વિનયશ્રુતાદિ અધ્યયનો उत्तर જ જાણવા.

प्राकृतत्वाच्च... ગાથામાં उत्तरा... વગેરે પુલિંગ છે. સંસ્કૃતમાં આ શબ્દો નપું. છે. અહીં પ્રાકૃતભાષાના હિસાબે લિંગનો ફેરફાર છે. આ પ્રમાણે ગાથાર્થ પૂર્ણ થયો.

---

*अवतरणिकाः*- आह- यद्याचारस्योपरि पठ्यमानत्वेनोत्तराण्यमूनि, तत्किं ? यत एवाचारस्य प्रसूतिरेषामपि तत एव अभिधेयमपि यदेव तस्य तदेवोतन्यथेति संशयापनोदायाह-

---

અવતરણિકા :- आह... પ્રશ્ન કરે છે – જો આચારાંગની ઉપર ભણાતા હોવાથી આ અધ્યયનો ઉત્તર હોય તો શું? જેમાંથી આચારાંગની પ્રસૂતિ છે, (ઉદ્ભવ=ઉત્પત્તિ છે), તેમ આ અધ્યયનોની પણ તેમાંથી જ છે ?

अभिधेयमपि... અભિધેય (વિષય) પણ આચારાંગનો જે છે, તે જ તેનો છે ? કે બીજી રીતે છે ?

(यत एव... तत एव આમાં एव બે વાર છે, પણ ગુજરાતીમાં એ છેલ્લે એક જ વાર બોલવામાં ફાવે છે, એ જ રીતે यदेव અને तदेव માં પણ સમજવું. 'જે કારણથી જ' કે 'જે જ' આવી રીતે બોલાતું નથી. દરેક ભાષાની અમુક મર્યાદા હોય છે.)

આ પ્રમાણેના સંશયના નિરાકરણ માટે કહે છે કે–

---

**॥निर्यु. गा. ४॥ अंगप्पभवा जिणभासिया य पत्तेयबुद्धसंवाया ।**
**बंधे मुक्खे य कया छत्तीसं उत्तरज्झयणा ॥४॥**

व्याख्या - अङ्गाद्-दृष्टिवादादेः प्रभव-उत्पत्तिरेषामिति अङ्गप्रभवानि, यथा परीषहाध्ययनम्, वक्ष्यति हि-

"[1]कम्मप्पवायपुव्वे सत्तरसे पाहुडंमि जं सुत्तं ।
सनयं सोदाहरणं तं चेव इहंपि णायव्वं ॥१॥"

जिनभाषितानि यथा द्रुमपुष्पिकाऽध्ययनम्, तद्धि समुत्पन्नकेवलेन भगवता महावीरेण प्रणीतम्, यद्वक्ष्यति- "तंणिस्साए[2] भगवं सीसाणं देइ अणुसट्ठिं"ति, 'चः' समुच्चये, प्रत्येकबुद्धाश्च संवादश्च प्रत्येकबुद्धसंवादं तस्मादुत्पन्नानीति शेषः, तत्र प्रत्येकबुद्धाः-कपिलादयः तेभ्य उत्पन्नानि यथा कापिलीयाध्ययनम्, वक्ष्यति हि- '*धम्मट्ठया[3] गीयं*' तत्र हि कपिलेनेति प्रक्रमः, संवादसङ्गत-प्रश्नोत्तरवचनरूपस्तत उत्पन्नानि, यथा-केशिगौतमीयम्, वक्ष्यति च- "*गोतमकेसीओ[4] य संवायसमुट्ठियं तु जम्हेय*"मित्यादि ।

---

ગાથાર્થ : છત્રીસ ઉત્તરાધ્યયનો (૧) અંગમાંથી ઉત્પન્ન થયેલા, (૨) જિનવડે ભાષિત, (૩) પ્રત્યેકબુદ્ધ અને (૪) સંવાદથી થયેલા, (૫) બંધ અને (૬) મોક્ષમાં કરાયેલા છે.

ટીકા ' :- अङ्गाद्-दृष्टिवादादे... અંગમાંથી= દ્રષ્ટિવાદ વગેરે માંથી ઉત્પત્તિ છે, આમની (જેમની) તે અંગપ્રભવ અધ્યયન કહેવાય. દા.ત. પરીષહ અધ્યયન ! આગળ કહેશે કે 'કર્મપ્રવાદ નામના પૂર્વમાં સત્તરમાં પ્રાભૃતમાં નય સહિત અને ઉદાહરણ સહિત જે સૂત્ર છે, તે જ સૂત્ર અહીં પણ જાણવું' (આનાથી નક્કી થયું કે પરીષહ અધ્યયન એ બારમા અંગમાંથી આવેલું છે.)

जिनभाषितानि... જિનભાષિત અધ્યયનો દા. ત. દ્રુમપુષ્પિકા અધ્યયન. આ અધ્યયન કેવલજ્ઞાનની ઉત્પત્તિ બાદ પ્રભુ વીરે દર્શાવેલું છે. કેમકે આગળ કહેશે- 'તેમની નિશ્રાથી=ગૌતમસ્વામીને કહેવાના બહાને ભગવાન શિષ્યોને હિતશિક્ષા આપે છે.' (આનાથી નક્કી થાય છે કે 'તે જિનભાષિત છે...')

'च' समुच्चये... च શબ્દ સમુચ્ચયમાં છે પ્રત્યેકબુદ્ધો અને સંવાદ, આ બે માંથી ઉત્પન્ન થયેલા... ઉત્પન્ન શબ્દ ગાથામાં નથી, એ બહારથી વધારાનો લેવાનો. (તથા આ બે શબ્દોનો સમાસ સમાહારદ્વન્દ્વ કરેલો છે.) તેમાં પ્રત્યેકબુદ્ધો એટલે કપિલ વગેરે. તેમનાથી ઉત્પન્ન થયેલા... દા. ત. કાપિલીય અધ્યયન. આગળ કહેશે કે 'ધર્મને માટે કહેવાયું.' ત્યાં 'કપિલ વડે' એમ જોડવાનું છે, કેમકે એ વિષય ચાલુ જ છે.

संवाद-सङ्गतप्रश्नोत्तर-... સંવાદ સંગત=યોગ્ય પ્રશ્નો અને ઉત્તરોના વચનરૂપ છે. તેમાંથી ઉત્પન્ન થયેલું... દા. ત. કેશિગૌતમીય... આગળ કહેશે કે 'જે કારણથી ગૌતમ અને કેશીના સંવાદથી આ ઉત્પન્ન થયેલું છે !... વગેરે.

---

वृत्ति :- ननु स्थविरविरचितान्येवैतानि, यत आह चूर्णिकृत्- "[5]सुत्ते थेराण अत्तागमो"त्ति नन्द्यध्ययनेऽप्युक्तम्- "*जस्स[6] जेत्तिया सीसा उप्पत्तियाए वेणइयाए कम्मयाए परिणामियाए चउव्विहाए बुद्धीए उववेया तस्स तेत्तियाइं पइण्णगसहस्साइं*" प्रकीर्णकानि चामूनि तत्कथं जिनदेशितत्वादि न विरुध्यते ?,

---

ननु... પ્રશ્ન : આ અધ્યયનો તો સ્થવિર વડે જ રચિત છે. (સ્થવિર એટલે ગણધરો વિ. સમજવા...) કેમકે ચૂર્ણિકારે કહ્યું છે કે 'સૂત્રમાં સ્થવિરોનો આત્માગમ છે.'

---

1. कर्मप्रवादपूर्वे सप्तदशे प्राभृते यत्सूत्रम् । सनयं सोदाहरणं तदेवेहापि ज्ञातव्यम् ॥१॥ 2. तन्निश्रया भगवान् शिष्येभ्यो ददात्यनुशास्तिम् । 3. धर्मार्थाय गीतम् । 4. गौतमकेशीसंवादतश्च समुत्थितं तु यस्मादिदम् । 5. सूत्रे स्थविराणामात्मागम इति । 6. यस्य यावन्तः शिष्या औत्पत्तिक्या वैनयिक्या कर्मजया पारिणामिक्या चतुर्विधया बुद्ध्योपपेतास्तस्य तावन्ति प्रकीर्णकसहस्राणि ।

**વિશેષાર્થ :-** આત્માગમ, અનંતરાગમ, પરંપરાગમ... એમ ત્રણ પ્રકાર છે. પ્રભુ અર્થ ભાખે છે, માટે અર્થ માટે પ્રભુને આત્માગમ. ગણધરો પ્રભુ પાસેથી જ લે છે, વચ્ચે કોઈ અંતર નથી... એટલે ગણધરો માટે એ અર્થ અનંતરાગમ. ગણધરના શિષ્યાદિઓને પ્રભુ પાસેથી અર્થ નથી મળતો, પણ ગણધરાદિ પાસેથી મળે છે, માટે એમને માટે એ અર્થ પરંપરાગમ !

સૂત્રની અપેક્ષાએ વિચારીએ તો – ગણધરો=સ્થવિરો સૂત્રો રચે છે, માટે સૂત્રોની અપેક્ષાએ સ્થવિરોને આત્માગમ. સ્થવિરોના શિષ્યોને સ્થવિરો પાસેથી જ સૂત્રો મળે છે, વચ્ચે કોઈ અંતર નથી... એટલે એમના માટે એ સૂત્ર અનંતરાગમ ! સ્થવિરોના શિષ્યોના શિષ્યો માટે તે સૂત્ર પરંપરાગમ ! પ્રસ્તુત પાઠમાં એ દર્શાવેલું છે કે 'સ્થવિરો સૂત્રને વિશે આત્માગમ છે.' એનો અર્થ એ છે કે બધા સૂત્રો સ્થવિરોએ રચેલા છે. ઉત્તરાધ્યયન પણ સૂત્ર છે, તો એ પણ સ્થવિરરચિત જ હોય, તો પછી એ જિનભાષિત કે પ્રત્યેકબુદ્ધ ભાષિત... વગેરે કેવી રીતે સંભવે ?... એ આશય પ્રશ્નકારનો છે.

**नन्द्यध्ययनेऽप्युक्तम्-...** નન્દી અધ્યયનમાં પણ કહ્યું છે કે– "જે તીર્થંકરને જેટલા શિષ્યો ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી, પારિણામિકી... એમ ચાર પ્રકારની બુદ્ધિથી યુક્ત હોય, તે તીર્થંકરના (શાસનમાં) તેટલા હજાર પ્રકીર્ણક ગ્રન્થો થાય." અને આ ઉત્તરાધ્યયનો પ્રકીર્ણક છે. (એટલે એ તીર્થંકરના શિષ્યો વડે રચિત છે... એ સ્પષ્ટ છે...) તો પછી જિનદેશિત વગેરે બાબતોનો વિરોધ કેમ ન આવે? (અર્થાત્ આ વસ્તુ ઘટતી નથી...)

**વિશેષાર્થ :-** પ્રભુ આદિનાથના ૮૪૦૦૦ શિષ્યો ચાર બુદ્ધિના માલિક હતા. તેથી તેમનામાં પ્રકીર્ણક ગ્રન્થો ૮૪૦૦૦! પ્રભુ વીરના ૧૪૦૦૦ શિષ્યો ચારબુદ્ધિના માલિક હતા, તેથી તેમનામાં પ્રકીર્ણક ગ્રન્થો ૧૪૦૦૦ ! બાકી તો કુલશિષ્ય સંખ્યા તો ઘણી વધારે હોય...

---

**वृत्ति :-** उच्यते, तथास्थितानामेव जिनादिवचसामिह दृब्धत्वेन तद्देशितत्वाद्युक्तमिति न विरोधः।

---

**उच्यते... ઉત્તર :** તેવી રીતે રહેલા એવા જ જિનવચનો, એવા જ પ્રત્યેકબુદ્ધ વચનો આ અધ્યયનોમાં સ્થવિરોએ ગુંથેલા છે, એટલે અહીં તે અધ્યયનો માટે જિનદેશિત, પ્રત્યેકબુદ્ધદેશિત... વગેરે કહેલું છે. એટલે કોઈ વિરોધ નથી.

**વિશેષાર્થ :-** પ્રભુ પાસે અર્થ સાંભળીને એનો ભાવાર્થ સમજીને કોઈક સ્થવિર પોતાની ભાષામાં એ ભાવાર્થોને ગુંથે, તો શબ્દો સ્થવિરના પોતાના... ભાવાર્થ પ્રભુનો... તો આવા ગ્રન્થ એ સ્થવિરરચિત કહેવાય. પણ પ્રભુ જે શબ્દો બોલ્યા હોય, એના એ જ શબ્દોને ફેરફાર કર્યા વિના સ્થવિર ગ્રન્થ રૂપે ગુંથી નાંખે... તો અહીં શબ્દો પણ પ્રભુના જ, ભાવાર્થ પણ પ્રભુનો જ... સ્થવિર તો માત્ર એ શબ્દોની ગોઠવણ કરનાર... અહીં આમ ભલે એ સ્થવિરરચિત છે, છતાં એ પ્રભુદેશિત કહી શકાય છે.

એટલે ચૂર્ણિકાર અને નન્દી સૂત્રના પાઠ પણ સાચા... અને અમે જે કહ્યું કે આ અધ્યયન જિનદેશિત, આ પ્રત્યેકબુદ્ધ રચિત... એ પણ સાચું. બંને વસ્તુ અલગ-અલગ અપેક્ષાએ છે.

કોઈક આપણને પત્ર લખે, આપણે શ્રાવકાદિ પાસે મોટેથી પત્ર વંચાવીએ અને એ શ્રાવકાદિ પત્રમાં લખેલું વાંચે કે 'તમે તો ગધેડા જેવા છો...' તો ત્યાં 'એ શ્રાવકે આપણને ગધેડા કહ્યા છે.' એવું નથી માનવાનું... પણ જેનો પત્ર છે એના જ એ શબ્દો કહેવાય. પ્રસ્તુતમાં સ્થવિરો જ્યારે પ્રભુના જ શબ્દોને ગુંથે, પોતાની ભાષા પ્રમાણે રચના ન કરે... ત્યારે એ ગુંથન પ્રભુ રચિત જ કહેવાય ને ? એટલે કોઈ વિરોધ નથી...

---

**वृत्ति :-** बन्ध–आत्मकर्मणोरत्यन्तसंश्लेषस्तस्मिन्, मोक्षः तयोरेवाऽऽत्यन्तिकः पृथग्भावस्तस्मिंश्च कृतानि, कोऽभिप्रायः?-यथा बन्धो भवति यथा च मोक्षस्तथा प्रदर्शकानि, तत्र बन्धे यथा– "[1]*आणाअणिद्देसकरेत्ति*" मोक्षे यथा– "[2]*आणाणिद्देसकरे*"त्ति, आभ्यां यथाक्रममविनयो विनयश्च प्रदर्श्यते, तत्राविनयो मिथ्यात्वाद्यविनाभूतत्वेन बन्धस्य विनयश्चान्तरपौरुषत्वेन मोक्षस्य कारणमिति तत्त्वतस्तौ यथा भवतस्तदेवोक्तं भवति,

---

1. आज्ञाऽनिर्देशकरः । 2. आज्ञानिर्देशकरः ।

હવે જે નિર્યુક્તિ ગાથામાં बंधे मुक्खे य कया લખેલું છે એનું વર્ણન કરે છે.

बन्ध-... બંધ એટલે આત્મા અને કર્મનો અત્યંત સંબંધ ! મોક્ષ એટલે તે બેનો જ આત્યન્તિક પૃથગ્ભાવ=ભેદ=અલગ પડવું તે. (ફરીથી કયારેય પણ બેનું જોડાણ ન થાય, એ રીતે અલગ પડવું તે.) આ બંધમાં અને મોક્ષમાં કરાયેલા અધ્યયનો પણ છે.

પ્રશ્ન : એટલે શું ? આમાં તમે શું કહેવા માંગો છો ? તમારો અભિપ્રાય શું છે ?

यथा बन्धो... ઉત્તર : જે રીતે બંધ થાય છે અને જે રીતે મોક્ષ થાય છે... તે રીતે દેખાડનારા અધ્યયનો એ બંધમાં+મોક્ષમાં કરાયેલા અધ્યયનો કહેવાય. તેમાં-

બંધમાં... આ પ્રમાણે 'आणाअनिद्देस...' (ગુરૂની આ ાનો અસ્વીકાર કરે તે...)

મોક્ષમાં... આ પ્રમાણે 'आणानिद्देस...' (ગુરૂની આજ્ઞાનો સ્વીકાર કરે તે...)

आभ्यां... આમાં આ બે વાક્યો વડે ક્રમશઃ અવિનય અને વિનય બતાવાય છે. તેમાં અવિનય બંધનું કારણ છે કેમકે તે અવિનય મિથ્યાત્વ, અવિરતિ આદિ (બંધ હેતુઓ) વિના હોતો નથી આથી તે બંધનું કારણ છે. અને વિનય આંતર પૌરુષ છે=અંદરનો પુરુષાર્થ છે... આથી મોક્ષનું કારણ છે.

तत्त्वतस्तौ... આમ પ્રથમ અધ્યયનમાં ભલે આમ વિનય અને અવિનય બતાવ્યા, પણ પરમાર્થથી વિચારીએ તો તે બંધ અને મોક્ષ જે રીતે થાય છે, તે જ (આ અધ્યયનમાં) કહેવાયેલું થાય છે. (માટે એ અધ્યયન બંધ અને મોક્ષના વિષયમાં છે... એમ કહી શકાય.)

---

**वृत्ति :- मोक्षप्राधान्येऽपि बन्धस्य प्रागुपादानमनादित्वोपदर्शनार्थम्, यद्वा *'बंधे मोक्खे य त्ति'* चशब्द एवकारार्थो भिन्नक्रमश्च, ततो बन्ध एव सति यो मोक्षस्तस्मिन् कृतानि, अनेनानादिमुक्तमतव्यवच्छेदश्च कृतः, तत्र हि मोक्षशब्दार्थानुपपत्तिः सकलानुष्ठानवैफल्यापत्तिश्च, किमेवं कतिचिदेव ?, नेत्याह- *'षट्त्रिंशत्'* षट्त्रिंशत्सङ्ख्यानि, कोऽर्थः ?- सर्वाणि उत्तराध्ययनानि इति गाथार्थः ।।४।।**

---

પ્રશ્ન : અહિં ગાથામાં બંધનો ઉલ્લેખ કેમ પહેલા કર્યો ? પ્રધાનતા તો મોક્ષની છે.

मोक्षप्राधान्येऽपि... ઉત્તર : મોક્ષની પ્રધાનતા હોવા છતાં પણ બંધનું પૂર્વે જે ગ્રહણ કરેલું છે, તે એ દર્શાવવા માટે કે 'બંધ અનાદિ છે...' અથવા તો ગાથામાં જે च શબ્દ છે તે एव કારના અર્થવાળો લેવાનો અને ભિન્ન ક્રમવાળો લેવાનો, તેથી આ પ્રમાણે અર્થ થશે કે- બંધ હોતે છતે જ જે મોક્ષ થાય છે તે મોક્ષરૂપ વિષયમાં કરાયેલા આ અધ્યયનો છે.

પ્રશ્ન : આવી રીતે જ કારનો અર્થ લેવાથી શું ફાયદો ?

अनेनानादि-... ઉત્તર : આના વડે 'અનાદિમુક્ત' માનનારાના મતનો વ્યવચ્છેદ કરાયેલો થાય છે.

(કેટલાકો એમ માને છે કે 'મુક્ત અનાદિ પણ હોય...' જ્યારે જૈન દર્શન માને છે કે કોઈપણ આત્મા અનાદિમુક્ત નથી, અનાદિથી બદ્ધ જ છે, એ પછી જ મોક્ષ થાય છે.)

પ્રશ્ન : પણ આત્માને અનાદિમુક્ત (અનાદિમોક્ષવાળો) માનવામાં વાંધો શું ?

तत्र हि... ઉત્તર : જો અનાદિમુક્ત માનો તો એમાં 'મોક્ષ' શબ્દનો અર્થ ઘટતો નથી. (બંધાયેલો માણસ બંધનથી મુક્ત થાય, ત્યારે ત્યાં ોક્ષ શબ્દ ઘટે. જે કદિ બંધનવા ો હતો જ નહિ. તેમાં मुक्त શબ્દ કેવી રીતે ઘટાવવો...) બીજી વાત એ કે- તમામ અનુષ્ઠાનો કર્મના બંધનથી મુક્ત થવા માટે છે. હવે જો અનાદિમોક્ષ માનીએ, તો એ બધા અનુષ્ઠાનોનું ફળ શું ? બધા

અનુષ્ઠાનો નિષ્ફળ જવાની જ આપત્તિ આવે.

किमेवं... પ્રશ્ન : આ પ્રમાણે અંગપ્રભવ... જિનભાષિત... પ્રત્યેકબુદ્ધગ્રન્થિત... સંવાદજન્ય... બંધ અને મોક્ષમાં કૃત... એમ જે અધ્યયનોના અલગ-અલગ પ્રકાર બતાવ્યા, તો શું બધા જ અધ્યયનો આવા-આવા પ્રકારના છે ? કે કેટલાક જ ?

नेत्याह... ઉત્તર : ના, કેટલાક જ નહિ, પણ છત્રીસ અધ્યયનો તેવા જ છે...

પ્રશ્ન : એટલે શું ?

ઉત્તર : એટલે એ જ કે તમામે તમામ અધ્યયનો તેવા છે (ઉત્તરાધ્યયનો કુલ ૩૬ છે, એટલે ગાથામાં छत्तीसं શબ્દ મૂક્યો. એનાથી એ સમજી જ શકાય છે કે તમામ અધ્યયનો તેવા છે.)

---

*अवतरणिका :-* इत्थं प्रसङ्गत उक्तरूपं संशयमपाकृत्याध्ययननिक्षेपं विनेयानुग्रहाय तत्पर्यायनिक्षेपातिदेशं चाह-

---

અવતરણિકા :- ચોથી ગાથાની અવતરણિકા રૂપે જે પ્રશ્ન=સંશય કહેવાયેલો, તેનું પ્રસંગોપાત નિરાકરણ કરીને હવે અધ્યયનના નિક્ષેપાને અને શિષ્યો ઉપર ઉપકાર કરવાને માટે અધ્યયન શબ્દના પર્યાયવાચી શબ્દોના નિક્ષેપાના અતિદેશને કહે છે. (અધ્યયનના જે રીતે નિક્ષેપાઓ છે, એ જ રીતે તેના પર્યાયવાચીના પણ સમજી લેવા... એ પ્રમાણે કહેવું તેનું નામ અતિદેશ...)

---

**॥निर्यु. गा. ५॥ नामं ठवणज्झयणे दव्वज्झयणे य भावअज्झयणे ।**
**एमेव य अज्झीणे आयज्झवणेविय तहेव ॥५॥**

व्याख्या - 'नामं ठवणज्झयणे'त्ति प्रत्येकमध्ययनशब्दसम्बन्धान्नामाध्ययनं स्थापनाध्ययनं द्रव्याध्ययनं चस्य भिन्नक्रमत्वाद् भावाध्ययनं च, तत्र नामस्थापने गतार्थे, द्रव्याध्ययनमागमतो ज्ञातानुपयुक्तः, नोआगमतो ज्ञशरीरभव्यशरीरे तद्व्यतिरिक्तं च पुस्तकादिन्यस्तं, भावाध्ययनमागमतो ज्ञातोपयुक्तः, नोआगमतस्तु प्रस्तुताध्ययनान्येव, आगमैकदेशत्वादेषाम् । एवं चाक्षीणमायः क्षपणाऽपि च तथैव, कोऽर्थः ?- अध्ययनवदेतान्यपि नामादिभेदभिन्ना-न्येव ज्ञेयानीति गाथार्थः ॥५॥

---

ગાથાર્થ :- નામ અધ્યયન, સ્થાપના અધ્યયન, દ્રવ્ય અધ્યયન અને ભાવ અધ્યયન... એમ અક્ષીણ, આય અને ક્ષપણ પણ તે જ પ્રમાણે જાણવા.

ટીકાર્થ :- प्रत्येकमध्ययन... અહીં નામ અને સ્થાપના એ દરેકની સાથે અધ્યયન શબ્દનો સંબંધ કરવાનો છે, તેથી નામ અધ્યયન, સ્થાપના અધ્યયન, દ્રવ્ય અધ્યયન અને ભાવ અધ્યયન... એમ અધ્યયનના ચાર નિક્ષેપ છે.

चस्य... ગાથામાં य = च ભિન્નક્રમવા ો છે એને भावज्झयणे પછી જોડવાનો. આ ચારમાં નામ અને સ્થાપના સ્પષ્ટ છે.

द्रव्याध्ययनमागमतो... દ્રવ્ય અધ્યયન જો आगमतः લઈએ, તો અધ્યયન શબ્દના અર્થનો જ્ઞાતા અને તેમાં અનુપયોગવાળો જે હોય તે આત્મા લેવો. જો नो-आगमतः લઈએ તો જ્ઞશરીર, ભવ્યશરીર... (આ બે પ્રસિદ્ધ જ છે) અને તદ્વ્યતિરિક્ત તરીકે પુસ્તકાદિમાં રહેલું અધ્યયન લેવું.

भावाध्ययन-... આગમત : ભાવાધ્યયન એટલે અધ્યયન શબ્દના અર્થનો જ્ઞાતા અને તેમાં ઉપયુક્ત...

નો-આગમત : ભાવાધ્યયન એટલે પ્રસ્તુત આ ૩૬ અધ્યયનો જ... કેમકે તે આગમના એક ભાગ રૂપ છે. (नो શબ્દ અહીં દેશવાચક તરીકે છે.) એ જ પ્રમાણે અક્ષીણ, આય, ક્ષપણા પણ તેમ જ ગણવા.

પ્રશ્ન : એટલે શું ? (कोऽर्थः ?)

अध्ययनवदेतान्यपि... ઉત્તર : અધ્યયનની જેમ આ (અક્ષીણ, આય વગેરે) પણ નામાદિભેદથી ચાર ભેદવાળા જ જાણવા. (एमेव य = અધ્યયનની જેમ જ... तहेव= નામાદિ ભેદવાળા જ... આ પ્રમાણે અર્થ કરવો.)

---

अवतरणिका :- साम्प्रतं नामाध्ययनादीनि त्रीणि प्रसिद्धान्येवेति मन्यमानो निर्युक्तिकारो निरुक्तिद्वारेण नोआगमतो भावाध्ययनं व्याख्यातुमाह-

---

અવતરણિકા :- 'નામાધ્યયન વગેરે ત્રણ પ્રસિદ્ધ જ છે' એ પ્રમાણે માનતા નિર્યુક્તિકાર હવે *(साम्प्रतं)* નિરુક્તિ દ્વારા નો-આગમતઃ ભાવાધ્યયનની વ્યાખ્યા કરવાને માટે કહે છે.

વિશેષાર્થ :- સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે જે શબ્દ સિદ્ધ ન થતો હોય છતાં શબ્દમાં રહેલા અક્ષરોની પ્રધાનતાને લઈને જે અર્થ દર્શાવવામાં આવે તે નિરુક્તિથી અર્થ કરેલો કહેવાય.

દા. ત. श्रुणोति इति श्रावकः આ યોગાર્થ છે=વ્યુત્પત્યર્થ છે. પણ, श्रा = શ્રદ્ધા, व = વિવેક, क = ક્રિયા... આ કંઈ સંસ્કૃતસિદ્ધ અર્થ નથી, આને નિરુક્તિ અર્થ કહેવાય. માંસ નો मां = મને, स = તે (પરલોકમાં ખાશે...) આ બધો નિરુક્તિ અર્થ છે. अध्यात्मानयन

---

||निर्यु. गा. ६|| **अज्झप्पस्साणयणं कम्माणं अवचओ उवचियाणं ।** अध्ययन
**अणुवचओ व णवाणं तम्हा अज्झयणमिच्छंति ||६||** आत्मानयन

व्याख्या - 'अज्झप्पस्स'त्ति सूत्रत्वादध्यात्ममात्मनि, कोऽर्थः ?-स्वस्वभावे, आनीयतेऽनेनेति आनयनं प्रस्तावादात्मनोऽध्ययनम्, निरुक्तिविधिना चात्माकारनकारलोपः, कुत एतदित्याह-यतः 'कर्मणां' ज्ञानावरणीयादीनाम् 'अपचयः' चयापगमोऽभाव इत्यर्थः, 'उपचितानां' प्राग्बद्धानाम् 'अनुपचयश्च' अनुपचीयमानताऽनुपादानमितियावत्, 'नवानाम्' प्रत्यग्राणाम्, कोऽर्थः ? - प्रागबद्धानाम्, एतदुपयुक्तस्येति गम्यते,

---

ગાથાર્થ :- જેનાવડે આત્મામાં (આત્માનું) લાવવું (તે અધ્યાત્મ..) ઉપચિત કર્મોનો અપચય અને નવા કર્મોનો અનુપચય (જે કારણથી થાય છે), તે કારણથી તેને અધ્યયન તરીકે ઈચ્છે છે.

ટીકાર્થ :- 'अज्झप्पस्स'त्ति... આ ગાથા સૂત્રરૂપ કહેવાય, તેથી તેમાં ભલે अज्झप्पस्स એમ લખેલું હોય, અને એટલે 'अध्यात्मस्य' એવો ષષ્ઠીવાળો શબ્દ લાગે. પણ હકીકતમાં અહીં 'अध्यात्मम्' આ જ શબ્દ સમજવો. એનો અર્થ છે=આત્મામાં.

પ્રશ્ન : એટલે શું ? (कोऽर्थः) ઉત્તર : આત્મામાં એટલે કે પોતાના સ્વભાવમાં,

હવે ગાથામાં જે आनयनं શબ્દ છે, તેનો અર્થ વિચારીએ.

आनयनं... જેના વડે લવાય તે आनयनम् એમ ત્રીજી વિભક્તિમાં=કરણ અર્થમાં શબ્દ લેવો.

પ્રશ્ન : પણ કોનું આનયન ?

ઉત્તર : અહીં પ્રસ્તાવ આત્માનો ચાલે છે, માટે પ્રસ્તાવને અનુસારે આત્માનું આનયન સમજવું. અર્થાત્ આત્માનું

સ્વસ્વભાવમાં આનયન = આવવું જેના વડે થાય તે અધ્યયન. અર્થાત્ આત્માને સ્વ-સ્વભાવમાં લાવવાનું કામ કરનાર જે હોય તે અધ્યયન.

**પ્રશ્ન** : अध्यात्मस्यानयनं = अध्यात्मानयनं એમ શબ્દ બને ને ? તો અધ્યયન શબ્દ શી રીતે બની ગયો ?

निरुक्तिविधिना... **ઉત્તર** : નિરુક્તિની વિધિને અનુસારે आत्मा + न આ બેનો લોપ થયો છે એટલે अधि + आत्मा + न + अयन માંથી आत्मा + न નો લોપ થતા अधि+अयन શબ્દ બાકી રહે, એટલે अध्ययन શબ્દ બન્યો. (સંસ્કૃત પ્રમાણે આ રીતે લોપ ન થાય, પણ અહીં નિરુક્તિ વિધિ લીધી છે.)

**પ્રશ્ન** : પણ અધ્યયન વડે 'આત્માનું સ્વ-સ્વભાવમાં આનયન થાય છે' એ શી રીતે ?

यतः... **ઉત્તર** : કેમકે આ અધ્યયન વડે પૂર્વે બાંધેલા જ્ઞાનાવરણીયાદિ કર્મનો અપચય=ચયાપગમ=અભાવ થાય છે અને નવા કર્મોની અનુપચય=અનુપચીયમાનતા=અનુપાદાન (અગ્રહણ) થાય છે.

**પ્રશ્ન** : નવા = પ્રત્યગ્ર એટલે શું ? (कोऽर्थः)

**ઉત્તર** : પૂર્વે નહિ બાંધેલા હોય તે પ્રત્યગ્ર કહેવાય.

**પ્રશ્ન** : શું અધ્યયન વડે આ બે કામ થઈ જાય ?

गम्यते... **ઉત્તર** : એમને એમ ન થાય, પણ એ અધ્યયનમાં જે ઉપયોગવા ો હોય તેને આ જૂના કર્મનો અભાવ અને નવા કર્મનું અગ્રહણ થાય... એટલે અહીં एतदुपयुक्तस्य એ શબ્દ સમજી લેવાનો છે.

**વિશેષાર્થ** : એક શબ્દના જયારે એક કરતા વધારે સમાનાર્થી શબ્દ આપવામાં આવે, ત્યારે इत्यर्थः, इतियावत् વગેરે લખવામાં આવે છે. દા. ત. अपचयः ના બે શબ્દો 'चयापगमोऽभाव इत्यर्थः' એમ લખેલું છે. એમ अनुपचय શબ્દ માટે બે શબ્દો લખ્યા 'अनुपचीयमानता, अनुपादानम् इति यावत्' તો અહીં इति यावत् એ પ્રમાણે લખેલ છે.

---

वृत्ति :- उपसंहारमाह-तस्मात् प्राग्बद्धबध्यमानकर्माभावेनाऽऽत्मनः स्वस्वभावानयनाद्धेतोः अध्ययनम् 'इच्छन्ति' अभ्युपगच्छन्ति, पूर्वसूरय इति गम्यते, यद्वाऽध्यात्ममिति रूढितो मनः, तच्च प्रस्तावात् शुभं, तस्याऽऽनयनमध्ययनम्, आनीयते ह्यनेन शुभं चेतः, अस्मिन् उपयुक्तस्य वैराग्यभावात्, शेषं प्राग्वत्, नवरं वैराग्यभावात् कर्मणामिति क्लिष्टानामिति गाथार्थः ।।६।।

---

उपसंहारमाह-... ઉપસંહારને કહે છે तस्मात् એટલે કે પૂર્વે બંધાયેલા અને હમણા બંધાતા એમ બંને પ્રકારના કર્મોનો અભાવ કરવા દ્વારા આ ઉત્તરાધ્યયન આત્માને પોતાના સ્વભાવમાં લાવે છે. એ કારણથી આ ગ્રન્થને અધ્યયન તરીકે સ્વીકારે છે. (ગાથામાં રહેલા तम्हा શબ્દનો આ અર્થ કરેલો છે.)

**પ્રશ્ન** : કોણ સ્વીકારે છે ?

**ઉત્તર** : પૂર્વાચાર્યો સ્વીકારે છે ?

**પ્રશ્ન** : નિર્યુક્તિ ગાથામાં 'પૂર્વાચાર્ય' શબ્દ તો લખેલો નથી. **ઉત્તર** : એ સમજી લેવાનો છે.

यद्वाऽध्यात्ममिति... અથવા તો અધ્યાત્મ એટલે મન... એમ રૂઢિથી અર્થ લેવો. અને અહીં પ્રસ્તાવને અનુસારે શુભ મન સમજવું. (આ અધ્યયન અશુભ મનને લાવનાર નથી... એટલે આગળ-પાછળ, આજુ-બાજુનો વિચાર કરતા અંદાજ આવી શકે છે કે અહીં શુભ મન જ લેવાનું...) એ શુભ મનને જે લાવે, તે અધ્યયન !

आनीयते... ખરેખર આ ઉત્તરાધ્યયન વડે શુભ મન લવાય છે = મેળવી અપાય છે. કેમકે આ ઉત્તરાધ્યયનમાં ઉપયોગવાળાને વૈરાગ્યનો ભાવ પ્રગટ થાય છે. બાકી બધું પૂર્વની જેમ સમજવું.

(यद्वा... થી અલગ પ્રકારે વ્યાખ્યા કરી, એમાં 'अध्यात्मं એટલે મન' એવો અર્થ કર્યો. પણ એ બીજા પ્રકારની વ્યાખ્યામાં कम्माणं अवचओ... વગેરે શબ્દોનો અર્થ કરવો પડે ને ? એ માટે વૃત્તિકારે કહ્યું છે કે એ બધાની વ્યાખ્યા તો પ્રથમ વ્યાખ્યાની જેમ જ સમજી લેવાની.) માત્ર એટલો જ ફરક છે કે– અહીં कर्मणाम् શબ્દ છે તેનો અર્થ 'ક્લિષ્ટ એવા કર્મોનાં' એમ અર્થ લેવો, કેમકે વૈરાગ્યભાવ છે.

વિશેષાર્થ :- આ પદાર્થ સ્પષ્ટ કરીએ– વ્યાખ્યા -૧ આત્માને પોતાના સ્વભાવમાં આવવું તે અધ્યાત્મ ! અને એ જેનાથી થાય તે અધ્યયન !

વ્યાખ્યા -૨ શુભ મન એ અધ્યાત્મ ! એ જેનાથી થાય તે અધ્યયન !

પહેલી વ્યાખ્યાનો સાર એટલો જ કે આ અધ્યયનમાં ઉપયોગવા ો જીવ અધ્યાત્મ પામે છે, એટલે કે પોતાના સ્વભાવમાં આવે છે. કેમકે આવો જીવ જૂના બાંધેલા કર્મોને ખપાવે છે આજે નવાને ગ્રહણ કરતો નથી.

બીજી વ્યાખ્યા વિશેષ અર્થ બતાવે છે. આ અધ્યયનમાં ઉપયોગવાળો જીવ વૈરાગ્યભાવ પામે છે, વૈરાગ્યભાવ એ જ શુભ મન ! એ જ અધ્યાત્મ ! આ મન માત્ર પૂર્વે બાંધેલા કર્મોનો અભાવ કરે એટલું નહિ. પણ પૂર્વે બાંધેલા ક્લિષ્ટ કર્મોનો અભાવ કરે.

એકાગ્રતાદિ રૂપ અધ્યાત્મ કર્મનો ક્ષય કરે... (વ્યાખ્યા-૧), વૈરાગ્યભાવ રૂપ અધ્યાત્મ ક્લિષ્ટ કર્મોનો ક્ષય કરે... (વ્યાખ્યા-૨) એટલે વૃત્તિકારે બીજી વ્યાખ્યામાં સ્પષ્ટ લખ્યુ છે કે (नवरं वैराग्यभावात् कर्मणामिति क्लिष्टानामिति...)

સાર : અધ્યયનનો અભ્યાસ કરતી વખતે આત્મા એકાગ્ર બને, બીજા બધા વિચારોથી રહિત બને, એટલે એ એટલો સમય સ્વ-સ્વભાવમાં આવેલો ગણાય. એટલે કે અધ્યાત્મને પામેલો ગણાય, અને એ એકાગ્રતાદિ રૂપ અધ્યાત્મથી એને જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય થાય... દા. ત. બીજા કર્મગ્રન્થાદિનો અભ્યાસ કરનારાને ઉપર મુજબ બધું બને...

પણ આ જ અધ્યયનના વૈરાગ્યવર્ધક પદાર્થોમાં ઉપયોગવાળો આત્મા માત્ર એકાગ્ર જ નથી બનતો પણ વૈરાગ્યભાવથી વાસિત બને છે... અને એ ભાવની એવી તાકાત છે કે એ ક્લિષ્ટ કર્મોને ખતમ કરે. જેમાં મુખ્યત્વે મોહનીય કર્મ આવે.

ટીકાકારે પહેલી વ્યાખ્યામાં कर्मणाम् = ज्ञानावरणीयादीनाम् કહ્યું. બીજી વ્યાખ્યામાં नवरं वैराग्यभावात् कर्मणाम् इति= क्लिष्टानाम् इति... એમ કહ્યું... એ ખૂબ જ માર્મિક અને સૂક્ષ્મ ભેદ દર્શાવેલો છે.

---

अवतरणिका :- निरुक्त्यन्तरेणैतदेव व्याख्यातुमाह-

---

અવતરણિકા :- બીજી નિરુક્તિ વડે આને જ, અધ્યયનને જ વ્યાખ્યાન કરવાને માટે કહે છે. (ગાથા ૬ માં अध्यात्मस्यानयनम्... વગેરે નિરુક્તિ આપી ને ? એની અપેક્ષાએ આ ગાથામાં નવી નિરુક્તિ દર્શાવે છે.)

---

**॥निर्यु. गा. ७॥ अहिगम्मंति व अत्था अणेण अहियं व णयणमिच्छंति ।**
**अहियं व साहु गच्छइ तम्हा अज्झयणमिच्छंति ॥७॥**

व्याख्या - *'अधिगम्यन्ते वा'*-परिच्छिद्यन्ते वा *'अर्था'*-जीवादयः अनेनाधिकं वा *नयनं*-प्रापणमर्थादात्मनि ज्ञानादीनामनेन इच्छन्ति, विद्वांस इति शेषः, *'अधिकम्'*-अर्गलं शीघ्रतरमितियावत्, *'वा'* सर्वत्र विकल्पार्थः,

ગાથાર્થ : આના વડે – (૧) અર્થો જણાય છે, (૨) અધિક નયનને ઈચ્છે છે, અથવા (૩) સાધુ અધિક જાય છે... તે કારણથી આને 'અધ્યયન' તરીકે (વિદ્વાનો) ઈચ્છે છે.

ટીકાર્થ : આ ગાથામાં ત્રણ રીતે અધ્યયનનો નિરુક્તિ અર્થ બતાવે છે.

(૧) આ ગ્રન્થ વડે જીવ વગેરે પદાર્થો જણાય છે=સમજાય છે... તેથી વિદ્વાનો આને અધ્યયન કહે છે.

વિશેષાર્થ :- इ ધાતુ + गम् ધાતુ બંને ગતિ અર્થવાળા છે. તમામ ગત્યર્થક ધાતુઓ  ેધ અર્થવાળા માનેલા છે. अधि + गम् ધાતુનો અર્થ જાણવું=સમજવું થાય છે. એટલે अधि + इ ધાતુનો અર્થ પણ એ પ્રમાણે થઈ શકે. એટલે अधि + इ + अन = अधि + अयन = अध्ययन શબ્દ બને.

એટલે ગાથામાં ભલે अधि + गम् પ્રમાણે અર્થ ખોલ્યો, પણ અહીં તો આપણે अधिगमन નહિ, अध्ययन શબ્દ લેવાનો છે... માટે ઉપર મુજબ ભાવાર્થ સમજવો.

(૨) આ ગ્રન્થ વડે જ્ઞાનાદિ ગુણોની વધારે પ્રાપ્તિને ઈચ્છે છે... (માને છે...)

પ્રશ્ન : કોણ ઈચ્છે છે ? (માને છે ?)

ઉત્તર : વિદ્વાનો ! એ શબ્દ જો કે ૭ મી ગાથામાં નથી, પણ એ બહારથી ઉમેરવાનો.

પ્રશ્ન : જ્ઞાનાદિ ગુણોને પ્રાપ્ત કરાવવા... પણ એ શેમાં ?

ઉત્તર : આ ગુણો કંઈ જડમાં તો રહેતા જ નથી, એટલે જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિની વાત હોવાથી અર્થથી સમજી જ શકાય છે કે એ પ્રાપ્તિ આત્મામાં લેવાની છે.

(૩) પ્રશ્ન : अहियं व साहु... આમાં જે अधिक શબ્દ છે, તેનો શું અર્થ ?

ઉત્તર : અધિક એટલે અર્ગલ...

પ્રશ્ન : અર્ગલ એટલે ?

ઉત્તર : 'અત્યંત ઝડપથી' એ પ્રમાણે અર્થ સમજવો.

વિશેષાર્થ:- મૂળ ગાથામાં કોઈક શબ્દો આપેલો હોય, એનો ટીકાકાર અર્થ ખોલતા હોય છે, એમાં એક અર્થ ખોલ્યા પછી પણ સંતોષ ન થાય, તો વળી બીજો સરળ અર્થ લખે... જ્યારે આવું કરે ત્યારે એ બીજીવારનો અર્થ લખ્યા બાદ इत्यर्थः, इति यावत् એ પ્રમાણે લખે.

પ્રસ્તુતમાં જુઓ, अधिकं શબ્દ મૂળમાં છે... એનો એક અર્થ લખ્યો કે अर्गलं... પણ એ એકદમ સ્પષ્ટ ન લાગતા બીજો અર્થ લખ્યો 'शीघ्रतरं...' અને એટલે છેવટે इतियावत् એ પ્રમાણે શબ્દ લખ્યો.

બીજી વાત : મૂળના શબ્દનો વ્યુત્પત્તિ અર્થ છોડીને સીધે-સીધો ભાવાર્થ લખવાનો આવે ત્યારે એક જ અર્થ લખેલો હોવા છતાં એ પછી इत्यर्थः, इति यावत् લખે. દા. ત. विहारभूमिः શબ્દનો અર્થ કલ્પસૂત્ર ટીકાકારે आसन्नो जिनप्रासाद इत्यर्थः... એ પ્રમાણે ખોલી દીધો છે.

ગાથામાં ત્રણ વાર वा છે, એ દરેક જગ્યાએ વિકલ્પ અર્થવાળો સમજવો. (એટલે કે अथवा અર્થમાં સમજવો.)

---

वृत्ति :- '*साधु*'त्ति साधयति पौरुषेयीभिर्विशिष्टक्रियाभिरपवर्गमिति साधुः '*गच्छति*' यात्यर्थान्मुक्तिम्, अनेनेत्यत्रापि योज्यते, यस्मादेवमेवं च ततः किमित्याह-तस्मादध्ययनमिच्छन्ति,

---

પ્રથમ પ્રહર, દ્વિતીય પ્રહર વગેરે તે તે પ્રહરો સંબંધી સૂત્રપાઠ, અર્થપાઠ આદિ રૂપ વિશિષ્ટ ક્રિયાઓ વડે જે મોક્ષને સાધે તે સાધુ ! જેના વડે સાધુ ઝડપથી જાય તે અધ્યયન !

**પ્રશ્ન** : ક્યાં જાય ?

**ઉત્તર** : અર્થથી = આજુ-બાજુના પ્રકરણ ઉપરથી સમજી લેવાનું કે મો

(જે જ્ઞાનાદિની આરાધના કરે, એ ઝડપથી કયાં જવાનો ? એ સ્પષ્ટ ન કહ્યું હોય, તો ય સમજી જ શકાય કે મોક્ષમાં... આ રીતે જે પદાર્થ ન લખેલો હોવા છતાં પણ આજુ-બાજુનો વિચાર કરવાથી સમજી શકાય, એ અર્થથી=અર્થાપતિથી સમજાયેલો કહેવાય.)

**પ્રશ્ન** : આના વડે (જેના વડે) સાધુ ઝડપથી મોક્ષમાં જાય... એમ તમે એનો અર્થ તો કર્યો, પરંતુ ગાથામાં એ ત્રીજા પાદમાં તો अनेन શબ્દ જ નથી, તો તમે એનો અર્થ કયાંથી લાવ્યા ?

**ઉત્તર** : પૂર્વાર્ધમાં **अणेण** શબ્દ છે ને ? એ પહેલા બેમાં તો જોડેલો જ છે, એ જ શબ્દ અહીં પણ જોડવાનો. જે કારણથી આ પ્રમાણે છે... આ પ્રમાણે છે... તે કારણથી આ ગ્રન્થને અધ્યયન તરીકે વિદ્વાનો ઈચ્છે છે, માને છે.

(કુલ ત્રણ અર્થ આપ્યા છે તે એટલે, **एवं च एवं च**... એમ બે વાર લખેલ છે, જેથી ત્રણેય અર્થો લેવા)

---

**वृत्ति :-** निरुक्तविधिनाऽर्थनिर्देशपरत्वाद्वाऽस्य, अयतेरेतेर्वाऽधिपूर्वस्याध्ययनम्, इच्छन्तीति चाभिधानं सर्वत्र सूत्रार्थाबाधया व्याख्याविकल्पानां पूर्वाचार्यसम्मतत्वेनादुष्टत्वख्यापनार्थमिति गाथार्थः ॥७॥

---

**પ્રશ્ન** : પણ આ ત્રણેયમાં **અધ્યયન** એ શબ્દ બને શી રીતે ?

**निरुक्तविधिना-...** **ઉત્તર** : આ ગાથા નિરુક્તિવિધિ વડે અર્થનો નિર્દેશ કરનાર છે. (તેથી યોગાર્થ, વ્યુત્પત્યર્થ ન બેસે, તો એની કોઈ ચિંતા કરવાની જરૂર નથી.)

**अयतेरेतेर्वाऽ-...** इ ધાતુ પહેલા ગણનો લો, તો अयामि... વગેરે રૂપો થાય, એનું ત્રીજું રૂપ अयति થાય, અને એ જ ધાતુ બીજા ગણનો લો, તો एति રૂપ થાય, આ રૂપ अधि ઉપસર્ગપૂર્વક હોય, અને પછી એને अनट् પ્રત્યય લગાડો તો अध्ययनम् રૂપ થાય.

(વૃત્તિમાં अयतेः લખેલું છે, એ ત્રીજા પુરુષનું રૂપ બનાવવા માટે નહિ, પણ 'આ પહેલા ગણનો ધાતુ છે' એ બતાવવા માટે !... એમ एतेः લખેલું છે, એ 'બીજા ગણનો ધાતુ છે' એ બતાવવા માટે લખેલું છે. अयति નું ષષ્ઠી રૂપ લીધું, एति નું ષષ્ઠીરૂપ લીધું...)

**इच्छन्तीति...** **इच्छन्ति** એમ જે કહ્યું છે તે એવું દર્શાવવા માટે કે- (માત્ર અહીં જ નહિ, કોઈપણ શાસ્ત્રમાં) કોઈપણ સ્થાને (सर्वत्र) સૂત્રના અર્થને વિરોધ ન આવે, એ રીતે જે અલગ-અલગ વ્યાખ્યાઓ કરવામાં આવી હોય છે, તે તમામે તમામ વ્યાખ્યાવિકલ્પો પૂર્વ-આચાર્યોને સંમત જ છે... અને માટે જ એ તમામે તમામ વિકલ્પો અદુષ્ટ જ છે=નિર્દોષ જ છે...

**નોંધ** : જ્યારે મોટા વાક્યો આવે, ત્યારે એના નાના-નાના વાક્યો ખાસ બનાવી દેવા, જેથી એ પદાર્થ સમજવામાં સરળતા રહે. દા. ત. सूत्रार्थाबाधया व्याख्याविकल्पानां पूर्वाचार्यसम्मतत्वेनादुष्टत्वख्यापनार्थम्... આ એક વાક્ય છે.

એના નાના-નાના વાક્યો :- (૧) સૂત્રોના અર્થને વિરોધ ન આવે, એ રીતે જે અલગ-અલગ વ્યાખ્યાઓ કરી હોય તે (૨) બધી જ વ્યાખ્યાઓ પૂર્વાચાર્યને માન્ય હોય છે... અને તેથી (૩) એ વ્યાખ્યાઓ અદુષ્ટ હોય છે. એ બતાવવા માટે... આમ જુદા-જુદા ત્રણ વાક્યો થઈ જાય છે...

अवतरणिका :- नामाक्षीणादित्रयं प्रतीतमेवेति दृष्टान्तद्वारेण भावाक्षीणमाह-

---

અવતરણિકા :- અધ્યયન પછી અક્ષીણનું વર્ણન કરવાનું છે. એમાં નામાક્ષીણ, સ્થાપના-અક્ષીણ, દ્રવ્ય-અક્ષીણ આ ત્રણ પ્રતીત, પ્રસિદ્ધ જ છે. એટલે (इति = એટલે) દ્રષ્ટાન્ત દ્વારા ભાવ-અક્ષીણને કહે છે.

---

**॥निर्यु. गा. ८॥ जह दीवा दीवसयं पईप्पए सो य दीप्पए दीवो ।**
**दीवसमा आयरिया अप्पं च परं च दीवंति ॥८॥**

व्याख्या - यथा दीपाद्दीपशतं *'प्रदीप्यते'* ज्वलति सोऽपि च दीप्यते दीपो, न पुनरन्यान्यदीपोत्पत्तावपि क्षीयते, तथा किमित्याह-दीपसमा आचार्या *'दीप्यन्ते'* समस्तशास्त्रार्थनिश्चयेन स्वयं प्रकाशन्ते *'परं च'* शिष्यं *'दीपयन्ति'* शास्त्रार्थप्रकाशनशक्तियुक्तं कुर्वन्ति,

---

**ગાથાર્થ :** જેમ એક દીપકમાંથી ૧૦૦ દીપકો પ્રગટે, અને તે દીપક દીપતો જ રહે. આચાર્ય દીપક સમાન છે, પોતાને અને બીજાને દીપાવે છે.

**ટીકાર્થ : यथा दीपाद्दीपशतं...**જેમ એક દીપકમાંથી સો દીવડાઓ પ્રગટે છે=બળે છે અને તે દીવો પણ બળે છે પણ બીજા-બીજા દીપકોની ઉત્પત્તિ થવા છતાં પણ એ મુખ્ય દીપક ક્ષય નથી પામતો. તેજ રીતે...

**પ્રશ્ન :** તેજ રીતે શું ?

**दीपसमा... ઉત્તર :** દીપક સમાન આચાર્ય તમામ શાસ્ત્રોના અર્થના વિશિષ્ટ નિશ્ચય દ્વારા સ્વયં પ્રકાશે છે અને શિષ્યને પણ પ્રકાશિત કરે છે=એટલે કે શિષ્યને શાસ્ત્રના અર્થોનું પ્રકાશન કરવાની શક્તિથી યુક્ત કરે છે.

---

वृत्ति :- इह च *'तात्स्थ्यात् तद्व्यपदेश'* इत्याचार्यशब्देन श्रुतज्ञानमेवोक्तं, भावाक्षीणस्य प्रस्तुतत्वात्तस्यैव चाक्षयत्वसम्भवादिति गाथार्थः ॥८॥

---

**પ્રશ્ન :** આ ગાથામાં ભાવ અક્ષીણ બતાવવાનું હતું ને ? એ તો બતાવ્યું જ નથી.

**ઉત્તર :** ગાથાની અવતરણિકામાં જ કહેલું હતું કે દૃષ્ટાન્ત દ્વારા ભાવાક્ષીણને બતાવે છે. અહીં દીપ રૂપ દૃષ્ટાન્ત દ્વારા જ ભાવ-અક્ષીણ બતાવ્યું.

**પ્રશ્ન :** પણ ભાવ-અક્ષીણ કોણ ? આચાર્ય ? એ તો ક્ષીણ થાય છે.

**इह च... ઉત્તર :** અહીં આચાર્ય શબ્દથી શ્રુતજ્ઞાન જ કહેવાયેલું છે. કેમકે અહીં ભાવ-અક્ષીણ પ્રસ્તુત છે. (એટલે કે તેનુ વર્ણન કરવાનું છે.) અને શ્રુતજ્ઞાનનું જ અક્ષયપણું સંભવિત છે, આચાર્યનું અક્ષયત્વ સંભવિત નથી. માટે શ્રુતજ્ઞાન જ આચાર્ય પદથી લેવું.

**પ્રશ્ન :** પણ એ શી રીતે લેવાય ?

**ઉત્તર :** 'तात्स्थ्यात् तद्व्यपदेश:' એ ન્યાયથી લેવાય.

**વિશેષાર્થ :-** 'હું મુંબઈમાં રહું છું' આ વાક્યમાં મુંબઈ એટલે શું ? મુંબઈ તરીકે ઓળખાતું સ્થાન=ધરતી જ ને ? હવે જ્યારે એમ બોલવામાં આવે કે- 'પાકિસ્તાનના આક્રમણ અંગે મુંબઈનો વિરોધ !' ત્યાં મુંબઈ = મુંબઈની ધરતી એવો અર્થ થાય ખરો ? કેમકે ધરતી કંઈ વિરોધ નથી કરતી, એ ધરતીમાં રહેલા માણસો વિરોધ કરે છે. પણ આ ન્યાય છે કે- જેઓ તત્સ્થ હોય, (મુંબઈસ્થ = મુંબઈમાં રહેનારા) હોય, તેઓમાં તદ્-વ્યપદેશ થાય. (તેઓ 'મુંબઈ' એ શબ્દથી ઓળખાય...)

મુંબઈવાસીઓ મુંબઈસ્થ છે, એટલે કે તેઓમાં तात्स्थ्य છે. તેને કારણે તેઓમાં 'મુંબઈ' શબ્દનો વ્યવહાર થાય.

પ્રસ્તુતમાં શ્રુત આચાર્યસ્થ છે, આચાર્યમાં રહેલું છે. માટે શ્રુતમાં 'आचार्य' શબ્દ વાપરી શકાય. એટલે કે आचार्य શબ્દ શ્રુત ને ઓળખાવવા માટે વાપરી શકાય. માટે ગાથામાં જે आचार्य પદ લખેલ છે, તેનાથી શ્રુત લેવું. અને એ તો ભાવસ્વરૂપ છે જ અને એના અક્ષયત્વનો પણ સંભવ છે.

---

अवतरणिका :- नामाऽऽयादयस्त्रयः सुज्ञाना इति भावायं व्याचष्टे-

---

અવતરણિકા :- અધ્યયન, અક્ષીણ પછી આય નું વર્ણન કરવાનું છે. એમાં નામ-આય વગેરે ત્રણ તો સુખેથી જાણી શકાય એવા છે. એટલે (इति) ભાવ-આય નું વ્યાખ્યાન કરે છે.

(भावायं વિભક્તિ બીજી છે, પણ છઠ્ઠી પ્રમાણે એનો અર્થ સ્પષ્ટ થાય... અથવા તો भावाय ને કહે છે... એ રીતે અર્થ કરવો.)

---

॥निर्यु. गा. ९॥ **भावे पसत्थमियरो नाणाई कोहमाइओ कमसो ।**
**आउत्ति आगमुत्ति य लाभुत्ति य हुंति एगट्ठा ॥९॥**

व्याख्या -*'भावे'* विचार्ये इति शेषः, *प्रशस्तः* मुक्तिपदप्रापकत्वेन *'इतरः'* अप्रशस्तो भवनिबन्धनत्वेन, प्रक्रमादायः, किंरूपः पुनरयं द्विविधोऽपीत्याह- *'ज्ञानादिः'* आदिशब्दाद्दर्शनादिपरिग्रहः, *'कोहमाइओ'*त्ति मकारस्यालाक्षणिकत्वात् क्रोधादिकः, आदिशब्दान्मानादिपरिग्रहः, *'कमसो'*त्ति आर्षत्वात् क्रमतः,

---

ગાથાર્થ : ભાવ આયમાં બે ભેદ છે. (૧) પ્રશસ્ત, (૨) ઈતર = અપ્રશસ્ત. તે ક્રમશઃ (૧) જ્ઞાનાદિ, (૨) ક્રોધાદિ છે. આય એ પ્રમાણે, આગમ એ પ્રમાણે અને લાભ એ પ્રમાણે... આ ત્રણ સમાનાર્થી છે.

ટીકા :- 'भावे' विचार्ये... (ચાર પ્રકારના આય માં) ભાવ નિક્ષેપ વિચારવા યોગ્ય છે. ત્યારે એ પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારે સમજવો.

પ્રશ્ન : પ્રશસ્ત કેમ કહેવાય ?

ઉત્તર : મોક્ષપદને મેળવી આપનાર હોવાથી પ્રશસ્ત કહેવાય.

પ્રશ્ન : અપ્રશસ્ત કયા કારણસર કહેવાય ?

ઉત્તર : સંસારનું કારણ હોવાથી અપ્રશસ્ત કહેવાય.

પ્રશ્ન : અહીં ગાથામાં ભાવ શબ્દ લખ્યો છે, પણ ભાવ-અધ્યયન ?, ભાવ-અક્ષીણ ? કે શું લેવાનું ? એ સ્પષ્ટ લખેલું નથી.

प्रक्रमादाय: ઉત્તર : સાચી વાત, પણ અધ્યયન + અક્ષીણનું વર્ણન તો થઈ જ ગયું છે, એટલે ક્રમ પ્રમાણે આય જ પ્રસ્તુત છે. માટે પ્રક્રમથી ભાવ-આય જ સમજવું.

किंरूप:... પ્રશ્ન : પ્રશસ્ત અને અપ્રશસ્ત આ બંને ૫ પ્રકારનો ભાવ-આય ક્યા સ્વરૂપનો છે ? (પ્રશસ્ત ભાવ-આય શું છે ?, અપ્રશસ્ત શું છે ?)

ज्ञानादि... ઉત્તર : ક્રમશઃ જ્ઞાનાદિ અને ક્રોધાદિ લેવા. જ્ઞાનાદિમાં आदि શબ્દથી દર્શન વગેરેનું ગ્રહણ કરવું. ક્રોધાદિમાં

आदि શબ્દથી માન વગેરેનું ગ્રહણ કરવું.

कोहमाइओ માં જે म છે, તે अलाक्षणिक છે=વધારાનો છે=નકામો છે... (માત્ર પ્રાસ બેસાડવાદિ કારણોસર લેવામાં આવે છે, અર્થ નહિ કરવાનો...)

'कमसो'त्ति... कमसो લખેલ છે એ તો ઋષિમુનિઓનો પ્રયોગ હોવાથી આવો પ્રયોગ થઈ શકે. હકીકતમાં सो ની જગ્યાએ तस् સમજવાનો છે.

---

वृत्ति :- किमुक्तं भवति ? – प्रशस्तो ज्ञानादिः, अप्रशस्तः क्रोधादिः । इह च ज्ञानादेः क्रोधादेश्च आयत्वमायविषयत्वाद्विषयविषयिणोरभेदोपचारेण आयते तमित्याय इति कर्मसाधनत्वेन वा, ज्ञानादिप्रशस्तभावायहेतुत्वाच्चाध्ययनमपि भावायः ।

---

किमुक्तं भवति ?... પ્રશ્ન : તમે કહેવા શું માંગો છો ?

ઉત્તર : પ્રશસ્ત આય એટલે જ્ઞાનાદિ... અપ્રશસ્ત આય એટલે ક્રોધાદિ...

પ્રશ્ન : અહીં ભાવ-આયનું વર્ણન કરવાનું છે. આય એટલે લાભ ! હવે તમે પ્રશસ્ત આય એટલે જ્ઞાનાદિ બતાવો છો, પણ એ બરાબર નથી. કેમકે ज्ञानादि પોતે ક્યાં आय = લાભ છે ? જ્ઞાનાદિનો આય થાય છે. લખવું જ હોય તો એમ લખાય કે ज्ञानादेः आयः એ भावायः

इह च... ઉત્તર : તમારી વાત સાચી છે પણ – જ્ઞાનાદિનો જે આય છે. તેનો વિષય કોણ ? જ્ઞાનાદિ જ ને ?

ક્રોધાદિનો જે આય છે. તેનો વિષય કોણ ? ક્રોધાદિ જ ને ? એટલે જ્ઞાનાદિ અને ક્રોધાદિ સ્વયં आय ન હોવા છતાં પણ आय નો વિષય હોવાથી એમને જ आय કહી દીધા છે.

પ્રશ્ન : પણ એ आय નથી, आयના વિષય છે, તો શી રીતે એને आय કહી શકાય ?

विषयत्वाद्विषयविषयिणो-... ઉત્તર : વિષય અને વિષયી એ બેમાં અભેદના ઉપચાર વડે આમ કહી શકાય. (આમ બંને અલગ છે, છતાં વિષય-વિષયી રૂપે એ બેમાં અભેદનો આરોપ કરીને આ વાત કહી છે.) એટલે કે વિષયી=આય અને વિષય=જ્ઞાનાદિ એક જ છે, માટે જ્ઞાનાદિને જ आय કહી શકાય.

અથવા (જીવ) आयते= પામે છે જેને=તેને (तम्) તે आय ! આ પ્રમાણે કર્મસાધનરૂપે આય શબ્દ લેવાથી જ્ઞાનાદિ પોતે જ आय કહેવાશે.

વિશેષાર્થ :- आय=પ્રાપ્તિ એમ નહિ, પણ જીવ જેને પામે તે आय, આ રીતે आय શબ્દ સંસ્કૃતમાં ખૂલી શકે છે. એને કર્મસાધન કહેવાય છે. શબ્દો કર્તૃસાધન-કર્મસાધન-કરણસાધન... વગેરે અનેક અર્થમાં ખૂલે...

દા.ત. : पचतीति पचनः = પકવનાર (કર્તૃસાધન)

पच्यते तत् = पचति तम् इति पचनः = પકાવાતી વસ્તુ (કર્મસાધન)

पचति अनेनेति पचनः = પકાવવા માટેનું ગેસ વગેરે સાધન (કરણસાધન)

પ્રશ્ન : તમે જ્ઞાનાદિને ઉપચારથી કે કર્મસાધન રૂપે ભલે आय કહો, પણ આપણે તો આ પ્રસ્તુત ગ્રન્થને જ आय કહેવાનો છે ને ? એને જ આપણે अध्ययन-अक्षीण શબ્દથી ઓળખેલ છે.

ज्ञानादि... ઉત્તર : બરાબર, આ ઉત્તરાધ્યયન પણ भाव-आय જ છે. કેમકે એ જ્ઞાનાદિ રૂપ પ્રશસ્ત भाव-आयનું કારણ છે.

(આ અધ્યયન ભાવ-આયનું કારણ છે, તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને આ અધ્યયનને પણ ભાવ-આય કહી શકાય છે.)

वृत्ति :- 'तत्त्वभेदपर्यायैर्व्याख्ये'ति पर्यायकथनमपि व्याख्याङ्गमिति पर्यायानाह-आय इत्यागम इति च लाभ इति च भवन्त्येकार्थिकाः, शब्दा इति गम्यते, *'इति'* प्रत्येकं पर्यायस्वरूपनिर्देशार्थः, *'चः'* समुच्चय इति गाथार्थः ।।९।।

'तत्त्वभेदपर्यायैर्व्याख्ये'ति... કોઈપણ પદાર્થની વ્યાખ્યા ત્રણ રીતે થાય : (૧) તત્ત્વથી = સ્વરૂપથી, (૨) ભેદથી = પેટા વિભાગોથી, (૩) પર્યાયથી= સમાનાર્થી શબ્દોથી... એટલે પર્યાયોનું કથન કરવું એ પણ વ્યાખ્યાનું એક અંગ છે=એક ભાગ છે. એટલે આય ના પર્યાયોને કહે છે. – आय, आगम, लाभ આ એકાર્થિક શબ્દો છે.

गम्यते... शब्दाः ગાથામાં લખેલું નથી, પણ એ સમજી લેવાનું છે. દરેક પર્યાયવાચી શબ્દની સાથે જે इति, इति, इति લખેલું છે, એ પર્યાયના સ્વરૂપનો નિર્દેશ કરવા માટે છે.

(પહેલા પર્યાયનું સ્વરૂપ આ પ્રમાણે છે કે 'आय', બીજા પર્યાયનું સ્વરૂપ આ પ્રમાણે છે કે 'आगम',

ત્રીજા પર્યાયનું સ્વરૂપ આ પ્રમાણે છે કે 'लाभ') च શબ્દો સમુચ્ચયમાં છે.

अवतरणिका :- नामस्थापनाक्षपणे प्रसिद्ध इति द्रव्यक्षपणामाह-

અવતરણિકા :- હવે ક્ષપણાનું વર્ણન કરવાનું છે. તેમાં 'નામક્ષપણા અને સ્થાપનાક્ષપણા પ્રસિદ્ધ છે' એટલે દ્રવ્યક્ષપણાને કહે છે.

॥निर्यु. गा. १०॥ पल्लत्थिया अपत्था तत्तो उप्पिट्टणा अपत्थयरी ।
निप्पीलणा अपत्था तिन्नि अपत्थाइ पुत्तीए ॥१०॥

व्याख्या - *'पर्यस्तिका'* प्रसिद्धा *'अपथ्या'* अहिता, *'ततः'* इति पर्यस्तिकात उत्प्राबल्येन पिट्टना उत्पिट्टना उत्पिट्टकादिना कुट्टनोत्पिट्टना *अपथ्यतरा, 'निष्पीडना'* अत्यन्तमावलनात्मिका *'अपथ्या'* इति प्रस्तावादपथ्य-तमा, सर्वत्र वस्त्रस्येति गम्यते,

ગાથાર્થ :- પર્યસ્તિકા અહિતકારી છે, તેના કરતા ઉત્પિટ્ટના વધારે અહિતકારી છે. નિષ્પીડના અહિતકારી છે. વસ્ત્રને ત્રણ અહિતકારી છે.

ટીકાર્થ :- 'पर्यस्तिका'... પર્યસ્તિકા પ્રસિદ્ધ છે. (વસ્ત્રને ધોતી વખતે એને વાળવામાં આવે, ભીના વસ્ત્રને એકદમ ભેગું કરીને જમીન પર હાથથી ઘસવામાં આવે... ઈત્યાદિ લઈ શકાય.) વસ્ત્રને માટે આ નુકસાનકારી છે. (વસ્ત્રના તાણા-વાણા આ રીતે વારંવાર વળવાથી નબળા પડે...)

पर्यस्तिकात... પર્યસ્તિકા કરતા ઉત્પિટ્ટના વસ્ત્રને વધારે નુકસાનકારી છે. ઉત્ = પ્રબલતાથી પિટ્ટના = પીટવું... વસ્ત્ર ઉપર જોર-જોરથી ધોકા મારવા... જોર-જોરથી પિટ્ટનક વગેરે વડે જે કુટ્ટન કરવામાં આવે (કુટવામાં આવે...) તે ઉત્પિટ્ટનક કહેવાય. એ વધારે ખરાબ છે.

'निष्पीडना'... વસ્ત્રને અત્યંત વાળવું એ નિષ્પીડના ! (કામળી વગેરેને નિચોવવા માટે આપણે એને એકદમ વાળીએ ને ? તે ! એમાં તાણા-વાણા પરસ્પર એકદમ અલગ પડવા માંડે. એ વસ્ત્ર જલ્દી ફાટે...) એ નુકસાનકારી છે.

પ્રશ્ન : પર્યસ્તિકા ખરાબ, ઉત્પિટ્ટના વધુ ખરાબ... તો નિષ્પીડના એના કરતા પણ વધુ ખરાબ... એમ બતાવવું જોઈએ ને ? અહીં તો એને માત્ર અપથ્યા જ કહી છે...

'अपथ्या'... ઉત્તર : અહીં ક્રમશઃ વધુને વધુ નુકસાનકારી વસ્તુ બતાવવાનો પ્રસ્તાવ ચાલે છે, એટલે ગાથામાં રહેલા अपथ्या શબ્દનો अपथ्यतमा = સૌથી વધુ ખરાબ... એ અર્થ કરી લેવાનો.

પ્રશ્ન : આ ત્રણ ક્રમશઃ अपथ्य... છે, પણ કોના માટે ? એ તો ગાથામાં કહ્યું નથી.

गम्यते... ઉત્તર : સર્વત્ર = ત્રણેય જગ્યાએ 'वस्त्रस्य' શબ્દ સમજી લેવાનો છે.

(ગાથામાં છેલ્લે पुत्तीए શબ્દ છે, જે वस्त्र વાચક જ છે, પણ એ અહીં જોડવાનો નથી. કેમકે એ શબ્દ છેલ્લા વાક્યમાં જોડાયેલો છે. એટલે ટીકાકારે वस्त्रस्य इति योज्यते ને બદલે गम्यते કહ્યું છે.)

---

वृत्ति :- निगमयितुमाह-त्रीण्यपथ्यानि *'पोत्तीए'*त्ति वस्त्रस्य, इह चाल्पाल्पतराल्पतमकालत आभिर्वस्त्रद्रव्यं क्षप्यत इति पर्यस्तिकादीनामपथ्यापथ्यतरापथ्यतमत्वं द्रव्यक्षपणत्वं चोक्तम्, अपथ्यानीति च निगमनं सामान्यस्याशेषविशेषसङ्ग्राहकत्वाददुष्टमिति गाथार्थः ।।१०।।

---

निगमयितुमाह-... નિગમન કરવાને માટે કહે છે કે- પૂર્વે કહેવાયેલી વાતનું સંક્ષેપમાં પુનઃ કથન = ઉપસંહાર = સમાપન... એ નિગમન!

આ ત્રણ ક્રિયાઓ વસ્ત્રને નુકસાનકારી છે. અહીં પર્યસ્તિકા ક્રિયા વડે અલ્પકાળમાં, ઉત્પિટ્ટના ક્રિયા વડે વધુ અલ્પકાળમાં અને નિષ્પીડન ક્રિયા વડે ઘણા વધુ અલ્પકાળમાં વસ્ત્રરૂપી દ્રવ્ય ખતમ કરાય છે... એટલે પર્યસ્તિકાદિ ક્રિયાઓ અપથ્ય, અપથ્યતર, અપથ્યતમ કહેવાઈ છે. તેથી આ ત્રણેય ક્રિયાઓ દ્રવ્યક્ષપણા રૂપે (દ્રવ્યનો ક્ષય કરનાર) કહેવાઈ.

પ્રશ્ન : એ તો બરાબર, પણ આ ત્રણેય ક્રિયાઓ માટે ગાથામાં अपत्था, अपत्थयरी, अपत्था એમ સ્વતંત્ર રીતે શબ્દો વાપરેલા જ છે, તો છેલ્લે પા ો अपत्थाइ શબ્દ વાપરવાની જરૂર ન હતી...? પુનરૂક્તિ દોષ આવે છે.

ઉત્તર : अपथ्यानि એ પ્રમાણે જે ઉપસંહાર કર્યો છે, એ નિર્દોષ છે. કારણ કે પહેલા જે अपत्था વગેરે ત્રણ શબ્દો વાપરેલા, તે પર્યસ્તિકા વગેરે એક-એક વિશેષ ક્રિયાઓનું નિરૂપણ કરનારા હતા, જ્યારે આ अपत्थाइं એ ત્રણેય ક્રિયાઓ માટે સામાન્ય છે. અને એ તમામે તમામ વિશેષ ક્રિયાઓનો સંગ્રાહક છે.

આશય એ કે પૂર્વેના ત્રણે શબ્દો એક-એક ક્રિયાના સંગ્રાહક હતા. જ્યારે આ શબ્દ સામાન્યવાચક છે, તમામ વિશેષ ક્રિયાઓનો સંગ્રહ કરી લે છે. માટે પૂર્વેના ત્રણ શબ્દોમાં અને આ અંતિમ શબ્દમાં મોટો તફાવત છે, માટે પુનરુક્તિ વગેરે દોષ નથી.

---

अवतरणिका :- भावक्षपणामाह-

---

અવતરણિકા :- ભાવક્ષપણાને કહે છે-

---

।।निर्यु. गा. ११।। अट्ठविहं कम्म रयं पोराणं जं खवेइ जोगेहिं ।
एयं भावज्झयणं णेयव्वं आणुपुव्वीए ।।११।।

व्याख्या - *'अष्टविधम्'* अष्टप्रकारम्, क्रियत इति *कर्म्म*-ज्ञानावरणादि, रज इव रजो जीवशुद्धस्वरूपान्य-थात्वकरणेन, इह चोपमावाचकशब्दमन्तरेणापि परार्थप्रयुक्तत्वात् अग्निर्माणवक इतिवदुपमानार्थोऽवगन्तव्यः,

ગાથાર્થ : જે કારણથી (આ ગ્રન્થ) આઠ પ્રકારની જૂની કર્મરજને યોગો વડે ખપાવે છે, (તે કારણથી) આ ભાવ-અધ્યયન છે, એ (શિષ્યાદિ) પરંપરામાં લઈ જવા યોગ્ય છે. (શિષ્યાદિને આ પમાડવું જોઈએ.)

**ટીકાર્થ : 'अष्टविधम्'...** અષ્ટવિધ એટલે આઠ પ્રકારનું ! જે કરાય તે કર્મ ! તે જ્ઞાનાવરણાદિ રૂપ છે. એ કર્મ ધૂળ જેવું છે. જેમ ધૂળ પાણીમાં પડે તો પાણીના શુદ્ધ સ્વરૂપને બદલી નાંખે, તેમ આ કર્મ જીવના શુદ્ધ સ્વરૂપને અન્યથા કરતું હોવાથી= બદલી નાંખતું હોવાથી ધૂળ જેવું છે.

**પ્રશ્ન :** તમે **रज इव रजः** આ રીતે અર્થ ખોલ્યો, પણ ગાથામાં તો માત્ર **रजः** શબ્દ જ છે. ઉપમાવાચક **इव** નથી. વળી **रजः** શબ્દ સમાસમાં પણ નથી. નહિ તો સમાસને આધારે **इव** શબ્દનો અર્થ સમાસની અંદર જ આવી જાય એમ બને. પણ એવું પણ શક્ય નથી.

**इह चोपमावाचक-... ઉત્તર :** (૧) અહીં ઉપમાવાચક શબ્દ નથી, એ વાત સાચી. (૨) છતાં પણ ઉપમાનનો અર્થ જાણવો. (૩) કારણ કે **रजः** શબ્દ પરાર્થમાં = અન્ય અર્થમાં = કર્મ રૂપી અન્ય પદાર્થના વિશેષણ રૂપે વપરાયેલ છે. દા. ત. **अग्निः माणवकः**

**વિશેષાર્થ :-** **रजः** શબ્દનો સ્વ-અર્થ છે ધૂળ=રજકણ ! પણ અહીં **रजः** શબ્દ સ્વાર્થમાં વપરાયેલો જ નથી, એ તો કર્મ નામના પર-અર્થના વિશેષણ તરીકે વપરાયેલો છે. એટલે અહીં **रजः** નો સીધે સીધો અર્થ લઈ જ ન શકાય. માટે પર-અર્થ સાથે સંબંધ જોડવા ઉપમાનો અર્થ જ લાવવો પડે.

કર્મ પોતે કંઈ ધૂળ નથી, પણ ધૂળની જેમ **शुद्धस्वरूप-अन्यथात्वकरण** ધર્મવાળું છે... એટલે એ અંશને લઈને એને ધૂળની ઉપમા આપી શકાય છે.

જેમ કે કોઈક માણસ ક્રોધી હોય, તો એને માટે આવો પ્રયોગ કરાય છે કે 'આ માણસ આગ છે' અહીં અગ્નિ શબ્દનો સ્વાર્થ અગ્નિ નામનો પદાર્થ છે. પણ એ તો લેવાય નહિ, કેમકે અગ્નિ શબ્દ માણસ રૂપી પરાર્થને માટે વપરાયેલો છે. એટલે અગ્નિ શબ્દમાં ઉપમાનનો અર્થ સમજી જ લેવાય છે કે 'આ માણસ આગ જેવો છે.' બંનેમાં સ્વપરદાહકત્વ ધર્મ છે, એને લઈને આ ઉપમા આપી શકાય છે.

---

वृतिः - कर्मरज इति समस्तं वा पदम्, *'पुराणम्'* अनेकभवोपात्तत्वेन चिरन्तनं *'यत्'* यस्मात् क्षपयति जन्तुः *'योगैः'* भावाध्ययनचिन्तनादिशुभव्यापारैः, तस्मादिदमेव भावरूपत्वात् क्षपणाहेतुत्वाद्भावक्षपणेत्युच्यते इति प्रक्रमः । प्रकृतमुपसंहर्तुमाह- *'एतद्'* इत्युक्तपर्यायाभिधेयं भावाध्ययनं *'नेतव्यं'* प्रापयितव्यम् *'आनुपूर्व्यां'* शिष्यप्रशिष्यपरम्परात्मिकायां, यद्वा- *'नेतव्यं'* संवेदनविषयतां प्रापणीयमानुपूर्व्या-क्रमेणेति गाथार्थः ।।११।।

---

**समस्तं वा...** અથવા તો – **कम्मरयं** એ સમસ્ત પદ=સમાસવાળું પદ સમજવું. એટલે **कर्म रजः इव इति कर्मरजः** એમ સમાસ થાય, એમાં સમાસની અંદર જ **इव** આવી જાય. એનો સ્વતંત્ર ઉલ્લેખ જરૂરી ન બને. અને ઉપમાનનો જ અર્થ લઈ શકાય. દા. ત. **चैत्रगृहम्** માં ષષ્ઠીતત્પુરુષ સમાસ છે. પણ છઠ્ઠી વિભક્તિ દેખાતી નથી, છતાં એ સમાસની અંદર જ આવી જાય, એટલે છઠ્ઠીનો જ અર્થ નીકળે.

એ કર્મ પુરાણ છે, એટલે કે અનેક ભવોથી ભેગું કરેલું હોવાથી જૂનું છે.

**यस्मात्...** જીવ ભાવ-અધ્યયનનું ચિંતન વગેરે રૂપ શુભ વ્યાપારો વડે જે કારણથી આવા કર્મને ખપાવે છે, તે કારણથી આ અધ્યયન જ ભાવક્ષપણા એ પ્રમાણે કહેવાય છે. એમાં આ અધ્યયન ભાવરૂપ છે તેથી, અને કર્મની ક્ષપણાનું કારણ છે તેથી, ભાવ-ક્ષપણા એમ કહેવાય છે.

ગાથામાં उच्यते શબ્દ નથી, પણ વાક્ય પૂર્ણ કરવા उच्यते એ પ્રમાણે પ્રક્રમ કરી લેવો. (એટલે કે એ રીતે વાક્ય જોડી દેવું) પ્રકૃતને (ભાવ-અધ્યયનનું વર્ણન ચાલુ હતું તેથી તે પ્રકૃત છે...તેને) ઉપસંહરવાને માટે કહે છે કે-

**एतद् इत्युक्त...** અધ્યયન, અક્ષીણ, આય અને ક્ષપણા... એમ કહેવાઈ ગયેલા પર્યાયવાચી શબ્દો વડે અભિધેય=જણાવવા યોગ્ય એવું આ ભાવાધ્યયન શિષ્ય-પ્રશિષ્યોની પરંપરા રૂપી આનુપૂર્વીમાં પમાડવું. એટલે કે લાંબી પરંપરા સુધી આ અધ્યયનને પહોંચાડવું. અથવા પહેલા આ ભાવાધ્યયનેને જાણવું, સમજવું પછી ક્રમશઃ એનું સંવેદન=અનુભવન કરવું. એટલે કે આ અધ્યયનને સંવેદનનો વિષય બનાવવો.

---

अवतरणिका :- तदित्थमुत्तराध्ययनानीति व्याख्यातम्, अधुना श्रुतस्कन्धयोर्निक्षेपं प्रत्यध्ययनं नामान्यर्थाधिकारांश्च वक्तुमवसर इति तदभिधानाय प्रतिज्ञामाह-

---

અવતરણિકા :- तद् इत्थम् = આ પ્રમાણે (तत् = ઉપસંહારદર્શક છે.) 'उत्तराध्ययनानि' એનું વ્યાખ્યાન થઈ ગયું. હવે શ્રુત અને સ્કંધના નિક્ષેપને કહેવાનો અવસર છે. તથા દરેક અધ્યયનના નામ અને તેના અર્થાધિકારોને કહેવાનો અવસર છે... એટલે (इति) તેના કથનને માટે પ્રતિજ્ઞાને કહે છે... ('હું આ-આ વાત કહીશ...' ઈત્યાદિ કથન એ પ્રતિજ્ઞા !)

---

**॥निर्यु. गा. १२॥ सुयखंधे निक्खेवं णामाइ चउव्विहं परूवेउं ।**
**णामाणि य अहिगारे अज्झयणाणं पवक्खामि ॥१२॥**

व्याख्या - श्रुतं च स्कन्धश्चेति समाहारद्वन्द्वस्तस्मिन् *निक्षेपं नामादयश्चत्वारो विधाः*-प्रकारा यस्य स तथा तं *'प्ररूप्य'* प्रज्ञाप्य *नामान्यधिकारांश्चाध्ययनानां प्रवक्ष्यामि* इति गाथार्थः ।।१२।।

---

ગાથાર્થ :- શ્રુત અને સ્કંધમાં નામાદિ ચાર પ્રકારના નિક્ષેપને પ્રરૂપીને, અધ્યયનોના નામોને અને અધિકારોને કહીશ.

ટીકાર્થ :- શ્રુત અને સ્કંધ આ બેનો સમાહારદ્વન્દ્વ સમાસ કરેલો છે. (માટે એકવચન છે) તેને વિષે (તે બંન્નેને વિષે) નામાદિ ચાર પ્રકારવાળા નિક્ષેપાને પ્રરૂપીને અધ્યયનોના નામોને અને અધિકારોને (કયા અધ્યયનમાં શું વિષય છે ? તેને...) કહીશ.

---

वृति :- इह च श्रुतस्कन्धनिक्षेपस्यान्यत्र सुप्रपञ्चिततत्वात् प्रस्तावज्ञापनायैव श्रुतस्कन्धे निक्षेपं प्ररूप्येति निर्युक्तिकृतोक्तं, न तु प्ररूपयिष्यत इति ।

---

**પ્રશ્ન :** નિર્યુક્તિકાર આગળ શ્રુત+સ્કંધનો નિક્ષેપ તો કહેવાના જ નથી, તો પછી આ પ્રતિજ્ઞા શા માટે કરી ?

**इह च... ઉત્તર :** અહીં જે શ્રુત અને સ્કંધના નિક્ષેપની વાત કરી એ નિક્ષેપ અન્ય ગ્રન્થમાં (પ્રાયઃ દસવૈકાલિક નિર્યુક્તિમાં) એકદમ સારી રીતે વિસ્તારથી કહેવાઈ ગયો છે, એટલે માત્ર પ્રસ્તાવને જણાવવા માટે જ નિર્યુક્તિકારે એમ કહ્યું છે કે **'શ્રુત અને સ્કંધમાં નિક્ષેપને પ્રરૂપીને...'**

**न तु...** પણ નિર્યુક્તિકાર સ્વયં એની પ્રરૂપણા કરશે નહિ. (ઉત્તરાધ્યયન - શ્રુતસ્કંધ- એ પ્રસ્તુત ગ્રન્થનું નામ છે, એટલે ક્રમ પ્રમાણે શ્રુત અને સ્કંધનો નિક્ષેપ આવે જ... માટે એનો માત્ર ઉલ્લેખ કરી દીધો... પણ એનું ખરેખર વર્ણન નહિ કરે.)

---

वृति :- स्थानाशून्यार्थं किञ्चिदुच्यते-तत्र श्रुतं नामस्थापनात्मकं क्षुण्णम्, द्रव्यश्रुतं तु द्विविधम्-आगमनोआगमभेदात्, तत्र यस्य श्रुतमिति पदं शिक्षितादिगुणान्वितं ज्ञातं न च तत्रोपयोगः तस्य आगमतो द्रव्यश्रुतम्, 'अनुपयोगो द्रव्य'मिति वचनात्, नोआगमतस्तु श्रुतपदार्थज्ञशरीरं भूतभविष्यत्पर्यायं, तद्व्यतिरिक्तं च पुस्तकादिन्यस्तं अभिधीयमानं वा, भावश्रुतहेतुतया द्रव्यश्रुतम्, तथा चाह-

*"भूतस्य भाविनो वा भावस्य हि कारणं तु यल्लोके ।
तद् द्रव्यं तत्त्वज्ञैः सचेतनाचेतनं कथितम् ।।१।।"*

---

**स्थानाशून्यार्थं...** પણ શ્રુત અને સ્કંધના નિક્ષેપાનું સ્થાન આપ્યું છે, તો એ શૂન્ય ન રહી જાય, એ માટે કંઈક કહેવાય છે. (વૃત્તિકાર કંઈક કહે છે...) તેમાં નામ અને સ્થાપના રૂપ શ્રુત ક્ષુણ્ણ=પ્રસિદ્ધ છે.

**द्रव्यश्रुतं...** દ્રવ્યશ્રુત વળી બે પ્રકારે છે. આગમ અને નો-આગમ એ ભેદથી...

**तत्र यस्य...** તેમાં (આ બે ભેદમાં...) જે જીવને શ્રુત એ પ્રમાણે પદ શિક્ષિતાદિ ગુણોથી અન્વિત છતું જણાયેલું છે... પણ તેમાં (અત્યારે) ઉપયોગ નથી. તે જીવને આગમતઃ દ્રવ્યશ્રુત છે.

(શ્રુત એ પદ શિક્ષિત હોવું એટલે શું ? जित-परिजित હોવું એટલે શું ? ઈત્યાદિ વર્ણન અનુયોગ દ્વારમાં આપેલું છે.)

**પ્રશ્ન :** દ્રવ્ય શા માટે કહેવાય ?

**ઉત્તર :** 'ઉપયોગનો અભાવ એ દ્રવ્ય' એ શાસ્ત્રવચન છે. એના આધારે એને દ્રવ્ય કહેવાય.

**नोआगमतस्तु...** નો-આગમ થી દ્રવ્યશ્રુત એટલે શ્રુતપદાર્થને જાણનારું શરીર... એ શરીર ભૂતપર્યાયવાળું અને ભાવિપર્યાયવાળું... એમ બે પ્રકારે છે. (ભૂતકાળમાં શ્રુતપદાર્થને જાણનારું, અત્યારે મૃતક રૂપ પડેલું શરીર... ભવિષ્યકાળમાં શ્રુતપદાર્થને જાણનારું, અત્યારે બાલકાદિ રૂપે રહેલું શરીર...)

**तद्व्यतिरिक्तं...** તદ્વ્યતિરિક્ત દ્રવ્યશ્રુત એટલે પુસ્તકાદિમાં લખાયેલું=મુકાયેલું=રહેલું શ્રુત ! અથવા તો આગળ કહેવાશે એ શ્રુત !

આ (શરીર અને પુસ્તકાદિન્યસ્ત શ્રુત) ભાવશ્રુતનું કારણ હોવાથી દ્રવ્યશ્રુત છે.

જુઓ એ પ્રમાણે જ કહ્યું છે કે લોકમાં ભૂત કે ભાવિ એવા ભાવનું=પર્યાયનું જે કારણ હોય, તેને તત્ત્વજ્ઞાતાઓએ 'દ્રવ્ય' કહ્યું છે. તે સચિત્ત હોય છે, અને અચિત્ત હોય છે.

(મૃતક અચિત્ત છે, એ ભૂતકાલીન 'શ્રુત' પદજ્ઞાન રૂપ ભાવનું કારણ છે. જીવંત બાળકનું શરીર સચિત્ત છે, તે ભવિષ્ય સંબંધી 'શ્રુત' પદજ્ઞાન રૂપ ભાવનું કારણ છે. પુસ્તકાદિન્યસ્ત શ્રુત અચિત્ત છે. તે શ્રુતજ્ઞાનનું કારણ બને છે. આમ આ દ્રવ્યશ્રુત સચિત-અચિત્ત બંને પ્રકારનું મળે છે.)

---

वृति :- भावश्रुतमप्यागमनोआगमभेदतो द्विधैव, तत्राऽऽगमतस्तज्ज्ञस्तत्र चोपयुक्तः, नोआगमतस्त्वेतान्येव प्रस्तुताध्ययनानि, आगमैकदेशत्वात् क्षायोपशमिकभाववृत्तित्वाच्चामीषामिति ।। स्कन्धोऽपि नामस्थापनात्मकः प्रसिद्ध एव, द्रव्यस्कन्ध आगमतस्तज्ज्ञोऽनुपयुक्तः, नोआगमतो ज्ञशरीर-भव्यशरीरे, तद्व्यतिरिक्तो द्रुमस्कन्धादिः, भावस्कन्ध आगमतस्तज्ज्ञस्तत्रोपयुक्तः, नोआगमतः प्रक्रान्ता-ध्ययनसमूह इत्यलं प्रसङ्गेन ।।

---

भावश्रुतमप्यागम-... ભાવશ્રુત પણ આગમ અને નો-આગમભેદથી બે પ્રકારે જ છે. માત્ર દ્રવ્યશ્રુત જ બે પ્રકારે છે એવું નથી, પણ ભાવશ્રુત પણ બે પ્રકારે છ એ પ્રમાણે अपि નો અર્થ છે. એટલે કે દ્રવ્યશ્રુત જેમ બે પ્રકારે છે. એમ ભાવશ્રુત પણ બે પ્રકારે જ છે. તે બેમાં આગમતઃ ભાવશ્રુત એટલે શ્રુતપદનો ાતા અને તેમાં ઉપયોગવાળો. નો-આગમતઃ ભાવશ્રુત એટલે આ જ પ્રસ્તુત અધ્યયનો !

**પ્રશ્ન :** આ અધ્યયનો નો-આગમતઃ ભાવશ્રુત કેમ કહેવાય ?

आगमैकदेशत्वात्... ઉત્તર : કારણ કે આ અધ્યયનો આગમના = ચૌદપૂર્વાત્મક શ્રુતના એક દેશરૂપ = એક ભાગરૂપ છે, (એટલે નો=દેશવાચક હોવાથી નો-આગમતઃ કહેવાય.) અને આ અધ્યયનો ક્ષાયોપશમિક ભાવમાં વર્તે છે, એટલે ભાવશ્રુત કહેવાય.

(પુસ્તકાદિમાં પડેલું જ્ઞાન તો દ્રવ્ય છે, પણ એના દ્વારા આત્મામાં જે અધ્યયનોનું જ્ઞાન પેદા થાય. એ તો શ્રુત-જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જ થાય છે. એટલે જ્ઞાનાત્મક આ એ અધ્યયનો ક્ષાયોપશમિક ભાવમાં વર્તનારા કહેવાય.)

स्कन्धोऽपि... સ્કંધ પણ નામ અને સ્થાપના રૂપ તો પ્રસિદ્ધ જ છે. દ્રવ્યસ્કંધ આગમથી વિચારીએ તો તજ્જ્ઞાતા પણ અનુપયુક્ત... નો-આગમતઃ જ્ઞશરીર અને ભવ્યશરીર... તદ્વ્યતિરિક્ત વૃક્ષસ્કંધ (વૃક્ષનું સ્કંધ...) વગેરે. ભાવસ્કંધ આગમતઃ વિચારીએ, તજ્જ્ઞાતા અને તે સ્કંધપદમાં ઉપયુક્ત.... નો-આગમતઃ પ્રસ્તુત ૩૬ અધ્યયનોનો સમૂહ. (સ્કંધ એ જથ્થાનો = સમૂહનો વાચક છે.) પ્રસંગથી સર્યું. (આમ વૃત્તિકારે પ્રસંગને વશ થઈ શ્રુત+સ્કંધના ચાર-ચાર નિક્ષેપાને કહી દીધા.)

---

अवतरणिका :- प्रतिज्ञातमनुसरन्नामान्याह -

---

અવતરણિકા :- હવે જે પ્રતિજ્ઞા કરેલી હતી કે 'દરેક અધ્યયનના નામ અને અર્થાધિકારોને કહીશ...'

એ પ્રતિજ્ઞા કરાયેલ વિષયને અનુસરતા નિર્યુક્તિકાર અધ્યયનના નામોને કહે છે.

---

||निर्यु. गा. १३|| [1]विणयसुयं च [2]परीसह [3]चउरंगिज्जं [4]असंखयं चेव ।
[5]अकाममरणं [6]नियंठि [7]ओरब्भं [8]काविलिज्जं च ||१३||

||निर्यु. गा. १४|| णमिपव्वज्ज[9] [10]दुमपत्तयं च [11]बहुसुयपुज्जं तहेव हरिएस[12] ।
[13]चित्तसंभूइ [14]उसुआरिज्जं सभिक्खु[15] समाहिठाणं[16] च ||१४||

||निर्यु. गा. १५|| [17]पावसमणिज्जं तह [18]संजईज्जं [19]मियचारिया [20]नियंठिज्जं ।
[21]समुद्दपालिज्जं [22]रहनेमियं केसिगोय [23]मिज्जं च ||१५||

||निर्यु. गा. १६|| [24]समिइओ [25]जन्नइज्जं [26]सामायारी तहा [27]खलुंकिज्जं ।
[28]मुक्खगइ [29]अप्पमाओ [30]तव [31]चरण पमायठाणं[32] च ||१६||

||निर्यु. गा. १७|| कम्मप्पयडी[33] लेसा[34] बोद्धव्वे खलु [35]णगारमग्गे य ।
[36]जीवाजीवविभत्ति छत्तीसं उत्तरज्झयणा ||१७||

व्याख्या - निगदसिद्धाः । नवरमाभिरध्ययनविशेषनामान्युक्तानि, एतन्निरुक्त्यादि च नामनिष्पन्न-निक्षेपप्रस्ताव एवाभिधास्यते ।।

---

ગાથાર્થ : (૧) વિનયશ્રુત, (૨) પરિષહ, (૩) ચતુરંગીય, (૪) અસંસ્કૃત, (૫) અકામમરણ, (૬) નિર્ગ્રન્થિ, (૭) ઔરભ્ર, (૮) કાપિલીય, (૯) નમિપ્રવ્રજ્યા, (૧૦) દ્રુમપત્રક, (૧૧) બહુશ્રુતપૂજા, (૧૨) હરિકેશ, (૧૩) ચિત્રસંભૂતિ, (૧૪) ઈપુકારીય, (૧૫) સભિક્ષુ, (૧૬) સમાધિસ્થાન, (૧૭) પાપશ્રમણીય, (૧૮) સંયતીય, (૧૯) મૃગચારિતા, (૨૦) નિર્ગ્રન્થીય, (૨૧) સમુદ્રપાલીય, (૨૨) રથનેમીય, (૨૩) કેશીગૌતમીય, (૨૪) સમિતિ, (૨૫) યજ્ઞીય, (૨૬) સામાચારી, (૨૭) ખલુંકીય, (૨૮) મોક્ષગતિ, (૨૯) અપ્રમાદ, (૩૦) તપ, (૩૧) ચરણ, (૩૨) પ્રમાદસ્થાન, (૩૩) કર્મપ્રકૃતિ, (૩૪) લેશ્યા, (૩૫) અણગારમાર્ગ, (૩૬) જીવાજીવવિભક્તિ

એ પ્રમાણે છત્રીસ ઉત્તરાધ્યયનો છે.

ટીકાર્થ : આ ગાથાઓ નિગદસિદ્ધ છે. (નિગદ = બોલવું, બોલવાથી જ સિદ્ધ=જ્ઞાત છે.) માત્ર એટલું વિશેષ કે આ ગાથાઓ વડે અધ્યયનના વિશેષ નામો કહેવાયા. આ દરેક નામની નિરુક્તિ વગેરે નામનિષ્પન્નનિક્ષેપના પ્રસ્તાવ વખતે જ કહેવાશે.

अवतरणिका :- अधिकारानाह -

અવતરણિકા :- અધિકારોને (દરેક અધ્યયનના વિષયોને) કહે છે.-

||निर्यु. गा. १८|| पढमे विणओ बीए परिसहा दुल्लहंगया तइए ।
अहिगारो य चउत्थे होइ पमायप्पमाएत्ति ||१८||

||निर्यु. गा. १९|| मरणविभत्ती पुण पंचमम्मि विज्जा चरणं च छट्ठअज्झयणे ।
रसगेहिपरिच्चाओ सत्तमे अट्ठमि अलाभे ||१९||

||निर्यु. गा. २०|| निक्कंपया य नवमे दसमे अणुसासणोवमा भणिया ।
इक्कारसमे पूया तवरिद्धी चेव बारसमे ||२०||

||निर्यु. गा. २१|| तेरसमे अ नियाणं अनियाणं चेव होइ चउदसमे ।
भिक्खुगुणा पन्नरसे सोलसमे बंभगुत्तीओ ||२१||

||निर्यु. गा. २२|| पावाण वज्जणा खलु सत्तरसे भोगिड्ढिविजहणट्ठारे ।
एगुणि अप्परिकम्मे अणाहया चेव वीसइमे ||२२||

||निर्यु. गा. २३|| चरिया य विचित्ता इक्कवीसि बावीसिमे थिरं चरणं ।
तेवसइमे धम्मो चउवीसइमे य समिइओ ||२३||

||निर्यु. गा. २४|| बंभगुण पन्नवीसे सामायारी य होइ छव्वीसे ।
सत्तावीसे असढया अट्ठावीसे य मुक्खगई ||२४||

||निर्यु. गा. २५|| एगुणतीस आवस्सगप्पमाओ तवो अ होइ तीसइमे ।
चरणं च इक्कतीसे बत्तीसि पमायठाणाइं ||२५||

||निर्यु. गा. २६|| तेत्तीसइमे कम्मं चउतीसइमे य हुंति लेसाओ ।
भिक्खुगुणा पणतीसे जीवाजीवा य छत्तीसे ||२६||

ગાથાર્થ :-

| અધ્યયન ક્રમાંક | વિષય (શેનો અધિકારી) | અધ્યયન ક્રમાંક | વિષય (શેનો અધિકારી) | અધ્યયન ક્રમાંક | વિષય (શેનો અધિકારી) |
|---|---|---|---|---|---|
| ૧. | વિનય | ૧૩. | નિયાણું | ૨૫. | બ્રહ્મગુણ |
| ૨. | પરિષહ | ૧૪. | અનિદાન | ૨૬. | સામાચારી |
| ૩. | દુર્લભાંગતા | ૧૫. | ભિક્ષુગુણો | ૨૭. | અશઠતા |
| ૪. | પ્રમાદ-અપ્રમાદ | ૧૬. | બ્રહ્મચર્યની ગુપ્તિ | ૨૮. | મોક્ષગતિ |
| ૫. | મરણ વિભક્તિ | ૧૭. | પાપોની વર્જના | ૨૯. | આવશ્યક |
| ૬. | વિદ્યા અને ચારિત્ર | ૧૮. | ભોગઋદ્ધિનો ત્યાગ | ૩૦. | અપ્રમાદ અને તપ |
| ૭. | રસગૃદ્ધિનો પરિત્યાગ | ૧૯. | અપરિકર્મ | ૩૧. | ચારિત્ર |
| ૮. | અલાભ | ૨૦. | અનાથતા | ૩૨. | પ્રમાદ સ્થાન |
| ૯. | નિષ્કંપતા | ૨૧. | વિચિત્ર ચર્યા | ૩૩. | કર્મ |
| ૧૦. | અનુશાસનની ઉપમા | ૨૨. | સ્થિર ચારિત્ર | ૩૪. | લેશ્યા |
| ૧૧. | પૂજા | ૨૩. | ધર્મ | ૩૫. | ભિક્ષુ ગુણો |
| ૧૨. | તપ-ઋદ્ધિ | ૨૪. | સમિતિ | ૩૬. | જીવાજીવ |

व्याख्या - आसामर्थः सुखावगम एव । नवरं विनयमूलोऽयं धर्मः, यत आगमः-

*"मूलाउ[1] खंधप्पभवो दुमस्स, खंधाउ पच्छा समुविंति साहा ।*
*साहप्पसाहा विरुहंति पत्ता, ततो उ पुप्फं च फलं रसो य ॥१॥*
*एवं धम्मस्स विणओ मूलं परमो से मोक्खो ।*
*जेण कित्तिं सुयं सिग्घं, णीसेसं चाभिगच्छई ॥२॥"*

इत्यतः प्रथमाध्ययने विनयोऽधिकृतः, विनयवतश्च तेषु तेषु गुरुनियोगेषु प्रवर्तमानस्य कदाचित् परीषहा उत्पद्येरन् ते च सम्यक् सोढव्या इति द्वितीयाध्ययने परीषहा इत्यादि क्रमप्रयोजनमभ्यूह्यम्, अध्ययनसम्बन्धाभिधानप्रस्तावे चाभिधास्यामः ।

**ટીકાર્થ :- आसामर्थः...** આ ગાથાઓનો અર્થ સુખેથી જાણી શકાય એવો જ છે. માત્ર કેટલીક બાબતો વિશેષ છે, તે જોઈ લઈએ.

**विनयमूलोऽयं...** આ ધર્મ વિનયમૂલક છે. કેમકે આગમ પાઠ છે કે– "દ્રુમના=વૃક્ષના મૂળમાંથી સ્કંધની ઉત્પત્તિ થાય છે. પછી સ્કંધમાંથી શાખાઓ ઉત્પન્ન થાય છે. શાખાઓમાંથી પ્રશાખાઓ, પ્રશાખાઓમાંથી પાંદડાઓ ઉગે છે, અને પાંદડાઓમાંથી પુષ્પ, ફલ અને રસ (ક્રમશઃ) ઉત્પન્ન થાય છે.

એ પ્રમાણે વિનય ધર્મનું મૂળ છે. તેનો પરમ (=છેલ્લું રસાત્મક ફળ) મોક્ષ છે. જે વિનય વડે શ્લાઘ્ય=પ્રશંસનીય એવી કીર્તિ અને શ્રુતને જીવ સંપૂર્ણપણે પામે છે. (અથવા કીર્તિ અને શ્રુતને શીઘ્ર અને સંપૂર્ણ પામે છે. અથવા જે કારણથી જીવ કીર્તિ, શ્રુત અને ક્રમે કરીને શીઘ્રપણે મોક્ષને પામે છે, તેથી મોક્ષ એ વિનયનો રસ છે.) આ કારણસર પ્રથમ અધ્યયનમાં વિનય

1. मूलात् स्कन्धप्रभवो द्रुमस्य, स्कन्धात् पश्चात्समुपयन्ति शाखाः । शाखाभ्यः प्रशाखाः (ताभ्यः) विरोहन्ति पत्राणि ततस्तु पुष्पं च फलं रसश्च ॥१॥ एवं धर्मस्य विनयो मूलं परमः स मोक्षः । येन कीर्तिं श्रुतं शीघ्रं निःश्रेयसं चाभिगच्छति ॥२॥

કહેવાયેલો છે.

विनयवतश्च... વિનયવાળો સાધુ ગુરુના તે-તે કાર્યોમાં પ્રવૃત્તિ કરતો હોય, ત્યારે તેને કયારેક પરીષહો ઉત્પન્ન થાય છે. અને તે સારી રીતે સહન કરવા જોઈએ. એટલે બીજા અધ્યયનમાં પરીષહો કહ્યા છે. આ વગેરે ક્રમનું પ્રયોજન વિચારી લેવું. (એટલે બીજા પછી ત્રીજુ અધ્યયન ચતુરંગીય શા માટે ? તેના પછી ચોથુ અસંસ્કૃત કેમ... યાવત્ ૩૬માં અધ્યયન સુધી પ્રયોજન વિચારવું.)

એક અધ્યયનના એના પછીના અધ્યયન સાથેના સંબંધનું કથન કરવાના અવસરે અમે કહીશું પણ ખરા.

---

अवतरणिका :- उपसंहरन्नाह -

---

અવતરણિકા :- ઉપસંહાર કરતા કહે છે -

---

**||निर्यु. गा. २७|| उत्तरज्झयणाणेसो पिंडत्थो वण्णिओ समासेणं ।**

**इत्तो इक्किक्कं पुण अज्झयणं कित्तइस्सामि||२७||**

व्याख्या - *उत्तराध्ययनानाम् 'एषः'* अनन्तराभिहितस्वरूपः *'पिण्डार्थः'* समुदायार्थः *'वर्णितः'* उक्तः *'समासेन'* सङ्क्षेपेण, *'इतः'* पिण्डार्थवर्णनाद्, अनन्तरमिति गम्यते, *एकैकं 'पुनः'* विशेषणे *अध्ययन 'कीर्तयिष्यामि'* व्याख्याद्वारेण संशब्दयिष्यामीति गाथार्थः ।।२७।।

---

ગાથાર્થ :- ઉત્તરાધ્યયનોનો આ પિંડાર્થ સમાસથી વર્ણવાયો, હવે પછી એક-એક અધ્યયનનું કીર્તન કરીશ.

ટીકાર્થ :- જેનું સ્વરૂપ હમણા જ કહેવાઈ ગયું છે, એવો ઉત્તરાધ્યયનોનો પિંડાર્થ=સમુદાયાર્થ સંક્ષેપથી કહેવાઈ ગયો.

પિંડાર્થના વર્ણનની પછી તરત જ હવે એક-એક અધ્યયનનું કીર્તન કરીશું. એટલે કે વ્યાખ્યા કરવા દ્વારા શબ્દમાં ઢાળશું=લખશું... इतः પછી अनन्तरं શબ્દ ગાથામાં નથી, પણ એ સમજી લેવું, पुनः શબ્દ વિશેષણ અર્થમાં છે.

પ્રશ્ન :- પુનઃ શબ્દ શું વિશેષ દર્શાવે છે ?

ઉત્તર : પૂર્વે પિંડાર્થ બતાવ્યો, હવે એ પિંડાર્થને બદલે દરેક અધ્યયનનો અલગ-અલગ અર્થ બતાવે છે... એટલે આ વિશેષ પદાર્થ થયો એ દર્શાવવા માટે पुनः શબ્દ છે.

---

अवतरणिका :- तत्र चाद्यं विनयश्रुतमिति तस्य कीर्तनावसरः, न च तद् उपक्रमाद्यनुयोगद्वारतद्भेदनिरुक्तिक्रमप्रयोजनप्रतिपादनमन्तरेण शक्यं कीर्तयितुमिति मन्वानः प्रस्तुताध्ययनस्यानुयोगविधानक्रममर्थाधिकारं चाह-

---

અવતરણિકા :- तत्र चाद्यं... તેમાં (૩૬ અધ્યયનમાં) પહેલું અધ્યયન 'વિનયશ્રુત' છે, એટલે તેનું કીર્તન કરવાનો અવસર છે, અને 'તે અધ્યયન ઉપક્રમાદિ અનુયોગદ્વારો, તે દ્વારોના ભેદો, નિરુક્તિ અને ક્રમના પ્રયોજનના પ્રતિપાદન વિના કીર્તન કરવાને માટે શક્ય નથી.' એ પ્રમાણે માનતા નિર્યુક્તિકાર પ્રસ્તુત અધ્યયનના અનુયોગ=વ્યાખ્યાનને કરવાના ક્રમને (એટલે કે ક્યા ક્રમથી અનુયોગ કરવો?... તેને) અને અર્થાધિકારને કહે છે.

---

**||निर्यु. गा. २८|| तत्थऽज्झयणं पढमं विणयसुयं तस्सुवक्कमाईणि ।**

**दाराणि पन्नवेउं अहिगारो इत्थ विणएणं ||२८||**

व्याख्या - *'तत्र'* एतेष्वध्ययनेषु मध्ये *अध्ययनं 'प्रथमम्'* आद्यं *विनया*भिधानकं *श्रुतं* विनयश्रुतं

મધ્યપદલોપી સમાસ:, *'तस्य'* इति विनयश्रुतस्य *उपक्रमादीनि द्वाराणि 'प्ररूप्य'* तद्भेदनिरुक्ति-क्रमप्रयोजनप्रतिपादनद्वारेण प्रज्ञाप्य, एतदनुयोगः कार्य इति शेषः,

ગાથાર્થ :- તેમાં પ્રથમ અધ્યયન 'વિનયશ્રુત' છે, તેના ઉપક્રમાદિ દ્વારોને પ્રજ્ઞાપીને=કહીને (તેનું વ્યાખ્યાન કરવું) અહીં વિનય વડે અધિકાર છે.

ટીકાર્થ :- एतेष्वध्ययनेषु... તે અધ્યયનોની અંદર પહેલું અધ્યયન વિનયશ્રુત અધ્યયન છે. વિનયનું નિરૂપણ કરનાર શ્રુત તે વિનયશ્રુત! (विनयाभिधायकं...) અથવા વિનય એ છે અભિધાન=નામ જેનું, તે વિનયાભિધાનક શ્રુત ! (विनयाभिधानक) (બે પ્રકારના પાઠ છે...) મધ્યમ પદલોપી સમાસ થયો છે, એટલે अभिधायक / अभिधानम् શબ્દનો લોપ થયો છે.

विनयश्रुतस्य... તેના એટલે કે વિનયશ્રુતના ઉપક્રમ વગેરે દ્વારોને પ્રરૂપીને, એટલે કે તે દ્વારોના ભેદ, નિરુક્તિ, ક્રમ-પ્રયોજન... આનું પ્રતિપાદન કરવા દ્વારા તે દ્વારોને દર્શાવીને=પ્રરૂપીને આ શ્રુતનો અનુયોગ કરવા યોગ્ય છે.

इतिशेषः- एतदनुयोगः कार्यः એટલો ભાગ શેષ રૂપે લેવો. (प्ररूप्य... પછી શું ? વાક્ય અધૂરું રહે છે. આગળ 'अहिगारो इत्थ विणयेणं' લખેલું છે. પરંતુ એનો અન્વય पन्नवेउं સાથે ન થાય. કેમકે त्वा પ્રત્યય આવે, ત્યારે પૂર્વ-ઉત્તરની ક્રિયાનો કર્તા એક જોઈએ. અહીં એવું તો છે નહિ, એટલે આ શેષ લેવો પડે.)

वृत्ति :- *अधिकारश्चात्र विनयेन,* तस्येहानेकधाऽभिधानात् । आह- 'पढमे विणओ' इत्यनेनैवोक्तत्वात् पुनरुक्तमेतद्, उच्यते, शास्त्रपिण्डार्थविषयं तत्, एतच्च प्रस्तुतैकाध्ययनगोचरमिति न पौनरुक्त्यमिति गाथार्थः ।।२८।।

આ અધ્યયનમાં વિનય વડે અધિકાર છે. (વિનય આનો વિષય છે.)

પ્રશ્ન : એવું તમે ક્યા આધારે કહો છો ?

ઉત્તર : કેમકે અહીં વિનયનું અનેક પ્રકારે કથન કરવામાં આવ્યું છે.

आह... પ્રશ્ન :- (૧૮મી ગાથામાં રહેલા) 'पढमे विणओ' એના વડે જ આ કહેવાઈ ગયું છે કે 'પહેલા અધ્યયનમાં વિનયનો અધિકાર છે' તેથી આ ફરી શા માટે કહ્યું? પુનરુક્ત દોષ લાગ્યો.

उच्यते... ઉત્તર : ૧૮મી ગાથામાં જે કહેલું, તે આખા શાસ્ત્રનો સમુદાયાર્થ કહેવાતો હતો, (એટલે બધા અધ્યયનોના વિષયો કહેવાતા હતા.) જ્યારે અહીં જે કહ્યું છે, તે પ્રસ્તુત એક અધ્યયન સંબંધી કહ્યું છે એટલે પુનરુક્તિ દોષ લાગતો નથી.

वृत्ति :- अत्रापि 'प्ररूप्ये'त्यवसरज्ञापनार्थमेव निर्युक्तिकृतोक्तं, न तु प्ररूपयिष्यत इति, अनुयोगद्वारेषूक्तत्वात्, तदुक्तानुसारेण किञ्चिदुच्यते- इह *चत्वार्यनुयोगद्वाराणि*-उपक्रमो निक्षेपोऽनुगमो नयश्चेति, तद्भेदा यथाक्रमं द्वौ त्रयो द्वौ द्वौ चेति, निरुक्तिश्चैवम्-उपक्रमणं दूरस्थस्य सतो वस्तुनस्तैस्तैः प्रकारैः समीपानयनमु*पक्रमः*, नियतं निश्चितं वा नामादिसम्भवत्पक्षरचनात्मकं क्षेपणं-न्यसनं *निक्षेपः*, अनुरूपं सूत्रार्थाबाधया तदनुगुणं गमनं-संहितादिक्रमेण व्याख्यातुः प्रवर्तनम*नुगमो*, नयनम्-अनन्तधर्मात्मकस्य वस्तुनो नियतैकधर्मावलम्बेन प्रतीतौ प्रापणं *नयः* ।

अत्रापि... આ ૨૮મી ગાથામાં પણ ઉપક્રમાદિ દ્વારોને प्ररूप्य એમ જે કહ્યું છે, તે માત્ર 'તે દ્વારોનો અવસર આવ્યો છે.' એ જણાવવા માટે જ નિર્યુક્તિકારે કહ્યું છે. પણ નિર્યુક્તિકાર એની પ્રરૂપણા કરવાના નથી.

પ્રશ્ન : શા માટે ? અવસર છે તો પ્રરૂપણા કરવી જોઈએ ને ?

ઉત્તર : अनुयोगद्वाराणि ગ્રન્થમાં એ દ્વારો કહી દીધા છે, માટે અહીં નહિ કહે.

तदुक्तानुसारेण... હા ! તે ગ્રન્થમાં જે રીતે તે દ્વારો કહ્યા છે, તેને અનુસારે કંઈક (મારા વડે=ટીકાકાર.વડે કહેવાય છે.)

(૧) દ્વારો :- અહીં (શાસ્ત્રની વ્યાખ્યા કરવાની વિચારણા કરીએ ત્યારે) ચાર અનુયોગ દ્વારો છે. (i) ઉપક્રમ, (ii) નિક્ષેપ, (iii) અનુગમ, (iv) નય.

(૨) તદ્ભેદ :- તેના ભેદો ક્રમશઃ (૧) બે, (૨) ત્રણ, (૩) બે, (૪) બે છે.

(૩) નિરુક્તિ :- નિરુક્તિ આ પ્રમાણે છે : (i)ઉપક્રમવું એ ઉપક્રમ. (ઉપક્રમ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ = સંસ્કૃત પ્રમાણે અર્થ ખોલ્યો.) દૂર રહેલી વસ્તુને તે-તે પ્રકારો વડે નજીક લાવવી એ ઉપક્રમ (આ રૂઢિ અર્થ...)

नियतं... (ii) नि = નિયત અથવા નિશ્ચિત એવું ક્ષેપણ = સ્થાપન=મુકવું તે નિક્ષેપ.

नि થી નિયત કે નિશ્ચિત બંને શબ્દો લેવાય, અર્થમાં કોઈ ભેદ નથી.

પ્રશ્ન : પણ નિયત કે નિશ્ચિત ક્ષેપણ એટલે શું ?

ઉત્તર : નામાદિ જેટલા સંભવતા પક્ષો=વિકલ્પો હોય, તેની રચના એ જ નિયત કે નિશ્ચિત ક્ષેપણ કહેવાય.

વિશેષાર્થ :- દા.ત. ધર્મ કેટલા પ્રકારનો ? નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એમ ચાર પ્રકારનો છે. તો ધર્મમાં સંભવિત પક્ષો ચાર થાય, હવે આ ચારનું નિરૂપણ કરવું=ઉલ્લેખ કરવો... એ જ ધર્મનો નિક્ષેપ કહેવાય.

ઉપક્રમ કેટલા પ્રકારનો ? નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમ છ પ્રકારનો છે. તો ઉપક્રમમાં સંભવતા પક્ષો છ થાય, એનું સ્થાપન=નિરૂપણ એ ઉપક્રમનો નિક્ષેપ !

अनुरूपं... (iii) अनु = અનુરૂપ = સૂત્રના અર્થને બાધા=વાંધો ન આવે, એ રીતે સૂત્રને=સૂત્રાર્થને અનુકૂળ ગમન=गम = સંહિતા, પદ, પદાર્થ વગેરેના ક્રમથી વ્યાખ્યાનકારની પ્રવૃત્તિ એ અનુગમ !

(વ્યાખ્યાનકાર = નિર્યુક્તિકાર = ભાષ્યકાર = ચૂર્ણિકાર = વૃત્તિકાર... તેઓ સૂત્રના અર્થને અનુસરીને સંહિતાદિ ક્રમથી વ્યાખ્યાન કરતા હોય છે. આવું વ્યાખ્યાન એ જ અનુગમ !)

नयनम्... (iv)વસ્તુ અનંતધર્માત્મક છે, તેને (તેના જ) ચોક્કસ એક ધર્મના અવલંબન વડે પ્રતીતિમાં પમાડવી = પહોંચાડવી એ નય (नयनं = લઈ જવું = પમાડવું = પહોંચાડવું.)

(દા. ત. રામ સીતાનો પતિ, દશરથનો પુત્ર, લવ-કુશનો પિતા, લક્ષ્મણનો ભાઈ, અયોધ્યાનો રાજા, લંકાનો વિજેતા... છે. આમ રામ નામની વસ્તુ પતિત્વાદિ અનંત ધર્મરૂપ છે. એમાં જ્યારે એમ બોલવામાં આવે કે- 'દશેરાના દિવસે રામે રાવણને મારીને લંકા ઉપર વિજય મેળવ્યો...' તો અહીં રામમાં રહેલા વિજેતૃત્વ રૂપ ચોક્કસ એક ધર્મને પકડીને વક્તા- 'રામ વિજેતા છે' એ પ્રમાણે શ્રોતાને બોધ = પ્રતીતિ કરાવે છે = પ્રતીતિનો વિષય બનાવે છે... વક્તાનું આ વચન એ નય !)

---

वृत्ति :- क्रमप्रयोजनं च-नानुपूर्व्यादिभिर्न्यासदेशमनानीतं शास्त्रं निक्षेसुं शक्यं, न चौघनिष्पन्नादिभि-र्निक्षेपैरनिक्षिसमनुगन्तुं, नापि सूत्राद्यनुगमेनाननुगतं नयैर्विचारयितुमित्ययमेवैषां क्रमः,

---

क्रमप्रयोजनं च... પહેલા ઉપક્રમ જ કેમ ? એના પછી નિક્ષેપ જ કેમ ? એના પછી અનુગમ જ કેમ ? એના પછી નય જ કેમ ?... એમ ઉપક્રમાદિના ક્રમ પાછળનું પ્રયોજન જણાવવું તે ક્રમપ્રયોજન.

તે આ પ્રમાણે-

नानुपूर्व्यादि-... (૧) ઉપક્રમના આનુપૂર્વી વગેરે ભેદો વડે જ્યાં સુધી શાસ્ત્ર ન્યાસદેશમાં લવાયું ન હોય, ત્યાં સુધી એનો નિક્ષેપ કરવો શક્ય નથી. માટે સૌથી પહેલા ઉપક્રમ !

न चौघनिष्पन्नादिभि-... (૨) ઓઘનિષ્પન્ન વગેરે નિક્ષેપાઓ વડે જ્યાં સુધી શાસ્ત્રનો નિક્ષેપ ન થાય=શાસ્ત્ર નિક્ષિપ્ત ન બને, ત્યાં સુધી તેનો અનુગમ કરવો શક્ય નથી, માટે બીજું નિક્ષેપ !

नापि... (૩) સૂત્રાનુગમ વડે, નિર્યુક્તિ-અનુગમ વડે જ્યાં સુધી શાસ્ત્ર અનુગત ન બને, ત્યાં સુધી નયો વડે એની વિચારણા કરવી શક્ય નથી, માટે ત્રીજું અનુગમ !

માટે (इति) આ ચારનો આ જ ક્રમ છે. (આ આખો પદાર્થ અનુયોગદ્વાર-આવશ્યક નિર્યુક્તિ વગેરેમાં વિસ્તારથી દર્શાવેલો છે, એટલે અહીં એનો વિસ્તાર કરતો નથી. છતાં કેટલીક બાબતો...

(૧) ન્યાસદેશ = શાસ્ત્રનો નિક્ષેપ કરવાનો અવસર... ઉપક્રમના દ્વારો વડે શાસ્ત્રની વિચારણા કર્યા બાદ એ શાસ્ત્રનો નિક્ષેપ કરવાનો અવસર આવે. દા. ત. 'આચારાંગ' શાસ્ત્ર હોય, તો આનુપૂર્વીની વિચારણામાં આ અંગ પૂર્વાનુપૂર્વીમાં પ્રથમ, પશ્ચાનુપૂર્વીમાં છેલ્લું... વગેરે. પ્રમાણની વિચારણામાં આ અંગ પરોક્ષ પ્રમાણ છે. તેમાં ય આગમ પ્રમાણ છે... ઈત્યાદિ.

આ રીતે ઉપક્રમના બધા દ્વારો વડે આચારાંગની વિચારણા બતાવ્યા બાદ आचार, अंग... આ શબ્દોનો નિક્ષેપ થાય એટલે કે आचार નામાદિ ચાર પ્રકારનો છે... (નામાચાર, સ્થાપનાચાર ઈત્યાદિ)

નિક્ષેપ ત્રણ પ્રકારે છે : (૧) ઓઘનિષ્પન્ન નિક્ષેપ, (૨) નામનિષ્પન્ન નિક્ષેપ, (૩) સૂત્રાલાવકનિષ્પન્ન નિક્ષેપ

ત્યાં શ્રુત-સ્કંધ-અંગ-ઉદ્દેશો... આ શબ્દો એવા છે કે જે માત્ર એક જ શાસ્ત્ર માટે નહિ, પણ ઘણા શાસ્ત્ર માટે વપરાય...

દા. ત. આચાર પણ અંગ છે, ભગવતી પણ અંગ છે... વગેરે. દસ વૈ. માં પણ ઉદ્દેશા છે. ભગવતીમાં પણ ઉદ્દેશા છે... આવા શબ્દોનો નિક્ષેપ એ **ઓઘ (સામાન્ય-જનરલ) નિષ્પન્ન નિક્ષેપ !**

તે-તે શાસ્ત્રોનું જે નામ હોય, તે નામનો નિક્ષેપ તે **નામનિષ્પન્ન નિક્ષેપ !** દા. ત. આચારાંગ નામ છે તો आचार શબ્દનો નિક્ષેપ..., સ્થાનાંગ નામ છે, તો स्थान શબ્દનો નિક્ષેપ..., દસવૈકાલિક નામ છે, તો दस શબ્દનો નિક્ષેપ... આ બધા નામ નિષ્પન્ન નિક્ષેપ !

તે-તે શાસ્ત્રોમાં જે સૂત્રો હોય તે સૂત્રોના શબ્દોનો નિક્ષેપ એ **સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપ !**

દા. ત. દસ વૈ.નું સૂત્ર धम्मो मंगल... એમાં धर्म શબ્દનો નિક્ષેપ..., આચારાંગનું સૂત્ર कयराओ दिसाओ... એમાં दिग् શબ્દનો નિક્ષેપ... આ બધા સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપ કહેવાય.

(૨) એ નિક્ષેપ થયા બાદ આચારાંગના પ્રથમ સૂત્ર सुअं मे आउसं... ની શરૂઆત થાય. એમાં પ્રથમ સૂત્ર ઉચ્ચારવું, પછી સૂત્રના પદો અલગ પાડવા, પછી એ પદનો અર્થ કહેવો... આ સંહિતાદિ સૂત્રમાં કરવામાં આવે, એ રીતે સૂત્રની વ્યાખ્યા થાય. આનું નામ સૂત્રાનુગમ !

હવે એ સૂત્રને જ સ્પષ્ટ કરતી જે નિર્યુક્તિ ગાથાઓ છે, તેનો ઉચ્ચાર વગેરે કરવું એ નિર્યુક્તિ-અનુગમ છે.

(૩) આ રીતે અનુગમ થાય, પછી આ શાસ્ત્ર/સૂત્ર કઈ અપેક્ષાએ છે ? વગેરેની વિચારણા કરવામાં આવે... તે નય.

---

वृत्ति :- तथा च पूज्याः-

*"दारक्कमोऽयमेव[1] उ निक्खिप्पइ जेण णासमीवत्थं ।*

---

1. द्वारक्रमोऽयमेव तु निक्षिप्यते येन नासमीपस्थम् । अनुगम्यते नान्यस्तं नानुगमो नयमतविहीनः ।।१।।

अणुगम्मइ णाणत्थं णाणुगमो णयमयविहूणो ॥१॥''

अत्र सङ्ग्रहश्लोकाः-

'उपक्रमोऽथ निक्षेपोऽनुगमश्च नयाः क्रमात् ।
द्वाराण्येतानि भिद्यन्ते, द्वेधा त्रेधा द्विधा द्विधा ॥१॥

उपक्रम उपक्रान्तिर्दूरस्थनिकटक्रिया ।
निक्षेपणं तु निक्षेपो, नामादिन्यसनात्मकः ॥२॥

सूत्रस्यानुगतिश्चित्राऽनुगमो नयनं नयः ।
अनन्तधर्मणोऽर्थस्यैकांशेनेति निरुक्तयः ॥३॥

न्यासदेशागतं शास्त्रं, न्यस्यते न्यस्तमेव तत् ।
अन्वीयतेऽन्विते नीतिस्तेनैतेषामयं क्रमः ॥४॥'

इत्थं विनेयस्मरणार्थं भेदनिरुक्तिक्रमप्रयोजनभाञ्जि द्वाराणि वर्णितानि, तद्वर्णनाच्च फलादीनि वाच्यानीति प्रतिज्ञातं निर्वाहितम् ।

---

तथा च पूज्या... પૂજ્ય પુરુષોએ (જિનભદ્રગણિક્ષમાશ્રમણ) આ જ પ્રમાણે કહ્યું છે કે-

દ્વારોનો ક્રમ આ જ છે.

કેમકે નજીકમાં નહિ રહેલું નિક્ષિપ્ત કરી શકાય નહિ... (ઉપક્રમ વિના નિક્ષેપ નહિ.)
અનિક્ષિપ્ત = અન્યસ્ત અનુગત કરી શકાય નહિ... (નિક્ષેપ વિના અનુગમ નહિ.)
અનુગમ નયમત વિનાનો ન હોય. એટલે દરેક અનુગમમાં નયમત હોય જ, માટે અનુગમ પછી નય આવે જ.

अत्र सङ्ग्रहश्लोका... આ વિષયમાં સંગ્રહ શ્લોકો આ પ્રમાણે છે. ઉપર બતાવેલા પદાર્થોનો સંક્ષેપમાં સંગ્રહ કરનાર શ્લોકો એ સંગ્રહ શ્લોકો.

(૧) ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય... આ દ્વારો ક્રમશઃ બે પ્રકારે, ત્રણ પ્રકારે, બે પ્રકારે, બે પ્રકારે ભેદાય છે. (એટલે કે એટલા-એટલા ભેદવાળા છે.) (૨) ઉપક્રાન્તિ એ ઉપક્રમ ! દૂર રહેલી વસ્તુને નજીક લાવવાની ક્રિયા ! નિક્ષેપણ=નિક્ષેપવું એ નિક્ષેપ ! નામાદિના ન્યાસ=સ્થાપન=નિરૂપણ સ્વરૂપ ! (૩) સૂત્રની વિવિધ પ્રકારની અનુગતિ=અનુસરણ=વ્યાખ્યાન એ અનુગમ ! નયન=લઈ જવું તે નય ! અનંતધર્મવાળા અર્થનું એક અંશથી નયન=જ્ઞાન=બોધ આ પ્રમાણે ઉપક્રમાદિની નિરુક્તિઓ=વ્યુત્પત્યર્થો છે. (૪) ન્યાસદેશમાં આવેલું શાસ્ત્ર ન્યસ્ત કરાય છે=નિક્ષેપાય છે. નિક્ષેપાયેલું એવું જ તે અનુગમનો વિષય કરાય છે. અનુગત શાસ્ત્રમાં નીતિ=નય લાગે છે. તેથી આ ચારનો આ ક્રમ છે.

इत्थं विनेयस्मरणार्थं... આ પ્રમાણે શિષ્યને પદાર્થોનું સ્મરણ કરાવવા માટે ભેદ+નિરુક્તિ+ક્રમનું પ્રયોજન આ ત્રણવાળા ઉપક્રમાદિ દ્વારો વર્ણન કરાયા. અને તેનું વર્ણન થઈ જવાથી પૂર્વે જે પ્રતિજ્ઞા કરેલી હતી કે- 'ફળ વગેરે કહેવા યોગ્ય છે.' એ પ્રતિજ્ઞા પૂર્ણ કરાઈ.

૨૮મી ગાથામાં 'उवक्कमाइणि दाराणि पण्णवेउं' એ પ્રતિજ્ઞા કરેલી, તેમાં उपक्रमादीनि... નો અર્થ ''તદ્ભેદ+નિરુક્તિ+ક્રમ પ્રયોજનના પ્રતિપાદન દ્વારા ઉપક્રમાદિ દ્વારોને જણાવીને'' એ પ્રમાણે કરેલો. ટીકાકારે એ બધું અત્યારે વ્યવસ્થિત બતાવી દીધું.

એ રીતે પ્રતિજ્ઞા પૂરી થઈ.

वृत्ति :- सम्प्रत्येभिरित्थं प्ररूपितैरेषामेव भेदप्रपञ्चनपुरस्सरं प्रक्रान्ताध्ययनं विचार्यते, तत्रोपक्रमो द्विधा-लौकिको लोकोत्तरश्च, तत्राद्यो नामस्थापनाद्रव्यक्षेत्रकालभावभेदतः षोढा, तत्र च नामतश्चिरतरकालभाविनः सन्निहितकाल एव करणं नामोपक्रमः, एवं स्थापनोपक्रमोऽपि, द्रव्योपक्रमः सचित्ताचित्तमिश्रभेदात् त्रिविधः, प्रत्येकोऽपि परिकर्मनाशभेदतो द्विविधः, उक्तं च भाष्यकारेण-

*"णामाई[1] छब्भेओ उवक्कमो दव्वओ सचित्ताई ।*
*तिविहो दुविहो य पुणो परिक्कमे वत्थुनासे य ।।१।।"*

सम्प्रत्येभिरित्थं... હવે આ પ્રમાણે પ્રરૂપણા કરાયેલા આ ઉપક્રમાદિ દ્વારો વડે આ ઉપક્રમાદિના જ ભેદોના વિસ્તૃત નિરૂપણપૂર્વક પ્રસ્તુત અધ્યયન વિચારાય છે.

(વિનયશ્રુત અધ્યયનમાં ઉપક્રમાદિ દ્વારોના ભેદોના જોડાણ નીચે આ અધ્યયનનું સ્વરૂપ વિચારવું.) તેમાં-

तत्रोपक्रमो... ઉપક્રમ : બે પ્રકારે છે, (૧) લૌકિક અને (૨) લોકોત્તર. તેમાં-

तत्राद्यो... (૧) લૌકિક :- (a) નામ (b) સ્થાપના (c) દ્રવ્ય (d) ક્ષેત્ર (e) કાલ (f) ભાવ એ ભેદોથી છ પ્રકારે છે. અને (a) તેમાં નામથી ઉપક્રમ આ પ્રમાણે છે- લાંબા કાળ બાદ થનાર નામનું નજીકના જ કાળમાં કરી દેવું તે નામોપક્રમ!

(b) એ પ્રમાણે સ્થાપનાઉપક્રમ પણ ! (લાંબાકાળ પછી થનારી સ્થાપનાને નજીકના જ કાળમાં કરી દેવી તે...)

द्रव्योपक्रमः... (c) દ્રવ્યોપક્રમ સચિત્ત, અચિત્ત, મિશ્ર ભેદથી ત્રણ પ્રકારે છે. એ દરેક પણ પરિકર્મ+નાશ એ બે ભેદથી બે પ્રકારે છે.

भाष्यकारेण... ભાષ્યકારે કહ્યું છે કે- નામાદિ છ પ્રકારનો ઉપક્રમ છે. દ્રવ્યથી સચિત્તાદિ ત્રણ પ્રકારનો ! વળી (દરેકે દરેક ભેદ) બે પ્રકારે છે. પરિકર્મમાં અને વસ્તુનાશમાં...! (પરિકર્મ એટલે વસ્તુને ખતમ કર્યા વિના જ એમાં યોગ્ય ફેરફાર-સુધારો કરવો તે...! વિનાશ એટલે વસ્તુનો પર્યાય ખતમ કરવો...)

वृत्ति :- तत्र परिकर्मणि सचित्तद्रव्योपक्रमोऽवस्थितस्यैव द्विपदचतुष्पदापदरूपस्य नरतुरगतरुप्रभृतिसचित्त-वस्तुनोऽविवक्षिताचित्तकेशाद्यवयवस्य यथाक्रमं रसायनशिक्षायुर्वेदादिवशतः तथाविधकर्मोदयादेः कालान्तरभाविनो वयःस्थैर्यविनयनप्रसूनोद्गमादिपरिणतिविशेषस्यापादनम्, अचित्तद्रव्योपक्रमः कनकादेः कटककुण्डलादिक्रिया, मिश्र-द्रव्योपक्रमः सचित्तस्यैव द्विपदादेः अचित्तकेशादिसहितस्य स्नानादिसंस्कारकरणम्,

तत्र परिकर्मणि... પરિકર્મમાં સચિત્ત દ્રવ્યનો ઉપક્રમ ત્રણ પ્રકારે છે. (૧) દ્વિપદનો, (૨) ચતુષ્પદનો, (૩) અપદનો. એમાં-

सचित्तद्रव्योपक्रमो-... દ્વિપદસચિત્તદ્રવ્યોપક્રમ :- કોઈક માણસ છે. એને મારવાનો નથી, માણસ રૂપે જ રહેવા દેવાનો. (अवस्थितस्यैव) એ માણસમાં જો કે વાળ વગેરે અવયવો અચિત્ત છે. એટલે આમ તો એ દ્વિપદદ્રવ્ય મિશ્ર બની જાયછે. પણ અહીં અચિત્ત એવા વાળ વગેરે અવયવોની વિવક્ષા કરવાની નથી, એટલે કે એ અચિત્ત દ્રવ્યો હોવા છતાં પણ

1. नामादिः षड्भेद उपक्रमो द्रव्यतः सचित्तादिः । त्रिविधो द्विविधश्च पुनः परिकर्मणि वस्तुनाशे च ।।१।।

એને ગણ્યા વિના જ સચિત્ત દ્રવ્યની વિચારણા કરવાની.

હવે આ માણસને તેવા પ્રકારના કર્મોદયને કારણે વયઃસ્થૈર્ય = ઉંમરની સ્થિરતા (=એવા પ્રકારનું શારીરિક બંધારણ કે જે એને લાં ો સમય જીવાડે...) અમુક કાળ બાદ થવાની હોય... (એટલે કે ૨૦-૨૨ વર્ષે શરીરનો ંધો ઘડાવાથી થવાની હોય કેમકે તેને ત્યારે જ તેવા પ્રકારનું અનુકૂળ કર્મ ઉદયમાં આવવાનું હોય...)

પણ એ માણસને તેવા પ્રકારનું રસાયન ખવડાવવામાં આવે કે જેના કારણે એને અત્યારે જ વયઃસ્થૈર્ય પ્રાપ્ત થાય... એ રૂપી વિશેષ પરિણતિ=વિશેષપર્યાય પ્રાપ્ત થાય... તો આ પરિકર્મમાં સચિત્તદ્વિપદદ્રવ્યોપક્રમ કરેલો કહેવાય.

(અહીં માણસ મર્યો નથી, પણ માણસમાં સુધારો=ફેરફાર કરવામાં આવ્યો છે, માટે પરિકર્મ ! વળી આ લાંબા કાળ બાદ થનાર હતું, પણ એ વહેલું કરવામાં આવ્યું... માટે ઉપક્રમ !

માણસ બે પગવાળું દ્રવ્ય છે, માટે દ્વિપદદ્રવ્યોપક્રમ ! માણસ સચિત્ત છે, જો કે અચિત્ત દ્રવ્યો એમાં ભેગા છે, એટલે આ મિશ્ર દ્રવ્ય છે, અને એ આખાનું જ પરિકર્મ થાય છે. પરંતુ એ અચિત્તદ્રવ્યોની વિવક્ષા નથી કરતા, માત્ર સચિત્તદ્રવ્યની જ વિવક્ષા કરીએ છીએ, માટે...)

**ચતુષ્પદસચિત્તદ્રવ્યોપક્રમ :-** ઘોડા રૂપી ચતુષ્પદ મરેલો નહિ, ઘોડા રૂપે જ જીવતો રહેલો હોય (**अवस्थितस्यैव**) એનામાં રહેલા અચિત્ત એવા વાળ વગેરે અવયવોની વિવક્ષા નથી કરવાની... એને નાચવા-કુદવા-દોડવાની શિક્ષા આપવામાં આવે... તો તેને તેવા પ્રકારના કર્મોદયાદિને કારણે જે વિનયશિક્ષણ પછીના કાળે થવાનું હતું, તે એમાં અત્યારે જ થઈ જાય...

એટલે કે એમાં વિનયશિક્ષા રૂપી જે વિશેષપરિણતિનું આપાદન થાય= સ્થાપન થાય એ ચતુષ્પદસચિતદ્રવ્યોપક્રમ! (વિસ્તૃત સમજણ દ્વિપદ... ની જેમ સમજી લેવાની.)

**અપદસચિત્તદ્રવ્યોપક્રમ :-** વૃક્ષ રૂપી અપદ કપાયેલું નહિ, પણ વૃક્ષ રૂપે જીવતું હોય... એનામાં જે અવયવો અચિત્ત હોય, એની વિવક્ષા નહિ કરવાની... વૃક્ષ સંબંધી આયુર્વેદ શાસ્ત્રના આધારે એના વિકાસના પ્રયત્નો કરવામાં આવે તો તે વૃક્ષમાં તેવા પ્રકારના કર્મોદયાદિને કારણે જે પુષ્પોત્પત્તિ અમુક કાળ બાદ થવાની હોય, તે અત્યારે થઈ જાય. આ જે પુષ્પોદ્‌ગમાદિ રૂપ વિશેષપરિણતિનું એ વૃક્ષમાં ઉત્પાદન=આપાદન એ અપદસચિત્તદ્રવ્યોપક્રમ !

**વિશેષાર્થ :-** तत्र परिकर्मणि... आपादनम् ત્રણેક લીટીના આ વાક્યનું સ્પષ્ટ અર્થ સમજાય, એ માટે પદાર્થને = ભાવાર્થને નજર સામે રાખીને અલગ-અલગ પાડીને આખો પદાર્થ દર્શાવ્યો છે. બરાબર ધ્યાન આપશો, તો આખો પદાર્થ બરાબર બેસી જશે.

દ્વિપદ – નર – રસાયાન – વયઃસ્થૈર્ય

ચતુષ્પદ – તુરગ – શિક્ષા – વિનયન

અપદ – તરુ – આયુર્વેદ – પ્રસૂનોદ્‌ગમ. આ રીતે તે તે સમસમેના તે તે શબ્દોનો અન્વય છે.

अवस्थितस्यैव... अविवक्षिताचित्तकेशाद्यवयवस्य... तथाविधकर्मोदयादेः कालान्तरभाविनः... આ શબ્દો ત્રણેયમાં સમાન છે. અર્થ યથાસંભવ વિચારી લેવાનો.)

**अचित्तद्रव्योपक्रमः... પરિકર્મમાં અચિત્તદ્રવ્યોપક્રમ** એટલે સુવર્ણ વગેરેની કડા, કુંડલ વગેરે રૂપે ક્રિયા !

**मिश्रद्रव्योपक्रमः... પરિકર્મમાં મિશ્રદ્રવ્યોપક્રમ** એટલે અચિતવાળ વગેરેથી યુક્ત એવા સચિત્ત જ દ્વિપદાદિને સ્નાન વગેરે સંસ્કાર કરવા તે. (ચતુષ્પદાદિનું સ્વયં ઉપર મુજબ સમજી લેવું)

---

वृत्ति :- एवं विनाशेऽपि द्रव्योपक्रमस्त्रिधा-तत्र सचित्तद्रव्योपक्रमोऽवस्थितस्यैव सचित्तद्रव्य-

स्याविवक्षितपर्यायान्तरोत्पत्ति प्रत्यभिज्ञानिवर्तकमसिपरश्वादितः प्राक्तनपर्यायापनयनम्, अचित्तद्रव्योपक्रम एवमेवाचित्तस्य रजतादेः पारदादिसम्पर्कतः स्वरूपादिभ्रंशनम्, मिश्रद्रव्योपक्रमोऽपि तथैव शङ्खशृङ्खलाद्यलङ्कृतद्विरदादेः सचेतनस्य मुद्गरादिभिरभिघातः।

---

एवं विनाशेऽपि... આ પ્રમાણે વિનાશમાં પણ દ્રવ્યોપક્રમ ત્રણ પ્રકારે છે. (સચિત્ત, અચિત્ત અને મિશ્ર...) તેમાં સચિત્તદ્રવ્યોપક્રમ આ પ્રમાણે-

(કોઈપણ દ્રવ્ય સંપૂર્ણ વિનાશ તો પામતું જ નથી. દ્રવ્ય તરીકે સ્થિર રહે છે, એના જૂના પર્યાયનો વિચ્છેદ થાય છે. અને નવા પર્યાયની ઉત્પત્તિ થાય છે, એટલે એ રીતે જોવા જઈએ તો દ્રવ્યનો વિનાશ થાય જ નહિ. એટલે અહીં એને અલગ રીતે ઘટાવી આપે છે.)

तत्र... જે સચિત્તદ્રવ્ય અવસ્થિત જ છે = વિદ્યમાન જ છે = અવિનષ્ટ જ છે... અવિવક્ષિત છે અન્ય પર્યાયની ઉત્પત્તિ જેમાં તેવું છે, પ્રત્યભિજ્ઞાનું નિવર્તક તેવું છે, તેનું તલવાર, પરશુ વગેરે દ્વારા જૂના પર્યાયનું અપનયન એ જ વિનાશમાં સચિત્તદ્રવ્યોપક્રમ કહેવાય.

(દા. ત. ગજસુકુમાળને આગથી બાળવામાં આવ્યા, તો ગજસુકુમાળનો આત્મા તો અવસ્થિત જ છે, પરંતુ એમનામાં નવો સિદ્ધત્વપર્યાય ઉત્પન્ન થયેલો છે, પણ એની વિવક્ષા કરવાની નહિ, નહિ તો એ પરિકર્મમાં ગણાઈ જાય. અત્યાર સુધી એ 'મનુષ્ય' તરીકે ઓળખાતા હતા, હવે એ સિદ્ધ તરીકે ઓળખાય. એટલે કે એમની ઓળખાણને દૂર કરનાર આ વસ્તુ બની. આગ વડે એમના જૂના પર્યાયનું = મનુષ્ય પર્યાયનું અપગમન થયું. આ અપગમન એ જ વિનાશમાં સચિત્તદ્રવ્યોપક્રમ...)

(અથવા મનુષ્ય દેહને જો સચિત્ત તરીકે લઈએ તો એને તલવારાદિથી કાપી નાંખ્યા બાદ તેમાં જીવંત મનુષ્ય પર્યાયનો વિનાશ થાય, અને મૃતક પર્યાયની ઉત્પત્તિ થાય. હકીકતમાં એ દ્રવ્ય તો સંપૂર્ણ વિનાશ પામતું નથી. પરંતુ અહીં નવા ઉત્પન્ન થયેલા પર્યાયની વિવક્ષા ન કરવી, એટલે માત્ર વિનાશ જ પકડાય. એટલે વિનાશને વિશે સચિત્તદ્રવ્યોપક્રમ મળી રહે. હવે એ શરીરને બધા મૃતક જ કહે. એટલે એના જૂના પર્યાયની ઓળખાણ = પ્રત્યભિજ્ઞાને દૂર કરનાર આ પ્રક્રિયા બને.)

अचित्तद्रव्योपक्रम... અચિત્તદ્રવ્યોપક્રમ આ જ પ્રમાણે અચિત્ત એવા ચાંદી વગેરેનું પારા વગેરેના સંપર્ક દ્વારા સ્વરૂપાદિથી ભ્રંશન થવું = ભ્રષ્ટ થવું તે ! (एवम् આ જ પ્રમાણે = अविवक्षितपर्यायान्तरोत्पत्ति... प्रत्यभिज्ञानिवर्तकम्... સમજવું)

मिश्रद्रव्योपक्रमोऽपि... મિશ્રદ્રવ્યોપક્રમ પણ એજ પ્રમાણે શંખ-સાંકળ વગેરેથી અલંકૃત બનેલા હાથી વગેરે સચિત્તદ્રવ્યનો મુદ્ગર વગેરે શસ્ત્રોથી અભિઘાત કરવો તે ! (અહીં પણ तथैव = ઉપર પ્રમાણે સમજી લેવું.)

---

वृत्ति :- एवं क्षेत्राद्युपक्रमा अपि परिकर्मविनाशभेदतो द्विभेदाः, तत्र यद्यपि क्षेत्रं नित्यममूर्तं च, ततो न तस्य परिकर्मविनाशौ स्तस्तथापि तदाधेयस्य जलादेर्नावादिहेतुतस्तौ सम्भवत इत्युपचारतस्तदुपक्रमः, उक्तं च-

*"खित्तमरूवं णिच्चं ण तस्स परिकम्मणं ण य विणासो ।*
*आहेयगयवसेण उ करणविणासोवयारोऽत्थ ॥१॥*
*णावाए उवक्कमणं हलकुलियाईहि वावि खेत्तस्स ।*
*संमज्जभूमिकम्मे य पंथतलागाइयाणं च ॥२॥"*

---

1. क्षेत्रमरूपं नित्यं न तस्य परिकर्म न च विनाशः । आधेयगतवशेनैव करणविनाशोपचारोऽत्र ॥१॥ नावोपक्रमणं हलकुलिकादिभिर्वाऽपि क्षेत्रस्य । संमार्जनभूमिकर्म च पथतडाकादीनां च ॥२॥

**एवं क्षेत्राद्युपक्रमा...** આ પ્રમાણે ક્ષેત્રાદિ-ઉપક્રમો પણ પરિકર્મ અને વિનાશ આ બે ભેદથી બે પ્રકારના છે.

તેમાં જો કે ક્ષેત્ર નિત્ય છે અને અમૂર્ત (રૂપ-સ્પર્શાદિ વિનાનું) છે તેથી તેના પરિકર્મ અને વિનાશ ન થાય.

**...स्तथापि...** તો પણ ક્ષેત્રમાં રહેલ પાણી વગેરે પદાર્થોના પરિકર્મ અને વિનાશ એ નાવડી વગેરે હેતુ દ્વારા સંભવે છે, એટલે ઉપચારથી ક્ષેત્રોપક્રમ કહેવાય.

**વિશેષાર્થ :-** પ્રસ્તુતમાં આકાશ પ્રદેશ ક્ષેત્રરૂપે છે. ઘટ-પટ-પાણી વગેરે સર્વે પદાર્થો આકાશ પ્રદેશ ઉપર રહેલા છે. માટે આકાશ પ્રદેશ આધાર બનશે અને ઘટ-પટ-પાણી વગેરે પદાર્થો આધેય બનશે. એટલે પાણી જે આકાશ પ્રદેશ રૂપ ક્ષેત્રમાં રહેલ છે તેના કરતા બીજા (અન્ય) આકાશ પ્રદેશ રૂપ ક્ષેત્રમાં નાવ વગેરે દ્વારા પાણી ને ખસેડવું તે આકાશ પ્રદેશનો પરિકર્મ કહેવાશે. અને એક અપેક્ષાએ મૂળભૂત આકાશ પ્રદેશ રૂપ ક્ષેત્રમાંથી તે પાણીના ખસવારૂપ વિનાશ થવાથી આકાશ પ્રદેશનો વિનાશ કહેવાશે.

અર્થાત્ અન્યક્ષેત્રમાં પાણીના જવાથી તે ખરેખર તો પાણીનુ પરિકર્મ થવા છતાં ઉપચારથી ક્ષેત્રનું પરિકર્મ કહેવાશે અને મૂળભૂત આકાશ પ્રદેશ રૂપ ક્ષેત્રમાંથી પાણીનો વિનાશ થવાથી ખરેખર તો પાણીનો વિનાશ થવા છતાં ઉપચારથી ક્ષેત્રનો વિનાશ કહેવાશે.

**उक्तं च...** કહ્યું છે કે- (૧) ક્ષેત્ર અરૂપી છે, નિત્ય છે, તેના પરિકર્મ અને વિનાશ ન થાય, પણ આધેયમાં ગયેલા=રહેલા પરિકર્મ+વિનાશના વશથી ક્ષેત્રમાં પરિકર્મ અને વિનાશનો ઉપચાર છે. (૨) નાવડી વડે અથવા તો હળ-કુલિક વગેરે સાધનો વડે ક્ષેત્રનું ઉપક્રમણ થાય. સંમાર્જન = (કચરો કાઢવો), ભૂમિકર્મ= (પોતું કરવું... વગેરે.) તથા રસ્તા અને તળાવ વગેરેનું ઉપક્રમણ થાય.

(હોડીથી પાણીમાં એક કિ.મી. જઈએ, તો ક્ષેત્ર નજીક આવ્યું કહેવાય ને ? એમ તેમાં પાણીનો વિનાશ થાય... હળ વગેરેથી પણ ખેતર ખેડાય. વિનાશ પામે... રસ્તા બનાવવામાં આવે... તળાવ ખોદાવવામાં આવે.... આ બધામાં જો કે આકાશ પ્રદેશો રૂપ ક્ષેત્રને કશું થતું નથી. પણ તેમાં રહેલા દ્રવ્યોમાં પરિકર્મ + વિનાશ થાય છે. અને તે ઉપચારથી ક્ષેત્રમાં ગણવાના છે. સ્વયં આ પદાર્થ વિચારી લેવો.)

---

**वृत्ति :-** कालो वर्तना[1]दिरूपत्वेन द्रव्यपर्यायात्मक एव, द्रव्यपर्यायौ च नरसिंहवदन्योऽन्यसंवलितौ, ततस्तद्द्वारेण तस्य गुणविशेषाऽऽधानविनाशावुपक्रमशब्दवाच्यौ, आह च-

*"जं व[2]त्तणादिरूवो कालो दव्वाण चेव पज्जाओ ।*
*तो तक्करणविणासे कीरइ कालोवयारो उ ॥१॥"*

---

**कालो...** હવે કાલોપક્રમ વિચારીએ :- કાલ વર્તનાદિ રૂપ છે. તેથી તે દ્રવ્યના પર્યાયસ્વરૂપ જ છે. કારણ કે 'આ વસ્તુ જૂની થઈ' અથવા 'આ વસ્તુ નવી છે.' ઈત્યાદિ વ્યવહાર વર્તના વગેરે રૂપ કાળના કારણે જ થાય છે માટે વર્તના રૂપ કાળ પણ દ્રવ્યનો પર્યાય આત્મક છે.

**પ્રશ્ન :** દ્રવ્ય સાથે પર્યાયને શું લેવા-દેવા છે ? અર્થાત્ કાળ પર્યાયસ્વરૂપ છે પણ 'તે દ્રવ્યના પર્યાય સ્વરૂપ છે' એવું કહેવાની શી આવશ્યકતા છે ? અર્થાત્ દ્રવ્ય શબ્દ ને લાવવાની શી આવશ્યકતા છે ?

**द्रव्यपर्यायौ...** ઉત્તર : જેમ નરસિંહમાં પરસ્પર સિંહ અને નર ભેગા છે અર્થાત્ અલગ નથી. પણ તે બન્ને એક-બીજાથી પરસ્પર જોડાયેલા જ છે. તેમ દ્રવ્ય અને પર્યાય પરસ્પર જોડાયેલા છે. માટે કાળ પર્યાય હોય તો તે દ્રવ્યથી જોડાયેલો જ હોય

1. वर्त्तमाना० प्र. । 2. यद्वर्त्तनादिरूपः कालो द्रव्याणामेव पर्यायः । ततस्तत्करणविनाशयोः क्रियते कालोपचारोऽत्र ॥

એવું બતાવવા માટે 'દ્રવ્યના પર્યાય' તરીકે જ કાળ કહેવાય છે.

**ततस्तद्द्वारेण...** જે કારણથી દ્રવ્ય અને પર્યાય પરસ્પર જોડાયેલા છે તેથી દ્રવ્યના પર્યાય દ્વારા તે કાળનો ગુણવિશેષનું આધાન (પરિકર્મ) અને વિનાશ એ કાળ ઉપક્રમ શબ્દથી કહેવાના છે.

જેમકે પેનનો ૧ વર્ષ પસાર થયો હોય તો તે પેનરૂપ દ્રવ્યના પર્યાય દ્વારા તે કાળનો પરિકર્મ અને વિનાશોપક્રમ જાણવો કેવી રીતે ? – જ્યારે નવી પેન હતી તેના કરતા ૧ વર્ષ પછીની પેનનો પર્યાય જુદો જ છે અને તેમાં મુખ્ય કારણ તો વર્તના રૂપ કાળ જ છે. તેથી નવી પેન સ્વરૂપ પર્યાયના નાશ થવા રૂપ કાળોપક્રમ થયો અને જૂની પેન રૂપ પર્યાયનું પરિકર્મ થવા રૂપ કાળોપક્રમ થયો.

અહીં વાસ્તવિકતાએ તો પેન રૂપ દ્રવ્યના પર્યાયનો જ વિનાશ અને પરિકર્મ થયો છે. પણ તે કાળને આશ્રયીને થયો હોવાથી ઉપચારથી કાળનો (વિનાશ અને પરિકર્મ રૂપ) ઉપક્રમ કહેવાશે.

**आह च...** કહ્યું છે કે- જે કારણથી વર્તનાદિ રૂપ કાળ દ્રવ્યોનો જ પર્યાય છે. તે કારણથી દ્રવ્યના કરણ = પરિકર્મ અને વિનાશમાં કાલનો ઉપચાર કરાય છે. (એટલે કે કાલોપક્રમ કહેવાય છે...)

(દસ દિવસ પછી બનાવવાનો ઘડો આજે બનાવી દીધો, તો એ પરિકર્મમાં કાલોપક્રમ... દસ દિવસ બાદ તોડી નાંખવાનો ઘડો આજે તોડી નાંખ્યો, તો એ વિનાશમાં કાલોપક્રમ... ઈત્યાદિ સ્થૂલ દૃષ્ટિથી વિચારી શકાય.)

---

वृत्ति :- आह- मनुष्यक्षेत्रे सूर्यक्रियाव्यङ्ग्यो वर्तनादिद्रव्यपरिणतिनिरपेक्षोऽद्धाकालाख्यः कालोऽस्ति, यथोक्तम्-

*"सूरकिरियाविसिट्ठो[1] गोदोहादिकिरियासु निरवेक्खो ।*
*अद्धाकालो भण्णइ समयक्खेत्तंमि समयाई ॥१॥"*

त्ति, तत्र का वार्ता ?,

---

**आह... प्रश्न :** મનુષ્યક્ષેત્રમાં સૂર્ય પરિભ્રમણ રૂપી ક્રિયા કરે છે, એ ક્રિયાથી અભિવ્યઙ્ગ્ય = પ્રગટ થતો એવો અદ્ધાકાલ નામનો કાલ માનેલો છે. (જે સેકંડ-મિનિટ-કલાક-દિવસ વગેરે રૂપ છે.) અને આ કાળ એ દ્રવ્યની વર્તનાદિ રૂપ પરિણતિથી સાવ નિરપેક્ષ છે માટે એ પર્યાય સાથે આ કાળને કોઈ નિસ્બત નથી.

**यथोक्तम्...** કહ્યું જ છે કે- સમયક્ષેત્રમાં = અઢિદ્વીપમાં સૂર્યની ક્રિયાથી વિશિષ્ટ સમય-આવલિકા વગેરે રૂપ કાળ અદ્ધાકાળ કહેવાય છે. અને તે ગાયનું દોહન વગેરે ક્રિયાઓને વિશે નિરપેક્ષ છે. (એટલે કે 'કુકડા વગેરે બોલે એટલે જ સવારના ૫ વાગ્યા છે.' એવું સમયક્ષેત્રમાં=અઢિદ્વીપમાં આવશ્યક નથી અર્થાત્ કૂકડાને બોલવાની ક્રિયા ન થઈ હોય તો પણ સૂર્યની ક્રિયા દ્વારા ૫ વાગવાના જ હતા માટે અહીં ગાયને દોહવું – કૂકડાનું બોલનું વગેરે સ્વરૂપ ક્રિયાને નિરપેક્ષ જ અદ્ધાકાળ છે.)

**तत्र...** માટે ત્યાં દ્રવ્યનો પર્યાય સ્વરૂપ વર્તના વગેરે થી નિરપેક્ષ અદ્ધાકાળનું પરિકર્મ અને વિનાશની શી વાત છે ? એટલે તેમાં પરિકર્મ અને વિનાશ કેવી રીતે ઘટશે ?

---

वृत्ति :- उच्यते, तस्यापि शङ्कुच्छायादिना यथावत्परिज्ञानत ऋक्षादिचारैरतिपाततश्चामूर्तत्वेऽपि परिकर्मविनाशसम्भवादुपक्रमः, तथा च पूज्याः-

---

1. सूरक्रियाविशिष्टो गोदोहादिक्रियासु निरपेक्षः । अद्धाकालो भण्यते समयक्षेत्रे समयादिः ॥१॥

*"छायाइ नालियाइ व परिकम्मं से जहत्थविन्नाणं ।*
*रिक्खाईचारेहि य तस्स विणासो विवज्जासो ।।१।।"*

उच्यते... ઉત્તર : તે કાળ જો કે અમૂર્ત છે, તો પણ શંકુની છાયા વગેરે વડે તે કાળનું સાચું પરિજ્ઞાન થાય છે, તેથી એ રીતે તેમાં પરિકર્મનો સંભવ છે, તેથી તેનો પણ = અદ્ધાકાળનો પણ ઉપક્રમ થશે.

એમ નક્ષત્ર વગેરેના પરિભ્રમણથી કાળનો અતિપાત=ઉલ્લંઘન થાય છે, તેથી એ રીતે તેના વિનાશનો સંભવ છે, તેથી તેનો પણ = અદ્ધાકાળનો પણ ઉપક્રમ થશે.

(જૂના કાળમાં સમયને જાણવા માટે શંકુનો ઉપયોગ થતો. એની છાયા માપવામાં આવતી. અને એના આધારે કેટલો સમય થયો છે ? એનો નિર્ણય કરવામાં આવતો. આ એક પ્રકારનું કાળનું પરિકર્મ જ કહેવાય.

એમ અમુક પ્રકારના નક્ષત્રો વગેરેનું પરિભ્રમણ થાય, એટલે સારો કાળ જતો રહે, ખરાબ કાળ આવે... દા. ત. આદ્રા નક્ષત્ર આવે, એટલે કેરી બગડવા માંડે, કેમકે તેને યોગ્ય કાળ ખતમ થઈ ગયો. આ કાળનો અતિપાત કહેવાય. આમાં સીધી રીતે તો કાળનો પરિકર્મ કે અતિપાત ન ઘટે, કેમકે તે અમૂર્ત છે. પણ જ્ઞાન દ્વારા અને નક્ષત્ર પરિભ્રમણથી સારો કાળ જતો રહેવા દ્વારા પરિકર્મ+વિનાશ સંભવિત છે. માટે ઉપક્રમ માની શકાય.)

(तस्यापि = વર્તનાદિ રૂપ કાળનો તો ઉપક્રમ થાય જ છે. પણ અદ્ધારૂપ કાળનો પણ થાય એ પ્રમાણે 'अपि' શબ્દનો અર્થ છે.) આ જ વાત પૂજ્ય પુરુષો કરે છે. – છાયા વડે અથવા તો નાલિકા વડે તેનું=અદ્ધાકાળનું યથાર્થ=સારું વિજ્ઞાન એ તેનું=કાળનું પરિકર્મ !

અને નક્ષત્રાદિના ભ્રમણ વડે તેનો=કાળનો વિપર્યાસ = બદલાઈ જવું તે તેનો=કાળનો વિનાશ !

(જેમ ઘડી દ્વારા ૪૮ મિનિટનો કાળ જાણીએ, એમ નાલિકા નામના સાધન દ્વારા પણ કાળ જણાતો. એમાં ધીમે-ધીમે પાણી ટપકે. એના ચોક્કસ માપ ઉપરથી સમયની ખબર પડે.)

वृत्ति :- भावोपक्रमस्तु यद्यपि भावस्य पर्यायत्वात् तस्य च द्रव्यात् कथञ्चिदनन्यत्वात्तदुपक्रमाभिधानत उक्त एव, तथापि जीवद्रव्यपर्यायोऽभिप्रायाख्यो भावशब्दाभिधेयोऽस्ति, यदुक्तम्- *"भावाभिख्याः पञ्च स्वरूप-सत्तात्मयोन्यभिप्रायाः"* इति, ततस्तस्य परचित्तवर्तिनः संवेदनाविषयतया विप्रकर्षवत इङ्गिताकारादिना परिज्ञानतः सन्निहितकरणं ज्ञातस्य वा तथाऽननुगुणानुगुणचित्रचेष्टातः कुपितप्रसन्नतापादनं भावोपक्रम एव,

भावोपक्रमस्तु... હવે ભાવોપક્રમ જોઈએ :- એ જો કે કહેવાઈ જ ગયો છે. (भावोपक्रमस्तु यद्यपि... उक्त एव) તે આ પ્રમાણે :- ભાવ એ પર્યાય છે. અને પર્યાય દ્રવ્યની અપેક્ષાએ અભિન્ન છે. એટલે દ્રવ્યના ઉપક્રમનું જે કથન કરેલું છે, તેના દ્વારા દ્રવ્ય-અભિન્ન એવા ભાવના ઉપક્રમનું કથન થઈ જ ગયું કહેવાય. તો પણ જે જીવ રૂપી દ્રવ્ય છે, તેનો જે અભિપ્રાય નામનો પર્યાય છે. તે અહીં ભાવ શબ્દથી કહેવાય છે.

પ્રશ્ન : પણ 'ભાવ'નો અર્થ અભિપ્રાય શી રીતે થાય ?

यदुक्तम्... ઉત્તર : કહ્યું જ છે કે - ભાવ નામવાળા = ભાવ શબ્દથી ઓળખાય તેવા = ભાવ એ છે અભિખ્યા જેની તેવા... પાંચ છે. (૧) સ્વરૂપ, (૨) સત્તા, (૩) આત્મા, (૪) યોનિ, (૫) અભિપ્રાય.

1. छायया नालिकया वा परिकर्म तस्य यथार्थविज्ञानम् । ऋक्षादिचारैश्च तस्य विनाशो विपर्यासः ।।१।।

(૧) સ્વરૂપ :- ઘટભાવ = ઘટનું સ્વરૂપ = ઘટ કમ્બુગ્રીવાદિવાળો છે... ઈત્યાદિ,

(૨) સત્તા :- ઘટભાવ = ઘટની સત્તા = ઘટની હાજરી છે... ઈત્યાદિ,

(૩) આત્મા :- ભાવ = આત્મા = જીવ...

(૪) યોનિ :- भूयते अस्मादिति भावः = ઘડો માટીમાંથી થાય, માટે માટી ઘટની યોનિ=ઉત્પત્તિ સ્થાન=ભાવ છે.

(૫) અભિપ્રાય :- ચૈત્રનો ભાવ પૂજા કરવાનો છે... અહીં ભાવ = અભિપ્રાય...)

ततस्तस्य... હવે ભાવનો અર્થ અભિપ્રાય કર્યો છે, તેથી (ततः) તેનો ઉપક્રમ જોઈએ. તે બીજા મનમાં રહેલો ભાવ=અભિપ્રાય એ આપણા સંવેદનનો વિષય નથી, અને તેથી આપણા માટે એ અભિપ્રાય દૂર રહેલો કહેવાય.

इङ्गिताकारादिना... એ દૂર રહેલા અભિપ્રાયનું એ વ્યક્તિના ઇંગિત વડે = સૂક્ષ્મ ચેષ્ટા વડે = આકાર વડે = સ્થૂલ ચેષ્ટા વડે પરિજ્ઞાન કરવું, અને એના દ્વારા એ અભિપ્રાયને નજીક લાવવો એ ભાવોપક્રમ છે.

**અથવા**

ज्ञातस्य वा... એ જે ભાવ જણાઈ ગયો છે તેને અનનુકૂળ=પ્રતિકૂળ એવી અનેક પ્રકારની ચેષ્ટાઓ કરો, તો તે જીવમાં ક્રોધ ઉત્પન્ન થાય અને જો તેને અનુકૂળ એવી અનેક = અલગ-અલગ ચેષ્ટાઓ કરો, તો તે જીવમાં પ્રસન્નતા ઉત્પન્ન થાય. આ રીતે કોપ કે પ્રસન્નતાનું આપાદન કરવું એ ભાવોપક્રમ જ છે. (કોપાદિ પદાર્થો ભાવરૂપ જ છે ને ?...)

---

वृति :- स चावश्यमिहाभिधेयः, तदन्तर्गतत्वात् गुरुभावोपक्रमस्य, तस्य च सकलानुयोग-प्रथमाङ्गत्वात्, उक्तं च- "भण्णइ[1] वक्खाणंगं गुरुचित्तोवक्कमो पढमं" ति, शेषोपक्रमाणामपि चैतदङ्गत्वात्, तथा चाह-

*"जुत्तं[2] गुरुमयगहणं को सेसोवक्कमोवयारोऽत्थ ? ।*
*गुरुचित्तपसायत्थं तेऽवि जहाजोगमाजोज्जा ॥१॥*

*परिकम्मणासणाओ देसे काले य जे जहा जोगा ।*
*तो ते दव्वाईणं कज्जाऽऽहाराइकज्जेसुं ॥२॥"*

तत एतदभिधानाय द्रव्योपक्रमाद्भावोपक्रमः पृथगुच्यते,

---

स चावश्यमिहाभिधेयः... આ ભાવોપક્રમ અહીં અવશ્ય કહેવાનો.

પ્રશ્ન : કેમ ?

तदन्तर्गतत्वात्... ઉત્તર : કારણ કે ગુરુભાવોપક્રમ એ ભાવોપક્રમની અંદર સમાયેલો છે, અને ગુરુભાવોપક્રમ તમામ અનુયોગનું = વ્યાખ્યાનનું સૌથી પ્રથમ અંગ = કારણ છે. (ગુરુનો અભિપ્રાય જાણી એને અનુકૂળ પ્રવૃત્તિ દ્વારા એમને પ્રસન્ન કરીએ, તો ગુરુ પાસેથી સુંદર મઝાનું શ્રુતજ્ઞાન = વ્યાખ્યાન પ્રાપ્ત થાય. એટલે ગુરુભાવોપક્રમ અત્યંત જરૂરી છે, અને એ ભાવોપક્રમનો જ એક અંશ છે, માટે ભાવોપક્રમ તો અહીં અવશ્ય કહેવો જ જોઈએ.)

---

1. भण्यते व्याख्यानाङ्गं गुरुचित्तोपक्रमः प्रथमम् । 2. युक्तं गुरुमतग्रहणं कः शेषोपक्रमोपचारोऽत्र । गुरुचित्तप्रसादार्थं तेऽपि यथायोगमायोज्याः ॥१॥ परिकर्मनाशनाभ्यां देशे काले च ये यथा योग्याः । ततस्ते द्रव्यादीनां कार्या आहारादिकार्येषु ॥२॥

उक्तं च-... કહ્યું જ છે કે = કહેવાય છે (આગળ કોઈક પ્રશ્ન કરેલો હશે, તેનો ઉત્તર શરૂ થાય છે, એટલે भण्यते = अत्रोत्तरं दीयते લખેલું છે.) ગુરુના ચિત્તનો = ભાવનો ઉપક્રમ એ વ્યાખ્યાનનું પ્રથમ અંગ છે. વળી બાકીના જે ઉપક્રમો છે, તે પણ આ ગુરુભાવોપક્રમના કારણ છે. (અને એ માટે જ તેમનું અહીં નિરૂપણ કરેલું છે... એટલે પ્રધાન તો ગુરુભાવોપક્રમ જ છે.) માટે પણ આ ભાવોપક્રમ અહીં અવશ્ય કહેવો જ જોઈએ.

પ્રશ્ન : 'બાકીના ઉપક્રમો પણ ભાવોપક્રમના કારણ છે.' એવું શી રીતે કહેવાય ?

तथा चाह... ઉત્તર : જુઓ, શાસ્ત્રમાં જ કહ્યું છે કે–

પ્રશ્ન : ગુરુના અભિપ્રાયનું ગ્રહણ તો બરાબર છે, પણ અહીં બાકીના ઉપક્રમોનો ઉપચાર શું ? (શા માટે બાકીના ઉપક્રમોનું કથન કર્યું ?)

ઉત્તર : બાકીના ઉપક્રમો પણ ગુરુના ચિત્તની પ્રસન્નતા માટે જે રીતે યોગ થાય = શક્ય થાય, તે રીતે જોડવા. (તે તે) દેશમાં અને કાળમાં પરિકર્મ અને વિનાશ જે રીતે જે યોગ્ય હોય, આહારાદિ કાર્યોને વિશે દ્રવ્યાદિના પરિકર્મ અને વિનાશ તે રીતે કરવા.

तत एतदभिधानाय... તેથી ગુરુભાવોપક્રમનું નિરૂપણ કરવાને માટે દ્રવ્યોપક્રમ કરતા ભાવોપક્રમ અલગ કહેવાયો છે.

સાર :- भावोपक्रमस्तु यद्यपि भावस्य... એ પંક્તિથી ચાલુ કરીને છેક અહીં સુધી = पृथगुच्यते સુધી પદાર્થનો સંબંધ છે. તે આ પ્રમાણે :- (૧) ભાવોપક્રમ અપેક્ષાએ કહેવાઈ જ ગયો છે, એ વાત પહેલા કરી... તેથી પ્રશ્ન ઉભો થાય કે 'તો પછી અલગ શું કામ કહો છો ?' (૨) આ પ્રશ્નનો ઉત્તર આપવા માટે तथाऽपि થી માંડીને आहाराइकज्जेसुं સુધીનું વર્ણન છે. એમાં ક્રમશઃ આ પ્રશ્નનો ઉત્તર આપી દીધો, અને છેલ્લે હવે ઉપસંહાર કર્યો કે- તેથી ગુરુભાવોપક્રમનું નિરૂપણ કરવા માટે દ્રવ્યોપક્રમ કરતા ભાવોપક્રમ અલગ કહેવાય છે. (૩) એ ક્રમશઃ ઉત્તરનો સાર આ પ્રમાણે –

ભાવનો અર્થ અભિપ્રાય પણ થાય, આ અભિપ્રાયનું જ્ઞાન... એ ભાવોપક્રમ... આ અહીં અવશ્ય કહેવો જ પડે. કારણ કે ભાવોપક્રમ કહીએ, તો એમાં ગુરુભાવોપક્રમ આવી જ જાય. કેમકે એ એનો એક ભાગ છે. અને ગુરુભાવોપક્રમ તો તમામ વ્યાખ્યાનનું કારણ હોવાથી તે અત્યંત આવશ્યક છે, માટે તેના માટે ભાવોપક્રમ કહેવો જ પડે.

ભાવોપક્રમ અવશ્ય કહેવા પાછળની એક યુક્તિ આપી દીધા બાદ બીજી યુક્તિ આપે છે કે બાકીના ઉપક્રમો પણ ગુરુભાવોપક્રમના કારણ રૂપે જ ઉપયોગી છે. એટલે સૌથી વધુ પ્રધાનતા ગુરુભાવોપક્રમની છે. એટલે એ કહેવું જ પડે અને એટલે એને કહેવાને માટે ભાવોપક્રમ કહેવો જ પડે.

વચ્ચે-વચ્ચે પોતે રજુ કરેલા પદાર્થોની પુષ્ટિ માટે શાસ્ત્રપાઠો મુકવામાં આવ્યા છે. तथाऽपि થી શરૂ કરેલ સમાધાન तत एतदभिधानाय ઉપર પૂર્ણ થયું... ગરમીમાં ગરમ પાણીને ઠંડુ કરવું એ પરિકર્મ ! ગુરુના સંથારાની જગ્યાએ પાણીથી પોતું કરીને ઠંડક કરવી એ પાણીનો વિનાશોપક્રમ ! ઠંડીમાં સુંઠાદિ ભેગા કરી આપવા એ પરિકર્મ ! બારી વગેરે બંધ કરી પવન બિલકુલ આવવા ન દેવો એ વિનાશ ! ઉનાળામાં વિહાર વહેલો, શિયાળામાં મોડો... અથવા તે તે કાળે વિહાર જ બંધ... આ બધો કાળોપક્રમ !...

આ બધુ ગુરુના અભિપ્રાયને જાણીને, એમની પ્રસન્નતા માટે કરવાનું છે. માટે આ બધા ઉપક્રમો ાવોપક્રમમાં ઉપયોગી બન્યા ને ?

પંક્તિઓ શાંતિથી + એકાગ્રતાથી વાંચશો, તો દરેક પંક્તિના પરસ્પર સંબંધ બરાબર પકડાતા જશે.

---

वृत्ति :- स च द्विविधः-प्रशस्ताप्रशस्तभेदात्, तत्राप्रशस्तो ब्राह्मणीगणिकाऽमात्यदृष्टान्ततोऽवसेयः, प्रशस्तश्च शिष्यस्य श्रुतादिहेतोर्गुरुभावोन्नयनं, यत आह-

"सीसो[1] गुरुणो भावं जमुवक्कमए सुहं पसत्थमणो ।
सहियत्थं स पसत्थो इह भावोवक्कमोऽहिगतो ॥१॥"

इत्युक्तो लौकिक उपक्रमः,

---

**स च द्विविधः...** તે = ભાવોપક્રમ પ્રશસ્ત અને અપ્રશસ્ત ભેદથી બે પ્રકારે છે. તેમાં અપ્રશસ્ત ભાવોપક્રમ બ્રાહ્મણી, ગણિકા, મંત્રીના દૃષ્ટાન્તથી જાણી લેવો. (આ દૃષ્ટાન્તો આવશ્યકનિર્યુક્તિમાં પ્રસિદ્ધ છે, છતાં ટુંકમાં- (i) બ્રાહ્મણીએ 'પોતાની ત્રણ દીકરીઓએ પતિ સાથે કેવી રીતે વર્તન કરવું ? કે જેથી તેઓ સુખી થાય' એ માટે ત્રણેયના પતિઓના અભિપ્રાય = સ્વભાવને જાણ્યો...

(ii) ગણિકાએ પોતાની પાસે આવનારા પુરુષોને પ્રસન્ન કરીને વધુ ધન મેળવવાના અભિપ્રાયથી એમની ઈચ્છાઓને જાણવાનો ઉપાય અજમાવ્યો.

(iii) મંત્રીએ રાજાનો અભિપ્રાય જાણી, એ પ્રમાણે પ્રવૃત્તિ કરી રાજાને ખુશ કર્યો. આ ત્રણેયમાં મોક્ષ પરંપરાએ પણ જોડાયો નથી, માટે આ અપ્રશસ્ત કહેવાય.)

**प्रशस्तश्च...** શિષ્યનું શ્રુતાદિને માટે ગુરુના ભાવોનું જાણવું તે પ્રશસ્ત ભાવોપક્રમ !

**यत आह...** કેમકે કહ્યું છે કે- પ્રશસ્તમનવાળો શિષ્ય પોતાના હિતને માટે ગુરુના શુભભાવને જે જાણે છે, તે પ્રશસ્ત ભાવોપક્રમ છે, અને અહીં તે અધિકૃત છે. એટલે કે અહીં તેનો અધિકાર છે. આ પ્રમાણે લૌકિક ઉપક્રમ કહેવાઈ ગયો.

---

वृत्ति :- शास्त्रीयस्त्वानुपूर्वीनामप्रमाणवक्तव्यताऽर्थाधिकारसमवतारात्मकः, तत्रानुपूर्वी नामादि-दशप्रकारा[2] अन्यत्र प्रपञ्चत उक्ता, इह पुनरुत्कीर्तनगणनात्मिकया तयाऽधिकार इति सैव भण्यतेतत्रो-त्कीर्तनं विनयश्रुतं परीषहाध्ययनं चतुरङ्गीयमित्यादि संशब्दनम्, गणनं सङ्ख्यानम्, तच्च पूर्वानुपूर्वीपश्चानु-पूर्वीअनानुपूर्वीभेदतस्त्रिविधम्, तत्र पूर्वानुपूर्व्या गण्यमानमिदमध्ययनं प्रथमम्, पश्चानुपूर्व्या षट्त्रिंशत्तमम्,

---

**શાસ્ત્રીય ઉપક્રમ** (૧) આનુપૂર્વી, (૨) નામ, (૩) પ્રમાણ, (૪) વક્તવ્યતા, (૫) અર્થાધિકાર, (૬) સમવતાર સ્વરૂપ છે. તેમાં (૧) આનુપૂર્વી નામ વગેરે દશ પ્રકારની છે. એ અન્ય ગ્રન્થમાં વિસ્તારથી કહેવાયેલી છે. અહીં ઉત્કીર્તન અને ગણના એ બે સ્વરૂપ આનુપૂર્વી વડે અધિકાર છે એટલે એ બે જ કહેવાય છે. તેમાં ઉત્કીર્તન એટલે નામ બોલવું તે. દા. ત. વિનયશ્રુત, પરીષહાધ્યયન, ચતુરંગીય... વગેરે.

ગણન એટલે સંખ્યાન = ગણવું. તે પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી આ ત્રણ ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં- પૂર્વાનુપૂર્વી વડે આ પ્રથમ અધ્યયન ગણવામાં આવે તો એ પ્રથમ છે. પશ્ચાનુપૂર્વી વડે આ પ્રથમ અધ્યયન ગણવામાં આવે તો એ છત્રીસમું છે.

(ઉત્તરાધ્યયનના કુલ ૩૬ અધ્યયનો છે, એટલે પાછળથી ગણતરી ચાલુ કરો, તો આ પહેલું અધ્યયન ૩૬માં નંબરે જ આવે ને ?)

---

वृत्ति :- अनानुपूर्व्या त्वस्यामेवैकाद्येकोत्तरषट्त्रिंशद्गच्छगतायां श्रेण्यामन्योऽन्याभ्यासतो द्विरूपोनसङ्ख्याभेदं भवति, उक्तं च-

---

1. शिष्यो गुरोर्भावं यदुपक्रमते शुभं प्रशस्तमनाः । स्वहितार्थं स प्रशस्त इह भावोपक्रमोऽधिकृतः ॥१॥ 2. (i) नाम, (ii) स्थापना, (iii) द्रव्य, (iv) क्षेत्र, (v) काल, (vi) उत्कीर्तन, (vii) गणना, (viii) संस्थान, (ix) सामाचारी, (x) भाव

"एकाद्यां गच्छपर्यन्ताः, परस्परसमाहताः ।
राशयस्तद्धि विज्ञेयं, विकल्पगणिते फलम् ॥१॥"

अनानुपूर्व्या... અનાનુપૂર્વી વડે વિચારીએ તો ૧ અંક પહેલા મૂકો. પછી ઉત્તરોત્તર ૨-૩-૪ એમ ૩૬ સુધીના અંક મૂકો, આ ૩૬ અંકની બનેલી આ જ શ્રેણીમાં પરસ્પર ગુણાકાર કરવાનો, એનો જે જવાબ આવે, એમાંથી બે ઓછા કરવાના એ પછી જે સંખ્યા વધે, એટલા ભેદવાળું ગણન = સંખ્યમ અનાનુપૂર્વી વડે મળે.

(अस्यामेव... श्रेण्यां જે લખ્યું, તે એટલા માટે કે પૂર્વાનુપૂર્વી માટે પણ આ જ શ્રેણી ગોઠવવાની હતી, પશ્ચાનુપૂર્વી માટે પણ આ જ ! એટલે એ બે માટે આ શ્રેણી ગોઠવાઈ જ ગઈ છે. એટલે જ્યારે અનાનુપૂર્વી આવી, ત્યારે કોઈ નવી શ્રેણી નથી ગોઠવવાની, પણ આમાં જ = પૂર્વાનુપૂર્વી + પશ્ચાનુપૂર્વીમાં ગોઠવેલી શ્રેણીમાં જ...)

उक्तं च-... કહ્યું છે કે- એકથી શરૂ કરીને ગચ્છના અંત સુધીના આંકડાઓ પરસ્પર ગુણવાના... વિકલ્પોના ગણિતમાં તે જ ફલ જાણવું. (અલગ-અલગ જે ભાંગાઓ મળે, તે વિકલ્પ કહેવાય. એ કેટલા મળે ? એનું ગણિત કરવું હોય, તો ઉપર મુજબ કરવું એનાંથી સાચો જવાબ મળી જાય.)

દા. ત. ૧+૨+૩+૪ આ ચાર અંકનો ગચ્છ છે. તો આના અલગ-અલગ કેટલા ભાંગા પડે, તે જોવાનું છે. તો આ ગણિત લગાડવાનું. ૧ X ૨ X ૩ X ૪ = ૨૪... બધા અંકોને પરસ્પર ગુણી લીધા, એટલે જવાબ આવ્યો ૨૪ !

કુલ ભાંગા ૨૪ ! પણ એમાં પહેલો ભાંગો પૂર્વાનુપૂર્વી ૧-૨-૩-૪... છેલ્લો ભાંગો પશ્ચાનુપૂર્વી ૪-૩-૨-૧... આપણે જોઈએ છે અનાનુપૂર્વી ! તો ૨૪-૨ = ૨૨ ભાંગા અનાનુપૂર્વીના મળે. આવું ૩૬ અંકમાં પણ સમજી લેવું.

આ ભાંગાઓ શી રીતે લખવા ? પહેલો-છેલ્લો તો સમજાઈ જાય, પણ વચ્ચેના સમજવા અઘરા છે... એટલે એ સમજવા માટેનો સરળ ઉપાય હવે આપે છે.

वृत्ति :- इह चासम्मोहाय षट्पदाङ्गीकारतः प्रस्तारानयनोपाय उच्यते-तत्र चैकादीनि षडन्तानि षट् पदानि स्थाप्यन्ते, तानि चान्योऽन्यं गुण्यन्ते, ततश्च जातानि सप्त शतानि विंशत्युत्तराणि, तेषां चान्त्येन षट्केन भागहारः, तत्र लब्धं विंशत्युत्तरं शतं १२०, इयन्तः षष्ठपङ्क्तौ षट्का न्यस्यन्ते, तदधस्तावन्त एव क्रमेण पञ्चकचतुष्कत्रिकद्विकैककाः स्थाप्याः; इत्थं जातानि षष्ठपङ्क्तौ सप्त शतानि विंशत्युत्तराणि ।

इह चासम्मोहाय... અહીં આનુપૂર્વીમાં સંમોહ=ગેરસમજ=અણસમજ ન થાય, એ માટે ૬ અંકનો સ્વીકાર કરીને હવે એના ભાંગાઓનો વિસ્તાર શી રીતે લાવવો ? એનો ઉપાય કહેવાય છે. તેમાં-

तत्र चैकादीनि... (૧) ૧ થી શરૂ કરીને ૬ સુધીના છ પદો=અંકો સ્થાપો. ૧-૨-૩-૪-૫-૬.

तानि... (૨) તેને પરસ્પર ગુણો ૧ X ૨ X ૩ X ૪ X ૫ X ૬ = ૭૨૦.

तेषां... (૩) જે જવાબ આવે, એને છેલ્લા અંક વડે ભાગો. દા. ત. અહીં છેલ્લો અંક ૬ છે, તો ૭૨૦ + ૬ = ૧૨૦.

इयन्तः... (૪) કુલ છ અંક છે, એટલે ઉભી છ પંક્તિ બનાવવાની છે. (આડી ૭૨૦ પંક્તિ બનશે, કેમકે કુલ ભાંગા ૭૨૦ છે ને ?) એમાં ઉભી છઠ્ઠી પંક્તિમાં ૧૨૦ ષટ્ક મુકવા. (ભાગાકાર પછી જે જવાબ આવે, એટલા મુકવા.)

तदधस्तावन्त... (૫) તેની નીચે ૧૨૦ પંચક, તેની નીચે ૧૨૦ ચતુષ્ક... ૧૨૦ ત્રિક, ૧૨૦ દ્વિક, ૧૨૦ એકડા... મુકવા.

इत्थं जातानि... આમ છેલ્લી છઠ્ઠી પંક્તિમાં ૭૨૦ અંક પૂરા થઈ ગયા.

वृत्ति :- ततो विंशत्युत्तरशतस्य पञ्चकेन भागहारः, तत्र च लब्धा चतुर्विंशतिः २४, तावत्सङ्ख्याः पञ्चमपङ्क्तौ क्रमेण पञ्चकचतुष्कत्रिकद्विकैकका न्यस्याः, जातं विंशत्युत्तरं शतं, तस्य चाधस्तादग्रेतनपङ्क्तिस्थमङ्कमपहाय यथामहत्सङ्ख्यमङ्कविन्यासः, तत्राग्रेतनपङ्क्तिस्थः पञ्चकस्तत्परित्यागतश्च सर्वबृहत्सङ्ख्यः षट्कश्चतुर्विंशतिवारानधः स्थाप्यते, ततस्त्रिकापेक्षया चतुष्को द्विकापेक्षया च त्रिक एककापेक्षया च द्विको बृहत्सङ्ख्यः तत एककश्च तावत एव वारान् न्यसनीयः, जातं पुनर्विंशत्युत्तरं शतम्, एवमग्रेतनपङ्क्तिस्थचतुष्कत्रिकद्विकैकपरिहारतस्तथैव तावन्नेयं यावत्पञ्चमपङ्क्तावपि पूर्णानि सप्त शतानि विंशत्युत्तराणि ।

---

ततो... (૬) હવે પાંચમી પંક્તિની વિચારણા કરવાની છે. ૭૨૦ ÷ ૬ = ૧૨૦ આવ્યા. હવે પાંચમી ઉભી પંક્તિ જોવાની છે. એટલે ૧૨૦ ÷ ૫ = ૨૪.

तावत्सङ्ख्याः... (૭) ઉભી પાંચમી પંક્તિમાં ૨૪-૨૪ પંચક-ચતુષ્ક-ત્રિ-દ્વિક-એક મુકવા. (એટલે આ પંક્તિમાં ૧૨૦ અંક ભરાઈ ગયા. હજી એની નીચે ૬૦૦ બાકી...)

तस्य चाधस्तादग्रेतन-... (૮) આડી ૧૨૦ મી પંક્તિની નીચે શું કરવું ? એ હવે જોઈએ. આગળની = ઉભી છઠ્ઠી પંક્તિમાં કયો અંક છે ? એ જોવો. દા. ત. અહીં ૫ છે. (આડી ૧૨૧ થી ૨૪૦ સુધી ૫ છે...) તો એ અંક નહિ લેવાનો, એ સિવાયના અંકમાં જે સૌથી મોટી સંખ્યાવાળો અંક હોય, એ મુકવાનો. દા. ત. અહીં એ ષટ્ક છે. (સાર : મોટાના ક્રમથી બધા અંકો ગોઠવવા...) તો ૨૪ વાર એ ષટ્ક મુકવો. (આડી ૧૨૧ થી ૧૪૪)

ततस्त्रिकापेक्षया... ત્યાર બાદ (૧-૨-૩-૪ માં) ૪ ત્રિકની અપેક્ષાએ મોટો... માટે ૨૪ વાર એ મુકવો. (આડી ૧૪૫-૧૬૮)

ત્યાર બાદ (૧-૨-૩ માં) ત્રિક દ્વિકની અપેક્ષાએ મોટો... માટે ૨૪ વાર એ મુકવો. (આડી ૧૬૯-૧૯૨)

ત્યાર બાદ (૧-૨ માં) દ્વિક એકની અપેક્ષાએ મોટો... માટે ૨૪ વાર એ મુકવો. (આડી ૧૯૩-૨૧૬)

तत एककश्च... ત્યાર બાદ છેવટે એક બાકી રહ્યો છે... માટે ૨૪ વાર એ મુકવો (આડી ૨૧૭-૨૪૦)

जातं... (૯) ફરી ૧૨૦ અંક થઈ ગયા. (આડી ૧૨૧ થી ૨૪૦)

एवमग्रेतन-... (૧૦) એ પ્રમાણે આગળની=છઠ્ઠી પંક્તિમાં રહેલા ૪-૩-૨-૧ ને વારા ફરતી છોડી છોડીને તે જ પ્રમાણે ત્યાં સુધી લઈ જવું કે છેક પાંચમી પંક્તિમાં પણ ૭૨૦ પૂર્ણ થાય.

દા. ત. ૨૪૧ થી ૩૬૦ છઠ્ઠી પંક્તિમાં ચતુષ્ક છે. તે એને છોડી દેવો. અને

૨૪૧ થી ૨૬૪ = ૨૪ પંક્તિ સુધી ષટ્ક = સૌથી મોટો...

એ પછીની ૨૪ પંક્તિ સુધી પંચક = (યથામહત્)

એ પછીની ૨૪ પંક્તિ સુધી ત્રિક (ચતુષ્ક નહિ લેવાય)

એ પછીની ૨૪ પંક્તિ સુધી દ્વિક

અ પછીની ૨૪ પંક્તિ સુધી એક....

(૧૧) આમ છઠ્ઠી + પાંચમી એ બે પંક્તિ પૂરી થઈ.

---

वृत्ति :- ततश्चतुर्विंशतेश्चतुष्केण भागहारः, तत्र लब्धाः षट् ६, ततश्चतुर्थपङ्क्तौ तावन्त एवाधोऽध-

श्चतुष्कत्रिकद्विकैकककाः स्थाप्याः, यावज्जाता चतुर्विंशतिः, ततश्चाग्रेतनपङ्क्तिस्थाङ्कपरिहारादिप्रागुक्तयुक्तित एव पङ्क्तिः पूरणीया । भूयः षट्कस्य त्रिकेण भागहारः, ततश्च लब्धो द्विकः, ततस्तृतीयपङ्क्तौ द्वौ त्रिकौ पुनर्द्वाविव द्विकौ भूय एककौ च द्वावधः स्थापनीयौ, अधस्ताच्च पुरःस्थिताङ्कत्यागतो बृहत्सङ्ख्याङ्कन्यासतश्च विंशत्युत्तरसप्तशतप्रमाणैव पङ्क्तिः पूरणीया ।

---

ततश्चतुर्विंशते-... (૧૨) ત્યારબાદ ૨૪નો ૪ વડે ભાગાકાર કરવો. તેમાં જવાબ મળ્યો ૬. તેથી ચોથી પંક્તિમાં એટલા જ = છ-છ જ ચતુષ્ક-ત્રિક-દ્વિક-એક નીચે નીચે સ્થાપવાના. (છટ્ઠી અને પાંચમી પંક્તિમાં ક્રમશઃ ૬ અને ૫ અંક આવી ગયો છે ને ?... માટે !) આમ ચોથી પંક્તિમાં ૨૪ પૂરા થયા.

ततश्चाग्रेतन-... (૧૩) ત્યારબાદ આગળની પંક્તિમાં રહેલ અંકને છોડવો અને બાકી જે રહે, તેમાં મોટા અંકના ક્રમ પ્રમાણે છ-છ પંક્તિ (આડી) ભરવી... એ પૂર્વે કહેલી યુક્તિથી જ પંક્તિ પૂરી દેવી.

भूयः षट्कस्य... (૧૪) ફરી છ નો ત્રણ વડે ભાગાકાર કરો. તેથી જવાબ આવશે દ્વિક ! તેથી ત્રીજી પંક્તિમાં બે ત્રિક, એ પછી ફરી બે જ દ્વિક, ફરી એની નીચે બે એકડા સ્થાપવા.

अधस्ताच्च... (૧૫) એની નીચે-નીચે આગળની પંક્તિમાં રહેલા અંકના ત્યાગ વડે અને મોટી સંખ્યાવા । અંકના ન્યાસ વડે ૭૨૦ પ્રમાણવાળી આખી જ પંક્તિ પૂરી દેવી.

---

वृत्ति :- षड्भागहारलब्धस्य द्विकस्य विभजने लब्ध एकः, ततो द्वितीयपङ्क्तौ द्विक एककश्चैको विरचनीयः, तदधश्च पुरोदितपुरस्थाङ्कपरिहारादिन्यायतस्तावत्सङ्ख्यैवं द्वितीयपङ्क्तिः कार्या । प्रथमपङ्क्तिस्तु पुरस्थाङ्कपरिहारतः पूरणीया । उक्तं च-

*"गणितेऽन्त्यविभक्ते तु, लब्धं शेषैर्विभाजयेत् ।*
*आदावन्ते च तत्स्थाप्यं, विकल्पगणिते क्रमात् ॥१॥"*

इह च परस्परगुणनागतराशिर्गणितमुच्यते, शेषास्तु षट्कापेक्षया पञ्चकादयः, 'आदा'विति च षष्ठपङ्क्तौ, 'अन्त' इति च पञ्चमादिपङ्क्ताविति । उक्ताऽऽनुपूर्वी,

---

षड्भागहारलब्धस्य... (૧૬) છને ભાગવા વડે મળેલા બેનો ભાગાકાર કરીએ, તો મળે એક ! તેથી બીજી પંક્તિમાં એક દ્વિક અને એક એકડો રચવો. અને તેની નીચે પૂર્વે કહી ગયા એ મુજબ આગળ રહેલા અંકનો ત્યાગ વગેરે ન્યાયથી તેટલી જ સંખ્યાવાળી=૭૨૦ સંખ્યાવાળી બીજી પંક્તિ કરવી.

प्रथमपङ्क्तिस्तु... (૧૭) પ્રથમ પંક્તિ તો આગળ રહેલા અંકોના પરિહાર પૂર્વક પૂરી દેવી. (આ આખી પદ્ધતિ એક શ્લોકમાં દર્શાવી છે. તે આ પ્રમાણે...) કહ્યું છે કે- ગણિતને અન્ત્ય વડે = છેલ્લા અંક વડે ભાગો, એ ભાગાકાર થયે છતે જે જવાબ મળે, તેને બાકીનાઓ વડે (અન્ત્ય સિવાયના અંકો વડે) ભાગો. આદિમાં (છેલ્લી પંક્તિમાં) અને અંતમાં બાકીની પંક્તિઓમાં તે સ્થાપવું. વિકલ્પોનું = ભાંગાઓનું ગણિત કરવાનું આવે, ત્યારે ક્રમશઃ એ જવાબો સ્થાપવાના.

इह च... આ ગાથામાં આવેલા અગત્યના શબ્દોનો અર્થ :- (૧) ગણિત = કુલ જેટલા અંક લીધા હોય, એ બધાને પરસ્પર ગુણવાથી મળેલ રાશિ (=જવાબ)

(૨) શેષ = ષટ્કની અપેક્ષાએ પાંચ વગેરે. (અહીં છ અંકનું દૃષ્ટાન્ત લીધું છે ને ?... માટે)

(૩) આદિ માં = છટ્ઠી પંક્તિમાં. (૪) અન્તમાં = પાંચમી વગેરે પંક્તિમાં

(આ આખો પદાર્થ એકદમ સ્પષ્ટ સમજાય, એ માટે ૧-૨-૩-૪-૫ અંકમાં આખો વિચાર કરીએ.

(૧) ૧-૨-૩-૪-૫ અંક છે, એટલે એના કેટલા વિકલ્પો મળી શકે ? એ જોવાનું છે. એટલે આ પાંચનો ગુણાકાર કરો, તો ૧ x ૨ x ૩ x ૪ x ૫ = ૧૨૦ થાય. (૨) હવે એ ૧૨૦ ભાંગા જ પ્રથમ જોઈ લઈએ, પછી એ કેવી રીતે આવ્યા એ ટુંકમાં જોશું.

| | | | | |
|---|---|---|---|---|
| ૧-૨-૩-૪-૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૨-૧-૩-૪-૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૧-૩-૨-૪-૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૩-૧-૨-૪-૫ | ૪ | ૩ | ૨ | |
| ૨-૩-૧-૪-૫ | ૪ | ૩ | ૨ | |
| ૩-૨-૧-૪-૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૧-૨-૪-૩-૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૨-૧-૪-૩-૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૧-૪-૨-૩-૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૪-૧-૨-૩-૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૨-૪-૧-૩-૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૪-૨-૧-૩-૫ | ૪ | ૩ | | ૧ |
| ૧-૩-૪-૨-૫ | ૪ | ૩ | | ૧ |
| ૩-૧-૪-૨-૫ | ૪ | ૩ | | ૧ |
| ૧-૪-૩-૨-૫ | ૪ | ૩ | | ૧ |
| ૪-૧-૩-૨-૫ | ૪ | ૩ | | |
| ૩-૪-૧-૨-૫ | ૪ | ૩ | | ૧ |
| ૪-૩-૧-૨-૫ | ૪ | ૩ | | ૧ |
| ૨-૩-૪-૧-૫ | ૪ | ૩ | | ૧ |
| ૩-૨-૪-૧-૫ | ૪ | ૩ | | ૧ |
| ૨-૪-૩-૧-૫ | ૪ | ૩ | | ૧ |
| ૪-૨-૩-૧-૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૩-૪-૨-૧-૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૪-૩-૨-૧-૫ | ૪ | ૩ | ૨ | ૧ |

(૧) પાંચેય અંકોનો ગુણાકાર કરતા જવાબ આવ્યો ૧૨૦ ! આ જ ગણિત ! આટલા જ ભાંગા મળે.

(૨) એ ૧૨૦ ને ૫ વડે = છેલ્લા અંક વડે ભાગો એટલે જવાબ મળે ૨૪ ।

એ ૨૪ ને ૪ વડે = શેષ અંક વડે ભાગો એટલે જવાબ મળે ૬ ।

એ ૬ ને ૩ વડે = શેષ અંક વડે ભાગો એટલે જવાબ મળે ૨ !

એ ૨ ને ૨ વડે = શેષ અંક વડે ભાગો એટલે જવાબ મળે ૧ !

(૩) ૪ વડે ભાગવાથી ૨૪ જવાબ મળ્યો, તો પાંચમી લીટીમાં મોટાના ક્રમથી દરેક અંક ૨૪-૨૪ વાર મુકવાના. કુલ પાંચ અંક છે, તેથી ૨૪ x ૫ = ૧૨૦ પંક્તિ થાય.

(૪) ૪ વડે ભાગવાથી ૬ જવાબ મળ્યો, તો ચોથી લીટીમાં મોટાના ક્રમથી દરેક અંક ૬-૬ વાર મુકવાના. પણ આગળની લીટીમાં જે અંક આવી ગયો હોય, એ ફરી નહિ લેવાનો. એ રીતે ચાર અંક છ-છ વાર મુકતા ૨૪ પંક્તિ થાય.

એ પછી જે બાકી રહે, તેમાં આગળના અંક છોડીને મોટાના ક્રમ પ્રમાણે મુકવાનું જ ચાલુ રાખવું અને એ પણ ૬-૬ મુકતા જવા.

(૫) ૩ વડે ભાગવાથી ૨ જવાબ મળ્યો, તો ત્રીજી લીટીમાં મોટાના ક્રમ પ્રમાણે દરેક અંક ૨-૨ વાર મુકવા. પણ આગળની લીટીમાં જે અંક આવી ગયો હોય તે ફરી ન લેવો. ત્રણ અંક બે-બે વાર મુકતા છ પંક્તિ થાય. એ પછી જે બાકી રહે, તેમાં આગળના અંક છોડીને મોટાના ક્રમ પ્રમાણે મુકવાનું જ ચાલુ રાખવું અને એ પણ બે-બે મુકતા જવા...

કોઠામાં ૨૪ ભરી આપ્યા છે, બાકી સ્વયં ભરશો તો સમજાઈ જશે. છેલ્લો ભાંગો આવશે ૫-૪-૩-૨-૧... એ પશ્ચાનુપૂર્વી છે. પહેલો ભાંગો આવશે ૧-૨-૩-૪-૫... એ પૂર્વાનુપૂર્વી છે. ૧૨૦-૨ = ૧૧૮ અનાનુપૂર્વી ૧ થી ૫ અંકના ગણિતમાં મળે. આનુપૂર્વી કહેવાઈ ગઈ.)

---

वृत्ति :- सम्प्रति नाम, तत्र नमति-ज्ञानरूपादिपर्यायभेदानुसारतो जीवपरमाण्वादिवस्तुप्रतिपादकतया प्रह्वीभवतीति नाम, तथा चाह-

*''जं [1]वत्थुणोऽभिहाणं पज्जवभेयाणुसारि तं नाम ।*
*पइभेयं जं णमए पइभेयं जाइ जं भणियं ॥१॥''*

तच्चैकनामादि दशनामान्तम्[2],

---

सम्प्रति नाम... (૨) નામ :- જે નમે છે એટલે કે જ્ઞાન, રૂપ વગેરે જે પર્યાયના ભેદો છે, એને અનુસારે જીવ, પરમાણુ વગેરે વસ્તુના પ્રતિપાદક તરીકે જે સમર્થ બને છે તે નામ !

(જ્ઞાન એ જીવના અનેક પર્યાયોમાંનો એક ભેદ છે, એને લઈને 'જીવ જ્ઞાની છે' એ રીતે પ્રતિપાદન થાય છે. રૂપ એ પરમાણુ વગેરેના અનેક પર્યાયોમાંનો એક ભેદ છે, એને લઈને 'પરમાણુ રૂપી છે' એ રીતે કહેવાય છે. આ 'જ્ઞાની, રૂપી...' ઈત્યાદિ શબ્દો એ જ નામ !)

तथा चाह-... શાસ્ત્રમાં તે જ પ્રમાણે કહ્યું છે કે- પર્યાયના ભેદોને અનુસરનારૂં એવું જે વસ્તુનું અભિધાન=નિરૂપણ તે નામ !

**પ્રશ્ન :** પણ એને નામ શબ્દથી કેમ ઓળખાવાય છે ?

ઉત્તર : (जं) કેમકે પ્રત્યેક ભેદમાં એ નમે છે.

**પ્રશ્ન :** એટલે શું ?

---

1. यद्वस्तुनोऽभिधानं पर्यायभेदानुसारि तन्नाम । प्रतिभेदं यन्नमति प्रतिभेदं याति यद्भणितम् ॥१॥ 2. (i) एकनाम, (ii) द्विनाम, (iii) त्रिनाम, (iv) चतुर्नाम, (v) पंचनाम, (vi) षड्नाम, (vii) सप्तनाम, (viii) अष्टनाम, (ix) नवनाम, (x) दशनाम

ઉત્તર : (जं भणियं) કહેવાનો ભાવાર્થ એ છે કે પ્રત્યેક ભેદમાં એ જાય છે.

तच्चैकनामादि... અને તે નામ એકનામ, દ્વિનામથી માંડીને દસનામ સુધીનું છે.

---

वृत्ति :- इह तु षड्विधनाम्नौदयिकादिषड्भावरूपेणाधिकारः, तदन्तर्भूतक्षायोपशमिकभावे श्रुतज्ञानात्मकत्वेन प्रस्तुताध्ययनस्यावतारात्, आह च-

*"[1]छव्विहणामे भावे खओवसमिए सुयं समोयरइ ।*
*जं सुयणाणावरणक्खओवसमजं तयं सव्वं ॥१॥"*

---

इह तु... અહીં તો ઔદયિકાદિ છ ભાવ રૂપ જે છ પ્રકારનું નામ છે તેના વડે અધિકાર છે.

પ્રશ્ન : કેમ ?

तदन्तर्भूतक्षायोपशमिकभावे... ઉત્તર : કેમકે આ છ પ્રકારના ભાવની અંદર સમાવેશ પામેલ જે ક્ષાયોપશમિક ભાવ છે, તેમાં પ્રસ્તુત અધ્યયનનો= ઉત્તરાધ્યયનનો અવતાર = સમાવેશ થાય છે.

પ્રશ્ન : એમાં જ કેમ સમાવેશ પામે છે ?

ઉત્તર : કેમકે આ અધ્યયન શ્રુતજ્ઞાન રૂપ છે, અને એ તો ક્ષાયો. ભાવમાં જ સમાવેશ પામે ને ? કહ્યું છે કે- છ પ્રકારના નામમાં ક્ષાયોપશમિકભાવમાં શ્રુત સમવતાર પામે છે. કેમકે શ્રુતજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલું તે બધુ શ્રુત છે.

---

वृत्ति :- प्रमीयते-परिच्छिद्यतेऽनेनेति प्रमाणम्, तच्च द्रव्यक्षेत्रकालभावभेदाच्चतुर्विधम्, तत्रास्य क्षायोपशमिक-भावरूपत्वेन भावप्रमाणेऽवतारः, यत आह-

*"[2]दव्वाइ चउब्भेयं पमीयए जेण तं पमाणंति ।*
*इणमज्झयणं भावोत्ति भावमाणे समोयरइ ॥१॥"*

भावप्रमाणं च गुणनयसङ्ख्याभेदतस्त्रिधा, तत्रास्य गुणप्रमाणसङ्ख्याप्रमाणयोरेवावतारः, नयप्रमाणे तु यद्यपि श्रुतकेवलिनोक्तम्-

*"[3]अहिगारो तिहि उ ओसण्णं'ति, तथा*
*'[4]णत्थि णएहिँ विहूणं सुत्तं अत्थो व जिणमए किंचि ।*
*आसज्ज उ सोयारं णए णयविसारओ बूया ॥१॥"*

---

प्रमीयते-परिच्छिद्यते-... (૩) પ્રમાણ : જેના વડે વસ્તુ જણાય = બોધ કરાય તે પ્રમાણ ! તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ભેદોથી ચાર પ્રકારનું છે. તેમાં આ અધ્યયન ક્ષાયોપશમિક ભાવ રૂપ હોવાથી ભાવ પ્રમાણમાં અવતાર પામે છે. (ગાથામાં પણ આ જ વાત કહી છે.)

भावप्रमाणं च... અને ભાવ પ્રમાણ ગુણ, નય અને સંખ્યા આ ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં આ અધ્યયનનો ગુણપ્રમાણમાં

---

1. षड्विधनाम्नि भावे क्षायोपशमिके श्रुतं समवतरति । यत् श्रुतज्ञानावरणक्षयोपशमजं तकं सर्वम् ॥१॥ 2. द्रव्यादिचतुर्भेदं प्रमीयते येन तत्प्रमाणमिति। इदमध्ययनं भाव इति भावमाने समवतरति ॥१॥ 3. अधिकारस्त्रिभिस्तु उत्सन्नमिति । 4. नास्ति नयैर्विहीनं सूत्रमर्थो वा जिनमते किञ्चित् । आसाद्य तु श्रोतारं नयान् नयविशारदो ब्रूयात् ॥१॥

અને સંખ્યાપ્રમાણમાં જ અવતાર થાય છે.

પ્રશ્ન : નય પ્રમાણમાં આનો અવતાર કેમ ન થાય ? શું એને એમાં ગણતા નથી ?

**नयप्रमाणे... ઉત્તર :** નયપ્રમાણની વિચારણા કરીએ તો– જો કે શ્રુતકેવલીએ કહ્યું છે કે "પ્રાયઃ ત્રણ નયો વડે અધિકાર છે. (એટલે કે કોઈપણ ગ્રન્થમાં ત્રણ નયો લગાડવા...)" તથા બીજો પાઠ આ પ્રમાણે છે કે- "જિનમતમાં કોઈપણ સૂત્ર કે કોઈપણ અર્થ નયો વિના ન હોય. (છતાં) નયનો વિશારદ વક્તા શ્રોતાને પામીને=આશ્રયીને નયોને કહે. (શ્રોતા જો સક્ષમ હોય, તો એની ક્ષમતા પ્રમાણે નયો કહે.) એટલે આમ તો આ ગ્રન્થ નયપ્રમાણમાં પણ અવતાર પામે ખરો.

---

**वृत्ति :-** तथापि सम्प्रति तथाविधनयविचारणाव्यवच्छेदतोऽनवतार एव, तथा च तेनैव भगवतोक्तम्-

*"मूढनईयं सुयं कालियं तु ण णया समोयरंति इहं ।*
*अपहुत्ते समोयारो नत्थि पहुत्ते समोयारो ॥१॥"*

तथा-

*"जावंति अज्जवयरा अपहुत्तं कालियाणुओगस्स ।*
*तेणारेण पहुत्तं कालियसुयदिट्ठिवाए य ॥२॥"*

*महामतिनाऽप्युक्तं- '[2]मूढणयं तु न संपइ णयप्पमाणेऽवयारो से ।'*

---

**तथापि...** તો પણ વર્તમાનમાં તેવા પ્રકારની નયવિચારણાનો વિચ્છેદ થયો હોવાથી આ ગ્રન્થનો નયપ્રમાણમાં અનવતાર જ ગણવો.

**तथा च तेनैव...** જુઓ, તે જ ભગવંતે કહ્યું છે કે- કાલિક શ્રુત મૂઢનયવાળું છે. (અર્થાત્ એમાં નયો છુપાવી દેવામાં આવ્યા છે.) નયો એમાં અવતાર પામતા નથી. જ્યારે બધુ શ્રુત અપૃથક્ હતું, ત્યારે નયોનો સમવતાર હતો, પણ પૃથક્ થયા બાદ સમવતાર નથી.

તથા બીજો પાઠ પણ છે કે- જ્યાં સુધી આર્ય વજ્રસ્વામી હતા, ત્યાં સુધી કાલિકશ્રુતના અનુયોગનું અપૃથકત્વ હતું. (એટલે કે એક જ શ્રુતમાં ચારેય અનુયોગ કહેવાતા હતા...) પણ ત્યાર બાદ (એટલે કે આર્યરક્ષિતસ્વામી થયા, ત્યારથી) કાલિકશ્રુતમાં અને દૃષ્ટિવાદમાં પૃથક્ત્વ થયું. (અને ત્યારથી નયોનો અવતાર બંધ થયો.)

**महामतिनाऽप्युक्तं-...** મહામતિએ પણ કહ્યું છે કે-

અત્યારે શ્રુત મૂઢનયવાળું કરાયું છે. હવે નયપ્રમાણમાં તેનો અવતાર ન થાય. (નયપ્રમાણનો શ્રુતમાં કે શ્રુતનો નય પ્રમાણમાં... બંને રીતે બોલાય છે.)

---

**वृत्ति :-** गुणप्रमाणं तु द्विधा- जीवगुणप्रमाणमजीवगुणप्रमाणं च, तत्रास्य जीवोपयोगरूपत्वाज्जीवगुणप्रमाणेऽवतारः, तस्मिन्नपि ज्ञानदर्शनचारित्रभेदतस्त्र्यात्मकेऽस्य ज्ञानरूपतया ज्ञानप्रमाणे, तत्रापि प्रत्यक्षानुमानोपमानाऽऽगमात्मके प्रकृताध्ययनस्याप्तोपदेशरूपतयाऽऽगमप्रमाणे, तत्रापि

---

1. मूढनयिकं श्रुतं कालिकं तु न नयाः समवतरन्तीह । अपृथक्त्वे (अनुयोगानां) समवतारः नास्ति पृथक्त्वे समवतारः ॥१॥ यावदार्यवज्रा अपृथक्त्वं कालिकानुयोगस्य । ततोऽर्वाक् पृथक्त्वं कालिकश्रुते दृष्टिवादे च । 2. मूढनयं तु न सम्प्रति नयप्रमाणेऽवतारस्तस्य ।

लौकिकलोकोत्तरभेदे परमगुरुप्रणीतत्वेन लोकोत्तरे सूत्रार्थोभयात्मनि, तथा चाह-

*"[1]जीवाणण्णत्तणओ जीवगुणेणेह भावओ नाणे ।*
*लोउत्तरसुत्तत्थोभयागमे तस्स भावाओ ॥१॥"*

तत्राप्यात्मानन्तरपरम्परागमभेदतस्त्रिविधे अर्थतस्तीर्थकरगणधरतदन्तेवासिनः सूत्रतस्तु स्थविरतच्छिष्यतत्प्रशिष्यानपेक्ष्य यथाक्रममस्यात्मानन्तरपरम्परागमेष्ववतारः,

---

**गुणप्रमाणं तु...** ગુણપ્રમાણ બે પ્રકાર છે : (૧) જીવગુણ પ્રમાણ, (૨) અજીવગુણ પ્રમાણ.

**तत्रास्य...** તેમાં આ ગ્રન્થ જીવના ઉપયોગ રૂપ છે, તેથી તેનો જીવગુણપ્રમાણમાં અવતાર થાય. તે જીવગુણપ્રમાણ પણ જ્ઞાન-દર્શન-ચારિત્ર ભેદથી ત્રણ રૂપ છે. તેમાં આ ગ્રન્થ જ્ઞાનરૂપ હોવાથી જ્ઞાનપ્રમાણમાં અવતાર પામે.

**तस्मिन्नपि...** તે જ્ઞાનપ્રમાણ પણ પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન-આગમ રૂપ છે. તેમાં આ અધ્યયન આપ્ત ઉપદેશ રૂપ હોવાથી તેનો આગમ પ્રમાણમાં અવતાર થાય. તે આગમ પ્રમાણ પણ લૌકિક અને લોકોત્તર એમ બે ભેદવાળું છે. તેમાં આ ગ્રન્થ પરમગુરુ વડે રચાયેલો = કહેવાયેલો હોવાથી સૂત્ર-અર્થ-ઉભયાત્મક એવા લોકોત્તર આગમપ્રમાણમાં અવતાર પામે.

**तथा चाह...** શાસ્ત્રમાં પણ કહ્યું છે કે- આ ગ્રન્થ જીવથી અભિન્ન છે, માટે જીવગુણ પ્રમાણ વડે અધિકાર છે. તેમાં ભાવથી જ્ઞાનમાં... કેમકે લોકોત્તર સૂત્ર-અર્થ-તદુભય રૂપ આગમમાં તેનો સદ્ભાવ છે.

**तत्राप्यात्मानन्तरपरम्परागम-...** તે લોકોત્તર આગમ પણ આત્માગમ, અનંતરાગમ, પરંપરાગમ એમ ત્રણ પ્રકારે છે. તેમાં **અર્થની અપેક્ષાએ** વિચારીએ તો-

તીર્થંકરોને આ ગ્રન્થ **આત્માગમ** (કારણ કે પ્રભુ સાક્ષાત્ અર્થદેશક છે.)

ગણધરોને આ ગ્રન્થ **અનંતરાગમ** (કારણ કે પ્રભુ પાસેથી અર્થ પામે છે.)

ગણધરોના શિષ્યોને આ ગ્રન્થ **પરંપરાગમ** (કારણ કે પ્રભુનો કહેલો અર્થ પરંપરાએ મળે છે.)

**सूत्रतस्तु... સૂત્રની અપેક્ષાએ** વિચારીએ તો-

સ્થવિરોને = ગણધરાદિને આ ગ્રન્થ **આત્માગમ** (કારણ કે સાક્ષાત્ સૂત્રકર્તા છે.)

તેમના શિષ્યોને આ ગ્રન્થ અનંતરાગમ.

તેમના પ્રશિષ્યોને આ ગ્રન્થ પરંપરાગમ.

---

वृत्ति :- सङ्ख्याप्रमाणमनुयोगद्वारादिषु[2] प्रपञ्चितमिति तत एवावधारणीयम्, तत्र चास्य परिमाणसङ्ख्यायामवतारः, तत्रापि कालिकश्रुतदृष्टिवादश्रुतपरिमाणभेदतो द्विभेदायां कालिकश्रुतपरिमाणसङ्ख्यायां, दिवा रात्रौ च प्रथमपश्चिम-पौरुष्योरेवैतत्पाठनियमात्, तत्रापि शब्दापेक्षया सङ्ख्येयाक्षरपादश्लोकाद्यात्मकतया सङ्ख्यातपरिमाणात्मिकायां पर्यायापेक्षया त्वनन्तपरिमाणात्मिकायाम्, अनन्तगमपर्यायत्वादागमस्य, तथा चाह- *"[3]अणंता गमा अणंता पज्जवा"* इत्यादि ।

---

1. जीवानन्यत्वाज्जीवगुणेनेह भावतो ज्ञाने । लोकोत्तरसूत्रार्थोभयागमे तस्य भावात् ।१। 2. (i) नाम, (ii) स्थापना, (iii) द्रव्य, (iv) उपमा, (v) परिणाम, (vi) मनन, (vii) गणना, (viii) भाव । 3. अनन्ता गमा अनन्ताः पर्यवाः ।

सङ्ख्याप्रमाणमनुयोग-... સંખ્યાપ્રમાણ અનુયોગદ્વાર વગેરેમાં વિસ્તારથી કહેવાયેલું છે, એટલે તેમાંથી જ અવધારી લેવું. અને તેમાં આ ગ્રન્થનો પરિમાણસંખ્યામાં અવતાર થાય છે. તેમાં પણ આ પરિમાણસંખ્યા કાલિકશ્રુતપરિમાણ સંખ્યા અને દૃષ્ટિવાદશ્રુતપરિમાણ સંખ્યા એ ભેદથી બે પ્રકારની છે... એમાં કાલિકશ્રુતપરિમાણ સંખ્યામાં અવતાર થાય.

પ્રશ્ન : શા માટે ?

दिवा रात्रौ... ઉત્તર : કારણ કે દિવસે અને રાત્રે પહેલા અને છેલ્લા પ્રહરમાં જ આ અધ્યયનનો પાઠ કરવાનો નિયમ છે, એને આધારે એ કાલિકશ્રુત તરીકે સાબિત થાય છે, માટે તેની પરિમાણ સંખ્યામાં એનો અવતાર થાય.

તેમાંય જો શબ્દની અપેક્ષાએ વિચારો તો- આ ગ્રન્થ સંખ્યાતા અક્ષરો, સંખ્યાતા પાદો, સંખ્યાતા શ્લોકો વગેરે સ્વરૂપ હોવાથી સંખ્યાતપરિમાણ રૂપ એવી કાલિકશ્રુતસંખ્યામાં એનો અવતાર થાય.

पर्यायापेक्षया... પર્યાયની અપેક્ષાએ વિચારીએ તો અનંતપરિમાણાત્મક એવી સંખ્યામાં આનો અવતાર થાય છે. કેમકે આગમ અનંત ગમો, અનંત પર્યાયોવાળો છે. કહ્યું જ છે કે- 'અનંત ગમ છે, અનંત પર્યાયો છે...'

---

वृत्ति :- वक्तव्यता-पदार्थविचारः, सा च स्वपरोभयसमयभेदतस्त्रिधा, तत्र स्वसमयः-अर्हन्मतानुसारिशास्त्रात्मकः, परसमयः-कपिलाद्यभिप्रायानुवर्तिग्रन्थस्वरूपः, उभयसमयस्तूभयमतानुगतशास्त्रस्वभावः, तत्रास्य स्वसमयवक्तव्यता-यामेवावतारः, स्वसमयपदार्थानामेवात्र वर्णनात्, यत्रापि परोभयसमयपदार्थवर्णनं तत्रापि स्वसमयवक्तव्यतैव, परोभयसमययोरपि सम्यग्दृष्टिपरिगृहीतत्वेन स्वसमयत्वात्, अत एव सर्वाध्ययनानामपि स्वसमयवक्तव्यतायामेवावतारः, तदुक्तम्-

"[1]परसमओ उभयं वा सम्मद्दिट्ठिस्स ससमओ जेणं ।
तो सव्वज्झयणाइं ससमयवत्तव्वनिययाइं ॥१॥" ति ।

---

(૪) વક્તવ્યતા :- વક્તવ્યતા એટલે પદાર્થનો વિચાર ! તે સ્વસમય, પરસમય, ઉભયસમય એ ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં **સ્વસમય** = અરિહંતના મતને અનુસરનાર શાસ્ત્ર રૂપ...,

**પરસમય** = કપિલાદિના અભિપ્રાયને અનુસરનાર ગ્રન્થ સ્વરૂપ...

**ઉભયસમય** = ઉભયના મતને અનુસરનાર શાસ્ત્ર એ જ છે સ્વભાવ જેનો, તે... તેમાં આ ગ્રન્થનો સ્વસમય વક્તવ્યતામાં જ અવતાર થાય છે. કેમકે અહીં સ્વસમયના પદાર્થોનું જ વર્ણન છે.

પ્રશ્ન : અમુકમાં પરસમયનું અને અમુકમાં ઉભયસમયનું પણ વર્ણન તો છે જ... તો એનું શું ?

यत्रापि... ઉત્તર : જ્યાં પણ પરસમયના કે ઉભયસમયના પદાર્થનું વર્ણન હોય, ત્યાં પણ સ્વસમયવક્તવ્યતા જ સમજવાની છે. કેમકે પરસમય અને ઉભયસમય પણ જો સમ્યગ્દષ્ટિથી પરિગૃહીત બને, તો એ સ્વસમય જ બની જાય છે.

(સમ્યગ્દષ્ટિ જે કંઈપણ વાંચે, તે સમ્યક્ત્વને આગળ કરીને સાચી અપેક્ષા પકડીને વાંચે, માટે એના માટે બધું સાચું જ થાય.) માટે જ તો માત્ર આ જ અધ્યયનનો નહિ, પણ તમામ અધ્યયનોનો સ્વસમયવક્તવ્યતામાં જ અવતાર છે.

तदुक्तम्... તે જ પ્રમાણે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે- જે કારણથી પરસમય કે ઉભયસમય સમ્યગ્દષ્ટિને માટે સ્વસમય છે, તે કારણથી તમામ અધ્યયનો સ્વસમયવક્તવ્યતાને નિયત છે = નિશ્ચિત રૂપે સ્વસમયવક્તવ્યતાવાળા છે.

---

वृत्ति :- अर्थाधिकारः '*पढमे विणओ*' इत्यनेन स्वत एव निर्युक्तिकृताऽभिहित इति नोच्यते ।

---

1. परसमय उभयं वा सम्यग्दृष्टेः स्वसमयो येन । ततः सर्वाण्यध्ययनानि स्वसमयवक्तव्यतानियतानि ॥१॥

इह च वक्तव्यता प्रतिसूत्राभिधेयार्थविषया, अर्थाधिकारस्तु 'अहिगारो इत्थ विणएण' मित्यनेनैवाभिहितः। समवतारस्त्वानुपूर्व्यादिपु लाघवार्थं यथासम्भवमुक्त एव इति न पुनरुच्यते, उक्तं च-

*"अहुणा य समोयारो जेण समोयारियं पइद्दारं ।*
*विणयसुयं सोऽणुगतो लाघवओ ण उण वच्चेत्ति ।।१।।"*

---

(૫) અર્થાધિકાર : 'पढमे विणओ' એ ૧૮ ગાથાના અંશ વડે નિર્યુક્તિકારે સ્વયં જ કહી દીધો છે, એટલે અહીં કહેતા નથી.

પ્રશ્ન : વક્તવ્યતા અને અર્થાધિકારમાં ફરક શું ? ખરેખર તો બંને એક જ લાગે છે. આ શાસ્ત્રમાં શું કહેવાના છે ? એ વક્તવ્યતા... અર્થાધિકાર પણ એ જ છે ને ?

इह च... ઉત્તર : અહીં વક્તવ્યતા એ દરેકે દરેક સૂત્રમાં જે અર્થ કહેવાય છે, તે સંબંધી છે. (પહેલેથી છેલ્લે સુધી દરેક સૂત્રમાં સ્વસમયનું જ નિરૂપણ છે... માટે એ સંબંધી વક્તવ્યતા કહેવાય.)

अर्थाधिकारस्तु... જ્યારે અર્થાધિકાર તો अहिगारो एत्थ... એના વડે જ (ગાથા ૨૮ના અંશવડે) કહેવાયેલો છે. (બીજી રીતે કહીએ, તો વક્તવ્યતા સામાન્ય છે, અર્થાધિકાર વિશેષ છે... એમ જાડી ભાષામાં કહી શકાય.)


(૬) સમવતાર : समवतारस्त्वानु-... સમવતાર તો આનૂપૂર્વી વગેરેમાં જ્યાં જે સંભવતો હતો, ત્યાં લાઘવ કરવા માટે કહી જ દીધો છે, એટલે ફરી કહેવાતો નથી.

(આનુપૂર્વીના ભેદો બતાવવાના, સંખ્યાના, પ્રમાણ વગેરેના ભેદો બતાવવાના, પછી જ્યારે છેલ્લે સમવતાર આવે, ત્યારે એ બતાવવાનું કે આ અધ્યયન આનુપૂર્વીના કયા ભેદમાં આવે... સંખ્યાના કયા ભેદમાં આવે. પણ છેક છેલ્લે આ રીતે ઘટાવવાને બદલે આનુપૂર્વી વગેરેના ભેદો દેખાડતી વખતે જ સાથે-સાથે આ સમવતાર કહી દેવામાં આવે છે, જેથી કહેવામાં અને સમજવામાં સરળતા રહે.)

उक्तं च... કહ્યું જ છે કે- હવે સમવતાર દ્વાર છે. જે કારણથી વિનયશ્રુત દરેક દ્વારમાં અવતારિત કરી દીધુ છે, તે કારણથી તે લાઘવને માટે સમવતાર દ્વાર અનુગત થઈ ગયું છે = કહેવાઈ ગયું છે. તેથી ફરી કહેવાતું નથી.


(આ પ્રમાણે અનુયોગદ્વારના પ્રથમ દ્વાર ઉપક્રમના (૧) આનુપૂર્વી, (૨) નામ, (૩) પ્રમાણ, (૪) વક્તવ્યતા, (૫) અર્થાધિકાર, (૬) સમવતાર... એ છ પેટાદ્વાર કહેવાઈ ગયા.)

---




---

1. अधुना च समवतारो येन समवतारितं प्रतिद्वारम् । विनयश्रुतं सोऽनुगतो लाघवतो न पुनर्वाच्य इति ।।१।।




वृत्ति :- निक्षेपस्त्रिधा-ओघनिष्पन्नो नामनिष्पन्नः सूत्रालापकनिष्पन्नश्च, आह च-

*[1]"भण्णइ घेप्पइ य सुहं णिक्खेवपयाणुसारओ सत्थं ।*
*ओहो नामं सुत्तं निक्खेयव्वं तओऽवस्सं ॥१॥"*

(ओघः) अध्ययनादि सामान्यनाम, आह च-

*[2]ओहो जं सामन्नं सुयाभिहाणं चउव्विहं तं च ।*
*अज्झयणं अज्झीणं आओ झवणा य पत्तेयं ॥१॥*

1. भण्यते गृह्यते च सुखं निक्षेपपदानुसारतः शास्त्रम् । ओघो नाम सूत्रं निक्षेप्तव्यं ततोऽवश्यम् ॥१॥ 2. ओघो यत् सामान्यं श्रुताभिधानं चतुर्विधं तच्च । अध्ययनमक्षीणमायः क्षपणा च प्रत्येकम् ॥३०॥

[1]णामादि चउब्भेयं वण्णेऊणं सुयाणुसारेणं ।
विणयसुयं आउज्जं चउसुंपि कमेण भावेसुं ॥२॥

[2]जेण सुहप्पज्झयणं अज्झप्पाणयणमहिय णयणं वा ।
बोहस्स संजमस्स य मोक्खस्स व तो तमज्झयणं ॥३॥

[3]अक्खीणं दिज्जंतं अव्वोच्छित्तिणयतो अलोगो व्व ।
आओ णाणाईणं झवणा पावाण कम्माणं ॥४॥

---

(૨) નિક્ષેપ :- હવે નિક્ષેપ નામનું બીજું અનુયોગદ્વાર જોઈએ.

निक्षेपस्त्रिधा–... નિક્ષેપ ત્રણ પ્રકારે છે : (૧) ઓઘનિષ્પન્ન, (૨) નામ નિષ્પન્ન, (૩) સૂત્રાલાપક નિષ્પન્ન.

आह च–... કહ્યું છે કે– કહેવાય છે = ઉત્તર અપાય છે. (નિક્ષેપદ્વાર શાના માટે ? ઈત્યાદિ પ્રશ્નનો જવાબ આપે છે.) નિક્ષેપ પદના અનુસારે સુખેથી શાસ્ત્ર ગ્રહણ કરી શકાય છે... તેથી અવશ્ય ઓઘ, નામ અને સૂત્ર એ ત્રણ નિક્ષેપ કરવા યોગ્ય છે. તેમાં ઓઘ એટલે અધ્યયન વગેરે સામાન્ય નામ !

आह च–... કહ્યું છે કે– (૧) ઓઘ એટલે શ્રુતનું જે સામાન્ય નામ હોય તે. તે ચાર પ્રકારનું છે :

અધ્યયન–અક્ષીણ–આય–ક્ષપણા ॥૧॥

(૨) શ્રુતના અનુસારે આ દરેકે દરેકના નામાદિ ચાર પ્રકારને વર્ણન કરીને ક્રમશઃ ચારેય ભાવનિક્ષેપાઓમાં વિનયશ્રુત જોડવું. (એટલે કે વિનયશ્રુત ભાવ–અધ્યયન, ભાવ–અક્ષીણ, ભાવ–આય, ભાવ–ક્ષપણા રૂપ છે... એમ દર્શાવવું.) ॥૨॥

(૩) જે કારણથી આ ગ્રન્થ દ્વારા શુભનું આત્મામાં અધિક અયન થાય, અધ્યાત્મનું આત્મામાં આનયન થાય, બોધનું, સંયમનું કે મોક્ષનું આત્મામાં અધિકનયન થાય છે, તે કારણથી આ ગ્રન્થ અધ્યયન છે. ॥૩॥

(૪) અવ્યવચ્છિત્તિનયથી = દ્રવ્યાર્થિકનયથી વિચારીએ, તો જે અધ્યયન આપવામાં આવે, છતાં ક્ષીણ ન થાય.

દા. ત. અલોક. (માટે તે अक्षीण કહેવાય)

જ્ઞાનાદિનો આય થાય, (માટે આ आय છે.)

પાપ કર્મોની ક્ષપણા થાય (માટે આ क्षपणा છે.) ॥૪॥

---

वृत्ति :- प्रकटार्था एव, नवरं येन हेतुना शुभात्माध्ययनं शुभस्य-पुण्यस्यात्मन्याधिक्येनायनं-गमनं ततो भवति, पठ्यते वा- 'सुहज्झप्पयणं'ति, तत्र शुभं-सङ्क्लेशविरहितमध्यात्मं-मनः तत्रायनमर्थादात्मनः ततः, (अध्यात्मस्या-नयनं प्रापणमात्मनि ततो भवति) तथाऽधिकं नयनं-प्रकर्षवत्प्रापणं, कस्य ?-बोधस्य-तत्त्वावगमस्य संयमस्य वा-पृथिव्यादिसंरक्षणात्मकस्य मोक्षस्य वा-कृत्स्तकर्मक्षयलक्षणस्य ततो भवति, आत्मनीति गम्यते, 'ततः' तस्माद्धेतोः, प्राग्वदध्ययनमुच्यत इति

---

1. नामादि चतुर्भेदं वर्णयित्वा श्रुतानुसारेण । विनयश्रुतमायोज्यं चतुर्ष्वपि क्रमेण भावेषु ॥३१॥ 2. येन शुभात्माध्ययनमध्यात्मानयनमधिकनयनं वा । वोधस्य संयमस्य च मोक्षस्य वा ततस्तदध्ययनम् ॥३२॥ 3. अक्षीणं दीयमानमव्यवच्छित्तिनयतोऽलोक इव । आयो ज्ञानादीनां क्षपणा पापानां कर्मणाम् ॥३३॥ एताश्चतस्त्रोऽपि आवश्यकनिर्युक्तिगाथाः सोपयोगतरा इति च संस्कृता ज्ञेयाः

शेषः, तथा 'अव्यवच्छित्तिनयतः' अव्यवच्छित्तिनयमाश्रित्य द्रव्यास्तिकनयाभि-प्रायेणेत्यर्थः, 'अलोकवत्' इत्युपलक्षणत्वादलोकाकाशवदिति । //

---

प्रकटार्था एव... આ ચારેય ગાથાઓ પ્રગટ-અર્થવાળી જ છે. માત્ર ત્રીજી ગાથામાં સ્પષ્ટ અર્થ જોઈએ.

नवरं... (૧) जेण = જે કારણથી

(૨) सुहप्पज्झयणं = શુભ-આત્મ-અધિ+અયન = શુભનું એટલે કે પુણ્યનું આત્મામાં વધુ પ્રમાણથી अयन = ગમન તેના દ્વારા = આ ગ્રન્થ દ્વારા થાય છે.

पठ्यते वा-... અહીં પાઠાંતર આ પ્રમાણે બોલાય છે : सुहज्झप्पयणं = શુભ-અધ્યાત્મ-અયન, શુભ = સંક્લેશથી રહિત.

અધ્યાત્મ = મન. આવા મનમાં જવું (आयनं)

કોનું ? એ અર્થાપતિથી સમજી જ લેવાનું કે આત્માનું ! આનું નામ શુભાધ્યાત્માનયન ! આ તે ગ્રન્થથી થાય છે.

(अध्यात्मस्या-... (૩) અધ્યાત્મનું આનયન = પ્રાપ્તિ કરાવવી (ક્યાં ? આત્મામાં !) તે આ ગ્રન્થથી થાય છે.)

तथाऽधिकं... (૪) અધિક નયન = પ્રકર્ષવાળી પ્રાપ્તિ કરાવવી.

પ્રશ્ન : કોને પ્રકર્ષ પ્રાપ્ત કરાવવો ?

ઉત્તર : તત્ત્વબોધને અથવા પૃથ્વી આદિના સંરક્ષણ રૂપ સંયમને અથવા સર્વકર્મોનો ક્ષય કરવા રૂપ મોક્ષને પ્રકર્ષ પમાડવાનું કામ તે આ ગ્રન્થથી થાય છે. તે પ્રાપ્તિ આત્મામાં કરાવાય છે. आत्मनि શબ્દ લખ્યો નથી. પણ એ સમજી લેવાનો છે.

तस्माद्धेतोः... તે કારણથી તે પૂર્વે જેમ બતાવ્યું તેમ અધ્યયન કહેવાય છે. उच्यते શબ્દ શેષ લઈ લેવો.

तथा 'अव्यवच्छित्तिनयतः'... (૫) ચોથી ગાથામાં अव्यवच्छित्तिनयतः લખેલું છે. એનો અર્થ અવ્યવચ્છિત્તિનયને આશ્રયીને... એટલે કે દ્રવ્યાસ્તિકનયના અભિપ્રાયથી...

'अलोकवत्'... (૬) अलोकवत् માં अलोक એ ઉપલક્ષણ છે, એટલે એનો અર્થ અલોક-આકાશની જેમ ! (અલોક = લોકાભાવ નહિ, પણ લોકાકાશભિન્ન એવું આકાશ... એ પ્રમાણે અર્થ લેવાનો છે, એટલે ઉપલક્ષણ પકડીને એ સ્પષ્ટ કરી દીધું.

---

अवतरणिका :- नामनिष्पन्ननिक्षेपेऽस्य विनयश्रुतमिति द्विपदं नाम, ततो विनयस्य श्रुतस्य च निक्षेपः शास्त्रान्तर उक्तोऽप्यवश्यमिह वक्तव्यः । तत्र च विनयनिक्षेपो बहुवक्तव्य इति तमतिदेष्टुं श्रुतनिक्षेपस्तु न तथेति तमभिधातुमाह-

---

અવતરણિકા :- હવે **નામનિષ્પન્ન નિક્ષેપ** આવે છે. તેમાં આનું विनयश्रुतं એમ બે પદવાળું નામ છે. તેથી વિનયનો અને શ્રુતનો નિક્ષેપ અન્ય શાસ્ત્રમાં કહ્યો હોવા છતાં પણ અહીં અવશ્ય કહેવો જ જોઈએ. તેમાં વિનયનો નિક્ષેપ ઘણા વિષયવાળો છે. (ઘણો મોટો છે.) તેથી તેનો અતિદેશ કરવાને માટે અને શ્રુતનિક્ષેપ તો ઘણો મોટો નથી, તેથી તેને સાક્ષાત્ કહેવાને માટે આ ૨૯ મી નિર્યુક્તિ ગાથાને કહે છે.

(એક વસ્તુ પૂર્વે કહેવાઈ ગઈ હોય, એને ફરી ન કહેવી હોય, ત્યારે માત્ર એનો ઉલ્લેખ કરી જે કહેવામાં આવે કે 'ત્યાંથી જાણી લેવી...' એનું નામ અતિદેશ !)

॥निर्यु. गा. २९॥ विणओ पुव्वुद्दिट्ठो सुयस्स चउक्कओ उ निक्खेवो ।
दव्वसुय निण्हगाइ भावसुय सुए उ उवउत्तो ॥२९॥

व्याख्या - विनीयते-अपनीयतेऽनेन कर्मेति विनयः, स च पूर्वं-दशवैकालिकविनयसमाधि-नामाध्ययने उद्दिष्ट उक्तः पूर्वोद्दिष्टः, स्थानाशून्यार्थं तदुक्तमेव किञ्चिदुच्यते-

*[1]विणयस्स य सुत[2]स्स य णिक्खेवो होइ दुण्ह य चउक्को ।*
*दव्वविणयम्मि तिणिसो सुवण्णमिति एवमा[3]तीते ॥१॥*

*[4]लोकोवयारविणओ अत्थनिमित्तं च कामहेउं च ।*
*भयविणयमोक्खविणओ विणओ खलु पंचहा णेओ ॥२॥*

*अब्भुट्ठाणं अंजलि आसणदाणं च अतिहिपूया य ।*
*लोगोवयारविणओ देवयपूया य विभवेणं ॥३॥*

*अब्भासवत्तिछंदाणुवत्तणा देसकालदाणं च ।*
*अब्भुट्ठाणं अंजलि आसणदाणं च अत्थकए ॥४॥*

*एमेव कामविणओ भए य णेयव्व आणुपुव्वीए ।*
*मोक्खंमिवि पंचविहो परूवणा तस्सिमा होइ ॥५॥*

---

ગાથાર્થ : વિનય પૂર્વે કહેવાયેલો છે. શ્રુતના ચાર પ્રકારના નિક્ષેપા છે. દ્રવ્યશ્રુત નિહ્નવાદિ છે. ભાવશ્રુત શ્રુતમાં ઉપયોગવાળો છે.

ટીકાર્થ : આના વડે (જેના વડે) કર્મ દૂર કરાય છે. તે વિનય ! તે વિનય પૂર્વે એટલે કે દસવૈકાલિકના વિનય– સમાધિ નામના અધ્યયનમાં કહેવાઈ ગયો છે. એટલે એ પૂર્વોદિષ્ટ કહેવાય. (એટલે નિર્યુક્તિકાર ફરી નથી કહેતા. પરંતુ) અહીં સ્થાન શૂન્ય ન રહી જાય, એ માટે તે દસવૈકાલિકમાં કહેવાયેલું જ કંઈક કહેવાય છે.

(૧) વિનયનો અને શ્રુતનો (સૂત્રનો) બંનેયનો ચાર પ્રકારનો નિક્ષેપ થાય છે. દ્રવ્યવિનયમાં તિનિશ (નેતર), સુવર્ણ એ બધા પદાર્થો ! ॥૧॥

(૨) લોકોપચાર વિનય, અર્થનિમિત્તક વિનય, કામહેતુ વિનય, ભયવિનય અને મોક્ષવિનય આ પ્રમાણે વિનય પાંચ પ્રકારે જાણવો. ॥૨॥

(૩) અભ્યુત્થાન (ઉભા થવું), અંજલિ (હાથ જોડવા), આસનદાન, અતિથિપૂજા, વૈભવ વડે દેવતાની પૂજા આ લોકોપચારવિનય ! ॥૩॥

---

1. विनयस्य च श्रुतस्य च निक्षेपो द्वयोश्च चतुष्कको भवति । द्रव्यविनये तिनिशः सुवर्णमिति एवमादिकः ॥१॥ 2. समाहीए इति द०अ० ९ । 3. सुवण्णमिच्चेवमाईणि द०अ० ९ नि० । 4. लोकोपचारविनयोऽर्थनिमित्तं च कामहेतोश्च । भयविनयो मोक्षविनयो विनयः खलु पञ्चधा ज्ञेयः ॥२॥ अभ्युत्थानमञ्जलिरासनदानं चातिथिपूजा च । लोकोपचारविनयो देवतापूजा च विभवेन ॥३॥ अभ्यासवर्त्तिता छन्दोऽनुवर्तना देशकालदानं च । अभ्युत्थानमञ्जलिरासनदानं चार्थकृते ॥४॥ एवमेव कामविनयो भये च नेतव्य आनुपूर्व्या । मोक्षेऽपि पञ्चविधः प्ररूपणा तस्येयं भवति ॥५॥

(૪) (પૈસાને માટે) રાજાદિની નજીક રહેવું, તેની ઈચ્છાને અનુસરવું, યોગ્યદેશમાં અને યોગ્ય કાળમાં આપવું (સંપત્તિ-સહાય વગેરેને), અભ્યુત્થાન, અંજલિ, આસનદાન... આ બધું પૈસા માટે જે કરવામાં આવે, તે અર્થનિમિત્તક વિનય॥૪॥

(૫) એ જ પ્રમાણે (અર્થવિનયની જેમ જ) કામવિનય સમજવો. અને ક્રમશઃ એ જ પ્રમાણે ભયમાં જાણવું.

(કામની ઈચ્છાથી અભ્યાસવર્તિત્વાદિ કરે એ કામવિનય !

ભયથી અભ્યાસવર્તિત્વાદિ કરે, એ ભયવિનય !)

મોક્ષમાં (મોક્ષને માટે) પણ વિનય છે, તે પાંચ પ્રકારનો છે. તેની આ પ્રરૂપણા છે.

---

*दंसणणाणचरित्ते तवे य तह ओवयारिए चेव ।*
*एसो य मोक्खविणओ पंचविहो होइ णायव्वो ॥६॥*

*दव्वाण सव्वभावा उवइट्ठा जे जहा जिणिंदेहिं ।*
*ते तह सद्दहइ नरो दंसणविणओ भवइ तम्हा ॥७॥*

*नाणं सिक्खइ नाणं गुणेइ नाणेण कुणइ किच्चाइं ।*
*णाणी णवं ण बंधइ णाणविणीओ हवइ तम्हा ॥८॥*

*अट्ठविहं कम्मचयं जम्हा रित्तं करेइ जयमाणो ।*
*णवमण्णं च न बंधइ चरित्तविणओ हवइ तम्हा ॥९॥*

*अवणेइ तवेण तमं उवणेइ य सग्गमोक्खमप्पाणं ।*
*तवनियमनिच्छियमई तवोविणीओ हवइ तम्हा ॥१०॥*

---

(૬) દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને ઔપચારિક ! આ પાંચ પ્રકારનો મોક્ષવિનય જાણવા યોગ્ય છે. ॥૬॥

(૭) જિનેન્દ્રોએ દ્રવ્યોના જે સર્વ પર્યાયો જે રીતે કહેલા છે, તે પર્યાયોને તે રીતે માણસ શ્રદ્ધા કરે. (તમ્હા) તેથી તે દર્શનવિનય થાય છે. ॥૭॥

(૮) જ્ઞાનને શીખે છે, જ્ઞાનનું પુનરાવર્તન કરે છે, જ્ઞાન વડે કાર્યોને જાણે છે. જ્ઞાની નવા કર્મને બાંધતો નથી. તેથી તે જ્ઞાનવિનીત = જ્ઞાનવિનયવાળો થાય છે. ॥૮॥

(૯) યતના કરતો આત્મા આઠ પ્રકારના કર્મસંચયને ખાલી કરે છે, બીજા નવા બાંધતો નથી, તેથી તે ચારિત્રવિનય છે.

(૧૦) તપ અને નિયમમાં નિશ્ચિત્તમતિવાળો આત્મા તપ વડે પાપને દૂર કરે છે. આત્માને સ્વર્ગ-મોક્ષમાં લઈ જાય છે. તે કારણથી તે તપવિનીત થાય છે.

*अह ओवयारिओ पुण दुविहो विणओ समासओ होइ ।*
*पडिरूवजोगजुंजण तहय अणासायणाविणओ ॥११॥*

---

दर्शनज्ञानचारित्रेषु तपसि च तथौपचारिके चैव । एष च मोक्षविनयः पञ्चविधो भवति ज्ञातव्यः ॥६॥ द्रव्याणां सर्वभावा उपदिष्टा ये यथा जिनेन्द्रैः। तांस्तथा श्रद्दधाति नरो दर्शनविनयो भवति तस्मात् ॥७॥ ज्ञानं शिक्षते ज्ञानं गुणयति ज्ञानेन करोति कृत्यानि । ज्ञानी नवं न बध्नाति ज्ञानविनीतो भवति तस्मात् ॥८॥ अष्टविधं कर्मचयं यस्माद्रिक्तं करोति यतमानः । नवमन्यच्च न बध्नाति चारित्रविनयो भवति तस्मात् ॥९॥ अपनयति तपसा तम उपनयति च स्वर्गमोक्षमात्मानम् । तपोनियमनिश्चितमतिस्तपेविनीतो भवति तस्मात् ॥१०॥ अथौपचारिकः पुनर्द्विविधो विनयः समासतो भवति । प्रतिरूपयोगयुंजनं तथा च अनाशातनाविनयः ॥११॥

पडिरूवो खलु विणओ काइयजोगो य वायमाणसिओ ।
अट्ठचउव्विहदुविहो परूवणा तस्सिमा होइ ॥१२॥

अब्भुट्ठाणं अंजलि आसणदाणं अभिग्गह किती य ।
सुस्सूसण अणुगच्छण संसाहण काय अट्ठविहो ॥१३॥

हियमियअफरुसवाई अणुवीईभास वाइओ विणओ ।
अकुसलमणोणिरोहो कुसलमणउदीरणा चेव ॥१४॥

पडिरूवो खलु विणओ पराणुवित्तिमइओ मुणेयव्वो ।
अप्पडिरूवो विणओ णायव्वो केवलीणं तुं ॥१५॥

एसो भे परिकहिओ विणओ पडिरूवलक्खणो तिविहो ।
बावन्नविहिविहाणं बिंति अणासायणाविणयं ॥१६॥

तित्थयर[1] सिद्ध[2] कुल[3] गण[4] संघ[5] किरिय[6] धम्म[7] णाण[8] णाणीणं[9] ।
आयरिय[10] थेर[11] उवज्झाय[12] गणीणं[13] तेरस पयाइं ॥१७॥

अणसायणा य भत्ती बहुमाणो वण्णसंजलणया य ।
तित्थयराई तेरस चउग्गुणा होंति बावन्ना ॥१८॥"

---

(૧૧) ઔપચારિક વિનય વળી સંક્ષેપથી બે પ્રકારે છે. પ્રતિરૂપયોગયુંજન અને અનાશાતના વિનય ! ॥૧૧॥

(૧૨) પ્રતિરૂપ વિનય કાયિક, વાચિક, માનસિક છે. તે આઠ પ્રકારનો, ચાર પ્રકારનો, બે પ્રકારનો છે. તેની આ પ્રરૂપણા છે. ॥૧૨॥

(૧૩) અભ્યુત્થાન + અંજલિ + આસનદાન + અભિગ્રહ + કૃતિકર્મ + શુશ્રૂષા + અનુગમન + સંસાધન આ આઠ પ્રકારનો કાયિકવિનય છે. ॥૧૩॥

(૧૪) હિતવાદી + મિતવાદી + અપરૂષભાષી + વિચારીને બોલનાર આ ચાર પ્રકારનો વાચિક છે. અકુશલમનનો નિરોધ અને કુશલમનની ઉદીરણા આ બે પ્રકારનો માનસિક છે. ॥૧૪॥

(૧૫) પ્રતિરૂપ વિનય 'બીજાની અનુવૃત્તિમય છે, એટલે કે બીજાને અનુકૂળ થવા રૂપ છે.' એમ જાણવા યોગ્ય છે. કેવલીઓને અપ્રતિરૂપ વિનય જાણવો. (માટે જ તેઓ વંદનાદિ કરતા નથી ને...) ॥૧૫॥

---

प्रतिरूपः खलु विनयः कायिकयोगश्च, वाचिको मानसिकः । अष्टविधः चतुर्विधः द्विविधः प्ररूपणा तस्येयं भवति ॥१२॥ अभ्युत्थानमञ्जलिरासनदानमभिग्रहः कृतिकर्म च । शुश्रूषणमनुगमनं संसाधनं कायिकोऽष्टविधः ॥१३॥ हितमितापरुषवादी अनुवीच्य भाषी वाचिको विनयः । अकुशलमनोनिरोधः कुशलमनउदीरणैव ॥१४॥ प्रतिरूपः खलु विनयः परानुवृत्तिमयो मुणितव्यः अप्रतिरूपो विनयो ज्ञातव्यः केवलिनां तुं ॥१५॥ एष भवद्भ्यः परिकथितो विनयः प्रतिरूपलक्षणस्त्रिविधः । द्विपञ्चाशद्विधिविधानं ब्रुवतेऽनाशातनाविनयम् ॥१६॥ तीर्थकर १ सिद्ध २ कुल २ गण ४ सङ्घ ५ क्रिया ६ धर्म ७ ज्ञान ८ ज्ञानिनाम् ९ । आचार्य १० स्थविर ११ उपाध्याय १२ गणिनां १३ त्रयोदश पदानि ॥१७॥ अनाशातना च भक्तिर्बहुमानो वर्णसंज्वलनता च । तीर्थकराद्यास्त्रयोदश चतुर्गुणा भवति द्विपञ्चाशत् ॥१८॥

(૧૬) ત્રણ પ્રકારનો આ પ્રતિરૂપલક્ષણવાળો વિનય તમને કહેવાયો. આનાશાતના વિનય 'બાવન વિધિ એ છે વિધાન= ભેદ જેના' તેવો (મહાપુરુષો) કહે છે ।।૧૬।।

(૧૭) તીર્થંકર + સિદ્ધ + કુલ + ગણ + સંઘ + ક્રિયા + ધર્મ + જ્ઞાન + જ્ઞાની + આચાર્ય + સ્થવિર + ઉપાધ્યાય + ગણિ. આ ૧૩ પદો છે. ।।૧૭।।

અનાશાતના + ભક્તિ + બહુમાન + વર્ણસંજવલના (=પ્રશંસા) તીર્થંકરાદિ ૧૩ આ ચાર સાથે ગુણો, એટલે બાવન થાય. ।।૧૮।।

---

वृत्ति :- स्पष्टार्थाः, नवरं 'तिनिशो' वृक्षविशेषः, लोकोपचारविनयः लोकपङ्क्तिफलः, अर्थनिमित्तं चेति, विनय इति गम्यते, ततोऽर्थप्राप्तिहेतोरीश्वराद्यनुवर्तनमर्थविनयः, कामहेतोश्चेति इहापि विनय इति प्रक्रमः, ततश्च शब्दादिविषयसम्पत्तिनिमित्तं तथा तथा प्रवर्तनं कामविनयः, दुष्प्रधर्षनृपतिसामन्तादेः प्राणादिभयेनानुवर्तनं भयविनयः, इहलोकानपेक्षस्य श्रद्धानज्ञानशिक्षादिषु कर्मक्षयाय प्रवर्तनं मोक्षविनयः, स च दर्शनज्ञानचारित्रतपउपचारभेदात् पञ्चप्रकारः, तत्र चौपचारिकोऽनुरूपव्यापारसम्पादनानाशातनाभेदतो द्विभेदः,

---

स्पष्टार्थाः,... આ બધી ગાથા સ્પષ્ટ-અર્થવાળી છે. માત્ર જે અઘરું છે, તેના અર્થ બતાવીએ છીએ.

ગાથા-૧ : તિનિશ = એક વિશેષ પ્રકારનું વૃક્ષ.

ગાથા-૨ : લોકોપચારવિનય એટલે લોકપંક્તિ રૂપી ફળવાળો વિનય ! (જે કરવાથી લોકો ખુશ થાય, લોકો આકર્ષાય, સમૂહ ભેગો થાય... એ...)

अत्थनिमित्तं च પછી 'વિનય' શબ્દ સમજી લેવાનો. (अर्थनिमित्तः એવો બહુવ્રીહિ નથી કર્યો. એટલે અર્થના નિમિત્તે શું ? એ જોડાણ બાકી રહે...) તેથી આ પ્રમાણે અર્થ થશે કે 'અર્થની પ્રાપ્તિ માટે શ્રીમંતાદિને અનુસરવું એ અર્થવિનય !

कामहेतुं च અહીં પણ વિનય એ શબ્દ લેવાનો. તેથી અર્થ આ પ્રમાણે થશે કે 'શબ્દ વગેરે વિષયોની પ્રાપ્તિને માટે તે તે પ્રમાણે પ્રવૃત્તિ કરવી એ કામવિનય !'

दुष्प्रधर्षनृपतिसामन्तादेः... જે રાજા, સામન્ત વગેરેને હરાવી-ડરાવી-નમાવી ન શકાય, એ રાજા વગેરેથી પ્રાણનાશ-ધનનાશાદિનો ભય રહેવાને લીધે તેમને અનુસરવું એ ભયવિનય !

इहलोकानपेक्षस्य... આલોકની અપેક્ષા વિનાના (વ્યક્તિ)ની શ્રદ્ધા, જ્ઞાન, શિક્ષા વગેરેમાં કર્મના ક્ષયને માટે પ્રવૃત્તિ એ મોક્ષવિનય ! અને તે દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, ઉપચાર ભેદથી પાંચ પ્રકારનો છે. તેમાં ઔપચારિક વિનય અનુરૂપ વ્યાપારનું સંપાદન અને અનાશાતના આ ભેદથી બે પ્રકારનો છે.

---

वृत्ति :- तत्र चाद्ये अभ्युत्थानम्-आगच्छति गच्छति च दृष्टे गुरावासनमोचनम्, अभिग्रहो-गुरुविश्रामणादिनियमः, कृतिः-द्वादशावर्तादिवन्दनम्, शुश्रूषणं 'ण पक्खओ[1] ण पुरओ' इत्यादिविधिना गुरुवचनश्रवणेच्छा, पर्युपासनमित्यर्थः, अनुगमनम्-आगच्छतः प्रत्युद्गमनम्, संसाधनं-गच्छतः सम्यगनुव्रजनम्, 'कुलं' नागेन्द्रादिः 'गणः' कोटिकादिः, 'क्रिया' अस्ति परलोकोऽस्त्यात्माऽस्ति च सकलक्लेशलेशाकलङ्कितं मुक्तिपदमित्यादिप्ररूपणात्मिकेह गृह्यते, 'धर्मः श्रुतचारित्रात्मकः 'ज्ञानं' मत्यादि 'आचार्यः' अनुयोगाचार्यः 'गणी' गणाचार्यः अनाशातनामनोवाक्कायैरप्रतीपप्रवर्तनम्, भक्तिः-अभ्युत्थाना-

---

1. न पक्षतो न पुरतः ।

दिरूपा, बहुमानो मानसोऽत्यन्तप्रतिबन्धः, वर्णनं वर्णः-श्लाघनं तेन सञ्ज्वलना ज्ञानादिगुणोद्दीपना वर्णसंज्वलना ।।

---

ગાથા ૧૭ : તેમાં પહેલા ભેદમાં=અનુરૂપ વ્યાપાર સંપાદનમાં અભ્યુત્થાન : આવતા કે જતા ગુરુ દેખાયે છતે આસનનો = બેસવાનો ત્યાગ ! (ઉભા થવું.)

અભિગ્રહ: ગુરુના પગ દબાવવા વગેરેનો નિયમ...

કૃતિ : દ્વાદશાવર્ત વગેરે રૂપ વંદન.

શુશ્રૂષણ : 'પડખે પણ નહિ, આગળ પણ નહિ' વગેરે વિધિ વડે ગુરુના વચનોને સાંભળવાની ઈચ્છા ! એટલે કે પર્યુપાસન ! (નજીકમાં ઔચિત્યપૂર્વક બેસવું.)

અનુગમન : આવતા એવા ગુર્વાદિ પ્રત્યે સામે લેવા જવું.

સંસાધન : જતા એવા ગુર્વાદિને સારી રીતે પાછળ અનુસરવું.

ગાથા-૧૭ : કુલ એટલે નાગેન્દ્ર વગેરે... ગણ એટલે કોટિક વગેરે.

ક્રિયા : 'પરલોક છે, આત્મા છે, તમામે તમામ ક્લેશોના લેશોથી = અંશોથી અકલંકિત મોક્ષપદ છે.' વગેરેની પ્રરૂપણા રૂપ ક્રિયા અહીં લેવાની છે.

ધર્મ : શ્રુત અને ચારિત્ર એમ બે પ્રકારે છે.

જ્ઞાન : મતિ વગેરે.

આચાર્ય : અનુયોગાચાર્ય = અર્થદાતા.

ગણી : ગણાચાર્ય.

ગાથા-૧૮ : અનાશાતના એટલે મન-વચન-કાયા વડે પ્રતિકૂળ વર્તન ન કરવું તે.

ભક્તિ : અભ્યુત્થાનાદિ રૂપ છે.

બહુમાન : મન સંબંધી અત્યંત પ્રતિબંધ (માનસિક લગાવ = લાગણી)

વર્ણસંજ્વલના : = વર્ણન કરવું એટલે કે પ્રશંસા કરવી. એ વર્ણ દ્વારા = પ્રશં ા દ્વારા સંજ્વલના = જ્ઞાનાદિ ગુણોની ઉદ્દીપના = પ્રકાશના કરવી એ વર્ણસંજ્વલના !

(આ પ્રમાણે ટીકાકારે ટુંકમાં વિનયનું વર્ણન કરી દીધું. હવે પછી ૨૯મી ગાથા ાથે જોડાઈ જઈએ. ત્યાં વિનય અને શ્રુતના નિક્ષેપાની વાત ચાલે છે.)

---

वृत्ति :- [1]श्रुतस्य चत्वारः परिमाणमस्येति चतुष्कः, सङ्ख्याया अतिशदन्तायाः कन्निति (पा०५-१-२२) कन्, तुशब्दश्चतुर्विधनिक्षेपोऽवश्यं सर्वत्र वक्तव्य इति विशेषद्योतकः, उक्तं हि-

*"[2]जत्थ उ जं जाणेज्जा णिक्खेवं णिक्खिवे निरवसेसं ।*
*जत्थवि [3]णवि जाणिज्जा चउक्कयं निक्खिवे तत्थ ।।१।।"*

---

1. अथ एकोनत्रिंशत्तमनिर्युक्तिगाथोपात्तस्य 'सुयस्स चउक्कओ उ निक्खेवो' इत्यस्य व्याख्या. 2. यत्र तु यं जानीयात् निक्षेपं निक्षिपेन्निरवशेषम् । यत्रापि नापि जानीयात् चतुष्ककं निक्षिपेत् तत्र ।१। 3. 'जत्थविय न जाणिज्जा' इत्यनुयोगद्वारेषु ।

चतुष्क શબ્દ આ પ્રમાણે બન્યો છે चत्वारः परिमाणम् अस्य इति चतुष्कः ।

જેનું પરિમાણ ચાર છે, તે चतुष्कः કહેવાય. અહીં क પાણિનિવ્યાકરણના ૫-૧-૨૨માં સૂત્રથી લાગ્યો છે.

तु શબ્દ ગાથામાં છે, તે એ વિશેષ પદાર્થને દર્શાવે છે કે 'બધી જ જગ્યાએ ચાર પ્રકારના નિક્ષેપા અવશ્ય કહેવા.'

કહ્યું છે કે- જ્યાં જે નિક્ષેપને (જેટલા નિક્ષેપને) જાણે, ત્યાં તમામ નિક્ષેપને નિક્ષેપવા. જ્યાં ન જાણી શકો, ત્યાં ચાર નિક્ષેપને નિક્ષેપવા.

---

वृत्ति :- निक्षेपो-न्यासः, तत्राद्ययोः सुगमत्वात्तृतीयमाह-द्रव्यतो द्रव्यरूपं वा श्रुतं द्रव्यश्रुतम्, आगमतो नोआगमतश्च, तत्रागमतो ज्ञाताऽनुपयुक्तः, नोआगमतस्त्वाह-निह्नुते-आगमाभिहितमर्थ-मतिक्लिष्टकर्मोदयात् कुयुक्तिभिरपनयतीति निह्नवो-जमालिप्रभृतिः पश्चात्कृतश्रुतपरिणतिः, आदिशब्दात्पुरस्कृतश्रुतपरिणतिसत्त्वपरिग्रहः,

---

तत्राद्ययोः... હવે 'શ્રુત' પદના ચાર નિક્ષેપા કહેવાય છે. તેમાં નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ સુગમ હોવાથી ગાથામાં ત્રીજો નિક્ષેપ બતાવે છે दव्वओ निण्हगाइ વગેરે !

द्रव्यतो... દ્રવ્યથી શ્રુત અથવા તો દ્રવ્યરૂપ એવું શ્રુત તે દ્રવ્યશ્રુત ! તે બે પ્રકારે છે આગમતઃ અને નો-આગમતઃ તેમાં આગમતઃ દ્રવ્યશ્રુત જ્ઞાતા, (પણ) અનુપયુક્ત નો-આગમતઃ (નિર્યુક્તિમાં જ) કહે છે. निह्नगाइ ! निह्नव શબ્દનો અર્થ આ પ્રમાણે છે. निह्नुते इति निह्नवः જે આગમમાં કહેવાયેલા અર્થને અતિક્લિષ્ટ કર્મોના ઉદયથી કુયુક્તિઓ વડે દૂર કરે = ખોટા સાબિત કરે... તે નિહ્નવ ! (નિહ્નવ શબ્દનો વ્યુત્પત્તિ-અર્થ બતાવી દીધા બાદ એ નિહ્નવ તરીકે કોણ ગણાય ? એ દર્શાવે છે.)

पश्चात्कृतश्रुतपरिणतिः... જેમણે શ્રુતની પરિણતિ ગુમાવી દીધી છે, તેવા જમાલિ વગેરે નિહ્નવ કહેવાય. (તેઓ પાસે પહેલા સમ્યગ્ શ્રુતજ્ઞાન હોય જ, પણ પાછળથી ગુમાવી ચુક્યા હોય, તેવા શાસ્ત્રદ્રોહીઓ નિહ્નવ તરીકે ઓળખાય છે.

પ્રશ્ન : आदि શબ્દથી કોણ લેવાનો ?

आदिशब्दात्पुर-... ઉત્તર : આગળ કરાયેલી છે શ્રુતપરિણતિ જેના વડે એટલે કે ભવિષ્યમાં સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરનારો જીવ એ નો-આગમતઃ દ્રવ્યશ્રુત કહેવાય.

(અહીં જ્ઞશરીર-ભવ્યશરીર બતાવેલા નથી. એ સ્વયં સમજી લેવાના,નિહ્નવાદિ તદ્વ્યતિરિક્ત દ્રવ્યશ્રુત તરીકે લીધા છે. કેમકે તેઓ ભાવશ્રુતના કારણ હતા કે બનવાના છે...)

---


वृत्ति :- भावश्रुतमप्यागमनोआगमभेदतो द्विधा, तत्रागमतोऽभिधातुमाह-भावतो भावरूपं वा श्रुतं भावश्रुतम्, प्राकृतत्वादिह पूर्वत्र च बिन्दुलोपः, 'श्रुते' श्रुतविषये, 'तुः' अवधारणे भिन्नक्रमः, तत उपयुक्त एव, कोऽर्थः ?-यस्य श्रुतमिति पदं ज्ञातं तत्र चोपयोगः स भावश्रुतम्, तदुपयोगानन्यत्वाद्, अग्न्युपयुक्तमाणवकाग्निवदिति गाथार्थः।।२९।।

---

भावश्रुतमप्यागमनो-... ભાવશ્રુત પણ આગમ-નોઆગમ એ ભેદથી બે પ્રકારે છે. (દ્રવ્યશ્રુત તો બે પ્રકારે છે જ, પણ એમ अपि નો અર્થ લેવો) તેમાં આગમતઃ ભાવશ્રુતને કહેવાને માટે (નિર્યુક્તિકાર) કહે છે भावसुय सुए उ उवउत्तो !

ભાવથી શ્રુત કે ભાવરૂપ શ્રુત તે ભાવશ્રુત !

પ્રશ્ન : भावसुयं એમ य ઉપર બિન્દુ હોવું જોઈએ ને ? એમ दव्वसुयं એમ ત્યાં પણ બિન્દુ હોવું જોઈએ. બે य જગ્યાએ


નિક્ષેપ
ઓઘનિષ્પન્ન નિક્ષેપ
નામ નિષ્પન્ન નિક્ષેપ
અધ્યયન
અક્ષીણ
આય
ક્ષપણા
નામ
સ્થાપના
દ્રવ્ય
ભાવ
વિનય
શ્રુત
નામ
સ્થાપના
દ્રવ્ય
ભાવ
નામ
સ્થાપના
દ્રવ્ય
ભાવ
તિનિશ, સુવર્ણ વગેરે
આગમ
જ્ઞાતોપયુક્ત
નો આગમ
આગમ
નો આગમ
જ્ઞાતોપયુક્ત
જ્ઞશરીર
ભવ્ય શરીર
તદ્વ્યતિરિક્ત
લોકોપચાર
(૧) અભ્યુત્થાન
(૨) અંજલિ
(૩) આસનદાન
(૪) અતિથિપૂજન
(૫) દેવતાપૂજન
અર્થવિનય
(૧) અભ્યાસાનુવૃત્તિતા
(૨) છંદાનુવર્તના
(૩) દેશકાલદાન
(૪) અભ્યુત્થાન
(૫) અંજલિ
(૬) આસનદાન
કામવિનય
ભયવિનય
અર્થ વિનય પ્રમાણે
મોક્ષવિનય
જ્ઞાન
દર્શન
ચારિત્ર
તપ
ઔપચારિક
પ્રતિરૂપવિનય
અનાશાતના
કાયિક વિનય
(૧) અંજલિ
(૨) અભ્યુત્થાન
(૩) આસનદાન
(૪) અભિગ્રહ
(૫) કૃતિકર્મ
(૬) શુશ્રૂષા
વાચિક વિનય
(૧) મિત બોલવું
(૨) હિત બોલવું
(૩) અકઠોર બોલવું
(૪) વિચારીને બોલવું
માનસિક
(૧) અકુશલમનનો નિરોધ
(૨) કુશલમનની ઉદીરણા
(૧) તીર્થંકર
(૨) સિદ્ધ
(૩) કુલ
(૪) ગણ
(૫) સંઘ
(૬) ક્રિયા
(૭) ધર્મ
(૮) જ્ઞાન
(૯) જ્ઞાની
(૧૦) આચાર્ય
(૧૧) સ્થવિર
(૧૨) ઉપાધ્યાય
(૧૩) ગણી
અનાશાતના
ભક્તિ
બહુમાન
વર્ણસંજ્વલના

શા માટે નથી ?

ઉત્તર : અહીં = भावसुय શબ્દમાં અને પૂર્વમાં = दव्वसुय શબ્દમાં બિન્દુનો લોપ થયેલો છે, તે પ્રાકૃત હોવાથી સમજવો. (પ્રાકૃતમાં આ રીતે લોપાદિ થાય...) श्रुते = શ્રુત રૂપી વિષયમાં तु શબ્દ અવધારણ અર્થમાં ભિન્નક્રમવાળો છે. તેથી અન્વય આ પ્રમાણે થશે કે उपयुक्त एव ! (જે શ્રુતમાં ઉપયુક્ત હોય તે જ આગમથી ભાવશ્રુત !)

પ્રશ્ન : કહેવાનો ભાવાર્થ શું છે ? (कोऽर्थः)

ઉત્તર : જેને 'श्रुतं' એ પ્રમાણે પદ જણાયેલું છે અને (હમણાં) જેનો તેમાં ઉપયોગ છે, તે આત્મા ભાવશ્રુત !

પ્રશ્ન : એ આત્મા ભાવશ્રુત કેવી રીતે બને ?

ઉત્તર : આત્મા શ્રુતોપયોગથી અભિન્ન હોવાથી તે સ્વયં ભાવશ્રુત કહી શકાય. જેમકે અગ્નિમાં ઉપયોગવાળો માણસ 'અગ્નિ' કહેવાય છે...

---

वृत्ति :- उक्तावोघनामनिष्पन्ननिक्षेपौ, सम्प्रति सूत्रालापकनिष्पन्ननिक्षेपः प्राप्तावसरः, तथापि स नोच्यते, यतः सति सूत्रेऽसौ सम्भवति, सूत्रं च सूत्रानुगमे, स चानुगमभेद इति अनुगम एव तावदुपवर्ण्यते- द्विविधोऽनुगमः- निर्युक्त्यनुगमः सूत्रानुगमश्च, तत्राद्यो निक्षेपनिर्युक्तिउपोद्घातनिर्युक्तिसूत्रस्पर्शिकनिर्युक्त्यनुगमविधानतस्त्रिविधः,

---

उक्तावोघनामनिष्पन्ननिक्षेपौ... ઓઘનિષ્પન્ન અને નામનિષ્પન્ન નિક્ષેપ કહેવાઈ ગયા. હવે સૂત્રાલાપકનિષ્પન્નનિક્ષેપ પ્રાપ્ત-અવસરવાળો છે, એટલે કે એ નિક્ષેપ કરવાનો અવસર આવી ગયો છે, તો પણ તે કહેવાશે નહિ.

પ્રશ્ન : કેમ ?

यतः सति... ઉત્તર : કેમકે સૂત્ર આવે, પછી સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપ સંભવી શકે. (કેમકે આમાં સૂત્રમાં રહેલા તે તે શબ્દોનો નિક્ષેપ કરવાનો હોય છે.) અને સૂત્ર ક્યારે આવે ? સૂત્રાનુગમ આવે, ત્યારે !

स चानुगमभेद... સૂત્રાનુગમ એ અનુગમ નામના અનુયોગદ્વારનો ત્રીજો ભેદ છે. એટલે પહેલા તો અનુગમનું જ વર્ણન કરાય છે. (એમાં સૂત્રાનુગમ આવશે, એમાં સૂત્ર આવશે, એ પછી સૂત્રાલાપક નિષ્પન્નનિક્ષેપ આવશે...)

द्विविधोऽनुगमः... અનુગમ બે પ્રકારે છે. (૧) નિર્યુક્તિ-અનુગમ, (૨) સૂત્રાનુગમ.

तत्राद्यो... તેમાં પ્રથમ = નિર્યુક્તિ અનુગમ ત્રણ પ્રકારનો છે.

(૧) નિક્ષેપનિર્યુક્તિઅનુગમ, (૨) ઉપોદ્ઘાતનિર્યુક્તિઅનુગમ, (૩) સૂત્રસ્પર્શિકનિર્યુક્તિઅનુગમ... આ વિધાનથી = ભેદથી ત્રણ પ્રકારે છે.

ભાવાર્થ : પ્રશ્ન : સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપ, સૂત્રાનુગમ અને સૂત્ર સ્પર્શિકનિર્યુક્તિઅનુગમ એટલે શું ?

ઉત્તર : સૂત્રાનુગમ :- संजोगा विप्पमुक्कस्स ઇત્યાદિ જે પ્રથમસૂત્ર છે તેને બોલવું=ઉચ્ચારવું તે જ સૂત્રાનુગમ (એટલે જે જે મૂળસૂત્ર ઉચ્ચારાતુ જાય તે તે સૂત્રનો અનુગમ થઈ ગયો કહેવાય.)

સૂત્ર સ્પર્શિકનિર્યુક્તિ અનુગમ :- મૂળસૂત્રના પદાર્થોનું વર્ણન કરનારી, પણ નિક્ષેપાનું વર્ણન નહીં કરનારી જે જે નિર્યુક્તિ ગાથાઓ હોય તે બધી સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ અને તેનો ઉચ્ચાર કરવો તે સૂત્રસ્પાર્શિક નિર્યુક્તિ અનુગમ.

જેમ કે મૂળસૂત્રના 'संजोगा' શબ્દનું વર્ણન કરનારી અર્થાત્ 'સંયોગનો શું અર્થ થાય' એનું વર્ણન કરનારી, પણ

'संजोगा' શબ્દના નિક્ષેપા (નામસંયોગ ઈત્યાદિ)નું વર્ણન નહિ કરનારી એવી નિર્યુક્તિ ગાથાઓ સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ કહેવાય, અને તેમનું ઉચ્ચારણ એ જ સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ અનુગમ.

**दुग्गइपडणजीवधारणाओ धम्मोति णिद्दिट्ठो...** આવી કોઈક નિર્યુક્તિ ગાથા હોય તો અહીં નામધર્મ-સ્થાપનાધર્મ ઈત્યાદિ નિક્ષેપાઓનું વર્ણન નથી પણ મૂળસૂત્રમાં આવેલા ધર્મ શબ્દનો અર્થ જ કરાય છે કે દુર્ગતિમાં પડતા એવા જીવને ધારણ કરે તે ધર્મ કહેવાય. તે આ સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ અનુગમ.

**સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપ :-** મૂળસૂત્રમાં આવતા શબ્દોના નિક્ષેપા કરવા તે સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપ કહેવાય જેમ કે નિર્યુક્તિકારે નિર્યુક્તિ ગાથા ૩૦માં મૂળસૂત્રના 'સંયોગ' શબ્દના ૬ નિક્ષેપાનું વર્ણન કર્યું છે. ત્યાં નામ સંયોગ-સ્થાપના સંયોગ ઈત્યાદિ નિક્ષેપાઓનું વર્ણન કરવું તે જ સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપ કહેવાય.

**પ્રશ્ન :** તમે ત્રણ વસ્તુ દેખાડી પણ નિક્ષેપ-નિર્યુક્તિ અનુગમ એટલે શું ?

**ઉત્તર :** નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ એટલે નિક્ષેપાઓનું વર્ણન કરનારી તમામે તમામ નિર્યુક્તિ ગાથાઓનું ઉચ્ચારણ કરવું. તે ત્રણ પ્રકારની છે.

(૧) ઓઘનિષ્પન્ન નિક્ષેપ નિર્યુક્તિ, (૨) નામ નિષ્પન્ન નિક્ષેપ નિર્યુક્તિ, (૩) સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપ નિર્યુક્તિ.

આગળ ઓઘ અને નામનું વર્ણન કર્યું. (અંગ-શ્રુત-સ્કંધ-અધ્યયન-ઉદ્દેશા વગેરે સામાન્ય શબ્દોના નામ-સ્થાપના વગેરે નિક્ષેપા કરવા તે ઓઘ નિષ્પન્ન નિક્ષેપા અને આચાર-ઉત્તર-વિનય-સમવાય વગેરે વિશેષ શબ્દોના નામ-સ્થાપના વગેરે નિક્ષેપા કરવા તે નામ નિષ્પન્ન નિક્ષેપા કહેવાય છે.)

**'संजोगा विप्पमुक्कस्स'** પ્રથમ મૂળસૂત્રની પૂર્વે ૨૯ નિર્યુક્તિ ગાથાઓમાં અધ્યયન-શ્રુત-સ્કન્ધ વગેરે સામાન્ય શબ્દોના નામ-સ્થાપના વગેરે નિક્ષેપા કર્યા. (નામશ્રુત-સ્થાપનાશ્રુત) તે સામાન્ય શબ્દના નિક્ષેપાઓ છે. માટે તે બધાનું વર્ણન કરનારી નિર્યુક્તિ ગાથાનું ઉચ્ચારણ કરવું તે **ઓઘ નિષ્પન્ન નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ.**

**संजोगा...** ની પૂર્વે ૨૯ નિર્યુક્તિ ગાથાઓમાં વિનય-ઉત્તર વગેરે વિશેષ શબ્દોના નામ-સ્થાપના વગેરે નિક્ષેપા કર્યા. (નામોત્તર, સ્થાપનોત્તર) તે વિશેષ શબ્દના નિક્ષેપાઓ છે માટે તે બધાનું વર્ણન કરનારી નિર્યુક્તિ ગાથાનું ઉચ્ચારણ કરવું તે નામનિષ્પન્ન નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ.

**'संजोगा...'**ની પછીની નિર્યુક્તિ ગાથાઓમાં સંયોગ-અણગાર વગેરે મૂળસૂત્રમાં રહેલા શબ્દોના નામ, સ્થાપના વગેરે નિક્ષેપા કરવા. (નામસંયોગ, સ્થાપનાસંયોગ વગેરે) તે મૂળસૂત્ર સંબંધી શબ્દોના નિક્ષેપાઓ છે. માટે તે બધાનું વર્ણન કરનારી નિર્યુક્તિ ગાથાનું ઉચ્ચારણ કરવું તે સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ કહેવાય.

હવે મૂળસૂત્ર આવે ત્યારે સૂત્રાનુગમ થાય, અને ત્યારે જ સૂત્રના શબ્દો ઉપર નિર્યુક્તિ અને શબ્દોના નિક્ષેપા થાય. માટે સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપનો અવસર આવ્યો હોવા છતાંય સૂત્રાનુગમ પછી જ તે શક્ય બને માટે હવે સૂત્રાનુગમનું જ વર્ણન કરશે.

---

અનુયોગ દ્વાર - ૨ (નિક્ષેપ)

- ઓઘનિષ્પન્ન નિક્ષેપ
- નામનિષ્પન્ન નિક્ષેપ
- સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપ

**(૧) ઓઘનિષ્પન્ન નિક્ષેપ :-** અઙ્ગ-અધ્યયન-ઉદ્દેશ વગેરે સામાન્ય નામોના નિક્ષેપ કરવા.

**(૨) નામનિષ્પન્ન નિક્ષેપ :-** આચાર-વિનય-ઉત્તર વગેરે વિશેષ નામોના નિક્ષેપા કરવા.

(૩) સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપ :- મૂળસૂત્રમાં રહેલા શબ્દો ધર્મ-સંયોગ વગેરે નામોના નિક્ષેપા કરવા.

- અનુયોગ દ્વાર – ૩
  - અનુગમ
    - સૂત્રાનુગમ (મૂળસૂત્રનું ઉચ્ચારણ)
    - નિર્યુક્તિઅનુગમ
      - નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ
      - ઉપોદ્ઘાત નિર્યુક્તિ અનુગમ
        - (૨ ગાથા) (યથા આવશ્યક)
      - સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ અનુગમ

---

**સારાંશ**

(૪) **સૂત્રાનુગમ** :- મૂળસૂત્રનું ઉચ્ચારણ કરવું.

(૫) **નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ** :- ત્રણેય પ્રકારના નિક્ષેપાઓનું વર્ણન કરનારી બધી નિર્યુક્તિ ગાથાઓનું ઉચ્ચારણ કરવું.

(૬) **સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ અનુગમ** :- મૂળસૂત્રના શબ્દોની વ્યાખ્યા, તેના ઉપર પ્રશ્નોત્તરી વગેરે કરનારી (મૂળસૂત્રના શબ્દોના નિક્ષેપા નહિ કરનારી) નિર્યુક્તિ ગાથાઓનું ઉચ્ચારણ.

---

वृत्ति :- तत्र च निक्षेपनिर्युक्त्यनुगम उत्तरादिनिक्षेपप्रतिपादनादनुगत एव, उपोद्घातनिर्युक्त्यनुगमस्तु द्वारगाथाद्वयादवसेयः, तच्चेदम्-

*''[1]उद्देसे णिद्देसे य णिग्गमे खेत्त काल पुरिसे य ।*
*कारण पच्चय लक्खण णए समोयारणाणुमए ॥१॥*

*किं कइविहं कस्स कहिं केसु कहं केच्चिरं हवइ कालं ? ।*
*कइ संतरमविरहियं भवागरिस फासण णिरुत्ती ॥२॥''*

एतदर्थः सामायिकनिर्युक्तितोऽवसेयः, सूत्रस्पर्शिकनिर्युक्त्यनुगमस्तु सूत्रावयवव्याख्यानरूपत्वात् सूत्रस्पर्शिकनिर्युक्तेः सति सूत्रे सम्भवति, तच्च सूत्रानुगम एवेति तत्रैव वक्ष्यते ।

---

तत्र च... તેમાં उत्तर, अध्ययन વગેરેના નિક્ષેપનું પ્રતિપાદન (નિર્યુક્તિ ગાથાઓ દ્વારા) કરી દીધું, એટલે એના દ્વારા (૧) નિક્ષેપ નિર્યુક્તિ-અનુગમ આવી જ ગયો. (૨) ઉપોદ્ઘાતનિર્યુક્તિ-અનુગમ બે દ્વાર ગાથાથી જાણવો.

तच्चेदम्... ( (૧) ઉદ્દેશ + નિર્દેશ + નિર્ગમ + ક્ષેત્ર + કાળ + પુરુષ + કારણ + પ્રત્યય + લક્ષણ + નય + સમવતારણા + અનુમત + કિં + કતિવિધિ + કસ્ય + ક્વ + કેષુ + કથં + કિયચ્ચિરં કાલં ભવતિ + કતિ + સાન્તર + અવિરહિત + ભવ + આકર્ષ + સ્પર્શના + નિરુક્તિ.)

---

1. उद्देशो निर्देशश्च निर्गमः क्षेत्रं कालः पुरुषश्च । कारणं प्रत्ययो लक्षणं नयः समवतारणाऽनुमतम् ॥१॥ किं कतिविधं कस्य क्व केषु कथं कियच्चिरं भवति कालम् । कति सान्तरमविरहितं भवाकर्षाः स्पर्शना निरुक्तिः ॥२॥

एतदर्थः... આ બે ગાથાનો અર્થ સામાયિકનિર્યુક્તિમાંથી (આવશ્યકનિર્યુક્તિના એક ભાગ માંથી) જાણી લેવો.

(૩) સૂત્રસ્પર્શિકનિર્યુક્તિઅનુગમ વિચારીએ –

सूत्रस्पर्शिकनिर्युक्त्यनुगमस्तु... સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ સૂત્રના અવયવોના વ્યાખ્યાન રૂપ છે, એટલે જ્યારે સૂત્ર આવે, ત્યારે જ તેના અવયવોના વ્યાખ્યાન રૂપ આ નિર્યુક્તિ સંભવી શકે. એટલે સૂત્રાનુગમ આવે, ત્યારે જ સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ કહેવાશે.

---

वृत्ति :- नन्वेवमस्थानमिदमस्येति कस्मादिहोद्देशः ?, उच्यते, निर्युक्त्यनुगममात्रसामान्यात्, तदुक्तम्-

*"[1]संपइ सुत्तप्फासियनिज्जुत्ती जं सुयस्स वक्खाणं ।*
*तीसेऽवसरो सा पुण पत्तावि ण भण्णए इहइं ॥१॥*

*किं जेणासइ सुत्ते कस्स तई तं जया कमप्पत्तो ।*
*सुत्ताणुगमो वोच्छं होही तीसे तया भावो ॥२॥*

*अत्थाणमियं तीसे जइ तो सा कीस भण्णई इहयं ? ।*
*सा भण्णइ निज्जुत्तीमेत्तसामण्णओ नवरं ॥३॥"*

---

नन्वेवमस्थानमिदमस्येति... **પ્રશ્ન :** જો સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ અનુગમ હમણા કહેવાનો જ ન હોય, સૂત્ર આવ્યા બાદ જ કહેવાનો હોય, તો આ તો સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ–અનુગમનું સ્થાન જ ન કહેવાય. (અર્થાત્ એ અહીં કહેવા માટેનો અવસર જ ન કહેવાય.) તો પછી (इति) શા માટે અહીં એનો ઉદ્દેશ=નિર્દેશ=ઉલ્લેખ કર્યો ?

उच्यते... ઉત્તર : અનુગમની વાત આવી, એમાં નિર્યુક્તિ–અનુગમની વાત આવી, સામાન્યથી તમામ પ્રકારનો નિર્યુક્તિ–અનુગમ બતાવવો તો પડે ને ? સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ અનુગમ પણ નિર્યુક્તિ–અનુગમ રૂપે તો છે જ, એટલે નિક્ષેપનિર્યુક્તિ અનુગમ અને ઉપોદ્ઘાતનિર્યુક્તિ અનુગમની સાથે સૂત્રસ્પર્શિકની પણ નિર્યુક્તિ–અનુગમ માત્ર રૂપે સમાનતા હોવાથી એનો ઉલ્લેખ કરેલો છે.

तदुक्तम्... **આ આખી પ્રશ્નોત્તરી આ પ્રમાણે શાસ્ત્રોમાં આપેલી છે.**

(૧) હવે સૂત્રસ્પર્શિક નિર્યુક્તિની વાત શ્રુતનું (=સૂત્રના અવયવોનું) જે વ્યાખ્યાન, (તે સ્વરૂપ નિર્યુક્તિ તે સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ!) તેનો અવસર છે. પણ તે અવસરને પામેલી હોવા છતાં પણ અહીં નહિ કહેવાય.

(૨) **પ્રશ્ન :** શા માટે ?

ઉત્તર : કેમકે સૂત્ર ન હોય, તો સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ કોની થાય ? તેથી જ્યારે ક્રમથી આવેલો સૂત્રાનુગમ કહેવાશે, ત્યારે તેનો ભાવ = સૂત્રસ્પર્શિક નિર્યુક્તિનો ભાવ=નિરૂપણ થશે.

(૩) **પ્રશ્ન :** જો આ સૂત્રસ્પર્શિક નિર્યુક્તિનું અસ્થાન જ હોય, (એટલે કે અવસર પ્રાપ્ત પણ ન જ કહેવાની હોય, તો પછી) અહીં શા માટે એનો ઉલ્લેખ કરાય છે ?

---

1. सम्प्रति सूत्रस्पर्शिकनिर्युक्तिर्यत् श्रुतस्य व्याख्यानम् । तस्या अवसरः सा पुनः प्राप्ताऽपि न भण्यते इह ॥१॥ किं ? येनासति सूत्रे कस्य सका तस्मात् यदा क्रमप्राप्तः । सूत्रानुगमो वक्ष्यते भविष्यति तस्या तदा भावः ॥२॥ अस्थानमिदं तस्या यदि तदा सा किं भण्यतेऽत्र । सा भण्यते निर्युक्तिमात्र-सामान्यतो नवरम् ॥३॥

ઉત્તર : તે નિર્યુક્તિ માત્ર રૂપની સમાનતાને લઈને કહેવાય છે. (નિર્યુક્તિ-અનુગમમાં જુદી જુદી તમામ પ્રકારની નિર્યુક્તિઓ દર્શાવવાની હોય, એટલે આ સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનો પણ ઉલ્લેખ કરી દીધો... બસ, એથી વધુ અત્યારે એનું કંઈ જ કામ નથી.)

---

अवतरणिका :- साम्प्रतं सूत्रानुगमः, तत्रालीकोपघातजनकत्वादिदोषरहितं निर्दोषसारत्वा-(वत्त्वा)दिगुणान्वितं सूत्रमुच्चारणीयम्, तच्चेदम्-

---

અવતરણિકા :- હવે (નિર્યુક્ત્યનુગમની વાત પૂરી થઈ ગયા બાદ) સૂત્રાનુગમ આવે છે. તેમાં = સૂત્રાનુગમમાં અલીકતા, ઉપઘાતજનકતા વગેરે દોષો વિનાનું, નિર્દોષતા, સારતા વગેરે ગુણોથી યુક્ત એવું સૂત્ર ઉચ્ચારવાનું હોય છે. અને તે સૂત્ર આ છે.

---

॥मूलसूत्र-१॥ संजोगा विप्पमुक्कस्स अणगारस्स भिक्खुणो ।
विणयं पाउक्करिस्सामि आणुपुव्विं सुणेह मे ॥१॥

अस्य च संहितादिक्रमेण व्याख्या- तत्र चास्खलितपदोच्चारणं संहिता, सा चानुगतैव, सूत्रानुगमस्य तद्रूपत्वात्, तथा चाह- ''होइ कयत्थो वोत्तुं सपयच्छेयं सुयं सुयाणुगमो''[1]त्ति । पदं तु नामिकनैपातिकादि[2] स्वधियैव भावनीयम्, पदार्थस्त्वयम्-अन्यसंयुक्तस्यासंयुक्तस्य वा सचित्तादिवस्तुनो द्रव्यादिना संयोजनं-संयोगः, स च संयुक्तसंयोगादिभेदेनानेकधा वक्ष्यते,

---

ગાથા : સંયોગથી વિપ્રમુક્ત, અણગાર એવા ભિક્ષુના વિનયને ક્રમ પ્રમાણે પ્રગટ કરીશ, મને તમે સાં ો.

ટીકાર્થ : अस्य च... આ શ્લોકની સંહિતા વગેરેના ક્રમથી વ્યાખ્યા કરવાની હોય છે.

પ્રશ્ન : આ સંહિતાદિ શું છે ?

तत्र चास्खलित-... ઉત્તર : સંહિતા + પદ + પદાર્થ + પદવિગ્રહ + ચાલના + પ્રત્યવસ્થાન... એ છ છે. સૂત્રની વ્યાખ્યા ક્રમશઃ આ છ થી કરવાની હોય છે. તેમાં=સંહિતાદિમાં (૧) સંહિતા એટલે અસ્ખલિત રીતે પદોનું ઉચ્ચારણ ! અને એ સંહિતા અનુગત જ છે = અહીં થઈ જ ગઈ છે.

પ્રશ્ન : એ વળી શી રીતે ?

ઉત્તર : કેમકે સૂત્રાનુગમ સંહિતારૂપ છે અને આપણે ઉપર સૂત્ર બોલવા દ્વારા સૂત્રાનુગમ કરી લીધો છે. એ જ સંહિતારૂપ છે. શાસ્ત્રમાં કહ્યું જ છે કે 'સૂત્રાનુગમ પદના છેદ સહિત શ્રુતને=સૂત્રને બોલીને કૃતાર્થ થાય છે.'

(સૂત્રાનુગમનું એક જ કામ છે, જે સૂત્ર હોય, એના દરેક પદોને એકદમ સ્પષ્ટ રીતે બોલવા... એ થાય એટલે સૂત્રાનુગમ પૂરો !)

पदं तु... (૨) પદ : નામિક, નૈપાતિક વગેરે પદ પોતાની બુદ્ધિથી જ વિચારી લેવા. (નામિક એટલે 'बाल' વગેરે નામને પ્રત્યયો લાગવા દ્વારા બનતા રૂપો તે નામિક પદ જેમકે 'बालः बालौ बालाः' અને નૈપાતિક એટલે ધાતુને લાગતા मि वस् मस् વગેરે પ્રત્યયો તે નૈપાતિક પદ)

पदार्थस्त्वयम्... (૩) પદા : પદાર્થ આ છે. એમાં પ્રથમ પદ છે સંયોગ. બીજા વડે સંયુક્ત કે અસંયુક્ત એવી સચિત્ત વગેરે વસ્તુનું દ્રવ્યાદિ સાથે સંયોજન તે સંયોગ ! (દા. ત. ખાંડ વડે સંયુક્ત એવા દૂધનું કે ખાંડ વિનાના=અસંયુક્ત કોરા દૂધનું

---

1. भवति कृतार्थ उक्त्वा सपदच्छेदं सूत्रं सूत्रानुगमः । 2. (i) नामिक, (ii) नैपातिक, (iii) औपसर्गिक (iv) आख्यातिक (v) मिश्र

ખાખરા વગેરે દ્રવ્યો વગેરેની સાથે જોડાણ થવું તે...) આ સંયોગ સંયુક્તસંયોગ વગેરે ભેદથી અનેક પ્રકારે કહેવાશે.

---

वृत्ति :- तस्मान्मात्रादिसंयोगरूपादौदयिकादिक्लिष्टतरभावसंयोगात्मकाच्च विविधैः-ज्ञानभावनादिभिर्विचित्रैः प्रकारैः प्रकर्षेण-परीषहोपसर्गादिसहिष्णुतालक्षणेन मुक्तो-भ्रष्टो *विप्रमुक्तः* तस्य,

---

तस्मान्मात्रादि-... આ સંયોગથી એટલે માતા વગેરેની સાથેના સંયોગ રૂપ સંયોગથી અને ઔદયિક વગેરે ક્લિષ્ટતર એવા ભાવ સંયોગ રૂપ સંયોગથી... વિપ્રમુક્ત... !

(એક તો માતા વગેરેનો સંયોગ એ દ્રવ્યસંયોગ તથા માતા પ્રત્યે ગાઢ સ્નેહ હોય, તો આ માતા વગેરે સાથેનો ગાઢસ્નેહ રૂપી સંયોગ છે, આ સંયોગ ઔદયિક ભાવ રૂપ છે. અને આ જ ભાવ એ ભાવસંયોગ રૂપ છે. આવા ભાવસંયોગ રૂપ સંયોગથી પણ જે વિપ્રમુક્ત હોય, તેની અહીં વાત કરવાની છે.

તથા પૈસા-સ્ત્રી કેવી રીતે મેળવવા... વગેરેનું જ્ઞાન એ પણ એક પ્રકારનો એ પદાર્થોની સાથેનો સંયોગ છે. આ સંયોગ ક્ષાયોપશમિક ભાવ રૂપ છે. એટલે જ औदयिकादि માં आदि શબ્દ પણ લેખેલો છે.)

विविधैः-... હવે 'विप्रमुक्त' નો અર્થ દર્શાવે છે.

वि = વિવિધ પ્રકારો વડે = જ્ઞાનભાવના-દર્શનભાવના વગેરે રૂપ વિચિત્ર પ્રકારો વડે.

प्र = પ્રકર્ષથી = પરીષહ-ઉપસર્ગો વગેરે સહન કરવાના સ્વભાવરૂપ પ્રકર્ષથી.

मुक्तः જે (સંયોગ દ્વારા) મુક્ત થયો હોય. તે विप्रमुक्त !

વિશેષાર્થ :- ધારો કે વરસાદ પડતો હોય તો બાહ્ય ચારિત્રપાલક અભવ્યો ક્ષુધા-તૃષા સહન કરીને પણ ગોચરી લેવા નહિ જાય... અહીં તેઓ ગોચરીના સંયોગથી મુક્ત થયા, પરીષહાદિ સહન કરીને મુક્ત થયા, પણ જ્ઞાનભાવનાદિ ભાવતા નથી, માત્ર મલિન ભાવના છે... એટલે તેઓ પ્રમુક્ત બને, પણ વિપ્રમુક્ત ન બને.

કેટલાક ઉત્તમ મુનિઓ જ્ઞાનાદિ ભાવના ભાવે, પણ પરિષહો સહન કરવાની પ્રેક્ટીસ ન હોય, એટલે વરસાદમાં ગોચરી રડતી આંખે પણ લાવે, આસક્તિમાં ન ફસાય, જયણા ખૂબ રાખે... એટલે આ રીતે તેઓ વિમુક્ત છે = ભાવના દ્વારા તો ગોચરી સંયોગથી મુક્ત છે, પણ પરીષહ સહન કરવા દ્વારા ગોચરી-સંયોગથી પ્રમુક્ત નથી બની શકતા. જે મુનિઓ ભાવનાઓથી ભાવિત બની, પરીષહોને સહન કરીને વરસાદ વખતે ગોચરી લેવા ન જાય... તેઓ વિ + પ્ર + મુક્ત કહી શકાય.

---

वृत्ति :- 'अनगारस्ये'-ति अविद्यमानमगारमस्येत्यनगार इति व्युत्पन्नोऽनगारशब्दो गृह्यते, यस्त्वव्युत्पन्नो रूढिशब्दो यतिवाचकः, यथोक्तम्-

*"अनगारो मुनिर्मौनी, साधुः प्रव्रजितो व्रती ।*
*श्रमणः क्षपणश्चैव, यतिश्चैकार्थवाचकाः ॥१॥"*

इति, स इह न गृह्यते, भिक्षुशब्देनैव तदर्थस्य गतत्वात्,

---

હવે अणगारस्य શબ્દનો અર્થ બતાવે છે : અહીં અવિદ્યમાન છે अगार = ઘર જેને તે अनगार એ પ્રમાણે વ્યુત્પત્તિ અર્થવાળો अणगार શબ્દ લેવાનો છે.

પ્રશ્ન : અણગાર શબ્દ સાધુ અર્થમાં રૂઢ છે, તો એ રૂઢ અર્થ જ કેમ ન લેવાય ?

यस्त्वव्युत्पन्नो... ઉત્તર : વ્યુત્પત્તિ વિનાનો જે અણગાર શબ્દ સાધુના વાચક તરીકે રૂઢ છે, જેમકે કહ્યું છે કે 'અનગાર,

મુનિ, મૌની, સાધુ, પ્રવ્રજિત, વ્રતી, શ્રમણ, ક્ષપણ અને યતિ આ એક જ અર્થના વાચક છે.' તે અણગાર શબ્દ અહીં લેવાનો નથી.

भिक्षुशब्देनैव... કેમકે 'ભિક્ષુ' શબ્દ આપેલો જ છે, એનાથી જ રૂઢ એવા અનગાર શબ્દનો અર્થ આવી જ જાય છે. (કેમકે ભિક્ષુ શબ્દ પણ યતિવાચક તરીકે રૂઢ છે. તો એક જ અર્થને બતાવનારા બે શબ્દો વાપરવાનો કોઈ અર્થ જ નથી... માટે અહીં વ્યુત્પન્ન અણગાર શબ્દ લેવો.)

---

वृत्ति :- तत्र चागारं द्विधा-द्रव्यभावभेदात्, तत्र द्रव्यागारमगैः-द्रुमदृषदादिभिर्निर्वृत्तम्, भावागारं पुनरगैः-विपाककालेऽपि जीवविपाकतया शरीरपुद्गलादिषु बहिःप्रवृत्तिरहितैरनन्तानुबन्ध्यादिभिर्निर्वृत्तं कषायमोहनीयम्, तत्र च द्रव्यागारपक्षे तन्निषेधे ततोऽनगारस्याविद्यमानगृहस्येत्यर्थः, भावागारपक्षे त्वल्पताभिधायी, ततः स्थितिप्रदेशानुभागतोऽत्यल्पकषायमोहनीयस्येत्यर्थः,

---

तत्र चागारं... હવે આ જે વ્યુત્પત્તિ કરી, એમાં अगार બે પ્રકારે છે. દ્રવ્ય અને ભાવ એ ભેદથી ! તેમાં अग = વૃક્ષ, પત્થર વગેરે. (न गच्छन्ति इति अगाः = વૃક્ષાદિ એ ચાલતા નથી. માટે એ अग કહેવાય છે.) એ अग વડે = વૃક્ષ, પત્થર વગેરે વડે જે બનેલું હોય, તે દ્રવ્યાગાર !

ભાવાગાર એટલે કષાય મોહનીય ! તે આ પ્રમાણે :- અહીં अग = અનંતાનુબંધી વગેરે કષાયો...

प्रश्न : પણ એને अग કેમ કહો છો ?

ઉત્તર : જ્યારે એ કર્મો વિપાકકાળને પામે, ત્યારે પણ આ કર્મો જીવવિપાકી હોવાથી જીવમાં જ પોતાનો વિપાક બતાવે છે, શરીરમાં કે પુદ્ગલાદિમાં આ કર્મો બાહ્યપ્રવૃત્તિ વિનાના છે. એટલે કે શરીરાદિ બાહ્ય પદાર્થમાં વિપાક બતાવવાની પ્રવૃત્તિ કરતા નથી તેથી તે न गच्छन्ति इति अगाः એ પ્રમાણે કહેવાય છે.

(જેમ શુક્લવર્ણ નામકર્મ શરીરમાં શુક્લવર્ણ પેદા કરે... શ્વાસોચ્છ્વાસ નામકર્મ શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલોમાં વિપાક પેદા કરે... એમ આ કષાય મોહનીય નથી કરતા... તેઓ જીવવિપાકી છે. જો કે કષાયોદયના કારણે શરીર લાલ બને... ઈત્યાદિ થાય છે, પણ એમાં એકાંત નથી. માટે ઉપર મુજબ વર્ણન કરેલું છે.)

तत्र च... હવે अणगार શબ્દનો વિચાર કરીએ, એમાં દ્રવ્યાગાર પક્ષમાં જ્યારે अनगार શબ્દ વાપરો, ત્યારે अगार નો નિષેધ જ સમજવાનો, એટલે अनगार = જેને ઘર નથી તે !

भावागारपक्षे... ભાવાગાર પક્ષમાં જ્યારે अनगार શબ્દ વાપરો, ત્યારે अगार નો સંપૂર્ણ નિષેધ શકય નથી. કેમકે સાધુઓમાં કષાય મોહનો સર્વથા અભાવ નથી. એટલે ત્યાં अनगार શબ્દ अगार ની અલ્પતાનો વાચક સમજવો. તેથી અર્થ આવો થશે કે સ્થિતિથી, પ્રદેશથી અને રસથી અતિ-અલ્પ કષાય મોહનીયવાળા એવા જે હોય તે अणगार !

---

वृत्ति :- कषायमोहनीयं हि कर्म, न च कर्मणः स्थित्यादिभूयस्त्वे विरतिसङ्गमः, यत आगमः-

*"सत्तण्हं[1] पयडीणं अब्भिंतरओ उ कोडिकोडीओ ।*
*काऊण सागराणं जइ लहइ चउण्हमन्नयरं ॥१॥"*

इत्यादि, क्लिष्टतरभावसंयोगमुक्तत्वेनैव चास्य गतत्वे पुनरभिधानं कषायमोहनीयस्यातिदुष्टताख्यापनार्थम्,

---

1. सप्तानामपि प्रकृतीनामभ्यन्तरतस्तु कोटीकोट्याः । कृत्वा सागरोपमाणां यदि लभते चतुर्णामन्यतरम् ॥१॥

कषायमोहनीयं... કષાય મોહનીય ખરેખર કર્મ છે. અને જ્યારે કર્મની સ્થિતિ વગેરે વધારે હોય, ત્યારે વિરતિનો સંગમ ન થાય. કેમકે આગમ પાઠ આ પ્રમાણે છે કે- (આ. નિ. ગા.-૧૦૬)

જો આત્મા સમ્યક્ત્વ, શ્રુત, દેશવિરતિ, સર્વવિરતિ આ ચારમાંથી કોઈપણ એકને પામે, તો એ જ્ઞાનાવરણીયાદિ સાત કર્મોની કોડાકોડિ સાગરોપમની પણ અંદર સ્થિતિ કરીને એટલે કે અંતઃ કોટાકોટિ સ્થિતિ કરીને પામે... ઈત્યાદિ.

માટે જે ભિક્ષુ છે, તેના કર્મો અલ્પસ્થિત્યાદિવાળા વા જ જોઈએ, એટલે કે સાધુ ભાવાગારની અલ્પતાવાળો = અનગાર હોવો જ જોઈએ.

પ્રશ્ન : પ્રથમ વિશેષણ संजोगा विपमुक्कस्स છે જ. એમાં સંયોગ = ક્લિષ્ટતર ભાવ રૂપ સંયોગ પણ લીધા છે. એનો અર્થ છે દીર્ઘસ્થિત્યાદિવાળા કર્મો ! હવે 'એનાથી વિપ્રમુક્ત' એમ કહી જ દીધું છે, એટલે આ વિશેષણથી જ એ સાબિત થઈ જ જાય છે કે એ ભાવાગારથી = ક્લિષ્ટતર કર્મોથી રહિત છે. તો પછી अनगार વિશેષણની જરૂર જ શી છે ?

क्लिष्टतरभावसंयोग-... ઉત્તર : આ अनगार શબ્દનો અર્થ ક્લિષ્ટતરભાવસંયોગમુક્તપણા વડે જ આવી જાય છે. છતાં પણ આનું ફરીથી કથન કરેલું છે, તે કષાયમોહનીયની અતિદુષ્ટતાને બતાવવા માટે કરેલું છે.

---

**वृत्ति :- विशेष्यमाह- 'भिक्षो'रिति, अत्र च पचनपाचनादिव्यापारोपर(म)तः साधुर्भिक्षते तद्धर्मो चेत्यर्थे "सनाशंसभिक्ष उ"रिति (पा० ३-२-१६८) ताच्छीलिक उप्रत्ययः, अस्य च वर्तमानाधिकारविहितत्वेऽपि *'सञ्ज्ञाप्रकारास्ताच्छीलिका'* इति भाष्यकारवचनाद्भिक्षुशब्दस्त्रिकालविषयो यतिपर्यायः सिद्धो भवति, शेषविवक्षायां च षष्ठी,**

---

विशेष्यमाह-... विप्रमुक्तस्य, अनगारस्य આ બે શબ્દના વિશેષ્યને હવે બતાવે છે. भिक्षोः અહીં भिक्ष् ધાતુને પાણિની વ્યાકરણના નિયમ પ્રમાણે તચ્છીલ અર્થમાં उ પ્રત્યય લાગેલો છે. તે આ અર્થમાં લાગ્યો છે કે- સાધુએ પાક કરવો, કરાવવો વગેરે વ્યાપારોનો ત્યાગ કરેલો હોવાથી સાધુ ભિક્ષા માંગે છે, અને તે માંગવાના સ્વભાવવા ો છે... એટલે તે ભિક્ષુ !

(... व्यापारोपरतः શબ્દ પાઠાંતર છે, તો એનો અર્થ પણ સ્પષ્ટ છે, એ શબ્દ સાધુનું વિશેષણ છે, અને એ હેતુગર્ભિત વિશેષણ સમજવું, સાધુ અટકેલો... છે. માટે સાધુ ભિક્ષા માટે ફરે છે...)

પ્રશ્ન : તમે भिक्ष् ધાતુને તાચ્છીલિક उ પ્રત્યય લગાડ્યો છે, પણ આ પ્રત્યય તો વર્તમાનકાળના અધિકારમાં જ વાપરવાનો કહેલો છે. એટલે કે 'વર્તમાનમાં જે સાધુ ભિક્ષા માટે ફરતો હોય, એવાને માટે જ भिक्षु શબ્દ વાપરી શકાય.' જ્યારે આપણે તો ભિક્ષા માટે ફરતા, ફરી ચુકેલા કે ફરનારા તમામ સાધુઓ માટે આ શબ્દ વાપરવો છે. માત્ર વર્તમાનમાં ભિક્ષા ફરનારા માટે નહિ. એટલે કે આપણે તો સાધુમાત્રના વાચક તરીકે આ શબ્દ લેવો છે. તો એ શી રીતે શક્ય બનશે ?

अस्य च... ઉત્તર : તમારી એ વાત સાચી છે કે- उ પ્રત્યય વર્તમાન-અધિકારમાં દર્શાવાયેલો છે... છતાં પણ ભાષ્યકારનું વચન આ પ્રમાણે છે કે- 'તાચ્છીલિક પ્રત્યયો સંજ્ઞાપ્રકારવાળા જાણવા...'

(સંજ્ઞા = સંકેત એ છે પ્રકાર જેનો તેવા જાણવા. વક્તા જે અભિપ્રાયથી તાચ્છીલિક પ્રત્યય વાપરે,તે પ્રત્યય તે અભિપ્રાયને અનુસરનારો બને. આમ જેટલી સંજ્ઞાઓ, એટલા પ્રકારો તાચ્છીલિક પ્રત્યયના પડી જાય. માત્ર વર્તમાનાધિકાર વગેરે રૂપ એક જ પ્રકાર એનો રહેતો નથી... એટલે અહીં ભિક્ષુ શબ્દ જો રૂઢ અર્થમાં વાપરવાની સંજ્ઞાથી વપરાયેલો હોય, તો એનો એ મુજબ અર્થ થઈ શકે છે.)

-वचनाद्भिक्षुशब्द-... આ વચનને અનુસારે અહીં भिक्षु શબ્દ ત્રણેય કાળના વિષયવા ો, સાધુના પર્યાયવાચી શબ્દ તરીકે સિદ્ધ થાય છે. એટલે કે અહીં भिक्षुः = વર્તમાનમાં ભિક્ષા માંગનાર... એમ અર્થ ન લેવો, પણ 'ભૂત-ભાવિ-વર્તમાનમાં ભિક્ષા માંગનાર, ન માંગનાર તમામ સાધુઓ...' એ અર્થ લેવાનો. અને શેષની વિવક્ષામાં છઠ્ઠી વિભક્તિ કરી છે.

शेषविवक्षायां... કર્મ–અર્થમાં બીજી વિભક્તિ લાગે, કરણ–અર્થમાં ત્રીજી, સંપ્રદાન–અર્થમાં ચોથી, અપાદાન–અર્થમાં પાંચમી, અધિકરણ અર્થમાં સાતમી, કર્તૃ–અર્થમાં પ્રથમ... આમ સામાન્યથી છ કારક વિભક્તિઓ બતાવી છે. પણ છટ્ઠી શેના અર્થમાં લાગે ? એના ઉત્તરમાં વ્યાકરણકાર કહે છે કે – 'જ્યાં આ છ માંથી એક પણ અર્થ ન હોય બીજો જ અર્થ હોય... એ શેષ કહેવાય. જ્યારે એની વિવક્ષા હોય, ત્યારે છટ્ઠી લાગે.' પ્રસ્તુતમાં પણ भिक्खुणो શબ્દમાં એ શેષવિવક્ષામાં છટ્ઠી લાગી છે.

---

वृत्ति :- अथवा- *'अणगारस्सभिक्खुणो'* त्ति अस्वेषु भिक्षुरस्वभिक्षुः-जात्याद्यनाजीवनादनात्मीकृतत्वेनानात्मीयानेव गृहिणोऽन्नादि भिक्षत इति कृत्वा, [1]स च यतिरेव, ततोऽनगारश्चासावस्वभिक्षुश्च अनगारास्वभिक्षुस्तस्य, किमित्याह-विशिष्टो विविधो वा नयो-नीतिर्विनयः-साधुजनासेवितः समाचारस्तम्, विनमनं वा विनतं *'[2]णीयं सेज्जं गइं ठाणं'* इत्याद्यागमात्, द्रव्यतो नीचैर्वृत्तिलक्षणं प्रह्वत्वं भावतश्च साध्वाचारं प्रति प्रवणत्वं 'प्रादुष्करिष्यामि' प्रकटयिष्यामि,

---

अथवा... અથવા अणगारस्सभिक्खुणो = अनगारास्वभिक्षो: अनगार-अस्व-भिक्षो: એ રીતે એક આખો શબ્દ લઈ લેવો. એમાં अस्वेषु भिक्षुः = अस्वभिक्षुः એમ સમાસ થશે.

જે પોતાના નથી, તેવાઓને વિશે જે ભિક્ષા માટે ફરે છે, તે अस्वभिक्षुः

પ્રશ્ન : સાધુને આવો अस्वभिक्षु કેમ કહ્યો ? શું એ સ્વજનાદિઓમાં = स्व માં ભિક્ષુ નથી બનતો.

अस्वेषु भिक्षुरस्वभिक्षुः... ઉત્તર : એમ ન માનવું. પણ સાધુ ગોચરી વહોરવા જાય, ત્યારે 'હું અમુક જાતિ, કુળનો છું. તમે પણ એ જ જાતિ, કુળના છો...' એવી રીતે જાતિ વગેરેનો ઉપયોગ કરતો નથી. એના દ્વારા ગૃહસ્થોને પોતાની જાતિવાળા = પોતાના બનાવી દઈને ગોચરી લેતો નથી.

આમ સાધુ જાતિ આદિનું આજીવન નથી કરતો, માટે ગૃહસ્થો સાધુના પોતાના કરાયેલા થતા નથી, માટે તે ગૃહસ્થો अस्व = અનાત્મીય જ રહે છે... અને એવા અનાત્મીય ગૃહસ્થોની પાસે (गृहिणो બીજી વિભક્તિ છે...) અન્નની ભિક્ષા માંગે છે... આ રીતે હોવાથી સાધુ अस्वभिक्षु કહેવાય.

स च... અને એવો કોણ હોય ? યતિ જ હોય. (પૂર્વ भिक्षु થી અજૈન ભિક્ષુ પણ આવતા, ત્યાં આપણે જૈનસાધુ–વાચક ભિક્ષુશબ્દ ભાષ્યકારવચનથી સિદ્ધ કરવો પડેલો. અહીં તો હવે ભાષ્યકારવચન વિના જ સમાસના અર્થથી જ જૈનસાધુ જ પકડાશે, બીજા નહિ...) પછી બે શબ્દોનો કર્મધારય કરવાનો.

अनगारश्चासौ अस्वभिक्षुश्च इति अनगारास्वभिक्षुः... તે સાધુના વિનયને પ્રગટ કરીશ.

विशिष्टो... वि = વિશિષ્ટ અથવા તો અનેક પ્રકારનો

नय = નીતિ

તે विनय = સાધુ લોકોએ આચરેલો આચાર ! તેને પ્રગટ કરીશ

विनमनं वा... અથવા विणयं જે શબ્દ છે, તેની સંસ્કૃત છાયા विनतं કરો. વિશેષથી નમવું એ विनतं

પ્રશ્ન : પણ આ વિનમન કરવાનું કહ્યું છે ખરું ?

ઉત્તર : હા ! 'નીચી શય્યા, નીચી ગતિ, નીચું સ્થાન...' આ વગેરે આગમ વચનોથી વિનમન દર્શાવાયું જ છે.

---

1. दुहादित्वाद् द्विकर्मत्वेन गृहिणोऽन्नादेश्च कर्मत्वम् । 2. नीचैः शय्यां गतिं स्थानम् ।

द्रव्यतो... દ્રવ્યથી વિનત એટલે નીચેથી રહેવું... નમ્ર રહેવું... એ રૂપી પ્રહ્વત્વ ! ભાવથી વિનત = સાધ્વાચાર પ્રત્યે પ્રવીણતા! આ વિનયને / વિનતને પ્રકટ કરીશ.

---

वृत्ति :- कथमित्याह- पूर्वस्य पश्चादनुपूर्वं तस्य भाव इत्यर्थे ''गुणवचनब्राह्मणादिभ्यः'' (पा० ५-१-१२९) कर्मणि चेति ष्यञ्, तस्य च षित्करणसामर्थ्यात् स्त्रीत्वे ''षिद् गौरादिभ्यश्चे''ति (पा० ४-१-४१) ङीष्यानुपूर्वी क्रमः परिपाटीतियावत् तया, द्वितीया तु 'छन्दोवत् सूत्राणी'ति न्यायतः छान्दसत्वे *'सुपां सुपो भवन्ती'*ति वचनात् तृतीयार्थे 'शृणुत' आकर्णयत श्रवणं प्रत्यवहिता भवत, यद्वा शृणु 'इहे'ति जगति जिनमते वा, व्याख्याद्वयेऽपि शिष्याभिमुखीकरणमित्यर्थः । अनेन च पराङ्मुखमपि प्रतिबोधयतो व्याख्यातुर्धर्म्म एवेति ख्यापितं भवति, तथा च वाचकः-

*"न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात् ।*
*ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति ॥१॥"*

'मे' मम विनयं विनतं वा प्रादुष्करिष्यत इति प्रक्रमः ।

---

कथमित्याह... પ્રશ્ન : કેવી રીતે પ્રગટ કરશો ?

ઉત્તર : આનુપૂર્વીથી !

પૂર્વની પછી જે હોય તે અનુપૂર્વ ! તેનો ભાવ... ઈત્યાદિ પાણિનિ વ્યાકરણાનુસારે ૫-૧-૧૨૯ તથા ૪-૧-૪૧ માં સૂત્રથી આનુપૂર્વી શબ્દ બને. એનો અર્થ છે ક્રમ, પરિપાટી...

ક્રમથી પ્રગટ કરીશ.

પ્રશ્ન : તમે અર્થ કરો છો તૃતીયા પ્રમાણે ! શબ્દ છે દ્વિતીયાન્ત ! આ કેમ ચાલે ? આનુપૂર્વીં છે, આનુપૂર્વ્યા નથી.

द्वितीया तु... ઉત્તર : 'સૂત્રો છન્દવાળા હોય છે = આર્ષપ્રયોગ રૂપ હોય છે.' એ ન્યાય છે. એ ન્યાયને અનુસારે આ શબ્દ પણ છાન્દસ પ્રયોગ રૂપ છે. અને છાન્દસ પ્રયોગમાં 'કોઈપણ વિભક્તિની, કોઈપણ વિભક્તિ થાય.' એ પ્રમાણે વચન છે... એટલે એ વચનને અનુસારે અહીં તૃતીયાના અર્થમાં બીજી વિભક્તિ સમજવી.

सुणेह = સાંભળો = શ્રવણ પ્રત્યે સાવધાન થાઓ. અથવા सुण इह = આ જગતમાં અથવા તો આ જિનમતમાં તમે સાંભળો. બંનેય વ્યાખ્યામાં શિષ્યને સાંભળવા માટે અભિમુખ કર્યો છે.

પ્રશ્ન : અભિમુખ કોને કરવો પડે ? જે પરાઙ્મુખ હોય એને ને ? તો એવા શ્રવણ પ્રત્યે પરાઙ્મુખને ધર્મ કહેવાની જરૂર જ શી છે ? એમાં શું ફાયદો ?

अनेन च... ઉત્તર : (सुणेह... શબ્દ દ્વારા પરાઙ્મુખ શિષ્યને અભિમુખ કરીને ધર્મ કહેવાની વાત સ્વીકારી છે અને) આના દ્વારા એ પદાર્થ જણાવાયેલો થાય છે કે- "શ્રોતા પરાઙ્મુખ હોય, તો પણ તેને પ્રતિબોધ પમાડતા વ્યાખ્યાનકારને તો ધર્મ જ છે."

વાચકે = ઉમાસ્વાતિ ભગવંતે કહ્યું છે કે – બધા શ્રોતાને હિતવચનના શ્રવણથી એકાંતે ધર્મ જ થાય તેવું નથી, પરંતુ શ્રોતા ઉપર ઉપકાર કરવાની બુદ્ધિથી બોલનારા વક્તાને તો એકાંતે હિત થાય.

---

1. यू स्त्र्याख्यौ नदी (१-४-३) सूत्रे भाष्ये ।

मे (ગાથાનો છેલ્લો શબ્દ છે) = मम = વિનય કે વિનતને પ્રગટ કરનારા એવા મને... એ પ્રમાણે અર્થ પ્રસ્તુત છે. (અર્થાત્ બીજું કંઈ સાંભળવા માટેની પ્રેરણા નથી... પણ મને સાંભળો.)

वृत्ति :- उक्तः पदार्थस्तदभिधानात् सामासिकपदान्तर्गतः पदविग्रहश्च (उक्त इति), ततश्चालनावसरः, सा च सूत्रार्थगतदूषणात्मिका, "[1]*सुत्तगयमत्थविसयं व दूसणं चालणं मयं तस्स*" इति वचनात्, तत्र सूत्रचालना-संयोगस्य[2] विप्रमुक्तक्रियां प्रति कर्तृत्वात् संयोगादिति कथं पञ्चमी ? अर्थचालना च 'विनयं प्रादुष्करिष्यामी'ति प्रतिज्ञातम्, उत्तरत्र च 'आणाऽणिद्देसकरे' इत्यादिना 'खड्डुयाहिं चवेडाहिं' इत्यादिना च विपर्ययप्रतिपादनमपि दृश्यते, इति कथं न प्रतिज्ञाक्षितिः ?,

उक्त... પદાર્થ કહેવાઈ ગયો. અને તેના કથન દ્વારા સામાસિકપદોની અન્તર્ગત એવો પદવિગ્રહ પણ કહેવાઈ ગયો.

(સૂત્રમાં જે સામાસિક પદો હોય, એનો સમાસ ખોલવો = એ છે પદવિગ્રહ ! હવે પદાર્થ દર્શાવતી વખતે એ સામાસિક પદોનો સમાસ દર્શાવી જ દીધો છે. દા. ત. न विद्यते अगारं यस्य स... એટલે પદવિગ્રહ અલગ બતાવવાની જરૂર ખરી ?)

ततश्चालनावसरः... ચાલના : પદવિગ્રહ કહેવાઈ ગયો હોવાથી (ततश्च) હવે ચાલનાનો અવસર છે. એ ચાલના સૂત્રમાં રહેલા દૂષણો અને અર્થમાં રહેલા દૂષણો રૂપ છે. (સૂત્રમાં કે અર્થમાં દૂષણ છે નહિ, પરંતુ ચાલનામાં એ ખોટા દૂષણો ઉભા કરવામાં આવે છે.)

પ્રશ્ન : ચાલનાની આવી વ્યાખ્યા ક્યાંથી લાવ્યા ?

ઉત્તર : 'તેનું=ગ્રન્થનું સૂત્ર સંબંધી કે અર્થ સંબંધી દૂષણ એ ચાલના મનાયેલી છે.' આવું વચન હોવાથી અમે ઉપર પ્રમાણે કહેલું છે. તેમાં સૂત્ર ચાલના જોઈએ.

સૂત્રચાલના : संजोगा विप्पमुक्कस्स લખેલું છે. એમાં જીવ સંયોગથી=માતાપિતાદિથી વિપ્રમુક્ત બને છે. એટલે કે સંયોગ એ જીવને છોડી દે છે = संयोगः जीवं विप्रमुञ्चति એમ અર્થ થાય. આમ સંયોગ તો અહીં વિપ્રમુક્તિ રૂપ ક્રિયા પ્રત્યે કર્તા છે, કર્તાને તો પહેલી વિભક્તિ થાય, તો અહીં પાંચમી કેમ કરી ?

અર્થચાલના : 'હું વિનયને પ્રગટ કરીશ' આવી તમે પ્રતિજ્ઞા લીધેલી છે, અને આગળ તો आणाऽनिद्देसकरे (ગુરુની આ । ન પાળનાર...) ઈત્યાદિ ગાથા વડે અને खड्डुयाहिं चवेडाहिं' ઇત્યાદિ ગાથા વડે વિપર્યયનું = અવિનયનું પ્રતિપાદન પણ દેખાય છે. તો પછી તમારી પ્રતિજ્ઞાનો ભંગ કેમ ન ગણાય ?

वृत्ति :- प्रत्यवस्थानं-शब्दार्थन्यायतः परोपन्यस्तदोषपरिहाररूपम्, यत आह- "*सद्दत्थ*[3]*न्नायाओ परिहारो पच्चवत्थाणं*" तत्र च यद्यपि संयोगेन विमुच्यमानो भिक्षुः कर्म तथापि कर्तृत्वेनात्र विवक्ष्यते, ततश्च तस्य[4] [5]तं विप्रमुञ्चतो विश्लेषोऽस्तीति विश्लेषक्रियायां संयो[6]गस्य ध्रुवत्वेनापादानत्वान्याय्यैव पञ्चमी, अत एव विप्रमुक्त इत्यत्र कर्मकर्तुः कर्मवद्भावात् कर्मणि क्तोऽपि सिद्धो भवति इति न सूत्रदोषो,

હવે પ્રત્યવસ્થાન રૂપ છટ્ઠો વ્યાખ્યા ભેદ જોઈએ.

પ્રત્યવસ્થાન : શબ્દના ન્યાયથી (વ્યાકરણાદિને અનુસારે) અને અર્થના ન્યાયથી બીજાએ ઉપન્યાસ કરેલા સૂત્રદોષોનું અને અર્થદોષોનું નિરાકરણ કરવું તે ! કેમકે કહ્યું છે કે- શબ્દ અને અર્થના ન્યાયથી પરિહાર=નિરાકરણ એ પ્રત્યવસ્થાન છે.

तत्र च... આમાં પહેલા સૂત્રદોષનું નિરાકરણ જોઈએ : તેમાં જો કે એ વાત સાચી કે સંયોગથી વિમુક્ત કરાતો =

1. सूत्रगतमर्थविषयं वा दूषणं चालनं मतं तस्य । 2. संबन्धनसंयोगरूपं गुणमपेक्ष्येयं शङ्का, तस्य गुणत्वेन नाशात् स जहाति भिक्षुमिति निर्धारणात्। 3. शब्दार्थन्यायतः परिहारः प्रत्यवस्थानम् । 4. भिक्षोः । 5. गुणं संबन्धनसंयोगरूपं । 6. मातापित्रादेः संयोगिनः ।

છોડાતો સાધુ એ કર્મ છે, સંયોગ એ કર્તા છે. તો પણ અહીં જીવ કર્તા તરીકે વિવક્ષા કરાય છે. એટલે કે સંયોગ જીવને નહિ, પણ જીવ સંયોગને વિપ્રમુક્ત કરે છે = છોડે છે... એમ અર્થ લેવાનો `

ततश्च तस्य... એટલે સંયોગને છોડતા તેને = સાધુને સંયોગની સાથે વિશ્લેષ = વિભાગ થાય છે. એટલે આ વિશ્લેષની ક્રિયામાં સંયોગ તો ધ્રુવ જ રહે છે = સ્થિર જ રહે છે = વિનાશ પામતો નથી. એટલે તે અપાદાન બને છે, એટલે કે તેનાથી છૂટુ પડવાનું બને છે. માટે પંચમી વિભક્તિ ન્યાય જ છે.

अत एव... આ અમે જે વાત કરી કે જીવ એ કર્મ હોવા છતાં કર્તા તરીકે વિવક્ષિત છે, એ સાચુ જ છે. માટે જ (अत एव) જુઓ... કે विप्रमुक्त માં क्त પ્રત્યય લાગ્યો છે, क्त પ્રત્યય કર્મણિ ભૂતકૃદંત રૂપ છે, અને કર્મને લાગે છે, પ્રસ્તુતમાં જીવ કર્મ રૂપ કર્તા છે, માટે એ કર્મ જેવો જ ગણાય, માટે જ એને = કર્મને વિશે क्त પ્રત્યય પણ સિદ્ધ થાય છે. (જો જીવ માત્ર કર્તા હોત તો એને क्त ન લાગી શકત, પણ એ કર્મરૂપી કર્તા છે.) આમ અહીં સૂત્ર દોષ નથી.

(સંયોગ= માતા, પિતા વગેરે પણ લેવાય, જ્યારે જીવ એને છોડે, ત્યારે બે વચ્ચેનો વિશ્લેષ ભલે થાય, પણ સંયોગ= માતાપિતાદિ થોડા જ મરી જવાના છે ? એ તો ટકવાના જ ને ! એટલે જીવ એમનાથી વિપ્રમુક્ત થયો, એ પ્રમાણે પંચમી ઘટી શકે છે.

હા ! સંયોગ જો ગુણાત્મક લો, જીવમાં રહેલા રાગાદિ પરિણામાત્મક લો, તો મુશ્કેલી ! કેમકે ગુણ-ગુણી વિના ન રહે. એટલે જ્યારે એ છૂટા પડે, ત્યારે સંયોગ નામનો પદાર્થ જ ન મળે. એટલે પછી અપાદાન ઘટે નહિ. 'જીવ ગુણથી અલગ પડ્યો' એ અપાદાન તો ગુણની સ્વતંત્ર હાજરી હોય તો જ ઘટી શકે...)

---

वृत्ति :- नाप्यर्थदोषः, यतो यद् यल्लक्षणं तत्तद्विपर्ययाभिधान एव तल्लक्षणमक्लेशेन ज्ञातुं शक्यमिति अत्र विनयाभिधानप्रतिज्ञानेऽप्यविनयाभिधानम्, तथा च शय्यम्भवप्रणीताचारकथायामपि 'वयछक्कं कायछक्क'-मित्यादिनाऽऽचारप्रक्रमेऽप्यनाचारवचनम् । अथवा एकमपीदं सूत्रमावृत्त्या 'श्वेतो धावती'तिवदर्थद्वयाभिधायकम्, ततश्चायमन्योऽर्थः-संयोगेन कषायादिसम्पर्कात्मकेनाप्यविप्रमुक्तः-अपरित्यक्तः, संयोगाविप्रमुक्तस्तस्य, ऋणमिव कालान्तरक्लेशानुभवहेतुतया ऋणम्-अष्टप्रकारं कर्म तत् करोतीति,

---

એમ અર્થદોષ પણ નથી. (કેવી રીતે ? તે હવે બતાડશે).

यतो यद्... કેમકે 'જે જેનું લક્ષણ હોય, તે તેના વિપર્યયનું કથન થયે છતે જ તેના લક્ષણ રૂપે ક્લેશ વિના = સહજ રીતે જાણવાને માટે શક્ય છે.'

अत्र... એટલે અહીં વિનયનું નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરી હોવા છતાં પણ અવિનયનું નિરૂપણ કર્યુ છે. (અવિનય એ વિનયનો વિપર્યય છે. એના કથનથી વિનયનું લક્ષણ સહેલાઈથી જાણી શકાય છે.) જૂઓ ને,

तथा च... શય્યંભવસૂરિએ રચેલ (દસવૈકાલિકના) આચારકથા અધ્યયનમાં પણ वयछक्कं... એ વગેરે શબ્દો વડે આચારનું પ્રતિપાદન કરવાનું જણાવ્યા બાદ પણ એમણે ત્યાં અનાચારનું પ્રતિપાદન કરેલું જ છે. અથવા (આખા સૂત્રનો પદાર્થ બીજી રીતે બતાવે છે.)

अथवा... આ संजोगा ઈત્યાદિ સૂત્ર એક જ હોવા છતાં પણ આવૃત્તિ દ્વારા=પુનરાવર્તન દ્વારા= બે વાર એ સૂત્ર લેવા દ્વારા બે અર્થનું નિરૂપણ કરનાર બને છે.

દા. ત. 'श्वेतो धावति' આ વાક્ય એકવાર 'સફેદ (ઘોડો વગેરે) દોડે છે' એ અર્થનું નિરૂપક છે. અને ત્યારબાદ ફરી

એ જ વાક્ય લઈને 'श्वा इतो धावति' એ પ્રમાણે સંધિ છૂટી પાડીને 'અહીંથી કુતરો દોડે છે' એ બીજો અર્થ પણ લઈ શકાય છે.

તેથી આ સૂત્રનો હવે આ બીજો અર્થ જોઈએ :

(૧) संयोगाविप्रमुक्तस्य (૨) ऋणकारस्य (૩) भिक्षोः આ રીતે ત્રણ શબ્દો લેવાના. એનો અર્થ–

(૧) સંયોગ વડે = કષાયાદિના સંપર્ક સ્વરૂપ સંયોગ વડે પણ જે હજી છોડાયેલો નથી તે.

(૨) જે ઋણ જેવું છે = દેવા જેવું છે... તે ! એટલે કે આઠ પ્રકારનું કર્મ એ ઋણ ! તેને કરનાર... (એટલે સંયોગથી નહી મુકાયેલ, કર્મરૂપી ઋણવાળા ભિક્ષુને વિનયને બતાડીશ – એ પ્રમાણે અર્થ થશે.)

પ્રશ્ન : કર્મને ઋણ તુલ્ય શા માટે કહ્યું ?

ઉત્તર : ઋણ તત્કાળ તો કદાચ નુકસાન ન કરે, પણ અમુક કાળ બાદ દુઃખના અનુભવનું કારણ બને... એમ કર્મ પણ અબાધાકાળ વીત્યા બાદ દુઃખના અનુભવનું કારણ બને, માટે એ ઋણ કહેવાય છે.

આ આઠ પ્રકારના કર્મ રૂપી ઋણને જે કરે = બાંધે... તે ઋણકાર !

---

वृत्ति :- कोऽर्थः ?–तथा तथा गुरुवचनविपरीतप्रवृत्तिभिरुपचिनोतीति ऋणकारस्तस्य, 'भिक्षोः' कषायादिवशतो जीववीर्यविकलस्य पौरुषघ्नीमेव भिक्षां[1] तथाविधफलनिरपेक्षतया भ्रमणशीलस्य 'विनयं प्रादुष्करिष्यामी'ति ''प्राकाश्यसम्भवे प्रादु''रिति वचनात् प्रादुःशब्दस्य सम्भवार्थस्यापि दर्शनादुत्पाद-यिष्यामि, सम्भवति हीदमध्ययनमधीयानानां गुरुकर्मणामपि प्रायो विनीताविनीतगुणदोषविभावनातो ज्ञानादिविनयपरिणतिः,

---

પ્રશ્ન : તમે કહેવા શું માંગો છો ? (कोऽर्थः ?)

तथा तथा... ઉત્તર : તે તે પ્રકારે ગુરુવચન કરતા વિપરીત પ્રવૃત્તિઓ વડે જે આ કર્મને ભેગું કરે, તે ઋણકાર !

'भिक्षोः'... આવો આત્મા કષાયાદિને વશ છે, તેથી જીવના વીર્યથી રહિત છે, અને તેથી જ સાચી ભિક્ષાના સાચા ફલની અપેક્ષા વિના જ પૌરુષઘ્ની જ ભિક્ષાને ફરવાના સ્વભાવવાળો છે. તે ભિક્ષુ ! અર્થાત્ પૌરુષઘ્ની ભિક્ષા ફરનાર !

(જીવના વીર્યને=પુરૂષાર્થને હણનારી હોવાથી આ ભિક્ષા પૌરુષઘ્ની કહેવાય છે.)

આવા પ્રકારના ભિક્ષુના વિનયને પ્રગટ કરીશ.

પ્રશ્ન : આવા સાધુમાં વળી વિનય છે જ ક્યાં ? કે તમે એને પ્રગટ કરશો ? દેખાડશો ?

''प्राकाश्यसम्भवे... ઉત્તર : प्रादुष् અવ્યય પ્રકાશ કરવું અને સંભવ થવો એમ બે અર્થમાં વપરાય છે. વ્યાકરણના પાઠના અનુસારે प्रादुः શબ્દ સંભવ અર્થવાળો પણ દેખાય છે, એટલે અહીં અમે સંભવ = ઉત્પાદન અર્થમાં લેશું. અર્થાત્ આવા સાધુમાં વિનય નથી, પણ અમે એનામાં વિનયને ઉત્પન્ન કરીશું.

પ્રશ્ન : આવા સાધુમાં વિનયોત્પાદન શક્ય જ નથી ?

ઉત્તર : (ના, એ વાત ખોટી.) જે જીવો ભારેકર્મી હોય, તેઓ પણ જો આ અધ્યયન ભણે, તો તેઓને વિનીતના ગુણોની અને અવિનીતના દોષોની વિભાવનાથી = ચિંતવનાથી પ્રાયઃ જ્ઞાનાદિવિનયની પરિણતિ ખરેખર સંભવિત છે.

---

1. वैकत्र द्वयोः (२-२-८५) इति भ्रमेर्द्विकर्मकत्वादत्र द्वितीया.

(આમાં વિનયનું નિરૂપણ કરવાની નહિ, પણ વિનયનું ઉત્પાદન કરવાની પ્રતિજ્ઞા છે... એટલે એને માટે અવિનયાદિનું નિરૂપણ કરે, તોય પ્રતિજ્ઞાભંગનો પ્રશ્ન જ નથી, એટલે પૂર્વપક્ષે જે અર્થદોષ આપેલો, તે પણ અહીં લાગતો નથી.)

---

वृत्ति :- अथवा विरुद्धो नयो विनयोऽसदाचार इत्यर्थः, तं प्रादुष्करिष्यामि-प्रकटयिष्यामि, कस्य? - 'भिक्षोः' उक्तन्यायेन भिक्षणशीलस्य, सम्यग्-अविपरीतो योगः-समाधिः संयोगः, ततो विविधैः परीषहासहनगुरुनियोगासहिष्णुत्वालस्यादिभिः प्रकारैः प्रकर्षेण मुक्तो विप्रमुक्तः तस्य, शेषं प्राग्वत् । एवं चाविनयप्रतिपादनस्यापि प्रतिज्ञातत्वात् सर्वं सुस्थम् ।

---

अथवा... અથવા વિરુદ્ધ એવો નય એ વિનય ! એટલે કે ખરાબ આચાર ! તેને પ્રગટ કરીશ.

**પ્રશ્ન :** કોના અસંદાચારને પ્રગટ કરશો ?

'भिक्षोः'... **ઉત્તર :** ભિક્ષુના !, ભિક્ષુ એટલે ઉપર કહેલા ન્યાયથી ફરવાના સ્વભાવવાળો ! (પૌરુષઘ્નીવાળો...) એ ભિક્ષુ संयोगात् विप्रमुक्त છે. सम् = અવિપરીત, योग = સમાધિ એ સંયોગ ! આવા સંયોગથી = અવિપરીત સમાધિથી = સુંદર સમાધિભાવથી આ સાધુ વિપ્રમુક્ત છે. वि = વિવિધ પ્રકારો વડે, प्र = પ્રકર્ષથી મુક્ત છે.

**પ્રશ્ન :** વિવિધ પ્રકારો કયા ?

ततो विविधैः... **ઉત્તર :** પરિષહોને સહન ન કરવા, ગુરુની આજ્ઞાને સહન ન કરવી... આ બધા પ્રકારોના કારણે એ સાધુ પાસે સમાધિભાવ રહ્યો નથી. શેષ = ઋણકાર વગેરેનો અર્થ પૂર્વની જેમ સમજી લેવો. આવા સાધુના વિનયને = વિપરીત આચારને હું પ્રગટ કરીશ.

एवं चाविनय-... હવે આમાં તો અવિનયના પ્રતિપાદનની પણ પ્રતિજ્ઞા આવી જ ગઈ, એટલે આગળ એનું પ્રતિપાદન કરે, તો પણ પ્રતિજ્ઞાભંગ રૂપી અર્થદોષ લાગવાનો પ્રશ્ન જ નથી. એટલે બધુ જ બરાબર જ રહેલું છે.

---

वृत्ति :- अपरस्त्वाह-प्रतिज्ञान(त)मपि विनयमभिधित्सोरप्रस्तुतम्, इदमपि बालप्रजल्पितम्, यतः शास्त्रारम्भेऽभिधेयाद्यवश्यमभिधेयम्, अन्यथा प्रेक्षावत्प्रवृत्त्यसम्भवात्, तत्प्रदर्शनात्मकं चैतत् प्रतिज्ञानम्, तथाहि-विनयं प्रादुष्करिष्यामीत्युक्ते विनयोऽस्याध्ययनस्याभिधेयः, तत्प्रादुष्करणं फलम्, तथा चेदमुपेयम्, उपायश्चास्य प्रस्तुताध्ययनम्, इत्यनयोरुपायोपेयभावलक्षणः सम्बन्ध इति च दर्शितं भवति, ततो नाप्रस्तुतत्वं प्रतिज्ञानस्येति स्थितम् ।

---

अपरस्त्वाह-... બીજો વળી આ પ્રમાણે (અર્થદોષને) કહે છે કે- વિનયને કહેવાની ઈચ્છાવાળા ગ્રન્થકારને તો પ્રતિજ્ઞા કરવી પણ અપ્રસ્તુત છે. (આશય એ છે કે વિનયને કહેવો છે, તો ભલે કહો... પણ એના માટે 'હું વિનયને પ્રગટ કરીશ.') એવી પ્રતિજ્ઞા કરવાની, ઢંઢેરો પીટવાની કોઈ જ જરૂર નથી.

(प्रतिज्ञानमपि પ્રતિજ્ઞા જેવી વસ્તુ પણ અમને અપ્રસ્તુત લાગે છે, તો બીજી બધાની તો શી ચર્ચા ? આ अपि નો અર્થ! અથવા તો વિનયની પ્રતિજ્ઞા કરીને અવિનયનું પ્રતિપાદન તો અપ્રસ્તુત છે જ, પણ આ વિનયકથનની પ્રતિજ્ઞા પણ અપ્રસ્તુત છે... એ अपि નો અર્થ !)

इदमपि... **ઉત્તર :** આ વચનો પણ બાલકના વચન છે. (મૂર્ખતા ભરેલાં છે) (આગળ ઉભી કરેલી આપત્તિ તો 'બાલજલ્પિત' હતી જ... આ પણ... એ પ્રમાણે अपि નો અર્થ !) કેમકે શાસ્ત્રના આરંભમાં અભિધેય=વિષય વગેરે અવશ્ય કહેવા જ જોઈએ, કેમકે જો ન કહો તો બુદ્ધિમાનોની શાસ્ત્રાભ્યાસમાં પ્રવૃત્તિનો સંભવ ન રહે.

(અન્યથા = નહિ તો = જો અભિધેયાદિ ન કહો તો પ્રેક્ષાવત્... = બુદ્ધિમાનોની પ્રવૃત્તિનો અસંભવ થવાથી... અહીં પંચમી વિભક્તિ જે છે, તે 'કેમકે' એ રીતે ગોઠવવાથી ગુજરાતીમાં બરાબર સંગત થઈ જાય છે. દરેક જગ્યાએ પંચમીને આ રીતે કેમ કે = કારણ કે એવા અર્થમાં ફેરવી શકાય.)

तत्प्रदर्शनात्मकं... અને આ પ્રતિજ્ઞા અભિધેયાદિના પ્રદર્શન રૂપ જ છે. તે આ પ્રમાણે– 'વિનયને પ્રગટ કરીશ' એમ બોલો, એટલે ખ્યાલ આવી જ જાય કે– આ અધ્યયનનો વિષય વિનય છે. તેનું પ્રકટીકરણ એ આ અધ્યયનનું ફલ છે. એટલે જ આ પ્રાદુષ્કરણ એ ઉપેય = સાધ્ય છે. પ્રસ્તુત અધ્યયન એનું કારણ = ઉપાય = સાધન છે. આમ આ બન્નેનો ઉપાય–ઉપેયભાવ રૂપ સંબંધ છે. આમ અભિધેયથી માંડીને સંબંધ સુધીનું બધું જ આ પ્રતિજ્ઞાવાક્ય બોલવાથી જ દેખાડાઈ જાય છે. એટલે જ 'પ્રતિજ્ઞાન અપ્રસ્તુત નથી.' એ પ્રમાણે પદાર્થ સ્થિર થયો.

(આ પ્રમાણે અર્થદોષનો પણ ઉત્તર આપી દીધો. આમ સૂત્રની વ્યાખ્યા શી રીતે કરવી ? એ સરસ રીતે દર્શાવી દીધું.)

---

अवतरणिका :– सम्प्रति सूत्राऽऽलापकनिष्पन्ननिक्षेपस्य सूत्रस्पर्शिकनिर्युक्तेश्च प्रस्ताव इति मन्यमानः संयोग इत्याद्यं पदं स्पृशन्निक्षेसुमाह निर्युक्तिकृत्–

---

અવતરણિકા :- સૂત્રાનુગમમાં સૂત્ર આવી ગયું, એટલે હવે– 'સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપનો અને સૂત્રસ્પર્શિક નિર્યુક્તિનો અવસર આવી ગયો છે.' એ પ્રમાણે માનતા નિર્યુક્તિકાર 'સંયોગ' એ પ્રથમ પદને સ્પર્શ કરતા એના નિક્ષેપને કરવાને માટે કહે છે.

(આ ૩૦મી ગાથામાં સૂત્રના શબ્દનો નિક્ષેપ છે, અને સૂત્રના શબ્દોને સ્પર્શનારી આ નિર્યુક્તિ છે, એટલે સૂત્રાલાપક નિષ્પન્નનિક્ષેપ અને સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ... એ બંને આમાં આવી જાય છે.

---

**॥निर्यु. गा. ३०॥ संयोगे निक्खेवो छक्को दुविहो उ दव्वसंजोगे ।**
**संजुत्तगसंजोगो नायव्वियरेयरो चेव ॥३०॥**

व्याख्या – 'संयोग' इति संयोगविषयः 'निक्षेपः' न्यासः, षट् परिमाणमस्येति षट्कः प्राग्वत्कन्, एतद्भेदाश्च नामस्थापनाद्रव्यक्षेत्रकालभावाः प्रसिद्धत्वादुत्तरत्र व्याख्यानत उन्नीयमानत्वाच्च नोक्ताः, अत्र च–

*'संहितादिर्यतो व्याख्याविधिः सर्वत्र दृश्यते ।*
*नामादिविधिनाऽऽरब्धुं, न व्याख्या युज्यते ततः ॥१॥*

*इत्याहुरविभाव्यैव, स्याद्वादं वादिनोऽपरे ।*
*यत्तदत्र निराकार्यमाचक्षाणेन तद्विधिम् ॥२॥*

*स्यादस्तीत्यादिको वादः, स्याद्वाद इति गीयते ।*
*नयौ न च विमुच्यायं, द्रव्यपर्यायवादिनौ ॥३॥*

*अतश्चैतद्द्वयोपेतं, स्वं मतं समुदाहृतम् ।*
*सञ्जाततत्त्वसंविद्भिः, स्याद्वादः परमेश्वरैः ॥४॥*

तेहि तीर्थविधौ सर्वे, मातृकाख्यं पदत्रयम् ।
उत्पत्तिविगमध्रौव्यख्यापकं सम्प्रचक्षते ।।५।।

उत्पत्तिविगमावत्र, मतं पर्यायवादिनः ।
द्रव्यार्थिकस्य तु ध्रौव्यं, मातृकाख्यपदत्रये ।।६।।

---

ગાથાર્થ : સંયોગમાં ષટ્ક = છ પ્રકારનો નિક્ષેપ છે.

દ્રવ્યસંયોગ બે પ્રકારનો જાણવા યોગ્ય છે. (૧) સંયુક્ત સંયોગ, (૨) ઈતરેતર સંયોગ.

(આ મુખ્ય દ્વારગાથા સમજવી, આ બરાબર ધ્યાનમાં રાખવી. સંયોગ શબ્દ ઉપર જે અતિવિસ્તૃત વર્ણન કરેલું છે, તેમાં છેલ્લે સુધી આ ગાથા ઉપયોગમાં આવશે.)

**ટીકાર્થ** :- (સાતમી વિભક્તિ નિમિત્તના અર્થમાં, અધિકરણના અર્થમાં, વિષયના અર્થમાં પણ લાગી શકે છે. તેમાં **चर्मणि द्विपिनं हन्ति** ચામડાના નિમિત્તે હાથીને હણે છે... અહીં નિમિત્ત સપ્તમી છે. જ્યારે **घटे जलं** અહીં આધાર સપ્તમી છે. પ્રસ્તુતમાં વિષય અર્થમાં સપ્તમી છે, એટલે વૃત્તિકાર લખે છે કે) સંયોગ એ છે વિષય જેનો એવો નિક્ષેપ એટલે કે સંયોગ વિષયક નિક્ષેપ છ સંખ્યાવાળો છે.

**षट् परिमाणं अस्य इति षट्कः** આ સમાસ થશે. પૂર્વે દર્શાવેલ એ મુજબ **कन्** પ્રત્યય લાગ્યો છે.

**પ્રશ્ન** : પણ આ છ ભેદોના નામ અહીં બતાવ્યા કેમ નથી ?

**एतद्भेदाश्च... ઉત્તર** : આના ભેદો, નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ૬ છે. એ પ્રસિદ્ધ છે, માટે બતાવ્યા નથી. તથા 'આગળ વ્યાખ્યાન દ્વારા એ જણાઈ જ જવાના છે' એટલે પણ બતાવ્યા કેમ નથી.

(અહીં નામાદિ છ નિક્ષેપાની વાત આવી છે, એટલે એમાંથી નામાદિ ચાર નિક્ષેપાની જે ઉપયોગી ચર્ચા-વિચારણા છે તે શ્લોકો દ્વારા બતાવે છે.)

(૧) **પ્રશ્ન** : જે કારણથી બધા જ ગ્રન્થોમાં સંહિતા-પદ વગેરે રૂપ જ વ્યાખ્યાનવિધિ દેખાય છે તેથી નામ, સ્થાપના વગેરે રૂપ (નવી) વિધિથી વ્યાખ્યાનો પ્રારંભ કરવો બરાબર નથી. ।।૧।।

(૨) **ઉત્તર** : સ્યાદ્વાદને વિચાર્યા વિના જ બીજા વાદીઓ જે આ પ્રમાણે બોલે છે, વ્યાખ્યાનની વિધિનું નિરૂપણ કરતા (મારે) અહીં તે પરવાદિવચન ખંડન કરવા યોગ્ય છે. ।।૨।।

(૩) **स्यादस्ति** ઈત્યાદિરૂપ વાદ એ 'સ્યાદ્વાદ' એ પ્રમાણે કહેવાય છે. અને આ વાદ દ્રવ્યવાદી અને પર્યાયવાદી આ બે નયોને છોડીને હોતો નથી = સંભવતો નથી. ।।૩।।

(૪) આથી આ બે નયથી યુક્ત એવો સ્વમત ઉત્પન્ન થયેલા તત્ત્વસંવેદનવાળા પરમેશ્વરોએ કહ્યો છે જે 'સ્યાદ્વાદ' છે. ।।૪।।

(૫) તે તમામ પરમેશ્વરો તીર્થની સ્થાપના કરતી વખતે ઉત્પત્તિ-વિગમ અને ધ્રુવતાના પ્રતિપાદક=જણાવનાર એવા 'માતૃકા' નામના ત્રણ પદોને (**उप्पनेइ वा, विगमेइ वा, धुवेइ वा**) કહે છે. ।।૫।।

(૬) માતૃકા નામના આ ત્રણ પદમાં ઉત્પત્તિ અને વિગમ એ પર્યાયવાદીનો મત છે. ધ્રૌવ્ય=સ્થિરતા દ્રવ્યાર્થિકનો મત છે. (આટલી ભૂમિકા બાંધ્યા બાદ પ્રસ્તુતમાં = નામાદિ નિક્ષેપામાં આ સ્યાદ્વાદનો = બે નયનો શું ઉપયોગ છે ? એ દર્શાવી રહ્યા છે.)

वृत्ति :- ततश्च-

*द्रव्यत्वमन्वयित्वेन, मृदो यद्वद् घटादिषु ।*
*तद्वदेवान्वयित्वेन, नामस्थापनयोरपि ॥७॥*

*अन्वयित्वं तु सर्वत्र, सङ्केतान्नाम्न उच्यते ।*
*स्थापनायाश्च तद्रूपक्रियातो बुद्धितोऽपि वा ॥८॥*

*तन्नामस्थापनाद्रव्यनिक्षेपैरनुवर्तितः ।*
*द्रव्यार्थिकनयो भावनिक्षेपादितरः पुनः ॥९॥*

**तथा च महामतिः-**

*"तित्थयरवयणसंगहविसेसपत्थारमूलवागरणी ।*
*दव्वट्ठिओवि पज्जवणओ य सेसा वियप्पा सिं ॥१०॥"*

---

તેથી-

(૭) જેમ માટી ઘટ-કપાલ-ઠીકરા વગેરેમાં અન્વયી=અનુસરનાર=હાજરી આપનાર હોવાથી દ્રવ્ય કહેવાય છે. તે જ પ્રમાણે નામ-સ્થાપના પણ અન્વયી=બધા પદાર્થોમાં વિદ્યમાન હોવાથી દ્રવ્ય કહેવાય. (એટલે કે દ્રવ્યાર્થિકનયને માન્ય ગણાય.) ॥૭॥

**પ્રશ્ન :** 'નામ બધે જ અન્વયી છે' એ શી રીતે સાબિત થાય ?

(૮) **ઉત્તર :** 'નામ બધે જ અન્વયી છે' એ સંકેતના આધારે કહેવાય છે.

('આ વસ્તુ આ નામથી ઓળખવી' એવો નિર્ણય એ સંકેત છે. હવે જગતમાં બધે જ દરેક વસ્તુને ઓળખવા માટે કોઈને કોઈ શબ્દનો પ્રયોગ = ઉપયોગ કરવામાં આવે છે. 'આ વસ્તુ છે' એટલુ ય બોલાશે, એટલે એ રીતે નામ બધે જ અન્વયી છે.)

એમ સ્થાપના પણ બધા જ પદાર્થોમાં અન્વયી=વિદ્યમાન છે.

**પ્રશ્ન :** એ શી રીતે ?

**ઉત્તર :** તદ્રૂપ ક્રિયાથી અથવા છેવટે બુદ્ધિથી પણ ! (કાગળ ઉપર ઘડાનો આકાર દોરવામાં આવ્યો, તો આ આકાર ઘડાના આકાર જેવો જ છે, એટલે કે આ ઘટરૂપ ક્રિયા છે. આમ દરેકે દરેક વસ્તુનો કોઈને કોઈ આકાર છે જ, એ જ તો સ્થાપના છે. આ રીતે સ્થાપના તદ્રૂપક્રિયાથી સર્વત્ર અન્વયી છે.

પણ ધારો કે આકાશાદિ અરૂપી પદાર્થોનો આકાર તો જોવા મળે નહિ, તો ત્યાં સ્થાપના કેવી રીતે મળે ? ત્યાં આ છેવટે બુદ્ધિથી મળે. આપણી કલ્પનાથી આપણે તે તે વસ્તુને તે તે આકાર રૂપે કલ્પી લઈએ, તો એ આકૃતિ પણ સ્થાપના નિક્ષેપો બને. સ્પષ્ટ ભાષામાં કહીએ તો સદ્ભાવસ્થાપનાથી કે અસદ્ભાવસ્થાપનાથી આ સ્થાપના સર્વત્ર અન્વયી છે.) ॥૮॥

(આ રીતે નામ-સ્થાપના દ્રવ્યવાદી નયમાં આવે, દ્રવ્યનિક્ષેપો તો દ્રવ્યવાદી નયમાં આવવાનો જ છે ને ? એટલે હવે કહે છે કે-)

---

1. तीर्थकरवचनसंग्रहविशेषप्रस्तारमूलव्याकरणिनौ । द्रव्यार्थिकोऽपि पर्यायनयश्च शेषा विकल्पा अनयोः ॥१॥

(૯) તત્ = તેથી = ઉપર કહ્યા પ્રમાણે દ્રવ્યાર્થિકનય નામ, સ્થાપના અને દ્રવ્યનિક્ષેપાઓ વડે અનુવર્તિત = યુક્ત= અનુસરાયેલો છે. ઈતર = પર્યાયાર્થિકનય વળી ભાવનિક્ષેપાથી અનુસરાયેલો ` ॥૯॥

મહામતિએ પણ આ જ વાત કરી છે કે-

(૧૦) તીર્થંકરના વચનોનો જે સંગ્રહ અને વિશેષ, તેના પ્રસ્તારના = વિસ્તારના મૂળ નિરૂપક દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય છે. બીજા નયો આ બેના વિકલ્પો = પેટા વિભાગો છે.

(સંગ્રહ = સામાન્ય = દ્રવ્ય અને વિશેષ = પર્યાય. પ્રભુવચનોમાં દ્રવ્ય અને પર્યાય એ બે વિષયો આવે છે. એનું વિસ્તારથી વર્ણન કરનારા જો મૂળભૂત કોઈ નયો હોય, તો એ માત્ર બે જ છે... બીજા સેંકડો-હજારો-અસંખ્ય નયો આ બેમાં જ સમાવેશ પામી જાય છે.) ॥૧૦॥

(જૈનદર્શન મુખ્યત્વે બે નય ઉપર જ છે... એ પૂર્વે કરેલી વાતને દઢ કરવા રૂપે ૧૦મી ગાથા રૂપી શાસ્ત્રપાઠ આપ્યો, હવે 'નામાદિત્રિક દ્રવ્યવાદીના અને ભાવનિક્ષેપ પર્યાયવાદીનો...' એ પદાર્થની સિદ્ધિ માટે ૧૧મી ગાથા પાઠ રૂપે આપે છે.)

---

वृत्ति :- तथा

*"[1]नामंठवणादवियत्ति एस दव्वट्ठियस्स निक्खेवो ।*
*भावत्ति पज्जवट्ठिय परूवणा एस परमत्थो ॥११॥"*

*यद्वा किन्नः किलैताभ्यां, किन्त्वेष विधिराश्रितः ।*
*यद्व्याख्या वस्तुतत्त्वस्य, बोधायैव विधीयते ॥१२॥*

*तच्च नामादिरूपेण, चतूरूपं व्यवस्थितम् ।*
*नामाद्येकान्तवादानामयुक्तत्वेन संस्थितेः ॥१३॥*

---

તથા (૧૧) નામ, સ્થાપના, દ્રવ્ય આ નિક્ષેપા દ્રવ્યાર્થિકનયના છે. ભાવનિક્ષેપો પર્યાયાર્થિકનયની પ્રરૂપણા છે.

આ (ઉપર બતાવ્યો તે) પરમાર્થ છે. ॥૧૧॥

(સૌથી મુખ્ય પ્રશ્ન એ હતો કે 'સંહિતાદિવિધિ છોડીને નામાદિવિધિ શા માટે પકડી ?" એના ઉત્તર રૂપે આ વાત કરી કે જૈનદર્શનનો પાયો બે નયો છે. એ બે નયો આ ચાર નિક્ષેપાને માને છે... માટે નિક્ષેપાદિ વિધિથી વ્યાખ્યાન કરીએ છીએ.

હવે એ ઉત્તર છોડીને નવો ઉત્તર આપે છે=)

(૧૨) અથવા તો આ બે નયો વડે અમારે શું કામ છે ? (પણ તો પછી શા માટે નામાદિ વિધિ પકડી ? સંહિતાદિ કેમ નહિ ? એનો ઉત્તર આપે છે.) પરંતુ = છતાં આ (નામાદિ) વિધિનો અમે આશ્રય કર્યો છે. કારણ કે વ્યાખ્યાન વસ્તુતત્ત્વના બોધને માટે જ કરાય છે. ॥૧૨॥

(૧૩) અને વસ્તુતત્ત્વ નામાદિ રૂપથી ચાર સ્વરૂપવાળું વ્યવસ્થિત છે. (માત્ર નામાદિ એકાદ રૂપે નહિ...) (અને તેથી નામાદિ ચાર સ્વરૂપવાળી વસ્તુનો બોધ કરાવવા માટે નામાદિ વિધિનો આશ્રય કરવો એ યોગ્ય જ છે, એમાં કશું ખોટું નથી.)

પ્રશ્ન : પણ વસ્તુતત્ત્વ નામાદિ ચતુષ્કસ્વરૂપ છે, એવું તમે શી રીતે નક્કી કર્યું ?

---

1. नाम स्थापना द्रव्यमित्येते द्रव्यार्थिकस्य निक्षेपाः । भाव इति पर्यायार्थिकप्ररूपणैष परमार्थः ॥१॥

ઉત્તર : નામ, સ્થાપના આદિના એકાન્તવાદો અયોગ્ય = ખોટા તરીકે સાબિત થઈ ચૂક્યા હોવાથી આ નક્કી થયું છે કે વસ્તુતત્ત્વ ચતુઃસ્વરૂપ છે. ॥૧૩॥

(નામાદિનયોનો એકાન્તવાદ શું છે ? અને તે બધા અયોગ્ય કેવી રીતે છે ? એ સ્પષ્ટ કરવા માટે હવે કહે છે કે–)

---

वृत्ति :- तथाहि- नामनय आह-

*यतो नाम विना नास्ति, वस्तुनो ग्रहणं ततः ।*
*नामैव तद्यथा कुम्भो, मृदेवान्यो न वस्तुनः ॥१४॥*

तथाहि-यत् प्रतीतावेव यस्य प्रतीतिस्तदेव तस्य स्वरूपम्, यथा मृत्प्रतीतावेव प्रतीयमानस्य घटस्य मृदेव रूपम्, नामप्रतीतावेव च प्रतीयते वस्तु, न च विनापि नाम निर्विकल्पकविज्ञानेन वस्तुप्रतीतिरस्तीति हेतोरसिद्धता, सर्वसंविदां वाग्रूपत्वात्, तथा च भर्तृहरिः-

*"वाग्रूपता चेद्बोधस्य, व्युत्क्रामेतेह शाश्वती ।*
*न प्रकाशः प्रकाशेत, सा हि प्रत्यवमर्शिनी ॥१॥"*

यदि च नामरूपमेव वस्तु न स्यात् ततश्च तदवगतावपि वस्तुनि संशयादीनामन्यतमदेव स्यात्, तथा च पूज्याः-

*"[1]संसय विवज्जओ वाऽणज्झवसाओऽवि वा जहिच्छाए ।*
*होज्जऽत्थे पडिवत्ती न वत्थुधम्मो जया णामं ॥१॥"*

---

तथा हि – નામનય કહે છે કે-

(૧૪) જે કારણથી નામ વિના વસ્તુનું ગ્રહણ=જ્ઞાન થતું નથી. તેથી વસ્તુ એ નામરૂપ જ છે. દા. ત. કુંભ=ઘડો એ માટી જ છે. વસ્તુથી=મૂળ કારણ=માટીથી અન્ય નથી. (वस्तुतः પાઠ હોય, તો પરમાર્થથી તે અન્ય નથી.) ॥૧૪॥

तथाहि... તે આ પ્રમાણે – જેની પ્રતીતિ થયે છતે જ જેની પ્રતીતિ થાય, તે જ તેનું સ્વરૂપ છે.

દા. ત. માટીની પ્રતીતિ થયે છતે જ, ઘટની પ્રતીતિ થાય છે. માટે માટીની પ્રતીતિ થયે છતે જ, પ્રતીત થતા ઘટનું રૂપ= સ્વરૂપ માટી જ છે. પ્રસ્તુતમાં નામની પ્રતીતિ થાય, ત્યારે જ વસ્તુ પ્રતીત થાય છે. ('આ ઘટ છે' એમ નામ જણાય, પછી એ વસ્તુ બરાબર જણાયેલી બને છે.)

विनापि... પ્રશ્ન : નામની પ્રતીતિ થયા બાદ જ વસ્તુ પ્રતીત થાય છે, એવું અમને તો બરાબર નથી લાગતું. કેમકે નામ વિના પણ નિર્વિકલ્પક વિજ્ઞાન વડે વસ્તુની પ્રતીતિ થાય જ છે. ("अयं घटः" ઈત્યાદિ જ્ઞાન સવિકલ્પક છે, તેમાં કોઈક ને કોઈક શબ્દાકાર હોય, ઘટ... વગેરે, પણ જે નિર્વિકલ્પક જ્ઞાન હોય, તેમાં આવો કોઈ જ શબ્દાકાર ન હોય, માટે જ તો એ જ્ઞાન કેવું ? એ દર્શાવી પણ શકાતું નથી, જો દર્શાવી શકાતું હોય, તો તો એ સ્વયં સવિકલ્પક જ બની જાત. કેમકે જેનો આકાર દર્શાવી શકાય, એ સવિકલ્પક !

હવે નિર્વિકલ્પકમાં નામની પ્રતીતિ નથી, પણ વસ્તુની પ્રતીતિ તો છે જ. માટે જ અહીં આપેલો હેતુ અસિદ્ધ છે, એ જ દર્શાવે છે કે–) અને આવું થાય છે, તેથી હેતુની અસિદ્ધતા છે.

---

1. संशयो विपर्ययो वाऽनध्यवसायोऽपि वा यदृच्छया । भवेदर्थे प्रतिपत्तिर्न वस्तुधर्मो यदा नाम ॥१॥

('वस्तु नामरूपं, नामप्रतीतौ एव प्रतीयमानत्वात्' આવું અનુમાન નામનયે આપ્યું છે. પણ નિર્વિકલ્પક જ્ઞાનમાં વસ્તુને વિશે नामप्रतीतिं विनाऽपि प्रतीयमानत्व છે, એટલે આ હેતુ અસિદ્ધ બની જાય છે.)

सर्वसंविदां... નામનય : તમામે તમામ જ્ઞાન વચનરૂપ છે = શબ્દાકારવાળા છે... માટે નામ વિનાનું જ્ઞાન = નિર્વિકલ્પક જ્ઞાન છે જ નહિ, માટે હેતુ કયાંય અસિદ્ધ નથી. જુઓ, ભર્તૃહરિએ કહ્યું છે કે-

જો અહીં બોધની = જ્ઞાનની શાશ્વત એવી વાગ્રૂપતા વ્યુત્ક્રાન્ત થાય = અભાવ પામે = વાગ્રૂપતા વિનાનો પણ બોધ હોય એમ માનવામાં આવે, તો એનો અર્થ એવો થયો કે પ્રકાશ પ્રકાશતો નથી. (જે અશક્ય છે, જો પ્રકાશ પ્રકાશતો ન હોય, તો એ પ્રકાશ જ શી રીતે કહેવાય ? અર્થાત્, તો પછી જ્ઞાન તે કોઈપણ વસ્તુનું જ્ઞાન કરાવશે જ નહિ.) ખરેખર જ્ઞાનની વાગ્રૂપતા એ જ પ્રત્યવમર્શ કરાવનાર = બોધ કરાવનાર = પ્રતીતિ કરાવનાર છે.

(નામ=શબ્દાકારતા વગેરે એક જ સમજવું. છેવટે 'इदं वस्तु' આવા જ્ઞાનમાંય वस्तु એ શબ્દ પણ એ પદાર્થનું એક પ્રકારનું નામ જ છે.)

यदि च... જો વસ્તુ નામરૂપ જ ન હોત, તો તો નામનો બોધ થવા છતાં પણ વસ્તુને વિશે તો સંશય, વિપર્યય કે અનધ્યવસાયમાંથી ગમે તે એક જ થાત. (પણ વસ્તુનો નિશ્ચયાત્મક સત્ય બોધ તો ન જ થાત.)

विशेषार्थ :- દા. ત. ઘટ અને પટ અલગ-અલગ છે. પટ એ ઘટરૂપ નથી. હવે કોઈક માણસ સામે રહેલા ઘટનો બોધ કરે છે, તો એ વખતે એને 'अयं घटः' એ પ્રમાણે નિશ્ચયાત્મક સાચો બોધ જ થાય છે. પણ એ જ વખતે એને 'अयं पटः' એવો નિશ્ચયાત્મક બોધ થાય ખરો ? ન જ થાય.

કોઈ એને પૂછે કે- 'તે ઘટને જોયો, પણ ત્યાં જ ત્યારે જ પટને જોયો ?' તો પટ અંગે-

तत्र पटोऽस्ति न वा - એવો સંશય થાય.

न जानीमः... એવો અનધ્યવસાય થાય.

અથવા पटोऽस्ति એવો જો બોધ થાય, તો એ વિપર્યયાત્મક બોધ કહેવાય. પણ ઘટ એ ઘટનામ રૂપ જ છે. એટલે જ્યારે ઘટની પ્રતીતિ થાય, ત્યારે તદભિન્ન ઘટની પ્રતીતિ થઈ જ જાય. પ્રસ્તુતમાં- નામની પ્રતીતિ થાય, ત્યારે વસ્તુની પ્રતીતિ થઈ જ જાય છે, ત્યાં કંઈ વસ્તુ અંગે સંશય, અનધ્યવસાય, ભ્રમ નથી થતો, માટે વસ્તુ નામસ્વરૂપ જ છે.

પૂજ્યો પણ કહે છે કે- જો નામ વસ્તુનો ધર્મ=સ્વભાવ ન હોત, તો શ્રોતાને પોતાની ઈચ્છા પ્રમાણે સંશય, વિપર્યય કે અનધ્યવસાય જ થાય, પણ અર્થને વિશે પ્રતિપત્તિ = સાચો બોધ ન થાય.

(અથવા जहिच्छाए = પોતાની ઈચ્છા મુજબ ગમે તેમ બોધ એ યાદચ્છિક બોધ...)

(કોઈ ઘટ બોલે, એટલે ઘટ પદાર્થની પ્રતીતિ તો થઈ જ જાય. પછી 'એ ઘટ અહીં છે કે નહિ ?' એ અંગે શંકા કે ભ્રમ કે અનધ્યવસાય થાય, એ અલગ વાત છે. બાકી ઘટ પદાર્થ અંગે કશું ન થાય. ... આમાં ઘણું લંબાણ છે. એ ગ્રન્થાન્તરમાંથી જાણવું.)

---

वृत्ति :- स्थापनानय आह-स्थापनेत्याकारः, ततश्च-

*प्रमाणमिदमेवार्थस्याऽऽकारमयतां प्रति ।*
*नामादि न विनाऽऽकारं, यतः केनापि वेद्यते ॥१॥*

तथाहि-नाम्नोऽर्थान्तरेऽपि वर्तयितुं शक्यत्वान्न तदुल्लेखेऽप्याकारावभासमन्तरेण नियतनीलाद्य-

र्थग्रहणमित्याकारग्रहण एव ग्रहात् सर्वस्य सिद्धमाकारमयत्वम्, ततो ज्ञानज्ञेयाभिधानाभिधेयादिसकल-माकाररूषितमेव संव्यवहारावतारि, तद्विकलस्य खपुष्पस्येवासत्त्वात्, उक्तं च पूज्यैः-

"आगारो च्चिय मइसद्द-वत्थुकिरियाफलाभिहाणाइं ।
आगारमयं सव्वं जमणागारं तयं नत्थि ॥१॥

ण पराणुमयं वत्थुं आगाराभावओ खपुप्फं व ।
उवलंभव्ववहाराभावाओ णाणगारं च ॥२॥"

---

સ્થાપનાનય કહે છે કે- સ્થાપના એટલે આકાર !

ततश्च-... તેથી પદાર્થની આકારમયતા પ્રત્યે સ્થાપના એ જ પ્રમાણ છે. (પ્રમાણ નપું. હોવાથી इदं વાપરેલ છે.) કેમકે આકાર વિના તો કોઈના પણ વડે નામાદિ અનુભવી શકાતા નથી.

तथाहि-... તે આ પ્રમાણે – નામ તો એના મુખ્ય અર્થ વાચ્યાર્થ સિવાય બીજા અર્થમાં પણ વાપરવું શક્ય છે. (એટલે નામથી સાચા અર્થની, ચોક્કસ અર્થની જ પ્રતીતિ થાય. તેવું ન કહેવાય. દા. ત. तिक्त શબ્દ ગુજરાતી, હિન્દી વગેરેમાં તીખી વસ્તુમાં વપરાતો શબ્દ છે, એ જ શબ્દ સંસ્કૃતમાં કડવી વસ્તુને વિશે પણ વપરાય છે. તો तिक्त શબ્દથી ચોક્કસ એક જ વસ્તુનો બોધ થવો શક્ય જ નથી.) એટલે જ-

तदुल्लेखेऽप्या-... નીલ-તિક્ત આદિ નામનો ઉલ્લેખ કરવા છતાં પણ જ્યાં સુધી ચોક્કસ આકારનો બોધ ન થાય, ત્યાં સુધી ચોક્કસ નીલ, તિક્ત આદિ અર્થનું જ્ઞાન ન થાય.

(तिक्त શબ્દથી જો મરચાનો આકાર ઉપસ્થિત થાય, તો મરચા રૂપી પદાર્થનો બોધ થાય. જો લીમડાનો આકાર ઉપસ્થિત થાય, તો લીમડા રૂપી પદાર્થનો ેધ થાય. એટલે નામના ેધ થયા બાદ આકારનો બોધ કરીને જ જીવ વસ્તુનો બોધ કરે છે.)

मित्याकारग्रहण एव ग्रहात्... સાર એ આવ્યો કે- આકારનો ગ્રહ થયે છતે જ વસ્તુનો ગ્રહ થતો હોવાથી બધી વસ્તુની આકારમયતા સિદ્ધ થાય છે. તેથી જ્ઞાન અને જ્ઞેય, અભિધાન અને અભિધેય વગેરે તમામે તમામ વસ્તુ આકારથી વ્યાપ્ત બનેલી છતી જ સંવ્યવહારમાં અવતરે છે. (આ જ્ઞાન છે, એ જ્ઞેય છે... ઈત્યાદિ વ્યવહારનો વિષય બને છે.)

तद्विकलस्य... કેમકે આકાર વિનાની વસ્તુ આકાશપુષ્પની જેમ અસત્ છે. (અને અસત્ વસ્તુ તો ક્યારેય પણ વ્યવહારમાં અવતાર પામે જ નહિ ને !)

પૂજ્યોએ કહ્યું છે કે- (૧) જ્ઞાન, શબ્દ, વસ્તુ, ક્રિયા, ફલ, અભિધાન આ બધું આકાર જ છે. બધુ જ આકારમય છે. જે અનાકાર છે, તે વસ્તુ જ નથી. (અહીં શબ્દ અને અભિધાન આ બે શબ્દ સમાનાર્થી લાગે છે. તેથી અભિધાન એટલે જે કહેવાય તે અભિધેય એવો અર્થ લઈ શકાય. અથવા તો શબ્દ એટલે અવાજ, જે અનક્ષરાત્મક હોય. અભિધાન અક્ષરાત્મક હોય... ઈત્યાદિ ભેદ પાડવો.)

(૨) બીજાને અનુમત=માન્ય એવી વસ્તુ (માત્ર નામાદિ રૂપ વસ્તુ છે... ઈત્યાદિ) નથી. કેમકે એમના મતે એમાં આકારનો અભાવ છે. જેમ આકાશપુષ્પમાં આકાર નથી. 'તેથી તે અસત્ છે.' ...તેમ !

---

1. आकार एव मतिशब्दवस्तुक्रियाफलाभिधानानि । आकारमयं सर्वं यदनाकारं तकत् नास्ति ॥१॥ न परानुमतं वस्तु आकाराभावतः खपुष्पवत् । उपलम्भव्यवहाराभावतो नानाकारं च ॥२॥

તથા વસ્તુ અનાકાર પણ નથી. કેમકે જો આકાર ન હોય, તો ઉપલંભનો=વસ્તુના જ્ઞાનનો અને વ્યવહારનો= 'આ ઘટ છે, આ પટને લાવો...' ઈત્યાદિ લોકવ્યવહારનો અભાવ થઈ જવાની આપત્તિ આવે. કેમકે આ બધો વ્યવહાર આકાર ઉપર ટકેલો છે.

---

वृत्ति :- द्रव्यनय आह-

*यथा नामादि नाकारं, विना संवेद्यते तथा ।*
*नाऽऽकारोऽपि विना द्रव्यं, सर्वं द्रव्यात्मकं ततः ॥१॥*

तथाहि-द्रव्यमेव मृदादि निखिलस्थासकोशकुशूलकुटकपालाद्याकारानुयायि वस्तु सत्, तस्यैव तत्तदाकारानुयायिनः सद्बोधविषयत्वात्, स्थासकोशाद्याकाराणां तु मृद्द्रव्यातिरेकिणां कदाचिदनुपलम्भात्, तच्चोत्पादादिसकलविकारविरहितं तथातथाऽऽविर्भावतिरोभावमात्रान्वितं सम्मूर्च्छितसर्वप्रभेदनिर्भेदबीजं द्रव्यमगृहीततरङ्गादिप्रभेदस्तिमितसरःसलिलवत्, आह च-

*"दव्वपरिणाममेत्तं मोत्तूणागारदरिसणं किं तं ? ।*
*उप्पायव्वयरहियं दव्वं चिय निव्वियारंति ॥१॥*

*आविब्भावतिरोभावमेत्तपरिणामकारणमचिन्तं ।*
*णिच्चं बहुरूवंपिय नडोव्व वेसंतरावण्णो ॥२॥"*

---

હવે દ્રવ્યનય કહે છે કે- જેમ નામાદિ આકાર વિના સંવેદાતા=અનુભવાતા નથી. તેમ આકાર પણ દ્રવ્ય વિના અનુભવાતો નથી, તેથી બધું જ દ્રવ્યાત્મક છે.

तथाहि... તે આ પ્રમાણે- જે માટી વગેરે રૂપ દ્રવ્ય છે, તે જ સ્થાસ, કોશ, કુશૂલ, કુટ, કપાલ વગેરે તમામ આકારોમાં અનુયાયી છે.

(ઘડો બનાવતી વખતે સ્થાસાદિ અનેક આકારો બદલાતા જાય, પણ માટી તો દરેક આકારમાં એ જ હોય છે ને !)

तस्यैव... તે માટી વગેરે દ્રવ્ય જ વસ્તુ રૂપે સત્ છે. કેમકે તે તે આકારમાં અનુયાયી=રહેલું એવું તે દ્રવ્ય જ સદ્બોધનો વિષય બને છે.

(લોકો સ્થાસનો બોધ કરે, ત્યારે સ્થાસ રૂપે માટીનો જ બોધ કરે છે ને... લોકો કોશનો ધ કરે, ત્યારે કોશ રૂપે માટીનો જ બોધ કરે છે ને...)

**પ્રશ્ન :** પણ શું એ આકારોની મુખ્યતા નથી ?

स्थासकोशाद्याकाराणां... **ઉત્તર :** સ્થાસ, કોશાદિ આકારોનો માટી રૂપ દ્રવ્યથી અલગ રૂપે તો ક્યારેય પણ બોધ થતો જ નથી. માટે દ્રવ્ય જ મુખ્ય છે. (આ દ્રવ્ય કેવું છે ? તે હવે જોઈએ.)

तच्चोत्पादादिसकल-... ઉત્પાદ, વિનાશ વગેરે તમામ વિકારોથી રહિત છે. (માટીનો ઉત્પાદ કે વિનાશ થતો નથી.) તે તે પ્રકારે પ્રગટ થવું-ઢંકાઈ જવું એટલા માત્રથી યુક્ત છે. (માટી સ્થાસ રૂપે પ્રગટે, પછી સ્થાસ રૂપે ઢંકાઈ જાય અને કોશરૂપે

---

1. द्रव्यपरिणाममात्रं मुक्त्वाऽऽकारदर्शनं किं तत् ? । उत्पादव्ययरहितं द्रव्यमेव निर्विकारमिति ॥१॥ आविर्भावतिरोभावमात्रपरिणामकारणमचिन्त्यम् । नित्यं वहुरूपमपि च नट इव वेषान्तरापन्नः ॥२॥

પ્રગટે... ઘટ રૂપે ઢંકાઈ જાય અને ઠીકરા રૂપે પ્રગટે... માટી જ પોતે આ રીતે તે તે રૂપે પ્રગટે છે અને ઢંકાય છે પણ તેનો ઉત્પાદ કે વિનાશ થતો નથી)

**...सम्मूर्च्छितसर्वप्रभेद...** સમ્મૂર્ચ્છિત થયેલા= બહાર આવેલા=પ્રગટ થયેલા= વ્યવહારમાં ન દેખાયેલા તમામે તમામ પ્રભેદોનું અને નિર્ભેદોનું બીજ છે.

વિશેષાર્થ :- ભેદ-પ્રભેદ-નિર્ભેદ... દા. ત. આત્માને માટે દેવ-મનુષ્ય-તિર્યંચ-નારક આ ચાર ભેદ ગણીએ. તો મનુષ્ય નામના ભેદમાં બાલ્યાવસ્થા-યુવાવસ્થા-વૃદ્ધાવસ્થા એ પ્રભેદ થાય. બાલ્યાવસ્થામાં પણ જન્મપર્યાય - સ્તનપાનપર્યાય - ઘુટણિયે ચાલવું - પગથી ચાલવું.... વગેરે વગેરે નિર્ભેદ કહેવાય. આ જે કોઈપણ પ્રભેદ-નિર્ભેદ છે, તે બધાનું બીજ આત્મદ્રવ્ય છે.

(માટી પણ ખરેખર તો પર્યાય જ છે. છતાં સ્થૂલ દષ્ટિથી વિચારીએ તો એ દ્રવ્ય ગણાય. માટે જ અહીં એવા પર્યાયોને દ્રવ્યાત્મક ગણીને પદાર્થ દર્શાવ્યો છે.)

જેમ બીજમાં હાલ કશું નથી, પણ એમાં જ અંકુરાથી માંડીને ફળ સુધીનું બધું જ તત્ત્વ ધરબાયેલું પડ્યું છે. એવું આ દ્રવ્ય છે. ભૂત-ભાવી તમામ પર્યાયો એમાં ધરબાયેલા પડ્યા છે.

**...मगृहीततरङ्गादिप्रभेद-...** શાંત સરોવરમાં તરંગો વગેરે રૂપી પ્રભેદો છે, પણ એ ગ્રહણ ન કરીએ, એની વિવક્ષા જ ન કરીએ... તો એ અગૃહીત પ્રભેદવાળું શાંત સરોવરનું પાણી જેમ એક સ્વરૂપ હોય, તેમ આ દ્રવ્ય હોય.

आह च... કહ્યું જ છે કે- પદાર્થોમાં જે આકારનું દર્શન થાય છે, તે દર્શન દ્રવ્યના પરિણામમાત્રને છોડીને બીજુ શું છે ? અર્થાત્ તે દ્રવ્યના પરિણામમાત્ર રૂપ જ છે. ઉત્પાદ અને વ્યયથી રહિત, નિર્વિકાર (પરિકર્મરૂપી વિકાર વિનાનું) દ્રવ્ય જ વસ્તુસત્ છે. પર્યાયોનો આર્વિભાવ અને તિરોભાવ જે થાય છે, એનું પરિણામી કારણ આ દ્રવ્ય છે.

(અર્થાત્ દ્રવ્ય પોતે જ તે તે રૂપે પ્રગટ થાય છે. તે તે રૂપે ઢંકાઈ જાય છે...)

ખરેખર આ દ્રવ્ય અચિન્ત્ય છે. (એનું સ્વરૂપ ચિન્તવી પણ ન શકાય એવું છે.)

ખરેખર આ દ્રવ્ય નિત્ય છે.

ખરેખર આ દ્રવ્ય બહુરૂપોવાળું છે.

જાણે કે અલગ-અલગ વેષને ધારણ કરતો એક નટ જ જોઈ લો. (નટ એક જ, પણ એ એવા એવા અલગ-અલગ રૂપ ધારણ કરે કે દર વખતે એ અલગ જ લાગે, નવો જ લાગે. એમ દ્રવ્ય એક, પણ એવા નવા-નવા સ્વરૂપે પરિણમે કે 'આ એ જ દ્રવ્ય છે' એ પ્રતીતિ જ બધા ભૂલી જાય.

---

वृत्ति :- भावनय आह-

*सम्यग् विवेच्यमानोऽत्र, भाव एवावशिष्यते ।*
*पूर्वापरविविक्तस्य, यतस्तस्यैव दर्शनम् ॥१॥*

तथाहि-भावः पर्यायः, तदात्मकमेव च द्रव्यम्, तदतिरिक्तमूर्तिकं हि तद् दृश्यमदृश्यं वा ?, यदि दृश्यम्, नास्ति तद्व्यतिरेकेण अनुपलभ्यमानत्वात्, खरविषाणवत्, न हि वलितमीलितपटीकृतत्रुटितसङ्घटितादिविचित्रभवनबहिर्भूतमिह सूत्रादि द्रव्यमुपलभ्यमस्ति, अदृश्यमपि नास्ति, तत्साधकप्रमाणाभावात्, षष्ठभूतवत्, ततः प्रतिसमयमुदयव्ययात्मकं स्वयंभवनमेव भावाख्यमस्ति, उक्तं च-

"[1]भावत्थंतरभूयं किं दव्वं णाम ? भाव एवायं ।
भवणं पइक्खणं चिय भावावत्ती विवत्ती य ॥१॥"

હવે ભાવનય કહે છે કે- નામાદિ ચારમાં જો ભાવ સારી રીતે વિચારવામાં આવે, તો ભાવ જ બાકી રહે છે. (બાકીના ત્રણ નહિ.) કેમકે પૂર્વકાલીન અને પશ્ચાત્કાલીન પર્યાયોથી સાવ અલગ એવા ભાવનું જ=વર્તમાન પર્યાયનું જ દર્શન થાય છે. તે આ પ્રમાણે-

**भावः पर्यायः...** ભાવ એટલે પર્યાય ! તમે જે દ્રવ્ય માનો છો, એ ભાવાત્મક જ = પર્યાયરૂપ જ છે. ભાવથી ભિન્ન-સ્વરૂપવાળું એવું દ્રવ્ય જો તમે માનો છો, તો બોલો કે આવું દ્રવ્ય દશ્ય છે ? કે અદશ્ય છે ?

**यदि दृश्यम्...** તમે એમ કહો કે પર્યાયભિન્ન એવું દ્રવ્ય દશ્ય છે... તો એ વાત ખોટી છે. કેમકે એવું કોઈ દ્રવ્ય સ્વતંત્રપણે દેખાતું જ નથી.

(માટી દેખાય છે, પણ એનો કોઈક પર્યાય ત્યારે હાજર જ છે. કાં તો સ્થાસ રૂપ છે, કાં તો કુશૂલ રૂપે છે. છેવટે આર્દ્ર કે શુષ્ક રૂપે પણ પર્યાયો હાજર જ છે ને ! પર્યાય વિનાની માટી તો દેખાતી નથી...)

જેમ ગધેડાનું શીંગડું ન દેખાતું હોવાથી 'તે સત્ છે' એવું માની ન શકાય. તેમ અહીં પણ પર્યાયરહિત દ્રવ્ય માટે સમજવું.

**न हि...** દોરા = સુતર વગેરે રૂપી દ્રવ્ય કાં તો વળેલું હોય, કાં તો પિંડ રૂપે મળેલું હોય, કાં તો પટ રૂપે થયેલું હોય, કાં તો તુટેલું હોય, કાં તો સાંધેલું હોય... આ વગેરે વિચિત્ર પર્યાયો રૂપે થયેલું હોય, પણ એ સિવાય આ બધા જ પર્યાયોથી બહાર એવું સુતરાદિ દ્રવ્ય ઉપલભ્ય=દશ્ય નથી. એ જ પ્રમાણે દરેક દ્રવ્ય સમજવું.

**अदृश्यमपि...** જો તમે એમ કહો કે- "પર્યાય ભિન્ન દ્રવ્ય છે તો ખરું, પણ એ અદશ્ય છે, માટે દેખાતું નથી." તો એ વાત પણ બરાબર નથી. કેમકે- અદશ્ય એવા તાદશદ્રવ્યને સાબિત કરી આપનાર કોઈ પ્રમાણ નથી. જેમ છઠ્ઠા ભૂતને સાધી આપનાર=સિદ્ધ કરનાર પ્રમાણ ન હોવાથી પંચભૂતથી અલગ છઠ્ઠુ ભૂત માનેલ નથી, તેમ સમજવું.

**ततः...** તેથી પ્રત્યેક સમયે ઉત્પાદ-વિનાશ રૂપ, જાતે થવા-હોવા રૂપ એવું જ 'ભાવ' નામનું દ્રવ્ય છે.

**उक्तं च...** કહ્યું છે કે- ભાવ કરતા અન્ય અર્થ રૂપ = અન્ય વસ્તુ રૂપ દ્રવ્ય વળી શું છે ? (અર્થાત્ કોઈ નથી.) આ દ્રવ્ય ભાવરૂપ જ છે. પ્રતિક્ષણ થવું=રહેવું=હોવું. + આપત્તિ = ઉત્પાદ (પ્રતિક્ષણ) + વિપત્તિ = વિનાશ (પ્રતિક્ષણ) આ જ ભાવ (એ દ્રવ્ય !)

આ રીતે ચાર નયો બતાવી દીધા.

---

वृत्ति :-

परमार्थस्त्वयम्-संविन्निष्ठैव सर्वापि, विषयाणां व्यवस्थितिः ।
संवेदनं च नामादिविकलं नानुभूयते ॥

तथाहि-

घटोऽयमिति नामैतत्, पृथुबुध्नादिनाऽऽकृतिः ।

---

1. भावार्थान्तरभूतं किं द्रव्यं नाम ? भाव एवायं (. वेदम्) भवनं प्रतिक्षणमेव भाव उत्पत्तिर्विपत्तिश्च ॥१॥

*मृद्द्रव्यं भवनं भावो, घटे दृष्टं चतुष्टयम् ॥१॥*

*तत्रापि नाम नाकारमाकारो नाम नो विना ।*
*तौ विना नापि चान्योऽन्यमुत्तरावपि संस्थितौ ॥२॥*

*मयूराण्डरसे यद्वद्वर्णा नीलादयः स्थिताः ।*
*सर्वेऽप्यन्योऽन्यमुन्मिश्रास्तद्वन्नामादयो घटे ॥३॥*

---

**परमार्थस्त्वयम्...** પરમાર્થ તો આ છે. વિષયોની તમામે તમામ વ્યવસ્થા (તે-તે રૂપે અસ્તિત્વનો નિર્ણય) જ્ઞાન=સંવેદનમાં રહેલી જ છે. એટલે કે ઘટાદિ વિષયોનું સ્વરૂપ કેવું છે ? તે કેવા છે ? એ બધાનો નિર્ણય એ વિષયોના સંવેદનને આધારે જ થાય છે. ઘટાદિ જેવા અનુભવાય તેવા જ તે માનવામાં આવે છે.

('અગ્નિ ગરમ છે' એ વ્યવસ્થા શેના આધારે થઈ ? એવો અનુભવ થયો, માટે થઈ.

'બરફ ઠંડો છે' એ વ્યવસ્થા શેના આધારે થઈ ? એવો અનુભવ થયો, માટે થઈ.)

હવે વિષયોનું સંવેદન તો નામાદિ વિકલ અનુભવાતું નથી, એટલે કે બધા વિષયો નામાદિ ચાર સ્વરૂપે અનુભવાય છે, માટે બધા જ વિષયો નામાદિ ચાર સ્વરૂપે છે. તે આ પ્રમાણે-

**घटोऽयमिति...** (૧) 'આ ઘટ છે' એ પ્રમાણે આ ઘટ**નામ** અનુભવાય છે. એનો પેટ જેવો મોટો ભાગ = પૃથુ અને ઉપરનો નાનો કાઠાનો ભાગ (બુધ્ન)... આ વગેરે વડે આકૃતિ=**સ્થાપના** અનુભવાય છે.

માટી રૂપી **દ્રવ્ય** અનુભવાય છે. ઘટરૂપે હોવું-થવું એ રૂપી ભાવ=**પર્યાય** અનુભવાય છે. આમ ઘટમાં નામાદિ ચાર દેખાયેલા છે. ॥૧॥

(૨) તે ચારમાં પણ નામ આકાર વિના રહેલું નથી, આકાર પણ નામ વિના રહેલો નથી. તે બે વિના = નામ અને આકાર વિના ઉત્તર પણ = દ્રવ્ય અને ભાવ પણ રહેલા નથી. તથા अन्योन्यं च विना = એકબીજાના વિના પણ દ્રવ્ય અને ભાવ રહેલા નથી. એટલે કે દ્રવ્ય વિના ભાવ નથી, ભાવ વિના દ્રવ્ય નથી.

(तौ विना उत्तरावपि न संस्थितौ । अन्योन्यं च विना नाऽपि उत्तरावपि संस्थितौ એ રીતે અન્વય કરવાનો છે.) ॥૨॥

(૩) મોરના ઇંડાના રસમાં જેમ નીલ, પીત, રક્ત વગેરે વર્ણો બધા જ એકબીજામાં ભેગા થયેલા રહેલા છે. તે જ રીતે ઘટમાં નામાદિ બધા જ પરસ્પર ભેગા થયેલા રહેલા છે.

---

इत्थं चैतत्, परस्परसव्यपेक्षितयैवाशेषनयानां सम्यग्रयत्वात्, इतरथा 'उत्पादव्ययध्रौव्ययुक्तं सदि'ति प्रत्यक्षादिप्रमाणप्रतीतसल्लक्षणानुपपत्तेश्च । किञ्च-शब्दादपि घटादेर्नामादिभेदरूपेणैव घटाद्यर्थे बुद्धिपरिणामो जायते, इत्यतोऽपि नामादिचतूरूपतैव सर्वस्य वस्तुनः, उक्तं च-

*"नामादिभेदसद्दत्थबुद्धिपरिणामभावओ णियय ।*
*जं वत्थु अत्थि लोए चउपज्जायं तयं सव्वं ॥१॥"*

---

**इत्थं चैतत्...** અને આ પદાર્થ આ પ્રમાણે જ છે. (એટલે કે નામાદિ ચારેય એકબીજાની સાથે એકમેક થઈને રહેલા

---

1. नामादिभेदशब्दार्थबुद्धिपरिणामभावतो नियतम् । यद्वस्त्वस्ति लोके चतुष्पर्यायं तकत् सर्वम् ॥२॥

છે... એ વાત બરાબર જ છે.) કેમ કે– તમામ નયો એકબીજાને સાપેક્ષ રીતે રહે, તો જ એ સમ્યગ્ નય છે. એકબીજાનો વિરોધ કરનારા નયો તો મિથ્યા બની જાય છે. આપણે નામાદિ ચારેયને સમ્યક્ નય માનીએ છીએ, માનવાના છે... તો આ માનવું જ પડે કે નામાદિ ચારેય પરસ્પર સાથે મળીને રહેલા છે.

વળી इतरथा = જો આ રીતે આ નામાદિને પરસ્પર સાપેક્ષ ન માનવાના હોય અર્થાત્ સાવ અલગ-અલગ માની શકાતા હોય... તો તો उत्पादव्ययध्रौव्ययुक्तं सत् આ પ્રમાણે જે सत् નું લક્ષણ છે, કે જે લક્ષણ પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી પ્રતીત=અનુભવાયેલું જ છે. અને માટે સાચું જ છે... તે લક્ષણ ન ઘટવાની આપત્તિ આવશે, કેમકે ત્યાં પણ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ત્રણેય પરસ્પર વિરોધી બાબતોને નિરપેક્ષ = અલગ-અલગ માનવાની આપત્તિ આવશે. તો પછી સત્ વસ્તુ ઉત્પાદાદિ ત્રણવાળી હોય, તેવું તો માની જ નહિ શકાય.

किञ्च = વળી બીજી વાત એ છે કે– ઘટ વગેરે જે શબ્દ છે, તે શબ્દથી પણ ઘટાદિ અર્થમાં નામ-સ્થાપનાદિ ચાર ભેદ રૂપથી જ બુદ્ધિનો પરિણામ થાય છે. એટલે કે જ્યારે ઘટ શબ્દ સંભળાય, ત્યારે ઘટાદિપદાર્થમાં ઘટ નામનો, ઘટ-આકૃતિનો, માટી દ્રવ્યનો, પૃથુબુધ્નાદિ ભાવનો બોધ થાય જ છે.

इत्यतोऽपि... એટલે આ પરિણામના કારણે પણ તમામ વસ્તુ નામાદિ ચાર સ્વરૂપ જ છે... એમ નક્કી થાય છે.

उक्तं च... કહ્યું છે કે- ઘટાદિ શબ્દથી અર્થમાં નામાદિ ભેદ વડે બુદ્ધિનો પરિણામ ચોક્કસ રૂપે થાય છે. તેથી લોકમાં જે વસ્તુ છે. તે બધી જ ચાર પર્યાયવાળી= નામાદિચતુષ્ક રૂપ છે. (અહીં नामादिभेदसद्दत्थ... એ ગાથાપંક્તિનો અર્થ ઉપર આપેલી પંક્તિના અર્થને અનુસારે ગોઠવીને કરેલો છે... એ ધ્યાનમાં લેવું. घटादेः शब्दादपि नामादिभेदरूपेणैव घटाद्यर्थे... એ પંક્તિ ધ્યાનમાં રાખવી.)

---

वृत्ति :- ततश्च-

*चतुष्काभ्यधिकस्येह, न्यासो योऽन्यस्य दर्श्यते ।*
*एतदन्तर्गतः सोऽपि, ज्ञातव्यो धीधनान्वितैः ॥१॥*

इत्यलं प्रसङ्गेन । सम्प्रति निर्युक्तिरनुश्रि(स्त्रि)यते-तत्र नामस्थापने आगमतो नोआगमतश्च ज्ञशरीर-भव्यशरीररूपश्च द्रव्यसंयोगः सुगम इति मन्वानो व्यतिरिक्तद्रव्यसंयोगमभिधातुमाह- 'द्विविधस्त्वि'ति द्विविध एव, द्रव्येण द्रव्यस्य वा, 'स'मिति सङ्गतो योगः संयोगः, संयोगद्वैविध्यमेवाह- संयुक्तमेव संयुक्तकम्-अन्येन संश्लिष्टम्, तस्य संयोगो-वस्त्वन्तरसम्बन्धः संयुक्तकसंयोगो ज्ञातव्यः, 'इतरेतर' इति इतरेतरसंयोगः, *'चः'* समुच्चये *'एवः'* अवधारणे, इत्थमेव द्विविध एष संयोग इति गाथासमासार्थः ॥३०॥

---

ततश्च... અને તેથી જ = 'વસ્તુ નામાદિ ચાર સ્વરૂપ છે' તેથી જ આ ગ્રન્થમાં ચાર કરતા વધારેનો જે ન્યાસ=નિક્ષેપ દેખાય છે, તે નિક્ષેપ પણ બુદ્ધિ રૂપી ધનથી યુક્ત જીવોએ આ ચારની અંદર સમાયેલો જ જાણવો.

(નામાદિ ચાર તો નામાદિમાં આવી જ જાય, પણ કાળ-ક્ષેત્રાદિ પણ તે-તે અપેક્ષાએ આ ચારમાં જ આવી જાય.)

इत्यलं प्रसङ्गेन... નામાદિ ચાર નયોના સ્વરૂપનો વિસ્તાર કરવાનો પ્રસંગ આવ્યો, એટલે એ કહી દીધો. હવે પ્રસંગ વડે સર્યું.

सम्प्रति निर्युक्तिरनुश्रि... હવે નિર્યુક્તિ ગાથા ૩૦ અનુસરાય છે. એટલે કે એનો અર્થ કરાય છે. તેમાં નામસંયોગ, સ્થાપનાસંયોગ, આગમતઃ દ્રવ્યસંયોગ, નો-આગમતઃ જ્ઞશરીર દ્રવ્યસંયોગ, નો-આગમતઃ ભવ્યશરીર દ્રવ્યસંયોગ આ બધુ સુગમ

છે...

इति मन्वानो... એ પ્રમાણે માનતા નિર્યુક્તિકાર વ્યતિરિક્ત દ્રવ્યસંયોગને કહેવાને માટે કહે છે કે द्विविधस्तु... બે પ્રકારનો જ દ્રવ્યસંયોગ છે. દ્રવ્યની સાથે સંયોગ કે દ્રવ્યનો સંયોગ એમ બે રીતે સમાસ થશે.

सङ्गतो योगः... સંગત એવો યોગ એ સંયોગ ! સંયોગના બે પ્રકારને જ કહે છે કે– સંયુક્તક સંયોગ અને ઈતરેતર સંયોગ ! સંયુક્ત એ જ સંયુક્તક કહેવાય. (क અહીં સ્વાર્થમાં લાગેલો છે.) સંયુક્તક એટલે બીજા દ્રવ્યની સાથે જે સંબંધવાળું હોય = જોડાયેલું હોય. આવા દ્રવ્યનો સંયોગ = બીજી વસ્તુ સાથેનો સંબંધ એ સંયુક્તકસંયોગ જાણવો.

તથા ઈતરેતર સંયોગ એ બીજો પ્રકાર છે. च: શબ્દ સમુચ્ચયમાં છે.

एव 'જ' કારમાં છે. આ પ્રમાણે જ આ સંયોગ બે પ્રકારે છે. (બાકી બીજા પ્રકારો વડે તો વધારે પ્રકારનો પણ થઈ શકે.) આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ કહ્યો.

---

अवतरणिका :- विस्तरार्थं त्वभिधित्सुः 'यथोद्देशं निर्देश' इति न्यायतः संयुक्तकसंयोगं भेदेनाह-

---

અવતણિકા :- વિસ્તારથી અર્થને કહેવાની ઈચ્છાવાળા નિર્યુક્તિકાર 'જે ક્રમથી ઉદ્દેશ કર્યો હોય, તે જ ક્રમથી નિર્દેશ=નિરૂપણ કરવું.' એ ન્યાય પ્રમાણે સૌ પ્રથમ સંયુક્તકસંયોગને (એના) ભેદ વડે = પ્રકાર વડે કહે છે.

---

||निर्यु. गा. ३१|| संजुत्तगसंजोगो सच्चित्तादीण होइ दव्वाणं ।
दुममणुसुवण्णमाई संतइकम्मेण जीवस्स ||३१||

व्याख्या- 'संयुक्तकसंयोगः' अनन्तराभिहितस्वरूपः, 'सचित्तादीनां' सचित्ताचित्तमिश्राणां भवति द्रव्याणाम्, अमीषामुदाहरणान्याह- 'दुममणुसुवण्णमाइ'त्ति अत्र मकारस्यालाक्षणिकत्वात् सुब्व्यत्ययाच्च 'द्रुमाणुसुवर्णादीनां' प्रत्येकं चादिशब्दसम्बन्धात्सचित्तद्रव्याणां द्रुमादीनाम् अचित्तद्रव्याणामण्वादीनां सुवर्णादीनां च मिश्रद्रव्यस्य तु सन्ततिकर्मणोपलक्षितस्य जीवस्य,

---

ગાથાર્થ : વૃક્ષ, અણુ, સુવર્ણ વગેરે સંતતિકર્મથી યુક્ત જીવનો... આ પ્રમાણે સચિત્તાદિ દ્રવ્યોનો સંયુક્તકસંયોગ થાય છે.

ટીકાર્થ : સૌ પ્રથમ આટલું સ્પષ્ટ કરો.

(૧) સચિત્ત એવો સંયુક્ત = સચિત્તસંયુક્ત = તેનો સંયોગ = સચિત્તસંયુક્તકસંયોગ (બીજા દ્રવ્યની સાથે)

(૨) અચિત્ત એવો સંયુક્ત = અચિત્તસંયુક્ત = તેનો સંયોગ = અચિત્તસંયુક્તકસંયોગ (બીજા દ્રવ્યની સાથે)

(૩) મિશ્ર એવો સંયુક્ત = મિશ્રસંયુક્ત = તેનો સંયોગ = મિશ્રસંયુક્તકસંયોગ (બીજા દ્રવ્યની સાથે)

अनन्तराभिहितस्वरूपः... જેનું સ્વરૂપ અનંતર જ = ૩૦મી ગાથામાં જ કહેવાઈ ગયું છે, તે સંયુક્તકસંયોગ સચિત્તદ્રવ્યોનો, અચિત્તદ્રવ્યોનો અને મિશ્રદ્રવ્યોનો થાય છે. હવે આ સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યોના દૃષ્ટાન્તો બતાવે=કહે છે.

अत्र मकारस्या... दुममणुसुवण्णमाइ આમાં दुमम... અને सुवण्णमाइ આ બે મ કાર અલાક્ષણિક છે, એટલે એ નીકળી જશે. અને વિભક્તિ પહેલી દેખાય છે. પણ એનો ફેરફાર થાય છે, એટલે ષષ્ઠી થશે. એટલે द्रुम-अणु-सुवर्णादीनां આ પ્રમાણે શબ્દ બનશે.

प्रत्येकं चादिशब्दसम्बन्धा... આમાં જે છેલ્લો આદિ શબ્દ છે, તેનો દ્રુમ, અણુ અને સુવર્ણ એ દરેકની સાથે અન્વય થશે. એટલે

सचित्तद्रव्याणां द्रुमादीनाम्

अचित्तद्रव्याणां अण्वादीनाम्

अचित्तद्रव्याणां सुवर्णादीनाम्

मिश्रद्रव्यस्य सन्ततिकर्मणा (અનાદિકાળની પરંપરાથી આવેલા કર્મથી) उपलक्षितस्य जीवस्य

(જીવદ્રવ્ય કર્મદ્રવ્યથી યુક્ત તરીકેનું લેવાનું છે, એટલે એ મિશ્ર થશે...)

---

वृत्ति :- अत्र चाण्वादीनां सुवर्णादीनामित्युदाहरणद्वयमचित्तद्रव्याणां सचित्तमिश्रद्रव्यापेक्षया भूयस्त्वख्यापनार्थम्, एतद्भूयस्त्वं च जीवेभ्यः पुद्गलानामनन्तगुणत्वात्, उक्तं च-

*"[1]जीवा पोग्गल समया दव्व पएसा य पज्जवा चेव ।*
*थोवाऽणंताणंता विसेसमहिया दुवेऽणंता ॥१॥"*

इति, अनेन च सचित्तादेः संयोगद्रव्यस्य त्रैविध्यात् संयुक्तकसंयोगस्य त्रैविध्यमुक्तमिति गाथार्थः ॥३१॥

---

**પ્રશ્ન :** અહીં અચિત્ત માટે અણ્વાદિ અને સુવર્ણાદિ બે દષ્ટાન્ત શા માટે આપ્યા છે ? બીજા બધાનું એક-એક જ છે, તો આનું પણ એક જ રાખો ને ?

**अत्र चाण्वादीनां... ઉત્તર :** અહીં અચિત્તદ્રવ્યોના બે દષ્ટાન્ત આપ્યા છે, તે એવું બતાવવા માટે કે 'અચિત્તદ્રવ્યો સચિત્ત અને મિશ્રદ્રવ્યોની અપેક્ષાએ ઘણા વધારે છે.'

**પ્રશ્ન :** પણ આ દ્રવ્યો વધારે ક્યા કારણસર છે ?

**एतद्भूयस्त्वं... ઉત્તર :** જીવો કરતા પુદ્ગલો અનંતગુણ હોવાથી અચિત્તદ્રવ્યો સચિત્ત-મિશ્ર કરતા વધારે છે.

કહ્યું છે કે- (૧) જીવ, (૨) પુદ્ગલ, (૩) સમય, (૪) દ્રવ્ય, (૫) પ્રદેશ, (૬) પર્યાય.

(૧) સૌથી ઓછા, (૨) અનંતગુણ, (૩) અનંતગુણ, (૪) વિશેષાધિક, (૫) અનંતગુણ, (૬) અનંતગુણ.

ભાવાર્થ : સૌથી ઓછા જીવો.

**જીવો** કરતા પુદ્ગલો અનંતગુણા (દરેક જીવ પર માત્ર કાર્મણવર્ગણાના પુદ્ગલો જ અનંતા છે...)

પુદ્ગલો કરતા સમયો અનંતગુણા. (પુદ્ગલો તે ચૌદરાજમાં ચોક્કસ જ પ્રમાણમાં છે, જ્યારે સમયનો તો ભૂતમાં કે ભવિષ્યમાં કોઈ અંત જ નથી.)

**સમય** કરતા દ્રવ્યો વિશેષાધિક. (કુલ સમયમાં બધા જીવો, બધા પુદ્ગલો, ધર્મ, અધર્મ, આકાશ... નાખવાના. એમાં જીવાદિ તો સમયના અનંતમાં ભાગે જ છે ને ? એટલે સમય + આ રાશિ = સમય કરતા વિશેષાધિક જ થાય.)

દ્રવ્યો કરતા પ્રદેશો અનંતગુણ (અલોકાકાશના તમામ પ્રદેશો લેવાના, એ સમય કરતા પણ અનંતગુણ છે. ઉપર

1. जीवाः पुद्गलाः समया द्रव्याणि प्रदेशाश्च पर्यायाश्चैव । स्तोका अनन्ता अनन्ता विशेषाधिकानि द्वावनन्तौ ॥१॥

આકાશદ્રવ્ય લીધેલું. એ દ્રવ્ય તરીકે એક જ ગણાય, માટે ત્યાં વિશેષાધિક જ થાય.)

પ્રદેશો કરતા પર્યાયો અનંતગુણ (દરેક પ્રદેશદીઠ અનંતા પર્યાયો છે, માટે.)

**પ્રશ્ન :** આ ગાથાની પ્રસ્તાવનામાં તમે કહેલુ કે 'સંયુક્તસંયોગને ભેદો વડે બતાવે છે.' આમાં ભેદ તો બતાવ્યા જ નહિ.

**अनेन च... ઉત્તર :** આ નિરૂપણ વડે આટલું કહેવાઈ ગયું કે 'સચિત્તાદિ સંયોગદ્રવ્ય=સંયુક્તદ્રવ્ય ત્રણ પ્રકારના છે, તેથી સંયુક્ત સંયોગ ત્રણ પ્રકારના છે.' આમ એના ભેદનું વર્ણન થઈ ગયું.

---

अवतरणिका :- तत्र द्रुमादीनां सचित्तसंयुक्तद्रव्यसंयोगं विवरीतुमाह-

---

અવતરણિકા :- તેમાં વૃક્ષાદિના સચિત્તસંયુક્તક દ્રવ્યસંયોગનું વિવરણ કરવાને માટે કહે છે.

---

**॥निर्यु. गा. ३२॥ मूले कंदे खंधे तया य सालेपवालपत्तेहिं ।**
**पुप्फफलेबीएहिं अ संजुत्तो होइ दुममाई ॥३२॥**

व्याख्या - 'मूले कन्दे स्कन्धे' इति सर्वत्र सूत्रत्वात् तृतीयार्थे सप्तमी, ततश्च 'मूलेन' अधःप्रसर्पिणा स्वावयवेन 'कन्देन' तेनैव मूलस्कन्धान्तरालवर्तिना 'स्कन्धेन' स्थुडेन 'त्वचा' छविरूपया 'साले'त्ति एकारोऽलाक्षणिकः, ततः 'शालाप्रवालपत्रैः' शाखापल्लवपलाशैः, फले इत्यत्राप्येकारस्तथैव, ततः 'पुष्पफलबीजैश्च' प्रसिद्धैरेव 'संयुक्तः' सम्बद्धो *भवति* 'दुममाइत्ति' मकारोऽलाक्षणिकः ततो द्रुमादिः, आदिशब्दाद्गुच्छगुल्मादिश्च संयुक्तकसंयोग इति प्रक्रमः ।

---

**ગાથાર્થ :** દ્રુમ વગેરે દ્રવ્ય મૂલ વડે, કંદ વડે, સ્કંધ વડે, ત્વચા વડે, શાખા વડે, પ્રવાલ વડે, પત્ર વડે, પુષ્પ વડે, ફલ વડે, અને બીજ વડે સંયુક્ત હોય છે.

**ટીકાર્થ : सर्वत्र सूत्रत्वात्...** આ ગાથામાં જ્યાં જ્યાં સપ્તમી છે, તે બધે જ સાતમી તૃતીયાના અર્થમાં સમજવી. સૂત્ર હોવાથી આવું સંભવિત છે કે તેમાં અન્યવિભક્તિ અન્યવિભક્તિના અર્થમાં વપરાય. તેથી આ પ્રમાણે અર્થ થશે કે-

मूलेन = મૂલ = જમીનની અંદર વિસ્તાર પામનાર એવો વૃક્ષનો પોતાનો જ ભાગ...

कन्देन = કંદ = જમીન અંદર વિસ્તાર પામનાર, વૃક્ષના અવયવભૂત એવો જ ભાગ... પણ એ મૂલ અને થડની વચ્ચે રહેલો હોય છે.

स्कन्धेन = થડ

त्वचा = થડની ઉપરની ચામડી રૂપ.

साले માં જે ए કાર છે, એ અલાક્ષણિક છે, તેથી साल શબ્દ સમાસમાં જ આવશે. એટલે शाखाप्रवालपत्रैः = શાખાઓ (ડાળીઓ), પ્રવાલ (પલ્લવ), પત્ર (પલાશ=પર્ણ).

फले જે શબ્દ છે, તેમાં પણ ए કાર અલાક્ષણિક જ છે, તેથી पुष्पफलबीजैश्च = પુષ્પ, ફલ અને બીજ પ્રસિદ્ધ જ છે.

दुममाइ માં म અલાક્ષણિક છે, તેથી द्रुमादिः થશે.

ટુંકમાં દ્રુમાદિ દ્રવ્ય મૂલ, કંદ વગેરે વડે સંયુક્ત=સંબંદ્ધ હોય છે. द्रुमादि માં જે आदि શબ્દ છે, તેનાથી ગુચ્છ, ગુલ્મ વગેરે લેવાના. આ વૃક્ષાદિ એ સંયુક્તકસંયોગ છે... એ મૂળ પદાર્થ સમજવો.

वृत्ति :- स हि प्रथममुद्गच्छन्नङ्कुरात्मकः पृथिव्याः संयुक्त एव मूलेन संयुज्यते, ततो मूलसंयुक्तक एव कन्देन, कन्दसंयुक्त एव स्कन्धेन एवं त्वक्शाखाप्रवालपत्रपुष्पफलबीजैरपि पूर्वसंयुक्त एवोत्तरोत्तरैः संयुज्यते इति भावनीयम्, नन्वेवं द्रुमादेर्द्रव्यत्वात् संयुक्तकसंयोगस्य च गुणत्वात्कथं द्रुमादिरेव स इति, अत्रोच्यते, धर्मधर्मिणोः कथञ्चिदनन्यत्वादेवमुक्तमित्यदोषः, एवमुत्तरभेदयोरपीति गाथार्थः ।।३२।।

---

स हि... તે આ પ્રમાણે – તે વૃક્ષ સૌ પ્રથમ ઉગે ત્યારે અંકુરસ્વરૂપ હોય છે, અને તે પૃથ્વીની સાથે સંયુક્ત છતો જ મૂલની સાથે સંયોગ પામે છે. ત્યારબાદ મૂલસંયુક્તક એવો જ વૃક્ષ કંદની સાથે...

કંદસંયુક્તક એવો જ વૃક્ષ સ્કંધની સાથે...

એમ ત્વક્, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફલ અને બીજો વડે પણ પૂર્વપૂર્વના પદાર્થની સાથે સંયુક્ત છતો જ ઉત્તર-ઉત્તરના પદાર્થની સાથે સંયુક્ત થાય છે. આ પ્રમાણે વિચારી લેવું.

नन्वेवं... પ્રશ્ન : આ રીતે જો માનો, તો આમાં દ્રુમાદિ તો દ્રવ્ય છે, અને સંયુક્ત સંયોગ ગુણ છે, તો પછી દ્રુમાદિ દ્રવ્ય એ જ સંયુક્ત સંયોગ શી રીતે બને (એટલે દ્રવ્યને જ ગુણ કેવી રીતે કહી શકાય) ?

अत्रोच्यते... ઉત્તર : દ્રુમાદિ ધર્મી છે, સંયુક્તસંયોગાત્મક ગુણ એ દ્રુમનો ધર્મ છે. ધર્મ અને ધર્મીનો કોઈક અપેક્ષાએ અભેદ (અનન્યત્વ) છે, તેથી ધર્મી એ જ ધર્મ રૂપ કહી દીધેલો છે... એટલે કોઈ દોષ નથી.

એમ આગળ અચિત્તસંયુક્તકસંયોગ અને મિશ્રસંયુક્તકસંયોગ... આ બે ભેદમાં પણ આ જ વાત સમજી લેવી.

---

अवतरणिका :- अण्वादीनामचित्तसंयुक्तकद्रव्यसंयोगं स्पष्टयितुमाह –

---

અવતરણિકા :- અણુ વગેરેના અચિત્તસંયુક્તક દ્રવ્યસંયોગને સ્પષ્ટ કરવા માટે કહે છે કે–

---

॥निर्यु. गा. ३३॥ एगरस एगवण्णे एगेगंधे तहा दुफासे अ ।

परमाणू खंधेहिं अ दुपएसाईहिं णायव्वो ॥३३॥

व्याख्या – एकः–अद्वितीयस्तिक्तादिरसान्यतमो रसोऽस्येति एकरसः, तथैकः–कृष्णादिवर्णान्यतमो वर्णोऽस्येति एकवर्णः एवं 'एकगन्धः' सुगन्धीतरान्यतरगन्धान्वितः, 'एगे' इत्येकारस्यालाक्षणिकत्वात्, तथा द्वौ चाविरुद्धौ स्निग्धशीताद्यात्मकौ स्पर्शावस्येति द्विस्पर्शः, चशब्दः स्वगतानन्तभेदोपलक्षकः, क एवंविधः ? इत्याह– परमः–तदन्यसूक्ष्मतरासम्भवात् प्रकर्षवान् स चासावणुश्च परमाणुः, उपलक्षणत्वाद् द्व्यणुकादिश्च,

---

ગાથાર્થ : એકરસવા ો, એકવર્ણવાળો, એકગંધવાળો અને બેસ્પર્શવાળો પરમાણુ દ્વિપ્રાદેશિકાદિ સ્કંધોની સાથે (સંયોગ પામતો છતો અચિત્તસંયુક્તકસંયોગ) જાણવો.

ટીકાર્થ : એક=અદ્વિતીય=તિક્તાદિ પાંચમાંથી ગમે તે એક રસ જેને હોય, તે એક રસવાળો ! તેમ એક = કૃષ્ણાદિ પાંચમાંથી ગમે તે એક વર્ણ જેને હોય, તે એકવર્ણવા ો ! એક = સુગન્ધ કે દુર્ગંધ બેમાંથી ગમે તે એક ગંધથી યુક્ત તે એક ગંધવાળો ! ગાથામાં एगे માં ए કાર અલાક્ષણિક છે, તેથી एगेगंधे નો एगगंध એમ બહુવ્રીહિ સમાસ થઈ શકે છે.

તથા બે અવિરૂદ્ધ એવા સ્નિગ્ધશીત વગેરે રૂપ સ્પર્શ જેને છે, તે બે સ્પર્શવાળો !

ગાથાનો अ = च શબ્દ પરમાણુમાં રહેલા અનંતભેદોને જણાવનાર છે. (આવા પરમાણુ અનંતા છે ને ? એટલે આવા

પ્રકારના ભેદો અનંતા થઈ ગયા.)

क एवंविधः ?... આવો એક રસવા ો... કોણ છે ? એ કહે છે કે **પરમાણુ** ! પરમ એવો અણુ તે પરમાણુ !

તેના કરતા બીજા વધારે સૂક્ષ્મ પદાર્થનો સંભવ ન હોવાથી તે પ્રકર્ષવા ો = પરમ એવો અણુ કહેવાય. (સૌથી વધારે નાનો (અણુ) તે પરમાણુ.)

અહીં પરમાણુ શબ્દ જ લખેલો છે, પણ એ ઉપલક્ષણ હોવાથી દ્વયણુકાદિ પણ લઈ લેવાના.

(स्वज्ञापकत्वे सति स्वेतरज्ञापकत्वम् = उपलक्षणत्वम् જે શબ્દ સ્વવાચ્યને તો જણાવે જ, પણ એની સાથે તત્સંબદ્ધ પ્રસ્તુત વસ્તુને પણ જણાવે તે ઉપલક્ષણ !

પરમાણુ શબ્દ પરમાણુ પદાર્થનો બોધ તો કરાવે જ, પણ એની સાથે દ્વયણુકાદિનો પણ ોધ કરાવે છે, કારણ કે તે ઉપલક્ષણ રૂપ છે.)

---

**वृत्ति :- 'स्कन्धैश्च' स्कन्धशब्दाभिधेयैः, कैरित्याह-द्वौ प्रदेशावारम्भकावस्येति द्विप्रदेशो-द्वयणुकः, स आदिर्येषां त्रिप्रदेशादीनामचित्तमहास्कन्धपर्यन्तानां ते तथा तैः, चशब्दात्परमाण्वन्तरैर्वर्णान्तरादिभिश्च, संयुज्यमान इति गम्यते, 'विज्ञेयः' विशेषेण सङ्ख्यातासङ्ख्यातानन्तभङ्गविभावनात्मकेनावबोद्धव्यः, पाठान्तरतो ज्ञातव्यः, अचित्तसंयुक्तकसंयोग इति प्रक्रमः,**

---

स्कन्धैः = સ્કંધશબ્દથી વાચ્ય જે હોય, તેની સાથે...

**પ્રશ્ન :** સ્કંધશબ્દવાચ્ય એવો સ્કંધ કોણ છે ?

**ઉત્તર :** દ્વિપ્રદેશ = દ્વયણુક ! બે પ્રદેશો જેના આરંભક (બનાવનાર = અવયવ = ઉપાદાન કારણ) છે, તે દ્વિપ્રદેશ ! તે આદિ છે જેઓની... એવા બધા સ્કંધ લઈ લેવાના. એટલે કે ત્રિપ્રદેશથી માંડીને અચિત્તમહાસ્કંધ સુધીના બધા જ સ્કંધો લઈ લેવાના. (દ્વયણુક જેની આદિમાં છે, તેઓ સૌ પ્રથમ તો ત્ર્યણુક જ આવે તથા છેલ્લો અહીં અચિત્તમહાસ્કંધ બતાવેલો છે... એ માત્ર ધ્યાનમાં રાખવું, કારણ કે અન્ય ગ્રન્થોમાં એના કરતા પણ મોટા સ્કંધો બતાવેલા છે.)

अ = च શબ્દથી 'બીજા પરમાણુઓની સાથે અને બીજા વર્ણ, ગંધ, રસ વગેરેની સાથે' એમ અર્થ સમજી લેવો.

ટુંકમાં દ્વયણુકાદિ સ્કંધોની સાથે, અન્ય પરમાણુઓની સાથે, અન્ય વર્ણાદિની સાથે संयुज्यमान = સંયોગ પામતો પરમાણ્વાદિ પદાર્થ અચિત્તસંયુક્તકસંયોગ જાણવો. (આનો ભાવાર્થ નીચે બતાડશે.)

विज्ञेयः શબ્દ છે, તેમાં वि = વિશેષથી = સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા ભાંગાઓની વિભાવના = ચિંતન = મનન રૂપ વિશેષથી ज्ञेयः = જાણવો. પાઠાંતરમાં विज्ञेय ને બદલે णायव्वो છે.

(હાલ જે ગાથા છપાયેલી છે, તેમાં णायव्वो જ પાઠ છે. પણ વૃત્તિકારની સામે विण्णेयो પાઠ પણ હશે... એટલે તેમણે પહેલા એ મુજબ અર્થ લખીને પછી णायव्वो નો પાઠાંતર તરીકે ઉલ્લેખ કરેલો છે.)

આવો સંયોગ પામતો પરમાણ્વાદિ જાણવો... એમ કહ્યું. પણ શું જાણવો ? એ કહ્યું નથી. છતાં અહીં ક્રમ મુજબ અચિત્ત સંયુક્તકસંયોગ રૂપે જાણવાની વાત સમજી શકાય છે. એટલે એ પ્રમાણે જોડી દેવું. (આ પ્રમાણે ગાથાર્થ બતાવી દીધા બાદ હવે ભાવાર્થ બતાવી રહ્યા છે...)

---

**वृत्ति :- अयमर्थः-**

कारणमेव तदन्त्यं सूक्ष्मो नित्यश्च भवति परमाणुः ।

एकरसवर्णगन्धो द्विस्पर्शः कार्यलिङ्गश्च ॥१॥

इत्येवंलक्षणपरमाणुर्यदा त्र्यणुकादिस्कन्धपरिणतिमनुभवति तदा रसादिसंयुक्त एव द्व्यणुकादिभिः स्कन्धैः संयुज्यते, यदा वा तिक्ततादिपरिणतिमपहाय कटुकत्वादिपरिणतिं प्रतिपद्यते तदाऽपि वर्णादिभिः संयुक्त एव कटुकत्वादिना संयुज्यते इति संयुक्तसंयोग उच्यते ।

---

अयमर्थः... આ અર્થ છે : સૌથી પહેલા તો પરમાણુનું લક્ષણ જોઈ લઈએ.

પરમાણુ (૧) સૌથી છેલ્લું કારણ છે, (૨) સૂક્ષ્મ છે, (૩) નિત્ય છે, (૪) એક-એક રસ, વર્ણ, ગંધવા ો છે, (૫) બે સ્પર્શવાળો છે, (૬) કાર્યલિંગક છે. = ઘટાદિ કાર્યો દ્વારા અનુમાન કરાય છે.

ભાવાર્થ :- (૧) પંચાણુક સ્કંધ બનવામાં ધારો કે ત્ર્યણુક + દ્વ્યણુક કારણ બન્યા, પણ એ સૌથી છેલ્લા કારણ નથી. એ જ ત્ર્યણુકનું કારણ ધારો કે દ્વ્યણુક + પરમાણુ છે. તો અહીં ત્ર્યણુક પંચાણુકનું કારણ હોવા છતાં એનું પણ કોઈક કારણ દ્વ્યણુકાદિ છે. હવે દ્વ્યણુક પણ છેલ્લું કારણ નથી, તેના કારણ તરીકે બે પરમાણુ છે. પણ પરમાણુનુ કારણ કોણ ? કોઈ નહિ, માટે સૌથી છેલ્લું કારણ પરમાણુ જ હોય. તથા પરમાણુ એ કારણ જ છે, કાર્ય નહિ.

દ્વ્યણુકાદિ તો ત્ર્યણુકાદિનું કારણ પણ છે, અને બે પરમાણુથી ઉત્પન્ન થનાર હોવાથી કાર્ય પણ છે... માટે તે માત્ર કારણ જ નથી.

कारणं શબ્દ નપું. હોવાથી अन्त्यं, तत् શબ્દ નપું. લીધા છે.

(૬) એકલો પરમાણુ દેખાતો નથી, પણ ઘટાદિ કાર્યો દેખાય છે, તો જેમ ધૂમાત્મક કાર્યથી વહ્નિનું, એમ ઘટાદિ કાર્યોથી પરમાણુનું અનુમાન કરી શકાય છે.

(હવે મૂળસૂત્રમાં 'परमाणु खंधेहिं' વગેરે લખ્યું છે તેનો ાવાર્થ કહે છે.)

-र्यदा त्र्यणुकादिस्कन्ध-... આવા પ્રકારના લક્ષણવા ે પરમાણુ જ્યારે ત્ર્યણુકાદિ સ્કંધના પરિણામને અનુભવે છે. (એટલે કે જ્યારે ત્ર્યણુકાદિ રૂપ બને છે...) ત્યારે એકરસાદિથી સંયુક્ત છતોજ પરમાણુ દ્વ્યણુકાદિ સાથે જોડાઈ જાય છે. અને એ રીતે ત્ર્યણુકાદિ રૂપ બને છે.

આમાં અચિત્ત એવો તથા રસાદિથી સંયુક્ત એવો પરમાણુ અન્ય દ્રવ્ય સાથે સંયોગ પામે છે, માટે તે અચિત્તસંયુક્તક સંયોગ કહેવાય.

यदा वा... અથવા તો-

પરમાણુ તિક્તતાદિ રૂપ પરિણામને છોડીને કટુકતાદિ રૂપ પરિણામને પામે છે, ત્યારે પણ વર્ણાદિ વડે સંયુક્ત છતો જ કટુકત્વ વગેરેની સાથે સંયોગને પામે છે, એટલે એ સંયુક્તસંયોગ કહેવાય છે. (પોતે અચિત્ત છે, માટે અચિત્તસંયુક્તકસંયોગ બનશે.)

---

अत्र च कृष्णपरमाणुः कृष्णत्वमपहाय नीलत्वं प्रतिपद्यत इत्येको भङ्गः, एवं रक्तत्वं पीतत्वं शुक्लत्वं चेति चत्वारः, तथाऽयमेव रसपञ्चकगन्धद्वयाविरुद्धस्पर्शैस्तारतम्यजनितैश्च स्वस्थान एव द्विगुणकृष्णत्वादिभिः परमाण्वन्तरद्विप्रदेशादिभिश्च योजनाद्विवक्षावशतः सङ्ख्यातासङ्ख्यातानन्तात्मिकां भङ्गरचनामवाप्नोति, एवं वर्णान्तर-रसस्पर्शगन्धस्वगततारतम्ययुक्तोऽपि, तथा द्विप्रदेशादिश्च ।

---

अत्र च,... અહીં કૃષ્ણપરમાણુ કૃષ્ણત્વને છોડીને નીલત્વને પામે... એ પ્રમાણે એક ભાંગો થાય. એમ કૃષ્ણપરમાણુ કૃષ્ણત્વને છોડીને રક્તત્વ, પીતત્વ, શુકલત્વને પામે... આ કુલ ચાર ભેદ થાય.

**तथाऽयमेव...** તથા આ જ પરમાણુ – પાંચ રસ, બે ગંધ અને અવિરુદ્ધ સ્પર્શોની સાથે જોડાય છે.

**–स्तारतम्यजनितैश्च...** તથા કૃષ્ણત્વ પણ દ્વિગુણ, ત્રિગુણ... એમ તરતમતાના લીધે અનેક પ્રકારનું ઉત્પન્ન થાય છે. એટલે કૃષ્ણપરમાણુ સ્વસ્થાનમાં જ = કૃષ્ણવર્ણ રૂપ સ્વસ્થાનમાં જ દ્વિગુણકૃષ્ણત્વ વગેરેની સાથે જોડાય છે.

(કૃષ્ણપરમાણુ કૃષ્ણવર્ણની સાથે જોડાય = એમ તો ન બોલાય કેમકે એવું ન બની શકે, પણ એકગુણ કૃષ્ણત્વવાળો કૃષ્ણપરમાણુ એકગુણકૃષ્ણત્વને છોડીને દ્વિગુણકૃષ્ણત્વને તો પામી જ શકે છે. અને એ વખતે એ કૃષ્ણપરમાણુ રસાદિ સંયુક્ત તો છે જ, એટલે સંયુક્ત એવા કૃષ્ણપરમાણુનો સ્વસ્થાનમાં જ = કૃષ્ણત્વમાં જ દ્વિગુણકૃષ્ણત્વ, ત્રિગુણકૃષ્ણત્વ... અનંતગુણ-કૃષ્ણત્વ વગેરે સાથે સંબંધ થઈ શકે છે.

કૃષ્ણપરમાણુને જ્યારે મુખ્ય તરીકે લઈએ, ત્યારે કૃષ્ણત્વની અપેક્ષાએ નીલત્વાદિ બધું જ પરસ્થાન છે. કૃષ્ણત્વ એ સ્વસ્થાન છે... આ એકગુણકૃષ્ણત્વ વગેરે તરતમતાથી જન્મ પામે છે. જો કૃષ્ણત્વમાં તરતમતા ન હોત, તો આ બધા ભેદ ન પડત.)

**परमाण्वन्तरद्विप्रदेशादिभिश्च...** તથા કૃષ્ણપરમાણુ બીજા પરમાણુ સાથે, દ્વિપ્રદેશાદિની સાથે પણ જોડાય છે. આમ, આવા જોડાણના કારણે કૃષ્ણપરમાણુ વિવક્ષાના વશથી સંખ્યાત, અસંખ્યાત અને અનંત રૂપ એવી ભંગ રચનાને પામે છે.

(વિવક્ષાવશથી એટલે શું ?)

આમ તો ઉપર બતાવ્યા પ્રમાણે અનંત ભાંગાઓ જ થાય. ઓછા નહિ. પણ કૃષ્ણપરમાણુ – વર્ણ–ગંધ–રસ–સ્પર્શ સાથે કેટલા સંયોગ પામે ? આટલી જ વિવક્ષા પકડીએ તો કૃષ્ણપરમાણુ ચાર વર્ણ + બે ગંધ + પાંચ રસ + અવિરુદ્ધ બે સ્પર્શોના જોડકાઓ...ની સાથે સંયોગ પામે.

હવે આમાં તો સંખ્યાતા જ ભાંગા થાય ને !

પણ 'એકગુણકૃષ્ણત્વાદિ સાથે કેટલા સંયોગ પામે ?' આવી વિવક્ષા પકડો, તો અનંત ભાંગા થાય. એમ અસંખ્ય જ ભાંગાઓ સંભવે, એવી કોઈ વિવક્ષા પકડે, તો અસંખ્ય જ ભાંગાઓ થાય.)

| સંયુક્ત દ્રવ્ય | | સંયોગ |
|---|---|---|
| એક ગુણકૃષ્ણત્વવાળો કૃષ્ણપરમાણુ | + | નીલાદિ ચાર વર્ણ (કૃષ્ણ વિના)વાળા પરમાણુ સાથે |
| એક ગુણકૃષ્ણત્વવાળો કૃષ્ણપરમાણુ | + | તિક્તાદિ પાંચ રસવાળા સાથે |
| એક ગુણકૃષ્ણત્વવાળો કૃષ્ણપરમાણુ | + | બે ગંધ સાથે |
| એક ગુણકૃષ્ણત્વવાળો કૃષ્ણપરમાણુ | + | અવિરુદ્ધ બે સ્પર્શ સાથે |
| એક ગુણકૃષ્ણત્વવાળો કૃષ્ણપરમાણુ | + | દ્વિગુણકૃષ્ણત્વાદિ સાથે |
| એક ગુણકૃષ્ણત્વવાળો કૃષ્ણપરમાણુ | + | અન્ય પરમાણુઓ |
| એક ગુણકૃષ્ણત્વવાળો કૃષ્ણપરમાણુ | + | દ્વ્યણુકાદિ સ્કન્ધો સાથે |

આ રીતે સંયુક્ત દ્રવ્યનો અન્ય સાથે સંયોગ થવાથી સંયુક્ત સંયોગ થશે.

**एवं वर्णान्तर...** એ જ પ્રમાણે અન્ય વર્ણો, રસો, સ્પર્શો, ગંધો અને સ્વગત = તે–તે વર્ણાદિગત તરતમતાથી યુક્ત એવો પણ પરમાણુ બીજા બધા સંયોગ પામે.

(ઉપર કૃષ્ણપરમાણુ કોની કોની સાથે સંયોગ પામે, એ બતાવી દીધું. એ જ રીતે નીલપરમાણુ, પીતપરમાણુ, રક્તપરમાણુ, શ્વેતપરમાણુ તથા તિક્તપરમાણુ, કટુપરમાણુ, કષાયપરમાણુ, મધુરપરમાણુ, આમ્લપરમાણુ..., સુગંધીપરમાણુ, દુર્ગંધીપરમાણુ, અવિરુદ્ધ સ્પર્શદ્વય યુક્ત પરમાણુ, આ બધા કોની કોની સાથે સંબંધ પામે ? એ વિચારવું.

તથા

ઉપર જે પરમાણુની વાત કરી, એ એકગુણનીલત્વ વગેરેની વાત કરી. એમ દ્વિગુણનીલત્વ, ત્રિગુણનીલત્વ..., એમ નીલત્વ, સુરભિત્વ વગેરેની બીજી બધી તરતમતાવાળા પરમાણુમાં પણ સંયોગ વિચારવો.)

તથા... તથા ઉપર જેમ અનેકાનેક પ્રકારે પરમાણુના સંયોગની વિચારણા કરી. એમ દ્વિપ્રાદેશિક, ત્રિપ્રાદેશિક વગેરે સ્કંધો કોની-કોની સાથે સંયોગ પામે ? એ પણ યથાસંભવ વિચારી લેવું.

---

**यच्च- *'वण्णरसगंधफासा पोग्गलाणं च लक्खणं'*[1] इत्यादिसूत्रेषु वर्णस्यादित्वेन दर्शनेऽपि 'एगरसएगवण्णे'त्ति रसस्य प्रथमत उपादानं तदनानुपूर्व्या अपि व्याख्याङ्गत्वेन गाथाबन्धानुलोम्येन वेति भावनीयम् । सुवर्णादीनां च प्राच्यवर्णिकासंयुक्तानामेव विशिष्टवर्णिकादिभिः संयोगोऽचित्तसंयुक्तकसंयोग उक्तानुसारेण सुज्ञान एवेति निर्युक्तिकृता न व्याख्यात इति गाथार्थः ।।३३।।**

---

**પ્રશ્ન :** 'वण्णरसगंधफासा पुग्गलाणं च लक्खणं' આ જે સૂત્ર છે, એમાં વર્ણ પહેલા છે. તો પછી નિર્યુક્તિગાથામાં एगरस... એમ રસનો ઉલ્લેખ પહેલા શા માટે કર્યો ?

**'एगरसएगवण्णे'त्ति...** ઉત્તર : તમે દર્શાવેલા સૂત્રોમાં વર્ણ પ્રથમ તરીકે દેખાય છે, તેમ છતાં પણ નિર્યુક્તિમાં एगरस... એ પ્રમાણે રસનું પ્રથમ તરીકે ગ્રહણ કરેલું છે... તેનું કારણ એ છે કે 'અનાનુપૂર્વી પણ વ્યાખ્યાનું અંગ છે = એટલે કે અનાનુપૂર્વીથી પણ વ્યાખ્યા કરી શકાય છે.' એ દર્શાવવા માટે રસનું પ્રથમ ઉપાદાન કરેલું છે.

**गाथाबन्धानुलोम्येन...** અથવા તો ગાથામાં જે છંદ બાંધવાનો હોય છે, એ રસનો પ્રથમ ઉલ્લેખ કરવાથી શક્ય બનતો હશે, તેથી ગાથાબંધને અનુકૂળ થાય, એ રીતે રસનું પ્રથમ ઉપાદાન કરેલું છે... એમ વિચારી લેવું.

**પ્રશ્ન :** ૩૨મી ગાથામાં અચિત્તસંયુક્તક સંયોગના બે દૃષ્ટાન્ત આપેલા, પરમાણ્વાદિ અને સુવર્ણાદિ ! નિર્યુક્તિકારે પરમાણ્વાદિ દૃષ્ટાન્તનું વિવરણ કર્યું, પણ સુવર્ણાદિ દૃષ્ટાન્તનું વિવરણ કરેલ નથી, તેવું શા માટે ?

**सुवर्णादीनां च...** ઉત્તર : સુવર્ણાદિ દ્રવ્યો પોતાના જૂના વર્ણાદિથી સંયુક્ત જ હોય છે, અને એવા જ સુવર્ણાદિનો વિશિષ્ટ વર્ણાદિની સાથે સંયોગ થાય છે. અને એ જ અચિત્તસંયુક્તક સંયોગ બને છે. અને એ તો પરમાણ્વાદિમાં બતાવેલી પદ્ધતિ પ્રમાણે સહેલાઈથી જાણી જ શકાય છે. માટે નિર્યુક્તિકારે સુવર્ણાદિ દૃષ્ટાન્તનું વ્યાખ્યાન કરેલું નથી.

---

**अवतरणिका :- दृष्टान्तपूर्वकं सन्ततिकर्मणा जीवस्य मिश्रसंयुक्तकद्रव्यसंयोगं व्यक्तीकर्तुमाह-**

---

અવતરણિકા :- 'જીવનો સંતતિકર્મની સાથે મિશ્રસંયુક્તક દ્રવ્યસંયોગ છે' એ પદાર્થને દૃષ્ટાન્ત બતાવવા પૂર્વક વ્યક્ત કરવાને માટે = સ્પષ્ટ કરવાને માટે કહે છે-

---

**।।निर्यु. गा. ३४।। जह धाऊ कणगाई सभावसंजोगसंजुया हुंति ।**
**इअ संतइकम्मेणं अणाइसंजुत्तओ जीवो ।।३४।।**

**व्याख्या - 'यथा' इत्युदाहरणोपन्यासार्थः, यथा 'धातवः' कनकादियोनिभूता मृदादयः 'कणगाइ'त्ति**

---

1. वर्णगन्धरसस्पर्शाः पुद्गलानां च लक्षणम् ।

सूत्रत्वात्कनकादिभिः, आदिशब्दात्ताम्रादिभिश्च, किमित्याह- स्वभावेन संयोगः-प्रकृतीश्वराद्यर्थान्तर-व्यापारानपेक्षयोपलक्ष्यानुपलक्ष्यरूपो यः सम्बन्धस्तेन संयुता-मिश्रिताः स्वभावसंयोगसंयुताः 'भवन्ति' विद्यन्ते

---

ગાથાર્થ : જેમ ધાતુ (માટી) સુવર્ણાદિ સાથે સ્વાભાવિક સંયોગથી સંયુક્ત છે, એમ જીવ સંતતિકર્મ વડે (સંતતિકર્મ સાથે) અનાદિ સંયોગવાળો છે.

**ટીકાર્થ : यथा...** ગાથામાં જે **यथा** શબ્દ છે, તે ઉદાહરણનો ઉપન્યાસ કરવા માટે છે. (જેમ આપણે બોલીએ કે 'ક્ષમા કરનાર જીવ કૈવલ્ય પામે. દા. ત. કુરગડુ...' અહીં જે દા.ત. મૂકીએ એનાથી વાંચનારને ખ્યાલ આવે કે હવે આગળ એક દૃષ્ટાન્ત બતાવવામાં આવશે. એમ અહીં **यथा** શબ્દ પણ એ જ દર્શાવે છે કે હવે આગળ એક દૃષ્ટાન્ત બતાવશે.., આમ દૃષ્ટાન્તનો ઉપન્યાસ = દૃષ્ટાન્ત મૂકવું... એ દર્શાવવા માટે **यथा** શબ્દ છે.)

ધાતુઓ = સુવર્ણ વગેરેની યોનિભૂત એવી માટી વગેરે... (માટી સુવર્ણની યોનિરૂપ છે, એમાં સુવર્ણ ઉત્પન્ન થાય છે.)

ગાથામાં જે **कणगाई** શબ્દ લખેલો છે, એ પહેલી વિભક્તિ કરી છે, પણ એ સૂત્ર હોવાથી પહેલી કરી છે. એ ત્રીજી વિભક્તિ સમજવાની છે. (ત્રીજી વિભક્તિ જ કરવાની છે, પણ સૂત્રકાર છંદાદિ કારણસર ત્રીજીના સ્થાને પહેલી વિભક્તિ કરી શકે છે...)

**પ્રશ્ન : कणगाई** માં જે **आदि** છે તેનાથી શું લેવું ?

**ઉત્તર : आदि** શબ્દથી તાંબુ વગેરે લેવું.

**પ્રશ્ન :** માટી વગેરે સુવર્ણાદિની સાથે... શું ?

**स्वभावेन संयोगः... ઉત્તર :** એ જ કહે છે કે– માટી વગેરે સુવર્ણાદિની સાથે સ્વભાવસંયોગ સંયુક્તક છે. સ્વભાવથી સંયોગ તે સ્વભાવ સંયોગ!

**પ્રશ્ન :** સ્વભાવથી એટલે શું ?

**ઉત્તર :** પ્રકૃતિ, ઈશ્વર વગેરે બીજા પદાર્થોના વ્યાપારની અપેક્ષા વિના જ તે જે સંયોગ થાય એ સ્વભાવથી સંયોગ કહેવાય.

(આશય એ છે કે સાંખ્યો એમ માને છે કે દરેક કાર્યમાં પ્રકૃતિ નામનો એક પદાર્થ મોટો ભાગ ભજવે છે, એના વ્યાપારથી= એની પ્રવૃત્તિથી = એના પ્રયત્નથી માટી–સુવર્ણ વગેરેનો સંયોગ થાય, એ વિના ન થાય.

ઈશ્વરકર્તૃત્વવાદીઓ એમ માને છે કે દરેક કાર્ય ઈશ્વરના વ્યાપારથી થાય. એટલે કે ઈશ્વરનો પ્રયત્ન = ઈશ્વરનો પુરુષાર્થ = ઈશ્વરની પ્રવૃત્તિ દરેક કાર્યમાં ભાગ ભજવે છે. એ વિના કાર્ય થઈ શકતું નથી.

જૈન દર્શન આ બંનેનો અને આવા બીજા પણ પદાર્થોનો નિષેધ કરીને કહે છે કે આવા અન્ય પદાર્થોના વ્યાપાર વિના જ માટી + સુવર્ણ વગેરેનો સંયોગ થાય છે, અને એ જ સ્વભાવસંયોગ કહેવાય છે)

**પ્રશ્ન :** આ સંબંધ કેવા પ્રકારનો છે ?

**उपलक्ष्यानुपलक्ष्यरूपो... ઉત્તર :** ઉપલક્ષ્ય અને અનુપલક્ષ્ય એમ બે સ્વરૂપવા ો `

(આનો ભાવાર્થ આ પ્રમાણે લાગે છે કે–

પર્વતના પત્થરોનો પરસ્પર કે જમીન ઉપર સહજ રીતે ઉગેલ ઘાસનો જમીન સાથેનો જે સંયોગ સ્પષ્ટ દેખાય– અનુભવાય તે ઉપલક્ષ્ય !

માટી અને સુવર્ણાદિનો જે સંયોગ સ્પષ્ટ ન દેખાય=ન અનુભવાય તે અનુપલક્ષ્ય !

અથવા આવા સ્વભાવ સંયોગના બે દ્રવ્યોમાંથી એક દ્રવ્ય ઉપલક્ષ્ય હોય છે, અને એક દ્રવ્ય અનુપલક્ષ્ય હોય છે. જેમ સુવર્ણ માટીમાં મિશ્રિત હોવાથી અનુપલક્ષ્ય અને માટી પોતે ઉપલક્ષ્ય !

અથવા જેમ દૂધમાં 'દૂધ+પાણી બેય છે.' એમ સામાન્યથી એ બંને ઉપલક્ષ્ય છે = જણાય છે... પરંતુ 'આટલો ભાગ દૂધ + આટલો ભાગ પાણી...' એ રીતે એ દૂધ+પાણી વિશેષથી ઉપલક્ષ્ય નથી, અનુપલક્ષ્ય છે. એમ માટી+સુવર્ણ જ્યારે ખાણમાં હોય, ત્યારે બધા જાણે જ છે કે 'આમાં માટી+સુવર્ણ છે...' આમ એ બેનો સંયોગ આમ ઉપલક્ષ્ય છે = જણાય છે. પણ એ સામાન્યથી જણાય છે. એમાં 'આટલો ભાગ માટી, આટલો ભાગ સુવર્ણ...' એ રીતનો વિશેષથી બોધ તો ન જ થાય. માટે એ સંયોગ એ વિશેષરૂપે અનુપલક્ષ્ય છે. માટે તે उपलक्ष्यानुपलक्ष्य રૂપ છે. આ પ્રમાણે ભાવાર્થ લાગે છે.)

માટી વગેરે ધાતુ સુવર્ણાદિની સાથે આવા સ્વભાવસંયોગથી સંયુક્ત છે = મિશ્ર છે.

---

वृत्ति :- 'इती'त्यमुनैवार्थान्तरनिरपेक्षत्वलक्षणेन प्रकारेण सन्ततिः-उत्तरोत्तरनिरन्तरोत्पत्तिरूपः प्रवाहस्तयोपलक्षितं कर्म-ज्ञानावरणादि सन्ततिकर्म तेन, न विद्यते आदिः-प्राथम्यमस्येत्यनादिः स चेह प्रक्रमात्संयोगस्तेन

---

इअ = इति = જેમ આ સંયોગ બીજા પદાર્થની અપેક્ષા વિના જ થયેલો છે. એટલે કે અર્થાન્તરની નિરપેક્ષતા રૂપ પ્રકાર વડે થયેલો છે, તે જ પ્રમાણે...

જીવ સંતતિકર્મની સાથે અનાદિ સંયુક્તક છે.

**પ્રશ્ન :** સંતતિકર્મ એટલે શું ?

उत्तरोत्तरनिरन्तरेत्पत्तिरूपः... **ઉત્તર :** ઉત્તરોત્તર (આગળ-આગળના સમયમાં) એકપણ સમયના અંતર વિના જે સતત ઉત્પત્તિ થવા રૂપ પ્રવાહ એ જ સંતતિ !, તેના વડે ઉપલક્ષિત = આવા પ્રકારની સંતતિ સ્વરૂપે જ બંધાઈ રહેલું... એવું જે જ્ઞાનાવરણાદિ રૂપ કર્મ એ સંતતિકર્મ !

**પ્રશ્ન :** આવા કર્મની સાથે જીવ अनादिसंयुक्तक છે ? એટલે શું ?

**ઉત્તર :** अनादि = જેની આદિ વિદ્યમાન ન હોય, તે અનાદિ ! આની આદિ વિદ્યમાન નથી, આથી તે અનાદિ !

**પ્રશ્ન :** પણ એ અનાદિ શું ? કઈ વસ્તુ अनादि તરીકે લેવાની છે ?

**ઉત્તર :** પ્રસ્તુતમાં સંયોગની વાત ચાલે છે, એટલે એના આધારે अनादि તરીકે સંયોગ

જીવ સંતતિકર્મની સાથે अनादिसंयोग થી સંયુક્તક છે.

---

वृत्ति :- 'स' मिति '[1]*अण्णोण्णाणुगयाणं इमं च तं चत्ति विभयणमजुत्तं*' इत्यागमाद्विभागाभावतो युक्तः-श्लिष्टोऽनादिसंयुक्तः स एव अनादिसंयुक्तकः, यद्वा-संयोगः- संयुक्तं ततोऽनादि संयुक्तमस्येति अनादिसंयुक्तकः, क इत्याह-जीवति जीविष्यति जीवितवांश्चेति जीवः, मिश्रसंयुक्तकद्रव्यसंयोग इति प्रक्रमः;

---

**પ્રશ્ન :** સંયુક્તક એટલે શું ?

'स'मिति... **ઉત્તર :** 'सम् = વિભાગ દર્શાવી ન શકાય, એ રીતે = વિભાગના અભાવથી' આ सम् શબ્દનો અર્થ છે.

---

1. अन्योऽन्यानुगतयोरिदं च तच्चेति विभजनमयुक्तम् ।

**પ્રશ્ન** : જીવ સંતતિકર્મ સાથે અનાદિસંયોગ વડે વિભાગના અભાવથી યુક્ત = જોડાયેલો છે, એવું તમે કહો છો. પણ અહીં વિભાગનો અભાવ શી રીતે કહેવાય. જીવ અને કર્મ બે અલગ–અલગ તો છે જ, માટે એમાં વિભાગ છે જ, તો પછી એનો અભાવ શી રીતે કહેવાય ?

**ઉત્તર** : એવો આગમ પાઠ છે કે જે બે પદાર્થ એકબીજામાં પરસ્પર એકમેક થઈને રહ્યા હોય એ બે પદાર્થમાં આવો વિભાગ કરવો યોગ્ય નથી કે 'આ અમુક પદાર્થ, અને આ તે = બીજો પદાર્થ...' (દા. ત. દૂધ અને પાણી બંને એકબીજામાં એકમેક થઈને રહેલા છે, એટલે જ આપણે દૂધમાં આવો વ્યવહાર કરી શકતા જ નથી કે આ દૂધમાં આ ભાગ દૂધ છે, અને આ ભાગ પાણી છે... હા ! ખબર છે, છતાં એવો વિભાગ કરતા નથી. એ આગમ પાઠ અહીં ઉપયોગી થાય છે. જીવ અને કર્મ બે સંપૂર્ણ અલગ છે. એ વાત સાચી હોવા છતાં પણ જીવ અને કર્મ બંને પરસ્પર એકબીજામાં એવી રીતે એકમેક થઈ ગયા છે કે આમાં આ જીવ, અને આ કર્મ... એ રીતે એ બેનો વિભાગ દર્શાવવો શક્ય નથી, યોગ્ય નથી. માટે અહીં જીવ સંતતિકર્મ સાથે અનાદિસંયોગથી જે જોડાયો છે તે આ રીતે सम् = વિભાગાભાવથી જોડાયેલો છે.

હા ! દૂધમાં તેલ નાંખો, તો દૂધ + તેલ પણ જોડાયા તો ખરાં, પણ એ બે વિભાગથી જ જોડાયેલા છે. કારણ કે ત્યાં એવો વ્યવહાર થઈ શકે છે. 'આ ભાગ દૂધ છે અને આ તેલ છે.' પણ અહીં એ રીતે વિભાગથી જોડાયેલ નથી. માટે દૂધ + તેલનો સંબંધ એ વિભાગને યોગ્ય કહેવાય.

કર્મ + આત્મા सम् = વિભાગાભાવથી युक्त = જોડાયેલો છે.

આખો શબ્દ બન્યો, अनादिना सं + युक्त = अनादिसंयुक्त... આને સ્વાર્થમાં क લાગ્યો છે, એટલે अनादिसंयुक्त એ જ अनादिसंयुक्तक ગણાશે.

**यद्वा...** અથવા संयुक्त શબ્દમાં 'त' ભાવ અર્થમાં લેવો, એટલે संयुक्त = સંયોગ (નહિ કે જોડાયેલા...) પછી આ સમાસ કરવો કે अनादि છે संयुक्त = સંયોગ આનો, આથી એ જીવ अनादिसंयुक्तक છે. અહીં क બહુવ્રીહિનો `

**क इत्याह...** **પ્રશ્ન** : પણ આવો अनादिसंयुक्तक કોણ છે ?

**ઉત્તર** : જીવ !, જે જીવે છે, જીવશે અને જીવ્યો... તે જીવ !

પ્રસ્તુતમાં મિશ્રસંયુક્તકદ્રવ્યસંયોગની વાત ચાલે છે, એટલે આ પ્રમાણે અર્થ કરવો કે– સંતતિકર્મની સાથે અનાદિસંયોગથી સંયુક્ત જીવ એ મિશ્રસંયુક્તકદ્રવ્યસંયોગ છે.

(આખો ભાવાર્થ ટૂંકમાં આ પ્રમાણે – इअ = ઈશ્વરાદિ બીજા પદાર્થોના વ્યાપારની અપેક્ષા વિના.

संतइकम्मेणं = આગળ–આગળના સમયમાં, એકપણ સમયના અંતર વિના ઉત્પન્ન થનારા એવા કર્મની સા`

अणाइ = જે સંયોગનો પ્રારંભ નથી, એવા સંયોગથી

सम् = જીવ+કર્મનો વિભાગ પાડી શકાય એમ નથી. કારણકે બંને દૂધ + પાણીની જેમ એકમેક છે, એટલે એ વિભાગ–અભાવથી

युक्तकः = જોડાયેલો

जीवो = જીવ એ मिश्रसंयुक्तकद्रव्यसंयोग છે.)

---

वृत्ति :- इदमुक्तं भवति-जीवा ह्यनन्तकर्माणुवर्गणाभिरावेष्टितप्रवेष्टितोऽपि न स्वरूपं चैतन्यमतिवर्तते, न चाचैतन्यं कर्माणव इति तद्युक्ततया विवक्ष्यमाणोऽसौ संयुक्तकमिश्रद्रव्यम्, ततोऽस्य

कर्मप्रदेशान्तरैः संयोगो मिश्रसंयुक्तकद्रव्यसंयोग उच्यते, इह च जीवकर्मणोरनादिसंयोगस्य धातुकनकादि-संयोगदृष्टान्तद्वारेणाभिधानं तद्वदेवानादित्वेऽप्युपायतो जीवकर्मसंयोगस्याभावख्यापनार्थम्, अन्यथा मुक्त्यनुष्ठानवैफल्यापत्तेरिति भावनीयमिति गाथार्थः ।।३४।।

---

इदमुक्तं भवति... અહીં કહેવાનો ભાવાર્થ એ છે કે- જીવો ખરેખર અનંત કર્માણુવર્ગણાઓ વડે ચારેબાજુથી વીંટળાયેલા છે, પ્રકર્ષથી= એકમેક થાય એ રીતે વીંટળાયેલા છે, છતાં પણ તેઓ પોતાના સ્વભાવસ્વરૂપ ચૈતન્યને = જીવત્વને ઓળંગતા નથી, એટલે કે જીવો અજીવ બની જતા નથી. એમ કર્માણુઓ સ્વભાવ સ્વરૂપ અચૈતન્યને ઓળંગતાં નથી. એટલે કે અજીવ કર્માણુઓ જીવ બની જતા નથી.

इति तद्युक्ततया... એટલે જ્યારે આ જીવ તે કર્માણુઓથી યુક્ત તરીકે વિવક્ષા કરાય, એટલે કે જ્યારે એવો વ્યવહાર કરાય કે 'આ જીવ કર્માણુઓથી સંયુક્ત છે' ત્યારે એ જીવ સંયુક્તક-મિશ્રદ્રવ્ય ગણાય. હવે ત્યાર બાદ આવા જીવનો બીજા કર્મપ્રદેશો સાથે સંયોગ થાય, ત્યારે એ મિશ્રસંયુક્તકદ્રવ્યસંયોગ કહેવાય.

કર્મોથી મિશ્ર એવા આત્મદ્રવ્યનો નવા કર્મપ્રદેશો સાથેનો સંયોગ એ મિશ્રસંયુક્તકદ્રવ્યસંયોગ કહેવાય.

**પ્રશ્ન :** આ સંયોગનું વર્ણન કર્યું એ તો બરાબર, પણ એના માટે ધાતુ–સુવર્ણાદિનું દૃષ્ટાન્ત આપવાની શી જરૂર છે ? એ દૃષ્ટાન્ત વિના પણ આ સંયોગનું વર્ણન કરી શકાત ને ?

इह च... **ઉત્તર :** આ ગાથામાં જીવ અને કર્મના અનાદિ સંયોગનું અભિધાન = નિરૂપણ ધાતુ–સુવર્ણાદિના સંયોગના દૃષ્ટાન્ત દ્વારા કર્યું છે, તે એવું દર્શાવવા માટે છે કે- જેમ ધાતુ–સુવર્ણાદિનો સંયોગ અનાદિ હોવા છતાં પણ એનો ઉપાયથી અભાવ થાય છે, ધાતુ અને સુવર્ણ સંપૂર્ણ છૂટા પડી શકે છે. એની જેમ જ જીવ અને કર્મનો સંયોગ અનાદિ હોવા છતાં પણ ઉપાય દ્વારા તેનો અભાવ થઈ શકે છે.

(સામાન્યથી બધા એમ માને કે જે અનાદિ હોય, તેનો અંત ન હોય, એટલે જ જો જીવ–કર્મ સંયોગ અનાદિ બતાવીએ, તો બધા એમ જ માની લે કે- 'એનો અન્ત નહિ થાય.' જો આવું માની લે, તો બધા એ માટેનો પ્રયત્ન કરતા અટકી જાય. અર્થાત્ રત્નત્રયીનો ઉદ્યમ બધા ેડી દે, કરે જ નહિ.

આવું ન થાય, એ માટે ધાતુ–કનકાદિનું દૃષ્ટાન્ત દ્વારા જીવકર્મના અનાદિસંયોગનું નિરૂપણ કર્યું છે.

એટલે જેમ ધાતુ કનકાદિ સાથે અનાદિસંયુક્ત છે, એમ આત્મા કર્મ સાથે અનાદિસંયુક્ત છે...

પણ જેમ ધાતુ કનકાદિ સાથે અનાદિસંયુક્ત હોવા છતાં પણ અગ્નિ–પાક વગેરે ઉપાયો દ્વારા એનાથી છૂટી પડે છે...

એ જ પ્રમાણે (तद्वदेव) આત્મા કર્મ સાથે અનાદિસંયુક્ત હોવા છતાં પણ રત્નત્રયી રૂપી ઉપાય દ્વારા એનાથી છૂટો પડી શકે છે.)

**પ્રશ્ન :** પણ જીવકર્મના સંયોગનો અભાવ ન માનીએ તો શું વાંધો ?

अन्यथा... **ઉત્તર :** અન્યથા = જો એ સંયોગ અનંત જ રહે, તેનો અભાવ ન જ થાય, તો તો મોક્ષ માટેના બધા જ અનુષ્ઠાનો નિષ્ફળ થવાની આપત્તિ આવે. એ અનુષ્ઠાનો મોક્ષ માટે છે = કર્મસંયોગના અભાવ માટે છે. હવે જો એ જ ન થાય, તો પછી એ બધા જ અનુષ્ઠાન નિષ્ફળ જાય એ આપત્તિ આવે જ, માટે આવું ન માની શકાય.

---

अवतरणिका :- उक्तः संयुक्तकसंयोगः, इतरेतरसंयोगमाह -

---

અવતરણિકા :- સંયુક્તક સંયોગ કહેવાઈ ગયો... હવે ઈતરેતર સંયોગને કહે છે-

॥निर्यु. गा. ३५॥ इयरेयरसंजोगो परमाणूणं तहा पएसाणं ।
अभिपेयमणभिपेओ अभिलावो चेव संबंधो ॥३५॥

व्याख्या - इतरेतरस्य-परस्परस्य संयोगो-घटना इतरेतरसंयोगः 'परमाणूनाम्' उक्तरूपाणां, तथा प्रकर्षेण-सूक्ष्मातिशयलक्षणेन दिश्यन्ते-कथ्यन्त इति प्रदेशाः-धर्मास्तिकायादिसम्बन्धिनो निर्विभागा भागास्तेषाम्, 'अभिपेयं' ति प्राकृतत्वादभिप्रेतः, इतरेतरसंयोग इति योज्यते, एवमुत्तरत्रापि, अभिप्रेतत्वं चास्याभिप्रेतविषयत्वाद्,

---

ગાથાર્થ : (૧) પરમાણુઓનો પરસ્પર સંયોગ તથા (૨) પ્રદેશોનો (ધર્માસ્તિકાયાદિના પ્રદેશોના) પરસ્પર સંયોગ, (૩) અભિપ્રેત સંયોગ, (૪) અનભિપ્રેત સંયોગ અને (૫) અભિલાપ સંયોગ (૬) સંબંધસંયોગ. આ ઈતરેતર સંયોગ ે

**ટીકાર્થ :** इतरेतरस्य... ઈતરેતરનો = પરસ્પરનો, સંયોગ = ઘટના = સંબંધ, તે ઈતરેતરસંયોગ...

(એ કોનો ગણવાનો ? એ દર્શાવે છે કે-)

**(૧) પરમાણુ ઈતરેતરસંયોગઃ-** પૂર્વે જેનું રૂપ=લક્ષણ કહી ગયા છીએ એવા પરમાણુઓનો પરસ્પર સંયોગ... તથા

**(૨) પ્રદેશ ઈતરેતરસંયોગ :-** પ્રદેશોનો પરસ્પર સંયોગ...

**પ્રશ્ન :** પ્રદેશ એટલે શું ?

**ઉત્તર :** प्रकर्षेण दिश्यन्ते इति प्रदेशाः

પ્રકર્ષથી = સૂક્ષ્મમાં સૌથી સૂક્ષ્મ તરીકે એટલે કે સૂક્ષ્મતાની દૃષ્ટિએ સૌથી સૂક્ષ્મ... એ રીતે જે दिश्यन्ते = कथ्यन्ते = કહેવાય છે તે પ્રદેશ ! અહીં પ્રદેશ = ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરેના સંબંધી નિર્વિભાગ (જેના ફરી બે ભાગ ન કરી શકાય) ભાગો લેવાના. તે પ્રદેશોનો પરસ્પર સંબંધ એ પણ ઈતરેતર સંયોગ છે.

**(૩) અભિપ્રેત ઈતરેતરસંયોગ !**

ગાથામાં अभिपेयं છે, એ પ્રાકૃત હોવાથી છે. સમજવાનું છે अभिप्रेतः ।

ઈતરેતરસંયોગ શબ્દ આની સાથે જોડવાનો છે. એમ આગળ પણ સમજી લેવું. (અનભિપ્રેત તથા અભિલાપ શબ્દ સાથે પણ...)

**પ્રશ્ન :** આ સંયોગ અભિપ્રેત કેમ છે ?

**ઉત્તર :** કારણ કે આ સંયોગ અભિપ્રેત=ઈષ્ટ વિષયવા ો ે

(મનગમતા વિષયોનો જે સંયોગ થાય, તે અભિપ્રેત સંયોગ ! દા. ત. દૂધ + ખાંડનો... દાળ + ભાતનો... રોટલી + રસનો... વગેરે.)

---

वृत्ति :- एतद्विपरीतोऽनभिप्रेतः, अभिलप्यते-आभिमुख्येन व्यक्तमुच्यतेऽनेनार्थ इत्यभिलापो-वाचकः शब्दस्तद्विषयत्वात् अभिलापः, चः समुच्चये, 'एवः' अवधारणे, सम्बन्धशब्दानन्तरं चैतौ योज्यौ, ततः सम्बन्धनं-सम्बन्धः, स चैवं स्वस्वामित्वादिरनेकधा वक्ष्यमाणः, एतावद्भेद एवायमितरेतरसंयोग इति चावधारणस्यार्थ इति गाथासमासार्थः ॥३५॥

---

**(૪) અનભિપ્રેત ઈતરેતરસંયોગ :-** એનાથી વિપરીત.

(અણગમતા વિષયોનો જે સંયોગ થાય, તે અનભિપ્રેત સંયોગ ! દા. ત. દૂધમાં તેલ પડે...)

(૫) અભિલાપ ઈતરેતરસંયોગ :- अभि = અભિમુખતાથી लप्यते = વ્યક્તપણે કહેવાય છે = નિરૂપણ કરાય છે, પદાર્થ જેના વડે તે અભિલાપ ! એટલે કે વાચક શબ્દ !

(ઘટ શબ્દ ઘટપદાર્થને દર્શાવે છે = જણાવે છે, તેથી ઘટ શબ્દ એ અભિલાપ કહેવાય.)

**પ્રશ્ન :** અભિલાપ એટલે 'ઘટ' વગેરે વાચક શબ્દો, એ વાત તો બેસી ગઈ, પણ આ સંયોગને અભિલાપ સાથે શું લેવા-દેવા ? વળી, આ સંયોગનું નામ પણ 'અભિલાપસંયોગ' એમ કેમ રાખ્યું ?

**ઉત્તર :** આ સંયોગમાં શબ્દ અને પદાર્થ વચ્ચે અમે વાચ્ય-વાચકભાવનો સંબંધ બતાવવાના છીએ. એટલે આ સંયોગનો વિષય બન્યો અભિલાપ = શબ્દ, માટે આ સંયોગનું નામ પણ અમે 'અભિલાપ સંયોગ' જ રાખ્યું છે. અર્થાત્ અહિં વિષય = અભિલાપ અને વિષયી = સંયોગ વચ્ચે અભેદ ઉપચાર કરાયો છે.

ચેવ માં च સમુચ્ચયમાં છે, एव અવધારણમાં છે, અને આ બંને શબ્દ 'संबंधो' પછી તરત જ જોડવાના છે. ત્યારબાદ

(૬) સમ્બન્ધ ઈતરેતરસંયોગ :- संबंधनं = સંબંધ... અને તે સંબંધ ઈતરેતરસંયોગ આ પ્રમાણે સ્વ-સ્વામિત્વાદિ અનેક પ્રકારનો છે, જે આગળ કહેવાશે.

**પ્રશ્ન :** પણ અવધારણનો અર્થ તો બાકી જ છે ?

**ઉત્તર :** આટલા ભેદવાળો જ ઈતરેતરસંયોગ છે. આ પ્રમાણે અવધારણનો અર્થ છે. (च તો છ ભેદના સમુચ્ચય માટે છે જ...) આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ કહ્યો.

(આ દ્વારગાથા છે. ઈતરેતર સંયોગના કુલ ૬ ભેદ બતાવ્યા. આનું વિસ્તારથી વર્ણન આ પ્રથમ મૂળ ગાથાના અંત સુધી લગભગ ચાલશે... એટલે આ ૩૫મી ગાથા પણ ધ્યાનમાં રાખવી.)

---

अवतरणिका :- परमाणूनां संयोगमाह -

---

અવતરણિકા :- પરમાણુઓના સંયોગને કહે છે -

---

**॥निर्यु. गा. ३६॥ दुविहो परमाणूणं हवइ य संठाणखंधओ चेव ।**
**संठाणे पंचविहो दुविहो पुण होइ खंधेसुं ॥३६॥**

व्याख्या - द्वौ विधौ प्रकारावस्येति द्विविधः-द्विभेदः, कोऽसौ !-'परमाणूनाम्' इति परमाणुसम्बन्धी, प्रक्रमादितरेतरसंयोगो भवति, 'चः' पूरणे, कथं द्विविध इत्याह-'संठाणखंधतो'त्ति संतिष्ठतेऽनेन रूपेण पुद्गलात्मकं वस्त्विति संस्थानम्-आकारविशेषः ततस्तमाश्रित्य, 'स्कन्धतः' स्कन्धमाश्रित्य, चः समुच्चये, 'एवः' भेदावधारणे । द्विविधस्यापि प्रत्येकं भेदानाह-'संस्थाने' संस्थानविषयः *'पञ्चविधः'* पञ्चप्रकारः 'द्विविधः' द्विप्रकारः, पुनःशब्दो वाक्यान्तरोपन्यासे भवति 'स्कन्धेषु' स्कन्धविषय इति गाथार्थः ।।३६।।

---

ગાથાર્થ : પરમાણુઓનો બે પ્રકારનો સંયોગ છે. (૧) સંસ્થાનથી, (૨) સ્કંધથી. સંસ્થાનમાં પાંચ પ્રકારનો છે. સ્કંધોમાં બે પ્રકારનો છે.

**ટીકાર્થ :** બે છે પ્રકાર જેના એ द्विविधः એટલે કે બે ભેદવાળો !

**પ્રશ્ન :** કોણ બે ભેદવાળો છે ?

**ઉત્તર :** પરમાણુઓનો બે ભેદવાળો છે એટલે કે પરમાણુઓના સંબંધી બે ભેદવાળો છે.

પ્રશ્ન : પણ પરમાણુઓ સંબંધી કોણ બે ભેદવાળો છે ?

ઉત્તર : પ્રસ્તુત વિષય પરથી સમજી લેવાનું કે પરમાણુ સંબંધી ઈતરેતરસંયોગ બે પ્રકારનો છે.

चः પૂરણ અર્થમાં છે. (છંદ બેસાડવા માટે એકાદ અક્ષર ઘટતો હોય, તો એ પૂરવા માટે च છે.)

પ્રશ્ન : બે પ્રકાર કેવી રીતે છે ?

ઉત્તર : સંસ્થાનથી અને સ્કંધથી...

संस्थान = પુદ્ગલાત્મક વસ્તુ જે રૂપે (=જે આકારથી) संतिष्ठते = સારી રીતે રહે તે. (વ્યુત્પત્તિ-અર્થ) એટલે કે વિશેષ પ્રકારનો આકાર ! (રૂઢિ-અર્થ). તેને આશ્રયીને ઈતરેતરસંયોગ પરમાણુઓનો થાય.

સ્કંધ = સ્કંધને આશ્રયીને ઈતરેતરસંયોગ પરમાણુઓનો થાય.

च સમુચ્ચયમાં છે एव ભેદનું અવધારણ કરવામાં છે. એટલે કે આટલા જ ભેદ છે.

આ બંનેયના પેટા ભેદોને બતાવે છે.

संस्थाने = સંસ્થાન જેનો વિષય બને, એવો સંયોગ પાંચ પ્રકારનો છે.

स्कन्धेषु = સ્કંધ જેનો વિષય બને, એવો સંયોગ બે પ્રકારનો છે.

(અહીં બંને જગ્યાએ સાતમી વિભક્તિ વિષય અર્થમાં લીધી છે.)

पुनः શબ્દ બીજા વાક્યનો ઉપન્યાસ કરવાના અર્થમાં છે. (संस्थाने पंचविधः આ એક વાક્ય થઈ ગયું. હવે स्कन्धेषु द्विविधः... એમ બીજુ વાક્ય મૂકવાનું છે, પણ એ માટે પુનઃ શબ્દ જરૂરી છે. એ રીતે જ એ બીજા વાક્યનો ઉપન્યાસ બરાબર સંગત થાય. ભાષા પ્રમાણે એ રીતની જ રજુઆત સ્પષ્ટ રહે.)

---

अवतरणिका :- इह च संस्थानस्कन्धभेदद्वारक एवायमितरेतरसंयोगभेद इति तदभिधानमुचितम्, तत्र 'यथोद्देशं निर्देश' इति न्यायतः संस्थानभेदाभिधानप्रस्तावेऽप्यल्पवक्तव्यत्वात् स्कन्धभेदं हेतुभेदद्वारेणाह-

---

અવતરણિકા :- આ પરમાણુઓનો ઈતરેતરસંયોગરૂપ સૌ પ્રથમ ઈતરેતરસંયોગનો ભેદ દર્શાવાય છે. એના મુખ્ય ભેદ સંસ્થાનથી અને સ્કંધથી બતાવ્યા છે.

इह च... હવે અહીં આ જે ઈતરેતરસંયોગ છે, એ સંસ્થાનના પેટા ભેદો દ્વારા અને સ્કંધના પેટા ભેદો દ્વારા જ છે... એ વિના નહિ. એટલે સૌ પ્રથમ તો સંસ્થાનના અને સ્કંધના પેટા ભેદોનું નિરૂપણ કરવું ઉચિત છે.

તેમાં – ' ોદ્દેશં निर्देशः' એ પ્રમાણે ન્યાય હોવાથી આમ તો ૈથી પહેલા સંસ્થાનના ભેદોનું નિરૂપણ કરવાનો જ પ્રસ્તાવ=અવસર છે.

છતાં સ્કંધના ભેદોમાં ઓછું કહેવા જેવું છે. (એમાં વધારે નથી... એટલે એ જલ્દી પૂરું થઈ જાય) તેથી સૌ પ્રથમ સ્કંધના ભેદોને એના કારણોના ભેદ વડે બતાવે છે.

---

॥निर्यु. गा. ३७॥ परमाणुपुग्गला खलु दुन्नि व बहुगा य संहता संता ।
निव्वत्तयंति खंधं तं संठाणं अणित्थंत्थं ॥३७॥

व्याख्या - परमाणुपुद्गलौ खलु द्वौ वा बहव एव बहुकाः-त्रिप्रभृतयः, ते च परमाणुपुद्गलाः

'संहताः' एकपिण्डतामापन्नाः सन्तो 'निर्वर्तयन्ति' जनयन्ति, किमित्याह- 'स्कन्धं' द्व्यणुकादिकम्, अनेन च द्विपरमाणुजन्यतया बहुपरमाणुजन्यत्वेन च स्कन्धस्य द्विभेदत्वमुक्तम्, खलुशब्दोऽत्र विशेषं द्योतयति, स चायम्-इह रूक्षः स्निग्धो वा एकगुणः सम्बध्यमानो द्विगुणाधिकेनैव स्वस्वरूपापेक्षया सम्बध्यते, न तु समगुणेनैकगुणाधिकेन वा,

---

ગાથાર્થ : બે કે ઘણા પરમાણુ પુદ્‌ગલો જોડાયેલા છતાં સ્કંધને બનાવે છે. તેનું સંસ્થાન અનિત્થંસ્થ છે.

ટીકાર્થ : બે પરમાણુ સંહત બને = એકપિંડપણાને પામે, ત્યારે તે દ્વ્યણુક સ્કંધને બનાવે છે. જ્યારે ઘણા પરમાણુઓ એક પિંડપણાને પામે, ત્યારે તે ત્ર્યણુકાદિ સ્કંધને બનાવે છે.

ગાથામાં बहुकाः શબ્દ છે, તેમાં क સ્વાર્થમાં છે, અર્થાત્ बहवः નો જે અર્થ થાય, बहुकाः નો પણ એ જ અર્થ થાય.

(द्व्यणुकादिकम् લખેલું છે, તેના અર્થ પ્રમાણે ઉપર સ્પષ્ટ કરીને અલગ-અલગ દર્શાવ્યું છે, કે બે પરમાણુથી દ્વ્યણુક... વગેરે.)

अनेन च... આ વાક્ય વડે સ્કંધના બે પ્રકાર બતાવી દીધા. (૧) દ્વિપરમાણુજન્ય સ્કંધો, (૨) બહુપરમાણુજન્ય સ્કંધો.

આ રીતે બે પ્રકાર બતાવી દીધા.

પ્રશ્ન : खलु શબ્દ શેના માટે છે ?

ઉત્તર : खलु શબ્દ અહીં વિશેષ પદાર્થને પ્રકાશિત કરે છે.

स चायम्-... તે વિશેષ પદાર્થ આ છે :- (૧) એકગુણરૂક્ષપરમાણુ જ્યારે (બીજા સાથે) સંબંધ પામતો હોય, ત્યારે સ્વસ્વરૂપની અપેક્ષાએ = રૂક્ષતા રૂપી સ્વસ્પર્શની અપેક્ષાએ જે દ્વિગુણાધિક હોય, તેની સાથે જ સંબંધ પામે.

(૨) એક ગુણ સ્નિગ્ધ પરમાણુ જ્યારે સંબંધ પામતો હોય, ત્યારે સ્વસ્વરૂપની અપેક્ષાએ = સ્નિગ્ધતા રૂપી સ્વસ્પર્શની અપેક્ષાએ જે દ્વિગુણાધિક હોય, તેની સાથે જ સંબંધ પામે. (આનું સ્પષ્ટીકરણ કરશે.)

(રૂક્ષ રૂક્ષસ્પર્શવાળા સાથે, સ્નિગ્ધ સ્નિગ્ધસ્પર્શવાળા સાથે સંબંધ પામે, ત્યારની આ વાત બતાવવી છે. એ માટે स्वस्वरूपापेक्षया લખેલ છે.)

न तु... પરંતુ સમગુણવાળા સાથે કે એકગુણાધિકની સાથે સંબંધ ન પામે.

---

वृत्ति :- किमुक्तं भवति ? एकगुणस्निग्धस्त्रिगुणस्निग्धेन सम्बध्यते त्रिगुणस्निग्धः पञ्चगुणस्निग्धेन पञ्चगुणस्निग्धः सप्तगुणस्निग्धेनेत्यादि, तथा द्विगुणस्निग्धश्चतुर्गुणस्निग्धेन चतुर्गुणस्निग्धः षड्गुणस्निग्धेनेत्यादि, एवमेकगुणरूक्षस्त्रिगुणरूक्षेण त्रिगुणरूक्षः पञ्चगुणरूक्षेणेत्यादि, तथा द्विगुणरूक्षश्चतुर्गुणरूक्षेण चतुर्गुणरूक्षः षड्गुणरूक्षेणेत्यादि, एवं द्विगुणाधिकसम्बन्धो भावनीयः, न त्वेकगुणस्निग्ध एकगुणस्निग्धेन द्विगुणस्निग्धेन वा सम्बध्यते द्विगुणस्निग्धो द्विगुणस्निग्धेन त्रिगुणस्निग्धेन वा यावदनन्तगुणस्निग्धोऽप्यनन्तगुणस्निग्धेन समगुणेनैकगुणाधिकेन वा, एवमेकगुणरूक्ष एकगुणरूक्षेण द्विगुणरूक्षेण वा द्विगुणरूक्षो द्विगुणरूक्षेण त्रिगुणरूक्षेण वा यावदनन्तगुणरूक्षोऽप्यनन्तगुणरूक्षेण समगुणेनैकगुणाधिकेन वेति,

---

किमुक्तं भवति... પ્રશ્ન : તમે શું કહેવા માંગો છો ?

एकगुणस्निग्ध... ઉત્તર : આ પ્રમાણે અહીં ભાવાર્થ છે. (૧) એકગુણ સ્નિગ્ધ ત્રિગુણસ્નિગ્ધની સાથે સંબંધ પામે. (૨)

ત્રિગુણસ્નિગ્ધ પંચગુણસ્નિગ્ધની સાથે સંબંધ પામે. (૩) પંચગુણસ્નિગ્ધ સમગુણસ્નિગ્ધની સાથે સંબંધ પામે... ઈત્યાદિ.

(અહીં ગુણ = ગુણાકાર નહિ, પણ ગુણ = માત્રા = અંશ સમજવો.) તેમ,

(૧) દ્વિગુણસ્નિગ્ધ ચતુર્ગુણસ્નિગ્ધની સાથે સંબંધ પામે.

(૨) ચતુર્ગુણસ્નિગ્ધ ષડ્ગુણસ્નિગ્ધની સાથે સંબંધ પામે... ઈત્યાદિ

एवमेकगुणरूक्ष... એમ (૧) એકગુણરૂક્ષ = ત્રિગુણરૂક્ષની સાથે સંબંધ પામે.

(૨) ત્રિગુણરૂક્ષ = પંચગુણરૂક્ષની સાથે સંબંધ પામે... ઈત્યાદિ. તથા

(૧) દ્વિગુણરૂક્ષ = ચતુર્ગુણરૂક્ષની સાથે સંબંધ પામે.

(૨) ચતુર્ગુણરૂક્ષ ષડ્ગુણરૂક્ષની સાથે સંબંધ પામે... ઈત્યાદિ

આ પ્રમાણે સ્વસ્વરૂપની અપેક્ષાએ દ્વિગુણઅધિકનો સંબંધ વિચારવો. પણ

न त्वेकगुणस्निग्ध... (૧) એકગુણસ્નિગ્ધ એકગુણસ્નિગ્ધ કે દ્વિગુણસ્નિગ્ધની સાથે સંબંધ ન પામે.

(૨) દ્વિગુણસ્નિગ્ધ દ્વિગુણસ્નિગ્ધ કે ત્રિગુણસ્નિગ્ધની સાથે સંબંધ ન પામે.

એમ છેક છેલ્લે... (૩) અનંતગુણસ્નિગ્ધ સમગુણવાળાં એવાં અનંતગુણની સાથે કે એકગુણાધિક એવા અનંતગુણ સ્નિગ્ધની સાથે સંબંધ ન પામે. (અનંત અનંત પ્રકારનું છે, બેગુણના અંતરવાળા, અનંતગુણસ્નિગ્ધ બે પરમાણુ તો પરસ્પર સંબંધ પામી શકે છે.)

एवमेकगुणरूक्ष... એમ

એકગુણરૂક્ષ એકગુણરૂક્ષની સાથે કે દ્વિગુણરૂક્ષની સાથે સંબંધ ન પામે.

દ્વિગુણરૂક્ષ દ્વિગુણરૂક્ષની સાથે કે ત્રિગુણરૂક્ષની સાથે સંબંધ ન પામે. એમ છેક છેલ્લે અનંતગુણરૂક્ષ સમગુણ એવા અનંતગુણરૂક્ષ સાથે કે એકગુણાધિક એવા અનંતગુણરૂક્ષની સાથે સંબંધ ન પામે.

---

**वृत्ति :- अन्ये त्वाहुः- एकगुणादि स्वस्थानापेक्षया द्विगुणेन रूपाधिकेन सम्बध्यत इति, अयमत्र विशेषः खलुशब्देन सूच्यते, तथा चैककस्य स्वस्थानापेक्षया द्विगुणो द्विक एव स च रूपाधिकस्त्रिक एव इति त्रिगुणेनैवैकगुणस्य सम्बन्धः, तथा द्विगुणस्य पञ्चगुणेन त्रिगुणस्य सप्तगुणेन चतुर्गुणस्य नवगुणेन पञ्चगुणस्यैकादशगुणेनेत्यादि,**

---

अन्ये त्वाहुः એકગુણાદિ પુદ્ગલ સ્વસ્થાનની અપેક્ષાએ દ્વિગુણ = બમણા અને રૂપાધિક (૧ અધિક)ની સાથે સંબંધ પામે. (અહીં ગુણ = ગુણાકાર અર્થમાં છે).

अयमत्र विशेषः... ગાથામાં રહેલા 'खलु' શબ્દ વડે અહીં આ વિશેષ સૂચિત કરાય છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

तथा चैककस्य... એકને માટે પોતાના સ્થાનની અપેક્ષાએ બમણો કોણ ? બે જ !

હવે એ બેને રૂપાધિક કરો, એટલે કે એમાં ૧ ઉમેરો. ૨+૧=૩ એટલે એકગુણવાળા પુદ્ગલનો ત્રિગુણવાળાની સાથે જ સંબંધ થાય. (અહીં પાછો ગુણ=અંશ=માત્રા) (પૂર્વમતમાં પણ એકગુણનો ત્રિગુણ સાથે જ સંબંધ હતો. પણ હવે આગળ ઘણો

ફરક પડશે.)

**तथा द्विगुणस्य...** (૧) દ્વિગુણનો પંચગુણ સાથે (૨ X ૨ = ૪ + ૧ = ૫)

(૨) ત્રિગુણનો ાતગુણ સાથે (૩ X ૨ = ૬ + ૧ = ૭)

(૩) ચતુર્ગુણનો નવગુણ સાથે (૪ X ૨ = ૮ + ૧ = ૯)

(૫) પંચગુણનો એકાદશગુણ સાથે (૫ X ૨ = ૧૦ + ૧ = ૧૧)... ઈત્યાદિ

(જે અંકની વિચારણા હોય, એના બમણા કરીને એક ઉમેરવાનો છે. ધારો કે ૫૦ ગુણ સ્નિગ્ધની વિચારણા હોય, તો ૫૦ X ૨ = ૧૦૦ + ૧ = ૧૦૧ ગુણ સ્નિગ્ધની સાથે જ એનો સંબંધ થાય. પૂર્વ મત પ્રમાણે ૫૦ ગુણ સ્નિગ્ધનો ૫૨ ગુણ સ્નિગ્ધ સાથે સંબંધ થઈ શકે છે.)

---

**वृत्ति :- उक्तं च-**

"समनिद्धयाइ बंधो न होइ समलुक्खयावि य न होइ ।[1]
वेमाइनिद्धलुक्खत्तणेण बंधो उ खंधाणं ॥१॥"

**तथा**

"दोण्हं जहण्णगुणाणं निद्धाणं तह य लुक्खदव्वाणं ।[2]
एगाहिएवि य गुणे ण होति बंधस्स परिणामो ॥१॥

णिद्धबिउणाहिएणं बंधो निद्धस्स होइ दव्वस्स ।
लुक्ख बिउणाहिएण य लुक्खस्स समागमं पप्प ॥२॥"

स्निग्धरूक्षपरस्परबन्धविचारणायां तु समगुणयोर्विषमगुणयोर्वा जघन्यवर्जयोर्बन्धपरिणतिरिति विशेषः ।

---

કહ્યું છે કે- (૧) સમાન સ્નિગ્ધતામાં બે સ્નિગ્ધ પુદ્ગલોનો બંધ ન થાય. સમાનરૂક્ષતામાં પણ બે રૂક્ષ પુદ્ગલોનો બંધ ન થાય.

વિમાત્રાવાળી = અલગ-અલગ માત્રાવાળી સ્નિગ્ધતા હોય કે અલગ-અલગ માત્રાવાળી રૂક્ષતા હોય, તો બે સ્નિગ્ધોનો બંધ કે બે રૂક્ષોનો બંધ થાય. ॥૧॥ તથા-

(૨) જઘન્યગુણવાળા બે સ્નિગ્ધોનો કે જઘન્યગુણવાળા બે રૂક્ષ દ્રવ્યોનો બંધનો પરિણામ (સંયોગ) ન થાય. (એકગુણ સ્નિગ્ધનો એકગુણસ્નિગ્ધ સાથે નહિ... ઈત્યાદિ) એકાધિક ગુણ હોય, તો પણ બંધનો પરિણામ નથી થતો. (અર્થાત્ એકગુણ સ્નિગ્ધનો દ્વિગુણ સ્નિગ્ધ સાથે નહિ... ઈત્યાદિ.) ॥૨॥

(૩) સ્નિગ્ધદ્રવ્યનો દ્વિગુણાધિક સ્નિગ્ધની સાથે અને રૂક્ષનો દ્વિગુણાધિક રૂક્ષની સાથે સંપર્કને પામીને (દૂર-દૂર હોય, તો તો બંધ ન જ થાય.) બંધ થાય છે.

---

1. समस्निग्धतया बन्धो न भवति समरूक्षतयाऽपि च न भवति । विमात्रस्निग्धरूक्षत्वेन बन्धस्तु स्कन्धयोः ॥१॥

2. द्वयोर्जघन्यगुणयोः स्निग्धयोस्तथैव रूक्षद्रव्ययोः । एकाधिकेऽपि च गुणे न भवति बन्धस्य परिणामः ॥१॥ स्निग्धेन द्विगुणाधिकेन बन्धः स्निग्धस्य भवति द्रव्यस्य । रूक्षेण द्विगुणाधिकेन च रूक्षस्य समागमं प्राप्य ॥२॥

પ્રશ્ન : સ્નિગ્ધનો રૂક્ષની સાથે બંધ થાય કે નહિ ? એની તો વિચારણા જ નથી કરી.

स्निग्धरूक्षपरस्पर... ઉત્તર : સ્નિગ્ધનો રૂક્ષની સાથે... આ રીતે પરસ્પર બંધની વિચારણા કરીએ, તો એમાં આટલી વિશેષતા છે કે જઘન્યગુણવાળા સ્નિગ્ધ-રૂક્ષનો બંધ ન થાય, એ છોડી દો. એ સિવાય સમગુણવાળા કે વિષમગુણવાળા સ્નિગ્ધ-રૂક્ષનો બંધ થઈ શકે છે.

(દા. ત. એકગુણસ્નિગ્ધ એકગુણરૂક્ષ સાથે બંધ ન પામે.

એકગુણસ્નિગ્ધ દ્વિગુણરૂક્ષ સાથે બંધ પામે.

એકગુણસ્નિગ્ધ ત્રિગુણરૂક્ષ સાથે બંધ પામે.

દ્વિગુણસ્નિગ્ધ દ્વિગુણરૂક્ષ સાથે બંધ પામે.

દ્વિગુણસ્નિગ્ધ ત્રિગુણરૂક્ષ સાથે બંધ પામે.)

આ રીતે તેઓમાં બંધ પરિણામ થઈ શકે છે.

---

वृत्ति :- तथा चाह-

"ब[1]ज्झंति णिद्धलुक्खा विसमगुणा अहव समगुणा जेऽवि ।
वज्जित्तु जहन्नगुणे बज्झंती पोग्गला एवं ॥१॥"

इत्यादि, येन विशेषेण संस्थानात् स्कन्धस्य भेदेनोपादानं तमाविष्कर्तुमाह- 'तं संठाणंति' प्राकृतत्वादेवं पाठः, तस्य-स्कन्धस्य संस्थानम्-आकारस्तत्संस्थानम्, अनेन-हृदि विवर्तमानतया प्रत्यक्षेण परिमण्डलादिना-ऽनन्तरोक्तप्रकारेणेत्थमित्थं तिष्ठति इत्थंस्थं, न तथा अनित्थंस्थम्, अनेन नियतपरिमण्डलाद्यन्यतराकारं संस्थानं शेषोऽनियताऽऽकारस्तु स्कन्ध इत्यनयोर्विशेष इत्युक्तं भवति ।

---

तथा चाह... કહ્યું જ છે કે- સ્નિગ્ધ અને રૂક્ષ પુદ્ગલો જે વિષમગુણવાળા હોય કે જે સમાનગુણવાળા હોય, તે બધા પરસ્પર બંધાય છે. જઘન્યગુણવાળા સ્નિગ્ધ-રૂક્ષને છોડીને પુદ્ગલો આ પ્રમાણે (ઉપર કહ્યા પ્રમાણે) બંધાય છે. ઈત્યાદિ...

येन विशेषेण... ઉપર પરમાણુ ઈતરેતરસંયોગના સંસ્થાન અને સ્કંધ એમ બે ભેદ પાડ્યા છે. એમાં સ્કંધનું સંસ્થાન કરતા અલગથી ગ્રહણ જે વિશેષતાના કારણે કર્યુ છે, તે વિશેષતાને પ્રગટ કરવાને માટે હવે तं संठाणं अणित्थंत्थं પદને કહે છે.

प्राकृतत्वादेवं... ગાથામાં तं संठाणं પાઠ છે, એ પાઠ પ્રાકૃત હોવાથી આ પ્રમાણે સમજવો. બાકી તો तत्संस्थानं એમ એ બે શબ્દો સમાસમાં લેવાના છે.

तस्य संस्थानं = तत्संस्थानम्  (સંસ્થાન = આકાર.)

સ્કંધોનું સંસ્થાન અનિત્થંસ્થ છે. આમાં इत्थंस्थं શબ્દ કેવી રીતે બન્યો ? એ જોઈએ.

इत्थं માં इदं સર્વનામ વપરાયેલ છે. इदं સર્વનામ પ્રત્યક્ષ વસ્તુને દર્શાવવા માટે વપરાય છે. એટલે...

अनेन-हृदि... अनेन = પરિમંડલાદિ આકારો નિર્યુક્તિકારના હૃદયમાં વર્તતા હોવાથી = ઉપયોગમાં હોવાથી એ એમને પ્રત્યક્ષ છે. એટલે એના માટે अनेन પદ વપરાય. આવા પ્રત્યક્ષ એવા પરિમંડલાદિ વડે અનંતરોક્ત પ્રકારથી જે इत्थं

---

1. बध्यन्ते स्निग्धरूक्षा विषमगुणा अथवा समगुणा या अपि । वर्जयित्वा जघन्यगुणौ बध्यन्ते पुद्गला एवम् ॥१॥

इत्थं = આ આ પ્રકારે = પરિમંડલાદિ પ્રકારે જે રહે, તે इत्थंस्थं કહેવાય.

જે આવું ન હોય, તે અનિત્થંસ્થં = એટલે કે જે પરિમંડલાદિ રૂપે ન રહે તે અનિત્થસ્થં !

अनित्थंस्थम्... સાર એ કે - 'સ્કંધનું સંસ્થાન અનિત્થંસ્થ હોય.' એવું કહેવા વડે આ પદાર્થ કહેવાઈ ગયો કે- નિયત = ચોક્કસ પ્રકારના પરિમંડલાદિ આકારોમાંથી કોઈપણ એકાદ આકારવાળું જે હોય, તે **સંસ્થાન** કહેવાય.

એ સિવાયના અનિયત-આકારવાળા પુદ્ગલ તે **સ્કંધ** કહેવાય. સંસ્થાનમાં અને સ્કંધમાં આ વિશેષ ભેદ છે.

(ઈતરેતરસંયોગનો પ્રથમ ભેદ પરમાણુ સંબંધી ઈતરેતરસંયોગ છે. એના બે ભેદ 'સંસ્થાનથી અને સ્કંધથી' એ બતાવ્યા. એમાં પરમાણુઓનો એવો સંબંધ થાય કે જેમાં અનિયત-આકારવાળો સ્કંધ બને, તે સ્કંધથી પરમાણુસંબંધી ઈતરેતરસંયોગ કહ્યો. પરમાણુઓનો એવો સંબંધ થાય કે, જે નિયત-આકારવાળો સ્કંધ બને, તે સંસ્થાનથી પરમાણુસંબંધી ઈતરેતરસંયોગ કહ્યો.)

---

वृत्ति :- आह-स्कन्धानामपि परस्परं बन्धोऽस्ति, यदुक्तम्- ''[1]*एमेव य खंधाणं दुपएसाईण बंधपरिणामो*''त्ति अतः किं न तेषामपीतरेतरसंयोग इहोक्तः ?, उच्यते, उक्त एव, तेषां प्रदेशसद्भावात्, प्रदेशानां च 'इयरेतरसंजोगो परमाणूणं तहा पएसाणं' इत्यनेन तदभिधानादिति गाथार्थः ।।३७।।

---

आह... **પ્રશ્ન** :- જેમ પરમાણુઓનો પરસ્પર બંધ થાય, તેમ દ્વ્યણુક-ત્ર્યણુકાદિ સ્કંધોનો પણ પરસ્પર બંધ થાય છે. જે કારણથી કહ્યું છે કે 'એ જ પ્રમાણે દ્વિપ્રદેશાદિ સ્કંધોનો પણ બંધ પરિણામ થાય છે.' તો પછી સ્કંધોનો પણ ઈતરેતરસંયોગ અહીં શા માટે ન કહ્યો. (માત્ર પરમાણુઓનો જ શા માટે કહ્યો ?)

उक्त एव... ઉત્તર : સ્કંધોનો પણ ઈતરેતરસંયોગ કહી જ દીધો `

**પ્રશ્ન** : ક્યાં કહ્યો ? અમને તો ખબર જ નથી.

ઉત્તર : સ્કંધોને પ્રદેશો હોય કે નહિં ? હોય જ. (તો જ એ સ્કંધ કહેવાય.) અને અમે ઈતરેતરસંયોગના છ ભેદ બતાવ્યા, એમાં પ્રદેશોનો ઈતરેતરસંયોગ એ બીજો ભેદ બતાવેલો જ છે. એટલે એના વડે આ સ્કંધોના ઈતરેતરસંયોગનું નિરૂપણ થઈ જ ગયું છે... એટલે સ્કંધોનો ઈતરેતર સંયોગ उक्तः एव એ વાત બરાબર જ છે.

(ગાથા ૩૫ જૂઓ, એમાં પ્રદેશોનો ઈતરેતરસંયોગ બતાવેલો જ છે. સ્કંધોને પ્રદેશો છે, એટલે સ્કંધોનો સંયોગ એ પ્રદેશોનો ઈતરેતરસંયોગ કહી શકાય છે...)

---

अवतरणिका :- संस्थानभेदानाह-

---

અવતરણિકા :- સંસ્થાનના ભેદોને કહે છે-

---

॥निर्यु. गा. ३८॥ परिमंडले य वट्टे तंसे चउरंसमायए चेव ।
घणपयर पढमवज्जं ओयपएसे य जुम्मे य ॥३८॥

व्याख्या - 'लिङ्गं व्यभिचार्यपी' ति प्राकृतलक्षणात् सर्वत्र लिङ्गव्यत्ययः, ततः परिमण्डलम्, प्रक्रमात् संस्थानमेवमुत्तरत्रापि, तच्च बहिर्वृत्ततावस्थितप्रदेशजनितमन्तःशुषिरम्, यथा वलकस्य, चशब्द उत्तरभेदापेक्षया समुच्चये, वृत्तं तदेवान्तःशुषिरविरहितं यथा कुलालचक्रस्य, त्र्यस्रम्-त्रिकोणम्, यथा शृङ्गाटकस्य, चतुरस्रम्-चतुष्कोणम्, यथा कुम्भिकायाः, आयतम्-दीर्घम्, यथा दण्डस्य,

---

1. एवमेव च स्कन्धानां द्विप्रदेशादीनां बन्धपरिणामः ।

ગાથાર્થ : પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર અને આયત ( આ પાંચ ભેદ છે.) એ બધાના ઘન અને પ્રતર એમ બે બે ભેદ થાય. એ દરેક ભેદ ઓજ–પ્રદેશવાળા (એકી સંખ્યાવાળા પરમાણુથી બનેલા) અને યુગ્મપ્રદેશવાળા (બેકી સંખ્યાવાળા પરમાણુથી બનેલા) એમ બે બે પ્રકારે છે. માત્ર પ્રથમને = પરિમંડલને છોડી દેવું. (એ માત્ર બેકી સંખ્યાવાળા પરમાણુથી જ બને છે..)

ટીકાર્થ :- 'लिङ्गं व्यभिचार्यपी'... પ્રાકૃતમાં નિયમ છે કે 'લિંગ વ્યભિચારી પણ હોય.' એટલે કે એ શબ્દ– આમ નપુંસકાદિ હોય, તોય પ્રાકૃતમાં પુલ્લિંગાદિ રૂપે પણ વપરાયેલો સંભવી શકે છે. એટલે પ્રાકૃતલક્ષણના આધારે અહીં બધે જ લિંગનો વ્યત્યય = ફેરફાર થએલો છે. એટલે કે परिमंडले, वट्टे આ બધામાં પુલ્લિંગ થયેલ છે. પણ હકિકતમાં એ સમજવાનું છે નપુંસકલિંગ !

ततः परिमण्डलम्... તેથી પ્રથમ શબ્દ 'परिमण्डलम्' થશે, परिमण्डलः નહિ. પરિમંડલ એ શું છે ? એ પ્રસ્તુત વિષયના અનુસારે જાણી શકાય છે કે પરિમંડલ એ સંસ્થાન છે. એમ આગળ પણ વૃત્ત, ત્ર્યસ્ર વગેરે બધામાં પણ સંસ્થાન શબ્દ સમજી જ લેવાનો છે.

तच्च... એ પરિમંડલ બહાર ગોળાકાર રૂપે રહેલા એવા પ્રદેશોથી ઉત્પન્ન થયેલું હોય છે, અને અંદરના ભાગમાં પોલાણવાળું હોય છે. જેમકે બંગડીનો આકાર (સંસ્થાન).

परिमंडले य માં જે च છે એ वट्टे વગેરે જે ઉત્તરભેદો બતાવવાના છે, તેની અપેક્ષાએ સમુચ્ચયમાં છે. એટલે કે એ ભેદોનો સંગ્રહ કરવા માટે च છે.

वृत्त એ પરિમંડલ જ સમજવું, પણ આ વૃત્ત અંદર=વચ્ચે પોલાણ વિનાનું હોય છે. જેમ કે કુંભારના ચક્રનું સંસ્થાન!

त्र्यस्र = ત્રિકોણ ! જેમકે શૃંગાટકનું સંસ્થાન ! (ગામ, શહેર વગેરેમાં અમુક સ્થાને જે ત્રિકોણાકારમાં રસ્તાઓ ગોઠવાયા હોય... તે શૃંગાટક કહેવાય છે...)

चतुरस्र = ચતુષ્કોણ ! જેમકે કુંભિકાનું સંસ્થાન ! (એમાં ચાર ખૂણા હોય. દા. ત. પાટના, પાટલાના ચાર ખૂણા હોય ને...) आयत = दीर्घ ! જેમકે દંડનું સંસ્થાન !

---

वृत्ति :- चः पूर्वभेदापेक्षया समुच्चये 'एव' अवधारणे, तत इयत एव संस्थानभेदाः, 'घणपयर'त्ति घनं च प्रतरं च घनप्रतरम्, प्राकृतत्वाद्बिन्दुलोपः, सर्वत्र च प्रतरपूर्वक एव घनः प्ररूप्यते, इहापि तथैवोपदर्शयिष्यते, ततः प्रतरघन इति निर्देशः प्राप्तः, अल्पाक्ष(च्त)रत्वात्तु घनशब्दस्य पूर्वनिपातः, ततश्चैकैकं परिमण्डलादि प्रतरं घनं च, भवतीति गम्यते,

---

चः... आयत પછી જે च શબ્દ છે, એ ચતુરસ્ર વગેરે જે પૂર્વે દર્શાવેલા ભેદો છે, એમની અપેક્ષાએ સમુચ્ચયમાં છે, એટલે કે એમનો સંગ્રહ કરે છે.

(પ્રથમ च શબ્દ પૂર્વભેદ–સમુચ્ચય કરનાર ન હતો, કેમકે ત્યાં તો પરિમંડલની પૂર્વમાં કોઈ ભેદ જ નથી બતાવ્યો. માટે એ ઉત્તરભેદોનો સમુચ્ચાયક ગણ્યો. અને હમણા આવેલો च શબ્દ ઉત્તરભેદ–સમુચ્ચય કરનાર ન બને, કેમકે આયતની ઉત્તરમાં કોઈ ભેદ જ નથી બતાવ્યો. એટલે એ પૂર્વભેદોનો સમુચ્ચયક બને.)

'एव'... एव અવધારણમાં છે તેથી અર્થ આમ થશે કે 'સંસ્થાનના ભેદો આટલા જ છે.' घन-पयर નો સમાસ घनं च प्रतरं च इति...

प्राकृतत्वाद्बिन्दुलोपः... ગાથામાં प्रतर શબ્દ ઉપર બિન્દુ નથી. પ્રાકૃત હોવાથી એમાં બિન્દુનો લોપ થયો છે. બાકી

તો સમાસ બાદ એના ઉપર બિન્દુ આવે જ.

**પ્રશ્ન :** બધે પહેલા પ્રતરનું અને પછી ઘનનું નિરૂપણ કરાય છે, તો અહીં પણ પહેલા પ્રતરનો અને પછી ઘનનો ઉલ્લેખ કરવો જોઈએ ને ? જેથી ક્રમ સચવાય, એને બદલે **घनप्रतरं** એ રીતે ઉલ્લેખ શા માટે કર્યો ?

**सर्वत्र च... ઉત્તર :** બધે પ્રતરપૂર્વક જ ઘનની પ્રરૂપણા કરાય છે. અહીં પણ એ જ પ્રમાણે દેખાડવાના છે. તેથી ખરેખર તો 'પ્રતરઘન' એ પ્રમાણે જ ગાથામાં નિર્દેશ પ્રાપ્ત થાય છે. (કરવો જોઈએ.) પણ બંને વચ્ચે દ્વન્દ્વ સમાસ થયો છે ને ? અને દ્વન્દ્વનો નિયમ છે કે જે શબ્દ અલ્પઅક્ષરવા ો હોય, તે દ્વન્દ્વસમાસમાં પૂર્વમાં આવે, અધિકાક્ષરવાળો શબ્દ પછી આવે. એટલે **घन** શબ્દ **प्रतर** ની અપેક્ષાએ અલ્પઅક્ષરવાળો હોવાથી સમાસમાં એનો પૂર્વમાં નિપાત કરવામાં આવ્યો છે. (પહેલા મૂકવામાં આવ્યો છે.)

**ततश्चैकैकं...** તેથી અર્થ આ પ્રમાણે જ થશે કે– પરિમંડલાદિ દરેકે દરેક સંસ્થાન પ્રતર અને ઘન એમ બે રૂપે થાય છે. અહીં **भवति** ક્રિયાપદ છે નહિ, પણ એ સમજી લેવાનું છે.

---

वृत्ति :- तथा प्रथमम्-आद्यं वर्जयति-त्यजतीति प्रथमवर्जम्-परिमण्डलरहितं वृत्तादिसंस्थान-चतुष्कमित्यर्थः 'ओयपएसे य'त्ति ओजःप्रदेशं च-विषमसङ्ख्यपरमाणुकं 'जुम्मे य' त्ति प्रक्रमाद् युग्मप्रदेशं च, उभयत्र चः समुच्चये । इह च घनप्रतरभेदमेव वृत्तादीत्थं भिद्यते, ततः प्रतरवृत्तमोजःप्रदेशं युग्मप्रदेशं च, तथा घनवृत्तमोजःप्रदेशं युग्मप्रदेशं च, एवं त्र्यस्रादिष्वपि चतुर्विधं भावनीयम्, परिमण्डलं वर्जनीयं च, समसङ्ख्याणुष्वेव तस्य सम्भवेनैवंविधभेदासम्भवात्, तथा च द्विविधमेव परिमण्डलमिति गाथार्थः ।।३८।।

---

**तथा प्रथमम्...** હવે **पढमवज्जं** ઈત્યાદિનો અર્થ કહે છે – પ્રથમ એટલે આદ્ય ! એને જે છોડી દે તે પ્રથમવર્જી ! એટલે કે પરિમંડલ વિનાના વૃત્તાદિ ચાર સંસ્થાન !

**'ओयपएसे य'त्ति...** આ ચાર સંસ્થાનો ઓજઃપ્રદેશ અને યુગ્મપ્રદેશ એમ બેય રીતે હોય છે.

ઓજઃપ્રદેશ એટલે એકી સંખ્યાવાળા પરમાણુ છે જેમાં ! એટલે કે એવા પરમાણુથી બનેલ !

યુગ્મપ્રદેશ એટલે બેકી સંખ્યાવાળા પરમાણુ છે જેમાં ! એટલે કે એવા પરમાણુથી બનેલ !


ગાથામાં **'जुम्मे य'** જ લખેલું છે. **जुम्मपएसे** નથી લખેલું. પણ વિષયને અનુસારે એ સમજી શકાય છે, માટે **युग्मप्रदेशं** સમજી લેવું.

**ओयपएसे य जुम्मे य** આમ બે જગ્યાએ જે **च** વાપર્યો છે, એ બંનેય જગ્યાએ સમુચ્ચય અર્થમાં છે. (એકબીજાનો સંગ્રહ કરનાર છે...)

**इह च...** અહીં ગાથામાં તો વૃત્તાદિ ચાર ઓજઃપ્રદેશવાળા અને યુગ્મપ્રદેશવાળા દર્શાવ્યા છે... પણ હકિકત એ છે કે વૃત્તાદિ ચારેયના પ્રતર અને ઘન એમ બે ભેદ તો છે જ, એટલે આ ભેદવાળા એવા જ વૃત્તાદિના આ પ્રમાણે ઓજઃ અને યુગ્મ એમ ભેદ પડે છે. એકલા વૃત્તાદિના નથી પડતા.

એટલે પ્રતરવૃત્ત ઓજઃપ્રદેશ અને યુગ્મપ્રદેશ છે.

ઘનવૃત્ત ઓજઃપ્રદેશ અને યુગ્મપ્રદેશ છે. આમ વૃત્તમાં ચાર ભેદ થાય.



એમ ત્ર્યસ્ર વગેરેમાં પણ ચાર પ્રકારનું સંસ્થાન વિચારી લેવું. પરિમંડલ = પ્રથમ સંસ્થાન એ છોડી દેવું. (એના ચાર ભેદ ન પાડવા.) કેમકે બેકી સંખ્યાવાળા પરમાણુઓમાં જ પરિમંડલનો સંભવ હોવાથી તેમાં આવા પ્રકારના (ઓજઃ + યુગ્મ) ભેદનો સંભવ નથી.

અર્થાત્ પરિમંડલ પ્રતર અને ઘન એમ બે પ્રકારનું જ થશે. (બંને બેકી સંખ્યાવાળા પરમાણુથી જ બનશે.)

---

अवतरणिका :- इह च परिमण्डलादि प्रत्येकं जघन्यमुत्कृष्टं च, तत्रोत्कृष्टं सर्वमनन्ताणुनिष्पन्नम-सङ्ख्यप्रदेशावगाढं चेत्येकरूपतयाऽनुक्तमपि सम्प्रदायाज्ज्ञातुं शक्यमिति तदुपेक्ष्य जघन्यं तु प्रतिभेदमन्यान्यरूपतया न तथेति तदुपदर्शनार्थमाह-

---

અવતરણિકા :- इह च... અહીં પરિમંડલાદિ દરેક સંસ્થાન ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ બે પ્રકારે છે. તેમાં ઉત્કૃષ્ટ તમામ સંસ્થાન (પરિમંડલ, વૃત્ત વગેરે બધા જ) (૧) અનંત-પરમાણુથી બનેલા હોય છે, અને (૨) અસંખ્ય આકાશપ્રદેશમાં અવગાહીને રહેલા હોય છે.

चेत्येकरूपतयाऽनुक्तमपि... આમ એ બધા જ સંસ્થાનો આ બે સ્વરૂપે એક જ સરખા છે, અને એટલે એ ઉત્કૃષ્ટ સંસ્થાન ન કહેવામાં આવેલું હોય, તો પણ સંપ્રદાયથી=પરંપરાથી જાણવાને માટે શક્ય છે. એટલે.. ઉત્કૃષ્ટ પરિમંડલાદિની ઉપેક્ષા કરીને જઘન્યનું ઉપદર્શન કરવાને માટે કહે છે.

**પ્રશ્ન** : પણ જઘન્યની પણ ઉપેક્ષા કરો ને ? એ કહેવાની પણ શી જરૂર ?

प्रतिभेदमन्यान्यरूपतया... **ઉત્તર** : જઘન્ય તો દરેકે દરેક ભેદમાં અલગ-અલગ સ્વરૂપ છે, એટલે એ એકરૂપ નથી. (અર્થાત્ જઘન્ય પરિમંડલાદિ એ અલગ-અલગ સંખ્યાના પરમાણુથી નિષ્પન્ન છે અને અલગ-અલગ સંખ્યાના આકાશપ્રદેશમાં રહેનારા છે... માટે તેની ઉપેક્ષા કરવી શક્ય નથી. એ સંપ્રદાયથી જાણી શકાય એમ નથી.) એટલે તેને દેખાડવાને માટે કહે છે...

---

**॥निर्यु. गा. ३९॥ पंचग बारसगं खलु सत्तग बत्तीसगं तु वट्टंमि ।**
**तिय छक्कग पणतीसा चत्तारि य हुंति तंसंमि ॥३९॥**

**॥निर्यु. गा. ४०॥ नव चेव तहा चउरो सत्तावीसा य अट्ठ चउरंसे ।**
**तिगदुगपन्नरसेऽवि य छच्चेव य आयए हुंति ॥४०॥**

**॥निर्यु. गा. ४१॥ पणयालीसा बारस छब्भेया आययंमि संठाणे ।**
**वीसा चत्तालीसा परिमंडलि हुंति संठाणे ॥४१॥**

व्याख्या - आसामर्थः स्पष्ट एव, नवरमायते षड्भेदाभिधानमव्यापित्वेन प्रागनुद्दिष्टस्यापि श्रेणिगतभेद-द्वयस्याधिकस्य तत्र सम्भवात्, तथा परिमण्डलादित्वेऽपि संस्थानानां वृत्तादिभेदाना-मोजःप्रदेशप्रतरादीनामनन्तरोद्दिष्टत्वात् प्रत्यासत्तिन्यायेन यथाक्रमं पञ्चकादिभिः प्रथममुपदर्शनम्, पश्चात् परिमण्डलभेदद्वयस्य ।

---

ગાથાર્થ : વૃત્તમાં ૫-૧૨-૭-૩૨ પરમાણુ છે. (એટલે કે પ્રતર ઓજઃપ્રદેશ વૃત્ત, પ્રતર યુગ્મપ્રદેશ વૃત્ત, ઘન ઓજઃપ્રદેશ વૃત્ત, ઘન યુગ્મપ્રદેશ વૃત્ત. આ ચાર વૃત્ત ક્રમશઃ ઉપર દર્શાવેલી સંખ્યાના પરમાણુઓથી બને છે. એમ આગળ પણ આ રીતે સમજવું.)

ત્ર્યસ્રમાં - ૩ - ૬ - ૩૫ - ૪ છે.

ચતુરસ્રમાં – ૯ – ૪ – ૨૭ – ૮ છે.

આયતમાં – ૩ – ૨ – ૧૫ – ૬ છે. આયત સંસ્થાનમાં ૪૫–૧૨ પણ છે. આમ છ ભેદો છે.

પરિમંડલ સંસ્થાનમાં (પ્રતર + ઘનમાં ક્રમશઃ) ૨૦ – ૪૦ પરમાણુઓ છે.

ટીકાર્થ :- [(૧) પ્રતર – ઓજઃ પ્રદેશ વૃત્ત
(૨) પ્રતર – યુગ્મપ્રદેશ વૃત્ત
(૩) ઘન – ઓજઃપ્રદેશ વૃત્ત
(૪) ઘન – યુગ્મપ્રદેશ વૃત્ત
(૫) પ્રતર – ઓજઃપ્રદેશ ત્ર્યસ્ર
(૬) પ્રતર – યુગ્મપ્રદેશ ત્ર્યસ્ર
(૭) ઘન – ઓજઃપ્રદેશ ત્ર્યસ્ર
(૮) ઘન – યુગ્મપ્રદેશ ત્ર્યસ્ર
(૯) પ્રતર – ઓજઃપ્રદેશ ચતુરસ્ર
(૧૦) પ્રતર – યુગ્મપ્રદેશ ચતુરસ્ર
(૧૧) ઘન – ઓજઃપ્રદેશ ચતુરસ્ર
(૧૨) ઘન – યુગ્મપ્રદેશ ચતુરસ્ર
(૧૩) સૂચિ – ઓજઃપ્રદેશ આયત
(૧૪) સૂચિ – યુગ્મપ્રદેશ આયત
(૧૫) પ્રતર – ઓજઃપ્રદેશ આયત
(૧૬) પ્રતર – યુગ્મપ્રદેશ આયત
(૧૭) ઘન – ઓજઃપ્રદેશ આયત
(૧૮) ઘન – યુગ્મપ્રદેશ આયત
(૧૯) પ્રતર – યુગ્મપ્રદેશ પરિમંડલ
(૨૦) ઘન – યુગ્મપ્રદેશ પરિમંડલ.

આ ક્રમથી કુલ ૨૦ સંસ્થાન જોવાના છે.

– માત્ર આયત સંસ્થાનમાં જ સૂચિ + પ્રતર + યુગ્મ એમ ત્રણ ભેદ પડે છે. બાકીનામાં સૂચિ ભેદ ન પડે.

– એક સીધી લીટી એ સૂચિ દા. ત. ——

– આવી ઘણી લીટી બાજુમાં બાજુમાં ગોઠવાઈ જાય એ પ્રતર ! દા. ત. ☰

– આવા ઘણા પ્રતરો ઉપર–ઉપર ગોઠવાઈ જાય એ ઘન ! એ ચિત્રમાં સ્પષ્ટ બતાવવું શક્ય નથી.

હવે આપણે ટીકાના આધારે આ પદાર્થ સમજીએ.]

**आसामर्थः...** આ ત્રણ ગાથાઓનો અર્થ સ્પષ્ટ જ છે. માત્ર એટલું વિશેષ કે આયતમાં છ ભેદોનુ કથન કરેલું છે.

**પ્રશ્ન :** નવા બે ભેદ કયા આવ્યા ?

**नवरमायते... ઉત્તર :** શ્રેણી સંબંધી બે ભેદ આવે છે. **શ્રેણી-ઓજઃપ્રદેશ અને શ્રેણી-યુગ્મપ્રદેશ !** (શ્રેણી = સૂચિ શ્રેણી...)

**પ્રશ્ન :** પણ આવો કોઈ શ્રેણીગત ભેદ પૂર્વે તો બતાવ્યો જ નથી ?

**–मव्यापित्वेन... ઉત્તર :** શ્રેણીગત બે ભેદ અવ્યાપી છે, એટલે કે વૃત્ત, ત્ર્યસ્ર વગેરે બધા સંસ્થાનમાં વ્યાપેલા નથી = બધામાં લાગતા નથી. માત્ર ને માત્ર આયત માં જ લાગે છે. એટલે બે ભેદ પૂર્વે ઉદ્દેશાયેલા નહિ = ઉલ્લેખ કરાયેલા નહિ... પણ એ નહિ ઉલ્લેખ કરાયેલા એવા પણ વધારાના એ બે ભેદનો **આયતમાં** સંભવ છે... તેથી આયતમાં છ ભેદોનું કથન કરેલું છે.

પ્રશ્ન : પરિમંડલ સૌ પ્રથમ દર્શાવેલુ છે, તો અહીં તો પરિમંડલના બે ભેદો છેક છેલ્લે લીધા આવું શા માટે ? આ તો ક્રમનું ઉલ્લંઘન છે.

ઉત્તર : (તથા = એક વાત આયતમાં છ ભેદની કરી, હવે બીજી વાત સ્પષ્ટ કરે છે કે–)

तथा परिमण्डलादित्वेऽपि... સંસ્થાનો પરિમંડલાદિ છે, એટલે કે સંસ્થાનોમાં સૌ પ્રથમ સંસ્થાન પરિમંડલ જ બતાવેલું છે. એટલે કયા સંસ્થાન કેટલા પરમાણુથી બને... ઈત્યાદિ વર્ણનમાં પહેલા પરિમંડલનું જ નિરૂપણ કરવું જોઈએ. પણ વૃત્ત, ત્ર્યસ્ર વગેરેના જે ઓજઃપ્રદેશપ્રતર, યુગ્મપ્રદેશપ્રતર... વગેરે ભેદો છે, એ બધા તો અનન્તર જ કહેવાયા છે.


(ગાથા ૩૮ જૂઓ... परिमंडले य वट्टे... એ રીતે છે. એમાં છેલ્લે લખેલું છે કે ओयपएसे य जुम्मे य આમ પરિમંડલ સૌ પ્રથમ કહેવાયું, પણ એ અનંતર નથી. જ્યારે ओयपएसे... એ અનંતર છે.)


प्रत्यासत्तिन्यायेन... એટલે પ્રત્યાસત્તિન્યાયથી (=જે સૌથી નજીકમાં હોય, એનું નિરૂપણ પહેલા કરવું... આ પણ એક ન્યાય છે... એટલે એ ન્યાયથી).

ઓજઃપ્રદેશાદિ ભેદોનું ૫ – ૧૨ ઈત્યાદિ વડે સૌ પ્રથમ ઉપદર્શન કરાયું, એ પછી છેલ્લે ૨૦ – ૪૦ વડે પરિમંડલના બે ભેદનું ઉપદર્શન કરાયું.

---

वृत्ति :– तत्रौजःप्रदेशप्रतरवृत्तं पञ्चाणुनिष्पन्नं पञ्चाकाशप्रदेशावगाढं च, तत्रैकोऽणुरन्तरेव स्थाप्यते, चतसृषु पूर्वादिदिक्षु चैकैकः, (स्थापना १) युग्मप्रदेशप्रतरवृत्तं द्वादशप्रदेशं द्वादशप्रदेशावगाढं च, तत्र हि चतुर्षु प्रदेशेषु निरन्तरमन्तश्चतुरोऽणून्निधाय तत्परिक्षेपेणाष्टौ स्थाप्यन्ते, (स्थापना २), ओजःप्रदेशं घनवृत्तं सप्तप्रदेशं सप्तप्रदेशावगाढं च, तच्चैवम्–तत्रैव पञ्चप्रदेशे प्रतरवृत्ते मध्यस्थितस्याणोरुपरिष्टा-दधस्ताच्चैकैकोऽणुरवस्थाप्यते, ततो द्वयसहिताः पञ्च सप्त भवन्ति (३), युग्मप्रदेशं घनवृत्तं द्वात्रिंशत्प्रदेशं द्वात्रिंशत्प्रदेशावगाढं च, तत्र प्रतरवृत्तोपदर्शितद्वादशप्रदेशोपरि द्वादशान्ये, तदुपरि चत्वारोऽधस्ताच्च तावन्त एवाणवः स्थाप्याः, एते मीलिता द्वात्रिंशद्भवन्ति (४) ।

(१) 

(२) 

---

તેમાં–

(૧) ઓજઃપ્રદેશ પ્રતર વૃત્ત :- (અ) પાંચ અણુથી નિષ્પન્ન છે. (બ) પાંચ આકાશપ્રદેશમાં રહેલ છે. તેમાં એક અણુ અંદર જ મૂકવાનો. પૂર્વ વગેરે ચાર દિશાઓમાં એક–એક સ્થાપવાનો. આ રીતે ઓજઃપ્રદેશ પ્રતર વૃત્ત થાય. (જઘન્યનું નિરૂપણ ચાલે છે. આગળ બધા માટે આ સમજી જ લેવું.)


(૨) યુગ્મપ્રદેશ પ્રતર વૃત્ત :- બાર પ્રદેશવાળું છે, બાર આકાશપ્રદેશમાં રહેલું છે. તેમાં અંદર ચાર પ્રદેશોમાં નિરંતર ચાર અણુઓને સ્થાપીને તેના પરિક્ષેપથી = તેની ફરતે આઠ પરમાણુ સ્થાપવાના...

(૩) ઓજઃપ્રદેશ ઘન વૃત્ત :- સાત પરમાણુ (પ્રદેશ)વાળું છે, સાત આકાશપ્રદેશમાં રહેલું છે. તે આ પ્રમાણે છે– જે પાંચ પ્રદેશવાળો પ્રતરવૃત્ત બતાવેલો, તેમાં જ વચ્ચે રહેલા અણુની ઉપર અને નીચે એક–એક અણુ મૂકવાનો. તેથી બે અણુથી યુક્ત એ પાંચ અણુ કુલ સાત થાય. અને બની જાય ઓજઃપ્રદેશ ઘનવૃત્ત ! (આ ઘન હોવાથી ચિત્ર નથી દર્શાવ્યું. બુદ્ધિથી વિચારી લેવું.)

**(૪) યુગ્મપ્રદેશ ઘન વૃત્ત :-** બત્રીશ પ્રદેશવાળું અને બત્રીશપ્રદેશાવગાઢ છે. તેમાં પ્રતરવૃત્તમાં દર્શાવેલા જે બાર પ્રદેશો છે, તેમની ઉપર બીજા બાર પ્રદેશો ગોઠવવાના. તેની ઉપર (બરાબર વચ્ચેના ચારની ઉપર) ચાર અને તેની નીચે (બરાબર વચ્ચેના ચારની નીચે) એટલા જ= ચાર જ અણુઓ સ્થાપવા. આ બધા ભેગા કરો, એટલે ૧૨ + ૧૨ + ૪ + ૪ = ૩૨ થાય.

---

वृत्ति :- ओजःप्रदेशं प्रतरत्र्यस्रं त्रिप्रदेशं त्रिप्रदेशावगाढं च, तत्र च तिर्यग्निरन्तरमणुद्वयं विन्यस्याऽऽद्यस्याध एकोऽणुः स्थाप्यः, (स्थापना १) युग्मप्रदेशं प्रतरत्र्यस्रं षट्प्रदेशं षट्प्रदेशावगाढं च, तत्र च तिर्यग्निरन्तरं त्रयोऽणवः स्थाप्यन्ते तत आद्यस्याधस्तादधऊर्ध्वभावेन द्वयं द्वितीयस्य त्वध एकोऽणुः स्थाप्यः, (स्थापना २) ओजःप्रदेशं घनत्र्यस्रं पञ्चत्रिंशत्प्रदेशं पञ्चत्रिंशत्प्रदेशावगाढं च, तत्र च तिर्यग्निरन्तराः पञ्चाणवो न्यस्यन्ते, तेषां चाधोऽधः क्रमेण तिर्यगेव चत्वारस्त्रयो द्वावेकश्चाणुः स्थाप्यन्ते, (स्थापना ३-अ), अस्य च प्रतरस्योपरि सर्वपङ्क्तिष्वन्त्यान्त्यपरमाणुपरिहारेण दश (३-ब), तथैव तेषामुपर्युपरि षट् त्रय एकश्चेति क्रमेणाणवः स्थाप्याः, तेषां स्थापनाः (३-क), एते मीलिताः पञ्चत्रिंशद्भवन्ति,



(१) (२) (३-अ) (३-ब) (३-क) (३) (३)

---

**(૫) ઓજ:પ્રદેશ પ્રતર ત્ર્યસ્ર :-** ત્રિપ્રદેશ અને ત્રિપ્રદેશાવગાઢ છે. તેમાં તિર્છા = આડા નિરંતર બે અણુ મૂકીને, પહેલા અણુની નીચે એક અણુ સ્થાપવો.

**(૬) યુગ્મપ્રદેશ પ્રતર ત્ર્યસ્ર :-** ષટ્પ્રદેશવાળું અને ષટ્પ્રદેશાવગાઢ છે. તેમાં આડા નિરન્તર ત્રણ અણુઓ સ્થાપવા. ત્યારબાદ પહેલા અણુની નીચે અધ:-ઉર્ધ્વભાવથી = ઉપર-નીચે થાય એ રીતે બે અણુ મૂકવો.

બીજા અણુની નીચે એક અણુ મૂકવો.

**(૭) ઓજ:પ્રદેશ ઘન ત્ર્યસ્ર :-** ૩૫ પ્રદેશવાળું, ૩૫ પ્રદેશાવગાઢ છે. તેમાં આડા નિરંતર પાંચ અણુઓ મૂકવા. તેમની નીચે-નીચે ક્રમશઃ આડા જ ૪ - ૩ - ૨ - ૧ અણુ મૂકવા. આ હજી પંદર પરમાણુની પ્રતર બની.

આ પ્રતરની ઉપર તમામ પંક્તિઓમાં (આડી પાંચેય પંક્તિઓમાં) છેલ્લા-છેલ્લા પરમાણુને છોડવા વડે કુલ દસ પરમાણુ મૂકવા. તે જ પ્રમાણે તેની ઉપર-ઉપર ૬ - ૩ - ૧ પરમાણુઓ ક્રમશઃ મૂકવા.

(પહેલી પ્રતર ૧૫ ની બની. બીજી પ્રતર ૧૦ ની બની. એમાં આડી લીટી ચાર જ રહી.

ત્રીજી પ્રતર ૬ ની બનશે, કેમકે ચાર આડી લીટીમાંથી છેલ્લો-છેલ્લો અણુ કાઢી નાંખ્યો. પણ હવે એમાં આડી લીટી ૩ જ રહી.


ચોથી પ્રતર ૩ ની જ બનશે. કેમકે ત્રણેય આડી લીટીમાંથી છેલ્લો-છેલ્લો અણુ કાઢી નાંખ્યો. પણ હવે એમાં આડી લીટી ૨ જ રહી.

પાંચમી પ્રતર ૧ ની જ બનશે. કેમકે બંનેય આડી લીટીમાંથી છેલ્લો-છેલ્લો અણુ કાઢી નાંખ્યો, હવે માત્ર ૧ જ અણુ બાકી રહે...) આ બધા ભેગા કરો, તો ૩૫ થાય...

---

वृत्ति :-युग्मप्रदेशं घनत्र्यस्रं चतुष्प्रदेशं चतुष्प्रदेशावगाढं च, तत्र च प्रतरत्र्यस्र एव त्रिप्रदेशे एकतरस्योपर्येकोऽणुर्दीयते, ततो मीलिताश्चत्वारो भवन्ति । ओजःप्रदेशं प्रतरचतुरस्रं नवप्रदेशं नवप्रदेशावगाढं च, तत्र च तिर्यग्निरन्तरं त्रिप्रदेशास्तिस्रः पङ्क्तयः स्थाप्याः, (स्थापना-१) युग्मप्रदेशं प्रतरचतुरस्रं च

चतुष्प्रदेशं चतुष्प्रदेशावगाढं च, तत्र च तिर्यग्निरन्तरं द्विप्रदेशो द्वे पङ्क्ती स्थाप्येते, (स्थापना-२) ओजःप्रदेशं घनचतुरस्रं सप्तविंशतिप्रदेशं सप्तविंशतिप्रदेशावगाढं च, तत्र च नवप्रदेशस्य प्रतरचतुरस्रस्यैवाध उपरि च तथैव नव नवाणवः स्थाप्याः, ततस्त्रिगुणा नव सप्तविंशतिर्भवति (३), युग्मप्रदेशं घनचतुरस्रं अष्टप्रदेशमष्टप्रदेशावगाढं च, तत्र चतुष्प्रदेशस्य प्रतरस्यैवोपरि चत्वारोऽन्ये स्थाप्याः, ततो द्विगुणाश्चत्वारोऽष्टौ भवन्ति (४) ।



(૧) (૨) (૩) ઉપર (૩) વચ્ચે (૩) નીચે (૪) નીચે (૪) ઉપર

---

**(૮) યુગ્મપ્રદેશ ઘન ત્ર્યસ્ર :-** ચતુષ્પ્રદેશવાળું અને ચતુષ્પ્રદેશાવગાઢ છે. તેમાં જે ત્રણ પ્રદેશવાળું પ્રતર ત્ર્યસ્ર હતું, એમાં જ કોઈપણ એક અણુની ઉપર એક અણુ આપી દેવો. તેથી બધા મળેલા કુલ ચાર થાય.

**(૯) ઓજ:પ્રદેશ પ્રતર ચતુરસ્ર :-** નવપ્રદેશવાળું અને નવપ્રદેશાવગાઢ છે. તેમાં આડી નિરન્તર ત્રણ પ્રદેશવાળી એવી ત્રણ પંક્તિઓ સ્થાપવી. ચિત્ર જુઓ... (આમાં ચાર ખૂણા મળી જાય...)


**(૧૦) યુગ્મપ્રદેશ પ્રતર ચતુરસ્ર :-** ચતુષ્પ્રદેશવાળું અને ચતુષ્પ્રદેશાવગાઢ છે. તેમાં આડી નિરંતર બે પ્રદેશવાળી બે પંક્તિઓ સ્થાપવાની. ચિત્ર જુઓ...

**(૧૧) ઓજ:પ્રદેશ ઘન ચતુરસ્ર :-** ૨૭ પ્રદેશવાળું અને ૨૭ પ્રદેશાવગાઢ છે. તેમાં નવપ્રદેશવાળા પ્રતર ચતુરસ્રની જ નીચે અને ઉપર એ જ પ્રમાણે નવ-નવ અણુઓ સ્થાપવાના. તેથી ૯ X ૩ = ૨૭ થાય.


**(૧૨) યુગ્મપ્રદેશ ઘન ચતુરસ્ર :-** આઠ પ્રદેશવાળું અને આઠ પ્રદેશાવગાઢ છે. તેમાં ચાર પ્રદેશવાળાની પ્રતરની જ ઉપર બીજા ચાર અણુઓ સ્થાપવાના. તેથી ૪ X ૨ = ૮ થાય.

---

वृत्ति :- ओजःप्रदेशं श्रेण्यायतं त्रिप्रदेशं त्रिप्रदेशावगाढं च, तत्र च तिर्यग् निरन्तरास्त्रयोऽणवः स्थाप्याः, (स्थापना-१) युग्मप्रदेशं श्रेण्यायतं द्विप्रदेशं द्विप्रदेशावगाढं च, तत्र च तथैवाणुद्वयं न्यस्यते, (स्थापना-२) ओजःप्रदेशं प्रतरायतं पञ्चदशप्रदेशं पञ्चदशप्रदेशावगाढं च, तत्र प्राग्वत् पङ्क्तित्रये पञ्च पञ्चाणवः स्थाप्याः, (स्थापना-३) युग्मप्रदेशं प्रतरायत षट्प्रदेशं षट्प्रदेशावगाढं च, तत्र च प्राग्वत् पङ्क्तिद्वये त्रयस्त्रयोऽणवः स्थाप्याः, (स्थापना-४) ओजःप्रदेशं घनायतं पञ्चचत्वारिंशत्प्रदेशं पञ्चचत्वारिंश-त्प्रदेशावगाढं च, तत्र पञ्चदशप्रदेशस्य प्रतरायतस्यैवाध उपरि च तथैव पञ्चदश पञ्चदशाणवः स्थाप्याः, ततस्त्रिगुणाः पञ्चदश पञ्चत्वारिंशद्भवन्ति-(५), युग्मप्रदेशं घनायतं द्वादशप्रदेशं द्वादशप्रदेशावगाढं च, तत्र च षट्प्रदेशस्य प्रतरायतस्यैवोपरि तथैव तावन्तोऽणवः स्थाप्याः, ततो द्विगुणाः षट् द्वादश भवन्ति-(६)।



(૧) (૨) ઉપર(૫) વચ્ચે(૫) નીચે (૫)



(૩) (૪) ઉપર (૬) નીચે (૬)

**(૧૩) ઓજ:પ્રદેશ શ્રેણી આયત :-** ત્રિપ્રદેશવાળું અને ત્રિપ્રદેશાવગાઢ છે. તેમાં આડા નિરંતર ત્રણ અણુઓને સ્થાપવા. ચિત્ર જુઓ...

**(૧૪) યુગ્મપ્રદેશ શ્રેણી આયત :-** બે પ્રદેશવાળું અને દ્વિપ્રદેશાવગાઢ છે. તેમાં તે જ પ્રમાણે (આડા નિરંતર) બે અણુ સ્થાપવાના. ચિત્ર જુઓ...

**(૧૫) ઓજ:પ્રદેશ પ્રતર આયત :-** પંદર પ્રદેશવાળું અને પંદર પ્રદેશાવગાઢ છે. તેમાં પૂર્વની જેમ ત્રણ પંક્તિમાં પાંચ–પાંચ અણુઓ સ્થાપવા. (પ્રાग्वत् = આડા નિરંતર). ચિત્ર જુઓ...


**(૧૬) યુગ્મપ્રદેશ પ્રતર આયત :-** છ પ્રદેશવાળું અને છ પ્રદેશાવગાઢ છે. તેમાં પૂર્વની જેમ (= આડા નિરંતર) બે પંક્તિમાં ત્રણ–ત્રણ અણુઓ સ્થાપવા. ચિત્ર જુઓ...

**(૧૭) ઓજ:પ્રદેશ ઘન આયત :-** ૪૫ પ્રદેશવાળું અને ૪૫ પ્રદેશાવગાઢ છે. તેમાં જે પંદર પ્રદેશવાળું પ્રતર–આયત છે, તેની જ નીચે અને ઉપર, તે જ પ્રમાણે પંદર–પંદર અણુઓ સ્થાપવા તેથી ૧૫ X ૩ = ૪૫ અણુઓ થાય.


**(૧૮) યુગ્મપ્રદેશ ઘન આયત :-** બાર પ્રદેશવાળું અને બાર પ્રદેશાવગાઢ છે. તેમાં જે છ પ્રદેશવાળું પ્રતર–આયત છે. તેની જ ઉપર એ જ પ્રમાણે તેટલા અણુઓ સ્થાપવા. તેથી ૬ X ૨ = ૧૨ થાય.

---


वृत्ति :- परिमण्डलमुक्तन्यायतो द्विभेदमेव, तत्र प्रतरपरिमण्डलं विंशतिप्रदेशं विंशतिप्रदेशावगाढं च, तत्र च प्राच्यादिषु चतसृषु दिक्षु चत्वारश्चत्वारो विदिक्षु चैकैकः स्थाप्यः, मीलिताश्चैते विंशतिर्भवन्ति, (स्थापना-१) घनपरिमण्डलं चत्वारिंशत्प्रदेशं चत्वारिंशत्प्रदेशावगाढं च, तत्र च तस्या एव विंशतेरुपरि तथैव विंशतिरन्या स्थाप्यते, विंशतिश्च द्विगुणा चत्वारिंशद्भवन्ति (२) । इत्थं चैषां प्ररूपणमितोऽपि न्यूनदेशतायां यथोक्तसंस्थानासम्भवात्, न चैतान्यतीन्द्रियत्वेनातिशायिगम्यत्वात् सर्वथाऽनुभवमारोपयितुं शक्यन्ते, स्थापनादिद्वारेण च कथञ्चिच्छक्यानीति तथैव दर्शितानीति गाथात्रयभावार्थः ।।३९-४०-४१।।



(૧)



(૨) નીચે



(૨) ઉપર

---

પરિમંડલ પૂર્વે દર્શાવેલા ન્યાયથી બે પ્રકારનું જ છે. તેમાં–

**(૧૯) પ્રતર-પરિમંડલ :-** વીસ પ્રદેશવાળું અને વીસ પ્રદેશાવગાઢ છે. તેમાં પૂર્વ વગેરે ચાર દિશાઓમાં ચાર–ચાર અને વિદિશાઓમાં એક–એક સ્થાપવા. આ બધા ભેગા મળેલા વીસ થાય છે. જુઓ ચિત્ર...

**(૨૦) ઘન-પરિમંડલ :-** ચાલીસ પ્રદેશવાળું અને ચાલીસ પ્રદેશાવગાઢ છે. તેમાં તે જ વીસ પરમાણુની ઉપર તે જ પ્રમાણે બીજા વીસ સ્થાપવા. ૨૦ X ૨ = ૪૦ થાય.

આમ ૨૦ સંસ્થાન જઘન્યસંખ્યાથી કેવી રીતે થાય ? એ દર્શાવ્યા.

**પ્રશ્ન :** તમે તે તે સંસ્થાનમાં જે જઘન્ય સંખ્યા બતાવી છે, તે તો મોટી સંખ્યા લાગે છે, એના કરતા પણ નાની સંખ્યામાં તે તે સંસ્થાન બની શકે, એવું અમને લાગે છે. તો તમે આ સંસ્થાનોની આ જ પ્રમાણે પ્રરૂપણા કરી એ અમને સંગત નથી લાગતી?

**इत्थं चैषां...** ઉત્તર : આ સંસ્થાનોની આ પ્રમાણે = તે તે જઘન્ય સંખ્યાથી પ્રરૂપણા કરી છે. કેમકે આ દર્શાવેલી સંખ્યા કરતા પણ જો ઓછા પ્રદેશો લેવામાં આવે, તો દર્શાવેલા તે તે સંસ્થાનોનો સંભવ જ ન થાય. માટે જેની જે સંખ્યા બતાવી છે. તે બરાબર જ છે.

**પ્રશ્ન** : પણ અમને એની પ્રતીતિ તો થવી જોઈએ ને ? મગજમાં બેસવું તો જોઈએ ને ?

**न चैतान्यतीन्द्रिय–...** ઉત્તર : બીજી વાત એ છે કે – જઘન્યસંખ્યક આ સંસ્થાનો અતીન્દ્રિય છે. (આપણે જે સંસ્થાનો જોઈએ છીએ, એ તો અનંતાણુ નિષ્પન્ન જ છે...)

અતીન્દ્રિય હોવાથી અતિશાયી વડે = અવધિ–કેવલજ્ઞાનાદિવાળા વડે જાણી–જોઈ શકાય એવા છે. તેથી જ સર્વ પ્રકારે=એકદમ સ્પષ્ટ રૂપે = પ્રત્યક્ષની જેમ અનુભવમાં આરોપવાને માટે શક્ય જ નથી.

**स्थापनादिद्वारेण...** હા ! સ્થાપનાદિ દ્વારા = ચિત્ર અને કંઈક સમજણ દ્વારા કોઈક રીતે સમજાવવા = અનુભવમાં આરોપવા શક્ય છે, એટલે એ જ રીતે = સ્થાપનાદિ દ્વારા જ દેખાડાયેલા છે. આ પ્રમાણે ત્રણ ગાથાનો ભાવાર્થ થયો.

(આ વસ્તુ જરાક વિસ્તારથી સમજીએ. – ક્યા સંસ્થાનની વિચારણા ચાલે છે... એ બરાબર ધ્યાનમાં રાખવું. દા. ત. **ઓજ:પ્રદેશ પ્રતર વૃત્ત** હોય, તો સમજી જ લેવાનું કે– (૧) ઓજ:પ્રદેશ છે, માટે એકીસંખ્યામાં જ પરમાણુઓ જોઈશે. (૨) પ્રતર છે, માટે એ એક પડ રૂપ જ લેવાનું છે. (૩) વૃત્ત છે, માટે ગોળ આકાર મળવો જોઈએ.

આમાંથી એકપણ શરત પૂરી ન થાય તો એ સંસ્થાન ન બને.

કેટલાક સંસ્થાનોમાં શંકા પડશે જ કે– 'આ સંસ્થાન આને બદલે આ રીતે કેમ ન થાય ? આ સંખ્યાને બદલે આ સંખ્યા કેમ ન મળે ?...' પણ એમાં જો ઉંડાણથી વિચારશો, તો એના દરેકના જવાબ મળી જશે. જેમકે–

ઓજ:પ્રદેશ ેણ્યાયત ત્રણ પ્રદેશનું છે. ત્યાં શંકા થાય કે– 'આ તો બે પ્રદેશનું પણ થઈ શકે.' તો એનો ઉત્તર સીધો જ છે કે– 'થાય, પણ એ યુગ્મ બની જાય, ઓજ નહિ. આપણે ઓજ જોઈ રહ્યા છીએ.

'૧ પ્રદેશનું કેમ ન બને ?' એ પ્રશ્નનો ઉત્તર સ્પષ્ટ જ છે કે– 'એ આયત જ કેવી રીતે કહેવાય ?'

ઓજ:પ્રદેશ પ્રતર આયત **૧૫** પ્રદેશનું છે. હવે ઓજ હોવાથી એકી સંખ્યા જ લેવાની છે. એમાંય ૧ – ૩ નું તો પ્રતર–આયત બને જ નહિ. ખાલી શ્રેણી–આયત માટે જ ૩ તો જોઈએ. પ્રતર માટે ઓછામાં ઓછી બે શ્રેણી તો જોઈએ જ, એટલે ૩ + ૩ = ૬ તો જોઈએ જ, પણ આપણે તો એકી સંખ્યા જોઈએ છે.

૭ પણ ન લેવાય, કેમકે ૩ + ૪ એમ બે શ્રેણી લો, તો એ તો સમાન શ્રેણી ન બને, આયત આકાર ન થાય. **अनित्थंस्थ** બની જાય. એમ ૩ + ૩ + ૧ વગેરે પણ શક્ય નથી.

૯ લઈએ તો ૩ + ૩ + ૩ એમ ત્રણ ેણી ગોઠવાય, પણ આ આકાર તો ચતુરસ્ર બની જાય, આયત ન બને. એમ ૧૧ – ૧૩ પણ ન ઘટે. જોઈએ ૧૫... તો જ એ બરાબર ઘટે. આમ આ બધાના સમાધાનો મળે.)

---

अवतरणिका :- उक्तः परमाणूनामितरेतरसंयोगः, सम्प्रति तमेव प्रदेशानामाह-

---

અવતરણિકા :- પરમાણુઓનો ઈતરેતર સંયોગ કહેવાઈ ગયો. હવે પ્રદેશોના ઈતરેતર સંયોગને જ કહે છે. (સંયોગ એ જ, પણ હવે પ્રદેશોના સંબંધી...)

---

**॥निर्यु. गा. ४२॥ धम्माइपएसाणं पंचण्ह उ जो पएससंजोगो ।**

**तिण्ह पुण अणाईओ साईओ होंति दुण्हं तु ॥४२॥**

व्याख्या - धर्मादीनां-धर्माधर्माकाशजीवपुद्गलानां प्रदेशाः-उक्तरूपा धर्मादिप्रदेशास्तेषाम्, 'पञ्चानाम्' इति सम्बन्धिनां धर्मादीनां पञ्चसङ्ख्यत्वेन पञ्चसङ्ख्यानां 'तुः' पुनरर्थः, संयोग इति गम्यते,

---

ગાથાર્થ :- ધર્માદિ પાંચના પ્રદેશોનો જે સંયોગ, તે પ્રદેશ સંયોગ ! ત્રણનો અનાદિ છે, બેનો સાદિ છે.

ટીકાર્થ :- ધર્માદિ = ધર્મ, અધર્મ, આકાશ, જીવ અને પુદ્ગલ.

પ્રદેશો = જેનું સ્વરૂપ કહેવાઈ ગયું છે તે (प्रकर्षेण दिश्यन्ते इति प्रदेशाः... એ પ્રમાણે પૂર્વે વ્યાખ્યા કરી જ ગયા છે.) ધર્માદિના પ્રદેશો તે ધર્માદિ પ્રદેશો ! તે પાંચ છે.

પ્રશ્ન : આ બરાબર નથી. અરે, ખાલી ધર્મના જ પ્રદેશો અસંખ્ય છે... બધાના પ્રદેશો ભેગા કરો, તો તો અનંત પ્રદેશો છે. હા ! આ પ્રદેશો જેમના છે, એ ધર્મ-અધર્મ આદિ પાંચ ખરા, પણ પ્રદેશો ક્યાં પાંચ છે ?

सम्बन्धिनां... ઉત્તર : ધર્મના પ્રદેશોનો સંબંધી કોણ ? ધર્મ !

અધર્મના પ્રદેશોનો સંબંધી કોણ ? અધર્મ !

આકાશના પ્રદેશોનો સંબંધી કોણ ? આકાશ !

જીવના પ્રદેશોનો સંબંધી કોણ ? જીવ !

પુદ્ગલના પ્રદેશોનો સંબંધી કોણ ? પુદ્ગલ !

આમ ધર્માદિ જે સંબંધી છે. એ પાંચ છે. એટલે એના આધારે પ્રદેશો પણ પાં ા છે. (સંબંધીની સાથે અભેદ માનીને...)

तु શબ્દ પુનઃ અર્થમાં છે. સંયોગ શબ્દ લખ્યો નથી, સમજી લેવાનો.

---

वृत्ति :- स च श्रुतत्वाद्धर्मादिभिः स्कन्धैस्तथा तदन्तर्गतैर्देशैः प्रदेशान्तरैश्च सजातीयेतरैः, असौ किमित्याह-प्रदेशानां संयोगः प्रकृतत्वादितरेतरसंयोगाख्यः प्रदेशसंयोगः, उच्यते इति शेषः, अस्यैव विभागमाह-'त्रयाणां पुनः' पुनःशब्दस्य विशेषद्योतकत्वात् धर्माधर्माकाशप्रदेशानां धर्मादिभिरेव त्रिभिस्तेषामेव देशैः प्रदेशान्तरैश्च प्रकृतत्वादितरेतरसंयोगः 'अनादिः' आदिविकलः सदा संयुक्तत्वादेषाम्,

---

પ્રશ્ન : ધર્માદિપ્રદેશોનો સંયોગ... એ અર્થ તમે જોડ્યો, પણ એ સંયોગ કોની સાથે ?

स च... ઉત્તર : તે સંયોગ ધર્મ વગેરેના સ્કંધો સાથે, સ્કંધોની અંદર રહેલા દેશો ાથે, અન્ય પ્રદેશોની સાથે સમજવાનો. આ સ્કંધો, દેશો, અન્ય પ્રદેશો સજાતીય અને વિજાતીય એમ બંને પ્રકારના લેવાના.

દા. ત. ધર્મના કુલ ૫૦૦ પ્રદેશો છે. તેમાં સ્કન્ધ કોને કહેવાય ? દેશ કોને કહેવાય ? અને પ્રદેશ કોને કહેવાય ? એની વિચારણા કરીએ.

(૧) ધર્મસ્કન્ધ એટલે ૫૦૦ પ્રદેશોનો સંપૂર્ણ જથ્થો એટલે સંપૂર્ણ ધર્માસ્તિકાય તે ધર્મસ્કન્ધ.

(૨) ધર્મનો દેશ એટલે ૫૦૦ પ્રદેશોમાંથી વિવક્ષિત ૫૦-૧૦૦-૨૦૦ પ્રદેશોનો જથ્થો તે ધર્મનો દેશ કહેવાય.

(૩) ધર્મનો પ્રદેશ એટલે ૫૦૦ પ્રદેશમાંથી કોઈપણ વિવક્ષિત એક પ્રદેશ તે ધર્મનો પ્રદેશ.

(અહીં ૫૦૦ માંથી એક પણ પ્રદેશ છૂટો નથી કે એક પણ દેશ છૂટો નથી પણ સ્કન્ધ સાથે જોડાયેલ જ છે.)

ધર્મના ૫૦૦ પ્રદેશોમાંથી ૫ માં નંબરનો ધર્મપ્રદેશ છે. તેનો બીજા બધા (સજાતીયસ્કન્ધ–દેશ–પ્રદેશ + વિજાતીય સ્કન્ધ–દેશ–પ્રદેશ) સાથે સંયોગ વિચારવાનો છે.

**धर्मादिभिःस्कन्धैः – (૧) સજાતીય સ્કન્ધ સાથે સંયોગ :–** ૫માં નંબરના ધર્મપ્રદેશનો સંપૂર્ણ ધર્માસ્તિકાય રૂપ સ્કન્ધ સાથે સંયોગ છે.

**(૨) વિજાતીય સ્કન્ધ સાથે સંયોગ :–** ૫માં નંબરના ધર્મપ્રદેશનો સંપૂર્ણ અધર્માસ્તિકાય, સંપૂર્ણ આકાશાસ્તિકાય સાથે સંયોગ છે.

**तथा तदन्तर्गतैर्देशैः – (૩) સજાતીય દેશ સાથે સંયોગ :–** ૫ માં નંબરના ધર્મપ્રદેશનો સંપૂર્ણ ધર્માસ્તિકાય રૂપ સ્કન્ધના વિવક્ષિત એક દેશ = ૫૦–૧૦૦ ધર્મપ્રદેશ સાથે સંયોગ છે.

**(૪) વિજાતીય દેશ સાથે સંયોગ :–** ૫ માં નંબરના ધર્મપ્રદેશનો સંપૂર્ણ અધર્માસ્તિકાય + આકાશ રૂપ સ્કન્ધના વિવક્ષિત એક દેશ = ૫૦–૧૦૦ અધર્મપ્રદેશ + આકાશપ્રદેશ સાથે સંયોગ છે.

**प्रदेशान्तरैश्च – (૫) સજાતીય પ્રદેશાન્તર સાથે સંયોગ :–** ૫ માં નંબરના ધર્મપ્રદેશનો પોતાની આજુબાજુમાં રહેલા ચોથા કે છઠ્ઠા નંબરના ધર્મપ્રદેશ સાથે સંયોગ છે. (પોતાનો પોતાની સાથે સંયોગ ન હોય માટે ચોથા કે છઠ્ઠા નંબરના જ ધર્મપ્રદેશ લીધા.)

**(૬) વિજાતીય પ્રદેશાન્તર સાથે સંયોગ :–** ૫ માં નંબરના ધર્મપ્રદેશનો નં.–૫ વગેરે અધર્મ + આકાશ પ્રદેશ સાથે સંયોગ છે.

**પ્રશ્ન : પ્રદેશાન્તરની જેમ સ્કન્ધાન્તર કે દેશાન્તર કેમ નથી લખ્યું ?**

**ઉત્તર :** જેમ પોતાનો પોતાની સાથે જ સંયોગ ન હોય અર્થાત્ ૫ નંબરના પ્રદેશનો ૫ નંબરના પ્રદેશ સાથે સંયોગ છે એવું ન બોલાય, પણ ૫ નંબરના પ્રદેશનો ૪ નંબરના બીજા પ્રદેશ (પ્રદેશાન્તર) સાથે સંયોગ છે એવું જ બોલાય (એવું જ છે.)

તેવું સ્કન્ધ અને દેશ માટે નથી, એટલે કે પ્રદેશનો પોતાની સાથે સંયોગ નથી, અને બીજા પ્રદેશો ાથે સંયોગ છે. જ્યારે પ્રદેશનો પોતાના સ્કન્ધ અને દેશ સાથે પણ સંયોગ છે અને બીજાના સ્કન્ધ અને દેશ સાથે પણ સંયોગ છે માટે, 'સ્કન્ધાન્તર=બીજો સ્કન્ધ' એવું વિશેષણ મૂકીને પોતાના સ્કન્ધનો નિષેધ કરવાની જરૂર નથી.

(દા. ત. ધર્મના કુલ ૫૦૦ પ્રદેશો છે, તેમાં પાંચમાં નંબરના ધર્મપ્રદેશનો બીજા બધા સાથે સંયોગ વિચારવાનો છે. તો – નં.–૫ ધર્મપ્રદેશનો ધર્મસ્કંધ, અધર્મસ્કંધ, આકાશસ્કંધાદિ સાથે સંયોગ `

`.–૫ ધર્મપ્રદેશનો ધર્મદેશ, અધર્મદેશ, આકાશદેશાદિ સાથે સંયોગ છે.

નં.–૫ ધર્મપ્રદેશનો નં.–૬ વગેરે ધર્મપ્રદેશોની સાથે, નં.–૫ વગેરે અધર્મ પ્રદેશોની સા`, `.–૫ વગેરે આકાશ પ્રદેશોની સાથે સંયોગ છે. આમાં નં.–૫ ધર્મપ્રદેશનો નં.–૫ ધર્મપ્રદેશ સાથે તો સંયોગ ન જ થાય ને ? પોતાનો પોતાની સાથે સંયોગ ન હોય. એટલે જ્યારે પ્રદેશની વાત આવી, ત્યારે प्रदेशान्तरैः એમ લખ્યું.

પણ નં.–૫ ધર્મપ્રદેશ માટે ધર્માદિ કોઈપણ સ્કંધ કે દેશ એ અન્ય = ભિન્ન જ છે, એટલે નં.–૫ ધમપ્રદેશનો કોઈપણ સ્કંધ કે દેશ સાથે સંયોગ થઈ જ શકે. એટલે ત્યાં स्कन्धान्तरैः... લખ્યું નથી.

નં.–૫ ધર્મપ્રદેશ માટે ધર્મસ્કંધ, ધર્મદેશ અને નં.–૫ની અનંતર રહેલા ધર્મપ્રદેશો આ બધા સજાતીય સ્કંધ, દેશ, પ્રદેશ ગણાય. જ્યારે અધર્મસ્કંધ, અધર્મદેશ અને નં.–૫ અધર્મપ્રદેશ + અનંતર રહેલા અધર્મપ્રદેશો... આ બધા વિજાતીય સ્કંધ–દેશ–

પ્રદેશ ગણાય.

નં.-૫ ધર્મપ્રદેશનો નં.-૫ ધર્મપ્રદેશ સાથે સંયોગ ન થાય, પણ નં.-૫ અધર્માદિ પ્રદેશ સાથે થઈ શકે.

ધર્મ-અધર્મ-આકાશના પ્રદેશો કાયમ માટે સ્થિર છે. એટલે એમાં નં.-૫... વગેરે નંબરો આપી શકાય. પણ જીવ-પુદ્ગલમાં ન અપાય. કેમકે તે અસ્થિર છે.

ધર્માદિના દેશ એ વિવક્ષાથી જ છે. નં.-૫ ધર્મપ્રદેશ જ્યાં છે, ત્યાંના ૫૦-૧૦૦ પ્રદેશોનો એક ભાગ કલ્પવામાં આવે, તો એ દેશ સાથે નં.-૫ ધર્મપ્રદેશને સંબંધ માની શકાય... આ બધું શાંત ચિત્તે વિચારવું.)

પ્રશ્ન : તમે ધર્માદિ પ્રદેશોનો સંયોગ ધર્માદિના સ્કંધ વગેરે સાથે લીધો, પણ ગાથામાં તો એવું લખ્યું નથી કે 'ધર્માદિના સ્કંધાદિ સાથે લેવો...' તો આવો અર્થ તમે કયા આધારે લો ો ?

ઉત્તર : श्रुतत्वात् ગાથામાં धम्माइपएसाणं શબ્દ તો છે જ ને ? એમાં ધર્માદિ શબ્દ તો સંભળાયો જ છે, એટલે એના આધારે અમે આ અર્થ કરી લીધો છે કે ધર્માદિ સ્કંધો, દેશો... વગેરેની સાથે અહીં સંયોગ લેવાનો છે.

(स च श्रुतत्वाद्धर्मादिभिः स्कन्धैस्तथा तदन्तर्गतैर्देशैः... આ નાના વાક્યમાં પુષ્કળ પદાર્થો ભરી દીધા છે. એ ઉપયોગપૂર્વક સમજવા.)

असौ किमित्याह... પ્રશ્ન : ધર્માદિ પ્રદેશોનો ધર્માદિના સ્કંધાદિ સાથે જે સંયોગ થાય, આ સંયોગ શું કહેવાય ?

प्रदेशानां संयोग... ઉત્તર : આ પ્રદેશસંયોગ કહેવાય. પ્રદેશોનો સંયોગ તે પ્રદેશસંયોગ ! વળી, મૂળ વાત તો ઈતરેતર-સંયોગની જ ચાલે છે, એટલે ઈતરેતર પ્રકૃત હોવાથી ઈતરેતરસંયોગ નામનો આ પ્રદેશસંયોગ કહેવાય છે.

उच्यते શબ્દ લખ્યો નથી, તે શેષ તરીકે લઈ લેવાનો.

'त्रयाणां पुनः'... આ પ્રદેશસંયોગના જ વિભાગને કહે છે. (ભેદ પાડે છે.) ત્રણનો = ધર્મ-અધર્મ-આકાશ ના પ્રદેશોનો ઈતરેતર સંયોગ અનાદિ છે = આદિ વિનાનો છે.

કારણ કે આ ત્રણ પ્રદેશો તો કાયમ માટે સંયુક્ત જ છે.

પ્રશ્ન : ધર્માદિ પ્રદેશોનો જીવ-પુદ્ગલ સાથેનો સંયોગ પણ ધર્માદિ પ્રદેશસંયોગ રૂપ ગણેલો છે. વળી, જીવ અને પુદ્ગલ તો સ્થિર નથી, એ તો ફર્યા કરે છે. એટલે કોઈપણ ધર્માદિ પ્રદેશનો જીવ-પુદ્ગલ સાથેનો સંયોગ અનાદિ થશે જ નહિ, તો પછી ધર્માદિ ત્રણ પ્રદેશનો સંયોગ અનાદિ શી રીતે કહેવાય ? એને તો સાદિ જ કહેવો પડે ને !)

पुनःशब्दस्य... ઉત્તર : ગાથામાં રહેલો પુનઃ શબ્દ વિશેષ પદાર્થને પ્રકાશિત કરનાર છે. તે વિશેષ પદાર્થ આ છે કે- ધર્મ-અધર્મ-આકાશ આ ત્રણના પ્રદેશોનો, ધર્મ-અધર્મ-આકાશ આ ત્રણ જ સ્કંધોની સાથેનો, ધર્મ-અધર્મ-આકાશ આ ત્રણના જ દેશોની સાથેનો, ધર્મ-અધર્મ-આકાશ આ ત્રણના જ અન્ય પ્રદેશોની સાથેનો સંયોગ. એ જ અહીં લેવાનો છે. અને ઈતરેતર સંયોગ પ્રકૃત હોવાથી આ સંયોગ એટલે ઈતરેતરસંયોગ લેવો. આ સંયોગ આદિ વિનાનો છે. (અર્થાત્ અનાદિ છે.)

(સાર એટલો કે- ધર્મપ્રદેશનો ધર્માદિત્રિક સ્કંધોની સાથે, ધર્માદિત્રિકના પ્રદેશોની સાથે અને ધર્માદિત્રિકના અન્ય પ્રદેશોની સાથેનો ઈતરેતરસંયોગ અનાદિ છે.)

---

वृत्ति :- 'सादिकः' आदियुक्तो भवति 'द्वयोः' पारिशेष्याज्जीवप्रदेशपुद्गलप्रदेशयोः, तथाहि-संयुज्यन्ते वियुज्यन्ते संसारिजीवप्रदेशाः कर्मपुद्गलप्रदेशाश्च परस्परं धर्मादिप्रदेशैश्च सह, तुशब्दो विशेषं द्योतयति, स चायं-जीवप्रदेशानां धर्मादित्रयदेशप्रदेशापेक्षया पुद्गलस्कन्धाद्यपेक्षया च सादिसंयोगः,

धर्मादिस्कन्धत्रयापेक्षया त्वनादिः, पुद्गलप्रदेशानामपि धर्मादिस्कन्धत्रयापेक्षयाऽनादिः, शेषापेक्षया तु सादिः ।

---

બેનો ઈતરેતર સંયોગ સાદિ = આદિયુક્ત છે.

પ્રશ્ન : બે તરીકે કોણ ?

ઉત્તર : જીવપ્રદેશ અને પુદ્ગલ પ્રદેશ... એ બેનો !

(અહીં ધર્માદિ પ્રદેશો કુલ પાંચ જ ગણ્યા છે ને ? એટલે જીવપ્રદેશ અને પુદ્ગલ પ્રદેશ એમ બે જ પ્રદેશ લીધા.)

પ્રશ્ન : પણ એ બે જ શી રીતે લેવાય ?

ઉત્તર : पारिशेष्यात् । કુલ પાંચ પ્રદેશ બતાવ્યા છે. એમાં ત્રણને અનાદિ કહ્યા, તો હવે જે બે બાકી હોય, તે જ दुण्हं શબ્દથી લેવાય ને ? આ પારિશેષ્ય ન્યાય કહેવાય છે.

तथाहि... આ બેનો સંયોગ સાદિ કહ્યો, તે આ પ્રમાણે – સંસારી જીવના પ્રદેશો અને કર્મ પુદ્ગલના પ્રદેશો–

– પરસ્પર સંયોગ પામે છે અને વિયોગ પામે છે. (જીવ કર્મ સાથે, કર્મ જીવ સાથે.)

– અને ધર્મ–અધર્માદિની સાથે પણ સંયોગ પામે છે અને વિયોગ પામે છે. માટે જીવ પ્રદેશોનો અને પુદ્ગલ પ્રદેશોનો કોઈની પણ સાથે સંયોગ સાદિ છે.

(છેલ્લો) तु શબ્દ વિશેષ પદાર્થને પ્રકાશિત કરે છે. તે વિશેષ પદાર્થ આ છે–

स चायं–जीवप्रदेशानां... જીવ પ્રદેશોનો ધર્માદત્રિકના દેશ અને પ્રદેશની અપેક્ષાએ તથા પુદ્ગલોના સ્કંધ, દેશ અને પ્રદેશની અપેક્ષાએ સંયોગ સાદિ સંયોગ છે. પણ જીવ પ્રદેશોનો ધર્માદિ ત્રણ સ્કંધોની અપેક્ષાએ સંયોગ તો અનાદિ જ છે.

(ધારો કે ધર્મના દસ ભાગ = દેશ કલ્પવામાં આવે. તો કોઈક જીવ પહેલા ધર્મના પહેલા દેશ સાથે સંયોગવા ો હોય, પછી બીજા દેશ સાથે સંયોગવાળો બને... તો આ રીતે દેશસંયોગ સાદિ થાય. એમ પ્રદેશસંયોગ પણ સાદિ થાય.

હવે કોઈપણ જીવ કોઈપણ પુદ્ગલ સ્કંધ સાથે અનાદિકાળથી સંયોગવાળો તો છે જ નહિ. એટલે પુદ્ગલના સ્કંધ, દેશ, પ્રદેશ બધા સાથે એનો સંયોગ સાદિ જ છે.

પણ જ્યારે ધર્મસ્કંધ લેવામાં આવે, તો જીવ ભલેને ગમે એટલો ફરે, તો પણ એનો ધર્મસ્કંધ સાથેનો સંયોગ તો કાયમ માટે ચાલુ જ છે. કયારેય પણ ધર્મસ્કંધ સાથેનો સંયોગ જીવનો તૂટે અને પાછો સંયોગ થાય. એવું તો શક્ય જ નથી. માટે જીવનો ધર્માદિ ત્રણ સ્કંધ સાથેનો સંયોગ અનાદિ જ ગણવો.)

પુદ્ગલપ્રદેશોનો પણ ધર્માદિ ત્રણ સ્કંધોની અપેક્ષાએ અનાદિ સંયોગ છે. બાકીનાની અપેક્ષાએ (=ધર્માદિ ત્રણના દેશો, પ્રદેશો, જીવના સ્કંધ–દેશ–પ્રદેશો અને અન્ય પુદ્ગલોની અપેક્ષાએ) આદિ સંયોગ છે.

---

इह च धर्मादिस्कन्धानां तद्देशानां च यः परस्परं संयोगः स न प्रदेशसंयोगमन्तरेणेति तदभिधानत एवोक्तो मन्तव्यः, अप्रदेशस्य तु परमाणोर्धर्मादिभिः संयोग उक्तानुसारतः सुज्ञान एव इति नोक्त इति गाथार्थः ।।४२।।

---

પ્રશ્ન : પ્રદેશોનો ઈતરેતરસંયોગ બતાવ્યો, પણ સ્કંધોનો અને દેશોનો કેમ ન બતાવ્યો ?

इह च... ઉત્તર : જુઓ... ધર્માદિ સ્કંધોનો અને ધર્માદિના દેશોનો જે પરસ્પર સંયોગ થાય છે. એ ધર્માદિ પ્રદેશોના

સંયોગ વિના તો થવાનો જ નથી. એટલે પ્રદેશોના સંયોગના નિરૂપણ દ્વારા (તદવિનાભાવી) એવા ધર્માદિ સ્કંધો તથા દેશોનો પરસ્પર ઈતરેતરસંયોગ પણ કહેવાઈ જ ગયેલો માનવો.

(ધર્મસ્કંધનો – ધર્મદેશ સાથે, ધર્મપ્રદેશ સા`,

અધર્મસ્કંધ સાથે, અધર્મદેશ સાથે અધર્મપ્રદેશ ાથે,

આકાશસ્કંધ સાથે, આકાશદેશ સાથે, આકાશપ્રદેશ સા`,

જીવસ્કંધ સાથે, જીવદેશ સાથે, જીવપ્રદેશ સા`,

પુદ્ગલસ્કંધ સાથે, પુદ્ગલદેશ સાથે, પુદ્ગલપ્રદેશ સાથે સંયોગ થાય.

પણ આ સંયોગ ધર્મપ્રદેશના સંયોગ વિના તો નથી જ થવાનો. ધર્મ પ્રદેશનો તે તે સાથે સંયોગ થાય, તો જ ધર્મસ્કંધનો થાય... માટે ધર્મપ્રદેશના સંયોગના નિરૂપણ દ્વારા જ ધર્માદિ સ્કંધોનો તથા ધર્માદિના દેશોનો પરસ્પર સંયોગ કહેવાઈ જ ગયેલો જાણવો.)

**પ્રશ્ન** : પરમાણુનો ધર્માદિ સાથેનો સંયોગ શા માટે નથી બતાવ્યો ?

(ધ્યાનમાં રાખજો કે (૧) પરમાણુઓનો ઈતરેતરસંયોગ બતાવ્યો છે, પણ એ તો પરમાણુઓનો પરમાણુ સાથેનો સંયોગ જ દર્શાવેલો છે. પણ પરમાણુઓનો ધર્માદિ સાથેનો સંયોગ હજી સુધી બતાવાયો નથી. એનો આ સંયોગ પ્રદેશસંયોગમાં પણ ન આવે, કેમકે પરમાણુ પોતે પ્રદેશ નથી. કારણ કે સ્કંધની અંદર રહેલો સ્કંધનો અન્ત્ય અવયવ જ પ્રદેશ કહેવાય છે. માટે સ્વતંત્ર પરમાણુ એ પ્રદેશ નથી.)

**अप्रदेशस्य तु... ઉત્તર** : જે પ્રદેશ રૂપ નથી, એવા સ્વતંત્ર પરમાણુનો ધર્માદિ સાથેનો સંયોગ એ ઉપર જે નિરૂપણ કરી ગયા, એને અનુસારે સુખેથી જાણી શકાય એવો જ છે. એટલે એ કહેલો નથી. (એનો સમાવેશ ક્યાય નથી થતો, છતાં એ સુગમ્ય હોવાથી દર્શાવેલ નથી.)

પરમાણુનો ધર્મના સ્કંધ, દેશ,

અધર્મના સ્કંધ, દેશ, પ્રદેશ

આકાશના સ્કંધ, દેશ, પ્રદેશ

જીવના સ્કંધ, દેશ, પ્રદેશ સા`

પુદ્ગલના સ્કંધ, દેશ, પ્રદેશ સાથે અને અન્ય પરમાણુની સાથે ઈતરેતરસંયોગ થાય.

---

अवतरणिका :- उक्तः प्रदेशानामितरेतरसंयोगः, सम्प्रत्यभिप्रेतानभिप्रेतभेदरूपं तमेवाह-

---

અવતરણિકા :- પ્રદેશોનો ઈતરેતરસંયોગ કહેવાઈ ગયો. હવે અભિપ્રેત અને અનભિપ્રેત એ બે ભેદ રૂપ (ત્રીજા અને ચોથા ભેદ રૂપ) તેને જ = ઈતરેતરસંયોગને જ કહે છે.

---

**।।निर्यु. गा. ४३।। अभिपेयमणभिपेओ पंचसु विसएसु होइ नायव्वो ।**
**अणुलोमोऽभिप्पेओ अणभिप्पेओ अ पडिलोमो ।।४३।।**

व्याख्या - 'अभिपेय' त्ति अभिप्रेतः 'अनभिप्पेओ' त्ति चस्य गम्यमानत्वादनभिप्रेतश्च, प्रक्रमादितरेतरसंयोगः, किमित्याह- 'पञ्चसु' विषयेषु शब्दादिपञ्चकगोचरे, अर्थादिन्द्रियमनसां तद्ग्रहणप्रवृत्तौ ग्राह्यग्राहकभावः, स चाभिप्रेतार्थविषयोऽभिप्रेतः अनभिप्रेतार्थविषयस्त्वनभिप्रेतः भवति ज्ञातव्यः,

आह-अस्त्वेवाभिप्रेतानभिप्रेतार्थविषयत्वेनाभिप्रेतः अनभिप्रेतश्चेतरेतरसंयोगः, अभिप्रेतानभिप्रेतार्थौ तु काविति, अत्रोच्यते, 'अनुलोम' इन्द्रियाणां प्रमोदहेतुतयाऽनुकूलश्रव्यकाकलीगीतादिरभिप्रेतः, अनभिप्रेतश्च प्रतिलोम उक्तविपरीतकाकस्वरादिरिति गाथार्थः ।।४३।।

---

ગાથાર્થ :- પાંચ વિષયોમાં અભિપ્રેત અને અનભિપ્રેત સંયોગ જાણવા યોગ્ય છે. અનુલોમ = અનુકૂળ એ અભિપ્રેત અને પ્રતિલોમ = પ્રતિકૂળ એ અનભિપ્રેત !

ટીકાર્થ : અભિપ્રેત અને અનભિપ્રેત એવો ઈતરેતરસંયોગ શું છે ? એ હવે કહે છે કે પાંચ વિષયોમાં એટલે શબ્દાદિપંચક રૂપ વિષયમાં આ સંયોગ હોય છે. આમાં च ગાથામાં નથી, પણ એ ગમ્યમાન છે. તેથી એનો અર્થ અને લીધો છે. એમ ઈતરેતર સંયોગ પ્રક્રમથી સમજી લેવાનું છે.

પ્રશ્ન : 'પાંચ વિષયોમાં અભિપ્રેત-અનભિપ્રેત સંયોગ જાણવો.' એમ કહ્યું તો ખરું, પણ પાંચ વિષયોમાં શું થાય ? કે જે અભિપ્રેત... કહેવાય ? એ તો ખબર જ ન પડી.

अर्थादिन्द्रियमनसां... ઉત્તર : અર્થથી સમજી લેવાનું કે- ઇન્દ્રિયોની અને મનની પાંચ વિષયોને ગ્રહણ કરવાની પ્રવૃત્તિ જ્યારે થાય, ત્યારે એ બે વચ્ચે જે ગ્રાહ્ય-ગ્રાહક ભાવ ઉત્પન્ન થાય, તે જ અહીં અભિપ્રેતાદિ સંયોગ સમજવાનો છે. (ઇન્દ્રિયોનો અને મનનો વિષય સાથે સાક્ષાત્ સંયોગ એ અહીં લેવાનો નથી, એ બધે શક્ય પણ નથી...)

स चाभिप्रेतार्थ- આ ગ્રાહ્યગ્રાહક ભાવ રૂપ સંયોગ જ્યારે અભિપ્રેત અર્થ = ઈષ્ટ અર્થ રૂપી વિષયવાળો હોય, ત્યારે તે અભિપ્રેત કહેવાય. જ્યારે અનિષ્ટ અર્થ રૂપી વિષયવાળો હોય, ત્યારે તે અનભિપ્રેત જાણવા યોગ્ય છે.

आह-अस्त्वेवा-... પ્રશ્ન : અભિપ્રેત અને અનભિપ્રેત એમ બે પ્રકારના વિષયોને લીધે ઈતરેતર સંયોગ ભલે અભિપ્રેત અને અનભિપ્રેત બનો... પણ અભિપ્રેત વિષય કોણ ?... અનભિપ્રેત વિષય કોણ ?... આ તો પહેલા બતાવો.

ઉત્તર : अत्रोच्यते ।

અનુકૂલ એવા શ્રવ્ય = સાંભળવા યોગ્ય કાકલીગીત વગેરે ઇન્દ્રિયોને આનંદ આપનાર બને છે, તેથી તે અભિપ્રેત છે.

જે પ્રતિકૂલ હોય, ઉક્ત વિપરીત હોય = ઇન્દ્રિયોને દુઃખનું કારણ હોય, તેવા કાકસ્વર વગેરે અનભિપ્રેત વિષય કહેવાય.

---

अवतरणिका :- इह गाथापश्चार्द्धेन मनोनिरपेक्षप्रवृत्त्यभावेऽपीन्द्रियाणां प्राधान्यमाश्रित्य तदपेक्षयाऽभिप्रेतो-ऽनभिप्रेतश्चार्थ उक्तः, सम्प्रति मनोऽपेक्षया तमेवाह-

---

અવતરણિકા :- જો કે મનથી નિરપેક્ષ એવી પ્રવૃત્તિ ઇન્દ્રિયોની હોતી જ નથી. મનની સાથે-સાથે જ પ્રવૃત્તિ હોય છે, એટલે ખરેખર તો અભિપ્રેતાદિમાં મન જ પ્રધાન છે. એને ગમે તો અભિપ્રેત ! ન ગમે તો અનભિપ્રેત !

છતાં પણ ઇન્દ્રિયોની પ્રધાનતાનો આશ્રય કરીને તેની અપેક્ષાએ અભિપ્રેત અને અનભિપ્રેત અર્થ इह = ૪૩મી ગાથામાં ગાથાના પાછલા અર્ધભાગ વડે કહેવાયો.

(કેરી ઈષ્ટ કે અનિષ્ટ.. તો સામાન્યથી એ ઈષ્ટ જ કહેવાય. અહીં કોઈના મનની પ્રધાનતાથી વાત નથી, પણ ઇન્દ્રિયની પ્રધાનતાથી જ નિરૂપણ છે. કરિયાતું ઈષ્ટ કે અનિષ્ટ... તો સામાન્યથી એ અનિષ્ટ જ કહેવાય. એ પણ ઇન્દ્રિયની પ્રધાનતાને લઈને જ...) હવે મનની અપેક્ષાએ તેને જ = અભિપ્રેત - અનભિપ્રેત અર્થને જ કહે છે.

---

।।निर्यु. गा. ४४।। सव्वा ओसहजुत्ती गंधजुत्ती य भोयणविही य ।
रागविहिगीयवाइयविही (हि) अभिप्पेयमणुलोमो ।।४४।।

व्याख्या - 'सर्वाः' समस्ताः, कोऽर्थः ?-इन्द्रियाणामनुकूलाः प्रतिकूलाश्च, अस्य चौषधयुक्त्यादिभिः प्रत्येकं सम्बन्धः, ततश्च औषधादीनाम्-अगरुकुङ्कुमादीनां सज्जिकाराजिकादीनां च युक्तयो-योजनानि समविषमविभागनीतयो वा औषधयुक्तयः, गन्धानां-गन्धद्रव्याणं श्रीखण्डादीनां ल्हसणादीनां च युक्तयः गन्धयुक्तयः ताश्च, भोजनस्य-अन्नस्य विधयः-शाल्योदनादयः कोद्रवभक्तादयश्च भेदाः भोजनविधयः ते च,

---

ગાથાર્થ : તમામ ઔષધયુક્તિઓ, ગંધયુક્તિઓ, ભોજનવિધિ, રાગવિધિ, ગીત અને વાજિંત્રની વિધિ... અનુલોમ હોય, તે અભિપ્રેત (વિષય કહેવાય.)

ટીકાર્થ : સર્વ એટલે બધા -

પ્રશ્ન : બધા એટલે ? શું કહેવા માંગો `

ઉત્તર : ઇન્દ્રિયોને અનુકૂલ અને પ્રતિકૂલ એવા જે જે હોય, તે બધા જ... આ सव्वा શબ્દનો ઔષધયુક્તિ વગેરે દરેકની સાથે સંબંધ કરવો. એટલે કે सव्वा ओसहजुत्ती, सव्वा गंधजुत्ती... તેથી આ પ્રમાણે અર્થ થશે કે–

औषधादीनाम् = અગરુ, કુંકુમ વગેરે અનુકૂલ અને સજ્જિકા, રાજિકા વગેરે પ્રતિકૂલ આ બધી ઔષધિઓની યુક્તિ= જોડાણ અથવા તો સમભાગ, વિષમભાગની નીતિઓ... આ ઔષધ યુક્તિઓ...

गन्धानां = શ્રીખંડ વગેરે અનુકૂલ ગંધ દ્રવ્યો અને લસણ વગેરે પ્રતિકૂલ ગંધ દ્રવ્યો, આ દ્રવ્યોની યુક્તિઓ = જોડાણ આ ગંધયુક્તિઓ...

भोजनविधि = અન્નની વિધિઓ, શાલિ–ઓદન વગેરે અનુકૂલ ભેદો અને કોદ્રવ–ભક્ત વગેરે પ્રતિકૂલ ભેદો આ ભોજન વિધિઓ...

---

वृत्ति :- 'रागविहिगीयवाइयविहि' त्ति सूत्रत्वाद्वचनव्यत्यये रागविधयश्च गीतवादित्रविधयश्च रागविधिगीतवादित्रविधयः, तत्र रञ्जनं रागः-कुसुम्भादिना वर्णान्तरापादनं तद्विधयः-स्निग्धत्वादयो रूक्षत्वादयश्च गीतवादित्रविधय इति, अत्र विधिशब्दस्योभयत्र योगात्, गीतम्-गानं तद्विधयः-कोकिलारुतानुकारित्वादयः काकस्वरानुविधायित्वादयश्च, वादित्रम्-आतोद्यम्, इह चोपचारात्तद्ध्वनिः तद्विधयो-मृदङ्गादिस्वनाः केवलकरटिकादिस्वनाश्च, चशब्दो नृत्तादिविधिसमुच्चयार्थः,

---

रागविहि... એમાં સૂત્રના કારણે વચનનો વ્યત્યય = ફેરફાર થયો છે. એટલે કે બહુવચનને બદલે એકવચન કરેલ છે. (... गीयवाइयविहि એ પ્રમાણે પાઠ હશે. એ એકવચનમાં શબ્દ હશે, તેથી આ ખુલાસો કરવો પડ્યો હશે.)

એટલે અર્થ આ પ્રમાણે થશે કે– રાગ વિધિઓ અને ગીત–વાદિત્ર વિધિઓ (બંનેનો દ્વન્દ્વસમાસ કરવાનો. એટલે જ વચન વ્યત્યય દર્શાવ્યો છે.)

तत्र रञ्जनं... તેમાં રંગવું તે રાગ ! કુસુમ્ભ વગેરે વડે = કસુંબાદિ વડે બીજા વર્ણને લાવવો... તેની વિધિઓ

સ્નિગ્ધ રંગ વગેરે અનુકૂલ અને રૂક્ષ રંગ વગેરે પ્રતિકૂલ, આ રાગવિધિઓ = રંગવિધિઓ.

अत्र विधिशब्द... ગીતવાદિત્ર વિધિઓ :- અહીં વિધિ શબ્દનો બંને જગ્યાએ યોગ કરવાનો છે (એટલે ગીતવિધિ અને વાજિંત્રવિધિ), તેથી ગીત = ગાન, તેની વિધિઓ.

કોયલના સ્વરનું અનુકરણ કરવા વગેરે રૂપ અનુકૂલ, કાગડાના સ્વરનું અનુકરણ કરવા વગેરે રૂપ પ્રતિકૂલ. આ ગીત

વિધિઓ...

વાદિત્ર વિધિઓ :- વાદિત્ર – વાજિંત્ર : અહીં ઉપચારથી વાજિંત્રના અવાજો 'વાજિંત્ર' પદથી લેવાના છે.

(વાજિંત્રનો અવાજ વાજિંત્રનું કાર્ય છે, વાજિંત્ર કારણ છે, એટલે કાર્ય–કારણ વચ્ચે અભેદનો ઉપચાર કરીને વાજિંત્ર=વાજિંત્રનો ધ્વનિ લઈ શકાય છે.)

તે વાજિંત્ર ધ્વનિની વિધિઓ : મૃદંગાદિના ધ્વનિઓ અનુકૂલ અને એકલા કરટિકા વગેરેના ધ્વનિઓ પ્રતિકૂલ. આ વાજિંત્ર ધ્વનિ વિધિઓ...

च શબ્દ નૃત્ય વગેરેની વિધિઓનો સંગ્રહ કરવા માટે છે. (ગાથામાં च દેખાતો નથી, પણ આ પંક્તિ પ્રમાણે ... वाइयविही ની પછી 'च' હોવો જોઈએ...)

---

**वृत्ति :- एते किमित्याह-'अभिप्पेयं' ति अभिप्रेतार्था उच्यन्ते, कीद्दशाः सन्त इत्याह-अनुलोमाः, कोऽर्थः ? शुभा अशुभा वा मनोऽनुकूलतया प्रतिभासमानाः, एतेनैतदप्याह-यथैत एव देशकालावस्थादिवशतो विचित्राभिसन्धितया जन्तूनां मनसोऽननुलोमाः सन्तोऽनभिप्रेतोऽर्थः ।**

---

एते किमित्याह... આ બધી વિધિઓ... શું છે ? એ કહે છે કે– અભિપ્રેત = અભિપ્રેત વિષયો કહેવાય છે.

कीद्दशाः... પ્રશ્ન : આમાં તો અનુકૂલ અને પ્રતિકૂલ બંને પ્રકારના વિષયો છે, તો બધા જ વિષયો અભિપ્રેત કઈ રીતે? એ કેવા પ્રકારના હોય તો અભિપ્રેત ગણાય ?

ઉત્તર : અનુલોમ હોય, તો અભિપ્રેત કહેવાય.

कोऽर्थः ?... પ્રશ્ન : તમે શું કહેવા માંગો છો ?

शुभा अशुभा वा... ઉત્તર : એ વિષયો સ્વરૂપથી શુભ હોય કે અશુભ હોય, પણ જો મનને અનુકૂલ તરીકે લાગતા હોય = અનુભવાતા હોય, તો એ બધા **અભિપ્રેત વિષયો** કહેવાય.

પ્રશ્ન : આ ગાથામાં તો અભિપ્રેત જ બતાવ્યા, અનભિપ્રેત ન બતાવ્યા. જ્યારે ગાથાની પ્રસ્તાવનામાં તો બંને બતાવવાની વાત કરેલી ?

एतेनैतदप्याह... ઉત્તર : આના વડે = અભિપ્રેતના વર્ણન વડે આ વસ્તુ પણ જણાવી દીધી કે (यथा) જીવો દેશ, કાળ અને અવસ્થા વગેરેને વશ બનીને અનેક પ્રકારના અભિપ્રાયવાળા બનતા હોય છે. એટલે જીવોના મનને પ્રતિકૂલ બનેલા છતાં આ જ વિષયો (અભિપ્રેત તરીકે મનાયેલા વિષયો) **અનભિપ્રેત અર્થ** કહેવાય છે.

(શિયાળામાં કામળી ખૂબ ગમે, ઉનાળામાં બિલકુલ ન ગમે... વગેરે. દેશભેદથી, કાળભેદથી અને અવસ્થાભેદથી વિચારી લેવું. બાલ્યાવસ્થામાં રમકડા ગમે, યુવાવસ્થામાં બિલકુલ ન ગમે... વગેરે.)

---

**वृत्ति :- इत्थं व्याख्यानतो विशेषप्रतिपत्तिमाश्रित्येन्द्रियापेक्षया मनोऽपेक्षया च भेदेनाभिप्रेतोऽनभिप्रेतश्चार्थो व्याख्यातः, अथवाऽनन्तरगाथापश्चार्द्धेनाविशेषेणेन्द्रियाणां मनसश्चानुकूलोऽभिप्रेतोऽर्थः इतरस्त्वनभिप्रेत उक्तः, एतद्गाथयाऽपि स एव विशेषतो दर्शित इति व्याख्येयम्,**

---

હવે ધ્યાન આપો...

इत्थं व्याख्यानतो... ૪૩મી ગાથામાં ઇન્દ્રિયોની પ્રધાનતાને લઈને અને ૪૪મી ગાથામાં મનની પ્રધાનતાને લઈને

અભિપ્રેત–અનભિપ્રેત અર્થ બતાવાયો. આમાં જો કે ગાથામાં આવો કોઈ સ્પષ્ટ ભેદ આપ્યો નથી. પણ વ્યાખ્યાન દ્વારા પદાર્થનો વિશેષ બોધ થાય. એ રીતે એ વિશેષ પ્રતિપત્તિને આશ્રયીને ઇન્દ્રિયોની અપેક્ષાથી ૪૩મી ગાથામાં અને મનની અપેક્ષાથી ૪૪મી ગાથામાં... એમ ભેદથી અભિપ્રેત અને અનભિપ્રેત અર્થ વ્યાખ્યાન કરાયો.

'अथवा' – (વ્યાખ્યાનથી વિશેષ પ્રતિપત્તિનો આશ્રય ન કરીએ તો...) ૪૩મી ગાથાનો `લ્લો અડધો ભાગ છે (અહીં 'अनन्तरगाथापश्चार्द्धेन' લખ્યું છે – અહીં ૪૪મી ગાથા ચાલી રહી છે. માટે તેની અપેક્ષાએ અનંતર ગાથા ૪૩મી થશે અને પશ્ચાર્દ્ધ = ૪૩મી ગાથાનો પાછળનો ભાગ), તેના વડે અવિશેષથી (=ઇન્દ્રિય અને મનની પ્રધાનતાને લીધા વિના સામાન્ય સ્વરૂપે) એ પ્રમાણે બતાવ્યું કે–

ઇન્દ્રિયોને અને મનને અનુકૂલ જે અર્થ તે અભિપ્રેત !

ઇન્દ્રિયોને અને મનને પ્રતિકૂલ જે અર્થ તે અનભિપ્રેત !

(अणुलोमो अभिप्पेओ = ઇન્દ્રિયોને અનુકૂલ તે અભિપ્રેત...

पडिलोमो अणभिप्पेओ = ઇન્દ્રિયોને પ્રતિકૂલ તે અનભિપ્રેત... આ પૂર્વે કરેલો અર્થ હતો.

હવે अणुलोमो अभिप्पेओ = ઇન્દ્રિયો અને મનને અનુકૂલ તે અભિપ્રેત... એ રીતે અર્થ કરી દીધો.)

एतद्गाथयाऽपि... આ ગાથા વડે પણ = ૪૪મી ગાથા વડે પણ એ જ પદાર્થ વિશેષથી દેખાડાયો છે કે– "સર્વ ઔષધ વિધિઓ જે ઇન્દ્રિય અને મનને અનુકૂલ તે અભિપ્રેત... વગેરે."

(પૂર્વમાં ઔષધવિધિ, ગંધવિધિ વગેરે વિશેષ પદાર્થોનો ઉલ્લેખ ન હતો, આ ગાથામાં એ બધાનો ઉલ્લેખ છે... માટે વિશેષથી દર્શાવાયેલો કહેવાય.) આ પ્રમાણે વ્યાખ્યાન કરવું.

---

वृत्ति :- अत्र च सर्वा इति सर्वप्रकारा अनुलोमा इति चेन्द्रियमनसामनुकूलाः, शेषं प्राग्वत् । उपेक्षणीयस्य त्विहानभिधानं नयस्य कस्यचिन्मतेनानभिप्रेत एव तस्यान्तर्भावादिति गाथार्थः ।।४४।।

---

પ્રશ્ન : પૂર્વના વ્યાખ્યાનમાં તમે सर्वाः = ઇન્દ્રિયોને અનુકૂલ અને પ્રતિકૂલ... એમ બંને લીધેલા, અને પછી એમાંથી જે મનને અનુલોમ તે અભિપ્રેત ! એમ મનની પ્રધાનતા કરીને વ્યાખ્યા કરેલી.

હવે બીજા વ્યાખ્યાનમાં તો બેમાંથી એકેયની પ્રધાનતાની વાત જ નથી. તો પછી અહીં सर्वाः અને अनुलोम શબ્દની વ્યાખ્યા બદલવી પડશે ને ?

ઉત્તર : અહીં = બીજા વ્યાખ્યાનમાં, सर्वाः = તમામ પ્રકારની, अनुलोमा = ઇન્દ્રિય અને મનને અનુકૂલ... આ પ્રમાણે અર્થ કરવો. અર્થાત્ ઇન્દ્રિય અને મનને અનુકૂલ તમામ પ્રકારની ઔષધવિધિઓ અભિપ્રેત છે... આ પ્રમાણે અર્થ થશે.

બાકી બધા શબ્દોનું વ્યાખ્યાન તો પૂર્વની જેમ જ સમજવાનું છે.

(સ્પષ્ટ અર્થ ફરી એકવાર જોઈ લઈએ.

પ્રથમ વ્યાખ્યાન :- *ગાથા ૪૩* - જે વસ્તુઓ ઇન્દ્રિયોને અનુકૂલ હોય તે અભિપ્રેત ! તેનાથી વિપરીત તે અનભિપ્રેત!

*ગાથા ૪૪* - જે વસ્તુઓ ઇન્દ્રિયોને અનુકૂલ કે પ્રતિકૂલ હોય, તે કોઈપણ વસ્તુ જો મનને અનુકૂલ હોય તો અભિપ્રેત! તેનાથી વિપરીત તે અનભિપ્રેત !

દ્વિતીય વ્યાખ્યાન :- *ગાથા ૪૩* - જે વસ્તુઓ ઇન્દ્રિય અને મનને અનુકૂલ હોય તે અભિપ્રેત ! તદ્વિપરીત તે અનભિપ્રેત !

*ગાથા ૪૪* - 'જે વસ્તુઓ'થી કોઈ વિશેષ વસ્તુઓ બતાવી ન હતી... એ હવે બતાવે છે કે જે ઇન્દ્રિય અને મનને અનુકૂલ હોય એવી તમામ પ્રકારની ઔષધવિધિઓ વગેરે વસ્તુઓ અભિપ્રેત ! તદ્વિપરીત તે અનભિપ્રેત !)

| ગાથા | પ્રથમ વ્યાખ્યાન | દ્વિતીય વ્યાખ્યાન |
|---|---|---|
| ૪૩ | अनुलोम = ઇન્દ્રિયોને અનુકૂલ | ઇન્દ્રિયો અને મનને અનુકૂલ |
| ૪૪ | सव्वा = ઇન્દ્રિયોને અનુકૂલ અને પ્રતિકૂલ | તમામ પ્રકારની |
| ૪૪ | अणुलोमो = મનને અનુકૂલ | ઇન્દ્રિય અને મનને અનુકૂલ... |

પ્રશ્ન : અભિપ્રેત-અનભિપ્રેતનું નિરૂપણ તો કર્યું, પણ ઉપેક્ષણીય વસ્તુનું નિરૂપણ કેમ ન કર્યુ ?

ઉત્તર : અહીં ઉપેક્ષણીયનું નિરૂપણ નથી કર્યુ, કેમકે કોઈક નયના મતથી અનભિપ્રેતમાં જ ઉપેક્ષણીયનો સમાવેશ થઈ જાય છે.

(જીવ ઉપેક્ષણીય વસ્તુને ઈચ્છે ખરો ? એને અભિપ્રેત છે ? ના, માટે તે અનભિપ્રેત જ ગણાઈ જાય.)

---

अवतरणिका :- उक्तोऽभिप्रेतानभिप्रेतभेदरूप इतरेतरसंयोगः साम्प्रतममुमेवाभिलापविषयमाह-

---

અવતરણિકા :- અભિપ્રેત અને અનભિપ્રેત ભેદ રૂપ ઈતરેતરસંયોગ કહેવાઈ ગયો. હવે અભિલાપ વિષયક આને જ = ઈતરેતરસંયોગને જ કહે છે.

---

**॥निर्यु. गा. ४५॥ अभिलावे संजोगो दव्वे खित्ते अ कालभावे अ ।**
**दुगसंजोगाईओ अक्खरसंजोगमाईओ ॥४५॥**

व्याख्या - 'अभिलापः' उक्तस्वरूपः, तद्विषयः 'संयोगः' प्रक्रमादभिलापेतरेतरसंयोगः, अयं च त्रिधा सम्भवति, तत्रैकोऽभिलापस्याभिलाप्येन द्वितीयोऽभिलाप्यस्याभिलाप्यान्तरेण तृतीयो वर्णस्य वर्णान्तरेण । तत्राद्योऽभिलाप्यस्य द्रव्यादिभेदेन चतुर्विधत्वात् 'द्रव्ये' इति द्रव्यविषयः, स चार्थाद् घटादिशब्दस्य पृथुबुध्नोदराद्याकारपरिणतद्रव्येण वाच्यवाचकभावलक्षणः सम्बन्धः,

---

ગાથાર્થ : અભિલાપ વિષયક સંયોગ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં અને ભાવમાં છે. દ્વિકસંયોગાદિ અને અક્ષરસંયોગાદિ...

ટીકાર્થ : અભિલાપ એટલે જેનું સ્વરૂપ પહેલા કહેવાઈ ગયું છે તે !

(अभि = आभिमुख्येन लप्यते = कथ्यते अर्थः येन स अभिलापः = वाचकशब्दः) તે અભિલાપમાં એટલે કે અભિલાપવિષયક સંયોગ... (સાતમી વિભક્તિ વિષય અર્થમાં છે.)

પ્રક્રમથી આ ઈતરેતરસંયોગ લેવાનો. (એની જ વાત ચાલુ છે ને !)

अयं च त्रिधा... આ અભિલાપ સંયોગ ત્રણ પ્રકારે સંભવે છે. તેમાં-

(૧) એક - અભિલાપનો = વાચક શબ્દનો અભિલાપ્યની = વાચ્ય પદાર્થની સા`

(૨) બીજો - અભિલાપ્યનો = વાચ્યનો બીજા અભિલાપ્યની = વાચ્યની સાથે

(૩) ત્રીજો - વર્ણનો બીજા વર્ણની સા`

तत्राद्योऽभि-... તેમાં પ્રથમ જોઈએ- એમાં અભિલાપ્ય દ્રવ્યાદિ ભેદથી ચાર પ્રકારે છે, માટે પ્રથમ સંયોગ દ્રવ્યવિષયક

બતાડે છે, ત્યારબાદ ક્ષેત્રવિષયક, કાળવિષયક, ભાવવિષયક એમ ચાર પ્રકારે સંયોગ થશે. (ગાથામાં બધે સપ્તમી વિભક્તિ વિષય અર્થમાં છે.)

**स चार्थाद्... ૧)** **દ્રવ્યવિષયસંયોગ** એટલે અર્થથી = અર્થાપત્તિથી = (અભિલાપ સંયોગનો પ્રથમ પ્રકાર ચાલતો હોવાથી = અભિલાપ્યનો અભિલાપની સાથે સંબંધ રૂપ પ્રકાર ચાલતો હોવાથી) સમજી લેવું કે–

ઘટાદિ શબ્દનો (અભિલાપનો) પૃથુ–બુધ્નોદર આદિ આકાર રૂપે પરિણમેલા દ્રવ્યની (અભિલાપ્યની) સાથે વાચ્યવાચકભાવ રૂપ જે સંબંધ છે તે !

(ઘટશબ્દ = વાચક ... ઘટપદાર્થ = વાચ્ય એવું દ્રવ્ય. આ બે વચ્ચે વાચ્ય–વાચક ભાવરૂપી સંબંધ છે. એટલે આ દ્રવ્ય વિષયક આદ્ય અભિલાપ સંયોગ થયો.)

---

वृत्ति :- एवं 'क्षेत्रे च' क्षेत्रविषयः, आकाशध्वनेरवगाहदानलक्षणक्षेत्रेण 'कालभावे' इति समाहारद्वन्द्वः, ततः 'काले' कालविषयः समयादिश्रुतेर्वर्तनादिव्यङ्ग्येन कालपदार्थेन, 'भावे च' भावविषय औदयिकादिवचसो मनुष्यत्वादिपर्यायेण, चशब्दोऽत्र पूर्वत्र च समुच्चये । द्वितीयमाह- द्विकस्य संयोगो द्विकसंयोगः स आदिर्यस्य त्रिकसंयोगादेः सोऽयं द्विकसंयोगादिकः, इहाभिलापसंयोगस्य त्रिविधत्वात् तत्र चाद्यस्यानन्तरमेवोक्तत्वात् तृतीयस्य चाभिधास्यमानत्वाद् अर्थाद् द्विकग्रहणेनाभिलाप्यद्वयमेव गृह्यते,

---

એ પ્રમાણે (દ્રવ્યની જેમ)

**૨) ક્ષેત્રવિષયક સંયોગ :-** 'આકાશ' એ પ્રમાણેના શબ્દનો (અભિલાપનો) જગ્યાનું દાન આપવા રૂપ કાર્ય કરનાર ક્ષેત્રની (અભિલાપ્યની) સાથે સંયોગ. ગાથામાં कालभावे સમાહારદ્વન્દ્વ કરેલો છે, તે પછી

**૩) કાલવિષયક સંયોગ :-** સમય વગેરે શબ્દનો વર્તનાદિથી વ્યઙ્ગ્ય = પ્રગટ થતા = જણાતા એવા કાલ પદાર્થની સાથેનો સંયોગ. (૭.૦૦ વાગ્યા એવો શબ્દ પાણી ચુકવવા રૂપ પદાર્થને સ્મરણમાં લાવે છે. માટે આવા શબ્દનો કાળસંબંધી પાણી ચુકવવા રૂપ પદાર્થ સાથે જોડાણ = સંયોગ થાય તે કાળવિષયક સંયોગ.)

**૪) ભાવવિષયક સંયોગ :-** ઔદયિક વગેરે શબ્દનો મનુષ્યત્વ વગેરે પર્યાયની = ભાવની સાથેનો સંયોગ. ('ક્ષાયોપશમિક' શબ્દ બોલો એટલે ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ વગેરે પદાર્થ ઉપસ્થિત થાય તેથી ક્ષાયોપશમિક શબ્દનો ચારિત્રમોહનીય કર્મ વગેરે સાથે સંયોગ થાય તે ભાવવિષયક સંયોગ.)

**च** શબ્દ અહીં અને પહેલા સમુચ્ચય અર્થમાં છે.

(આ રીતે વાચકના વાચ્યની સાથે સંબંધના એટલે કે વાચ્ય–વાચકભાવ રૂપ પ્રથમ અભિલાપ સંયોગના દ્રવ્યાદિ ચાર ભેદ દર્શાવી દીધા છે.)

**द्वितीयमाह–...** હવે એક વાચ્યનો બીજા વાચ્યની સાથેના સંબંધ રૂપ બીજા અભિલાપસંયોગને કહે છે કે– દ્વિકનો સંયોગ તે દ્વિકસંયોગ ! તે દ્વિકસંયોગ જે ત્રિકસંયોગ વગેરેની આદિ રૂપ છે, તે આ દ્વિકસંયોગાદિ ! (સમાસ દર્શાવ્યો છે.)

**પ્રશ્ન :** બેનો સંયોગ... પણ કયા બેનો સંયોગ ? એમ કયા ત્રણનો સંયોગ ?

**इहाभिलापसंयोगस्य... ઉત્તર :** જુઓ, અહીં અભિલાપસંયોગ ત્રણ પ્રકારનો છે. તેમાં ગાથાના પૂર્વાર્દ્ધ વડે વાચકનો વાચ્ય સાથેના સંયોગ રૂપ પ્રથમ પ્રકાર તો હમણા જ કહી ગયા. અને 'अक्खरसंजोगमाईओ' પદ દ્વારા અક્ષરનો અક્ષરની સાથેના સંયોગ રૂપ ત્રીજો પ્રકાર હવે કહેવાના છે. એટલે અર્થાપતિથી બીજો ભેદ જ બાકી રહે છે અને એ છે અભિલાપ્યનો અભિલાપ્ય સાથેના સંબંધ ! એટલે અહીં અર્થાપત્તિથી દ્વિક શબ્દના ગ્રહણ વડે બે અભિલાપ્ય = બે વાચ્ય પદાર્થો જ લેવાના

છે. (એટલે કે) એ બેનો પરસ્પર સંયોગ લેવાનો છે.

वृत्ति :- तत्र द्विकसंयोगो यथा-स च स च = तौ, त्रिकसंयोगो यथा-स च तौ च = ते, अत्र तौ च ते चेत्युक्ते स च स च तथा स च तौ चेत्यनुक्तावप्येकत्राभिलाप्यार्थद्वयमन्यत्र चाभिलाप्यार्थत्रयं सह प्रतीयते, अभिलापसंयोगत्वं चास्याभिलापद्वारकत्वादभिलाप्येन सह प्रतीतेः ।

તેમાં દ્વિકસંયોગ દા. ત. स च स च = तौ

ત્રિકસંયોગ દા. ત. स च तौ च = ते

(तौ એ જુદા પ્રકારનો અભિલાપસંયોગ છે. ते એ જુદા પ્રકારનો અભિલાપસંયોગ છે.)

પ્રશ્ન : પણ આ તો સમાસ કર્યો, આમાં અભિલાપ્ય પદાર્થોનો પરસ્પર સંયોગ કયાં છે ?

अत तौ च ते... ઉત્તર : અહીં तौ અને ते બોલો, એટલે स च स च અને स च तौ च એમ ન બોલો, તો પણ एकत्र = तौ શબ્દના સ્થાને બે અભિલાપ્ય અર્થો, અને अन्यत्र = ते શબ્દના સ્થાને ત્રણ અભિલાપ્ય અર્થો, એક સાથે પ્રતીત થાય છે = અનુભવાય છે = જણાય છે.

પ્રશ્ન : પણ આમાં તો અભિલાપ્યોનો જ સંયોગ છે, તો પછી આને અભિલાપ સંયોગ શી રીતે કહેવાય ?

ઉત્તર : આ સંયોગ અભિલાપ સંયોગ કહી શકાય. કારણ કે અહીં અભિલાપ્યોની જે સહ પ્રતીતિ = એક સાથે પ્રતીતિ થાય છે, તે અભિલાપ દ્વારા થાય છે.

(तौ અભિલાપ દ્વારા (શબ્દ દ્વારા) બે અભિલાપ્યોની પ્રતીતિ થાય છે.

ते અભિલાપ દ્વારા ત્રણ કે ઘણા અભિલાપ્યોની પ્રતીતિ થાય છે. એટલે આ સંયોગ અભિલાપસંયોગ કહેવાય.

હકીકતમાં અહીં એ બે અભિલાપ્યોનો સંયોગ ન પણ થયો હોય, છતાં માત્ર અભિલાપના કારણે બંનેની સહપ્રતીતિ થાય છે, એટલે પ્રધાનતા અભિલાપની છે.)

(એક અભિલાપ્યની બીજા અભિલાપ્યની સાથે પ્રતીતિ... એ રીતે ત્રીજી વિભક્તિનો અર્થ લેવાનો છે. એનો ાવાર્થ ઉપર મુજબ છે. કે બંનેની એકસાથે પ્રતીતિ.)

तृतीयमाह-अक्षरे च अक्षराणि च अक्षराणि तेषां संयोगः अक्षरसंयोगः स आदिर्यस्योदात्ताद्य-शेषवर्णधर्मसंयोगस्य सोऽयमक्षरसंयोगादिकः, मकारोऽलाक्षणिकः, तत्राक्षरयोः संयोगो यथा-क इति, अक्षराणां संयोगः यथा श्रीरिति, उदात्तादिवर्णधर्मसंयोगास्तु स्वधिया भावनीयाः, अस्याप्यभिलापसंयोगत्वं वर्णादीनां कथञ्चिदभिलापानन्यत्वेन तदात्मकत्वात्,

હવે અક્ષરનો અક્ષરની સાથે સંયોગ રૂપ ત્રીજા અભિલાપસંયોગને કહે છે. ગાથામાં अक्खरसंजोगमाइओ લખેલું છે. એનો સમાસ જોઈએ.

अक्षरे च अक्षराणि च इति अक्षराणि

तेषां संयोगः = अक्षरसंयोगः (આવો સમાસ શા માટે કર્યો ? એ આગળ દર્શાવશે.)

स = अक्षरसंयोग आदिः यस्य स अक्षरसंयोगादिकः ગાથામાં म અલાક્ષણિક છે. માટે કાઢી નાં

यस्य થી કોણ લેવાના ? એ બતાવે છે કે- अ વગેરે વર્ણોના જે ઉદાત્ત, અનુદાત્ત વગેરે ધર્મો છે. એ તમામે તમામ ધર્મોનો સંયોગ यस्य થી લેવાનો.

तत्राक्षरयोः... તેમાં બે અક્ષરનો સંયોગ દા. ત. क (क् + अ).

(એક જ અક્ષરનો તો સંયોગ થાય નહિ. સંયોગ માટે બે વસ્તુ જોઈએ. એટલે બે અક્ષરો ઓછામાં ઓ । જોઈએ અને અહિં અક્ષરસંયોગ એટલે કે એક અક્ષરનો બીજા અક્ષર સાથે જ સંયોગ વિચારવાનો છે...) માટે જ अक्षरे च એમ દ્વિવચનમાં સમાસ ખોલેલો.

अक्षराणां संयोगः... અક્ષરોનો સંયોગ દા. ત. श्रीः (श् + र् + ई...)

उदात्तादिवर्ण... વર્ણોના જે ઉદાત્તાદિ ધર્મો છે. તેના સંયોગો તો સ્વબુદ્ધિથી વિચારી લેવા. (ઉદાત્તનો અનુદાત્ત સાથે, ઉદાત્તનો ત્વરિત સાથે... વગેરે)

પ્રશ્ન : આ સંયોગને અભિલાપ સંયોગ કેમ કહો

अस्याप्यभिलाप... ઉત્તર : જેમ અભિલાપ્યોનો સંયોગ એ અભિલાપસંયોગ તરીકે સાબિત કર્યો છે, તેમ આ અક્ષરસંયોગાદિ પણ અભિલાપસંયોગ જ છે.

કેમકે વર્ણ, ઉદાત્તાદિ ધર્મો એ કોઈક અપેક્ષાએ અભિલાપથી અભિન્ન છે. અને તેથી તે અભિલાપ સ્વરૂપ છે. તેથી તેઓનો સંયોગ અભિલાપસંયોગ કહી શકાય.

---

वृत्ति :- यद्वाऽक्षरसंयोग इत्यनेन सर्वोऽपि व्यञ्जनसंयोग उक्तः, आदिशब्देन त्वर्थसंयोगः, एतद्विशेषणं च द्विकसंयोगादिरिति योजनीयम्, अन्यत् प्राग्वत्,

---

અથવા બીજી રીતે વ્યાખ્યાન કરીએ તો–

अक्खरसंजोगमाइओ = अक्षरसंयोगादिः એમ જે ગાથામાં લખેલું છે. તેમાં 'अक्षरसंयोग' એ શબ્દ વડે તમામે તમામ વ્યંજન સંયોગ = અક્ષર સંયોગ કહેવાયા. आदि શબ્દ વડે તમામે તમામ અર્થસંયોગ = અભિલાપ્યસંયોગ કહેવાયા. (બીજા પ્રકારનો જે અભિલાપસંયોગ બતાવ્યો...તે...) – दुगसंजोगामाईओ = द्विकसंयोगादिः એ શબ્દ अक्षरसंयोगादिः નું વિશેષણ છે. આ પ્રમાણે બધે જોડવું.

द्विकसंयोगादिः अक्षरसंयोगः માં બે અક્ષરોનો, ત્રણ અક્ષરોનો સંયોગ...

द्विकसंयोगादिः अर्थसंयोगः માં બે અભિલાપ્યોનો, ત્રણ અભિલાપ્યોનો આ પ્રમાણે અન્વય થશે.

બાકી બધું પૂર્વની જેમ જ સમજવું.

(પ્રથમ વ્યાખ્યાન : द्विकसंयोगादिः = બે અભિલાપ્યોનો સંયોગ વગેરે... આદિ શબ્દથી ત્રણ અભિલાપ્યનો

अक्षरसंयोगादिः = બે અક્ષરોનો સંયોગ વગેરે... આદિ શબ્દથી ઉદાત્ત વગેરે ધર્મનો સંયોગ

દ્વિતીય વ્યાખ્યાન : द्विकसंयोगादिः = બે અક્ષરોનો સંયોગ વગેરે... બે અભિલાપ્યોનો સંયોગ...

अक्षरसंयोगादिः = અક્ષરસંયોગ વગેરે... અર્થ = અભિલાપ્ય સંયોગ...)

---

वृत्ति :- द्रव्यसंयोगत्वं चास्याभिलापस्य द्रव्यत्वात्, द्रव्यत्वं चास्य स्पर्शवत्त्वेन गुणाश्रयत्वात्, वक्ष्यति हि- *"गुणाण[1]मासओ दव्वं"* ति, न च स्पर्शवत्त्वमसिद्धम्, प्रतिघातजनकत्वात्, तथाहि-यत् प्रतिघातजनकं तत्स्पर्शवत् दृष्टम्, यथा लोष्ठ्वादि, प्रतिघातजनकश्च शब्दः, अन्यथा तथाविधशब्दश्रुतावनुभवसिद्ध-

1. गुणानामाश्रयो द्रव्यमिति ।

श्रोत्रान्तःपीडाया असम्भवादिति गाथार्थः ।।४५।।

---

પ્રશ્ન : દ્રવ્યસંયોગના મૂળ બે ભેદ બતાવેલા : (૧) સંયુક્તક દ્રવ્યસંયોગ, (૨) ઈતરેતર દ્રવ્યસંયોગ. અત્યારે આ બધા ભેદો બીજાના = ઈતરેતરના છે. એટલે કે આ બધા સંયોગો દ્રવ્યસંયોગ રૂપ તો ખરા જ ને ?

પણ આ જે અક્ષરોનો સંયોગ છે, એ દ્રવ્યસંયોગ શી રીતે ગણાય ? કેમકે અક્ષરો દ્રવ્ય નથી, એ તો આકાશનો ગુણ છે.

द्रव्यसंयोगत्वं... ઉત્તર : અક્ષરોનો સંયોગ દ્રવ્યસંયોગ જ છે. કેમકે અભિલાપ = અક્ષર દ્રવ્ય જ છે.

પ્રશ્ન : 'અભિલાપ દ્રવ્ય છે' એની સાબિતી શું ?

द्रव्यत्वं... ઉત્તર : અભિલાપ સ્પર્શવાળા છે. માટે અભિલાપ સ્પર્શરૂપગુણવાળા છે. માટે અભિલાપ દ્રવ્ય છે.

કારણ કે જે ગુણવાન હોય, તે દ્રવ્ય જ હોય. આગળ કહેવાના જ છે કે– "ગુણોનો આશ્રય તે દ્રવ્ય !"

न च... પ્રશ્ન : પણ અભિલાપમાં સ્પર્શવત્ત્વ જ અસિદ્ધ છે ?

तथाहि–यत्... ઉત્તર : ના, એ અસિદ્ધ નથી. અભિલાપ પ્રતિઘાતજનક હોવાથી તેમાં સ્પર્શવત્ત્વ સિદ્ધ છે. તે આ પ્રમાણે–

જે પ્રતિઘાતનું જનક હોય, તે સ્પર્શવાળું દેખાયેલું છે, દા. ત. પત્થર વગેરે. શબ્દ પણ પ્રતિઘાતનો જનક છે.

જો એ પ્રતિઘાતનો જનક ન હોત તો તેવા પ્રકારના (મોટા) શબ્દોનું શ્રવણ થાય, ત્યારે જે કાનની અંદર પીડા અનુભવથી સિદ્ધ છે, એનો સંભવ ન થાય.

(શબ્દ કાનને પ્રતિઘાત = નુકસાન કરે છે, તેથી જ તો ત્યાં પીડા થાય છે. જોરદાર ઢોલ વાગતા હોય, ત્યારે કાનમાં પીડા બધાને અનુભવ સિદ્ધ જ છે. એટલે શબ્દ પ્રતિઘાતજનક છે જ, માટે સ્પર્શવાન છે, માટે ગુણાશ્રય છે, માટે દ્રવ્ય છે. માટે અક્ષરોનો સંયોગ દ્રવ્યસંયોગ કહી શકાય છે.)

---

अवतरणिका :- उक्तोऽभिलापविषय इतरेतरसंयोगः, सम्प्रति सम्बन्धनसंयोगरूपस्य तस्यावसरः, सोऽपि द्रव्यक्षेत्रकालभावभेदतश्चतुर्धा, तत्र द्रव्यसम्बन्धनसंयोगमाह–

---

અવતરણિકા :- અભિલાપ વિષયક ઈતરેતરસંયોગ કહેવાઈ ગયો.

હવે સંબંધન સંયોગ રૂપ એવા ઈતરેતરનો અવસર છે. તે પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ ભેદથી ચાર પ્રકારે છે. તેમાં દ્રવ્યસંબંધનસંયોગને કહે છે.

---

।।निर्यु. गा. ४६।। संबंधणसंजोगो सच्चित्ताचित्तमीसओ चेव ।
दुपयाइ हिरण्णाई रहतुरगाई अ बहुहा उ ।।४६।।

व्याख्या – सम्बध्यते प्रायो ममेदमित्यादिबुद्धितोऽनेनास्मिन् वाऽऽत्माऽष्टविधेन कर्मणा सहेति सम्बन्धनः स चासौ संयोगश्च सम्बन्धसंयोगः, 'सच्चित्ताचित्तमीसओ चेव' त्ति प्राग्वत् सुपो लुकि सचित्तोऽचित्तो मिश्रकः, चः समुच्चये, एवः भेदावधारणे, यथाक्रममुदाहरणान्याह द्विपदेत्यादिना, सचित्ते द्विपदादिः, आदिशब्दाच्चतुष्पदापदपरिग्रहः, तत्र च द्विपदसंयोगो तथा–पुत्री, चतुष्पदसंयोगो यथा–गोमान्, अपदसंयोगो यथा–पनसवान् । अचित्ते हिरण्यादिः, आदिशब्दान्मणिमुक्तादिग्रहः, स

च हिरण्यवानित्यादि । मिश्रे रथयोजितस्तुरगः मध्यपदलोपे रथतुरगस्तदादिः, आदिशब्दाच्छकट-वृषभादिपरिग्रहः, स च रथिक इत्यादि,

ગાથાર્થ : સંબંધન સંયોગ સચિત્ત, અચિત્ત અને મિશ્ર છે. એ દ્વિપદાદિ, હિરણ્યાદિ અને રથ–ઘોડાદિ એમ બહુ પ્રકારનો છે.

ટીકાર્થ : सम्बध्यते प्रायो... જે સંયોગ વડે અથવા તો જે સંયોગ હોતે છતેં આત્મા પ્રાયઃ 'આ મારું છે' એ પ્રમાણેની બુદ્ધિ થવાને લીધે આઠ પ્રકારના કર્મની સાથે સંબંધાય છે તે સંબંધનસંયોગ કહેવાય છે.

સંબંધન એવો સંયોગ તે સંબંધન સંયોગ ! (સમાસ બતાવ્યો)

'सच्चित्ताचित्तमीसओ चेव'

પૂર્વની જેમ = પ્રાકૃત હોવાના કારણે વિભક્તિનો લોપ થયેલો છે, એટલે सचित्तः, अचित्तः मिश्रकः એમ ત્રણ પ્રકારે છે. च આ ત્રણના સમુચ્ચયમાં છે.

एव ત્રણ જ ભેદ છે... એમ ભેદનું અવધારણ કરવામાં છે.

यधाक्रम–... ક્રમ પ્રમાણે દૃષ્ટાન્તોને કહે છે. દ્વિપદ વગેરે શબ્દો દ્વારા... (દૃષ્ટાન્તોને કહે છે...)

સચિત્તમાં દ્વિપદ વગેરે. आदि શબ્દથી ચતુષ્પદ, અપદનો પરિગ્રહ કરવો. તેમાં–

દ્વિપદ સંયોગ :- દા. ત. પુત્રવાળો. (પુત્ર દ્વિપદ છે, પિતા એના સંયોગવાળો છે.)

ચતુષ્પદ સંયોગ :- દા. ત. ગાયવા ો.

અપદ સંયોગ :- દા. ત. પનસવાળો (પનસ ફળ વિશેષ છે. તે વાળો વૃક્ષ સચિત્ત છે, અપદ છે.)

અચિત્તમાં હિરણ્ય વગેરે, आदि શબ્દથી મણિ, મુક્તા વગેરે લેવા. તે અચિત્ત સંયોગ હિરણ્યવાળો, મણિવાળો... વગેરે રૂપે થશે.

મિશ્રમાં રથમાં જોડાયેલો ઘોડો. અહીં 'રથતુરગ'ની મધ્યમાં રહેલ योजित પદનો લોપ થયો છે એટલે મૂળસૂત્રમાં રથતુરગ શબ્દ મૂકેલો છે. આ વગેરે મિશ્રમાં લેવા.

आदि શબ્દથી ગાડામાં જોડાયેલો બળદ વગેરે લેવા અને તે મિશ્રસંયોગ રથિક = રથમાં જોડેલા ઘોડાવા ો... વગેરે રૂપે થશે.

वृत्ति :- 'चः' समुच्चये, 'बहुधा तु' इति बहुप्रकार एव, तुशब्दस्यैवकारार्थत्वात्, इह च सचित्तविषयत्वात् सम्बन्धनसंयोगोऽपि सचित्त इत्यादि सर्वत्र भावनीयम् । आह–यदि सचित्तादिविषयत्वादसौ सचित्तादिरिति व्यपदिश्यते, एवं सत्यात्मन एवासौ तैः सह, तत उभयनिष्ठत्वात्तेनापि किं न व्यपदिश्यते ?, उच्यते, यवाङ्कुरादिवदसाधारणेनैव व्यपदेशः, आत्मनश्च सर्वैरप्यमीभिरसाविति तस्य साधारणत्वान्न तेनेह व्यपदेशः पृथिव्यादिभिरिवाङ्कुरस्येति न दोषः, एवमुत्तरत्रापि, इति गाथार्थः ।।४६।।

चः સમુચ્ચયમાં છે.

बहुधा तु ઘણા પ્રકારનો જ છે.

तु શબ્દ एव કારના અર્થવાળો હોવાથી ઉપર 'જ' કાર લીધો છે.

પ્રશ્ન : 'સંબંધનસંયોગ સચિત્ત, અચિત્ત, મિશ્ર છે.' આવું તમે કહ્યું છે, પણ સંયોગ પોતે ક્યાં સચિત્ત હોવાનો ?

સચિત્તનો સંયોગ... એ બરાબર, પણ સચિત્તઃ સંયોગઃ... આ ખોટું. નિર્યુક્તિમાં તો એવું જ લખેલું છે.

**इह च...** ઉત્તર : સચિત્તનો જે સંબંધનસંયોગ થાય, તેનો વિષય કોણ ? સચિત્ત ! એટલે આ સંયોગ સચિત્તવિષયક બન્યો, આમ એ સચિત્તવિષયક હોવાથી (વિષયનો વિષયીમાં અભેદોપચાર કરીને) સંયોગ પણ સચિત્ત કહ્યો છે.

એમ **सर्वत्र** = અચિત્ત અને મિશ્રમાં પણ વિચારી લેવું.

**आह–यदि...** પ્રશ્ન : જો આ સંબંધનસંયોગ સચિત્તાદિ વિષયવાળો હોવાથી 'સચિત્તસંયોગ...' એ રીતે વ્યવહાર કરાતો હોય, (બોલાતો હોય... કહેવાતો હોય...)

**एवं सत्यात्मन...** તો તો પછી ખરેખર તો આ સંયોગ આત્માનો જ, તે સચિત્તાદિની સાથે થાય છે. તો આ રીતે તો આ સંયોગ ઉભયમાં= આત્મામાં + સચિત્તાદિમાં રહેલો હોવાથી આત્મા વડે પણ કેમ વ્યપદેશ = વ્યવહાર ન કરાય. અર્થાત્ આત્મ–સંબંધનસંયોગ. એમ વ્યવહાર કરવો જોઈએ ને ?

**उच्यते...** ઉત્તર : પૃથ્વીમાંથી અંકુરો પ્રગટે, એટલે કોઈપણ અંકુર પૃથ્વીનો અંકુર તો હોય જ. હવે એ અંકુર યવમાંથી, ઘઉંમાંથી, ચોખામાંથી પ્રગટ થાય છે, તેથી તે અંકુર યવાંકુર, ગોધૂમાંકુર, ડાંગરાંકુર... એ રૂપે હોય જ.

એમાં જ્યારે પુછવામાં આવે કે 'આ અંકુર કયા છે ?'

તો કોઈ એવો વ્યપદેશ નથી કરતું કે– 'આ પૃથ્વી–અંકુર છે.' કારણ કે પૃથ્વીઅંકુરત્વ તો તમામ અંકુરમાં સાધારણ= સમાન છે. પણ એવો વ્યપદેશ કરે છે કે– 'આ યવાંકુર છે, ગોધૂમાંકુર છે...' કારણ કે આ યવાંકુરત્વાદિ એ અસાધારણ છે. એટલે ત્યાં અસાધારણ વડે વ્યપદેશ થાય.

**आत्मनश्च...** પ્રસ્તુતમાં આત્માનો તો સચિત્તાદિ તમામે તમામની સાથે સંયોગ છે જ, એટલે આત્માનો આ સંયોગ સાધારણ છે, એટલે આત્મા વડે અહીં વ્યપદેશ કરાતો નથી. જેમ અંકુરનો પૃથ્વી વગેરે વડે વ્યપદેશ નથી કરાતો તેમ!

(પૃથ્વ્યાદિમાં આદિ શબ્દથી વનસ્પતિ લેવાય. કોઈપણ અંકુર વનસ્પતિનું જ હોય ને ? એટલે વનસ્પતિ–અંકુરત્વ પણ બધા અંકુરમાં સાધારણ છે...)

પણ સચિત્ત, મિશ્ર, અચિત્ત... આ ત્રણનો સંયોગ એ અસાધારણ છે. સચિત્ત સંયોગમાં મિશ્ર નથી, મિશ્રમાં સચિત્ત નથી... બધા અલગ–અલગ છે. માટે સચિત્ત–સંબંધન સંયોગ... ઈત્યાદિ વ્યપદેશ કરેલો છે. પણ આત્મ–સંબંધનસંયોગ... એ રીતે આત્મા વડે પણ વ્યપદેશ કરેલો નથી.

**एवमुत्तरत्रापि...** એમ આગળ પણ આ વાત સમજી લેવી.

---

**अवतरणिका :- अमुमेव क्षेत्रकालभावविषयमभिधित्सुराह-**

---

**અવતરણિકા :-** ક્ષેત્ર, કાળ અને ભાવ વિષયવાળા એવા એ જ ઈતરેતર સંબંધનસંયોગને બતાવે છે.

(દ્રવ્યસંબંધન સંયોગ થઈ ગયો, હવે ક્ષેત્રાદિ ત્રણ સંબંધનસંયોગ કહેવાના છે. એ બધા જ પાછા દ્રવ્ય સંયોગ તો કહેવાશે જ. કેમકે મૂળભેદ તો દ્રવ્ય સંયોગનો જ ચાલે છે. અર્થાત્–

દ્રવ્યસંબંધનસંયોગ ઈતરેતર દ્રવ્યસંયોગ.

ક્ષેત્રસંબંધનસંયોગ ઈતરેતર દ્રવ્યસંયોગ.

કાળસંબંધનસંયોગ ઈતરેતર દ્રવ્યસંયોગ.

ભાવસંબંધનસંયોગ ઈતરેતર દ્રવ્યસંયોગ. એ પ્રમાણે બોલાશે... વધુ સ્પષ્ટતા આગળ થશે.

॥निर्यु. गा. ४७॥ खेत्ते काले य तहा दुण्हवि दुविहो उ होइ संजोगो ।
भावंमि होइ दुविहो आएसे चेवऽणाएसे ॥४७॥

व्याख्या - 'क्षेत्रे' क्षेत्रविषयः, 'काले च' कालविषयश्च 'तथा' इति तेनागमप्रसिद्धप्रकारेण 'द्वयोरपि' इत्यनयोरेव क्षेत्रकालयोः 'द्विविधः' द्विभेदः, चशब्दो 'भावम्मि' इत्यत्र योक्ष्यते, भवति संयोगः प्रक्रमात् सम्बन्धनसंयोगः, न च क्षेत्रे काले इत्युक्ते द्वयोरपीति पौनरुक्त्याद् दुष्टम्, लोकेऽपि हस्तिन्यश्वे च द्वयोरपि राज्ञो दृष्टिरित्येवंविधप्रयोगदर्शनाद्, 'भावे च' भावविषयश्च, संयोग इति संटङ्कः, 'भवति द्विविधः'

---

ગાથાર્થ :- ક્ષેત્રમાં અને કાળમાં એ બંનેયમાં, ભાવમાં તથા = આગમ પ્રસિદ્ધ પ્રકાર વડે બે પ્રકારનો સંયોગ છે. આદેશમાં અને અનાદેશમાં !

ટીકાર્થ : ક્ષેત્રમાં એટલે કે ક્ષેત્રવિષયક, કાળમાં એટલે કે કાળવિષયક આ

तथा = આગમમાં પ્રસિદ્ધ એવા પ્રકાર વડે ક્ષેત્રમાં અને કાળમાં એ બંનેમાં બે પ્રકારનો છે.

અહીં સંયોગ એટલે પ્રક્રમથી સંબંધનસંયોગ લેવાનો.

(दुण्ह वि = જે ક્ષેત્ર-કાળની વાત ચાલે છે. તે જ ક્ષેત્ર-કાળમાં)

च શબ્દ 'भावम्मि' એ સ્થાને જોડશે.

પ્રશ્ન : જ્યારે 'क्षेत्रे काले च' એમ સ્પષ્ટ બે શબ્દો લખી જ દીધા છે, ત્યારે द्वयोरपि એ શબ્દ પુનરૂક્ત થાય છે અર્થાત્ વગર ફોગટનો કહેવાયેલો થાય છે. તેથી આ વચન દુષ્ટ છે.

न च क्षेत्रे... ઉત્તર : ના, એવું ન માનવું. કેમકે લોકમાં પણ આવા પ્રકારના પ્રયોગનું દર્શન થાય છે કે-

हस्तिनि अश्वे च द्वयोरपि राज्ञो दृष्टिः હાથીમાં અને ઘોડામાં બંનેમાં રાજાની દૃષ્ટિ છે.

(અહીં જેમ हस्ति + अश्व બે શબ્દ મૂક્યા હોવા છતાં द्वयोरपि લખ્યું છે, તેમ પ્રસ્તુતમાં પણ क्षेत्रे काले च લખ્યું હોવા છતાં द्वयोरपि લખેલું છે, તે નિર્દોષ જાણવું.)

भावे च = ભાવવિષયક

'संयोग' એ અહીં જોડી દેવાનો (संटङ्कः)

એટલે કે ભાવવિષયક સંયોગ બે પ્રકારનો છે.

---

वृत्ति :- कथं क्षेत्रादिद्वैविध्यमित्याह- 'आएसे चेवऽणाएसे' त्ति आङिति मर्यादया-विशेषरूपानतिक्रमात्मिकया दिश्यते-कथ्यत इति आदेशो-विशेषस्तस्मिन्, तदन्यस्त्वनादेशः-सामान्यम्, पूर्वत्र चैव-शब्दयोः समुच्चयावधारणार्थयोर्भिन्नक्रमत्वात्तस्मिंश्चैव,

---

પ્રશ્ન : કેવી રીતે ક્ષેત્રાદિની દ્વિવિધતા થાય છે ?

ઉત્તર : આદેશ અને અનાદેશ આ બે પ્રકારે ક્ષેત્ર, કાળ અને ભાવ બે-બે પ્રકારના છે. તેમાં- आ = मर्यादया = વિશેષ સ્વરૂપનું ઉલ્લંઘન ન થાય, તે રૂપ મર્યાદા વડે दिश्यते = कथ्यते = જે કહેવાય. તે આદેશ. (વ્યુત્પત્તિ-અર્થ) એટલે કે વિશેષ. (રૂઢિ-અર્થ).

तदन्य- તેનાથી ભિન્ન જે હોય તે **અનાદેશ** એટલે કે સામાન્ય.

(એક પુરુષને જોઈને 'આ માણસ છે' એમ બોલવામાં આવે, ત્યારે ત્યાં પુરુષત્વ રૂપ વિશેષનું ઉલ્લંઘન કરીને સામાન્ય એવા મનુષ્યત્વનું કથન કરાય છે. માટે તે **અનાદેશ !**

જ્યારે 'આ પુરુષ છે' એમ બોલાય, ત્યારે ત્યાં પુરુષત્વ રૂપ વિશેષનું ઉલ્લંઘન કર્યા વિના બોલાય છે માટે આ **આદેશ!)**

**પ્રશ્ન :** अनादेश શબ્દનો અર્થ કરી નાંખ્યો, પણ એની પહેલા રહેલા **चेव** નો અર્થ તો બાકી છે ?

**ઉત્તર :** पूर्वत्र = अणाएसे શબ્દની પૂર્વમાં રહેલા **च** અને **एव** શબ્દ કે જે સમુચ્ચય અને અવધારણ અર્થવાળા છે. તે ભિન્નક્રમવાળા હોવાથી अणाएसे પછી એનો અન્વય કરવાનો છે. (એટલે કે आदेशे अनादेशे चैव એમ અન્વય થશે.)

---

**वृत्ति :-** तत्र क्षेत्रविषयोऽनादेशो यथा-जम्बूद्वीपजोऽयम्, आदेशो तु यथा-भारतोऽयम्, कालविषयोऽनादेशो यथा-दौष्षमिकोऽयम्, आदेशो तु-वासन्तिकोऽयम्, भावविषयोऽनादेशो भाववानयम्, आदेशो त्वौदयिकादिभाववानिति।

---

એમાં ક્ષેત્રવિષયક સંબંધન સંયોગ :- (i) અનાદેશમાં. દા. ત. જમ્બૂદ્વીપમાં જન્મેલો આ પુરુષ છે.

(ii) આદેશમાં દા. ત. ભરતક્ષેત્રમાં જન્મેલો આ પુરુષ છે.

(જમ્બૂદ્વીપ સામાન્ય છે, ભરત વિશેષ છે. બંને ક્ષેત્રરૂપ છે તથા આમાં પુરુષનો તે ક્ષેત્ર સાથે સંબંધ બતાવાય છે...)

કાલવિષયક સંબંધન સંયોગ :- (i) અનાદેશમાં દા. ત. પાંચમાં આરામાં ઉત્પન્ન થયેલો આ

(ii) આદેશમાં :- દા. ત. વસંતમાં ઉત્પન્ન થયેલો આ છે.

(પાંચમો આરો સામાન્ય છે. વસંત વિશેષ છે. એ કાળની સાથે પુરુષનો સંબંધ દર્શાવાય છે.)

ભાવવિષયક સંબંધન સંયોગ :- (i) અનાદેશમાં દા. ત. ભાવવાળો આ

(ii) આદેશમાં :- દા. ત. ઔદયિકભાવવાળો આ

(ભાવ સામાન્ય છે. ઔદયિકભાવ વિશેષ છે. આ ભાવની સાથે પુરુષનો સંબંધ દર્શાવાય છે.)

(આ બધું સાપેક્ષ રીતે સમજવું. દા. ત. भारतजोऽयं એ આમ ભલે આદેશ બતાવ્યો, પણ गुर्जरजोऽयं આની અપેક્ષાએ भारतजोऽयं અનાદેશ = સામાન્ય છે.

એમ वासन्तिकोऽयं આ આદેશ चैत्रमासजोऽयं ની અપેક્ષાએ અનાદેશ છે.

औदयिकभाववानयं આ આદેશ मनुष्यत्वादिभाववानयं ની અપેક્ષાએ અનાદેશ છે.)

---

**वृत्ति :-** सामान्यावगमपूर्वकत्वाद्विशेषावगमस्यैवमुदाह्रियते, निर्युक्तौ तु विपर्ययाभिधानं जम्बूद्वीप इति सामान्यमपि लोकापेक्षया विशेषो भरतमिति विशेषोऽपि मगधाद्यपेक्षया सामान्यमित्यादिरूपेण सर्वत्र सामान्यविशेषयोरनियतत्वख्यापनार्थम्, भावे च भवति द्विविध इति भिन्नवाक्यताऽभिधानमनन्तर-ग्रन्थस्यैतद्विषयत्वख्यापनार्थमिति गाथार्थः ।।४७।।

---

**પ્રશ્ન :** ગાથામાં પહેલા આદેશનો અને પછી અનાદેશનો ઉલ્લેખ કરેલો છે. જ્યારે તમે જે દૃષ્ટાન્તો આપ્યા, તેમાં પહેલા અનાદેશનો અને પછી આદેશનો ઉલ્લેખ કરેલો છે, તો આવું કેમ કર્યું ?

सामान्यावगम...- ઉત્તર : વિશેષનો બોધ સામાન્યના બોધપૂર્વક જ થાય. એ વિના નહિ. માટે અમે પહેલા સામાન્યનું = અનાદેશનું અને પછી વિશેષનું = આદેશનું દૃષ્ટાન્ત દર્શાવેલું છે.

પ્રશ્ન : તો પછી નિર્યુક્તિકારે પણ अणाएसे आएसे चेव એમ જ લખવું જોઈએ ને ?

निर्युक्तौ तु... ઉત્તર : નિર્યુક્તિમાં વિપર્યયનું અભિધાન = નિરૂપણ કરેલું છે, એનું કારણ ` 'જંબૂદ્વીપ' એ સામાન્ય છે, છતાં પણ ચૌદરાજ લોકની અપેક્ષાએ વિશેષ છે. 'ભરત' એ વિશેષ છે. છતાં પણ મગધાદિની અપેક્ષાએ સામાન્ય છે. આવા બધા સ્વરૂપથી सर्वत्र=બધે જ = કાળ, ભાવાદિ બધામાં સામાન્ય અને વિશેષ અનિયત છે = અચોક્કસ છે = અનિશ્ચિત છે...

આ પદાર્થ બતાવવા માટે નિર્યુક્તિમાં ઉત્ક્રમથી નિરૂપણ કરેલું છે.

પ્રશ્ન : ક્ષેત્ર, કાળ અને ભાવ ત્રણેયમાં બે ભેદ બતાવ્યા છે, વળી ત્રણેયમાં બે ભેદ 'આદેશ-અનાદેશ' એમ સરખા જ છે. તો પછી ક્ષેત્ર-કાળ માટે એક વાક્ય 'खेते काले य तहा... दुविहो' અને ભાવ માટે અલગ- 'भावंमि होइ दुविहो' વાક્ય શા માટે બનાવ્યું છે ?

અર્થાત્ खेते काले य भावे य तिण्ह वि दुविहो उ होइ संजोगे... આવી કોઈક ગાથા બની શકત ને ?

આમાં તો બે વાર होइ ધાતુ વાપરવો પડ્યો... दुविहो શબ્દ પણ બે વાર વાપરવો પડ્યો...)

ઉત્તર : भावे च भवति द्विविधः આ રીતે જે ભાવ માટે અલગ વાક્યનું કથન કરેલ છે, તે 'અનન્તર ગ્રન્થ = હવે પછી આવનારી ૪૮મી ગાથા એ ભાવવિષયક છે.' એવું જણાવવા માટે કરેલ છે.

(૪૮મી ગાથામાં ક્ષેત્ર-કાળનું નહિ, પણ માત્રને માત્ર ભાવનું વર્ણન છે. એટલે આવું સ્પષ્ટ દર્શાવવા માટે ૪૭મી ગાથામાં भाव ના ભેદ દર્શાવતું વાક્ય અલગ પાડી દેવામાં આવ્યું છે.)

---

अवतरणिका :- अत्र क्षेत्रकालगतयोरादेशानादेशयोरल्पवक्तव्यत्वेन सम्प्रदायादपि सुज्ञानत्वात् तद्विषयः सम्बन्धनसंयोगोऽपि सुज्ञान एवेति मत्वा भावगतादेशानादेशविषयं तमभिधित्सुरुक्तहेतोरेव प्रथममनादेशविषयं भेदत आह-

---

અવતરણિકા :- अत्र... અહીં (ક્ષેત્ર, કાળ, ભાવના દરેકના બે-બે ભેદની રજૂઆત કરી, તેમાં) ક્ષેત્ર અને કાળમાં રહેલા જે આદેશ અને અનાદેશ છે, તેમાં ઓછું કહેવા જેવું છે. (એટલે કે એમાં જણાવવા યોગ્ય બાબતો ઓછી છે.) તેથી

सम्प्रदायादपि... પરંપરા દ્વારા પણ એ સહેલાઈથી જાણી શકાય એમ છે. (શાસ્ત્રમાં વર્ણન કરીએ, તો જ જણાય એવું નથી. પણ સંપ્રદાયથી પણ જણાઈ જાય...) તેથી

तद्विषयः... ક્ષેત્ર-કાળના આદેશ-અનાદેશ સંબંધી સંબંધન સંયોગ પણ સહેલાઈથી જણાઈ જાય એવો જ છે. (એટલે એનું વિવેચન કરવાની જરૂર નથી.) એ પ્રમાણે માનીને નિર્યુક્તિકાર- ભાવ સંબંધી જે આદેશ-અનાદેશ છે, તદ્‌વિષયક એવા સંબંધન સંયોગને કહેવાની ઈચ્છાવાળા છે.

उक्तहेतोः... એમાં અમે પૂર્વે જે હેતુ આપેલો કે 'વિશેષનુ જ્ઞાન સામાન્યજ્ઞાનપૂર્વક જ થાય છે, માટે પહેલા સામાન્યના દૃ ાન્ત આપેલ છે.'

प्रथममनादेशविषयं... એ કહેલા હેતુને કારણે જં સૌ પ્રથમ અનાદેશ વિષયક = સામાન્ય વિષયક ભાવ સંબંધન સંયોગને ભેદો દ્વારા નિર્યુક્તિકાર બતાવે છે.

॥निर्यु. गा. ४८॥ [1]ओदइअ ओवसमिए खइए य तहा खओवसमिए य ।
परिणाम सन्निवाए छव्विहो होअणाएसो ॥४८॥

व्याख्या – तत्रोदयः–शुभानां तीर्थकरनामादिप्रकृतीनां अशुभानां च मिथ्यात्वादीनां विपाकतोऽनुभवनं तेन निर्वृत्तः औदयिकः, क्वचित्तु 'उदयिए' त्ति पठ्यते तत्र च पदावसानवर्तिन एकारस्य गुरुत्वेऽपि विकल्पतो लघुत्वानुज्ञानात् नात्र छन्दोभङ्गः, उक्तं हि–

*"[2]इहियारा बिंदुजुया एओ सुद्धा पयावसाणंमि ।*
*रहवंजणसंजोए परंमि लहुणो विभासाए ॥१॥"*

---

ગાથાર્થ : અનાદેશ ભાવ છ પ્રકારનો છે : (૧) ઔદયિક, (૨) ઔપશમિક, (૩) ક્ષાયિક, (૪) ક્ષાયોપશમિક, (૫) પરિણામ, (૬) સન્નિપાત

ટીકાર્થ : (૧) ઔદયિક : તીર્થંકરનામ વગેરે શુભ પ્રકૃતિઓનો વિપાકથી અનુભવ તે ઉદય !

એમ મિથ્યાત્વ વગેરે અશુભ પ્રકૃતિઓનો વિપાકથી અનુભવ તે ઉદય !

આ ઉદય વડે બનેલો જે ભાવ = પર્યાય (તીર્થંકરત્વાદિ) તે ઔદયિકભાવ !

કોઈક જગ્યાએ ओदइअ ને બદલે उदयिए પાઠ બોલાય છે. (દેખાય છે, જણાય છે.)

પ્રશ્ન : તો પછી એમાં ए ગુરુ હોવાથી છંદનો ભંગ થશે ?

ઉત્તર : પદની અંતે રહેલો ए કાર ગુરુ હોવા છતાં પણ વિકલ્પે લઘુ ગણવાની અનુજ્ઞા આપેલી છે, એટલે એ લઘુ ગણાવાથી અહીં પાઠાંતરમાં પણ છંદનો ભંગ નહિ થાય.

કહ્યું છે કે- (૧) બિંદુવાળો इ કાર = इं, (૨) બિંદુવાળો हि કાર = हिं, (૩) શુદ્ધ ए, (૪) શુદ્ધ ओ (શુદ્ધ = રે, વે એમ કોઈ વ્યંજન સાથે જોડાયેલા નહિ.) જો પદના અંતે હોય, તથા પછી જો र કે ह વ્યંજનનો સંયોગ હોય, (र કે ह ની પૂર્વે પદાંતે રહેલો કોઈપણ અક્ષર લઘુ ગણાય) તો વિકલ્પે લઘુ જાણવા. (અર્થાત્ ગુરુ કે લઘુ જે ગણવા હોય, તે ગણી શકાય.)

---

वृत्ति :– विपाकप्रदेशानुभवरूपतया द्विभेदस्याप्युदयस्य विष्कम्भणमुपशमस्तेन निर्वृत्त औपशमिकः, क्षयः–कर्मणामत्यन्तोच्छेदः तेन निर्वृत्तः क्षायिकः स च, तथा क्षयश्च अभाव उदयावस्थस्य उपशमश्च विष्कम्भितोदयत्वं तदन्यस्य क्षयोपशमौ ताभ्यां निर्वृत्तः क्षायोपशमिकः स च, परीति–सर्वप्रकारं नमनंजीवानामजीवानां च जीवत्वादिस्वरूपानुभवनं प्रति प्रह्वीभवनं परिणामः, 'एदोद्रलोपा विसर्जनीयस्ये'ति विसर्गलोपः,

---

(૨) ઔપશમિક : ઉદય બે ભેદવાળો છે : (૧) વિપાકના અનુભવ રૂપે, (૨) પ્રદેશના અનુભવ રૂપે. આ બેય ભેદવાળા ઉદયનો અટકાવ = પ્રતિબંધ એ ઉપશમ ! તેના વડે બનેલો ભાવ (સમ્યક્ત્વાદિ) તે ઔપશમિક ભાવ !

(૩) ક્ષાયિક : કર્મનો અત્યંત ઉચ્છેદ એ ક્ષય ! તેના વડે બનેલો ભાવ તે ક્ષાયિક ! (स च = ગાથામાં નો च ઉતારવા માટે स च લખેલું છે, स = ક્ષાયિક...)

(૪) ક્ષાયોપશમિક :- ઉદયાવસ્થામાં રહેલા કર્મનો ક્ષય = અભાવ અને તે વિનાના કર્મનો એટલે કે અનુદયાવસ્થામાં

---

1. क्वचिदत्र प्राक् 'आदिट्ठो आएसंमि बहुविहे सरिसनाणचरणगए । सामित्तपच्चयाईमि चेव किंचित्तओ वुच्छं ॥१॥' एषा गाथा दृश्यते, न च व्याख्याता सूचिता वेत्युपेक्षिता । 2. इहिकारौ बिन्दुयुक्तौ एओ (एकारौकारौ) शुद्धौ पदावसाने । रहव्यञ्जनसंयोगे परस्मिन् लघवो विभाषया ॥१॥

રહેલા = સત્તામાં રહેલા કર્મનો ઉદય અટકાવી દેવો તે ઉપશમ !

આ ક્ષય + ઉપશમ = ક્ષયોપશમ. તેના વડે બનેલો ભાવ તે ક્ષાયોપશમિક ભાવ !

(स च એ પણ ગાથાનો च નીચે લાવવા માટે લખેલ છે.)

(૫) પરિણામ :- परि = સર્વ પ્રકારે

नमनं = જીવોનું અને અજીવોનું જીવત્વ અને અજીવત્વાદિ રૂપ સ્વરૂપના અનુભવ પ્રત્યે તૈયાર હોવું = અનુકૂળ હોવું તે પરિણામ ! જીવ સર્વ પ્રકારે જીવત્વનો અનુભવ કરે જ છે, એ જ એનો પરિણામભાવ !

અજીવ સર્વ પ્રકારે અજીવત્વનો અનુભવ કરે જ છે, એ જ એનો પરિણામભાવ !

પ્રશ્ન : ગાથામાં परिणामो એમ લખવાને બદલે परिणाम કેમ છે ? વિસર્ગ કયાં ગયો ?

ઉત્તર : વ્યાકરણના નિયમને આધારે વિસર્ગનો લોપ થયો છે. નિયમનો અર્થ આ પ્રમાણે કે- વિર્સગનો ए, ओ, र કે લોપ આ ચાર થઈ શકે. (અહીં લોપ કર્યો.)

---

वृत्ति :- 'स' मिति संहतरूपतया नीति-नियतं पतनम्-गमनम्, कोऽर्थः ?-एकत्र वर्तनं, सन्निपातः-औदयिकादिभावानामेव द्व्यादिसंयोगः, 'चः' सर्वत्र समुच्चये, इत्थं षड् विधाः-प्रकारा अस्येति षड्विधो भवति 'अनादेशः' सामान्यम्, सामान्यत्वं चौदयिकादीनां गतिकषायादिविशेषेष्वनुवृत्तिधर्मकत्वाद्, अनादेशस्य षड्विधत्वे तद्विषयः संयोगोऽपि षड्विध इत्युक्तं भवति इति गाथार्थः ।।४८।।

---

(૬) સન્નિપાત :- सम् = ભેગા થવા રૂપે = પરસ્પર જોડાવા રૂપે

नि = નિયત = ચોક્કસ, पतन = ગમન, તે સન્નિપાત !

પ્રશ્ન : આનો અર્થ શું થાય ?

ઉત્તર : એક સ્થાને વર્તવું = હોવું = રહેવું તે સન્નિપાત ! (આ વ્યુત્પત્તિ છે.)

औदयिकादिभावा-... ઔદયિક વગેરે ભાવોમાંથી જ બે વગેરેનો સંયોગ એ સન્નિપાત ! (ઘણામાંથી અમુકનું નિર્ધારણ કરવું હોય, તો ત્યારે નિર્ધારણ ષષ્ઠી વિભક્તિ થાય, એનો અર્થ પંચમી વિભક્તિનો નીકળે. એટલે औदयिकादिभावानां લખેલું છે. અર્થ પંચમી પ્રમાણે થાય છે.)

ગાથામાં બે વાર च છે, તે બધે જ સમુચ્ચયમાં છે. આ પ્રમાણે અનાદેશ = સામાન્ય છ પ્રકારવા ો છે.

પ્રશ્ન : પહેલા તમે જ્યારે આદેશ-અનાદેશના દૃષ્ટાન્તો આપેલા, ત્યારે તો ઔદયિકાદિભાવને આદેશ બતાવેલા. માત્ર ભાવને અનાદેશ કહેલું. હવે આ ઔદયિકાદિ ભાવો અનાદેશ શી રીતે બની ગયા ?

सामान्यत्वं... ઉત્તર : ગતિ, કષાય વગેરે ઔદયિકભાવો વિશેષ-ઔદયિકભાવો છે. એ તમામ વિશેષોમાં ઔદયિકત્વ તો રહેલું જ છે. એટલે કે ઔદયિકભાવ ગતિ વગેરે વિશેષોમાં અનુવર્તવાના = રહેવાના = અનુસરવાના સ્વભાવવાળું છે. તેથી એ સામાન્ય= અનાદેશ બને છે.

(સામાન્ય વિશેષમાં અનુસરે... વિશેષ સામાન્યમાં ન અનુસરે...

દા. ત. વૃક્ષ એ સામાન્ય છે, આં ો, પીપળો, લીમડો એ વિશેષ છે.

તો આંબો (વિશેષ) વૃક્ષ તો છે જ.

પીપળો વૃક્ષ તો છે જ.

લીમડો વૃક્ષ તો છે જ.

આમ ત્રણેય વિશેષોમાં સામાન્ય અનુવર્તે છે. પણ જે વૃક્ષ હોય, તે આં ો હોય જ... એવો નિયમ નથી. લીમડાનું વૃક્ષ લીમડો જ છે, આંબો નથી. એટલે વિશેષ સામાન્યમાં અનુવર્તે નહિ.)

**પ્રશ્ન** : ગાથાની, પ્રસ્તાવનામાં તમે કહેલું કે 'અનાદેશ વિષયક સંબંધનસંયોગને કહેશું.' જ્યારે તમે તો માત્ર અનાદેશ રૂપ છ ભાવ જ બતાવ્યા. એના સંબંધી સંબંધનસંયોગ તો બતાવ્યો જ નથી ?

अनादेशस्य... **ઉત્તર** : અનાદેશ છ પ્રકારનો કહ્યો. એટલે 'તદ્વિષયક સંબંધનસંયોગ પણ ે.' એમ કહેવાઈ ગયેલું જ થાય છે. (અર્થાત્ એ અલગથી કહેવાની જરૂર નથી.)

---

अवतरणिका :- इदानीमादेशविषयं तमेव भेदत आह-

---

**અવતરણિકા** :- હવે આદેશ વિષયક એવા તેને જ = સંબંધનસંયોગને જ ભેદથી કહે છે. (આગળની ગાથામાં પણ સંબંધનસંયોગને કહેલો, આ ગાથામાં પણ તેને જ કહે છે, એ રીતે एव નો અર્થ જોડવો.

---

**॥निर्यु. गा. ४९॥ आएसो पुण दुविहो अप्पिअववहारऽणप्पिओ चेव ।**
**इक्किक्को पुण तिविहो अत्ताण परे तदुभए य ॥४९॥**

व्याख्या - 'आदेशः' अभिहितरूपः, पुनःशब्दो विशेषणे, 'द्विविधः' द्विभेदः, कथमित्याह- 'अप्पियववहा-रऽणप्पिओ चेव' त्ति व्यवहारशब्दोऽत्र डमरुकमणिन्यायेनोभयत्र सम्बध्यते, ततश्चार्पित इति व्यवहारा यस्मिन् सोऽयमर्पितव्यवहारः, मयूरव्यंसकादित्वात् समासः, अनर्पितव्यवहारस्तु तद्विपरीतः,

---

**ગાથાર્થ** : આદેશ વળી બે પ્રકારનો છે : (૧) અર્પિત વ્યવહાર, (૨) અનર્પિત વ્યવહાર. એક-એક વળી ત્રણ પ્રકારનો છે. (૧) આત્મામાં, (૨) પરમાં, (૩) ઉભયમાં.

**ટીકાર્થ** : આદેશ એટલે જેનું સ્વરૂપ કહી દીધું છે તે. (વિશેષ...) પુનઃ શબ્દ વિશેષણમાં છે. (૪૮મી ગાથામાં અનાદેશનું વર્ણન હતું. આમાં આદેશનું છે, એ રીતે આ ગાથામાં વિશેષતા છે. એ દર્શાવવા પુનઃ શબ્દ છે.) આ આદેશ બે પ્રકારનો છે.

કેવી રીતે બે પ્રકારનો છે ? એ કહે છે કે - **(૧) અર્પિત વ્યવહાર, (૨) અનર્પિત વ્યવહાર.**

**પ્રશ્ન** : ગાથામાં તો વ્યવહાર શબ્દ अर्पित સાથે જ જોડાયેલો છે, તો अनर्पित સાથે તમે શી રીતે જોડી દીધો ?

व्यवहारशब्दोऽत्र... **ઉત્તર** : અહીં ડમરૂકમણિ ન્યાયથી વ્યવહાર શબ્દ બંને બાજુ સંબંધ પામે છે. (ડમરૂં એક વાજિંત્ર છે. એમાં વચ્ચે દોરી વડે મણિ=પત્થર બાંધેલો હોય, તે બંને બાજુ વાગે, એટલે અવાજ નીકળે, એમ અહીં વચ્ચે રહેલો વ્યવહાર શબ્દ બંને બાજુ જોડાય.) તેથી આ પ્રમાણે અર્થ થશે કે- 'અર્પિત' એ પ્રમાણે વ્યવહાર જેમાં છે. તે આ અર્પિત વ્યવહાર આદેશ!

અહીં મયૂરવ્યંસકાદિત્વાત્ નિયમ પ્રમાણે સમાસ થયેલો છે.

(अर्पितः व्यवहारः यस्मिन् એ રીતે સમાસ ખોલ્યો નથી.

પણ 'अर्पितः' इति व्यवहारः यस्मिन् એ રીતે સમાસ ખોલ્યો છે. આ પદ્ધતિથી સમાસ મયૂરવ્યંસકાદિ સૂત્રના આધારે થઈ શકે છે.)

अनर्पितव्यवहारस्तु... અનર્પિત વ્યવહાર તો આનાથી વિપરીત હોય છે.

वृत्ति :- तत्रार्पितो नाम क्षायिकादिर्भावः स्वाधारे भाववति ज्ञाताऽयमित्यादिरूपेण ज्ञानमस्येत्यादिरूपेण वा वचनव्यापारेण वक्त्रा स्थापितः, अनर्पितस्तु वस्तुनः साधारणत्वेऽपि निराधार एव प्ररूपणार्थं विवक्षितो यथा-सर्वभावप्रधानः क्षायिको भावः ।

---

એમાં અર્પિત એટલે શું ? એ જોઈએ.

**तत्रार्पितो...** કેવલીમાં કેવલજ્ઞાન રૂપ ક્ષાયિકભાવ છે.

એટલે આ ક્ષાયિકભાવનો આધાર બને છે ક્ષાયિકભાવવાળા કેવલી ! હવે વક્તા વચન વ્યાપાર વડે આ પ્રમાણે બોલે કે- 'આ જ્ઞાતા છે = કેવલજ્ઞાનવાન્ છે.' અથવા તો આમને કેવલજ્ઞાન છે.

તો વક્તાએ પહેલા કે બીજા પ્રકારના વચન વ્યાપાર વડે (ક્ષાયિકભાવના આધાર ભૂત કેવલીમાં) ક્ષાયિકભાવ સ્થાપ્યો.

આ રીતે સ્થપાયેલો ભાવ એ **અર્પિત** કહેવાય.

अनर्पित એટલે શું ? એ જોઈએ.

**अनर्पितस्तु...** ક્ષાયિકભાવાદિ રૂપ વસ્તુ સાધાર=આધારવાળી=ક્યાંક રહેનારી છે. છતાં પણ એ ક્ષાયિકાદિ ભાવ પ્રરૂપણા કરવાને માટે નિરાધાર જ = આધારની વિવક્ષા કર્યા વિના જ વિવક્ષા કરાયેલો હોય, તો એ અનર્પિત કહેવાય. (કેવલી વગેરે આધાર વિના પ્રરૂપણા કરવી)

દા. ત. 'ક્ષાયિકભાવ સર્વભાવોમાં પ્રધાન છે.' આમાં ક્ષાયિકભાવની પ્રરૂપણા કરી. પણ એના આધારની પ્રરૂપણા નથી. એટલે આ 'અનર્પિત' ગણાય.

---

वृत्ति :- अनयोरपि भेदानाह- 'एकैकः' इत्यर्पितव्यवहारः अनर्पितव्यवहारश्च पुनस्त्रिविधः, कथमित्याह-'अत्ताण' त्ति आर्षत्वादात्मनि परस्मिन् तयोरात्मपरयोरुभयं तस्मिंश्च, विषयसप्तम्यश्चैताः, ततो विषयत्रैविध्येनानयोस्त्रैविध्यम्, इहाप्यादेशभेदाभिधानद्वारेण सम्बन्धनसंयोगस्य भेद उक्तो भवति,

---

**अनयोरपि...** હવે આ બેયના પણ ભેદોને દર્શાવે છે. (આદેશના બે ભેદો તો દર્શાવ્યા, એ બે ભેદોના પણ ભેદોને દર્શાવે છે... આમ अपि નો અર્થ ખોલવો.)

**एकैकः** = અર્પિત વ્યવહાર અને અનર્પિત વ્યવહાર વળી ત્રણ-ત્રણ પ્રકારના

**પ્રશ્ન :** કેવી રીતે ?

**ઉત્તર :** **अत्ताण** = આર્ષપ્રયોગ હોવાથી, **आत्मनि** = આત્મામાં એવો અર્થ કરવો, **परस्मिन्** = પરમાં

**तदुभयस्मिन्** = **तयोः** = **आत्मपरयोः** **उभयं** = આત્મામાં અને પરમાં...

**विषयसप्तम्यश्चैताः...** આ ત્રણેયમાં લાગેલી સાતમી વિભક્તિ વિષય સપ્તમી સમજવી. તેથી વિષયની ત્રિવિધતાને કારણે આ બે ભેદની ત્રિવિધતા થઈ છે.

અર્થાત્ અર્પિત અને અનર્પિત રૂપ બે આદેશો ત્રણ-ત્રણ પ્રકારના થયા.

**પ્રશ્ન :** પણ આપણે તો સંબંધનસંયોગના ભેદો બતાવવાના છે ને ? આદેશના ભેદો વગેરેના નિરૂપણથી શું લાભ ?

**इहाप्यादेशभेदा-...** **ઉત્તર :** અહીં પણ આદેશના ભેદોના નિરૂપણ દ્વારા સંબંધનસંયોગનો ભેદ કહેવાયેલો થાય છે.

(જેમ અનાદેશના છ ભેદ કહેવા દ્વારા અનાદેશવિષયક સંબંધનસંયોગના જ છ ભેદ કહેવાઈ જાય. તેમ અહીં આદેશમાં પણ સમજવું... આ પ્રમાણે अपि નો અર્થ લેવો.)

वृत्ति :- तत्र चानर्पितस्य प्ररूपणामात्रसत्त्वेऽप्यर्पितप्रतिपक्षत्वेनैवात्रोपादानम्, अतो वस्तुतस्तस्या-सत्त्वान्न तेन कस्यचित्संयोगसम्भव इति न तद्भेदेन संयोगभेदः, अर्पितस्य त्वात्मपरोभयार्पितभेदतस्त्रैविध्यात् तद्भेदेन त्रिविधः सम्बन्धनसंयोग इति गाथार्थः ।।४९।।

तत्र चानर्पितस्य... આદેશના અર્પિત અને અનર્પિત બે ભેદ પાડેલા છે. એ દરેકના આત્મ-પર-તદુભય એમ ત્રણ ભેદ બતાવેલા છે. તેમાં જે અનર્પિત છે. એ હકીકતમાં તો અસત્ છે. કેમકે આધાર વિનાના ક્ષાયિકાદિ ભાવ તો હોય જ નહિ. આધાર સાથેના ક્ષાયિકાદિ ભાવ અર્પિત ગણાય, એટલે નિરાધાર ક્ષાયિકાદિભાવ રૂપ અનર્પિત આદેશ પરમાર્થથી નથી, માત્રને માત્ર પ્રરૂપણાથી છે.

પ્રશ્ન : તો પછી અસત્ એવા અનર્પિતનું અહીં ગ્રહણ જ શા માટે કર્યુ ?

ઉત્તર : પ્રરૂપણા માત્રથી જ સત્ હોવા છતાં પણ અનર્પિત આદેશ અર્પિતના વિરોધી તરીકે તો કહેવાય જ ને ? બસ, અર્પિતપ્રતિપક્ષ રૂપે જ એનું અહીં ઉપાદાન કરેલું છે.

तेन... એટલે ખરેખર તો અનર્પિત આદેશ અસત્ જ છે. અને તેથી જ તેની સાથે કોઈનો પણ સંયોગ થવાનો સંભવ જ નથી. એટલે આત્મ-પર-તદુભય રૂપ અનર્પિતના ત્રણ ભેદ વડે (આદેશ-સંબંધન) સંયોગનો ભેદ તો શક્ય જ નથી. એટલે કે અનર્પિતના ભેદો એ સંયોગના ભેદ રૂપે ગણી શકાય જ નહિ.

अर्पितस्य... હા ! જે સાધાર ક્ષાયિકાદિભાવ રૂપ અર્પિત-આદેશ છે. તે આત્માર્પિત-પરાર્પિત-ઉભયાર્પિત ભેદથી ત્રણ પ્રકારે છે. તેથી અર્પિતના આ ત્રણ ભેદને લઈને (આદેશ) સંબંધનસંયોગ ત્રણ પ્રકારનો ગણી શકાય છે.

(એટલે પ્રસ્તુત ગાથામાં આદેશવિષયક ત્રણ સંબંધનસંયોગ બતાવેલા સમજવા.)

अवतरणिका :- तत्राऽऽत्माऽर्पितसम्बन्धनसंयोगमाह-

અવતરણિકા :- તેમાં = આ ત્રણ ભેદોમાં આત્માર્પિત સંબંધન સંયોગને કહે છે.

॥निर्यु. गा. ५०॥ ओवसमिए य खइए खओवसमिए य पारिणामे अ ।
एसो चउव्विहो खलु नायव्वो अत्तसंजोगो ॥५०॥

व्याख्या - औपशमिके चस्य भिन्नक्रमत्वात् क्षायिके च क्षायोपशमिके च सर्वत्र सम्यक्त्वादिरूपे जीवस्य(स्व)भावे '[1]तथा' तेनागमोक्तप्रकारेण चस्यास्यापि भिन्नक्रमत्वात् परिणामे च जीवत्वाद्यात्मके च, सर्वत्र संयोग इति प्रक्रमः, पठ्यते च-'खओवसमिए य पारिणामे य' त्ति स्पष्टमेव,

ગાથાર્થ : ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક... આત્મસંયોગ આ ચાર પ્રકારનો જાણવો.

ટીકાર્થ : ઔપશમિકમાં, ક્ષાયિકમાં, ક્ષાયોપશમિકમાં સર્વત્ર = બધામાં સમ્યક્ત્વાદિ રૂપ એવાં... જીવસ્વભાવમાં.

(ઔપશમિક એવા સમ્યક્ત્વ અને ચારિત્રમાં...

ક્ષાયિક એવા સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રમાં...

1. तह य परिणामे इति पाठमपेक्ष्येयं व्याख्या ।

ક્ષાયોપશમિક એવા સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રમાં...)

च ભિન્નક્રમમાં હોવાથી खइए શબ્દની પછી લેવો.

(વૃત્તિકાર સામે 'तह य परिणामे' આ પ્રમાણે પાઠ હશે અને એના આધારે તેઓ વ્યાખ્યા કરે છે કે–)

तथा = આગમમાં કહેલા પ્રકાર વડે... એ પછી જે च છે, એ च પણ ભિન્ન ક્રમવાળો છે, તેથી परिणामे च એમ પરિણામ શબ્દની પછી જોડવાનો. (અર્થાત્ એ પાઠમાં परिणामे પછી च નથી.)

પરિણામ એ જીવત્વાદિ રૂપ છે, તેને વિશે

આ બધે જ સંયોગ એ પ્રક્રમ = પ્રસ્તુત છે.

કોઈ જગ્યાએ આ પ્રમાણે પાઠ પણ બોલાય છે. (જે આપણી સામે છાપેલો છે.) 'खओवसमिए य परिणामे य' આ તો સ્પષ્ટ જ છે. (એમાં तथा નથી, અને च ને ભિન્ન ક્રમમાં ગોઠવવાની જરૂર નથી.)

(ટૂંકમાં ઔપશમિકમાં સંયોગ, ક્ષાયિકમાં સંયોગ, ક્ષાયોપશમિકમાં સંયોગ અને પરિણામમાં સંયોગ.)

---

वृत्ति :- 'एषः' अनन्तरोक्त औपशमिकादिसंयोगः 'चतुर्विधः' चतुष्प्रकारः, 'खलु' निश्चितं 'ज्ञातव्यः' अवबोद्धव्यः, 'आत्मसंयोगः' इत्यात्मार्पितसम्बन्धनसंयोगः, अत्र ह्यात्मशब्देनार्पितभाव एव धर्मधर्मिणोः कथञ्चिदनन्यत्वादुक्तः, तथा च वृद्धाः- "[1]*एए हि जीवमया भवंति, एएसु भावेसु जीवो नन्नो हवइ*' तदात्मक इत्यर्थः, औपशमिकादिभावानां च प्रागनादेशतोक्तावप्यत्रादेशत्वेनाभिधानं सम्यक्त्वादिविशेषनिष्ठत्वेन विवक्षितत्वाद् भावसामान्यापेक्षया वेति गाथार्थः ।।५०।।

---

આ = હમણા કહી ગયા તે ઔપશમિકાદિ સંયોગ જે ચાર પ્રકારનો દર્શાવ્યો છે, તે નિશ્ચિત આત્મસંયોગ જાણવો. એટલે કે આત્માર્પિત સંબંધનસંયોગ જાણવો.

**પ્રશ્ન :** आत्म શબ્દથી આત્માર્પિત ભાવ તમે શી રીતે લીધો ?

**अत्र ह्यात्मशब्दे... ઉત્તર :** આત્મા ધર્મી છે, તેમાં અર્પિત કરાયેલો ઔપશમિકાદિ ભાવ એ ધર્મ છે. ધર્મ અને ધર્મી વચ્ચે કોઈક અપેક્ષાએ અભેદ છે. એટલે आत्म શબ્દથી આત્માર્પિત (ક્ષાયિકાદિ) ભાવ લઈ શકાય છે. તેથી આત્માર્પિત સંબંધન સંયોગ ચાર પ્રકારનો થયો.

**પ્રશ્ન :** ધર્મ અને ધર્મીનો અભેદ તમે કયા આધારે કહો છો ?

**ઉત્તર :** વૃદ્ધ પુરુષો કહે છે કે (જિનદાસગણિમહત્તર = ચૂર્ણિકાર કહે છે કે) "આ ભાવો જીવમય છે. આ ભાવો કરતા જીવ અન્ય = ભિન્ન = જૂદો નથી." એટલે કે જીવ તે ભાવસ્વરૂપ જ છે.

**પ્રશ્ન :** હજી ૪૮મી ગાથામાં તો તમે ઔપશમિકાદિ ભાવોને 'અનાદેશ' કહેલા, અને આ ૫૦મી ગાથામાં આદેશ સંબંધનસંયોગના આત્માર્પિત સંબંધનસંયોગ રૂપ પેટા ભેદ રૂપે બતાવો છો... આ તો સ્પષ્ટ વિરોધ છે.

**औपशमिकादिभावनां च... ઉત્તર :** ઔપશમિકાદિ ભાવોની પૂર્વે = ૪૮મી ગાથામાં અનાદેશતા કહેલી, છતાં અહીં એમનું આદેશ તરીકે કથન કરેલું છે, તે એટલા માટે કે અહીં ઔપશમિકાદિ ભાવો સામાન્ય રૂપે નથી લેવાના, પણ સમ્યક્ત્વ–ચારિત્રાદિ વિશેષ રૂપે લેવાના વિવક્ષિત છે. એટલે કે સમ્યક્ત્વાદિ–વિશેષનિષ્ઠ એવા ઔપશમિકાદિ ભાવ લેવાના છે. અને એ વિશેષો તો આદેશ રૂપ જ છે, એટલે ઔપશમિકાદિ ભાવો પણ આદેશ રૂપ બતાવેલા છે.

---

1. एते हि जीवमया भवन्ति, एतेभ्यो भावेभ्यो जीवो नान्यो भवतीति ।

भावसामान्यापेक्षया... અથવા તો ભાવ સામાન્યની અપેક્ષાએ તો ઔપશમિકાદિ ભાવ પણ વિશેષ = આદેશ જ છે ને, એટલે એ દષ્ટિએ એને આદેશ કહેવામાં વાંધો નથી.

अवतरणिका :- किञ्च -

અવતરણિકા :- (સંનિપાત ભાવ પણ આત્માર્પિતસંયોગમાં આવી શકે છે. એ દર્શાવવા માટે હવે કહે છે.) વળી

**।।निर्यु. गा. ५१।। जो सन्निवाइओ खलु भावो उदएण वज्जिओ होइ ।**
**इक्कारससंजोगो एसो विय अत्तसंजोगो ।।५१।।**

व्याख्या - यः सान्निपातिकः 'खलु' वाक्यालङ्कारे भावः 'उदयेन' औदयिकभावेन 'वर्जितः' रहितो भवति, एकादश-एकादशसङ्ख्याः संयोगा-द्व्यादिमीलनात्मका यस्मिन् स एकादशसंयोगः, सूचकत्वात् सूत्रस्यैतद्विषयो यः संयोगः, एषोऽपि, न केवलमौपशमिकादिसंयोग इत्यपिशब्दार्थः, 'चः' पूरणे,

ગાથાર્થ : ઉદય વિનાનો અગ્યાર સંયોગવાળો જે સાંનિપાતિક ભાવ છે. એ પણ આત્મસંયોગ છે.

ટીકાર્થ : खलु વાક્યાલંકારમાં છે. જે સાન્નિપાતિક ભાવ ઔદયિક ભાવ વિનાનો છે. કે જેમાં બે વગેરેના મીલન રૂપ સંયોગો ૧૧ થાય છે. તેવો ૧૧ સંયોગવાળો સાન્નિપાતિક ભાવ પણ આત્મસંયોગ `

પ્રશ્ન : સાન્નિપાતિકભાવ ક્યાં આત્મસંયોગ છે ? એ ભાવનો જે આત્મા ।થે સંયોગ થાય, તે આત્મસંયોગ છે ને ? તો સૂત્રમાં એ ભાવને જ કેમ આત્મસંયોગ કહી દીધો ?

ઉત્તર : સૂત્ર માત્ર સૂચક જ હોય છે, તેથી સમજી લેવાનું કે સાંનિપાતિકભાવ વિષયક જે સંયોગ થાય, તે સંયોગ પણ આત્મસંયોગ છે.

विय = अपि च છે. એમાં च તો પૂરણમાં છે.

अपि નો અર્થ આ છે કે માત્ર ઔપશમિકાદિ સંયોગ જ આત્મસંયોગ નથી, પણ સાંનિપાતિક ભાવ સંયોગ પણ આત્મ સંયોગ છે.

वृत्ति :- *'आत्मसंयोगः'* प्राग्वदात्मार्पितसंयोगः, एकादशसंयोगाश्चैवं भवन्ति-औपशमिकक्षायिक-क्षायोपशमिकपारिणामिकानां चतुर्णां षट् द्विकसंयोगाश्चत्वारस्त्रिकसंयोगा एकश्चतुष्कसंयोगः, एते च मीलिता एकादशेति गाथार्थः ।।५१।।

પ્રશ્ન : આત્મસંયોગ એટલે શું ? એ તો આપ્યું જ નથી.

ઉત્તર : આત્મસંયોગ એટલે આત્માર્પિત સંયોગ લેવાનો. ૫૦મી ગાથામાં આ વાત કરી જ ગયા છીએ કે આત્મા ધર્મી છે, આત્માર્પિત ભાવો ધર્મ છે, બેના અભેદની વિવક્ષા કરીને આત્મ શબ્દથી આત્માર્પિત લઈ શકાય.

પ્રશ્ન : પણ એ ૧૧ સંયોગ કયા ?

ઉત્તર : ૧૧ સંયોગ આ પ્રમાણે થાય છે : ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક, આ ચાર ભાવોના ૬ દ્વિક સંયોગ, ૪ ત્રિક સંયોગ, ૧ ચતુષ્ક સંયોગ. આ બધા ભેગા કરો એટલે ૧૧ થાય.

દ્વિક સંયોગ : (૧) ઔપશમિક + ક્ષાયિક, (૨) ઔપશમિક + ક્ષાયોપશમિક, (૩) ઔપશમિક + પારિણામિક, (૪)

ક્ષાયિક + ક્ષાયોપશમિક, (૫) ક્ષાયિક + પારિણામિક, (૬) ક્ષાયોપશમિક + પારિણામિક.

ત્રિક સંયોગ : (૭) ઔપશમિક + ક્ષાયિક + ક્ષાયોપશમિક, (૮) ઔપશમિક + ક્ષાયિક + પારિણામિક, (૯) ઔપશમિક + ક્ષાયોપશમિક + પારિણામિક, (૧૦) ક્ષાયિક + ક્ષાયોપશમિક + પારિણામિક

ચતુષ્ક સંયોગ : (૧૧) ઔપશમિક + ક્ષાયિક + ક્ષાયોપશમિક + પારિણામિક.

---

अवतरणिका :- बाह्यार्पितसम्बधनसंयोगमाह-

---

અવતરણિકા :- બાહ્યાર્પિત સંબંધન સંયોગ (રૂપ આદેશ સંબંધન સંયોગ)ને કહે છે-

---

**।।निर्यु. गा. ५२।। लेसा कसायवेयण वेओ अन्नाणमिच्छ मीसं च ।**
**जावइया ओदइया सव्वो सो बाहिरो जोगो ।।५२।।**

व्याख्या - 'लेश्या' लेश्याध्ययनेऽभिधास्यमानाः, कषायाश्च वक्ष्यमाणाः 'वेदना' च सातासातानुभवात्मिका कषायवेदनम्, प्राकृतत्वाद्बिन्दुलोपः, 'वेदः' पुंस्त्र्युभयाभिलाषाभिव्यङ्ग्यः, मिथ्यात्वोदयवतामसदध्यवसायात्मकं सत् ज्ञानमप्यज्ञानम्, उक्तं हि-

*"जह[1] दुव्वयणमवयणं कुच्छियसीलं असीलमसईए ।*
*भण्णइ तह नाणंपि हु मिच्छद्दिट्ठिस्स अन्नाणं ।।१।।"*

---

ગાથાર્થ : લેશ્યા, કષાય, વેદના, વેદ, અજ્ઞાન, મિથ્યાત્વ, મિશ્ર... જેટલા ઔદયિક ભાવો છે. તે બધો જ બાહ્ય યોગ= સંયોગ છે.

ટીકાર્થ : (૧) લેશ્યા એટલે જે આગળ લેશ્યા-અધ્યયનમાં કહેવાશે તે...

(૨) કષાયો પણ આગળ કહેવાશે તે...

(૩) વેદના એટલે શાતા અને અશાતાના અનુભવ સ્વરૂપ જે છે... તે...

કષાય અને વેદના બે શબ્દનો સમાસ થયો છે. પ્રાકૃત હોવાના લીધે 'वेयण' શબ્દ ઉપરથી બિન્દુનો લોપ થયો છે.

(૪) વેદ એટલે જે પુરુષ, સ્ત્રી કે ઉભયની ઈચ્છાથી અભિવ્યઙ્ગ્ય = પ્રગટ થતો=જણાતો જે છે... તે...

(૫) અજ્ઞાન એટલે મિથ્યાત્વોદયવાળા જીવોનું ખરાબ અધ્યવસાય રૂપ સત્ = વિદ્યમાન (અથવા સાચું) જ્ઞાન પણ અજ્ઞાન કહેવાય છે. કહ્યું જ છે કે-

જેમ ખરાબ વચન અવચન કહેવાય છે, જેમ અસતીનું કુત્સિતશીલ અશીલ કહેવાય છે, તેમ મિથ્યાદષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાન કહેવાય છે.

---

वृत्ति :- अत एव मिथ्यात्वोदयभावित्वादस्यौदयिकत्वम्, तद्दलिकेषु चार्पितत्वविवक्षया बाह्यार्पितत्वमिति भावनीयम्, 'मिथ्ये' ति भावप्रधानत्वान्निर्देशस्य मिथ्यात्वम्-अशुद्धदलिकस्वरूपम्, 'मिश्रम्' शुद्धाशुद्धदलिकस्वभावम्, चशब्दः शेषौदयिकभेदसमुच्चये,

---

પ્રશ્ન : જો વિદ્યમાન એવું જ્ઞાન જ મિથ્યાત્વોદયના કારણે અજ્ઞાન કહેવાય છે, તો આ જ્ઞાન તો જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જ પ્રાપ્ત થાય ને ? તો આ અજ્ઞાનાત્મક જ્ઞાન ક્ષાયોપશમિકભાવ જ ગણાય, ઔદયિક શી રીતે ?

---

1. यथा दुर्वचनमवचनं कुत्सितं शीलमशीलमसत्याः । भण्यते तथा ज्ञानमपि मिथ्यादृष्टेरज्ञानम् ।

अत एव... ઉત્તર : બરાબર છે, પણ એ જ્ઞાન હોવા છતાં મિથ્યાદષ્ટિનું તે જ્ઞાન અજ્ઞાન કહ્યું છે ને ? આના ઉપરથી જ એ નક્કી થાય છે કે આ અજ્ઞાન મિથ્યાત્વના ઉદયમાં જ હોય, એના વિના ન હોય. (એ વિના તો એ જ્ઞાન જ કહેવાય) એટલે કે આ અજ્ઞાન મિથ્યાત્વોદય વડે નિર્વૃત્ત છે, બને છે... માટે એ ઔદયિક ભાવ ગણ્યો છે.

પ્રશ્ન : ભલે, પણ આ જ્ઞાનાત્મક અજ્ઞાન તો આત્મામાં જ રહે છે, તો એ આત્માર્પિત સંયોગ જ કહેવાય ને ?

तद्दलिकेषु... ઉત્તર : અજ્ઞાનમાં મિથ્યાત્વોદય જ મુખ્ય છે અને એ મિથ્યાત્વના જે દલિકો છે. એ દલિકોને વિશે આ અજ્ઞાન અર્પિત છે, એ પ્રમાણે વિવક્ષા કરેલી છે, એટલે અજ્ઞાન બાહ્યાર્પિત સંયોગ બને છે... આ પ્રમાણે વિચારણા કરી લેવી.

(આશય એ છે કે- અજ્ઞાન આમ તો જ્ઞાનરૂપ જ હોવાથી આત્મામાં રહે છે. પણ એ મિથ્યાત્વોદય હોય, ત્યારે જ અજ્ઞાન કહેવાય છે. માટે અજ્ઞાન મિથ્યાત્વોદયનિર્વૃત્ત ગણીને ઔદયિક ગણ્યું છે, અને એવી વિવક્ષા કરી છે કે- 'મિથ્યાત્વના દલિકોમાં અજ્ઞાન રહે છે.'

આમ અજ્ઞાન આત્મામાં નહિ, પણ મિથ્યાત્વદલિકોમાં અર્પિત ગણી લીધું, અને દલિકો તો પર = બાહ્ય જ છે. એટલે આ અજ્ઞાન બાહ્યાર્પિત સંબંધનસંયોગ કહેવાય.)

(૬) मिथ्या શબ્દ ગાથામાં છે આ નિર્દેશ = શબ્દોલ્લેખ ભાવપ્રધાન છે, એટલે મિથ્યા = મિથ્યાત્વ સમજવું. (ભાવવાચક त्व સમજી લેવો.) મિથ્યાત્વ એટલે અશુદ્ધ દલિકો એ છે સ્વરૂપ જેનું તે...

(૭) मिश्र એટલે શુદ્ધાશુદ્ધ દલિકો સ્વભાવ છે જેનો તે... च શબ્દ લેશ્યાદિ સિવાયના બાકીના જે ઔદયિક ભેદો છે. (ગતિ વગેરે) એનો સમુચ્ચય કરવામાં=સંગ્રહ કરવામાં છે.

---

वृत्ति :- अत एवोपसंहारमाह- 'यावन्तो' यत्परिणामा[1] औदयिकाः, भावा इति गम्यते, प्रक्रमादेतद्विषयो यः संयोगः 'सर्वः' निर्विशेषः सः 'बाह्यः' परः तद्विषयत्वाद्, बाह्यसंयोग इति प्रकृतत्वात्सम्बन्धनसंयोगो ज्ञातव्य इति शेषः, इहापि बाह्यशब्देन प्राग्वद् बाह्यार्पित उक्तः ।

---

यावन्तः = જેટલા પ્રમાણ (પરિમાણવાળા) વાળા = જેટલી સંખ્યાવાળા ઔદયિક ભાવો છે, તે બધો જ બાહ્ય યોગ છે. ગાથામાં भावाः શબ્દ નથી, એ સમજી લેવાનું.

(તથા यत्परिणामाः પાઠ છપાયેલો છે, જો એ જ સાચો હોય, તો જે પરિણામવાળા = જે પર્યાયવા ι = જે અલગ-અલગ પ્રકારવાળા ઔદયિક ભાવો હોય, તે બધા જ... એ પ્રમાણે અર્થ કરવો. બંનેમાં બધા ઔદયિક ભાવોનો સંગ્રહ થઈ જશે.)

પ્રશ્ન : પાછી એ જ વાત ! આ ઔદયિક ભાવો પોતે જ બાહ્યસંયોગ ક્યાં છે ? એ ઔદયિક ભાવોનો પરમાં=કર્માદિમાં સંયોગ એ બાહ્યસંયોગ છે ને ?

प्रक्रमादेतद्विषयो... ઉત્તર : પ્રક્રમથી = પ્રસ્તુત વિષયને આધારે સમજી લેવાનું કે- લેશ્યાદિ-ઔદયિકભાવ વિષયક જે સંયોગ હોય, તે બધો જ બાહ્ય સંયોગ `

સર્વ = નિર્વિશેષ... (જેમાંથી વિશેષ નીકળી ગયેલ છે... એટલે કે આ ભાવ લેવો અને આ ન લેવો... એમ વિશેષ નથી... એટલે કે બધા જ ઔદયિક ભાવો...)

પ્રશ્ન : આને બાહ્યસંયોગ કેમ કહો છો ?

तद्विषयत्वात्... ઉત્તર : કેમકે એ કર્મપુદ્ગલો, લેશ્યાપુદ્ગલો આદિ બાહ્ય પદાર્થોમાં થનાર છે, માટે બાહ્યવિષયક હોવાથી તે બાહ્યસંયોગ છે.

---

1. यत्परिमाणा इति स्यात्, परिणामस्य परिमाणताऽर्थोऽत्र वा ।

प्रकृतत्वात्सम्बन्धन... ગાથામાં યોગ શબ્દ જ લખેલ છે, પણ સંબંધનસંયોગ પ્રકૃત=પ્રસ્તુત હોવાથી સમજી લેવાનું કે બાહ્ય (આદેશ) સંબંધનસંયોગ ! ज्ञातव्यः શબ્દ ગાથામાં નથી, એ શેષ તરીકે લઈ લેવાનો.

प्रश्न : પણ બાહ્યશબ્દથી બાહ્યાર્પિત કેવી રીતે લેશો ?

इहापि... ઉત્તર : અહીં પણ પૂર્વની જેમ જ બાહ્યશબ્દથી બાહ્યાર્પિત કહેવાયેલો છે.

(પુદ્ગલો એ બાહ્ય છે = ધર્મી છે = આધાર છે. ઔદયિક ભાવો ધર્મ છે = આધેય છે. એ બે વચ્ચે કથંચિત્ અભેદ માનીને બાહ્યશબ્દથી બાહ્યાર્પિત ભાવો લીધા છે. એનો સંયોગ એ બાહ્યાર્પિત સંયોગ ગણાશે.)

---

वृत्ति :- आह- *'भावा भवन्ति जीवस्यौदयिकः पारिणामिकश्चैव'* इतिवचनादौदयिकोऽपि जीवभावत्वेन जीवार्पित एवेति कथं बाह्ये कर्मण्यर्पित इति, अत्रोच्यते, कर्मानुभवनमुदयः, अनुभवनं चानुभवितरि जीवेऽनुभूयमाने च कर्मणि स्थितम्, तत्र यदाऽनुभवितरि जीवे विवक्ष्यते तदोदयः जीवगतो लेश्यादिपरिणामः प्रयोजनमस्येत्यौदयिकः-कर्मणः फलप्रदानाभिमुख्यलक्षणो विपाक एव तमाश्रित्य कर्मणि बाह्येऽर्पितत्वमिहौदयिक-भावस्योक्तम्,

---

आह... प्रश्न : પ્રશમરતિમાં કહ્યું છે કે 'ઔદયિક અને પારિણામિક એ જીવના ભાવો છે.' હવે આ વચન પ્રમાણે તો ઔદયિક ભાવ પણ જીવનો ભાવ હોવાથી જીવાર્પિત જ છે. એટલે કે આત્માર્પિત છે. તો પછી બાહ્ય એવા કર્મમાં શી રીતે એ ભાવ અર્પિત બન્યો ?

अत्रोच्यते... ઉત્તર : કર્મોનો અનુભવ એનું નામ ઉદય ! અને અનુભવ તે અનુભવ કરનાર એવા જીવમાં અને અનુભવાતા એવા કર્મમાં રહેલો છે. એટલે હવે જ્યારે અનુભવ કરનાર જીવમાં અનુભવ = ઉદય વિવક્ષા કરાય, ત્યારે ઔદયિક શબ્દનો સમાસ આ પ્રમાણે થાય કે- उदयः प्रयोजनम् = कार्यं अस्य इति औदयिकः

तदोदयः... એટલે કે જીવમાં રહેલો લેશ્યાદિ પરિણામ રૂપ ઉદય એ જેનું કાર્ય છે, તે ઔદયિક ભાવ કહેવાય.

હવે આ જીવગત લેશ્યાદિ પરિણામ કોનું કાર્ય છે ? જેનું હોય, તે ઔદયિક ભાવ કહેવાય.

कर्मणः... પ્રસ્તુતમાં કર્મનો વિપાક જ લેશ્યાદિ પરિણામને ઉત્પન્ન કરે છે. એટલે કે આ લેશ્યાદિ પરિણામ એ કર્મવિપાકનું કાર્ય છે. કર્મનો વિપાક એટલે કર્મ જ્યારે પોતાનું ફલ આપવા માટે અભિમુખ બને, એટલે કે કર્મમાં જે ફલ પ્રદાનાભિમુખતા રૂપી વિપાક છે. એ જ ઔદયિકભાવ બને.

तमाश्रित्य... હવે આ તો કર્મમાં જ રહેલો છે, એટલે આવા વિપાક રૂપ ઔદયિકભાવને આશ્રયીને આ ઔદયિકભાવ બાહ્ય એવા કર્મમાં અર્પિત તરીકે કહેવાયેલો છે... આમ ઔદયિકભાવ બાહ્યાર્પિતસંયોગ તરીકે બતાવ્યો, તે યોગ્ય જ છે.

---

वृत्ति :- यदा त्वनुभूयमानस्थतया विवक्ष्यते तदोदये-कर्मणः फलप्रदानाभिमुख्यलक्षणे भव औदयिको लेश्याकषायादिरूपो जीवपरिणामः, तदाश्रयणेन चोच्यते-*भावा भवन्ति जीवस्यौदयिक* इत्यादि। इहापि चादेशान्तरेण वक्ष्यति-'छव्विहो अत्तसंजोगो' त्ति । 'सर्वः स' इति चैकवचनं बाह्यसंयोगस्य विधीयमानतया प्राधान्यात् प्रधानानुयायित्वाच्च व्यवहाराणामिति गाथार्थः ।।५२।।

---

यदा त्वनुभूयमानस्थतया... પણ જ્યારે વિપાક=ઉદય અનુભૂયમાન એવા કર્મમાં રહેલા તરીકે વિવક્ષા કરાય, ત્યારે ઔદયિક શબ્દનો સમાસ આ પ્રમાણે થાય કે- 'उदये भवः औदयिकः'

કર્મની ફલપ્રદાનાભિમુખતા રૂપ ઉદયમાં થયેલો = ઉદય દ્વારા થયેલો જે લેશ્યા, કષાયાદિ રૂપ જીવનો પરિણામ એ

ઔદયિક ભાવ તરીકે આવે. આવા જીવપરિણામ રૂપ ઔદયિક ભાવના આશ્રયથી જ પ્રશમરતિ ગાથામાં કહ્યું છે કે- भावा भवन्ति जीवस्यौदयिकः વગેરે. માત્ર ત્યાં જ નહિ, અહીં પણ બીજા મતથી આગળ કહેશે કે- 'छव्विहो अत्तसंजोगो'

(આત્મસંયોગ છ પ્રકારનો છે. એમાં ઔદયિકભાવને આત્મસંયોગ રૂપે બતાવશે જ. ત્યાં उदये भवः औदयिकः એ સમાસ લઈને જ આત્મસંયોગ ગણવામાં આવશે.)

પ્રશ્ન : जावइया ओदइया એમ બહુવચન કર્યા બાદ सव्वो सो... એમ એકવચન કેમ = શા માટે કર્યું છે ? सव्वे ते बाहिरा जोगा એમ કરવું જોઈએ ને ?

'सर्वः स' इति.. ઉત્તર : અહીં બાહ્યસંયોગ વિધીયમાન = વિધેય તરીકે છે, તે એક છે, અને જે વિધીયમાન હોય, તેની પ્રધાનતા ગણાય. અને બધા વ્યવહારો પ્રધાન વસ્તુને અનુસરનારા હોય છે. એટલે બાહ્યસંયોગ પ્રધાન હોવાથી અને તે એકવચનાત્મક હોવાથી એને આધારે सर्वः स એ એકવચન કરેલું છે.

(પ્રસિદ્ધ વસ્તુને ઉદ્દેશીને નવી બાબતનું વિધાન કરાતું હોય છે. દા. ત. 'ભારત આ  દ થયું.' તો ભારત એ ઉદ્દેશ્ય છે, આઝાદી એ વિધેય છે = વિધીયમાન છે.

પ્રસ્તુતમાં લેશ્યાદિ ઔદયિક ભાવો ઉદ્દેશ્ય છે, પ્રસિદ્ધ છે. એ બધા 'બાહ્યસંયોગ' છે. એ વિધેય છે = વિધીયમાન છે.

પ્રધાનતા વિધીયમાનની હોવાથી यावन्त औदयिकाः બહુવચન કર્યા બાદ પણ વિધેયમાં બધું એકવચનમાં જણાવ્યું. કેમકે વિધીયમાન એકવચનમાં છે.)

---

अवतरणिका :- उभयार्पितसम्बन्धनसंयोगमाह-

---

અવતરણિકા :- ઉભયાર્પિત એવા સંબંધનસંયોગને કહે છે-

---

॥निर्यु. गा. ५३॥ जो सन्निवाइओ खलु भावो उदएण मीसिओ होइ ।
पन्नरससंजोगो सव्वो सो मीसिओ जोगो ॥५३॥

व्याख्या - यः सान्निपातिकः खलु भावः 'उदयेन' औदयिकभावेन 'मिश्रितः' संयुतो भवति, कियत्सङ्ख्य इत्याह-पञ्चदश संयोगा अस्मिन्निति पञ्चदशसंयोगः सर्वः सः, किमित्याह- आत्मकर्मणोर्मिश्रत्वात्तदर्पितभावा अप्यौदयिकसहितौपशमिकादयो मिश्राः, ततस्तद्विषयत्वात्संयोगोऽपि मिश्रः, स एव मिश्रको योगः, प्रक्रमात् सम्बन्धनसंयोगो ज्ञेय इति शेषः,

---

ગાથાર્થ : ઉદય સાથે મિશ્રિત એવો જે સન્નિપાતિક ભાવ હોય, પંદર સંયોગવાળો તે બધો જ સાન્નિપાતિક ભાવ મિશ્રિત યોગ = ઉભયાર્પિતસંયોગ (જાણવો).

ટીકાર્થ : (પહેલા ઔદયિકભાવને છોડીને ઔપશમિકાદિથી બનેલા ૧૧ સાન્નિપાતિક ભાવો દર્શાવેલા, એ બધા જ આત્માર્પિત હતા. હવે ઔદયિક ભાવનો ઔપશમિકાદિ સાથે યોગ કરીને સાન્નિપાતિક ભાવ બનાવાય, તો એના કુલ ૧૫ ભેદ થશે. એમાં ઔદયિકભાવ પરાર્પિત છે, ઔપશમિકાદિ આત્માર્પિત છે, એટલે તે બેથી બનેલા સાન્નિપાતિક ભાવ ઉભયાર્પિત બની જાય. આ જ પદાર્થ હવે સ્પષ્ટ કરે છે.)

यः सान्निपातिकः... જે સાન્નિપાતિક ભાવ ઉદય સાથે = ઔદયિકભાવ સાથે સંયુક્ત હોય, એ ભાવ કેટલી સંખ્યાવાળો છે ? એ કહે છે કે પંદર સંયોગો આમાં છે, તેવો છે... એટલે કે પંદર સંયોગવા  ો છે. આ બધો જ સાન્નિપાતિક ભાવ મિશ્ર જાણવો. કેમકે જ્યારે આ ભાવ હોય ત્યારે આત્મા અને કર્મ મિશ્ર છે, ભેગા છે. એટલે આત્મા અને કર્મથી અર્પણ કરાયેલા એવા ઔદયિકસહિતના ઔપશમિકાદિ ભાવો પણ મિશ્ર બને.

**ततस्तद्विषयत्वा-...** અને એ મિશ્ર બને, એટલે એ મિશ્રભાવવિષયક સંયોગ પણ મિશ્ર સંયોગ કહેવાય, કેમકે તે મિશ્રભાવવિષયક છે. (વિષય-વિષયીનો અભેદોપચાર કરવાથી મિશ્રભાવવિષયક સંયોગ સ્વયં મિશ્રસંયોગ કહેવાય.)

**स एव मिश्रको योगः...** ગાથામાં મીસિઓ લખેલું છે, એનું સંસ્કૃત મિશ્રक થાય. એમાં મિશ્ર એ જ મિશ્રक છે, એટલે કે એ બે શબ્દોના અર્થમાં કોઈ ફરક નથી. ગાથામાં જોગો શબ્દ છે, પણ પ્રસ્તુત વિષયના અનુસારે सम्बन्धनसंयोग લેવાનો. તથા ગાથામાં ક્રિયાપદ નથી, એટલે 'ज्ञेयः' એ પદ શેષ લેવું. (અધ્યાહાર કરવો.)

---

वृत्ति :- ते च पञ्चदश संयोगा औदयिकममुञ्चता औपशमिकादिपञ्चकस्य द्विकत्रिकचतुष्क-पञ्चकसंयोगतः कार्याः, तत्र चत्वारो द्विकसंयोगाः षट् त्रिकसंयोगाश्चत्वारश्चतुष्कसंयोगा एकः पञ्चकसंयोग एते च मीलिताः पञ्चदश, भावना तु वक्ष्यमाणेति गाथार्थः ।।५३।।

---

**ते च पञ्चदश..** તે પંદર સંયોગો ઔદયિકભાવને છોડ્યા વિના ઔપશમિકાદિ પંચકના દ્વિકસંયોગ, ત્રિકસંયોગ, ચતુષ્કસંયોગ અને પંચકસંયોગથી કરવા.

(આશય એ છે કે ઉભયાર્પિત સંયોગ લેવાનો છે, એટલે ઔદયિકભાવ તો લેવો જ પડશે. કેમકે એ એક જ પરાર્પિત= બાહ્યાર્પિત છે. બાકીના બધા તો આત્માર્પિત છે. એટલે બે-ત્રણ-ચાર-પાંચના સંયોગમાં બીજા બધા ભાવોમાં ફેરફાર ભલે કરો, પણ ઔદયિક ભાવ તો દરેક સંયોગમાં લેવાનો જ, તો જ ઉભયાર્પિત થશે. નહિ તો આત્માર્પિત થશે, અને એનું અત્યારે કામ નથી. દા. ત. ઔદયિક + ક્ષાયિક લો, તો ઉભયાર્પિત બને,

ઔદયિક + ક્ષાયોપશમિક લો, તો ઉભયાર્પિત બને,

ઔદયિક + પારિણામિક લો, તો ઉભયાર્પિત બને,

ઔદયિક + ઔપશમિક લો, તો ઉભયાર્પિત બને,

પણ ઔદયિકને છોડીને ક્ષાયિક + ક્ષાયોપશમિક. એમ બે લો, તો એ સંનિપાત તો આત્માર્પિત જ બને. એ કામમાં ન આવે.)

તેમાં= (ઔદયિકને નિશ્ચિત રાખીને જે સાન્નિપાતિક ભાવો કરવાના છે, તેમાં)

દ્વિકસંયોગો – ૪, ત્રિકસંયોગો – ૬, ચતુષ્કસંયોગો – ૪, પંચકસંયોગ – ૧. આ ભેગા થાય, એટલે ૧૫ થાય.

**પ્રશ્ન :** આ ભાંગાઓની સમજણ તો આપો ?

**ઉત્તર :** આની વિચારણા આગળ કહેશે.

---

अवतरणिका :- पुनरात्मसंयोगादीनेव प्रकारान्तरेणाभिधित्सुः प्रस्तावनामाह-

---

અવતરણિકા :- (એકવાર ફરી યાદ કરી લો, દ્રવ્યસંયોગ બે પ્રકારે : સંયુક્તકસંયોગ + ઈતરેતરસંયોગ. ૩૫મી નિર્યુક્તિ ગાથામાં ઈતરેતરસંયોગના (૧) પરમાણુઓનો, (૨) પ્રદેશોનો, (૩) અભિપ્રેત, (૪) અનભિપ્રેત, (૫) અભિલાપ, (૬) સંબંધન... એમ છ ભેદ બતાવ્યા. એમાં છેલ્લા સંબંધન ઈતરેતરસંયોગનું વર્ણન ચાલે છે.

એના પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમ ચાર ભેદ દર્શાવ્યા. એમાં છેક છેલ્લા ભાવસંબંધન ઈતરેતરદ્રવ્યસંયોગનું વર્ણન ચાલે છે. એના અનાદેશ અને આદેશ એમ બે ભેદ પાડેલા છે. એમાં અનાદેશનું વર્ણન થઈ ગયું.

આદેશના આત્માર્પિત, પરાર્પિત, ઉભયાર્પિત એમ ત્રણ ભેદો દર્શાવી દીધા છે. હવે આગળ...)

ફરી આત્મસંયોગાદિને જ બીજા પ્રકારથી કહેવાની ઈચ્છાવાળા નિર્યુક્તિકાર પ્રસ્તાવનાને કહે છે-

||निर्यु. गा. ५४|| बीओऽवि य आएसो अत्ताणे बाहिरे तदुभए य ।
संजोगो खलु भणिओ तं कित्तेऽहं समासेणं ||५४||

व्याख्या - द्वितीयोऽपि च न केवलमेक एव इत्यपि शब्दार्थः, चः पूरणे, 'आदेशः' प्रकारः, प्रस्तावात् प्ररूपणीयः, *कीदृश इत्याह-आत्मनि बाह्ये तदुभयस्मिंश्च*, संयोग इति सम्बन्धनसंयोगः, 'खलु' निश्चितम् 'भणित' उक्तो, गणधरादिभिरिति गम्यते, अनेन च गुरुपारतन्त्र्यमाविष्करोति, 'तम्' इति द्वितीयमादेशम् '[1]कीर्तये' संशब्दये' 'वर्तमानसामीप्ये वर्तमानवद् वे' (पा०३-३-१३१) ति भविष्यत्सामीप्ये लट्, 'अहम्' इत्यात्मनिर्देशः, 'समासेन' संक्षेपेणेति गाथार्थः ||५४||

---

ગાથાર્થ : બીજો પણ આદેશ = મત છે. આત્મામાં, બાહ્યમાં અને તદુભયમાં સંયોગ કહેવાયેલો છે. તેને હું સમાસથી કહીશ.

ટીકાર્થ : द्वितीयोऽपि... બીજો પણ આદેશ 'માત્ર એક જ નથી' એ अपि શબ્દનો અર્થ છે. चः પૂરણમાં છે. (ગાથામાં અક્ષર ઘટે છે, તે પૂરવા માટે છે. એનો બીજો કોઈ અર્થ નહિ.) આદેશ = પ્રકાર.

प्रस्तावात्... અહીં એ આદેશ શું કરવા યોગ્ય છે ? उपेक्षणीयः છે ? ज्ञेयः છે ? निक्षेपणीयः છે ? શું છે ? એ પ્રશ્નનો ઉત્તર આપે છે કે પ્રસ્તાવ ઉપરથી સમજી લેવાનું કે એ આદેશ प्ररूपणीयः

कीदृश इत्याह... એ કેવા પ્રકારનો છે, એ કહે છે- આત્મામાં, બાહ્યમાં અને તદુભયમાં... સંયોગ એટલે કે સંબંધનસંયોગ.

खलु = નિશ્ચિત રૂપે.

भणित = કહેવાયેલો છે.

પ્રશ્ન : કોના વડે ?

ઉત્તર : ગણધર વગેરે વડે... गणधरादिभिः શબ્દ લખ્યો નથી, પણ એ સમજી લેવાનો. આ 'ગણધરો વડે કહેવાયેલો છે' એવું કહેવા દ્વારા ગુરુપારતન્ત્ર્યને પ્રગટ કરે છે. (ગુરુને પરતન્ત્ર રહીને એમની પાસેથી સાંભળીને જ બધું મેળવેલું છે. પોતાનું કશું છે જ નહિ.) એ બીજા આદેશને હું કહું છું.

પ્રશ્ન : 'કહું છું' એ વર્તમાનકાળનો પ્રયોગ બરાબર નથી ? 'કહીશ' એમ ભવિષ્યકાળનો પ્રયોગ કરવો જોઈએ.

वर्तमानसामीप्ये... ઉત્તર : પાણિનીનું સૂત્ર છે કે 'વર્તમાનકાળની નજીકના (ભવિષ્યકાળમાં) કાળને માટે વર્તમાનકાળ પ્રમાણે પ્રયોગ કરી શકાય.' એટલે અહીં ભવિષ્યકાળ વર્તમાનની ખૂબ નજીકમાં જ છે. એટલે કે નજીકના જ ભવિષ્યમાં આદેશને કહેવાના છે, એટલે વર્તમાનકાળનો પ્રયોગ કરેલો છે.

अहम् = નિર્યુક્તિકાર પોતાની જાતનો નિર્દેશ કરે છે. समासेन = સંક્ષેપથી કહીશ.

---

अवतरणिका :- तत्र तावदात्मसंयोगमाह-

---

અવતરણિકા :- તેમાં સૌ પ્રથમ તો આત્મસંયોગને કહે છે-

---

||निर्यु. गा. ५५|| ओदइय ओवसमिए खइए य तहा खओवसमिए य ।
परिणामसन्निवाए अ छव्विहो अत्तसंजोगो ||५५||

---

1. चान्द्रमतेन णिज उभयपदभावात् आत्मनेपदम् ।

व्याख्या - 'औदयिके' औदयिकविषये, एवमौपशमिके च *क्षायिके तथा क्षायोपशमिके च परिणाम-सन्निपाते च,* सर्वत्र संयोग इति प्रक्रमः, तत एष 'षड्विधः' षड्भेदः, आत्मभिः-आत्मरूपैः संयोग इति सम्बन्धनसंयोगः आत्मसंयोगः, न चैषामेकैकेनात्मनः संयोगः सम्भवति, अपि तु द्वाभ्यां त्रिभिश्चतुर्भिः पञ्चभिर्वा,

---

ગાથાર્થ : ઔદયિકમાં, ઔપશમિકમાં, ક્ષાયિકમાં, તથા ક્ષાયોપશમિકમાં, પરિણામમાં અને સન્નિપાતમાં છ પ્રકારનો આત્મસંયોગ છે.

ટીકાર્થ : ઔદયિકમાં = ઔદયિકભાવ રૂપ વિષયમાં

એમ ઔપશમિકમાં = ઔપશમિકભાવ રૂપ વિષયમાં

ક્ષાયિકમાં = ક્ષાયિકભાવ રૂપ વિષયમાં

ક્ષાયોપશમિકમાં = ક્ષાયોપશમિકભાવ રૂપ વિષયમાં

પરિણામમાં = પરિણામભાવ રૂપ વિષયમાં

સન્નિપાતમાં = સન્નિપાતભાવ રૂપ વિષયમાં

सर्वत्र संयोग... બધે જ સંયોગ એ તો જોડી જ દેવું. (સમજી લેવું.) તેથી આ છ પ્રકારનો આત્મસંયોગ

आत्मसंयोग = આત્માની સાથે સંબંધનસંયોગ તે આત્મસંયોગ.

न चैषामेकैकेनात्मन... આ જે ઔદયિકાદિ છ ભાવ બતાવ્યા, એમાંથી કોઈપણ એક-એકની સાથે આત્માનો સંયોગ સંભવતો નથી. પરંતુ બેની, ત્રણની, ચારની કે પાંચની સાથે સંભવે છે.

---

वृत्ति :- तत्र द्वाभ्यां क्षायिकेण सम्यक्त्वेन ज्ञानेन वा पारिणामिकेन च जीवत्वेन, त्रिभिरौदयिकेन देवगत्यादिना क्षायोपशमिकेन मत्यादिना पारिणामिकेन च जीवत्वेन, चतुर्भिस्त्रिभिरे(वमे)व चतुर्थेनौपशमिकेन क्षायिकेण वा सम्यक्त्वेन, पञ्चभिर्यदा क्षायिकसम्यग्दृष्टिरेवोपशमश्रेणिमारोहति तदौदयिकेन मनुष्यत्वेन क्षायिकेण सम्यक्त्वेन क्षायोपशमिकेन मत्यादिना औपशमिकेन चारित्रेण पारिणामिकेन जीवत्वेनेति, अत्र च त्रिकभङ्गक एकः चतुष्कभङ्गौ च द्वावेते त्रयोऽपि गतिचतुष्टयभाविन इति गतिचतुष्टयेन भिद्यमाना द्वादश भवन्ति,

---

તેમાં -

(૧) બે ની સાથે : (૧) ક્ષાયિક સમ્યક્ત્વ કે ક્ષાયિક જ્ઞાન, (૨) પારિણામિક એવું જીવત્વ...

(૨) ત્રણની સાથે : (૧) ઔદયિક દેવગત્યાદિ, (૨) ક્ષાયોપશમિક મતિજ્ઞાનાદિ, (૩) પારિણામિક એવું જીવત્વ...

(૩) ચારની સા` : ઉપર મુજબ ત્રણ + (૪) ઔપશમિક સમ્યક્ત્વ અથવા ક્ષાયિક સમ્યક્ત્વ.

(૪) પાંચની સાથે : જ્યારે ક્ષાયિક સમ્યક્ત્વી જ ઉપશમ શ્રેણી ઉપર ચડે, ત્યારે -

(૧) ઔદયિક મનુષ્યત્વ, (૨) ક્ષાયિક સમ્યક્ત્વ, (૩) ક્ષાયોપશમિક મત્યાદિ જ્ઞાન, (૪) ઔપશમિક ચારિત્ર,

(૫) પારિણામિક જીવત્વ, આ પાંચની સાથે સંબંધને પામે.

अत्र च त्रिकभङ्गक... આમાં ત્રિકસંયોગ રૂપ એક ભાંગો, ચારના સંયોગ રૂપ બે ભાંગાઓ. આ ત્રણેય ભાંગાઓ

ચારેય ગતિમાં હોય છે.

गतिचतुष्टयेन... એટલે ચાર ગતિ વડે એ ત્રણેયના ભેદ પાડવામાં આવે, તો કુલ ૧૨ ભાંગા થાય છે.

---

वृत्ति :- उक्तं च-

*"ओदइय[1] खओवसमो तइओ पुण पारिणामिओ भावो ।*
*एसो पढमवियप्पो देवाणं होइ नायव्वो ।।१।।*

*ओदइय[2] खओवसमो ओवसमियपारिणामिओ बीओ ।*
*उदइयखइयपारिणामियखओवसमो भवे तइओ ।।२।।*

*एए चेव वियप्पा णरतिरिणरएसु हुंति बोद्धव्वा ।*
*एए सव्वे मिलिया बारस होंती भवे भेया ।।३।।"*

पञ्चभिर्मनुष्यस्यैव, तस्यैव तथोपशमश्रेण्यारम्भकत्वात्, तस्यामेव च तत्सम्भवात्, तथा चाह-

*"ओदइए[3] ओवसमिए खओवसमिए खए य परिणामे ।*
*उवसमसेढिगयस्सा एस वियप्पो मुणेयव्वो ।।"*

---

કહ્યું છે કે-

(૧) ઔદયિક + ક્ષાયોપશમિક + પારિણામિક એ ત્રીજો ભાવ... આ પ્રથમ વિકલ્પ દેવોને જાણવા યોગ્ય છે ॥૧॥

(૨) ઔદયિક + ક્ષાયોપશમિક + ઔપશમિક + પરિણામિક આ બીજો વિકલ્પ (દેવોને જાણવા યોગ્ય છે)

(૩) ઔદયિક + ક્ષાયિક + પારિણામિક + ક્ષાયોપશમિક આ ત્રીજો વિકલ્પ (દેવોને જાણવા યોગ્ય છે.) ॥૨॥

આ જ ત્રણ વિકલ્પો મનુષ્ય, તિર્યંચ અને નરકમાં જાણવા યોગ્ય છે. આ બધા ભેગા થયેલા બાર ભેદો

(=ચાર ગતિરૂપ સંસારમાં) થાય છે. ॥૩॥

पञ्चभिर्मनुष्यस्यैव... પાંચ ભાવની સાથેનો સંયોગ મનુષ્યને જ છે. કેમકે તે મનુષ્ય જ તે પ્રમાણે (= ક્ષાયિક સમ્યક્ત્વ પામીને ઔપશમિક શ્રેણી માંડવી... એ પ્રમાણે) ઉપશમશ્રેણીનો આરંભક બને છે, અને તેવી તે ઉપશમશ્રેણીમાં જ આ પાંચ ભાવના સંયોગનો સંભવ છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે- ઔદયિક + ઔપશમિક + ક્ષાયોપશમિક + ક્ષાયિક + પરિણામ ઉપશમ શ્રેણી પામેલાને આ પંચક સંયોગ રૂપ વિકલ્પ જાણવો. (૧૨ + ૧ = ૧૩ થયા.)

---

वृत्ति :- अन्यथाऽपि च त्रिभिः सम्भवति, तद्यथा-औदयिकेन मनुष्यत्वेन क्षायिकेण ज्ञानेन

---

1. औदयिकः क्षायोपशमिकः तृतीयः पुनः पारिणामिको भावः । एषः प्रथमविकल्पो देवानां भवति ज्ञातव्यः ।।१।।
2. औदयिकः क्षायोपशमिक औपशमिकः पारिणामिको द्वितीयः । औदयिकः क्षायिकः पारिणामिकः क्षायोपशमिको भवेत्तृतीयः ।।२।। एत एव विकल्पा नरतिर्यग्नरकेषु भवन्ति बोद्धव्याः । एते सर्वे मिलिता द्वादश भवन्ति भवे भेदाः ।।३।। 3. औदयिक औपशमिकः क्षायोपशमिकः क्षायिकश्च पारिणामिकः। उपशमश्रेणिगतस्यैष विकल्पो मुणितव्यः ।।१।।

पारिणामिकेन जीवत्वेन, अयं च केवलिनाम्, उक्तं हि- ''[1]*उदइयखइयप्परिणामिय भावा होंति केवलीणं तु*'' प्रागुक्तभावोभयेन च सिद्धानामेव, उक्तं हि- ''[2]*खाइय तह परिणामा सिद्धाणं होंति नायव्वा*'' एवं चैते पञ्चकत्रिकद्विकसंयोगभङ्गास्त्रयः पूर्वे च द्वादशेति मीलिताः पञ्चदश सम्भवन्ति,

---

अन्यथाऽपि... બીજી રીતે પણ (પૂર્વે બતાવેલ પદ્ધતિ સિવાયની પદ્ધતિથી પણ) ત્રણ ભાવો સાથે આત્મસંયોગ સંભવે છે.

तद्यथा... તે આ પ્રમાણે – (૧) ઔદયિક મનુષ્યત્વ, (૨) ક્ષાયિક જ્ઞાન, (૩) પારિણામિક જીવત્વ. આ ત્રણની સાથે સંયોગ સંભવે છે. આ સંયોગ કેવલીઓને હોય છે. (ચાર ગતિમાં ન મળે.)

કહ્યું છે કે- કેવલીઓને ઔદયિક, ક્ષાયિક, પારિણામિક ભાવો હોય છે.

प्रागुक्तभावोभयेन... તથા પૂર્વે કહેલા બે ભાવ વડે સિદ્ધોને સંયોગ હોય છે. (આ જ ગાથાની શરૂઆતમાં तत्र द्वाभ्यां क्षायिकेण सम्यक्त्वेन ज्ञानेन वा... આ પંક્તિ વડે ક્ષાયિક + પારિણામિક બે ભાવ દર્શાવેલા ને...)

કહ્યું છે કે- સિદ્ધોને ક્ષાયિક તથા પારિણામિક ભાવ હોય છે.

एवं चैते... આમ આ (૧) પંચકસંયોગ, (૨) ત્રિકસંયોગ, (૩) દ્વિકસંયોગ. આ ત્રણ ંગાઓ અને પૂર્વેના બાર એ પ્રમાણે બધા ભેગા કરો એટલે પંદર થાય...

---

वृत्ति :- एत एव चाविरुद्धसान्निपातिकभेदाः पञ्चदश तत्र तत्रोच्यन्ते, तथा चाहुः-

*''एए[3] संजोएणं भावा पन्नरस होंति नायव्वा ।*
*केवलिसिद्धुवसमसेढिएसु सव्वासु य गईसु ॥१॥''*

आह-एवं सान्निपातिकेनैवात्मनः सदा संयोगसम्भवात् कथं षड्विधत्वमात्मसंयोगस्य ?, उच्यते, सहभावित्वेऽपि भावानां यदैकस्य प्राधान्यं विवक्ष्यते तदैकेनाप्यात्मसंयोगसम्भव इत्यदोष इति गाथार्थः ॥५५॥

---

एत एव... આ જ પંદર ભેદો તે તે શાસ્ત્રોમાં અવિરુદ્ધ = સંભવિત એવા સાન્નિપાતિક ભેદો કહેવાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે-

સંયોગ વડે આ પંદર ભાવો કેવલીમાં, સિદ્ધમાં, ઉપશમશ્રેણીમાં અને બધી જ ગતિઓમાં જાણવા યોગ્ય છે. (આમાંથી કયો ભેદ શેમાં ? એ ઉપર દર્શાવ્યા પ્રમાણે સમજી લેવું.)

आह-एवं... પ્રશ્ન : આનો મતલબ એ કે સંસારી કે સિદ્ધ કોઈપણ જીવને એક જ ભાવ તો કયારેય ન હોય, ઓછામાં ઓ ા બે તો હોય જ છે. એટલે કે કોઈપણ જીવને કાયમ માટે સાન્નિપાતિકભાવનો જ સંભવ હોય, એકલો ઔદયિક, એકલો ઔપશમિક... કયારેય ન હોય.

તો પછી આત્મસંયોગ એક જ પ્રકારનો થયો ને ? સાંન્નિપાતિક ભાવનો આત્મા સાથે સંયોગ !

તમે તો છ પ્રકાર દર્શાવ્યા છે, ઔદયિક આત્મ સંબંધનસંયોગ... વગેરે. એ કેવી રીતે ઘટે ?

---

1. औदयिकः क्षायिकः पारिणामिको भावा भवन्ति केवलिनामेव । 2. क्षायिकस्तथा परिणामः सिद्धानां भवतो ज्ञातव्यौ ।
3. एते संयोगेन भावाः पञ्चदश भवन्ति ज्ञातव्याः । केवलिसिद्धोपशमश्रेणिषु सर्वासु च गतिषु ॥१॥

उच्यते सहभावित्वेऽपि... ઉત્તર : આ ભાવો કયારેય એકલા રહેતા નથી. બીજા એક–બે–ત્રણ ભાવોની સાથે જ રહે છે... આ વાત સાચી છે. છતાં પણ જ્યારે એ ઘણા ભાવોમાંથી કોઈપણ એક ભાવની પ્રધાનતા વિવક્ષિત કરાય, ત્યારે પ્રધાન તરીકે ગણના કરાયેલા એ એક ભાવની સાથે પણ આત્મસંયોગનો સંભવ છે... એટલે એ રીતે આત્મસંયોગ છ પ્રકારનો જે કહ્યો છે તેમાં કોઈ દોષ નથી.

अवतरणिका :- बाह्यसम्बन्धनसंयोगमाह-

અવતરણિકા :- બાહ્ય સંબંધનસંયોગને કહે છે.-

॥निर्यु. गा. ५६॥ नामंमि अ खित्तंमि अ नायव्वो बाहिरो य (उ) संजोगो ।
कालेण बाहिरो खलु मीसोऽवि य तदुभए होइ ॥५६॥

व्याख्या - 'नाम्रा' वस्त्वभिधायिध्वनिस्वभावेन, चकारात् द्रव्येण क्षेत्रेण चाकाशदेशात्मकेन, प्राकृतत्वात् तृतीयार्थे सप्तमी, प्रकृतत्वात् संयोगः, किमित्याह-ज्ञातव्यः बाह्यविषयत्वाद् 'बाह्यः', तुः पुनरर्थः 'संयोग' इति सम्बन्धनसंयोगः, 'कालेन' इति चस्य गम्यमानत्वात् कालेन च समयाऽऽवलिकादिना, तत एव संयोगो-बाह्य-सम्बन्धनसंयोगः 'खलु' निश्चितम्, ज्ञातव्य इति योज्यम्,

ગાથાર્થ : નામની સાથે અને ક્ષેત્રની સાથે બાહ્યસંયોગ જાણવો. કાલની સાથે બાહ્યસંયોગ જાણવો. તદુભયની સાથે મિશ્ર પણ થાય છે.

ટીકાર્થ : નામ = વસ્તુનું કથન કરનાર એવો જે શબ્દ, એ જ જેનો સ્વભાવ છે તે, તેની સાથે... (એટલે કે વાચક એવા શબ્દની સાથે)

च થી સમજવાનું કે દ્રવ્યની સાથે.... ક્ષેત્ર = આકાશદેશ... તેની સાથે. અહીં પ્રાકૃત હોવાના લીધે તૃતીયાના અર્થમાં સપ્તમી કરી છે.

प्रकृतत्वात्... આ નામાદિની સાથે શું ? એ લખ્યું નથી, પણ સંયોગની વાત પ્રસ્તુત છે, એટલે સમજી લેવાનું કે આ નામાદિ સાથેનો સંયોગ... એ સંયોગ શું ? એ કહે છે કે એ નામાદિની સાથેનો સંયોગ બાહ્યસંયોગ જાણવો. આ સંયોગ બાહ્યવિષયવાળો હોવાથી બાહ્ય જાણવો.

તથા આ બાહ્યસંયોગમાં સંયોગ એટલે સંબંધનસંયોગ લેવો. तु પુનઃ અર્થવાળો છે.

(ગાથામાં એક સંયોગ શબ્દ તો છે જ, પણ કુલ બે જોઈએ છે. તે આ પ્રમાણે : નામાદિ સાથેનો સંયોગ તે બાહ્ય સંયોગ!

હવે પ્રથમ સંયોગ શબ્દ હાજર નથી, માટે જ प्रकृतत्वात् संयोगः એમ ટીકાકારે લખીને ત્યાં સંયોગ શબ્દ જોડેલો છે.

तु = પુનઃ.... પૂર્વગાથામાં આત્મસંયોગ બતાવી દીધો, આ ગાથામાં બાહ્યસંયોગ બતાવે છે, એટલે એ પૂર્વગાથાના વિષયથી અલગ પડે છે, એટલે એ દર્શાવવા 'પુનઃ' છે. પ્રતમાં च શબ્દ છપાયેલ છે, ટીકાકાર સામે तु હશે...)

'कालेन'... कालेन પછી च એ ગમ્યમાન છે, તેથી कालेन च એમ લેવું. કાલની સાથે = સમય, આવલિકા વગેરેની સા`

કાલની સાથે શું ? એ અહીં પણ લખેલું નથી, પણ જેમ ઉપર प्रकृतत्वात् થી સંયોગ લીધેલો, તેમ અહીં પણ એ प्रकृतत्वात् હેતુ દ્વારા જ (तत एव) સંયોગ શબ્દ જોડવો.

એ સંયોગ શું છે ? એ કહે છે કે એ બાહ્ય છે. એટલે કે બાહ્યસંબંધનસંયોગ. खलु = નિશ્ચિત.

પૂર્વે આવેલો જ્ઞાતવ્ય શબ્દ અહીં જોડવાનો. કાલની સાથેનો સંયોગ એ બાહ્ય સંબંધનસંયોગ જાણવો. આ અર્થ થશે.

---

वृत्ति :- इदमिहैदम्पर्यम्-यः पुरुषादेर्देवदत्तादिनाम्ना सम्बन्धोऽयं देवदत्त इत्यादिः द्रव्येण च दण्डीत्यादिः क्षेत्रेणारण्यजो नगरज इत्यादि कालेन दिनजो रजनिज इत्यादि, स सर्वो नामादिभिर्बाह्यैरेवेति बाह्यः सम्बन्धनसंयोगः, भावेन तु संयोग आत्मसंयोगत्वेनोक्त एव, भवितुरनन्यत्वात् भावस्य, अन्यथा तस्याभावत्वप्रसङ्ग इतीह तस्यानभिधानम्,

---

इदमिहैदम्पर्यम्... અહીં ઐદંપર્ય = ભાવાર્થ આ છે– પુરુષનો દેવદત્ત વગેરે નામની સાથે જે સંબંધ હોય, દા. ત. 'આ દેવદત્ત છે' એ રીતે બધા એ પુરુષને દેવદત્ત નામથી ઓળખે...

પુરુષનો દ્રવ્યની સાથે જે સંબંધ હોય. દા. ત. 'આ દંડવા ો

પુરુષનો ક્ષેત્રની સાથે જે સંબંધ હોય. દા. ત. 'આ જંગલમાં જન્મેલો છે, આ નગરમાં જન્મેલો `.'' ઇત્યાદિ

પુરુષનો કાલની સાથે જે સંબંધ હોય. દા. ત. 'આ દિવસે જન્મેલો છે, આ રાત્રે જન્મેલો `.'

स सर्वो... તે બધો સંયોગ નામાદિ બાહ્ય પદા ોની સાથે જ છે, એથી એ બાહ્યસંબંધનસંયોગ કહેવાય.

(પ્રશ્ન : તમે નામ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ સાથે જીવનો જે સંયોગ તે બાહ્યસંયોગ કહ્યો, પણ ભાવ સાથે જીવના સંયોગને બાહ્યસંયોગ કેમ ન કહ્યો ?)

भावेन तु... ઉત્તર : ાવની સાથેનો સંયોગ તો આત્મસંયોગ તરીકે કહી જ દીધો છે. કારણ કે ભાવ એ ભવિતાથી = (આત્માથી) અભિન્ન હોય છે. જો એ ભવિતાથી (આત્માથી) ભિન્ન હોય, તો તો એ અભાવ રૂપ જ બની જવાની આપત્તિ આવે. એટલે અહીં ભાવની સાથેના સંયોગનું કથન કરેલું નથી.

(ધારો કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ એ ભાવ છે, તો આ ાવવાળો જે બને, તે ભવિતા કહેવાય. હવે આત્મા જ ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળો બને છે, એટલે એ ભવિતા બની ગયો, હવે આનો અર્થ એ જ કે સમ્યક્ત્વભાવ એ ભવિતાથી= આત્માથી અભિન્ન છે.

શું કયારેય આત્મા વિના સમ્યક્ત્વ હોય ખરું ? જેમ ઘડામાં બોર હોય, પણ ઘડા વિના પણ બોર હોય... એટલે બોર ઘડાથી ભિન્ન છે. પણ સમ્યક્ત્વ આત્મા વિના હોતું જ નથી, માટે એ આત્માથી = ભવિતાથી અભિન્ન જ છે.

ધારો કે ભાવને ભવિતાથી ભિન્ન માનો, તો શું થાય ? એ જોઈએ.

ધ્યાતા કરતા ધ્યાન ભિન્ન માનો, તો એ ધ્યાન ધ્યાન જ ન બને.

જ્ઞાતા કરતા જ્ઞાન ભિન્ન માનો, તો એ જ્ઞાન જ્ઞાન જ ન બને.

એમ ભવિતા કરતા ભાવ ભિન્ન માનો, તો એ ભાવ ભાવ જ ન બને. એટલે કે એ અ-ભાવ રૂપ બનવાની આપત્તિ આવે.

એટલે ભાવનો સંયોગ તો આત્મા ાથે જ છે, માટે તે આત્મસંયોગ છે, માટે આ પરસંયોગના નિરૂપણમાં ાવનું અભિધાન કરેલું નથી.)

---

वृत्ति :- तथा कालेन बाह्य इति च भिन्नवाक्यताकरणं केषाञ्चिन्मतेन कालस्यासत्त्वख्यापनार्थम्,

यद्वा नाम्नि क्षेत्र इति च विषयसप्तम्येव, यो हि येन सह भवति स तद्विषय एवेतिकृत्वा॥ आह-नाम्नोऽप्यभिलापत्वात् तद्विषयोऽपि संयोगोऽभिलापसंयोगः, स चोक्त एवेति कथं न पौनरुक्त्यम् ?, उच्यते, अभिलापसामान्यविषयोऽभिलापसंयोगः,

---

તથા = બીજી વાત એ કે- नामंमि... ઈત્યાદિ વાક્યમાં જ कालेण શબ્દ મૂકીને એક આખું વાક્ય બનાવી શકાત, છતાં कालेन बाह्य... એ પ્રમાણે જે અલગ વાક્ય બનાવ્યું છે, એ એવું જણાવવા માટે છે કે 'કેટલાકોના મતે કાલ અસત્ છે.'

અથવા તો (ભિન્નવાક્યતાનું બીજું કારણ આપવા માટે यद्वा છે.)

'नाम्नि क्षेत्रे' એ જે સપ્તમી કરી છે, એ તૃતીયા-અર્થમાં નહિ લેવાની, પણ એ વિષય સપ્તમી જ લેવાની. અને એ અર્થ સંગત થઈ શકે છે... કેમકે જે જેની સાથે હોય, તે તદ્વિષયક જ હોય... એ પ્રમાણે પદાર્થ છે જ. દા.ત. ઘટનો સ્પર્શ હોય તો 'કોની સાથે સ્પર્શ છે ?' એ પ્રશ્નના ઉત્તરમાં જવાબ મળે કે 'ઘટ સાથે !' માટે સ્પર્શ ઘટની સાથે હોવાથી સ્પર્શ ઘટવિષયક બને... આ રીતે ઘણા દૃષ્ટાંતો વિચારી શકાય. એટલે નામની સાથે સંયોગ હોય તો સંયોગ નામવિષયક કહેવાય. એમ ક્ષેત્રની સાથે સંયોગ હોય, તો ક્ષેત્રવિષયક કહેવાય.

(એટલે નામરૂપી વિષયમાં, ક્ષેત્રરૂપી વિષયમાં સંયોગ... આ પ્રમાણે પ્રથમ વાક્યમાં અર્થ થાય છે. એટલે ત્યાં જો 'कालेन' ત્રીજી લે, તો અર્થ બદલાઈ જાય ને ? એક વાક્યમાં બે વિષયસપ્તમી, એક સહાર્થ તૃતીયા... એ અર્થ અટપટો લાગે. માટે कालेण बाहिरो... એ અલગ વાક્ય બનાવી દીધું.

જો કે काले એમ વિષયસપ્તમી ત્યાં પણ થઈ શકત. પણ ગ્રન્થકાર અલગ-અલગ રીતે પદાર્થોનું નિરૂપણ કરતા હોય છે, એટલે સહાર્થ તૃતીયાનો પ્રયોગ પણ કરી લે... એ શિષ્યોના ઘડતર માટે યોગ્ય જ છે.)

आह... प्रश्न : નામ એ અભિલાપ છે, તેથી નામવિષયક એવો પણ સંયોગ અભિલાપસંયોગ જ કહેવાય.

('પૂર્વે દર્શાવેલ અભિલાપસંયોગો તો અભિલાપ સંયોગ છે જ, પરંતુ આ પણ...' એ પ્રમાણે 'अपि' શબ્દનો અર્થ છે.) અને એ સંયોગ તો કહેવાઈ જ ગયો છે. તો પછી પુનરુક્તિ દોષ કેમ ન લાગે ? (એક જ પદાર્થ બીજીવાર કહેવો, એ પુનરુક્તિ...)

ઉત્તર : અભિલાપસંયોગ એ અભિલાપસામાન્યવિષયવાળો હતો.

'વીર' શબ્દનો 'વીર' વાચ્ય સાથેનો

'ઘટ' શબ્દનો 'ઘટ' વાચ્ય સાથેનો સંયોગ

'દેવદત્ત' શબ્દનો 'દેવદત્ત' વાચ્ય સાથેનો સંયોગ...

આમ જગતમાં જેટલા અભિલાપ છે, તે બધાનો અભિલાપ્ય સાથેનો વાચ્ય-વાચક ભાવરૂપ સંબંધ એ અભિલાપ સંયોગ રૂપ મનાયેલો છે.

---

वृत्ति :- अयं तु सम्बन्धनसंयोगस्य प्रकृतत्वात् तस्य च सकषायजीवसम्बन्धित्वात्, वक्ष्यति हि- ''*संबंधणसंजोगो कसायबहुलस्स होइ जीवस्स*'' त्ति, कस्यचिन्नाम्न्यप्यभिष्वङ्गसम्भवादभिष्वङ्गहेत्वभिलापविषय एवेति न पौनरुक्त्यम्, 'मीसोऽवि य' त्ति 'अपिः' पुनरर्थे, 'चः' पूरणे, ततो मिश्रविषयत्वान्मिश्र संम्बन्धनसंयोगः पुनर्ज्ञातव्यः,

---

(अयं तु નો અન્વય अभिष्वङ्गहेतु... સાથે કરવાનો.)

अयं तु... અહીં જે નામ સાથેનો સંયોગ લીધો છે, તે અભિષ્વંગના = રાગના કારણભૂત જે અભિલાપ = નામ હોય,

તદ્‌વિષયક = તેવા નામની સાથેનો જ સંયોગ લેવાનો છે.

**પ્રશ્ન :** પણ આ નામસંયોગ રાગના કારણભૂત એવા નામની સાથેના સંયોગરૂપ જ લેવાનો છે. (એટલે કે વિશેષ પ્રકારનો લેવાનો, અને માટે તે અભિલાપ સંયોગથી અલગ ગણવાનો.) એવું તમે ક્યા આધારે કહી શકો ?

**सम्बन्धसंयोगस्य...** **ઉત્તર :** અત્યારે સંબંધનસંયોગ પ્રકૃત છે = ચાલી રહ્યો છે = કહેવાઈ રહ્યો છે, અને આ સંયોગ કષાયવાળા જીવના સંબંધી જ હોય. (એટલે કે કષાયી જીવને જ હોય) આ વાત આગળ કહેશે જ કે 'કષાયબહુલ એવા જીવને સંબંધનસંયોગ હોય છે.' એટલે કોઈક જીવને નામ ઉપર પણ રાગ થવાનો સંભવ તો છે જ ને ?

**कस्यचिन्नाम्न्य–...** તેથી જે નામ કોઈકને રાગનું કારણ બને, તે નામ ત્યાં રાગવાળા = કષાયવાળા જીવની સાથે સંબંધ પામ્યું, આ જે સંયોગ થાય, એ સકષાય જીવ સાથેનો હોવાથી એને સંબંધનસંયોગ કહેવાય.

(જ્યારે રાગનું કારણ ન બનનાર એવા નામની સાથેનો સંયોગ એ અભિલાપસંયોગ કહેવાય.)

આ પ્રમાણે પુનરુક્તિ દોષ લાગતો નથી.

(**સાર :** કષાયોત્પાદક એવું જે નામ, તેની સાથેનો સંયોગ તે સંબંધન નામસંયોગ.

કષાય–અનુત્પાદક એવું જે નામ, તેની સાથેનો સંયોગ તે અભિલાપસંયોગ...)

**'मीसो वि य'...** अपि પુનઃ અર્થમાં છે, च પૂર્તિમાં છે. તેથી અર્થ આ પ્રમાણે થશે. મિશ્ર એવો સંબંધનસંયોગ વળી જાણવો... કે જે... આ મિશ્રવિષયક હોવાથી મિશ્ર છે.

---

वृत्ति :- यः कीदृगित्याह-'तदुभए' त्ति प्राग्वत्तदुभयेन-आत्मबाह्यलक्षणेन तदुभयस्मिन् वोक्तरूप एव भवति, यः संयोग इति शेषः, यथा-क्रोधी देवदत्तः क्रोधी कौन्तिको मानी सौराष्ट्रः क्रोधी वासन्तिकः, अत्र क्रोधादिभिरौदयिकभावान्तर्गतत्वेनात्मरूपैर्नामादिभिस्त्वात्मनोऽन्यत्वेन बाह्यरूपैः संयोग इत्युभय-सम्बन्धनसंयोग उच्यते।

---

**यः कीदृगित्याह–...** **પ્રશ્ન :** જે અમારે મિશ્ર સંબંધનસંયોગ તરીકે જાણવાનો છે. તે મિશ્રસંયોગ કેવો છે ?

**ઉત્તર :** तदुभए અંહીં પૂર્વની જેમ તૃતીયાના અર્થમાં સપ્તમી લેવાની, એટલે તદુભયની સાથેનો = આત્મા + બાહ્ય એમ બેની સાથેનો. અથવા તો વિષય સપ્તમી જ લઈ લેવી. એટલે उक्तरूपे एव = આત્મ+બાહ્ય એમ જે બે કહી ગયા, એ રૂપ જ તદુભયમાં જે સંયોગ થાય છે... તે સંયોગ.

**यः संयोग...** અહીં यः संयोगः લખેલું નથી, પણ એ શેષ લઈ લેવાનું છે.

દા. ત. 'क्रोधी देवदत्तः' (આમાં ક્રોધ રૂપ ભાવ સાથેનો સંયોગ આત્મસંયોગ છે. દેવદત્ત નામ સાથેનો સંયોગ પરસંયોગ=બાહ્યસંયોગ છે. અહીં 'क्रोधी देवदत्तः' વાક્યમાં એક સાથે આત્મ+પર સંયોગ રહેલો છે માટે ઉભયસંયોગમાં સમાવેશ થશે. આ પ્રમાણે બધે સમજવું.)

'क्रोधी कौन्तिकः' ('क्रोधी' આત્મ સંયોગ સૂચવે છે. कौन्तिकः શબ્દ કુન્તા માતા રૂપી દ્રવ્ય સાથેનો સંયોગ દર્શાવે છે, એટલે એ પરસંયોગ છે. (कौन्तिक = कुन्तापुत्रः)

'मानी सौराष्ट्रः' ('मानी' આત્મસંયોગ સૂચવે છે. માન એ ભાવ છે ને ? सुराष्ट्र દેશમાં જન્મેલો सौराष्ट्रः કહેવાય, એટલે આ શબ્દ દેશ સાથેનો સંયોગ એટલે કે પરસંયોગ દર્શાવે છે.)

'क्रोधी वासन्तिक:' ('क्रोधी' આત્મસંયોગ સૂચવે છે, વસંતમાં જન્મેલો, તે वासन्तिकः આ શબ્દ કાલ સાથે સંયોગ એટલે કે પરસંયોગ દર્શાવે છે.)

अत्र... અહીં ક્રોધાદિ ભાવો ઔદયિક ભાવની અંતર્ગત છે, તેથી તે આત્મરૂપ છે... નામ, ક્ષેત્રાદિ એ આત્માથી ભિન્ન છે, તેથી તે બાહ્ય રૂપ છે... આ આત્મરૂપ અને બાહ્યરૂપની સાથેનો સંયોગ એ ઉભય સંબંધનસંયોગ કહેવાય.

---

वृत्ति :- नन्वेवं न कदाचिन्नामादिविकलैरौदयिकादिभिरौदयिकादिरहितैर्वा नामादिभिरात्मनः संयोग इति सर्वदोभयसम्बन्धनसंयोग एव प्राप्तः, सत्यमेतत्, किन्तु वक्तुरभिप्रायवैचित्र्यात्कदाचिदौदयिकादिभिः कदाचिन्नामादिभिः कदाचित्तदुभयेन संयोगविवक्षेति नात्मपरोभयसम्बन्धनसंयोगत्रयविरोध इति गाथार्थः ।।५६।।

---

नन्वेवं... પ્રશ્ન : જો આ રીતે ઉભયસંબંધનસંયોગ માનવાનો હોય, તો તો કાયમ માટે ઉભયસબંધનસંયોગ જ મળશે, એકલો આત્મસંયોગ કે એકલો બાહ્યસંયોગ મળશે જ નહિ ?

કારણ કે ક્યારેય નામ, ક્ષેત્રાદિથી રહિત એવા ઔદયિકાદિ ભાવો સાથે આત્માનો સંયોગ થવાનો જ નથી. (જે ક્રોધી વગેરે છે, એને નામ, ક્ષેત્રાદિ સાથે સંયોગ છે જ...) એમ ક્યારેય ઔદયિકાદિથી રહિત એવા નામાદિ સાથે આત્માનો સંયોગ થવાનો જ નથી. (જે દેવદત્ત, કૌન્તિક, સૌરાષ્ટ્ર, વાસન્તિક છે, એમાં ઔદયિકાદિ કોઈક ભાવો તો રહેલા જ હોય...) એટલે કાયમ માટે ઉભય સંબંધનસંયોગ જ પ્રાપ્ત થયો.

सत्यमेतत्... ઉત્તર : આ વાત સત્ય છે. પરંતુ વક્તાના અભિપ્રાય અલગ-અલગ પ્રકારના હોય છે, તેથી એ અભિપ્રાય પ્રમાણે વક્તા ક્યારેક માત્ર ઔદયિકાદિ ભાવોની સાથે સંયોગની વિવક્ષા કરે, અને આવી વિવક્ષા કરે, ત્યારે આત્મસંયોગ માનવાનો.

ક્યારેક માત્ર નામાદિ સાથે સંયોગની વિવક્ષા કરે, અને આવી વિવક્ષા કરે, ત્યારે પરસંયોગ માનવાનો.

ક્યારેક બંને સાથે સંયોગની વિવક્ષા કરે, તો એ વખતે તદુભય સંયોગ માનવાનો.


(વક્તા ક્રોધી એટલું જ બોલે, તો આત્મ-સંયોગ,


વક્તા દેવદત્ત એટલું જ બોલે તો પરસંયોગ,

વક્તા ક્રોધી દેવદત્ત એટલું જ બોલે, તો તદુભય સંયોગ.)

આ પ્રમાણે આત્મ, પર, ઉભય એમ ત્રણ સંબંધન સંયોગ માનવામાં કોઈ વિરોધ આવતો નથી.

---


સંયોગ (નિ.ગા.-૩૦)
નામ
સ્થાપના
દ્રવ્ય
આગમ
નોઆગમ
જ્ઞશરીર
તદ્વ્યતિરિક્ત (નિ.ગા.-૩૦)
ભવ્યશરીર
સંયુક્તસંયોગ (નિ.ગા.-૩૧)
ઈતરેતરસંયોગ (નિ.ગા-૩૫)
સચિત્ત (નિ.ગા.૩૨)
અચિત્ત (નિ.ગા.-૩૩)
મિશ્ર (નિ.ગા.-૩૪)
પરમાણુ (નિ.ગા.-૩૬)
પ્રદેશ (નિ.ગા.-૪૨)
અભિપ્રેત નિ.ગા.-૪૩)
શબ્દાદિ પાંચ વિષય
અનુકૂળ
અનભિપ્રેત (નિ.ગા-૪૪)
શબ્દાદિ પાંચ વિષય
પ્રતિકૂળ
અભિલાપ (નિ.ગા.-૪૫)
સમ્બન્ધન (નિ.ગા.-૪૬)
સંસ્થાન (નિ.ગા.-૩૮)
સ્કન્ધ (નિ.ગા.-૩૭)
બે પરમાણુ
બહુપરમાણુ
પરિમણ્ડલ (૨)
(બંગડી જેવું)
વૃત્ત (૪)
(ચક્ર જેવું)
ત્ર્યસ્ર (૪)
(ત્રિકોણ)
ચતુરસ્ર (૪)
(૪ ખૂણાવાળું)
આયત (૬)
(દણ્ડ જેવું)
ઘન
પ્રતર
યુગ્મ
ઘન (૨)
પ્રતર (૨)
ઓજ
યુગ્મ
(નિ. ગા.- ૩૯-૪૦-૪૧)
ઘન (૨)
શ્રેણી (૨)
પ્રતર (૨)
ઓજ
યુગ્મ
ધર્મ
અધર્મ
આકાશ
જીવ
પુદ્ગલ
સજાતીય
વિજાતીય
સ્કન્ધ
દેશ
પ્રદેશ
ધર્માદિ ત્રણ
અનાદિ
જીવ-પુદ્ગલ
સાદિ
અભિલાપનો
અભિલાપ્યસાથે
(નિ.ગા.-૪૫)
અભિલાપ્યનો
અભિલાપ્ય સાથે
(નિ.ગા.-૪૫)
વર્ણનો
વર્ણાન્તર સાથે
(નિ.ગા.-૪૫)
દ્રવ્ય
ક્ષેત્ર
કાળ
ભાવ


સમ્બન્ધન (નિ.ગા.-૪૬)
દ્રવ્ય (નિ.ગા.-૪૬)
સચિત્ત
અચિત્ત
મિશ્ર
ક્ષેત્ર (નિ.ગા.-૪૭)
કાળ (નિ.ગા.-૪૭)
આદેશ (વિશેષ)
અનાદેશ (સામાન્ય)
ભાવ
અનાદેશ (નિ.ગા.-૪૮)
ઔદયિક
ક્ષાયિક
ઔપશમિક
ક્ષાયોપશમિક
પરિણામ
સન્નિપાત
આદેશ (નિ.ગા.-૪૯)
અર્પિત વ્યવહાર
(નિ.ગા.-૪૯)
અનર્પિત વ્યવહાર
(અનુપયોગી)
આત્માર્પિત (નિ.ગા.-૫૦)
ઔપશમિક
ક્ષાયિક
ક્ષાયોપશમિક
પરિણામ
સન્નિપાત
(૧૧ ભાંગા) (નિ.ગા.-૫૧)
પરા(બાહ્યા)ર્પિત (નિ.ગા.-૫૨)
ઔદયિકભાવ
(લેશ્યા-કષાય-વેદના-વેદ-અજ્ઞાન-મિથ્યાત્વ-મિશ્ર)
ઉભયાર્પિત (નિ.ગા.-૫૩)
સાન્નિપાતિક
૧૫ ભાંગા
દ્વિક સંયોગ
૪
ત્રિક
૬
ચતુષ્ક
૪
પંચક
૧
પ્રકારાન્તર (નિ.ગા.-૫૪)
આત્મસંયોગ (૧૫) (નિ.ગા-૫૫)
દ્વિકસંયોગ
સિદ્ધ
ત્રિકસંયોગ
કેવલિ
૪ ગતિ
ચારસંયોગ
૧
૪ ગતિ
૨
૪ ગતિ
પંચસંયોગ
મનુષ્ય
બાહ્યસંયોગ (નિ.ગા.-૫૬)
નામ
દ્રવ્ય
ક્ષેત્ર
કાળ
ઉભયસંયોગ (નિ.ગા.-૫૬)
નામાદિથી યુક્ત
ઔદયિકાદિ ભાવ

अवतरणिका :- प्रकारान्तरेण बाह्यसम्बन्धनसंयोगमाह-

અવતરણિકા :- આમ કુલ બે પ્રકારથી આત્મ-પર-તદુભય સંયોગ દર્શાવી દીધા. હવે બીજા પ્રકારથી બાહ્યસંબંધન સંયોગને દર્શાવે છે. (બાહ્યસંયોગ માટે આ ત્રીજો પ્રકાર છે. આ ગાથામાં આત્મા + તદુભય માટેનો પ્રકાર દર્શાવવાના નથી.)

**॥निर्यु. गा. ५७॥ आयरिय सीस पुत्तो पिया य जणणी य होइ धूया य ।**
**भज्जा पइ सीउण्हं तमुज्जछायाऽऽयवे चेव ॥५७॥**

व्याख्या – आङित्यभिव्याप्त्या मर्यादया वा स्वयं पञ्चविधाचारं चरत्याचारयति वा परान् आचर्यते वा मुक्त्यर्थिभिरासेव्यत इति आचार्यः, *'अन्यत्रापी'* ति वचनात् कर्तरि कर्मणि वा कृत्यप्रत्ययः, तथा शासितुं शक्यः शिष्यः पुनाति पितुराचारानुवर्तितयाऽऽत्मानमिति पुत्रः, पाति-रक्षत्यपत्यमिति पिता स च, जनयति-प्रादुर्भावयत्यपत्यमिति जननी सा च भवति बाह्यसम्बन्धनसंयोगविषयत्वाद्बाह्यसम्बन्धनसंयोग इति वृद्धाः, इदं च सर्वत्र योज्यम्,

**ગાથાર્થ :** આચાર્ય, શિષ્ય, પુત્ર, પિતા, માતા, પુત્રી, પત્ની, પતિ, શીત-ઉષ્ણ, અંધકાર, ઉદ્યોત, છાયા, આતપ (બાહ્ય સંયોગ) છે.

**ટીકાર્થ : આચાર્ય :-** आ = અભિવ્યાપ્તિથી કે મર્યાદાથી જાતે પાંચ પ્રકારના આચારને આચરે. તે આચાર્ય ! (પાંચે પાંચ આચારને પાળે, તે અભિવ્યાપ્તિ ! એ જે રીતે શાસ્ત્રમાં આચરવાના કહ્યા હોય, એ રીતે આચરે, એ મર્યાદા !)

– અથવા બીજા પાસે અભિવ્યાપ્તિથી કે મર્યાદાથી પળાવે તે આચાર્ય !

– અથવા મુક્તિની ઈચ્છાવાળાઓ વડે જે आचर्यते = આસેવન કરાય, તે આચાર્ય !

**પ્રશ્ન :** आ + चर् ધાતુને य પ્રત્યય લાગ્યો છે, આ કૃત્ય = વિધ્યર્થ પ્રત્યય છે, અને એ તો કર્મણિ પ્રયોગમાં જ લાગે. જે ત્રણ અર્થ બતાવ્યા, એમાં છેલ્લો અર્થ બરાબર છે. પણ પહેલા બે અર્થ તો કર્તરિ પ્રયોગના છે. તો એમાં य શી રીતે લાગે?

**ઉત્તર :** अन्यत्रापि એ પ્રમાણે વ્યાકરણ વચનને અનુસારે કર્તરિમાં કે કર્મણિમાં બંનેમાં કૃત્યપ્રત્યય લાગી શકે.

**શિષ્ય :** શાસનને માટે જે શક્ય હોય, અર્થાત્ જેની ઉપર અનુશાસન કરી શકાય તે શિષ્ય !

**પુત્ર :** પિતાના આચારને અનુસરવા દ્વારા જે આત્માને પુનાતિ = પવિત્ર કરે, તે પુત્ર !

**પિતા :** સંતાનની જે રક્ષા કરે તે પિતા ! (स च = पिता च ગાથાનો च નીચે ઉતાર્યો છે.)

**જનની :** જે સંતાનને જન્મ આપે = પ્રગટ કરે તે જનની ! (सा च = जननी च ગાથાનો च નીચે ઉતાર્યો છે.)

આ બધા થાય છે.

**પ્રશ્ન :** શું થાય છે ?

**ઉત્તર :** બાહ્યસંબંધનસંયોગનો વિષય બનતા હોવાથી (વિષયમાં વિષયીનો ઉપચાર કરીને) આ બધા બાહ્યસંબંધનસંયોગ છે. એ પ્રમાણે વૃદ્ધ પુરુષો (ચૂર્ણિકાર) કહે છે.

અને આ બધે જ જોડવું.

1. कृत्यल्युटो बहुलम् इति ३-३-११३ सूत्रोक्तबहुलभावार्थभूतम् ।

(એટલે કે આચાર્ય, શિષ્ય વગેરે તમામ પદાર્થો સાથે આ પદાર્થ જોડવો કે 'તે બાહ્યસંબંધનસંયોગ' છે.)

(ગાથામાં ક્યાંય લખ્યું નથી કે 'આ બાહ્યસંયોગ `.' પણ ચૂર્ણિકારે આ ગાથાને બાહ્યસંયોગ પ્રતિપાદક તરીકે દર્શાવી છે. માટે ટીકાકારે એને અનુસારે જ વર્ણન કર્યું, અને માટે જ वृद्धाः એમ ઉલ્લેખ કર્યો.)

---

वृत्ति :- दोग्धि च केवलं जननीं स्तन्यार्थमिति दुहिता, ततश्च ''दुहितरि धो हिलोपश्च'' इतिवचनादादेर्धत्वे हिलोपे च 'उदूत् सुपुष्पोत्सवोत्सुकदुहितृषु' इति वचनात्, उत ऊत्त्वे च धूया, सा च, चकारत्रयं पूरणे, भ्रियते-पोष्यते भर्त्रेति भार्या पाति-रक्षति तामिति पतिः स्त्यायते धातूनामनेकार्थत्वात् कठिनीभवत्यस्मिन् जलादीति शीतम् उषति-दहति जन्तुमिति उष्णम् तमयति-खेदयति जनलोचनानीति तमः औणादिकोऽसन्, 'उज्ज' त्ति आर्षत्वादुद्द्योतयतीति उद्द्योतः पचादित्वादच्, छूयति छिनत्ति वाऽऽतपमिति छाया, आ-समन्तात्तपति संतापयति जगदिति आतपः,

---

दुहिता= જે દૂધને માટે માત્ર માતાને દોહે તે દુહિતા !

प्रश्न : સંસ્કૃતમાં दुहिता શબ્દ છે, પ્રાકૃતમાં धूया શી રીતે બન્યું ?

ઉત્તર : 'दुहितरि धो हिलोपश्च' આ વ્યાકરણ સૂત્રનું વચન છે આ સૂત્ર પ્રમાણે दुहिता શબ્દના પ્રથમ અક્ષરનો ઘ કરવાનો છે, એટલે धुहिता થાય. પછી हि નો લોપ કરવાનો છે એટલે धुता થાય. પછી...

('उदूत् सुपुष्पोत्सवोत्सुकदुहितृषु' આ વ્યાકરણ સૂત્રનું વચન લાગશે. એમાં હ્રસ્વ उ નો દીર્ઘ ऊ ક્યાં કરવાનો, એ દર્શાવેલું છે. એમાં दुहितृ શબ્દમાં હ્રસ્વ उ નો દીર્ઘ उ કરવાનું જણાવેલું છે. એટલે धुता નું धूता થાય. પ્રાકૃતમાં ता નો या તો લખાય જ છે. એટલે धूया થાય.) सा च = दुहिता च...

भार्या = જે પતિ વડે भ्रियते = ભરાય = પોષાય તે ભાર્યા.

पतिः = જે તેને = પત્નીને पाति = રક્ષે તે પતિ.

शीतम् = ધાતુ અનેક-અર્થવાળા હોય છે, તેથી स्त्यायते = કઠિન થાય છે પાણી વગેરે જેને વિશે, તે શીત !

उष्णम् = જે જન્તુને उषति = બાળે છે, તે ઉષ્ણ !

तमः = જે લોકોના નેત્રોને तमयति = ખેદ પમાડે છે તે તમ !

उद्द्योतः = ગાથામાં उज्ज લખેલું છે, તે આર્ષપ્રયોગ હોવાથી उद्द्योत સમજવું, જે उद्द्योतयति = પ્રકાશિત કરે છે, તે ઉદ્યોત !

छाया = જે આતપને छूयति = ઢાંકે છે, छिनत्ति = કાપે છે, તે છાયા !

आतपः = જે आ = બધી બાજુથી तपति = જગતને સંતાપ પમાડે છે તે આતપ !.

---

वृत्ति :- चशब्दो राजभृत्याद्यनुक्ताशेषसम्बन्धिसमुच्चये, लक्षणानुपपत्तौ च सर्वत्र नैरुक्तो विधिः, सुपश्च यत्राश्रवणं तत्र प्राग्वल्लुक्,

---

च શબ્દ રાજા, નોકર વગેરે નહિ કહેવાયેલા તમામ સંબંધીઓનો સંગ્રહ કરવામાં છે.

તથા आचार्य, शिष्य વગેરે શબ્દો તો સંસ્કૃતના લક્ષણ પ્રમાણે = નિયમાદિ પ્રમાણે ઘટે છે. એટલે કે એ શબ્દમાં લક્ષણની = નિયમાદિની ઉપપત્તિ થાય છે.

પણ आत्मानं पुनाति इति पुत्रः

अपत्यं पाति इति पिता

स्त्यायते अस्मिन् जलादि इति शीतं

આ બધા શબ્દો એવા છે કે જેમાં અમે અર્થ તો બતાવી દીધો, પણ વ્યાકરણના લક્ષણોની એમાં ઉપપત્તિ થતી નથી.

દા. ત. पु ધાતુને त्र લગાડવાનો નિયમ વ્યાકરણમાં નથી.

पा ધાતુ ઉપરથી पिता વ્યાકરણમાં બનતું નથી.

लक्षणानुपपत्तौ... તો જ્યાં જ્યાં લક્ષણની અનુપપત્તિ થાય, ત્યાં ત્યાં બધે જ નૈરુક્ત વિધિ સમજવી. (નિરુક્તિ સંબંધી વિધિ એ નૈરુક્ત વિધિ.)

(જેમ श्रावकः માં श्र = શ્રદ્ધા, व = વિવેક, क = ક્રિયા... લઈએ, તો એ માત્ર તે તે અક્ષરની સમાનતાને પકડીને અર્થ કર્યો છે, એ નૈરુક્ત વિધિ ગણાય. એમ पुत्र માં જે पु શબ્દની સમાનતા છે તે (સમાનતા)ને पु ધાતુમાં પકડીને = એને લઈને पुत्र શબ્દનો અર્થ કરી દીધો. पिता માં प અક્ષરની મુખ્યતા કરીને पा ધાતુમાં એ અક્ષર પકડીને = એને લઈને અર્થ કરી દીધો... આ બધી નૈરુક્ત વિધિ ગણાય.)

सुपश्च... જ્યાં વિભક્તિનું અશ્રવણ ` = જ્યાં વિભક્તિ નથી, ત્યાં પૂર્વની જેમ = प्राकृतत्वात् વિભક્તિનો લોપ સમજવો.

---

वृत्ति :- इदमत्रैदम्पर्यम्-आचार्यः शिष्यादन्यत्वेन बाह्यः, ततो यस्तेन शिष्यस्य संयोगः-शिष्य इत्युक्तिरवश्यमाचार्यमाक्षिपति यस्यायं शिष्य इत्याक्षेप्याक्षेपकभावलक्षणः स बाह्येनेतिकृत्वा बाह्यसम्बन्धनसंयोगः, ततस्तद्विषय आचार्योऽप्युपचारात्तथोच्यते,

---

इदमत्रैदम्पर्यम्... અહીં આ ભાવાર્થ છે.

આચાર્ય શિષ્ય કરતા અન્ય હોવાથી શિષ્ય માટે એ બાહ્ય છે. તેથી તેમની સા` = આચાર્યની સાથે શિષ્યનો જે સંયોગ છે... તે બાહ્ય પદાર્થની સાથે છે, એ કારણથી બાહ્યસંબંધનસંયોગ છે.

પ્રશ્ન : પણ આચાર્યની સાથે શિષ્યનો સંબંધ = સંયોગ કેવા પ્રકારનો છે ? બેમાં કંઈ વાચ્ય-વા ાવ નથી, પરસ્પર સ્પર્શ રૂપ સંયોગ પણ નથી, તો પછી કયો સંયોગ ?

शिष्य इत्युक्तिर-... ઉત્તર : 'શિષ્ય' એ પ્રમાણે શબ્દ અવશ્ય આચાર્યને આક્ષેપે છે = ખેંચી લાવે છે = યાદ કરાવે છે. (કયા આચાર્યને આક્ષેપે છે ? તે કહે છે કે) જે આચાર્યનો આ શિષ્ય હોય, તેને આક્ષેપે છે.

(દા. ત. મારા માટે 'આ શિષ્ય છે' એમ શબ્દો વપરાય, ત્યારે શ્રોતા જો જાણકાર હોય, તો મારા ગુરુદેવ એ શ્રોતાના મનમાં ઉપસ્થિત થઈ જ જવાના...) આ પ્રમાણે બે વચ્ચે આક્ષેપ્ય-આક્ષેપક ભાવ રૂપ સંયોગ છે. શિષ્ય આક્ષેપક છે. ગુરુ આક્ષેપ્ય છે.)

પ્રશ્ન : પણ તમે તો 'આચાર્ય બાહ્યસંયોગ છે' એમ કહો છો. એ ક્યાં બાહ્યસંયોગ છે ? એમનો શિષ્ય સાથેનો સંયોગ બાહ્યસંયોગ છે...

ततस्तद्विषय... ઉત્તર : બરાબર, પણ આચાર્યનો શિષ્ય સાથેનો સંયોગ બાહ્યસંયોગ `, એથી (ततः) આ સંયોગનો વિષય આચાર્ય બને છે, એટલે તે પણ ઉપચારથી બાહ્યસંયોગ કહેવાય છે.

---

एवं शिष्योऽप्याचार्यादन्यत्वेन बाह्यः, तेनाप्याचार्यस्य यः संयोगः-आचार्य इत्युक्तिरवश्यं शिष्यमाक्षिपति यस्यायमाचार्य इत्याक्षेप्याक्षेपकभावरूपः सोऽपि बाह्येनेतिकृत्वा बाह्यसम्बन्धनसंयोगः,

ततस्तद्विषयः शिष्योऽप्युपचारात् तथोच्यते, एवं पुत्रपित्रादिद्वयेष्वपि भावनीयम, सर्वत्र सामान्येन परस्पराक्षेप्याक्षेपकभावः सम्बन्धः,

---

एवं शिष्योऽप्या-... એ પ્રમાણે શિષ્ય પણ આચાર્ય કરતા ભિન્ન હોવાથી એમને માટે બાહ્ય છે. તેથી તે શિષ્ય સાથેનો પણ આચાર્યનો જે સંયોગ, તે પણ 'બાહ્યની સાથે છે' એ કારણથી બાહ્યસંબંધનસંયોગ બને છે.

આ સંયોગ કેવા પ્રકારનો છે ? તે જોઈએ.

तेनाप्याचार्यस्य... 'આચાર્ય' આ શબ્દ અવશ્ય શિષ્યને આક્ષેપે છે = ખેંચી લાવે છે = યાદ કરાવે છે, જે શિષ્યના આ આચાર્ય છે, તે શિષ્યને આક્ષેપે છે. (અહીં 'अपि' શબ્દ-જેમ 'शिष्य' શબ્દ આચાર્યને આક્ષેપે છે તેમ 'आचार्य' શબ્દ પણ) આ પ્રમાણે બે વચ્ચે આક્ષેપ્ય-આક્ષેપક ભાવ રૂપ સંબંધ છે. (આચાર્ય આક્ષેપક છે. શિષ્ય આક્ષેપ્ય છે.) (જેમ શિષ્ય અને આચાર્યનો આક્ષેપ્ય-આક્ષેપક ભાવરૂપ સંબંધ, બાહ્યસંબંધન હતો તેમ આચાર્ય અને શિષ્યનો પણ... 'अपि')

सोऽपि... હવે આ બેનો સંયોગ પણ બાહ્યસંબંધનસંયોગ છે, તેથી (ततः) તે સંયોગનો વિષય એવો શિષ્ય પણ ઉપચારથી तथा = બાહ્યસંબંધનસંયોગ કહેવાય. (જેમ આચાર્ય ઉપચારથી બાહ્યસંબંધનસંયોગ કહેવાય તેમ શિષ્ય પણ... એ પ્રમાણે 'अपि' શબ્દનો અર્થ છે.)

(तेनाऽपि आचार्यस्य... शिष्योऽपि आचार्याद्... सोऽपि बाह्येन... शिष्योऽपि उपचा... આમ ચાર જગ્યાએ अपि શબ્દનો પ્રયોગ કરેલો છે, તે એ દર્શાવવા માટે કે "ઉપર આચાર્યની સાથેના શિષ્યના સંયોગમાં જે વાત હતી, એ જ વાત અહીં લેવાની છે."

દા. ત. 'एवं शिष्योऽपि'માં રહેલ 'अपि' નો અર્થ: જેમ આચાર્ય શિષ્યથી ભિન્ન... તેમ શિષ્ય પણ આચાર્યથી...

'तेनापि'માં રહેલ 'अपि' નો અર્થ :- જેમ આચાર્યની સાથે શિષ્યનો... તેમ શિષ્યની સાથે પણ આચાર્યનો...)

एवं पुत्रपितादि... આ પ્રમાણે પુત્ર-પિતા વગેરેમાં પણ વિચારી લેવું.

આ બધે સ્થાને સામાન્યથી પરસ્પર આક્ષેપ્ય-આક્ષેપક ભાવ રૂપ સંબંધ છે.

(ગુરુ-શિષ્ય વચ્ચે, પિતા-પુત્ર વચ્ચે, માતા-પુત્રી વચ્ચે, પત્ની-પતિ વચ્ચે...)

---

विशेषनिरूपणायां त्वाचार्यशिष्यभार्यापतीनामुपकार्योपकारकभावः पितृपुत्रजननीदुहितॄणां जन्यजनकभावः (ग्रं० १०००) शीतोष्णादीनां च विरोधः सम्बन्धः, अत एव च विशेषाद् द्रव्यसंयोगत्वेऽप्यस्य भेदेनोपादानमिति गाथार्थः ।।५७।।

---

विशेषनिरूपणायां... વિશેષથી સંબંધની નિરૂપણા કરતી હોય, તો એમાં-

(૧) આચાર્ય અને શિષ્ય વચ્ચે ઉપકાર્ય-ઉપકારક ભાવ રૂપ સંબંધ છે.

(૨) ભાર્યા અને પતિ વચ્ચે ઉપકાર્ય-ઉપકારક ભાવ રૂપ સંબંધ છે.

(૩) પિતા અને પુત્ર વચ્ચે જન્ય-જનક ભાવ રૂપ સંબંધ છે.

(૪) માતા અને પુત્રી વચ્ચે જન્ય-જનક ભાવ રૂપ સંબંધ છે,

(૫) શીત અને ઉષ્ણ વચ્ચે વિરોધ સંબંધ છે.

(૬) તમ અને ઉદ્યોત વચ્ચે વિરોધ સંબંધ છે.

(૭) છાયા અને આતપ વચ્ચે વિરોધ સંબંધ છે.

**પ્રશ્ન :** આ બધા જ સંયોગો આમ તો દ્રવ્યસંયોગ જ છે ને ?

**ઉત્તર :** સાચી વાત છે. આમ તો આ દ્રવ્યસંયોગ જ છે.

**अत एव च...** પણ ઉપર બતાવ્યા પ્રમાણે એ સંયોગ આક્ષેપ્ય–આક્ષેપક ભાવ, ઉપકાર્ય–ઉપકારક ભાવ, જન્ય–જનક ભાવ, વિરોધ ભાવ... આ અલગ–અલગ વિશેષ પ્રકારના સંયોગ છે. એટલે આ વિશેષતા હોવાના કારણે જ આ સંયોગ દ્રવ્ય સંયોગ હોવા છતાં પણ એમનું આ બાહ્યસંયોગ રૂપે ભેદથી = અલગથી ગ્રહણ કરેલું છે.

---

अवतरणिका :- सम्प्रति संयोगप्रक्रमेऽप्याचार्यशिष्यमूलत्वादनुयोगस्य तयोः स्वरूपमाह -

---

**અવતરણિકા :-** હવે આચાર્ય અને શિષ્યના સ્વરૂપને બતાવે છે.

**પ્રશ્ન :** અત્યારે તો સંયોગનું નિરૂપણ ચાલુ છે, એમાં આ બેનું વર્ણન કરવાની જરૂર શી ?

**ઉત્તર :** સંયોગનો પ્રક્રમ છે, એ વાત સાચી. છતાં અનુયોગનું મૂળ આચાર્ય અને શિષ્ય છે, એ બે હોય, તો જ અનુયોગ થાય. (અને હાલ અનુયોગ જ મુખ્ય તરીકે છે...) એટલે તે બેના સ્વરૂપને બતાવે છે...

---

**॥निर्यु. गा. ५८॥ आयरिओ तारिसओ जारिसओ नवरि हुज्ज सो चेव ।**
**आयरियस्सवि सीसो सरिसो सव्वेहिवि गुणेहिं ॥५८॥**

व्याख्या - आचार्यः 'तादृशः' तथाविधः, यादृशः क इत्याह-यादृशो 'नवर' मिति यदि परं भवेत् 'स चेव' त्ति चः पूरणे, स एव-आचार्य एव, किमुक्तं भवति ?-आचार्यस्याचार्य एवान्यः सदृशो भवति, न पुनरनाचार्यः, आचार्यगुणानामन्यत्राविद्यमानत्वात्, न ह्याचार्यादन्यः षट्त्रिंशत्सङ्ख्यगणि-गुणसमन्वित इहास्ति, तत्समन्वितत्वे त्वन्योऽपि तत्त्वत आचार्य एवेति । अथ क एते षट्त्रिंशद्गुणाः ?, उच्यन्ते, प्रत्येकं चतुष्प्रकारा अष्टौ गणिसम्पदो द्वात्रिंशत्, तत्र चाचारादिचतुर्विधविनयमीलनात् षट्त्रिंशद्भवन्ति, उक्तं च-

*"[1]अट्ठविहा गणिसंपइ चउग्गुणा नवरि होंति बत्तीसा ।*
*विणओ य चउब्भेओ छत्तीसं गुणा हवंतेए ॥१॥"*

---

**ગાથાર્થ :** આચાર્ય તેવા પ્રકારના હોય કે, જેવા પ્રકારના માત્ર તે જ હોય, આચાર્યનો શિષ્ય પણ તમામ ગુણો વડે (શિષ્યને) સદૃશ હોય.

**ટીકાર્થ :** આચાર્ય તેવા પ્રકારના હોય કે–

**પ્રશ્ન :** જેવા પ્રકારના કોણ હોય ?

**ઉત્તર :** એ જ કહે છે કે જેવા પ્રકારના જો બીજા કોઈ હોય, તો તે જ = આચાર્ય જ હોય. च પૂરણમાં છે.

**પ્રશ્ન :** તમે શું કહેવા માંગો છો ? (किमुक्तं भवति ?)

**ઉત્તર :** આચાર્યને સમાન જો બીજો કોઈ હોય, તો એ આચાર્ય જ હોય, અનાચાર્ય નહિ, કેમકે આચાર્યના ગુણો આચાર્ય સિવાય બીજે કોઈપણ સ્થાને રહેતા જ નથી. (રહેતા હોય, તો એ આચાર્ય સદૃશ બનત...)

આચાર્ય સિવાય બીજો કોઈપણ જીવ ગણિના ૩૬ સંખ્યાવાળા ગુણોથી યુક્ત અહીં હોતો નથી.

જો એવા ગુણોથી સમન્વિત બીજો કોઈ હોય, તો એ બીજો પુરુષ પરમાર્થથી આચાર્ય જ કહેવાય. (ભલે ને પછી પદવી

---

1. अष्टविधा गणिसंपत् चतुर्गुणा नवरं भवन्ति द्वात्रिंशत् । विनयश्च चतुर्भेदः षट्त्रिंशद्गुणा भवन्त्येते ॥१॥

ન હોવાથી વ્યવહારમાં આચાર્ય ન હોય)

**પ્રશ્ન :** આ ૩૬ ગુણો કયા છે ?

**ઉત્તર :** આઠ ગણિસંપત્ = આચાર્યસંપત્ છે. એ દરેક ચાર પ્રકારની છે, એટલે ૩૨ ગણિસંપત્ થાય છે. અને એમાં આચાર વગેરે ચાર પ્રકારના વિનયનું મીલન કરવાથી ૩૬ ગુણો થાય છે.

કહ્યું છે કે- આઠ પ્રકારની ગણિસંપત્ ચારગણી કરો, એટલે ૩૨ થાય છે. અને વિનય ચાર ભેદનો છે. આ ૩૬ ગુણો થાય છે.

---

वृत्ति :- तत्राष्टौ गणिसम्पद इमाः- आचारसम्पत् १ श्रुतसम्पत् २ शरीरसम्पत् ३ वचनसम्पत् ४ वाचनासम्पत् ५ मतिसम्पत् ६ प्रयोगमतिसम्पत् ७ सङ्ग्रहपरिज्ञासम्पत् ८ तथा चाह-

*"आयार[1]सुय[2]सरीरे[3] [4]वयणे वायण[5]मती[6]पतो[7]गमती ।*
*एएसु संपया खलु अट्ठमिया संगह[8]परिण्णा ॥१॥"*

तत्र चाचारसम्पत् चतुर्धा-संयमध्रुवयोगयुक्तता १ असम्प्रग्रहता २ अनियतवृत्तिः ३ वृद्धशीलता चेति ४, तत्र संयमः-चरणं तस्मिन् ध्रुवो-नित्यो योगः-समाधिस्तद्युक्तता, कोऽर्थः ?-सन्ततोपयुक्तता-संयमध्रुवयोगयुक्तता १, असम्प्रग्रहः-समन्तात् प्रकर्षेण-जात्यादिप्रकृष्टतालक्षणेन ग्रहणम्-आत्मनोऽवधारणं सम्प्रग्रहस्तदभावोऽसम्प्रग्रहः, जात्याद्यनुत्सिक्ततेत्यर्थः २, अनियतवृत्तिः-अनियतविहाररूपा ३, वृद्धशीलता-वपुषि मनसि च निभृतस्वभावता निर्विकारतेतियावत् ४, १॥

---

તેમાં આઠ ગણિસંપદા આ છે : (૧) આચાર સંપદા, (૨) શ્રુત સંપદા, (૩) શરીર સંપદા, (૪) વચન સંપદા, (૫) વાચના સંપદા, (૬) મતિ સંપદા, (૭) પ્રયોગમતિ સંપદા, (૮) સંગ્રહપરિજ્ઞા સંપદા.

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે- આચાર, શ્રુત, શરીર, વચન, વાચના, મતિ, પ્રયોગમતિ આ બધાને વિશે સંપદ અને આઠમી સંગ્રહપરિજ્ઞા સંપદા

(૧) આચાર સંપત્

- સંયમધ્રુવયોગયુક્તતા
- અસંપ્રગ્રહતા
- અનિયતવૃત્તિ
- વૃદ્ધશીલતા

**(૧) સંયમ ધ્રુવયોગ યુક્તતા :-** સંયમ એટલે ચારિત્ર ! તેમાં નિત્ય એવો યોગ = સમાધિ ! તેનાથી યુક્ત હોવું તે.

પ્રશ્ન : એટલે એનો અર્થ શું ?

ઉત્તર : સંયમયોગોમાં સતત ઉપયોગ રાખવો તે.

**(૨) અસંપ્રગ્રહ :-** सं = ચારે બાજુથી = બધી જ રીતે, प्र = જાતિ, કુળ, રૂપ વગેરેની પ્રકૃષ્ટતા = વિશિષ્ટતા સ્વરૂપ પ્રકર્ષ વડે ग्रहणम् = આત્માનું અવધારણ = આત્માને એ રીતે માનવો... તે સંપ્રગ્રહ ! તેનો અભાવ તે અસંપ્રગ્રહ !

ભાવાર્થ એ કે જાતિ વગેરેના અહંકારનો = ઉત્સેકનો અભાવ.

**(૩) અનિયતવૃત્તિ :-** અનિયત વિહાર = માસકલ્પાદિથી વિહાર = સ્થિરવાસાદિ નહિ...

**(૪) વૃદ્ધશીલતા :-** શરીરમાં અને મનમાં નિશ્ચલ સ્વભાવ ! ભાવાર્થ એ કે શરીરમાં કે મનમાં નિર્વિકારિતા ! (જેમ વૃદ્ધ માણસનું શરીર અને મન ચંચળ ન હોય... તેમ આચાર્યનું પણ શરીર અને મન ચંચળતાવાળું ન હોય.)

वृत्ति :- श्रुतसम्पच्चतुर्धा-बहुश्रुतता १ परिचितसूत्रता २ विचित्रसूत्रता ३ घोषविशुद्धिकरणता ४ च, तत्र बहुश्रुतता-युगप्रधानागमता १ परिचितसूत्रता-उत्क्रमक्रमवाचनादिभिः स्थिरसूत्रता २ विचित्रसूत्रता-स्वपरसमयविविधोत्सर्गापवादादिवेदिता ३ घोषविशुद्धिकरणता-उदात्तानुदात्तादिस्वरशुद्धिविधायिता ४, २।

---

(२) श्रुतसम्पत्

બહુશ્રુતતા | પરિચિતસૂત્રતા | વિચિત્રસૂત્રતા | ઘોષવિશુદ્ધિકરણતા

(૧) બહુશ્રુતતા :- જે યુગમાં જે આગમો = શાસ્ત્રો પ્રધાન=મુખ્ય હોય, તે બધા આગમોના જ્ઞાતા !

(૨) પરિચિતસૂત્રતા :- સૂત્રની વાચના ઉત્ક્રમથી અને ક્રમથી પણ આપી હોય... આ બધાના લીધે જેમને સૂત્ર સ્થિર=દૃઢ હોય. (દા. ત. દસ વૈ. ની ૭૦૦ ગાથા ક્રમશઃ પણ બોલી શકે, ૭૦૦, ૬૯૯, ૬૯૮... એ રીતે ઉંધી પણ  ોલી શકે. અને ૬૦૫, ૨૦૧, ૨૩૦... એ રીતે પણ બોલી શકે. આ બધુ ત્યારે જ શક્ય બને, જ્યારે સૂત્રો પાકા હોય, અને આ બધું કરવાથી પણ સૂત્રો વધુ પાકા થાય.)

(૩) વિચિત્રસૂત્રતા :- સ્વશાસ્ત્રોના અને પરશાસ્ત્રોના અલગ-અલગ પ્રકારના ઉત્સર્ગો અને અલગ-અલગ પ્રકારના અપવાદો વગેરેનું જ્ઞાન હોવું. અથવા સ્વસમય અને પરસમય, વિવિધ ઉત્સર્ગ-અપવાદ વગેરેને જાણતા હોય.

(૪) ઘોષવિશુદ્ધિકરણતા :- ઉદાત્ત, અનુદાત્ત વગેરે સ્વરની શુદ્ધિને કરવી તે. (એટલે કે જે સ્વર જે રીતે બોલવાનો હોય, એ સ્વર એ રીતે બોલી શકે...)

---

वृत्ति :- शरीरसम्पच्चतुर्धा-आरोहपरिणाहयुक्तता १ अनवत्राप्यता २ परिपूर्णेन्द्रियता ३ स्थिरसंहननता च ४, इह चाऽऽरोहो-दैर्घ्यं परिणाहो-विस्तरः ताभ्यां तुल्याभ्यां युक्तताऽऽरोहपरिणाहयुक्तता १ अविद्यमानमवत्राप्यम्-अवत्रपणं-लज्जनं यस्य सोऽयमनवत्राप्यः, यद्वाऽवत्रापयितुम्-लज्जयितुमर्हः शक्यो वाऽवत्राप्यो-लज्जनीयः न तथाऽनवत्राप्यस्तद्भावोऽनवत्राप्यता २ उभयत्राहीनसर्वाङ्गत्वं हेतुः, परिपूर्णेन्द्रियता-अनुपहतचक्षुरादिकरणता ३ स्थिरसंहननता-तपःप्रभृतिषु शक्तियुक्तता ४, ३ ।

---

(૩) શરીરસંપદા

આરોહપરિણાહયુક્તતા | અનવત્રાપ્યતા | પરિપૂર્ણેન્દ્રિયતા | સ્થિરસંહનનતા

(૧) આરોહપરિણાહયુક્તતા :- અહીં આરોહ = લંબાઈ, પરિણાહ = પહોળાઈ, તુલ્ય એવી (જેવી હોવી જોઈએ તેવી = યોગ્ય એવી) લંબાઈ-પહોળાઈ વડે યુક્ત હોવું તે.

(૨) અનવત્રાપ્યતા :- અવત્રપણ = અવત્રાપ્ય = લજ્જા જેમને નથી, તે અનવત્રાપ્ય ! અર્થાત્ જેમને શરીરાદિના કારણે શરમ = સંકોચ નામનો દોષ નથી. અથવા જેમને જોઈને બીજાને શરમ આવે, તે શરમને માટે યોગ્ય = અવત્રાપ્ય કહેવાય. જે તેવા નથી, તે अनवत्राप्यः !

ાત્ જેને જોઈને કોઈને સંકોચ-શરમ બિલકુલ ન થાય... એવા દેખાવવાળા ! (વિચિત્ર આકારાદિવાળા હોય, તો બીજાને સંકોચ થવાનો જ...)

આ પહેલી બંને શરીરસંપદામાં કારણ છે સર્વ-અંગોની અહીનતા ! એટલે કે જેને બધા અંગો સંપૂર્ણ મળે, એનામાં

પ્રથમ બે સંપત્તિ આવે.

(૩) પરિપૂર્ણેન્દ્રિયતા :- ચક્ષુ વગેરે પાંચેય ઇન્દ્રિયો જેમની હણાયેલી ન હોય = ખામીવાળી ન હોય = ખરાબ લાગે તેવી ન હોય.

(૪) સ્થિરસંહનનતા :- તપ વગેરેમાં શક્તિયુક્ત હોવું તે.

---

वृत्ति :- वचनसम्पच्चतुर्भेदा-आदेयवचनता १ मधुरवचनता २ अनिश्रितवचनता ३ असन्दिग्धवचनता ४, तत्राऽऽदेयवचनता-सकलजनग्राह्यवाक्यता १, मधुरं रसवद् यदर्थतो विशिष्टार्थवत्तयाऽर्थावगाढत्वेन शब्दतश्चापरुषत्वसौस्वर्यगाम्भीर्यादिगुणोपेतत्वेन श्रोतुराह्लादमुपजनयति तदेवंविधं वचनं यस्य स तथा तद्भावो मधुरवचनता २ अनिश्रितवचनता-रागाद्यकलुषितवचनता ३ असन्दिग्धवचनता-परिस्फुटवचनता ४, ४ ।

---

(૪) વચનસંપદા

આદેયવચનતા | મધુરવચનતા | અનિશ્રિતવચનતા | અસંદિગ્ધવચનતા

(૧) **આદેયવચનતા** :- બધા લોકો જેમનું વાક્ય = વચન સ્વીકાર કરે, તેવા હોવું.

(૨) મધુરવચનતા :- મધુર એટલે રસવાળુ વચન ! વચન બે રીતે મધુર હોય, અર્થથી અને શબ્દથી...

એમાં અર્થથી મધુર આ પ્રમાણે :- જે વચન વિશિષ્ટ અર્થવાળું હોય, તેથી જ અર્થમાં અવગાઢ = ડુબેલું = ખુંપેલું હોય, તે વચન અર્થાવગાઢ હોવાથી શ્રોતાને આનંદ ઉત્પન્ન કરે.

શબ્દથી મધુર આ પ્રમાણે :- જે વચન અપરુષતા, સુસ્વરતા, ગંભીરતા વગેરે ગુણોથી યુક્ત હોવાથી શ્રોતાને આનંદ ઉત્પન્ન કરે. આવા પ્રકારનું મધુર વચન જેમનું હોય, તે આચાર્ય મધુરવચનઃ કહેવાય.

(૩) અનિશ્રિતવચનતા :- નિશ્રા = રાગ ! રાગાદિથી મેલું નહિ થયેલું એવું વચન હોય.

(૪) અસંદિગ્ધવચનતા :- જેમનું વચન એકદમ સ્પષ્ટ હોય, એટલે શ્રોતાને શંકા થાય, તેવું ન હોય.

---

वृत्ति :- वाचनासम्पच्चतुर्धा-विदित्वोद्देशनं १ विदित्वा समुद्देशनं २ परिनिर्वाप्य वाचना ३ अर्थनिर्यापणेति ४, तत्र विदित्वोद्देशने विदित्वासमुद्देशने ज्ञात्वा परिणामिकत्वादिगुणोपेतं शिष्यं यद् यस्य योग्यं तस्य तदेवोद्दिशति समुद्दिशति वा, अपरिणामिकादावपक्वघटनिहितजलोदाहरणतो दोषसम्भवात् २,

---

(૫) વાચનાસંપદા

વિદિત્વોદિશન | વિદિત્વા સમુદિશન | પરિનિર્વાપ્ય વાચના | અર્થનિર્યાપણા

(૧) વિદિત્વોદિશન, (૨) વિદિત્વા સમુદિશન : (ઉદેશ, સમુદેશ જોગક્રિયામાં પ્રસિદ્ધ જ છે. એ ક્રિયા કરાવીને પૂર્વકાળમાં તે તે સૂત્રો અપાતા...)

શિષ્ય પરિણામકત્વ વગેરે ગુણોવાળો છે ને ? એ જાણી લઈને પછી જેને જે સૂત્ર યોગ્ય હોય, તેને તે જ સૂત્ર ઉદેશે કે સમુદેશે.

(ઉત્સર્ગના કદાગ્રહવાળો બને તો અપરિણત ! અપવાદના કદાગ્રહવાળો બને તો અતિપરિણત ! જે ઉત્સર્ગ-અપવાદ

જેવા પ્રકારે હોય, તેવા પ્રકારે સમજી-સ્વીકારી શકે, તે પરિણામક !

પરિણામકત્વ એ મુખ્ય ગુણ ! એ સિવાય વિનયાદિ ગુણો પણ જોઈએ. આવા ગુણવાળાને પણ એના પર્યાય, પ્રજ્ઞા વગેરેને આધારે એને ઉચિત જ સૂત્ર અપાય. દા. ત. પરિણામકત્વાદિવાળાને પણ પહેલા જ વર્ષે દૃષ્ટિવાદ ન અપાય.)

**પ્રશ્ન** : અપરિણામક આદિને કેમ સૂત્ર ન આપે ?

**ઉત્તર** : જેમ કાચા ઘડામાં પાણી નાંખવામાં આવે, તો ઘડો પણ ફૂટે અને પાણી પણ ઢોળાઈ જાય... એમ અપરિણામકાદિને શ્રુત આપવામાં આવે, તો તે જીવને પણ નુકસાન થાય અને શ્રુતજ્ઞાન પણ નિષ્ફળ જાય...

આ દોષનો સંભવ હોવાથી અપરિણામકાદિને ન આપે, પણ પરિણામકાદિને જ શ્રુત ઉદ્દેશે કે સમુદ્દેશે.

---

वृत्ति :- परीति-सर्वप्रकारं निर्वापयतो निरो निर्दग्धादिषु भृशार्थस्यापि दर्शनात् भृशं गमयतः-पूर्वदत्तालापकादि सर्वात्मना स्वात्मनि परिणमयतः शिष्यस्य सूत्रगताशेषविशेषग्रहणकालं प्रतीक्ष्य शक्त्यनुरूपप्रदानेन प्रयोजकत्वमनुभूय परिनिर्वाप्य वाचना-सूत्रप्रदानं परिनिर्वाप्यवाचना ३, अर्थः-सूत्राभिधेयं वस्तु तस्य निरिति भृशं यापना-निर्वाहणा पूर्वापरसाङ्गत्येन स्वयं ज्ञानतोऽन्येषां च कथनतो निगमना निर्यापणा ४, ५ ।

---

(૩) પરિનિર્વાપ્ય વાચના :-

(અહીં પહેલા આ સમજી લો – निर्वपति વર્તમાન કર્તરિ પ્રયોગ છે. निर्वापयति વર્તમાન પ્રેરક પ્રયોગ છે. એનું વર્તમાન કૃદંત થાય છે निर्वापयन् . એની ષષ્ઠી વિભક્તિ निर्वापयतः છે, આનો અર્થ આ પ્રમાણે બતાવે છે;

निर्वापयतः   भृशं गमयतः = सर्वात्मना स्वात्मनि परिणमयतः (शिष्यस्य))

આપણી ત્રીજી શ્રુતસંપદાનું નામ છે परिनिर्वाप्य वाचना

परि ઉપસર્ગ છે, એનો અર્થ છે સર્વપ્રકારે... (અહીં ધ્યાન એટલું જ રાખવાનું છે કે– પ્રેરકનું પણ પ્રેરક કરવામાં આવેલું છે.) શિષ્ય પરિ-નિર્વપન કરનાર છે. = પરિણમાવનાર છે. (આ પ્રેરક છે.)

ગુરુ શિષ્યને પરિ-નિર્વાપન કરાવનાર છે = પરિણમાવનારને એ કામ કરાવનાર છે.

દા. ત. श्रावकः नमति – શ્રાવક નમે છે.

साधुः श्रावकं नमयति (પ્રેરક) સાધુ નમાવે છે.

गुरुः श्रावकं प्रति साधुं नमयति... ગુરુ સાધુ પાસે શ્રાવકને નમાવવાનું કામ કરાવે છે. (પ્રેરકનાં પ્રેરકનું એક જ રૂપ થાય... એ બદલાય નહિં.)

પ્રસ્તુતમાં શિષ્ય સૂત્રને પરિણમાવે છે... ગુરુ શિષ્ય પાસે સૂત્રને પરિણમાવવાનું કામ કરાવે છે. એટલે કે ગુરુ પ્રેરક = પ્રયોજક બને છે. એ રીતે પ્રેરક બનીને = परिनिर्वाप्य ગુરુ જે વાચના આપે તે પરિનિર્વાપ્ય-વાચના કહેવાય.)

**परीति-सर्वप्रकारं...** परि = સર્વપ્રકારે निर्वापयतः એટલે કે भृशं गमयतः એટલે કે પૂર્વે ગુરુએ આપેલા આલાપક વગેરેને સંપૂર્ણપણે પોતાના આત્મામાં પરિણમાવતા એવા શિષ્યને = શિષ્ય પ્રત્યે...

**પ્રશ્ન** : એક મિનિટ ! તમે निर् નો અર્થ भृशं કરેલો લાગે છે, એ શી રીતે થાય ?

**निरो... ઉત્તર** : 'નિર્દગ્ધ = અત્યંત બળી ગયેલ = સંપૂર્ણપણે બળી ગયેલ.' આ બધા શબ્દોમાં निर् ઉપસર્ગ ભૃશ

અર્થવાળો પણ દેખાય છે. તેથી निर् = भृशं वापयतः = गमयतः એમ અર્થ કરી શકાય છે.

सूत्रगताशेषविशेष–... બીજી વાત એ કે– સૂત્રમાં ઢગલાબંધ વિશેષતાઓ રહેલી હોય છે. ગુરુ એ બધી વિશેષતાઓને જાણે તો છે, પણ એ ગમે તેને, ગમે ત્યારે ન આપે, જ્યારે શિષ્યમાં એ સૂત્રગત તમામ વિશેષતાઓને ગ્રહણ કરવાની પાત્રતા આવે ત્યારે એને ગુરુ આપે. ત્યાં સુધી એ કાળની પ્રતીક્ષા કરે...

જ્યારે ઉપર દર્શાવ્યા પ્રમાણે પૂર્વે અપાયેલા આલાપાદિને સંપૂર્ણ રીતે પોતાના આત્મામાં પરિણમાવનાર શિષ્ય મળે, ત્યારે ગુરુ શિષ્યની શક્તિને અનુરૂપ એવું સૂત્રદાન કરે....

शक्त्यनुरूपप्रदानेन... 'જ્યારે આ શિષ્યમાં સૂત્રગત તમામ વિશેષતાઓનું ગ્રહણ કરવાની શક્તિ આવશે, ત્યારે એને બધું જ આપીશ ! પણ અત્યારે એની પાસે જેટલી શક્તિ છે, એને અનુરૂપ તો સૂત્ર આપું. જેથી એ એને પોતાનામાં પરિણમાવે, અને હું એમાં પ્રયોજક બનું...' આ પ્રમાણે વિચારે, અને સૂત્રગત તમામ વિશેષોને ગ્રહણ કરવાના કાળની રાહ જોઈને હાલ શિષ્યની શક્તિને અનુરૂપ એવું સૂત્રદાન કરે...

प्रयोजकत्वमनुभूय... આ સૂત્રદાન થાય, એટલે શિષ્ય એનું પરિણમન = પરિનિર્વાપન કરે, અને ગુરુ એમાં શિષ્યને વિષે પ્રયોજક બને. આમ આ પ્રયોજકપણાને અનુભવીને – પરિનિર્વાપ્ય ગુરુ જે વાચના = સૂત્રપ્રદાન કરે, તે જ પરિનિર્વાપ્ય–વાચના !

(જ્યારે સૂત્રવાચના ચાલુ કરે, ત્યારે પહેલેથી જ પ્રયોજકત્વનો અનુભવ આવી જ જાય. એટલે प्रयोजकत्वं अनुभूय વાચના સંગત થાય છે.)

(૪) અર્થનિર્યાપણા :– અર્થ એટલે સૂત્રના વિષયભૂત વસ્તુ !

निर् = અત્યંત यापना = निर्यापणा એટલે કે निर्वाहणा !

ભાવાર્થ એ છે કે – પૂર્વે આવેલા અર્થો અને પછી આવેલા અર્થોની સંગતિ કરવા વડે સ્વયં જ્ઞાન કરવા દ્વારા એ અર્થની નિગમના = ઉપસંહાર (=નિષ્કર્ષ) કરવી અને બીજાઓને પૂર્વાપરની સંગતિ વડે અર્થનું કથન કરવા દ્વારા એ અર્થની નિગમના કરવી એ નિર્યાપણા !

(આગળ–પાછળના પદાર્થોમાં ઘણીવાર વિરોધ દેખાતો હોય છે, ગુરુ સ્યાદ્વાદ દ્વારા એ વિરોધ દૂર કરી દે, એ જ એ પૂર્વાપર પદાર્થોની સંગતિ કરેલી ગણાય. આ રીતે ગુરુ એ પદાર્થોનું અંતિમ સ્વરૂપ જાતે જાણે અને બીજાને કહે એનું નામ જ નિર્યાપના.)

---

वृत्ति :- मतिसम्पत् अवग्रहेहापायधारणारूपा चतुर्द्धा, अवग्रहादयश्च तत्र तत्र प्रपञ्चिता एवेति न विव्रियन्ते ६ । प्रयोगमतिसम्पच्चतुर्धा – आत्मपुरुषक्षेत्रवस्तुविज्ञानात्मिका, तत्राऽऽत्मज्ञानम्–वादादिव्यापारकाले किममुं प्रतिवादिनं जेतुं मम शक्तिरस्ति न वा ? इत्यालोचनम् ?, पुरुषज्ञानम्–किमयं प्रतिवादी पुरुषः साङ्ख्यः सौगतोऽन्यो वा ?, तथा प्रतिभादिमानितरो वेति परिभावनम् २, क्षेत्रज्ञानम्–किमिदं मायाबहुलमन्यथा वा ? तथा साधुभिरभावितं भावितं वा नगरादीति विमर्शनम् ३, वस्तुज्ञानम्–किमिदं राजाऽमात्यादि सभासदादि वा वस्तु दारुणमदारुणं भद्रकमभद्रकं वेति निरूपणम् ४, ७ ।

---

(૬) મતિસંપદા

- અવગ્રહ
- ઈહા
- અપાય
- ધારણા

અવગ્રહ વગેરે તે તે શાસ્ત્રોમાં વિસ્તારથી કહેવાયેલા જ છે, એટલે અહીં એનું વર્ણન કરવામાં નહિ આવે.

(૭) પ્રયોગમતિસંપદા

આત્મવિજ્ઞાન | પુરુષવિજ્ઞાન | ક્ષેત્રવિજ્ઞાન | વસ્તુવિજ્ઞાન

**(૧) આત્મવિજ્ઞાન :-** વાદ વગેરે વ્યાપારનો કાળ આવે, ત્યારે 'શું આ પ્રતિવાદીને જીતવાને માટે મારી શક્તિ છે ? કે નથી ? આ પ્રમાણેનું ચિંતન એ આત્મવિજ્ઞાન !

**(૨) પુરુષવિજ્ઞાન :-** "આ પ્રતિવાદી પુરુષ શું સાંખ્ય છે ? બૌદ્ધ છે ? કે બીજો કોઈ છે ?" તથા "આ શું પ્રતિભા સંપન્ન છે ? કે પ્રતિભા રહિત છે ?" એ પ્રમાણેનું વિચારણ એ પુરુષવિજ્ઞાન !

**(૩) ક્ષેત્રવિજ્ઞાન :-** શું આ ક્ષેત્ર માયાબહુલ છે ? (કપટપ્રચૂર છે ?) કે સરળતાવાળું છે ? (માયાનો અર્થ મમતા પણ લઈ શકાય.) તથા સાધુઓ વડે ભાવિત નગરાદિ છે કે અભાવિત નગરાદિ છે ? આ પ્રમાણે ચિંતન એ ક્ષેત્રવિજ્ઞાન !

**(૪) વસ્તુવિજ્ઞાન :-** આ રાજા, મંત્રી વગેરે કે સભાસદો = સભ્યો વગેરે રૂપ વસ્તુ શું દારુણ છે ? કે અદારુણ છે ? ભદ્રક છે ? કે અભદ્રક છે ? એ પ્રમાણે નિરૂપણ = નિરીક્ષણ કરવું તે વસ્તુવિજ્ઞાન !

---

वृत्ति :- सङ्ग्रहपरिज्ञा तु बालदुर्बलग्लाननिर्वाहबहुजनयोग्यक्षेत्रग्रहणलक्षणैका १ निषद्यादिमालिन्यपरिहाराय फलकपीठोपादानाऽऽत्मिका द्वितीया २ यथासमयमेव स्वाध्यायोपधिसमुत्पादनप्रत्युपेक्षणभिक्षादिकरणात्मिका तृतीया ३ प्रव्राजकाध्यापकरत्नाधिकादिगुरूणामुपधिवहनविश्रामणसंपूजनाभ्युत्थानदण्डकोपादानादिरूपा चतुर्थीति ४, ८। इत्युक्ता अष्टौ चतुर्गुणा आचारादिगणिसम्पदः, विनयस्तूत्तरत्राचार्यविनयप्रस्तावेऽभिधास्यते, इति गतं प्रासङ्गिकम्,

---

**(૮) સંગ્રહપરિજ્ઞા સંપદા :-** (૧) બાળ, દુર્બલ, ગ્લાનનો નિર્વાહ થાય તેવા ઘણા લોકોને યોગ્ય (ઘણા સંયમીઓને યોગ્ય) એવા ક્ષેત્રનું ગ્રહણ કરવું એ **એક સંગ્રહપરિજ્ઞા છે.**

(૨) આસન વગેરેની મલિનતા ન થાય, તે માટે પાટીયું, પીઠનું ગ્રહણ કરવા રૂપ **બીજી સંગ્રહપરિજ્ઞા છે.** (પાટ-પાટલાદિ પર બેસવાથી વસ્ત્રો-આસન મલિન ન થાય...)

(૩) જયારે જેનો સમય હોય, ત્યારે તે જ સમયે સ્વાધ્યાય, ઉપધિસમુત્પાદન, પડિલેહણ, ભિક્ષાદિ કરવું વગેરે રૂપ **ત્રીજી સંગ્રહ પરિજ્ઞા છે.**

(૪) દીક્ષા આપનાર, અભ્યાસ કરાવનાર, રત્નાધિક વગેરે રૂપ ગુરુઓની = વડિલોની ઉપધિ ઉંચકવી (વિહારમાં વહન કરવી), પગ વગેરે દબાવવા, સંપૂજન (ગોચરી-પાણીની વિશિષ્ટ ભક્તિ...), અભ્યુત્થાન, તેઓ બહારથી આવે ત્યારે દાંડો લેવો... વગેરે રૂપી **ચોથી સંગ્રહપરિજ્ઞા છે.**

આ પ્રમાણે આચારાદિ રૂપ આઠ ગણિસંપદ બતાવી, એ દરેકના ચાર ભેદ બતાવ્યા, એટલે એ બધી ચારગણી કરવી.

ચાર પ્રકારનો વિનય તો આગળ આચાર્યના વિનયના પ્રસ્તાવમાં કહેવાશે... આ પ્રમાણે પ્રસંગોપાત આવેલો પદાર્થ પૂરો થયો.

---

वृत्ति :- प्रकृतमुच्यते-तत्राऽऽचार्यस्य स्वरूपमभिहितम्, शिष्यस्याह-आचार्यस्य, अपिर्भिन्नक्रमः, ततः शिष्योऽपि, न केवलमाचार्यस्तादृशो यादृशो नवरं स एवेति वचनादाचार्य इत्यपिशब्दार्थः, 'सदृशः' तुल्यः, सर्वैरपि न कतिपयैरेव, कैः ?-'गुणैः' साधारणैः क्षान्त्यादिभिरिति गम्यते,

---

प्रकृतमुच्यते... હવે પ્રસ્તુત પદાર્થ કહેવાય છે. તેમાં આચાર્યનું સ્વરૂપ કહેવાઈ ગયું.

शिष्यस्याह... હવે શિષ્યના સ્વરૂપને કહે છે – आयरियस्सवि सीसो सरिसो सव्वेहि वि गुणेहिं આમાં જે अपि છે, એ ભિન્નક્રમવાળો છે. તેથી એ सीसोवि એ પ્રમાણે જોડવાનો છે.

એ अपि નો અર્થ આ પ્રમાણે છે કે – 'आचार्यस्तादृशो यादृशो नवरं स चेव' એ પ્રમાણે ગાથાના પૂર્વાર્ધમાં જે વચન છે તે વચન દ્વારા એવું જે બતાવ્યું કે આચાર્ય તેવા પ્રકારના હોય, કે જેવા પ્રકારના માત્ર તે જ હોય...

એ વચનથી આચાર્ય તેવા બતાવ્યા, પણ માત્ર આચાર્ય જ તેવા છે, એવું નથી, પરંતુ શિષ્ય પણ તેવો જ હોય છે કે જેવા માત્ર આચાર્ય હોય છે.

(અર્થાત્ આચાર્ય જ આચાર્ય સદૃશ હોય, એમ નહિ. પણ શિષ્ય પણ આચાર્ય સદૃશ હોય.)

પ્રશ્ન : શિષ્ય વળી આચાર્યને સદૃશ શી રીતે હોય ?

सर्वैरपि... ઉત્તર : તમામે તમામ એવા ગુણો વડે, માત્ર કેટલાક જ ગુણો વડે નહિ... (શિષ્ય તમામ ગુણો વડે આચાર્યને સદૃશ છે.)

પ્રશ્ન : શું વાત કરો છો ? શું આચાર્યના જે ૩૬ ગુણો બતાવ્યા, એ શિષ્યમાં છે ? નથી જ. એ હોય તો તો શિષ્ય આચાર્ય જ હોય, શિષ્ય ન હોય, તો પછી બધા જ ગુણો વડે સદૃશ શી રીતે કહેવાય ?

'गुणैः'... ઉત્તર : તમામ ગુણો ખરા, પણ એ તમામ ગુણો એટલે સાધારણ એવા ક્ષમાદિ ગુણો સમજવાના. ભલે ગાથામાં લખેલું નથી, પણ साधारणैः क्षान्त्यादिभिः એ શબ્દો સમજી લેવાના છે.

(જે ગુણો આચાર્ય અને શિષ્ય બંનેમાં સંભવી શકે, એ સાધારણ ગુણો કહેવાય. જે માત્ર આચાર્યમાં જ સંભવે, તે અસાધારણ ગુણો !

આચાર્ય પણ સાધુ તો છે જ, અને શિષ્ય પણ સાધુ તો છે જ. એટલે સાધુતાના જે ગુણો છે, તે તો બંનેમાં હોઈ શકે. માટે એ સાધારણ ગુણો કહેવાય. અને એટલે શિષ્ય સાધારણ એવા ક્ષમાદિ ગુણો વડે આચાર્યને સદૃશ જ હોય.)

(આમાં આચાર્ય અને શિષ્ય વચ્ચે સાદૃશ્ય શું ? ક્ષમાદિ ગુણો !)

---

वृत्ति :- यद्वा लक्षणे तृतीया, ततः सर्वैरपि स्वगुणैर्लक्षितः शिष्य आचार्यस्य सदृश इति योज्यम्, सादृश्यं च स्वगुणमाहात्म्यविभूतित उभयोरपि यथोक्तान्वर्थयुक्त(त्व)मेव, अथवाऽऽचार्यस्यापीति अपेरेवकारार्थत्वात् स्वगुणोपलक्षितः शिष्यः सदृश एव–अनुरूप एव, अनुरूपार्थस्यापि सदृशशब्दस्य दर्शनात्, यथा कुलसदृशं[1] कुर्याः, कुलानुरूपमित्यर्थः, अननुरूपस्तु तत्त्वतोऽशिष्य एवेति भावः,

---

यद्वा... અથવા गुणैः વગેરેમાં જે તૃતીયા છે, તે લક્ષણ અર્થમાં લેવી. એટલે અર્થ આ પ્રમાણે થશે કે –

ततः सर्वैरपि... તમામે તમામ પોતાના ગુણો વડે લક્ષિત = સંપન્ન એવો શિષ્ય આચાર્યને સદૃશ થાય છે. અહીં ગાથામાં आयरियस्सवि सीसो सरीसो... એ રીતે લખેલું છે. પણ शिष्योऽपि आचार्यस्य सदृशः એ પ્રમાણે અર્થ જોડવાનો છે.

(પ્રશ્ન : પ્રથમ વ્યાખ્યાનમાં शिष्योऽपि सर्वैरपि गुणैः आचार्यस्य सदृशो भवति એ પ્રમાણે અન્વય હતો. એનો અર્થ એ હતો કે શિષ્યમાં આચાર્યનું સાદૃશ્ય એટલે ક્ષમાદિ સાધારણ ગુણો ! બીજા વ્યાખ્યાનમાં सर्वैरपि गुणैः लक्षितः शिष्योऽपि आचार्यस्य सदृशो भवति એ પ્રમાણે અન્વય છે. આમાં ત્રીજી વિભક્તિ લક્ષણ-અર્થમાં લીધેલી છે, એટલે કે એ

1. आत्मसदृशं कुर्याः

ગુણો પોતે શિષ્યમાં રહેલું આચાર્યનું સાદૃશ્ય બની ન શકે.

તો પછી પ્રશ્ન એ થાય કે શિષ્યમાં જે આચાર્યનું સાદૃશ્ય બતાવ્યું એ શું ?

सादृश्य ની સીધી વ્યાખ્યા છે કે तद्भिन्नत्वे सति तद्गतभूयोधर्मवत्त्वं શિષ્ય આચાર્યથી ભિન્ન છે, છતાં આચાર્યગતભૂયોધર્મવાળો છે, માટે શિષ્યમાં આચાર્યનું સાદૃશ્ય મનાય.

એમાં પ્રથમ વ્યાખ્યાન પ્રમાણે તો મુશ્કેલી નથી. શિષ્યમાં આચાર્યગત ક્ષમાદિ સાધારણ ગુણો છે જ, એટલે એ જ સાદૃશ્ય બની જાય છે. પણ બીજા વ્યાખ્યાનમાં ક્ષમાદિ ગુણોથી લક્ષિત એવો શિષ્ય આચાર્યને સદૃશ બને... એટલું દર્શાવ્યું છે. એનો અર્થ એ છે કે– જો શિષ્ય ક્ષમાદિગુણોવાળો બને, તો શિષ્યમાં સાદૃશ્ય આવે.

અર્થાત્ ક્ષમાદિગુણો સાદૃશ્યનું કારણ બને, સ્વયં સાદૃશ્ય ન બને. તો પછી બીજા વ્યાખ્યાનમાં સાદૃશ્ય શું ?)

ઉત્તર : આચાર્ય પોતાના ગુણોના માહાત્મ્યની વિભૂતિથી = સંપત્તિથી યથોક્ત–અન્વર્થયુક્ત બને છે.

શિષ્ય પણ પોતાના ગુણોના માહાત્મ્યની વિભૂતિથી = સંપત્તિથી યથોક્ત–અન્વર્થયુક્ત બને છે.

આમ બંનેયનું જે યથોક્ત–અન્વર્થયુક્તત્વ, એ જ બંને વચ્ચેનું સાદૃશ્ય છે.

(आचरति आचारान्, आचारयति आचारान्, मोक्षार्थिभिः आचर्यते इति आचार्यः આમ આચાર્ય શબ્દના પૂર્વે ત્રણ અન્વર્થો બતાવેલા.

આચાર્ય આ યથોક્ત–અન્વર્થવાળા ક્યારે બને ?

જ્યારે પોતાના ૩૬ ગુણોના માહાત્મ્ય = વિશિષ્ટતારૂપ વિભૂતિ = સંપત્તિ થાય, ત્યારે એના પ્રભાવથી એ યથોક્ત–અન્વર્થવાળા બને.

એમ शासितुं शक्यते इति शिष्यः આ પ્રમાણે શિષ્ય શબ્દનો પૂર્વે અન્વર્થ બતાવેલો. શિષ્ય આ યથોક્ત–અન્વર્થવાળો ક્યારે બને ?

જ્યારે પોતાના ગુણોની વિશિષ્ટતા રૂપ વિભૂતિ પ્રાપ્ત થાય, ત્યારે એ વિભૂતિના પ્રભાવે શિષ્ય યથોક્ત–અન્વર્થવાળો બને. બસ, સ્વગુણમાહાત્મ્ય વિભૂતિથી યથોક્ત–અન્વર્થવાળાં બનવું એ જ બેનું સાદૃશ્ય'!)

अथवा–... અથવા (ત્રીજો અર્થ કરે છે.)

आचार्यस्यापि માં જે अपि છે, એ एव કારના અર્થવાળો લેવો. અને એને 'सरीसो' ની પછી જોડવો. એટલે આ પ્રમાણે અર્થ થશે કે– સ્વગુણોથી ઉપલક્ષિત (સંપન્ન) એવો શિષ્ય સદૃશ જ હોય = આચાર્યને અનુરૂપ જ હોય.

(અનુરૂપ = યોગ્ય = અનુકૂલ...)

પ્રશ્ન : સદૃશ શબ્દનો અનુરૂપ અર્થ શી રીતે થાય ?

अनुरूपार्थस्यापि... ઉત્તર : અનુરૂપ અર્થવાળો એવો પણ સદૃશ શબ્દ દેખાયો છે, તેથી આ અર્થ થઈ શકે.

દા. ત. कुलसदृशं कुर्याः શબ્દ વપરાય છે, એનો અર્થ એ જ છે કે– "કુલને અનુરૂપ (એટલે કે કુલને શોભે તેવું, કુલને યોગ્ય, કુલને અનુકૂલ) કરો..." એટલે કહેવાનો ભાવ એ થશે કે– આચાર્યને અનનુરૂપ (=પ્રતિકૂલ = અશોભાસ્પદ) શિષ્ય પરમાર્થથી તો અશિષ્ય જ છે.

---

वृत्ति :- अथ के अमी शिष्यगुणाः ?, उच्यन्ते,

'भावविण्णाणमणुयत्तणा उ भत्ती गुरूण बहुमाणो ।
दक्खत्तं दक्खिण्णं सीलं कुलमुज्जमो लज्जा ॥१॥
सुस्सूसा पडिपुच्छा सुणणं गहणं च ईहणमवाओ ।
धरणं करणं सम्मं एमाई होंति सीसगुणा ॥२॥'

इति गाथार्थः ॥५८॥

---

अथ के... પ્રશ્ન : આ શિષ્યગુણો કયા છે ?

(કે (૧) જે ગુણો પ્રથમ વ્યાખ્યાન પ્રમાણે શિષ્યમાં રહેલું આચાર્ય સાદશ્ય છે.

(૨) બીજા વ્યાખ્યાન પ્રમાણે જે ગુણોથી સંપન્ન શિષ્યમાં યથોક્ત-અન્વર્થયુક્તત્વ રૂપ સાદશ્ય આવે છે.

(૩) ત્રીજા વ્યાખ્યાન પ્રમાણે જે ગુણોથી સંપન્ન શિષ્ય આચાર્યને અનુરૂપ બને છે.)

उच्यन्ते... ઉત્તર : (૧) ગુરુના ભાવને જાણી લેવા, (૨) ગુરુની ઈચ્છાને અનુવર્તવું = અનુસરવું, (૩) ભક્તિ, (૪) ગુરુનું બહુમાન, (૫) ગુરુના કાર્યોમાં દક્ષતા = હોંશિયારી = ચપળતા, (૬) દાક્ષિણ્ય = ગુરુ વગેરેને સહાય કરવાની પૂરી તૈયારી, (૭) શીલ = સદાચાર (=બ્રહ્મચર્યાદિ), (૮) ખાનદાન કુળના હોવું, (૯) ઉદ્યમ = પુરુષાર્થ, (૧૦) લજ્જા = શરમ (ગુરુની શરમ લાગવી...), (૧૧) શુશ્રૂષા = સાંભળવાની ઈચ્છા / સેવા... (૧૨) પ્રતિપૃચ્છા (શુશ્રૂષા હોવાથી પૃચ્છા કરે જ...) (૧૩) શ્રવણ, (૧૪) ગ્રહણ (બરાબર ગ્રહણ કરે = સમજે), (૧૫) ઈહણ (સમજ્યા બાદ ચિંતન કરે...), (૧૬) અપાય (ચિંતન બાદ પદાર્થનો દઢ નિશ્ચય કરે), (૧૭) ધારણા (એ દઢ નિશ્ચયને ધારી રાખે, નિશ્ચિત પદાર્થને ભૂલી ન જાય), (૧૮) સમ્યક્ રીતે આચરણ કરે.

આ વગેરે શિષ્યના ગુણો છે..

---

अवतरणिका :- इत्थमनुयोगोपयोगित्वादाचार्यशिष्ययोः स्वरूपमुक्तम्, प्रकारान्तरेणोभयसम्बन्धनसंयोगमाह-

---

અવતરણિકા :- આ પ્રમાણે આચાર્ય અને શિષ્યનું સ્વરૂપ અનુયોગમાં ઉપયોગી હોવાથી કહ્યું. હવે બીજા પ્રકારથી ઉભયસંબંધનસંયોગને કહે છે. (ઉભય સંયોગ માટે આ ત્રીજો પ્રકાર છે.)

---

॥निर्यु. गा. ५९॥ एवं नाणे चरणे सामित्ते अप्पणो उ(य) पिउणोत्ति ।
मज्झं कुलेऽयमस्स य अहयं अब्भिंतरो [2]मित्ति ॥५९॥

व्याख्या - 'एवम्' अनन्तरोक्तबाह्यसंयोगवदाक्षेप्याक्षेपकभावेन 'ज्ञाने' ज्ञानविषयः 'चरणे' चरणविषयः, आत्मन उभयसम्बन्धनसंयोगो ज्ञातव्य इति वृद्धाः, अत्र भावना-ज्ञानेनात्मभूतेन संयोगो, ज्ञानमित्युक्तिर्निराश्रयस्य निर्विषयस्य च ज्ञानस्यासम्भवादवश्यं ज्ञानिनं ज्ञेयं चाऽऽक्षिपतीति, ज्ञानाक्षिप्तेन च ज्ञेयेन बाह्येन तद्द्वारकः संयोग इत्युभयसंयोगः ।

---

ગાથાર્થ : એ પ્રમાણે જ્ઞાનમાં અને ચારિત્રમાં (ઉભયસંયોગ છે) સ્વામિત્વમાં 'મારા પિતાનો (આ પુત્ર)' (એવા ઉલ્લેખમાં ઉભયસંયોગ છે.) મારા કુલમાં આ છે, હું કુલની અંદર છું, (અને આ સાધ્વાદિ કુલની અંદર છે.), (એ ઉલ્લેખદ્વયમાં

---

1. भावविज्ञाननमनुवर्त्तना तु भक्तिर्गुरूणां बहुमानः । दक्षत्वं दाक्षिण्यं शीलं कुलमुद्यमो लज्जा ॥१॥ शुश्रूषा प्रतिपृच्छा श्रवणं ग्रहणं चेहनमपायः । धरणं करणं सम्यक् एवमाद्या भवन्ति शिष्यगुणाः ॥२॥ 2. मज्झायं कुलयस्त य अहयं अब्भंतरोहिति य (स्यात्) ।

ઉભય સંયોગ છે.)

टीकार्थ :- 'एवम्'... જેમ પૂર્વની જ ગાથાઓમાં બાહ્યસંયોગ આક્ષેપ્ય-આક્ષેપક ભાવ રૂપ સંયોગ વડે કહી દીધો છે, તે જ પ્રમાણે આ ગાથામાં ઉભયસંયોગ આક્ષેપ્ય-આક્ષેપક ભાવ વડે કહેવાશે.

'ज्ञान'... જ્ઞાનમાં = જ્ઞાનવિષયક, ચારિત્રમાં = ચારિત્રવિષયક; આત્માનો આ બે વિષયમાં ઉભયસંબંધનસંયોગ જાણવો. આ પ્રમાણે વૃદ્ધો = ચૂર્ણિકાર મહર્ષિ કહે છે.

अत्र भावना... અહીં ભાવના = 'આ સંયોગ શી રીતે ?' એની વિચારણા આ પ્રમાણે છે.

જ્ઞાન એ આત્મભૂત = આત્મરૂપ છે, એટલે તેની સાથે આત્માનો સંયોગ એ આત્મસંયોગ ગણાશે.

ज्ञानमित्युक्ति-... ज्ञान એ શબ્દ અવશ્ય જ્ઞાનીને અને જ્ઞેયને આ` ` ` = યાદ કરાવે છે. એનું કારણ એ છે કે-

આશ્રય વિનાનું = આધાર વિનાનું જ્ઞાન સંભવિત નથી, એટલે જ્ઞાન શબ્દ દ્વારા જ્ઞાનાધાર ભૂત જ્ઞાનીનો આક્ષેપ થઈ જાય છે. એમ વિષય વિનાનું = નિર્વિષયક જ્ઞાન સંભવિત નથી, એટલે જ્ઞાન શબ્દ દ્વારા જ્ઞાનના વિષયભૂત જ્ઞેયનો આક્ષેપ થઈ જાય છે.

ज्ञानाक्षिप्तेन... હવે આ જ્ઞાન દ્વારા આક્ષિપ્ત જે ઘટાદિ જ્ઞેય છે, એ તો બાહ્ય પદાર્થ જ છે ને ? એની સાથે આત્માનો જ્ઞાનદ્વારા સંયોગ થાય છે. (આત્મામાં જ્ઞાન, જ્ઞાનમાં ઘટ... એટલે આત્મા જ્ઞાન દ્વારા ઘટના સંયોગને પામે છે.)

આમ અહીં આત્માનો જે જ્ઞાન સાથે સંયોગ થાય છે. તે ઉભયસંયોગ બની જાય છે, જ્ઞાન સાથે આત્મસંયોગ, જ્ઞાનવિષય એવા ઘટાદિ સાથે પરસંયોગ = ઉભયસંયોગ !

---

वृत्ति :- एवं चरणेनाप्यात्मभूतेनोक्तवत्तदाक्षिप्तेन चर्यमाणेन च बाह्येन संयोग इत्युभय-सम्बन्धनसंयोगः, अयमाक्षेप्याऽऽक्षेपकभावे उभयसम्बन्धनसंयोग उक्तः, अमुमेव प्रकारान्तरेणाह-'स्वामित्वेन' स्वामित्वविषयः, उभयसम्बन्धनसंयोग इति प्रक्रमः, किंरूप ? इत्याह-'आत्मनः' मम 'चः' पूरणे, 'पितुः' जनकस्य, पुत्र इति गम्यते,

---

એ પ્રમાણે આત્માનો ચારિત્ર સાથે પણ જે સંયોગ થાય છે, તે ઉભયસંયોગ છે.

एवं चरणेनाप्यात्म-... તે આ પ્રમાણે - ચારિત્ર પણ આત્મભૂત છે, એટલે તેની સાથેનો સંયોગ તે આત્મસંયોગ ! અને જ્ઞાનમાં કહ્યા પ્રમાણે જ ચારિત્રથી આક્ષિપ્ત એવા ચર્યમાણ = ચારિત્ર વિષયભૂત એવા બાહ્ય પદાર્થની સાથે (ચારિત્ર દ્વારા) સંયોગ એ બાહ્યસંયોગ થશે... આ રીતે ઉભયસંબંધનસંયોગ થશે.

(ચારિત્ર આશ્રયરહિત કે વિષયરહિત ન હોય. એટલે ચારિત્ર શબ્દ ચારિત્રના આશ્રયભૂત ચારિત્રીને અને ચારિત્રના વિષયભૂત ષડ્જીવનિકાયાદિને આક્ષેપે જ છે.

ચારિત્ર = પાંચ મહાવ્રતાદિ ! એનો વિષય ષડ્જીવનિકાયાદિ જ છે ને ! પક્ખિસૂત્રમાં दव्वओ णं पाणाइवाए ઈત્યાદિ જે બોલીએ છીએ, તેમાં આ મહાવ્રતોના વિષયો જ દર્શાવ્યા છે.

હવે ચારિત્રથી આક્ષિપ્ત આ ચર્યમાણ વિષયો = ષડ્જીવનિકાયાદિ એ આત્માથી પર છે... એટલે આત્માનો ચારિત્ર સાથે સંયોગ એ આત્મસંયોગ, ચારિત્ર દ્વારા ચારિત્રના વિષયો સાથેનો સંયોગ એ પરસંયોગ... આ રીતે આત્માનો ચારિત્રસંયોગ ઉભયસંબંધનસંયોગ બને.)

अयमाक्षेप्या-... આક્ષેપ્ય-આક્ષેપક ભાવમાં આ ઉભયસંબંધનસંયોગ કહેવાયો.

अमुमेव... આ જ સંયોગને બીજા પ્રકારથી બતાવે છે.

સ્વામિત્વમાં = સ્વામિત્વવિષયક ઉભયસંબંધનસંયોગ થાય છે. (ઉભયસંયોગ શબ્દ ગાથામાં નથી, પણ પ્રસ્તુત વિષયને અનુસારે એ લઈ લેવાનો.)

किंरूप ?... પ્રશ્ન : આ કેવા પ્રકારનો છે ?

ઉત્તર : ગાથામાં च પૂરણમાં છે. अप्पणो = आत्मनः = મારા, पिउणो = पितुः = પિતાનો, पुत्र શબ્દ લખ્યો નથી, એ સમજી લેવાનો.

---

वृत्ति :- एवंविधोल्लेखव्यङ्ग्ये, अत्रात्मनः पित्रा सहात्मकद्वारकः स्वस्वामिभावलक्षणः सम्बन्धः, तत्पुत्रेण परद्वारकः, मम पितुरयं पुत्र इति पितृद्वारेणासावितिकृत्वा तत उभयद्वारकत्वादुभयविषयसंयोग उभयसम्बन्धनसंयोगः, इतिशब्दो मम पितुः पिता, मम भ्रातुः पुत्रः, मम दासस्य कम्बल, इत्येवंप्रकार-सम्बन्धान्तरव्यञ्जकान्योल्लेखसूचकः,. अनेन लौकिके स्वामित्व उभयसम्बन्धनसंयोग उक्तः,

---

एवंविधोल्लेखव्यङ्ग्ये... 'મારા પિતાનો પુત્ર' આવા પ્રકારના ઉલ્લેખથી પ્રગટ થતા સ્વામિત્વ વિષયમાં આત્માનો ઉભયસંબંધનસંયોગ થાય છે. (ખાસ ધ્યાન રાખવું :- અહિં માત્ર આત્માનો = પોતાનો પિતા સાથે અને પિતાનો અન્ય પુત્ર સાથે સંબંધ નથી લેવાનો. પણ, આત્માનો = પોતાનો પિતૃપુત્ર = ભાઈ સાથે પિતા દ્વારા સંયોગ લેવાનો છે, અને ભાઈ સાથે આત્માનો સાક્ષાત્ સંબંધ ન હોવાથી પિતા દ્વારા સંબંધ ઊભો કર્યો છે. જેમકે, स्वसंबद्धभूतलसंबद्धघट !) આમાં 'મારા પિતા' આ ઉલ્લેખમાં પોતાનો પિતાની સાથે આત્મ દ્વારા = પોતાના દ્વારા સ્વસ્વામિભાવ રૂપ સંબંધ થાય છે.

(મારા અને પિતા વચ્ચે મારો = સ્વસ્વામિભાવ રૂપ સંબંધ છે. એ મારો સંબંધ મારા દ્વારા = આત્મા દ્વારા થયેલો છે.)

तत्पुत्रेण... 'મારા પિતાનો પુત્ર' આ ઉલ્લેખમાં પિતાના પુત્રની સાથે મારો સંબંધ પરદ્વારા થયેલો છે. કેમકે 'મારા પિતાનો આ પુત્ર છે.' એ પ્રમાણે ઉલ્લેખમાં પિતાના પુત્રની સાથેનો મારો સંબંધ પિતા દ્વારા જ છે. અને પિતા એ મારા માટે પર છે.

तत... તેથી આ આખો સ્વસ્વામિભાવ સંબંધ આત્મ-પર ઉભયદ્વારક હોવાથી ઉભયવિષયક સંયોગ બને, અને એ જ ઉભયસંબંધનસંયોગ `

(ધ્યાન આપો :- અત્યાર સુધી આત્મા સા` ાથે સંયોગ તે ઉભયસંયોગ લેતા હતા. પણ અહીં તો આત્મા સાથે સંયોગ થયો જ નથી. મારો = આત્માનો પિતા સાથે અને તેમના દ્વારા પિતાના પુત્ર (ભાઈ) સાથે સંયોગ થયો છે, અને પિતા + પિતૃપુત્ર બંને પર જ છે. એટલે અહીં આત્:ાદ્વારા + પરદ્વારા જે સંયોગ થાય, તે આત્મ-પરવિષયક કહેવાય, અને તે જ ઉભયસંબંધનસંયોગ ગણવાનો છે.

મારો = આત્માનો, મારા દ્વારા = આત્મા દ્વારા પિતા સાથે સંયોગ છે, એટલે કે **આત્મદ્વારક** છે.

મારો = આત્માનો પિતા દ્વારા = પર દ્વારા પિતૃપુત્ર સાથે સંયોગ છે, એટલે કે **પરદ્વારક** છે.

આ રીતે ઉભયદ્વારક આ સંયોગ છે. તેથી ઉભયવિષયક આ સંયોગ છે, તેથી ઉભયસંબંધનસંયોગ છે.

અહીં પોતાનો પિતા સાથે અને પિતાનો પુત્ર સાથેનો સંયોગ સ્વસ્વામિભાવ રૂપ લેવાનો છે. છઠ્ઠી વિભક્તિ સ્વામિભાવ દેખાડે છે ને !...)

इतिशब्दो... पिउणोत्ति માં જે इति શબ્દ છે, તે શબ્દ (૧) मम पितुः पिता, (૨) मम भ्रातुः पुत्रः, (૩) मम दासस्य कम्बलः આવા પ્રકારના સંબંધાન્તરોના = અલગ-અલગ સંબંધોના વ્યંજક, બીજા ઉલ્લેખોનો (ઉપર દર્શાવેલા ૩ ઉલ્લેખો વગેરેનો) સૂચક છે. આના દ્વારા લૌકિક સ્વામિત્વમાં ઉભયસંબંધનસંયોગ કહેવાયો.

---

वृत्ति :- लोकोत्तरमेवाह-मम 'कुले' नागेन्द्रादावयं साध्वादिरिति गम्यते, यद्वा कुलमेव कुलकं तस्य, 'चः' समुच्चये योक्ष्यते, ततोऽहमेव अहकमभ्यन्तरः 'अस्मि' भवामि, चशब्दादयं च साध्वादिरित्येवंविधोल्लेखद्वयव्यङ्ग्य एषोऽप्युभयसम्बन्धनसंयोग इति वृद्धाः,

---

लोकोत्तरमेवाह... હવે લોકોત્તર સ્વામિત્વને લઈને લોકોત્તર ઉભયસંબંધનસંયોગને જ બતાવે છે.

– મારા નાગેન્દ્રાદિ કુળમાં આ સાધ્વાદિ છે. 'साध्वादि' શબ્દ લખેલ નથી, એ સમજી લેવાનો છે.

यद्वा = (એક ઉલ્લેખ બાદ બીજો ઉલ્લેખ દર્શાવવા यद्वा છે.) कुल એ જ कुलकं લેવાનું. क સ્વાર્થમાં લાગેલો સમજવો. तस्य = कुलकस्य શબ્દ છે, चः સમુચ્ચયમાં છે, તે આગળ જોડાશે.

अहयं = अहकं અહીં પણ अहं એ જ अहकं શબ્દ છે. क સ્વાર્થમાં છે. એટલે વાક્ય આ પ્રમાણે

अहं कुलस्य अभ्यन्तरः अस्मि अयं च साध्वादिः આ अयं च साध्वादिः એ च શબ્દથી લીધેલું છે. (च ને સમુચ્ચયમાં જોડવાનો હતો ને ? તે અહીં જોડી આપ્યો.)

આમ (૧) मम नागेन्द्राद्रौ कुले अयं, (૨) अहं अभ्यन्तरो भवामि, अयं च साध्वादिः अभ्यन्तरोऽस्ति ।

આવા પ્રકારના બે ઉલ્લેખથી જણાતો = પ્રગટ થતો આ સંયોગ પણ ઉભયસંબંધનસંયોગ છે... આ પ્રમાણે વૃદ્ધો કહે છે.

---

वृति :- अत्र हि मच्छब्दवाच्यस्य कुलेन सहात्मद्वारकः स्वस्वामिभावसम्बन्धः, कुलान्तर्वर्तिना च साध्वादिना परद्वारको, मम कुलेऽयमिति कुलद्वारकत्वादस्य, ततोऽयमपि प्राग्वदुभयसम्बन्धनसंयोगः, इहापि इतिशब्दोऽयं मम गुरोः साध्वादिरित्याद्येवंप्रकारसम्बन्धान्तरव्यञ्जकान्योल्लेखसूचकार्थः, इह चोल्लेखद्वयाभिधानमेकत्राप्यनेकोल्लेखसम्भवख्यापनार्थमिति गाथार्थः ।।५९।।

---

अत्र हि... અહીં मम कुलेऽयं એ પ્રથમ ઉલ્લેખ છે, તેમાં मम શબ્દથી વાચ્ય જે સાધુ છે, તેનો કુલની સાથે આત્મદ્વારક સ્વસ્વામિભાવ સંબંધ છે. (મારા કુલમાં... આમાં મારો કુલની સાથે સંબંધ મારા દ્વારા = આત્મા દ્વારા છે ને–)

कुलान्तर्वर्तिना... મારો = मम શબ્દ વાચ્યનો કુલની અંદર રહેનારા સાધ્વાદિની સાથે પરદ્વારક સંબંધ છે. કેમકે આ ઉલ્લેખમાં अयं શબ્દ વાચ્ય સાધ્વાદિની સાથે કુલ દ્વારા જ સંબંધ થાય છે. તેથી આ સંબંધ પણ પૂર્વની જેમ = લૌકિકની જેમ ઉભયસંબંધનસંયોગ થાય છે.

(મારો કુલની સાથે મમ દ્વારક = આત્મદ્વારક સંબંધ છે, તેથી તે **આત્મસંયોગ...**

મારો કુલના સાધુ સાથે કુલ દ્વારક = પરદ્વારક સંબંધ છે, તેથી તે **પરસંયોગ...** આમ ઉભયવિષયકસંયોગ થશે.)

इहापि... જેમ पिउणोत्ति માં इति શબ્દથી બીજા બધા ઉલ્લેખો લીધેલા, તેમ અહીં પણ मित्ति માં इति શબ્દ अयं मम गुरोः साध्वादिः ઈત્યાદિ આવા પ્રકારના સંબંધાન્તરવ્યંજક અન્ય ઉલ્લેખના સૂચક અર્થવાળો સમજવો.

પ્રશ્ન : પણ मम कुले अयम्, अहं कुलकस्य अभ्यन्तरो भवामि अयं च साध्वादिः... આમ બે ઉલ્લેખ આપવાની શી જરૂર ? એક જ આપે, તો ચાલે જ ને ?

इह चोल्लेख-... ઉત્તર : અહીં બે ઉલ્લેખનું નિરૂપણ કરેલું છે, તે એ દર્શાવવા માટે કે एकत्रापि = એક જ અર્થમાં પણ અનેક ઉલ્લેખનો સંભવ છે. (આમાં બીજા ઉલ્લેખમાં પણ કુલ સાથે સંબંધ આત્મદ્વારક છે, સાધ્વાદિ સાથે સંબંધ કુલદ્વારક છે... ઈત્યાદિ વિચારી લેવું.)

(ધ્યાનમાં લેવું.- છાપેલી પ્રતમાં નીચે ટીપ્પણમાં બીજો સંભવિત પાઠ દર્શાવ્યો છે. मज्झायं कुलयस्स य अहयं अब्भंतरोह्यित्ति य એ પ્રમાણે ! પણ અમને એની જરૂર લાગતી નથી.

હા ! ટીકામાં જે यद्वा कुलमेव कुलकं तस्य... આ લખેલું છે, એટલે એવું લાગે છે કે વૃત્તિકાર સામે- मज्झं कुलेऽयं कुलगस्स य अहयमब्भिंतरो भवामि त्ति । એ પ્રમાણે પાઠ હોવો જોઈએ. અને એ પ્રમાણે આખો અર્થ સંગત થાય છે.)

---

अवतरणिका :- पुनरन्यथा तमेवाह-

---

અવતરણિકા :- ફરી अन्यथा = બીજી રીતે तमेव = ઉભયસંયોગને જ કહે છે.

---

।।निर्यु. गा. ६०।। पच्चयओ य बहुविहो निव्वित्ती पच्चओ जिणस्सेव ।
देहा य बद्धमुक्का माइपिइसुआइ अ हवंति ।।६०।।

व्याख्या - प्रतीयतेऽनेनार्थ इति प्रत्ययः-ज्ञानकारणं घटादिः, सर्वथा निरालम्बनज्ञानाभावेन तदविनाभावित्वात् ज्ञानस्य, ततस्तमाश्रित्य, चकारात् ज्ञानतश्च-ज्ञानं चाश्रित्य 'बहुविधः' बहुप्रकारः, प्रक्रमादात्मनो यः संयोगः स उभयसम्बन्धनसंयोगः,

---

ગાથાર્થ : પ્રત્યયથી = વિષયથી (અને જ્ઞાનથી) આ બહુ પ્રકારનો બને છે. જિનને = જિન સંબંધી જ્ઞાનને ઉત્પત્તિ એ જ પ્રત્યય છે. બદ્ધમુક્ત એવા દેહાદિ અને માતા-પિતા-પુત્રાદિ (ઉભયસંબંધનસંયોગ) થાય છે.

ટીકાર્થ : प्रतीयतेऽनेनार्थ... જેના વડે અર્થ પ્રતીત થાય એ પ્રત્યય ! પ્રત્યય એટલે જ્ઞાનના કારણભૂત ઘટાદિ ! (એ છે, તો જ ઘટ પ્રતીત થાય છે ને !)

પ્રશ્ન : ઘટાદિ વિના જ્ઞાન ન થાય ?

सर्वथा... ઉત્તર : સર્વથા આલંબન વિનાના = વિષય વિનાના જ્ઞાનનો અભાવ છે. તેથી જ્ઞાન આલંબન વિના થનાર નથી. એટલે કે તદવિનાભાવિ છે. અને માટે આ ઘટાદિ રૂપ આલંબનો = વિષયો એ પ્રત્યય કહેવાય.

(જ્ઞાનમાં બધા જ વિષયો હોય, એવું ભલે ન બને, પણ એકાદ વિષય તો હોય જ, એકપણ વિષય ન હોય, તેવું ન બને... આ सर्वथा નો અર્થ છે.)

ततस्तमाश्रित्य... આ પ્રત્યય = વિષયને આશ્રયીને ઘણા પ્રકારનો ઉભયસંયોગ `. ગાથામાં च છે, તેનાથી આ અર્થ લેવો કે- જ્ઞાનને આશ્રયીને પણ ઘણા પ્રકારનો ઉભયસંયોગ થાય છે.

ગાથામાં बहुविधः શબ્દ છે, એનો અર્થ છે, ઘણા પ્રકારવા ો...

'પણ એ કોણ ?' એ લખેલું નથી, એ પ્રક્રમથી સમજી લેવું કે આત્માનો વિષય અને જ્ઞાનને આશ્રયીને જે ઘણા પ્રકારનો સંયોગ થાય છે. તે ઉભયસંબંધનસંયોગ છે.

---

वृत्ति :- तद्बहुत्वं च प्रत्ययानां तद्विशिष्टज्ञानानां च बहुविधत्वात्, तथा च वृद्धाः-'घटं प्रतीत्य

घटज्ञानं पटं प्रतीत्य पटज्ञानमेवमादीनि प्रत्ययात् ज्ञानानि भवन्ति', तथा च सति ज्ञानेनात्मद्वारको ममेदं ज्ञानमिति, प्रत्ययेन परद्वारको मम ज्ञानस्यायं विषय इति, ज्ञानद्वारकत्वात्तस्य, तत उभयविषयत्वादुभयसम्बन्धनसंयोगः ।

---

**પ્રશ્ન :** સંયોગ બહુવિધ થાય છે, એનું કારણ શું ?

**तद्बहुत्वं च... ઉત્તર :** આ સંયોગ પ્રત્યય = વિષય અને વિષયથી વિશિષ્ટ એવા જ્ઞાનને આશ્રયીને થાય છે. અને આ વિષયો + તદ્વિશિષ્ટ જ્ઞાનો બહુવિધ = ઘણા પ્રકારના છે, તેથી તેના આધારે થતો આ સંયોગ પણ બહુવિધ થાય છે.

**तथा च वृद्धाः-...** આ જ વાત ચૂર્ણિકાર મહર્ષિ કહે છે કે- ઘટને આશ્રયીને ઘટજ્ઞાન, પટને આશ્રયીને પટજ્ઞાન... પ્રત્યય દ્વારા આવા બધા જ્ઞાન થાય છે. (ચૂર્ણિકારનું કથન પૂર્ણ થયેલું જાણવું.)

**तथा च सति...** હવે આવા જ્ઞાન થાય છે, એટલે જ્ઞાનની સાથે 'મારું આ જ્ઞાન' એ પ્રમાણે આત્મદ્વારક સંબંધ થાય.

**प्रत्ययेन...** પ્રત્યય = વિષયની સાથે પરદ્વારક સંબંધ થાય.

**પ્રશ્ન :** આ પરદ્વારક કેવી રીતે ?

**मम ज्ञानस्यायं... ઉત્તર :** 'મારા જ્ઞાનનો આ (ઘટાદિ) વિષય છે.' આમાં ઘટાદિ પ્રત્યયની સાથે આત્માનો સંબંધ જ્ઞાનદ્વારક છે. એ સ્પષ્ટ દેખાય છે. માટે તે પરદ્વારક બને.

**तत...** તેથી આ સંબંધ ઉભયવિષયક બને છે, તેથી તે ઉભયસંબંધન સંયોગ છે.

---

वृत्ति :- आह-एवं केवलिनोऽप्युभयसंयोग एवेति, अत्रोच्यते, 'निर्वृत्तिः' इत्युत्तरत्रैवकारस्य भिन्नक्रमत्वान्निर्वृत्तिरेवसकलावरणक्षयादुत्पत्तिरेव प्रत्ययो जिनस्य, जिनसम्बन्धिज्ञानस्येति गम्यते, इदमाकूतम्-छद्मस्थज्ञानं हि मत्यादिकं लब्धिरूपतयोत्पन्नमप्युपयोगरूपतायां बाह्यमपि घटादिकमपेक्षते, तथाहि-घटं प्रतीत्य घटज्ञानं पटं प्रतीत्य पटज्ञानम्, केवलिनस्तु ज्ञानं लब्धिरूपतयोत्पन्नं पुनरुपयोगरूपतां प्रति न बाह्यं घटादिकमपेक्षते, तज्ज्ञानस्योत्पत्तिसमकालमेव सकलातीतानागतदूरान्तरितस्थूलसूक्ष्मार्थयाथात्म्यवेदितयैवोपयोगभावात्,

---

**आह... પ્રશ્ન :** આ પ્રમાણે તો કેવલીને પણ ઉભયસંયોગ જ થશે. (જ્ઞાન સાથે આત્મદ્વારક અને જ્ઞાનના વિષયો સાથે પરદ્વારક= જ્ઞાનદ્વારક...)

**अत्रोच्यते... ઉત્તર :** निव्वित्ति पच्चओ जिणस्सेव માં જે આગળ एव કાર છે, તે ભિન્નક્રમવા ા છે, અને તે निव्वित्ति શબ્દની પછી જોડવાનો છે, તેથી निर्वृत्तिरेव प्रत्ययो जिनस्य જિન = જિનસંબંધી જ્ઞાન લેવાનું. એ લખેલુ નથી, પણ સમજી લેવાનું છે. તમામ આવરણોના ક્ષય દ્વારા ઉત્પત્તિ એ જ જિન સંબંધી જ્ઞાનનો પ્રત્યય છે.

**પ્રશ્ન :** આમાં કંઈ સમજણ ન પડી ?

**इदमाकूतम्... ઉત્તર :** આ અભિપ્રાય છે – મતિ વગેરે જે છદ્મસ્થજ્ઞાન છે, તે લબ્ધિરૂપે (સત્તારૂપે) ઉત્પન્ન થઈ ગયેલું હોય, તો પણ જ્યારે એણે ઉપયોગ રૂપ બનવાનું હોય, ત્યારે તેમાં એ બાહ્ય એવા ઘટાદિ પદાર્થોની પણ અપેક્ષા રાખે છે.

**तथाहि-...** તે આ પ્રમાણે – ઘટને આશ્રયીને ઘટજ્ઞાન થાય... પટને આશ્રયીને પટજ્ઞાન થાય...

**केवलिनस्तु..** જ્યારે કેવલિને તો લબ્ધિરૂપે ઉત્પન્ન થયેલ જ્ઞાન (= કેવલજ્ઞાન) વળી ઉપયોગરૂપતા પ્રત્યે બાહ્ય એવા

ઘટાદિ વસ્તુની અપેક્ષા રાખતું નથી.

तज्ज्ञानस्योत्पत्ति... કારણ કે કેવલીના જ્ઞાનનો તો ઉત્પત્તિના સમાન કાળથી જ તમામે તમામ-ભૂતકાલીન-ભવિષ્યકાલીન-દૂર રહેલા- (નજીક હોવા છતાં ભીંત વગેરેથી) ઢંકાયેલા, સ્થૂલ, સૂક્ષ્મ એવા અર્થોના વાસ્તવિક સ્વરૂપના બોધ રૂપે જ ઉપયોગ હોય છે.

(કેવલજ્ઞાન પ્રગટે તે સમયથી જ કાયમ માટે તેનો સર્વપદાર્થબોધક રૂપે ઉપયોગ હોય.)

---

वृत्ति :- यदुक्तम्-

*"उभयावरणाईतो केवलवरणाणदंसणसहावो ।*
*जाणइ पासइ य जिणो सव्वं णेयं सयाकालं ॥१॥"*

ततः केवलज्ञानस्य सर्वत्र सततोपयोगेन नोपयोगं प्रति बाह्यापेक्षेति निर्वृत्तिरेव प्रत्ययः, ततो न छद्मस्थज्ञानस्येव प्रत्ययत उभयसंयोगः ।

---

આ પદાર્થ કહેલો પણ છે કે- બે આવરણથી અતીત = કેવલજ્ઞાનાવરણીય + કેવલદર્શનાવરણીય એ બે આવરણથી રહિત, કેવલાત્મક શ્રેષ્ઠજ્ઞાન અને કેવલાત્મક શ્રેષ્ઠ દર્શન એ જેનો સ્વભાવ છે તેવા જિન તમામ કાળમાં તમામ જ્ઞેયને (જ્ઞાનથી) જાણે છે, અને (દર્શનથી) જુએ છે.

ततः... તેથી કેવલજ્ઞાનનો બધા જ વિષયોમાં સતત ઉપયોગ હોવાથી ઉપયોગ પ્રત્યે = ઉપયોગ માટે એને બાહ્ય પદાર્થની અપેક્ષા નથી, એટલે બાહ્ય પદાર્થો એના માટે પ્રત્યય ન બને. પણ પોતાની ઉત્પત્તિ એ જ એના માટે પ્રત્યય બને.

(પ્રત્યય = જ્ઞાનના કારણભૂત ઘટાદિ ! છદ્મસ્થજ્ઞાનમાં ઘટાદિ ન હોય, તો ાન નહિ... ઘટાદિ હોય, તો જ જ્ઞાન... આ બધું હતું, માટે ત્યાં ઘટાદિ પ્રત્યય કારણભૂત બને.

કેવલજ્ઞાનમાં તો ઘટાદિ હોવા ન હોવા સાથે કોઈ નિસ્બત જ નથી. ઘટાદિ ન હોય, તો કેવલોપયોગ ન થાય... આવું બોલી શકાતું નથી, માટે ત્યાં ઘટાદિ પ્રત્યય ન બને.

હા ! કેવલોત્પત્તિ ન હોય, તો કેવલોપયોગ ન થાય... આમ બોલાય છે, માટે કેવલજ્ઞાનના કારણભૂત કેવલોત્પત્તિ એ જ પ્રત્યય માની શકાય.)

ततो न... એટલે છદ્મસ્થના ાનનો જેમ પ્રત્યયતઃ = પ્રત્યયને આશ્રયીને ઉભયસંયોગ છે, તેમ કેવલજ્ઞાનનો પ્રત્યયને આશ્રયીને ઉભયસંયોગ નથી.

(ધ્યાનમાં લેવું કે કેવલીનો પણ જ્ઞાન સાથે અને જ્ઞાન દ્વારા વિષય સાથે સંબંધ છે ખરો, પણ એમને માટે એ વિષય પ્રત્યય નથી ગણાતો. માટે પ્રત્યયને આશ્રયીને ઉભયસંબંધ ન થાય. એ વિના સીધે સીધો તો ઉભયસંબંધ માનવામાં કોઈ વાંધો નથી.)

---

वृत्ति :- आह-उक्त एव ज्ञानस्योभयसंयोगः, तत् किं पुनरुच्यते ? सत्यम्, उक्तः स तत्राक्षेप्याक्षेपकभावेन, इह त्वेकस्यापि वस्तुन उपाधिभेदेनानेकसम्बन्धसम्भवख्यापनाय जन्यजनकभावेनोच्यते इति न दोषः ।

---

આહ... પ્રશ્ન : ૫૯મી ગાથામાં જ્ઞાનનો ઉભયસંયોગ કહેવાઈ જ ગયો છે, તો પછી ફરી શા માટે કહેવાય છે ?

1. उभयावरणातीतः केवलवरज्ञानदर्शनस्वभावः । जानाति पश्यति च जिनः सर्वं ज्ञेयं सदाकालम् ॥१॥

सत्यम्... ઉત્તર : સાચી વાત છે. પણ ૫૯મી ગાથામાં જ્ઞાનનો ઉભયસંયોગ આક્ષેપ્ય-આક્ષેપક ભાવથી કહેલો હતો. (જ્ઞાન એ શબ્દ જ્ઞાની + જ્ઞેયને આક્ષેપે છે, એટલે આત્માનો જ્ઞાન દ્વારા જ્ઞેય સાથે = પર સાથે સંબંધ થાય છે, જ્ઞાન સાથે આત્મ દ્વારા સંબંધ થાય છે... ઈત્યાદિ.) જ્યારે અહીં તો જન્યજનક ભાવથી કહેવાય છે.

(ઘટાદિ પ્રત્યયો જનક છે, ઘટજ્ઞાનાદિ જન્ય છે... બે વચ્ચે જન્યજનક ભાવ છે. એમાં આત્માનો ઘટજ્ઞાનાદિ સાથે આત્મ સંયોગ, ઘટાદિ સાથે જ્ઞાનદ્વારક પરસંયોગ...)

પ્રશ્ન : બરાબર ! પણ કહેવાય તો જ્ઞાનનો સંયોગ જ ને ? તો પછી એવું બે-બે વાર કહેવાની જરૂર શી ?

इह... ઉત્તર : 'ઉપાધિના ભેદથી એક પણ વસ્તુના અનેક સંબંધોનો સંભવ છે' એ દર્શાવવા માટે કહ્યું છે, માટે દોષ નથી.

(આક્ષેપ્ય-આક્ષેપક ભાવ રૂપ એક ઉપાધિથી જ્ઞાનવસ્તુનો એક ઉભયસંયોગ થયો,

જન્ય-જનક ભાવ રૂપ બીજી ઉપાધિથી જ્ઞાનવસ્તુનો બીજો ઉભયસંયોગ થયો... આમ ઉપાધિ ભેદથી એક પણ વસ્તુના અનેક સંબંધ થાય છે.)

---

वृत्ति :- उभयसम्बन्धनसंयोगमेव पुनः स्वस्वामिभावेनाह-दिह्यन्ते-उपचीयन्ते पुद्गलैरिति देहाः-कायाः ते च बद्धा-इह जन्मनि जीवेन सम्बद्धा मुक्ता अन्यजन्मनि तेनैवोज्झिता अनयोर्द्वन्द्वे बद्धमुक्ताः, *'माइपितिसुयाइ'* त्ति 'णो जसूशसोर्लोपे' आर्षत्वाच्च'लोपे दीर्घ' इति दीर्घत्वस्याभावे पितृमातृसुतादयः, आदिशब्दाद् भ्रातृभगिन्यादयो, बद्धमुक्ता इत्यत्रापि योज्यते, चशब्दोऽयं पूर्वश्च समुच्चये, एते च किमित्याह-'भवंति' त्ति जायन्ते, प्राग्वदुभयसम्बन्धनसंयोगः, जीवस्येति गम्यते,

---

उभयसम्बन्धनसंयोगमेव... ઉભયસંબંધનસંયોગને જ ફરીથી સ્વ-સ્વામિભાવ વડે કહે છે.

दिह्यन्ते... દેહ = પુદ્ગલો વડે જે दिह्यन्ते = પુષ્ટ કરાય છે, તે દેહ ! એટલે કે શરીર ! આ શરીરો બદ્ધ છે અને મુક્ત છે. આ જન્મમાં જીવ વડે બદ્ધ છે. અન્ય જન્મોમાં જીવ વડે જ મુક્ત છે = છોડાયેલા `

આ બદ્ધ + મુક્તનો દ્વન્દ્વસમાસ કરો, એટલે बद्धमुक्ताः શબ્દ બને.

'माइपितिसुयाइ'... તથા પિતા, માતા, પુત્ર વગેરે... माइपितिसुयाइ માં બહુવચન કરવું જોઈએ, પણ એકવચન કરેલ છે, એ 'णो... लोपे' એ નિયમથી ત્યાં બહુવચનના પ્રત્યયનો લોપ થયો છે.

પ્રશ્ન : જો લોપ થયો હોય, તો 'लोपे दीर्घ' એ નિયમ પ્રમાણે ई દીર્ઘ થવો જોઈએ. इ ન ચાલે.

ઉત્તર : આર્ષપ્રયોગ હોવાથી દીર્ઘ ई કર્યો નથી, એટલે माइपितिसुयाइ શબ્દ છે.

आदिशब्दाद्... आदि શબ્દથી ભાઈ-બહેન વગેરે...

बद्धमुक्ताः શબ્દ ('દેહ' શબ્દની સાથે જેમ જોડેલો, તેમ) અહીં પણ જોડવાનો.

चशब्दोऽयं... 'माइपिइसुआइ अ' આ च અને 'देहा च' માં રહેલ એ પહેલાનો च સમુચ્ચયમાં છે.

एते च... પ્રશ્ન : આ બદ્ધમુક્ત દેહો અને બદ્ધમુક્ત માતા-પિતા વગેરે શું છે ?

ઉત્તર : થાય છે.

પ્રશ્ન : પણ શું થાય છે ?

ઉત્તર : प्राग्वत् = પ્રક્રમથી સમજી લેવાનું કે ઉભયસંબંધનસંયોગ થાય છે.

પ્રશ્ન : કોને થાય છે ?

ઉત્તર : જીવને થાય છે. એ जीवस्य શબ્દ સમજી લેવાનો છે.

જીવને આ બદ્ધમુક્ત દેહો અને બદ્ધમુક્ત માતા-પિતાદિ ઉભયસંબંધનસંયોગ થાય છે.

---

वृत्ति :- इयमत्र भावना-बद्धा देहा मात्रादयश्चात्मरूपाः, तत्र देहात्मनोः क्षीरनीरवदन्योऽन्यानुगतत्वेन मात्रादयश्चात्यन्तस्नेहविषयतयाऽऽत्मवदादृश्यमानत्वेन, मुक्तास्तूभयेऽपि बाह्याः तत्र देहा आत्मनः पृथग्भूतत्वेन मात्रादयश्च तथाविधस्नेहाविषतयाऽऽत्मवददृश्यमानत्वेन, अतो देहैर्मात्रादिभिश्च बद्धमुक्तैः स्वस्वामिभावलक्षणसम्बन्धो जीवस्योभयसम्बन्धनसंयोगः ।

---

પ્રશ્ન : આ કેવી રીતે સંબંધનસંયોગ બને છે ? એ ખબર નથી પડતી.

इयमत्र भावना... ઉત્તર : અહીં આ ભાવાર્થ છે.

જે બદ્ધ દેહ છે, જે બદ્ધ માતા વગેરે છે. તે આત્મરૂપ સમજવાના.

પ્રશ્ન : પણ દેહ અને માતાદિ બંને પર છે, આત્મરૂપ શી રીતે ?

देहात्मनोः... ઉત્તર : દેહ અને માતાદિમાં વિચારણા કરીએ ત્યારે દેહ અને આત્મા દૂધ અને પાણીની જેમ પરસ્પર હળી-મળી ગયેલા છે, તેથી દેહ આત્મની જેમ જ દેખાય છે, એટલે દેહ આત્મારૂપે જ મનાય છે.

જે માતાદિ છે, તે અત્યંત સ્નેહનો વિષય બને છે, તેથી તેઓ આત્મવદ્ દેખાય છે. (માટે જ માતાદિનું દુ:ખ પુત્ર સહન કરતો નથી, જાણે કે પોતાને જ દુ:ખ પડ્યું હોય, એમ લાગે.)

આ બદ્ધ દેહ અને બદ્ધ માતાદિ માટે વાત કરી.

मुक्तास्तूभयेऽपि... જે મુક્ત દેહ-માતાદિ છે. (પૂર્વભવ સંબંધી) તે બંને ય બાહ્ય = પર છે.

તેમાં મુક્ત દેહ આત્માથી અલગ થઈ ગયા હોવાથી હવે એ આત્મવત્ દેખાતા નથી. (માટે જ એ દેહને દુ:ખ પડે, તો ય આ જીવને કશું થતું નથી.) માટે પર છે. એમ મુક્ત માતાદિ તેવા પ્રકારના સ્નેહનો વિષય બનતા નથી, તેથી એ આત્મવત્ દેખાતા નથી, માટે તે પર છે.

अतो देहैर्मात्रादिभिश्च... આથી બદ્ધમુક્ત એવા દેહ અને માતાદિ સાથેનો જીવનો સ્વસ્વામિભાવ રૂપ સંબંધ એ જીવનો ઉભયસંબંધનસંયોગ બને છે.

(બદ્ધ દેહાદિ આત્મરૂપ છે, તેની સાથે 'આ દેહાદિ મારા' એ પ્રમાણે સ્વ-સ્વામિભાવ સંબંધ જીવને છે. તેથી તે આત્મસંયોગ !

મુક્ત દેહાદિ પરરૂપ છે, તેની સાથે 'આ દેહાદિ મારા' એ પ્રમાણે સ્વ-સ્વામિભાવ સંબંધ જીવને સંભવે છે. તેથી તે પરસંયોગ ! આ રીતે ઉભયસંયોગ !

સાર એટલો જ છે કે બદ્ધ અને મુક્ત દેહાદિ આત્મરૂપ અને પરરૂપ હોવા છતાંય, ત્યાં 'મારાપણાં'નો વ્યવહાર સંભવિત છે. માટે સંબંધનસંયોગ ઘટે.)

वृत्ति :- आह-देहादयो मुक्ताश्च स्वस्वामिविषयाश्चेति विरुद्धमेतत्, एवमेतद्, यदि भावतोऽपि मुक्ताः स्युः, अथ भावतोऽप्यहमेषां स्वामी ममैते स्वमितिभावाभावान्मुक्ता एव ते, नन्वेवमैहिकेष्वप्य-मीष्वपरापरोपयोगवत आत्मनो न सततमेवं भावोऽस्तीति कथं तेष्वपि तद्विषयता ?,

---

आहे-... પૂર્વપક્ષ :- બીજુ બધું તો બરાબર... પણ 'દેહ વગેરે મુક્ત પણ છે અને સ્વસ્વામિભાવના વિષય પણ છે.' આ પરસ્પર વિરુદ્ધ છે.

(જે દેહાદિ બદ્ધ છે, એમાં તો 'આ મારો દેહ' એવો સ્વ-સ્વામિભાવ થાય, પણ જે દેહાદિ છોડી જ દીધા છે, એમાં 'આ દેહ મારો' એવો સ્વ-સ્વામિભાવ થવો શક્ય જ નથી. જે પૈસા ેડી દીધા, તે પૈસા માટે 'આ મારા પૈસા' એવું તો ન જ થાય.)

एवमेतद्... ઉત્તર : ભલે એ દેહાદિ આમ મુક્ત છે. પણ એ જો ભાવથી પણ છોડી દીધા હોત, તો જ તમારી વાત સાચી ગણાત કે એ મુક્ત + સ્વસ્વામિભાવવિષય બે ન બની શકે. (પણ ભાવથી છોડ્યા નથી, માટે વ્યવહારથી એ મુક્ત, ભાવથી એ સ્વસ્વામિવિષય...)

अथ... પૂર્વપક્ષ :- જુઓ, એ મુક્ત દેહાદિ માટે કોઈપણ જીવને એવો ભાવ થતો નથી કે 'હું આ પૂર્વભવીય દેહાદિનો સ્વામી છું. એ બધા મારા ે.'

આમ આવા ભાવનો અભાવ જ છે. એટલે ભાવથી પણ એ મુક્તદેહાદિ મુક્ત જ છે. માટે એ સ્વસ્વામિભાવનો વિષય બની જ ન શકે. માટે આ પરસંયોગ સંભવિત નથી.

नन्वेवमैहि-... ઉત્તર : ननु एवम् = જો આ રીતે પૂર્વભવીય દેહાદિમાં આવો ભાવ ન હોવાથી એ ભાવથી પણ મુક્ત માનશો, તો તો જીવ જ્યારે આ ભવમાં ઘટ-પટ-પુસ્તકાદિના અલગ-અલગ ઉપયોગવાળો બને, ત્યારે એ આત્માને આ ભવના દેહાદિમાં પણ 'આ મારા દેહાદિ' એવો ઉપયોગ ન જ હોય.

એટલે કે અલગ-અલગ-ઉપયોગવાળા બનનારા જીવને ઐહિક દેહાદિમાં પણ સતત આવો ઉપયોગ = ભાવ હોતો નથી. અને તો પછી જ્યારે એ ભાવ ન હોય, ત્યારે તો આ બદ્ધ દેહાદિમાં પણ સ્વ-સ્વામિભાવ ન માનવાની આપત્તિ આવે.

कथं तेष्वपि... એટલે કે આ ભવના દેહાદિમાં પણ સ્વસ્વામિભાવની વિષયતા શી રીતે આવશે ? અને તો પછી એમની સાથે આત્મસંયોગ શી રીતે ઘટશે ?

---

वृत्ति :- अथ तेष्वेवं भावाभावेऽपि व्युत्सर्गाकरणतस्तद्विषयत्वम्, एतदिहापि समानम्, व्युत्सर्गाकरणत एव तद्विषयत्वस्येहापि विवक्षितत्वादिति गाथार्थः ।।६०।।

---

अथ... પૂર્વપક્ષ :- જુઓ ઈહલૌકિક દેહાદિમાં एवं = સતત ઉપર મુજબનો ભાવ ભલે ન હોય, તો પણ આત્માએ આ દેહાદિનો ત્યાગ નથી કર્યો ને ? માટે ઉપયોગાભાવમાં પણ આ દેહાદિ સ્વસ્વામિભાવના વિષય બને છે.

(ચૈત્રનો ઉપયોગ ન હોય કે 'આ મારી માતા' તો પણ લોકો તો એમ જ બોલે કે 'આ ચૈત્રની માતા...' એમ દેહાદિમાં પણ સમજવું.

એટલે ચૈત્રનો તાદૃશભાવ ન હોય, ત્યારે પણ સ્વ-સ્વામિભાવ તો સર્વમાન્ય છે જ, એટલે એનો નિષેધ તો કરી જ ન શકાય. નહિ તો તો પૂર્વપક્ષ એમ જ કહી દેત કે જ્યારે ભાવ ન હોય, ત્યારે સ્વ-સ્વામિભાવ સંબંધ નહિ માનવાનો, જ્યારે ભાવ હોય, ત્યારે માનવાનો... પણ એવું એ બોલી શકશે નહિ.)

एतदिहापि... ઉત્તર : શાબાશ.

આ વાત પારલૌકિક દેહાદિમાં પણ સમાન છે.

ભલે એ આત્માનો પારલૌકિક દેહાદિમાં 'આ મારા' એવો ાવ ન હોય, પણ આત્માએ એ દેહાદિને ભાવથી છોડ્યા નથી. (આ મારા નથી જ, હું આનો ત્યાગ કરું છું. એવો ભાવ કેળવ્યો નથી.)

व्युत्सर्गाकरणत... એટલે વ્યુત્સર્ગ ન કરેલો હોવાથી જ સ્વસ્વામિભાવની વિષયતા આ પારલૌકિક દેહાદિમાં પણ વિવક્ષિત કરાયેલી છે= કહેવાયેલી છે. (એટલે મુક્ત એવા પણ દેહાદિમાં સ્વસ્વામિભાવ સંબંધ ઘટી શકે છે. અને તેથી જીવનો ઉભયસંબંધ ઘટી શકે છે.)

---

अवतरणिका :- इत्थमनेकधा सम्बन्धनसंयोग उक्तः, अयं च कीदृशस्य कस्य भवतीत्याह-

---

અવતરણિકા :- આ પ્રમાણે અનેક પ્રકારે સંબંધનસંયોગ કહેવાયો. આ સંયોગ કેવા પ્રકારના કોને હોય ? એ કહે છે-

---

**॥निर्यु. गा. ६१॥ संबंधणसंजोगो कसायबहुलस्स होइ जीवस्स ।**
**पहुणो वा अपहुस्स व मज्झंति ममज्जमाणस्स ॥६१॥**

व्याख्या - 'सम्बन्धनसंयोगः' उक्तरूपः, कषायाः-क्रोधादयस्तैर्बहुलस्य-व्याप्तस्य, प्रभूतकषायस्येत्यर्थः, 'भवति' जायते, कस्य ?-जीवस्य, पुनः कीदृशस्य ?-प्रभवति-सम्बन्धिवस्तु तत्र तत्र स्वकृत्ये नियोक्तुं समर्थो भवतीति प्रभुस्तस्य वा 'अप्रभोर्वा' उक्तविपरीतस्य, वाशब्दौ समुच्चये, उभयोरपि संयोगसाम्यं प्रति कारणमाह-'मज्झंति ममज्जमाणस्स' त्ति ममेदं नगरजनपदादीति ममत्वमाचरतः,

---

ગાથાર્થ : માલિક કે અમાલિક 'આ મારું' એ પ્રમાણે મમત્વને કરનારા કષાયબહુલ જીવને સંબંધન સંયોગ હોય છે.

ટીકાર્થ : જે સંબંધનસંયોગનું સ્વરૂપ કહેવાઈ ગયું તે સંયોગ ક્રોધાદિ કષાયોથી વ્યાપ્ત એટલે કે પુષ્કળકષાયવાળાને થાય છે.

પ્રશ્ન : પુષ્કળકષાયવાળા કોને થાય છે ?

ઉત્તર : જીવને...

પ્રશ્ન : એ જીવ પાછો કેવો ?

ઉત્તર : પ્રભુ કે અપ્રભુ એવા જીવને... એમાં સંબંધિવસ્તુને = પોતાની વસ્તુને તે તે પોતાના કાર્યમાં જોડવાને = ઉપયોગમાં લેવાને માટે જે प्रभवति = સમર્થ થાય છે = હોય છે, તે પ્રભુ ! જે એનાથી વિપરીત હોય તે અપ્રભુ ! બે वा શબ્દ સમુચ્ચયમાં છે.

પ્રશ્ન : પ્રભુ કે અપ્રભુ બંનેને ઉભયસંબંધનસંયોગ હોય છે. આ રીતે બંનેમાં સંયોગની સમાનતા થઈ ગઈ, ખરેખર તો પ્રભુને સંયોગ હોય, અપ્રભુને ન હોય... છતાં બંનેને માન્યો, તો સંયોગસામ્ય પ્રત્યે કારણ શું ?

ઉત્તર : એ કારણ જ હવે બતાવે છે.

मज्झंति ममज्झमाणस्स 'આ નગર, જનપદાદિ મારા છે' આ પ્રમાણે મમત્વને આચરનારાને સંયોગ

वृत्ति :- इदमुक्तं भवति–सत्यसति वा मत्सम्बन्धितया बाह्यवस्तुनि तत्त्वतोऽभिष्वङ्ग एव सम्बन्धन-संयोगः, अनेन च काक्वा कषायबहुलत्वे हेतुरुक्तः, कषायबहुलस्येति च ब्रुवता कषायद्वारेण सम्बन्धन-संयोगस्य कर्मबन्धहेतुत्वं ख्यापितं भवति, आह–मिथ्यात्वादयो हि बन्धहेतवः, तत्कथं कषायसत्तामात्रेणैव तद्धेतुख्यापनम्?, उच्यते, तेषामेव तत्र प्राधान्यात्,

---

इदमुक्तं भवति–... આ કહેવાનો ભાવ છે કે- બાહ્ય વસ્તુઓ પોતાના સંબંધી તરીકે = પોતાની માલિકી રૂપે હોય કે ન હોય, પણ પરમાર્થથી તો એ બાહ્ય વસ્તુ ઉપરનો રાગ એ જ સંબંધનસંયોગ છે. (હવે આ રાગ તો પ્રભુ કે અપ્રભુ ગમે તેને હોય, એટલે બંનેને સંયોગ હોઈ શકે. આમ બંનેને સંયોગની સમાનતાનું કારણ છે અભિષ્વંગ.)

अनेन... मज्झंति ममज्जमाणस्स આ વિશેષણ વડે કાકુથી = આડકતરી રીતે (=સાક્ષાત ન કહેવું એટલે કે આડકતરી રીતે કહેવું તે काकु) કષાયબહુલતાના ગ્રહણમાં કારણ કહી દીધું.

(મમત્વભાવ એ કારણ છે, એના કારણે કષાયબહુલ એવી વ્યક્તિનું ગ્રહણ કર્યું છે.)

कषायबहुलस्येति... कषायबहुलस्य આ શબ્દને બોલતા નિર્યુક્તિકાર વડે સંબંધનસંયોગની કષાય દ્વારા કર્મબંધ કારણતા દેખાડાયેલી થાય છે. (આ સંયોગ કોને હોય ? કષાયબહુલને હોય, એટલે એનો અર્થ જ એ કે આ સંયોગ કષાયો હોવાના લીધે કર્મબંધનું કારણ બનશે જ...)

आह–... પ્રશ્ન : કર્મબંધના કારણો તો મિથ્યાત્વ વગેરે ચાર છે, તો પછી આ જીવને કષાયની સત્તા માત્રથી જ 'આ સંયોગ કર્મબંધનું કારણ' એ પ્રમાણેનું ખ્યાપન = પ્રદર્શન શી રીતે થઈ જાય ?

(અર્થાત્ कषायबहुलस्य શબ્દ દ્વારા તમે જે સંયોગનું કષાય દ્વારા કર્મબંધહેતુતાનું ખ્યાપન માનો ો, એ બરાબર નથી. કારણ કે તેમ માનવામાં માત્ર કષાયથી કર્મબંધ થાય એવુ માનવું પડે.)

उच्यते... ઉત્તર : કર્મબંધમાં કષાયો જ પ્રધાન છે, તેથી કષાયસત્તામાત્રથી સંયોગની કર્મબંધહેતુતાનું ખ્યાપન થઈ શકે છે.

---

वृत्ति :- तत्प्राधान्यं च तत्तारतम्येनैव बन्धतारतम्यात्, उक्तं च- "*जइभागगया मत्ता*[1] *रागाईणं तहा चउक्कम्मे*" इति, बाहुल्यापेक्षं च शुक्ला बलाकेत्यादिवत् कषायबहुलस्य जीवस्येत्युच्यते, ततोऽकषाय-हेतुकत्वेऽप्यौपशमिकादिभावे (व)नामादिसंयोगानामजीवविषयत्वेऽपि च शीतोष्णा-दिविरोधिसंयोगानां सम्बन्धनसंयोगत्वं न विरुध्यते ।

---

પ્રશ્ન : પણ કર્મબંધમાં કષાયોની પ્રધાનતાનો નિર્ણય શી રીતે થયો ?

तत्प्राधान्यं च... ઉત્તર : કષાયોની તરતમતાથી જ = વધઘટથી જ કર્મબંધની તરતમતા = વધઘટ થાય છે. તેથી કષાયોની પ્રધાનતા નક્કી થાય છે. (કર્મબંધ કષાયો વધવાથી વધે, ઘટવાથી ઘટે... એજ દેખાડે છે કે કષાયો જ એમાં પ્રધાન છે.)

કહ્યું પણ છે કે- 'રાગાદિની માત્રા જેટલા ભાગની રહેલી હોય, તે પ્રમાણે ચાર (ઘાતી) કર્મોમાં બંધ થાય.'

પ્રશ્ન : 'કષાય બહુલ જીવને સંબંધનસંયોગ હોય' એમ કહ્યું. આનો અર્થ એ કે કષાયો સંબંધનસંયોગમાં કારણ છે. પણ ઔપશમિકાદિ ભાવ સાથેનો સંયોગ પણ સંબંધનસંયોગ છે, અને એમાં કષાયો કારણ નથી, પણ કષાયોના ઉપશમાદિ કારણ છે. એમ નામાદિ સાથેનો સંયોગ પણ કષાય વિના થઈ શકે છે. તો પછી આ બધાને સંબંધનસંયોગ ન માની શકાય. કેમકે એ સમ્બંધનસંયોગ તો કષાયજન્ય જ માની લીધો છે.

---

1. यतिभागगता मात्रा रागादीनां तथा चतुर्षु कर्मसु ।

बाहुल्यापेक्षं... ઉત્તર : બગલામાં માત્ર સફેદ રંગ નથી, શ્યામાદિ પણ છે, પણ મોટા ભાગે શ્વેતરંગ છે, એટલે જેમ બહુલતાંની અપેક્ષાએ 'બગલો સફેદ છે' એમ કહેવાય છે.

તેમ 'તમામ સંબંધનસંયોગો કષાયબહુલ જીવને જ હોય' એવું નથી કષાયરહિત જીવને પણ સંબંધનસંયોગ હોઈ શકે છે. પણ મોટા ભાગે કષાયબહુલ જીવને હોય છે, તેથી બાહુલ્યની અપેક્ષાએ આ વાત કહી છે કે– 'કષાયબહુલ જીવને સંબંધન સંયોગ હોય.'

ततोऽकषायहेतुकत्वेऽ... આમ આ વાત ૧૦૦% નથી લેવાની, બહુલતાએ લેવાની છે. તેથી જ ઔપશમિક, ક્ષાયિક વગેરે પ્રશસ્તભાવોની સાથેનો સંયોગ, તથા નામાદિ સાથેનો સંયોગ તે અકષાયહેતુક = કષાય-અજન્ય હોવા છતાં પણ તથા શીત-ઉષ્ણ, આતપ-છાયા, તમ-ઉદ્યોત આ બધા વિરોધી પદાર્થોના સંયોગો અજીવવિષયક હોવા છતાં પણ (અને એટલે જ એમાં તો કષાયોદય સાવ અસત્ હોવા છતાં પણ) આ બધા સંયોગોને સંબંધનસંયોગ માનવામાં કોઈ જ વિરોધ નથી.

(કેમકે આ બધા સંબંધનસંયોગોને અમે કષાયબહુલ જીવના માન્યા જ નથી. એ તો બહુલતાની અપેક્ષાએ જ વાત છે... બધા માટે નથી.)

(પ્રતમાં છપાયેલો પાઠ औपशमिकादिभावे नामादिसंयोगानाम् છે... એનો અર્થ આવો થઈ શકે કે ઔપશમિકાદિ ભાવોની હાજરીમાં જે નામાદિનો સંયોગ થાય, એમાં કષાય કારણ હોતો નથી, એટલે કે એ સંયોગો કષાયહેતુક હોતા નથી...

અમે औपशमिकादिभावनामादिसंयोग... એવા હસ્તલિખિતમાંથી મળેલા પાઠના આધારે અર્થ કરેલો છે.)

---

वृत्ति :- आह-एवमभिप्रेतानभिप्रेतसंयोगयोरपि तत्त्वतः सकषायजीवविषयत्वात् सम्बन्धन-संयोगत्वप्राप्तिः, सत्यम्, तथापीन्द्रियमनसोः साक्षात्तावुक्तौ, अयं तु जीवस्येति न दोषः । अन्यस्त्वाह-संयुक्तकसंयोगोऽपि द्विष्ठत्वेनेतरेतरस्यैव तथेतरेतरसंयोगोऽपि स्वपरधर्मैः संयुक्तत्वात् सर्ववस्तुनः संयुक्तस्यैवेति नानयोः प्रतिविशेषः,

---

आह... પ્રશ્ન : 'જો કષાયબહુલ જીવને સંબંધનસંયોગ હોય' તો પછી પૂર્વે બતાવેલા અભિપ્રેતસંયોગ અને અનભિપ્રેતસંયોગ પણ સંબંધનસંયોગ જ બની જવાની આપત્તિ આવશે.

કારણ કે પરમાર્થથી વિચારીએ તો એ કષાયવાળા જીવને જ હોય છે. એટલે કષાયવાળા જીવના વિષયરૂપ હોવાથી તેઓ સંબંધનસંયોગ માનવા પડશે.

(અકષાયીને તો કોઈપણ પદાર્થ અભિપ્રેત-અનભિપ્રેત હોતો જ નથી કારણ કે આ ઈષ્ટ-અનિષ્ટ ભેદ કષાયી જીવને જ હોય છે, એટલે એ બે સંયોગ કષાયીને જ હોવાના...)

सत्यम्... ઉત્તર : તમારી વાત સાચી છે. છતાં એ બે સંયોગ સાક્ષાત ઈન્દ્રિય અને મનના કહેલા, જીવના નહિ. જ્યારે આ સંબંધનસંયોગ સાક્ષાત જીવને કહ્યો છે. (બસ, આટલો જ ભેદ છે.)

अन्यस्त्वाह :- પ્રશ્ન : તમે દ્રવ્યસંયોગના બે ભેદ પાડેલા. (૧) સંયુક્તકસંયોગ, (૨) ઈતરેતરસંયોગ.

આમાં સંયુક્તકસંયોગ પણ દ્વિષ્ઠ જ છે = બેમાં રહેનાર છે. (દા. ત. મૂલસંયુક્ત વૃક્ષનો અંકુરા સાથે સંયોગ થયો, તો આ સંયોગ વૃક્ષ + અંકુર એમ બેમાં રહે છે... માટે દ્વિષ્ઠ છે.)

તેથી તે ઈતરેતરનો જ સંયોગ કહી શકાય. (ઈતર = વૃક્ષ, ઈતર = અંકુર આ ઈતર + ઈતરનો સંયોગ થયો છે, માટે તે ઈતરેતર સંયોગ.)

तथेतरेतरसंयोगोऽपि... તથા તમામ વસ્તુઓ સ્વધર્મ અને પરધર્મથી સંયુક્ત છે, તેથી ઈતરેતરસંયોગ પણ સંયુક્તનો

જ સંયોગ = સંયુક્તસંયોગ કહી શકાય. (દા. ત. આત્મા જ્ઞાનાદિ સ્વધર્મો વડે (સત્ રૂપે) અને રૂપાદિ પરધર્મો વડે (અસત્ રૂપે) સંયુક્ત છે. હવે આ આત્માનો માતાદિ સાથે સંબંધ એ ઈતરેતર સંબંધનસંયોગ માનેલો છે. પરંતુ આ આત્મા સ્વધર્માદિથી સંયુક્ત છે અને એ સંયુક્તનો માતાદિ સાથે સંયોગ થાય છે, તેથી આ ઈતરેતરસંયોગ ખરેખર તો સંયુક્તસંયોગ પણ છે જ.)

नानयोः... આમ આ ઈતરેતર અને સંયુક્તક સંયોગોમાં કોઈ પ્રતિવિશેષ = ભેદ નથી. (જે ઈતરેતર છે એ સંયુક્ત છે જ, જે સંયુક્ત છે, એ ઈતરેતર છે જ.)

---

वृत्ति :- एवमेतत्, तथाऽप्येकस्कन्धताऽऽपन्नद्रव्यविषयः संयुक्तकसंयोगः, इतरेतरसंयोगस्तु तथाऽन्यथा च, तत्र परमाणुसंयोगस्तथा प्रदेशादिसंयोगस्तु प्रायोऽन्यथेति युक्त एव तयोर्भेदः, एवं तर्हि परमाणुसंयोगस्य संयुक्तकसंयोगादभेदोऽस्तूभयोरपि एकस्कन्धताऽऽपन्नद्रव्यविषयत्वात्, अयमपि न दोषः,

---

एवमेतत्... ઉત્તર : તમારી વાત બરાબર છે. તો પણ આ ભેદ સમજવો.

એકસ્કંધતાને પામેલા દ્રવ્ય સંબંધી જે સંયોગ હોય, તે સંયુક્તકસંયોગ કહેવાય. (દા. ત. મૂલસંયુક્ત વૃક્ષનો અંકુરા સાથે સંયોગ થાય છે. તો ત્યાં વૃક્ષ + અંકુર એક સ્કંધ જ બની જાય છે, એટલે એ સંયુક્તકસંયોગ બને છે.

इतरेतरसंयोगस्तु... જ્યારે ઈતરેતરસંયોગ તો એકસ્કંધતાને પામેલા દ્રવ્યસંબંધી પણ હોય, અને એક સ્કંધતાને ન પામેલા= અલગ-અલગ જ રહેલા દ્રવ્ય સંબંધી પણ હોય. (अन्यथा च).

तत्र... તેમાં પરમાણુ સંયોગ રૂપ જે પ્રથમ ઈતરેતરસંયોગ છે. એમાં તો સંયોગ બાદ દ્રવ્ય એકસ્કંધતાને જ પામે છે. એટલે એ સંયોગ એકસ્કંધતાપન્નદ્રવ્ય સંબંધી છે.

प्रदेशादिसंयोगस्तु... પ્રદેશસંયોગ, અભિપ્રેતાદિ સંયોગ... આ બાકીના ઈતરેતરસંયોગો પ્રાયઃ અન્યથા છે. અર્થાત્ એ સંયોગો એકસ્કંધતાપન્નદ્રવ્ય સંબંધી નથી. (દા. ત. ધર્માસ્તિકાયના પ્રદેશનો અધર્માસ્તિકાયના પ્રદેશ સાથે સંયોગ એ પ્રદેશસંયોગ ઈતરેતર છે, અને એમાં એ બે પ્રદેશોનો એક સ્કંધ નથી બની જતો.)

(પ્રાયઃ શબ્દ લખેલ છે, તે એટલા માટે કે પ્રદેશાદિ ઈતરેતરસંયોગોમાં પણ કોઈક સંયોગો એકસ્કંધતાપન્નદ્રવ્યસંબંધી છે જ... બધા જ કંઈ अन्यथा નથી.

દા. ત. ધર્માસ્તિકાયના પ્રદેશનો ધર્માસ્તિકાયના જ પ્રદેશ, દેશ, સ્કંધ સાથે જે સંયોગ છે. તે પ્રદેશસંયોગ અનાદિ છે, અને એમાં એકસ્કંધતાપન્નદ્રવ્ય જ છે. એ પ્રદેશ ધર્માસ્તિકાયના પ્રદેશાદિ સાથે એકસ્કંધ રૂપે જ રહેલું છે...

એટલે પ્રદેશાદિસંયોગમાં પણ કેટલાક આવા મળવાના, માટે प्रायः શબ્દ લખેલો છે.)

एवं तर्हि... **પ્રશ્ન :** જો આ રીતે જ બે વચ્ચે ભેદ હોય તો પછી પરમાણુસંયોગ રૂપ ઈતરેતરસંયોગનો સંયુક્તકસંયોગની સાથે અભેદ જ માનો... કેમકે બંને એકસ્કંધતાપન્નદ્રવ્યવિષયક છે.

(એકસ્કંધતાપન્નદ્રવ્ય વિષયક સંયોગ સંયુક્તકસંયોગ.

એકસ્કંધતાપન્ન દ્રવ્યવિષયક + તદ્ભિન્ન એવો સંયોગ એ ઈતરેતરસંયોગ. તમે આવો ભેદ પાડેલો છે.

પણ ઈતરેતરમાં જે પરમાણુ સંયોગ છે, એ તો બધો એકસ્કંધતાપન્નદ્રવ્યવિષયક જ છે, તો એને ઈતરેતરમાં ગણવાને બદલે સંયુક્તમાં જ ગણી લો ને !)

अयमपि... ઉત્તર : આ પણ દોષ નહિ લાગે. (પૂર્વે દર્શાવેલા દોષો તો નથી જ લાગતા એ પ્રમાણે 'अपि'નો અર્થ...) કેમકે–

(પરમાણુ) ઈતરેતરસંયોગ નિષ્પાદ્યમાનદ્રવ્યવિષયક છે. (એટલે કે નવા ઉત્પન્ન કરાતા દ્રવ્ય સંબંધી છે. એટલે કે જે સંયોગ દ્રવ્યનું નિષ્પાદન કરે છે, તે સંયોગ ઈતરેતરસંયોગ છે.)

वृत्ति :- यतो निष्पाद्यमानविषय इतरेतरसंयोगः, परिमण्डलादिसंस्थितद्रव्यस्य तेनैव (वि) निष्पाद्यमानत्वात्, संयुक्तसंयोगस्तु प्रायो निष्पन्नद्रव्यविषयः, निष्पन्नं हि मूलादिरूपेण वृक्षादिद्रव्यं कन्दादिना युज्यते, इत्यस्त्यनयोर्विशेष इति गाथार्थः ।।६१।।

પ્રશ્ન : આવું તમે કયા આધારે કહી શકો ?

यतो निष्पाद्यमान... ઉત્તર : કારણ કે પરિમંડલાદિ સંસ્થાનવાળા દ્રવ્યો ઈતરેતરસંયોગ વડે જ નિષ્પાદ્યમાન છે.

(પરમાણુઓના સંયોગથી પરિમંડલાદિ સંસ્થાનવાળા દ્રવ્યોનું નિષ્પાદન થાય છે, અને જે સંયોગ નિષ્પાદ્યમાનદ્રવ્ય વિષયક હોય, તે ઈતરેતર... માટે પરમાણુસંયોગ ઈતરેતરસંયોગ રૂપ કહ્યો છે.)

संयुक्तसंयोगस्तु... જ્યારે સંયુક્તકસંયોગ તો પ્રાયઃ નિષ્પન્નદ્રવ્યવિષયક જ છે. (એમાં સાવ જ નવા દ્રવ્યનું નિષ્પાદન નથી થતું પણ નિષ્પન્નદ્રવ્યનો સંયોગ થાય છે.)

निष्पन्नं हि... જુઓ, મૂલાદિરૂપે નિષ્પન્ન એવું જ વૃક્ષાદિ દ્રવ્ય કંદ વગેરેની સાથે સંયોગ પામે છે. આ પ્રમાણે પરમાણુ-ઈતરેતરસંયોગ અને સંયુક્તસંયોગમાં વિશેષ = ભેદ છે. માટે પરમાણુ સંયોગને સંયુક્તસંયોગ ન માની શકાય.

(પરમાણુઓ નિષ્પન્ન ન ગણાય, એ તો અનાદિકાળથી છે જ. એ પરમાણુઓ ભેગા થઈને પરિમંડલાદિ બને છે, એ પરિમંડલાદિ નિષ્પાદ્યમાન છે. આમ આ સંયોગ નિષ્પન્નદ્રવ્યવિષયક નથી, પણ નિષ્પાદ્યમાનદ્રવ્યવિષયક છે.

જ્યારે મૂલાદિરૂપ વૃક્ષ તો નિષ્પન્ન જ છે, એનાથી કંદાદિ ભલે નિષ્પાદ્યમાન હોય, પણ આ સંયોગ એકલો નિષ્પાદ્યમાન વિષયનો નથી, નિષ્પન્નવિષયનો પણ ભેગો છે...)

(संयुक्तसंयोगस्तु प्रायो निष्पन्नद्रव्यविषयः માં પ્રાયઃ છે. એનું કારણ એ કે પરમાણુનો પરમાણુ સાથેનો સંયોગ પણ સંયુક્તસંયોગ રૂપ ગણેલો તો છે જ. સ્વધર્માદિથી સંયુક્ત એવા પરમાણુનો બીજા સાથે સંયોગ થાય છે... એમ યથાસંભવ બીજા પણ કારણો વિચારી લેવા.)

अवतरणिका :- इत्थं सम्बन्धनसंयोगः स्वरूपत उक्तः, सम्प्रति तस्यैव फलतः प्ररूपणापूर्वकं विप्रमुक्तस्येति प्रकृतसूत्रपदं व्याख्यानयन् यथा ततो विप्रमुक्ता भवन्ति यच्च तेषां फलं तदाह-

અવતરણિકા :- આ પ્રમાણે સંબંધનસંયોગ સ્વરૂપથી કહેવાયો. (એનું સ્વરૂપ કહેવાયું)

હવે તેની જ = સંબંધનસંયોગની જ ફલથી પ્રરૂપણા કરવાપૂર્વક 'संजोगा विप्पमुक्कस्स' એ પ્રમાણે પ્રકૃત પ્રથમ સૂત્રના विप्रमुक्त પદનું વ્યાખ્યાન કરતા નિર્યુક્તિકાર 'જે રીતે તેનાથી = સંયોગથી વિપ્રમુક્ત થાય છે અને એ વિપ્રમુક્ત થયેલાઓને જે ફલ મળે છે' તેને દેખાડે છે.

(ટૂંકમાં (૧) સંબંધનસંયોગનું ફલ, (૨) વિપ્રમુક્ત પદની વ્યાખ્યા, (૩) 'સંયોગથી વિપ્રમુક્ત શી રીતે થાય ?' તે (૪) તેઓને મળતું ફલ આટલી વાત હવેની ૬૨મી ગાથામાં બતાવવામાં આવશે.)

**।।निर्यु. गा. ६२।। संबंधणसंजोगो संसाराओ अणुत्तरणवासो ।**
**तं छित्तु विप्पमुक्का माइपिइसुआइ य[1] हवंति ।।६२।।**

1. टीका - साहू मुक्का तओ तेणं ।

व्याख्या - 'सम्बन्धनसंयोगः' उक्तरूपः, संसरन्त्यस्मिन् कर्मवशवर्तिजन्तव इति संसारस्तस्मात्, न विद्यते उत्तरणं-पारगमनमस्मिन् सतीत्यनुत्तरणः, स चासौ वासश्च-अवस्थानमनुत्तरणवासः, अनुत्तरणवासहेतुत्वादायुर्घृतमित्यादिवदनुत्तरणवासः, अथवा 'अनुत्तरणवासो'त्ति आत्मनः पारतन्त्र्य-हेतुतया पाशवत् पाशः, ततोऽनुत्तरणश्चासौ पाशश्च अनुत्तरणपाशः, उभयत्र च सापेक्षत्वेऽपि गमकत्वात् समासः, अनेन संसारावस्थितिः पारवश्यं वा सम्बन्धनसंयोगस्यार्थतः फलमुक्तम्,

---

**ગાથાર્થ** : સંબંધનસંયોગ સંસારમાંથી અનુત્તરવાસ છે, (કે અનુત્તરપાશ છે.) તેને છેદીને સાધુઓ વિપ્રમુક્ત થયેલા છે, તેથી સાધુઓ અનુત્તરવાસ રૂપ સંસારથી મુક્ત થયેલા છે.

**ટીકાર્થ** : જેનું સ્વરૂપ કહેવાઈ ગયું છે એ સંબંધનસંયોગ સંસારમાંથી અનુત્તરણવાસ છે.

**સંસાર** : જેમાં કર્મને વશ થયેલા જીવો સંસરણ કરે છે = ભટકે છે તે સંસાર.

**અનુત્તરણ** : જે હોતે છતે ઉત્તરણ = પારગમન ન હોય તે અનુત્તરણ.

**વાસ** : અવસ્થાન = રહેઠાણ. અનુત્તરણ એવો વાસ, તે અનુત્તરણવાસ.

સંસારમાં એવી રીતે વાસ થાય છે કે જે વાસના કારણે ક્યારેય પણ ારમાંથી પાર પામવાનું ન બને... એવો વાસ તે संसारात् अनुत्तरणवासः

**પ્રશ્ન** : સંબંધનસંયોગ અનુત્તરણવાસ શી રીતે ? એ તો આવા અનુત્તરણવાસનું કારણ છે.

**अनुत्तरणवासहेतुत्वा... ઉત્તર** : જેમ ઘી આયુષ્યનું કારણ હોવાથી ઘી એ જ આયુષ્ય કહેવાય છે. એમ સંબંધનસંયોગ અનુત્તરણવાસનું કારણ હોવાથી સંબંધનસંયોગ જ અનુત્તરણ-વાસ કહી શકાય છે.

**अथवा...** અથવા (આવો ઉપચાર ન કરવો હોય, તો બીજી રીતે પણ અર્થ થાય.) अणुत्तरणवासो શબ્દ છે, એમાં वास = पाश લેવાય.

સંબંધનસંયોગ આત્માની પરતંત્રતાનું = પરાધીનતાનું કારણ છે, તેથી તે આત્મા માટે પાશ = બંધન જેવો છે. તેથી તે સ્વયં पाश કહી શકાય.

હવે આ સંયોગ રૂપ પાશ હોય, તો ારમાંથી પારગમન થઈ શકતું નથી. માટે આ પાશ अनुत्तरणः છે. તેથી अनुत्तरणश्चासौ पाशश्च એમ સમાસ થશે.

**उभयत्र च...** अनुत्तरणवास કે अनुत्तरणपाश બંને સ્થાને સાપેક્ષતા હોવાથી આમ તો સમાસ ન થઈ શકે, છતાં गमकत्वात् = એ રીતે જ બોધ કરાવનાર હોવાથી સમાસ થાય છે. अनुत्तरणवास કે अनुत्तरणपाश માં અનુત્તરણ શબ્દ संसारात् શબ્દને સાપેક્ષ છે, શેનાથી અનુત્તરણ ? સંસારમાંથી અનુત્તરણ ! હવે જો અનુત્તરણ + વાસ શબ્દનો સમાસ કરો, તો અનુત્તરણ શબ્દ સાથે સંસારાત્નો અન્વય ન થઈ શકે, કેમકે એ સમાસના એકદેશ રૂપ થઈ ગયો. જેમ महावीरस्य पत्नीभूषणं એમ શબ્દ હોય, તો મહાવીરની પત્ની અને તેનું ભૂષણ... આમ અર્થ કરવો છે. પણ પત્ની શબ્દ સમાસનો એકદેશ બની ગયો હોવાથી એની સાથે મહાવીર શબ્દનો અન્વય ન થાય. ટુંકમાં પત્ની-અનુત્તરણ વગેરે જે સાપેક્ષ શબ્દો છે એમનો આ રીતે સમાસ ન થાય. કે જેમાં જરૂરી અન્વય અટકે. છતાં અહીં સમાસ કર્યો છે, તે એટલા માટે કે સાપેક્ષ હોવા છતાં પણ આ સમાસ ગમક = બોધ કરાવી તો દે જ છે, માટે સમાસ કરેલો છે.

**अनेन...** આના વડે અર્થથી = આડકતરી રીતે સંબંધનસંયોગના બે ફળ કહી દીધા. (૧) (પ્રથમ સમાસ પ્રમાણે) સંસારમાં અવસ્થાન, (૨) (બીજા સમાસ પ્રમાણે) પરવશતા = પરાધીનતા.

(સીધું એમ કહ્યું નથી કે 'સંબંધનસંયોગનું ફળ આ છે' પરંતુ વિશેષણ જ એવું વાપરેલું છે કે એનો અંદાજ આવી જાય.)

---

वृत्ति :- 'तम्' एवंविधं सम्बन्धनसंयोगम्, अर्थादौदयिकभावविषयं मात्रादिविषयं च. 'छित्त्वा' द्विधा विधाय निर्णाश्येतियावत्, किमित्याह-विप्रमुक्ताः, श्रुतत्वादनन्तरोक्तसम्बन्धनसंयोगादेव, के ते?-'साधवः' अनगाराः,

---

'तम्'... તેને = સંબંધનસંયોગને... અર્થાપત્તિથી સમજવાનું કે ઔદયિકભાવસંબંધી અને માતાદિસંબંધી એવા સંબંધનસંયોગને છેદીને = બે ભાગમાં કરીને = એટલે કે ખતમ કરીને...

(ઔપશમિક-ક્ષાયિકાદિ સંબંધનસંયોગને છેદવાની વાત ઉચિત નથી, એમ ગુર્વાદિ સાથેના સંબંધનસંયોગને પણ છેદવાની વાત ઉચિત નથી. એટલે ગાથામાં સંબંધનસંયોગને છેદીને એમ જે લખેલ છે, તેનાથી સમજી જ લેવાનું હોય કે ઔદયિકભાવના સંયોગને અને માતાદિના સંયોગને છેદીને... એટલે જ अर्थात् શબ્દ લખીને એ બેને છેદવાની વાત ટીકાકારે બતાવી છે.)

**પ્રશ્ન :** ખતમ કરીને... શું ? વાક્ય પૂરું તો કરો.

**ઉત્તર :** ખતમ કરીને વિપ્રમુક્ત થયેલા...

**પ્રશ્ન :** પણ શેનાથી મુક્ત થયેલા ?

श्रुतत्वादनन्तरो... **ઉત્તર :** એ તો અહીં સીધું લખેલું નથી, પણ હમણા તો 'સંબંધનસંયોગ' જ સંભળાયેલ છે, એટલે સમજી શકાય છે કે અનંતર કહેવાયેલા એવા સંબંધનસંયોગથી જ વિપ્રમુક્ત થયેલા... (બીજા કોઈને શોધવાની જરૂર નથી, પણ જે બતાવી ગયા છે, તેનાથી જ મુક્ત થયેલા... એ રીતે एव નો અર્થ છે.)

**પ્રશ્ન :** આ મુક્ત થયેલા કોણ ?

**ઉત્તર :** સાધુઓ = અણગારો

---

वृत्ति :- येनैवं तेन किमित्याह-मुक्ताः 'ततः' संसारात्, तद्धेतुकत्वात्तस्य, 'तेन' हेतुना, अनेन च गाथापश्चार्धेन सम्बन्धच्छेदनलक्षणेन प्रकारेण विप्रमुक्ता भवन्ति, तेषां च फलं मुक्तिरित्यर्थत उक्तं भवति । यच्च विप्रमुक्तस्येत्येकत्वप्रक्रमेऽपि विप्रमुक्ता इतीह बहुवचनं तदेवंविधभिक्षोः पूज्यत्वख्यापनार्थमिति गाथार्थः ।।६२।।

---

येनैवं तेन... જે કારણથી સાધુઓ સંબંધનસંયોગને છેદીને સંબંધનસંયોગથી જ મુક્ત થયેલા `

**પ્રશ્ન :** ભલે આ વાત બરાબર છે, પણ આવું છે, તેનાથી શું ફાયદો થયો ?

'ततः'... **ઉત્તર :** તે કારણથી = વિપ્રમુક્ત થયેલા હોવાથી તે સાધુઓ સંસારથી મુક્ત થયા છે. કારણ કે સંસાર સંબંધનસંયોગહેતુક છે. એટલે કે તાદૃશસંયોગ કારણ છે અને સંસાર કાર્ય છે. સાધુઓ કારણથી મુક્ત બન્યા, એટલે આપોઆપ કાર્યથી = સંસારથી મુક્ત બની જ જાય. (કારણ કે કારણ વિના કાર્ય ન હોય.)

(નોંધ :- પ્રતમાં જે ગાથા છપાયેલ છે, એ ટીકા પ્રમાણે બરાબર નથી. ટીકા પ્રમાણે તો આવો પાઠ થાય કે साहू मुक्का तओ तेणं એનો અન્વય આ પ્રમાણે : तेन = તે કારણથી સાધુઓ तओ = સંસારથી મુક્ત થયેલા છે.)

**પ્રશ્ન :** પણ તમે તો આ ગાથાની પ્રસ્તાવનામાં કહેલું કે 'કેવા પ્રકારે વિપ્રમુક્ત થયા તે અને તેઓને મળતું ફલ બતાવશે'

આ બે વસ્તુ તો આ ગાથામાં બતાવી જ નથી.

अनेन च... ઉત્તર : આ ગાથાના આ પાછલા અડધા ભાગ વડે અર્થથી=આડકતરી રીતે આ કહેવાયેલું થાય છે કે–

– સાધુઓ સંબંધને છેદવા રૂપ પ્રકાર વડે વિપ્રમુક્ત થયેલા છે. (तं छित्तु विप्पमुक्का)

– આવા વિપ્રમુક્ત સાધુઓને મોક્ષ રૂપી ફલ મળે છે. (साहु मुक्का तओ तेणं)

(આડકતરી રીતે આ બે પદાર્થ કહેવાઈ જ ગયા છે, એટલે ગાથાની પ્રસ્તાવનામાં જે વાત કરેલી, એ બરાબર જ છે.)

પ્રશ્ન : પણ મૂળગાથામાં संजोगा विप्पमुक्कस्स એમ એકવચનનો પ્રયોગ છે, તો અહીં विप्पमुक्का એમ બહુવચનનો પ્રયોગ કેમ કર્યો ?

यच्च... ઉત્તર : विप्रमुक्तस्य એ પ્રમાણે એકવચન પ્રસ્તુત હોવા છતાં પણ विप्रमुक्ताः એ પ્રમાણે અહીં જે બહુવચન કરેલ છે, તે તો આવા પ્રકારના ભિક્ષુની પૂજયતા બતાવવા માટે છે.

(અર્થાત્ 'ઘણા સાધુ છે' એ માટે કંઈ બહુવચન નથી, પણ બહુમાનાર્થે = પૂજયતા બતાવવા માટે બહુવચન છે.)

---

अवतरणिका :- एवं 'संयोगे निक्खेवो' इत्यादिमूलगाथोपक्षिप्तसंयुक्तकसंयोगेतरेतरसंयोगभेदतो द्विविधं द्रव्यसंयोगं निरूप्य तत्र संयुक्तकसंयोगं सचित्तादिभेदतस्त्रिविधम्, इतरेतरसंयोगं तु परमाणुप्रदेशा-भिप्रेतानभिप्रेताभिलापसम्बन्धनविधानतः षड्विधमभिधाय सम्बन्धसंयोग एव च साक्षात् कर्मसम्बन्ध-निबन्धनतया संसारहेतुरिति तत्त्याज्यतां च सम्प्रति तत्प्रतिपादनत एवान्यदुक्तप्रायमिति मन्वानः क्षेत्रादिनि-क्षेपमविशिष्टमतिदेष्टुमाह–

---

અવતરણિકા :- एवं 'संयोगे निक्खेवो'... આ પ્રમાણે 'संयोगे निक्खेवो' એ નિર્યુક્તિગાથા વડે (૩૦ મી ગાથા વડે) દર્શાવાયેલ સંયુક્તકસંયોગ અને ઈતરેતરસંયોગ... એમ ભેદથી બે પ્રકારના દ્રવ્ય સંયોગને બતાવી દીધો.

એ નિરૂપીને તેમાં

तत्र संयुक्तकसंयोग... – સચિત્તાદિ ભેદથી ત્રણ પ્રકારના સંયુક્તક સંયોગને અને

इतरेतरसंयोगं... – (૧) પરમાણુ, (૨) પ્રદેશ, (૩) અભિપ્રેત, (૪) અનભિપ્રેત, (૫) અભિલાપ, (૬) સંબંધન આ વિધાનથી = ભેદથી છ પ્રકારના ઈતરેતરસંયોગને કહ્યો.

सम्बन्धसंयोग एव... એ કહીને 'સંબંધન સંયોગ જ કર્મબંધનું સાક્ષાત્ કારણ છે, તેથી તે સંસારનું કારણ `.' એટલે તેની ત્યાજયતાને કહી.

सम्प्रति... "દ્રવ્યસંયોગના પ્રતિપાદનથી જ હવે બાકીનું બધું (ક્ષેત્ર સંયોગ, કાલ સંયોગ, ભાવ સંયોગ એ ત્રણ જે બાકી છે તે...) લગભગ કહેવાઈ જ ગયું." એ પ્રમાણે માનતા નિર્યુક્તિકાર બાકી રહેલા ક્ષેત્રાદિ નિક્ષેપને અતિદેશ કરવાને માટે કહે છે.

(દ્રવ્યસંયોગના વર્ણનમાં ક્ષેત્રાદિ નિક્ષેપ પણ આવી જ ગયા છે, એટલે એનું સ્વતંત્ર વર્ણન કરવાને બદલે એમ કહી દેવું કે 'જે પૂર્વે કહી ગયા છે, તે જ પ્રમાણે સમજી લેવું...' તે અતિદેશ કહેવાય...)

---

**॥निर्यु. गा. ६३॥ संबंधणसंजोगे खित्ताईणं विभास जा भणिया ।**
**खित्ताइसु संजोगो सो चेव विभासियव्वो अ(उ) ॥६३॥**

व्याख्या - सम्बन्धनसंयोगे क्षेत्रादीनाम्, आदिशब्दात् कालभावपरिग्रहः, विविधा-आदेशानादेशादिभेदादनेकभेदा भाषा विभाषा, या इति प्रस्तुतपरामर्शः, 'भणिता' अभिहिता, 'क्षेत्रादिषु' क्षेत्रादिविषयः संयोगः प्रथमद्वारगाथासूचितः, स चैव विभाषितव्यः, 'तुः' पूरणे, संयोगत्वं चात्र विभाषाया वचनरूपत्वाद्वचनपर्यायाणां कथञ्चिद्वाच्यादभेदख्यापनार्थमुक्तम्,

---

ગાથાર્થ : સંબંધનસંયોગમાં ક્ષેત્ર વગેરેની જે વિભાષા કહેવાયેલી છે, ક્ષેત્રાદિને વિશે તે જ સંયોગ વિભાષા કરવા યોગ્ય છે.

ટીકાર્થ : સંબંધનસંયોગમાં ક્ષેત્રાદિની જે વિભાષા કહેવાયેલી છે...

પ્રશ્ન : ક્ષેત્રાદિમાં આદિથી શું લેવું ?

ઉત્તર : आदि થી કાલ અને ભાવ લેવા.

વિવિધ ભાષા = તે વિભાષા. વિવિધ = આદેશ, અનાદેશ વગેરે ભેદોથી અનેક પ્રકારવાળી ભાષા તે વિભાષા ! (ભાષા= નિરૂપણ...) या એ પ્રસ્તુત વસ્તુને સ્પર્શે છે. (વિભાષા પ્રસ્તુત છે, એટલે या થી વિભાષા જ લેવાની છે.)

પ્રથમ દ્વારગાથા વડે સૂચવાયેલો ક્ષેત્રાદિવિષયક સંયોગ તે જ વિભાષવો = કહેવો. તુઃ પૂરણમાં છે. (બીજો નવો કોઈ ક્ષેત્રાદિસંયોગ કહેવાની જરૂર નથી.)

પ્રશ્ન : यत्-तत् સર્વનામનો નિત્ય સંબંધ છે. પ્રસ્તુતમાં जा विभासा... संजोगो सो चेव... આ પ્રમાણે શબ્દો છે... તો या થી વિભાષા લીધી છે, सो થી સંયોગ લીધો છે. એટલે કે વિભાષા સંયોગરૂપ બતાવી. આ શી રીતે ઘટે ? સંયોગની વિભાષા છે (નિરૂપણા છે.) સંયોગ પોતે જ વિભાષા રૂપ ક્યાં છે ?

संयोगत्वं चात्र... ઉત્તર : અહીં વિભાષા કોની છે ? સંયોગની છે અને વિભાષા પોતે શબ્દ રૂપ છે = વાચક છે, અને સંયોગ એનો વાચ્ય છે.

હવે, શબ્દ અને તેનાથી વાચ્ય અર્થ વચ્ચે કોઈક અપેક્ષાએ અભેદ હોય છે, એ વાત સૂચવવા માટે, વિભાષાને જ સંયોગ રૂપ બતાવી છે. બાકી, વિભાષા અને સંયોગ બેય ભિન્ન જ છે. વિભાષા શબ્દાત્મક છે અને સંયોગ તે વાચ્ય છે.

---

वृत्ति :- ततोऽयमर्थः-सम्बन्धनसंयोगविषयक्षेत्रादिविभाषायां यत्संयोगस्वरूपमुक्तम्, इहापि तदेव वक्तव्यम्, चकारस्यानुक्तसमुच्चयार्थत्वात्, संयुक्तकसंयोगः सम्भवन्त इतरेतरसंयोगशेषभेदाश्च वाच्याः, तत्र क्षेत्रस्य संयुक्तकसंयोगो यथा-जम्बूद्वीपः स्वप्रदेशसंयुक्तक एव लवणसमुद्रेण युज्यते, इतरेतरसंयोगः क्षेत्रप्रदेशानामेव परस्परं धर्मास्तिकायादिप्रदेशैर्वा संयोगः, एवं कालभावयोरपि नेयमिति गाथार्थः ।।६३।।

---

ततोऽयमर्थः... તેથી આ પ્રમાણે અર્થ થશે. સંબંધનસંયોગવિષયક એવી ક્ષેત્રાદિવિભાષામાં સંયોગનું જે સ્વરૂપ કહેવાયેલું છે, અહીં પણ તે જ કહેવું.

(સંબંધનસંયોગનું જે નિરૂપણ = વિભાષણ કરવામાં આવ્યું, તેમાં જે ક્ષેત્રાદિનું નિરૂપણ કરવામાં આવ્યું, તે જ આ ક્ષેત્રસંયોગાદિમાં સમજી લેવાનું.)

चकारस्या... ચેવ માં જે च છે, તે અહીં નહીં કહેલા પદાર્થોનો સમુચ્ચય કરવા માટેનો છે, તેથી (માત્ર સંબંધનસંયોગ જ નહિ, પણ) સંયુક્તકસંયોગ અને ઈતરેતરસંયોગના બાકીના સંભવિત ભેદો પણ ક્ષેત્રાદિસંયોગમાં કહેવા.

तत्र क्षेत्रस्य... તેમાં ક્ષેત્રનો સંયુક્તકસંયોગ દા. ત. જંબૂદ્વીપ પોતાના પ્રદેશથી સંયુક્ત છતાં જ લવણસમુદ્રની સાથે જોડાય છે.

इतरेतरसंयोग:... ક્ષેત્રનો ઈતરેતરસંયોગ દા.ત. ક્ષેત્રના પ્રદેશોનો જ પરસ્પર સંયોગ અથવા તો ક્ષેત્રના પ્રદેશોનો જ ધર્માસ્તિકાયાદિના પ્રદેશોની સાથેનો સંયોગ... આ પ્રમાણે કાલ અને ભાવમાં પણ લેવું.

(જે રીતે પહેલા દર્શાવેલું છે, એ પ્રમાણે બરાબર વિચારીને ઘટાવવું.)

(પ્રથમ ગાથાનું વિવેચન કુલ ૬૩ નિર્યુક્તિગાથા સહિત અહીં પૂર્ણ થાય છે. આમાં સંયોગનું જ વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. હવે પછી ઉત્તરાધ્યયનની મૂળગાથાઓનું વર્ણન આવશે.)

---

वृत्ति :- इह चोक्तनीत्या सम्बन्धनसंयोग एव साक्षादुपयोगी, इतरेषां तु तदुपकारितया तेषामपि कथञ्चित्त्याज्यतया च शिष्यमतिव्युत्पादनाय चोपन्यास इति भावनीयम् । उक्तः संयोगः, तदभिधानाच्च व्याख्यातं प्रथमसूत्रम् ।।१।।

---

અહીં પૂર્વે દર્શાવેલી નીતિ મુજબ સંબંધન સંયોગ જ સાક્ષાત્ ઉપયોગી છે. (સંસારનું કારણ એ છે, એનાથી જ જીવે મુક્ત બનવાનું છે... એ રીતે એ જ ઉપયોગી છે.)

બાકીના બધા સંયોગો તો સંબંધનસંયોગના ઉપકારી છે તેથી અને તે સંયોગો પણ કોઈક અપેક્ષાએ ત્યાજ્ય છે, તેથી અને શિષ્યની મતિના વિકાસને માટે = ઘડતરને માટે તે સંયોગોનો ઉપન્યાસ કર્યો છે... એ પ્રમાણે વિચારી લેવું.

(પરમાણુઓના સંયોગથી દ્રવ્યો બને, એમાં મમત્વ થાય, એટલે સંબંધનસંયોગ ઉત્પન્ન થાય. આમ સંબંધન સંયોગને બીજા સંયોગો ઉપકારી બને છે.)

સંયોગ કહેવાઈ ગયો.

તેના કથન દ્વારા પ્રથમ સૂત્રનું વ્યાખ્યાન થઈ ગયું. ગાથા - ૧ સંપૂર્ણ.

---

अवतरणिका :- सम्प्रति यदुक्तं 'विनयं प्रादुष्करिष्यामी'ति, तत्र विनयो धर्मः, स च धर्मिणः कथञ्चिदभिन्न इति धर्मिद्वारेण तत्स्वरूपमाह-

---

અવતરણિકા :- પહેલી ગાથામાં જે કહેલું કે 'विनयं प्रादुष्करिष्यामि' તેમાં વિનય એ ધર્મ છે. અને ધર્મ ધર્મવાન્ કરતા કોઈક અપેક્ષાએ અભિન્ન હોય છે.

તેથી (સાક્ષાત વિનયધર્મને બતાવવાને બદલે) વિનયી રૂપી ધર્મીના નિરૂપણ દ્વારા વિનયના સ્વરૂપને કહે છે.

---

।।मू. गा. २।। आणानिद्देसयरे, गुरुणमुववायकारए ।
इंगियागारसंपन्ने, से विणीएत्ति वुच्चइ ।।२।। (सूत्रम्)

व्याख्या - आङिति स्वस्वभावावस्थानात्मिकया मर्यादयाऽभिव्याप्त्या वा ज्ञायन्तेऽर्था अनयेत्याज्ञा भगवदभिहितागमरूपा तस्या निर्देश-उत्सर्गापवादाभ्यां प्रतिपादनमाज्ञानिर्देशः इदमित्थं विधेयमिदमित्थं वेत्येवमात्मकः तत्करणशीलस्तदनुलोमानुष्ठानो वा आज्ञानिर्देशकरः, यद्वाऽऽज्ञा-सौम्य । इदं कुरु इदं च मा कार्षीरिति गुरुवचनमेव, तस्या निर्देश-इदमित्थमेव करोमि इति निश्चयाभिधानं तत्करः, आज्ञानिर्देशेन वा तरति भवाम्भोधि-मित्याज्ञानिर्देशतर

---

ગાથાર્થ : આજ્ઞાના નિર્દેશને કરનાર, ગુરુનો ઉપપાતકારક, ઇંગિતાકાર સંપન્ન (જે હોય) તે 'વિનીત = વિનયી' એ પ્રમાણે કહેવાય છે.

ટીકાર્થ : आणानिद्देसयरे એ શબ્દનો પહેલા અર્થ કરે છે. એ અલગ-અલગ પ્રકારે થાય છે.

आङिति... (૧) आ = મર્યાદા વડે કે અભિવ્યાપ્તિ વડે ज्ञायन्ते = જણાય છે પદાર્થો આના વડે = જેનાથી તે આજ્ઞા!

મર્યાદા= પોતાના સ્વભાવમાં રહેવું તે. (ભગવાનના આગમના અભ્યાસથી પદાર્થોનો બોધ થાય જ છે, એ પદાર્થો જેવા સ્વભાવના છે, તેવા જ જણાય છે, એ જેવા નથી, તેવા નથી જણાતા. આ જ સ્વસ્વભાવમાં અવસ્થાન રૂપ મર્યાદા વડે તેઓનો બોધ કહેવાય.

તથા આગમ દ્વારા સઘળા પદાર્થો જણાય છે, આ અભિવ્યાપ્તિ વડે બોધ કહેવાય. માટે ભગવાનનું આગમ એ આજ્ઞા છે.) (आज्ञा શબ્દનો આ વ્યુત્પત્ત્યર્થ = યોગાર્થ દર્શાવ્યો.)

એ આજ્ઞા ભગવાને કહેલા આગમ સ્વરૂપ છે. (आज्ञा શબ્દનો આ રૂઢિ-અર્થ છે.)

આવી આજ્ઞાનો નિર્દેશ...

निर्देश-... નિર્દેશ એટલે ઉત્સર્ગ અને અપવાદ વડે પ્રતિપાદન !

'આ આ પ્રમાણે કરવું, અથવા આ આ પ્રમાણે કરવું' આવા પ્રતિપાદન સ્વરૂપ એ નિર્દેશ છે. (ગોચરી નિર્દોષ લાવવી, અથવા ગોચરી કારણ હોવાથી દોષિત લાવવી... આમ ઉત્સર્ગ અને અપવાદ વડે આજ્ઞાનું પ્રતિપાદન તે આજ્ઞાનિર્દેશ !)

तत्करणशील... આજ્ઞાનિર્દેશને કરવાના સ્વભાવવા ો તે आज्ञानिर्देशकरः (=જિનવચનનો સદ્દુપદેશક) અથવા

स्तदनुलोमा.., આજ્ઞાનિર્દેશને અનુકૂલ અનુષ્ઠાનવાળો, તે आज्ञानिर्देशकरः (જિનવચનનો સમ્યક્પાલક... અહીં ગુર્વાદિએ જે આજ્ઞાનિર્દેશ કરેલો હોય, તેનો સમ્યક્પાલક એ आज्ञानिर्देशकरः બનશે.)

आणानिद्देसयरे નો આ એક અર્થ દર્શાવ્યો.

यद्वाऽऽज्ञा... (૨) હવે બીજી રીતે એનો અર્થ બતાવે છે. (यद्‌वा)

'હે સૌમ્ય ! આ કર અને આ ન કર' આ પ્રમાણેનું ગુરુવચન એ જ આજ્ઞા ! (નહિ કે આગમ.) એ આ ાનો નિર્દેશ એટલે 'આ આ પ્રમાણે જ કરીશ...' એ પ્રમાણે નિશ્ચયપૂર્વકનું અભિધાન ! આવા નિર્દેશને જે કરે, તે આજ્ઞાનિર્દેશકર...

(ગુરુના વચનનો તહત્તિપૂર્વક દૃઢતાથી સ્વીકાર કરનાર...)

आज्ञानिर्देशेन... (૩) અથવા આજ્ઞાના નિર્દેશ વડે જે ભવરૂપી સમુદ્રને તરે છે, તે आज्ञानिर्देशतरः

(શાસ્ત્રના પ્રતિપાદન વડે તરનાર, અથવા ગુરુવચનના તહત્તિપૂર્વકના સ્વીકાર વડે તરનાર...)

આ રીતે आज्ञानिर्देशकर શબ્દની વ્યાખ્યાના ત્રણ ભેદ બતાવ્યા.

---

वृत्ति :- इत्यादयोऽनन्तगमपर्यायत्वाद्भगवद्वचनस्य व्याख्याभेदाः सम्भवन्तोऽपि मन्दमतीनां व्यामोहहेतुतया बालाबलादिबोधोत्पादनार्थत्वाच्चास्य प्रयासस्य न प्रतिसूत्रं प्रदर्शयिष्यन्ते,

---

ભગવાનનું વચન અનન્તગમપર્યાયવાળું છે, તેથી વ્યાખ્યાના આવા ઘણા બધા ભેદો સંભવી શકે છે, પણ જો ઘણા બધા ભેદો કહેવામાં આવે, તો - મંદબુદ્ધિવાળાઓને વ્યામોહનું = મુંઝવણનું કારણ બને તેથી દરેક સૂત્રમાં વ્યાખ્યાના ભેદો દેખાડાશે

નહી અને ટીકા લખવાનો આ પ્રયાસ બાળ, સ્ત્રી વગેરેને બોધનું ઉત્પાદન કરવા માટે છે. તેથી દરેક સૂત્રમાં વ્યાખ્યાના ભેદો દેખાડાશે નહિ. (અર્થાત્ એ વ્યાખ્યાપ્રકારો બધે છે જ, પણ અમે એ દેખાડશું નહિ.)

**વિશેષાર્થ :-** ગમ = એક સરખા આલાવાઓ...
} પ્રશમરતિની વૃત્તિ પ્રમાણે....
પર્યાય = સમાનાર્થી શબ્દો...

આગમમાં ઘણે સ્થાને એક સરખા આલાવા આવે, પણ એનો અર્થ અલગ-અલગ થતો હોય...

દરેકના પર્યાયવાચી શબ્દો ઘણા હોય, એટલે ધારો કે **ઘટ** શબ્દ છે, તો એ ઘડાનો સમાનાર્થી પણ છે, આત્માનો સમાનાર્થી પણ છે... એટલે એના કારણે પણ અલગ-અલગ વ્યાખ્યા કરી શકાય.

આમાં **ગમ** અને **પર્યાય** અનંત કહ્યા છે, બધું શ્રુત ભેગું કરો તોય અનંત અક્ષર ન થાય, તો અનંત ગમ શી રીતે થાય? ઈત્યાદિ ચર્ચા અત્યારે કરતા નથી. માત્ર એટલું વિચારીએ કે- सुअं मे आउसं तेणं भगवया एवमक्खायं આ એક આલાવો થયો. (ગમ) આમાં मे = मया आउसं = आयुष्मन्... આ રીતે અર્થો કરીએ, તો मे એ मयाનો પર્યાયવાચી થયો, आउसं એ आयुष्मन् નો પર્યાયવાચી થયો.

હવે જો પર્યાયવાચી બદલીએ તો આ જ આલાવો ફરી લઈને પણ નવી વ્યાખ્યા કરાય.

દા. ત. सुअं मे आउसं तेण भगवया एवमक्खायं આ બીજીવાર આલાવો થયો. પણ એ ઉપરના જ આલાવા જેવો હોવાથી આને **ગમ** કહેવાય.

હવે आउसंतेण = आवसता આ રીતે અર્થ લઈએ તો आउसंतेण એ आवसता નો પર્યાયવાચી બની ગયો, આમાં આખી વ્યાખ્યા જ બદલાઈ જાય.

આવી રીતે એક-એક શબ્દ અનંત પદાર્થોનો પર્યાયવાચી બની શકે. અને એ રીતે પ્રભુવચન અનન્તગમવાળું અને અનંતપર્યાયવાળું બની શકે.

પ્રસ્તુતમાં શું કરવું ? એ જોઈએ.

आणानिद्देसयरे શબ્દ ભલે એક જ વાર લીધો હોય, પણ એ એક જ વચન અનંતવાર લઈ શકાય. વારંવાર એ જ વચન લો. એટલે એ સરખા આલાવા રૂપ બનવાથી એ બની જાય ગમ !

અને એ દરેક વખતે તે તે શબ્દો અલગ-અલગ અર્થના વાચક બને. એટલે તે તે દરેક શબ્દો અનંતપદાર્થોના પર્યાયવાચી બને... તે આ પ્રમાણે –

आणानिद्देसयरे આજ્ઞા = જિનાગમ, નિર્દેશ = પ્રતિપાદન, કર = નિરૂપક કે પાલક

आणानिद्देसयरे આજ્ઞા = ગુરુવચન, નિર્દેશ = તહત્તિ, કર = તહત્તિ કરનાર...

आणानिद्देसयरे આજ્ઞા = ગુરુવચન, નિર્દેશ = તહત્તિ, यर = तर = તરનાર... આમાં ત્રણ ગમ થયા.

આજ્ઞા શબ્દ જિનાગમનો પર્યાયવાચી, ગુરુવચનનો પર્યાયવાચી બન્યો. નિર્દેશ શબ્દ પ્રતિપાદનનો, તહત્તિનો પર્યાયવાચી બન્યો. આ રીતે ગમ + પર્યાય અનંત હોવાથી પુષ્કળ વ્યાખ્યા ભેદો થાય.

જો એક જ વાર આલાવો લેવાનો હોય, તો પર્યાયો ભલે ને અનંત થાય, પણ એમાંથી કોઈપણ એક જ અર્થ કરવો પડે, અને એટલે એક જ વ્યાખ્યા થાય.

જો એક શબ્દનો એક જ અર્થ થતો હોય, તો એક જ આલાવો ભલે ને હજારવાર લો, અર્થમાં ભેદ નહિ પડી શકે.

માટે ગમ + પર્યાય બંને ઘણા હોય, તો જ ઘણા વ્યાખ્યાભેદ થાય. આ અંગે વિસ્તાર મહાપુરુષો પાસેથી જાણી લેવો.

---

वृत्ति :- तथा 'गुरूणां' गौरवार्हाणामाचार्यादीनामुप-समीपे पतनम्-स्थानमुपपातः-दृग्वचन-विषयदेशावस्थानं तत्कारकः-तदनुष्ठाता, न तु गुर्वादेशादिभीत्या तद्व्यवहितदेशस्थायीतियावत्, तथेङ्गितम्-निपुणमतिगम्यं प्रवृत्तिनिवृत्ति-सूचकमीषद्भ्रूशिरःकम्पादि आकारः-स्थूलधीसंवेद्यः प्रस्थानादि-भावाभिव्यञ्जको दिगवलोकनादिः, आह च-

*"अवलोयणं दिसाणं वियंभणं साडयस्स संठवणं ।*
*आसणसिढिलीकरणं पट्ठियलिंगाइं एयाइं ॥१॥"*

---

गुरुणमुववायकारए આ બીજા શબ્દનો અર્થ જોઈએ.

ગુરુ એટલે ગૌરવને માટે = બહુમાન માટે જે યોગ્ય હોય તે, આચાર્ય-ઉપાધ્યાય વગેરે.

उप = પાસે पतनं = સ્થાન એ उपपातः એટલે કે ગુરુઓની દૃષ્ટિ અને વચનના વિષયરૂપ દેશમાં રહેવું તે.

(જ્યાં ગુરુની દૃષ્ટિ પહોંચે ત્યાં અને જ્યાં ગુરુના શબ્દો પહોંચે ત્યાં રહેવું તે उपपात)

तत्कारकः... આ ઉપપાતનો કારક એટલે કે ગુરુની દૃષ્ટિ અને વચનનો વિષયરૂપ દેશમાં રહેવાસનો કર્તા !

न तु... કહેવાનો આશય એ છે કે- 'હું ગુરુની પાસે રહીશ, તો મને વારંવાર આદેશ કરશે, મારી ભૂલો જોઈ મને ઠપકો આપશે.' આવા આવા ભયથી ગુરુની દૃષ્ટિ + વચનના વિષયભૂત દેશથી દૂર રહેનાર ન બને.

(શિષ્ય ૨૪ કલાક તો દૃષ્ટિ-વચનના વિષયભૂત સ્થાનમાં રહી ન શકે, ગોચરી લેવાદિ ઘણા કાર્યો માટે ગુરુથી દૂર પણ જવું પડે. એટલે સતત ઉપપાતકારક બની ન શકે. પણ આ શબ્દનો આશય એટલો જ છે કે પુષ્ટ કારણોસર ગુરુની રજા લઈને ગુરુથી દૂર બેસે, દૂર જાય... એનો વાંધો નથી. પણ ગુર્વાદેશ વગેરેના ભયથી દૂર રહે... એ ન ચાલે... આ દર્શાવવા માટે જ इति यावत् કરેલ છે.)

इंगियागारसंपन्ने એ ત્રીજો શબ્દ જોઈએ.

तथेङ्गितम्... સૂક્ષ્મબુદ્ધિથી જ જે જાણી શકાય,

'ગુરુ પ્રવૃત્તિ કરવા માંગે છે કે નિવૃત્તિ...' એનું સૂચક હોય...

આવું જે આંખની ભ્રમરનો કે મસ્તકનો અલ્પ કંપ (જે ગુરુ જ કરે...) એ ઇંગિત !

(કંઈક ભ્રમર ઉંચી કરે, એટલે એ પ્રવૃત્તિ સૂચક બને, કંઈક મસ્તક કંપે, એટલે એ નિવૃત્તિ સૂચક બને... આવું સામાન્યથી સમજી શકાય છે.)

आकारः જાડી બુદ્ધિથી પણ જે જાણી શકાય, 'બહાર જવાનું છે' વગેરે ગુરુના ભાવને જે પ્રગટ કરનાર હોય, એવી દિશાઓને જોવી = બહાર જોવું... વગેરે રૂપ વ્યાપાર (એ ગુરુ જ કરે...) એ આકાર

કહ્યું છે કે- પ્રસ્થાનના = બહાર નિર્ગમન કરવાના લિંગો = સૂચક ચિહ્નો આ છે. (૧) દિશાઓનું અવલોકન, (૨)

---

1. अवलोकनं दिशां विजृम्भणं शाटकस्य संस्थापनम् । आसनशिथिली (श्लथी)करणं प्रस्थितलिङ्गान्येतानि ॥१॥

વિજૃંભણ, (પ્રગટ થવું, અંદરથી બહાર આવવું...) (૩) શાટકનું = વસ્ત્રનું સંસ્થાપન (એટલે કે વસ્ત્રો વ્યવસ્થિત પહેરવા...), (૪) આસનનું શિથિલીકરણ = બેઠા હોઈએ, ત્યાંથી અડધા-પડધા ઉભા થઈ જવું...)

---

**वृत्ति :- अनयोर्द्वन्द्वे इङ्गिताकारौ तौ अर्थाद्गुरुगतौ सम्यक् प्रकर्षेण जानाति इङ्गिताकारसम्प्रज्ञः, यद्वा-इङ्गिताकाराभ्यां गुरुगतभावपरिज्ञानमेव कारणे कार्योपचारादिङ्गिताकारशब्देनोक्तम्, तेन सम्पन्नो-युक्तः, 'स' इत्युक्तविशेषणान्वितः 'विनीतः' विनयान्वितः, 'इति' सूत्रपरामर्शे, ['इति' रुक्तपरामर्शे] उच्यते, तीर्थकृद्गणधरादिभिरिति गम्यते, अनेन च स्वमनीषिकाऽपोहमाह इति सूत्रार्थः ।।२।।**

---

**अनयोर्द्वन्द्वे...** 'ઇંગિત + આકાર' એ બેનો દ્વન્દ્વસમાસ કરીએ, એટલે **इंगिताकारौ** શબ્દ બને.

**પ્રશ્ન :** આ કોનામાં રહેલા સમજવાના ?

**अर्थाद्गुरुगतौ... ઉત્તર :** અર્થથી સમજી લેવું કે 'ગુરુમાં રહેલા ઇંગિતાકાર' (શિષ્યે ઇંગિતાદિને જાણીને વિનય કરવાનો છે, તો એ ઇંગિતાદિ શિષ્યગત ન જ લેવાય, ગુરુગત જ લેવાય... એમ અર્થાપત્તિથી સમજી શકાય છે.)

આ ઇંગિતાકારને **सं** = સારી રીતે **प्र** = **प्रकर्षेण** = ઉચ્ચ પ્રકારે જાણે તે **इंगिताकारसम्प्रज्ञः**

**यद्वा-...** અથવા ઇંગિત અને આકાર વડે સમ્પન્ન = યુક્ત. (એવો શિષ્ય)

**પ્રશ્ન :** તમે હમણા જ કહ્યું કે આ ઇંગિતાકાર તો ગુરુમાં રહેલા છે, તો શિષ્ય એનાથી સંપન્ન શી રીતે બને ?

**इङ्गिताकाराभ्यां... ઉત્તર :** ઇંગિતાકાર એ કારણ છે. એના દ્વારા શિષ્યને ગુરુના મનમાં રહેલા ભાવોનું પરિજ્ઞાન થાય છે, એ કાર્ય છે. એટલે કારણમાં = ઇંગિત + આકારમાં, કાર્યનો = ગુરુગતભાવોના પરિજ્ઞાનનો ઉપચાર કરવાથી ઇંગિત-આકાર શબ્દ વડે, ઇંગિત + આકાર દ્વારા ઉત્પન્ન થનાર ગુરુગતભાવપરિજ્ઞાન જ કહેવાયેલું છે.

અર્થાત્ ઇંગિતાકાર = ગુરુના ભાવોનું શિષ્યને થતું જ્ઞાન... હવે આ જ્ઞાન તો શિષ્યમાં જ છે ને ? તેથી શિષ્ય ઇંગિતાકાર વડે (= તાદૃશજ્ઞાન વડે) સંપન્ન કહી શકાય છે.

**स** = ઉપર કહેલા ત્રણ વિશેષણોથી યુક્ત જે હોય તે

**विनीत** = વિનયથી અન્વિત

**इति** = એ પ્રમાણે કહેવાય છે. કોના વડે કહેવાય છે ? તીર્થંકર ગણધરો વગેરે વડે કહેવાય છે...

આ **तीर्थकरगणधरादिभिः** શબ્દ લખેલો નથી, પણ એ સમજી લેવાનો.

**अनेन च** = 'તીર્થંકરાદિ વડે કહેવાય છે' એવું કહેવા વડે પોતાની બુદ્ધિના અપોહને = અભાવને દર્શાવ્યો. (અર્થાત્ હું મારી બુદ્ધિથી કશું કહેતો નથી, પણ આ બધું તીર્થંકરાદિ વડે કહેવાય છે.)

**इति** શબ્દ ઉક્તપરામર્શમાં છે. એટલે કે જે કહી ગયા છે, તેનો જ બોધ કરાવનાર છે, તેને જ જણાવનાર છે.

**પ્રશ્ન :** એટલે શું ? એ ખબર ન પડી ?

**ઉત્તર :** આનો ભાવાર્થ આ પ્રમાણે છે :

**यः रजोहरणवान् स 'साधुः' इति उच्यते** આ વાક્ય છે. એનો અર્થ :- જે ઓઘાવાળો છે, તે 'સાધુ' એ પ્રમાણે કહેવાય છે. અહીં **इति** = 'એ પ્રમાણે' એમ અર્થ કરીએ છીએ.

હવે કોઈ પૂછે કે 'એ પ્રમાણે' એટલે શું ?

તો તમે શું જવાબ આપશો ? 'સાધુ' એ પ્રમાણે કહેવાય છે... એમ જ જવાબ આપશો ને ? આનો મતલબ કે इति= એ પ્રમાણે = જે પૂર્વે સાધુ એમ શબ્દ કહી ગયા એ જ અર્થ इति શબ્દ સૂચવે છે. એટલે इति શબ્દ એ ઉક્તપરામર્શમાં છે.

પ્રસ્તુતમાં તે 'विनीत' એ પ્રમાણે કહેવાય છે.

અહીં પણ કોઈ પ્રશ્ન કરે કે 'એ પ્રમાણે' એટલે શું ?

તો અહીં કોઈ નવો જવાબ નથી આવવાનો, એ જ પૂર્વે કહેલો શબ્દ પાછો લાવવાનો કે 'विनीत' એ પ્રમાણે કહેવાય છે. આમ અહીં પણ इति શબ્દ ઉક્તપરામર્શમાં છે.

(विनीत એ ઉક્ત છે, પૂર્વે કહેવાઈ ગયું છે... એને જ જણાવનાર આ इति શબ્દ છે.)

( પ્રશ્ન : પણ બધે – 'इति' सूत्रपरामर्शे – એમ છપાયેલ છે તે ?

ઉત્તર : બરાબર, પણ 'इति' रुक्तपरामर्शे – એમ પાઠ હોવો શક્ય છે.

એના કારણો...

– જ્યારે અવ્યયનો અર્થ કરવાનો હોય, ત્યારે અવ્યયને વિભક્તિ લગાડવામાં આવે છે. 'चः समुच्चये' વગેરેની જેમ! પ્રસ્તુતમાં इति ને વિભક્તિ નથી દેખાતી, એટલે આમ પણ 'इति' सूत्रपरामर्शे પાઠ અશુદ્ધ તો લાગે જ છે. 'इतिः' એમ વિસર્ગ હોવો જરૂરી છે.

– रुक्त શબ્દ અને सूत्र શબ્દ બંને એવા પ્રકારના છે કે હસ્તલિખિત પ્રતોમાં એ લખવામાં ઘણી સમાનતાના કારણે रुक्त ની જગ્યાએ सूत्र શબ્દ પકડાઈ જાય એ સંભવિત છે જ.

– सूत्रपरामर्शे નો અર્થ સંગત થતો નથી, જ્યારે उक्तपरामर्शे નો અર્થ બરાબર બેસે છે. એટલે પણ એ પાઠની સંભાવના વધુ છે.

આમ છતાં આમાં મારી પણ ક્ષતિ હોઈ શકે !)

---

अवतरणिका :- इह विनयोऽभिधित्सितः, स च विपर्ययाभिधान एव तद्विविक्ततया सुखेन ज्ञातुं शक्यत इत्यविनयं धर्मिद्वारेणाह-

---

અવતરણિકા :- આ અધ્યયનમાં વિનય કહેવાને માટે ઈચ્છાયેલો છે. અને આ વિનયના વિપર્યયનું = અવિનયનું નિરૂપણ કરો, તો જ અવિનયથી વિવિક્ત તરીકે વિનય સુખેથી જાણી શકાય... એટલે કે 'આ અવિનયથી વિવિક્ત = ભિન્ન = અલગ એવો જે આચાર તે વિનય કહેવાય'.

માટે (इति) અવિનયને ધર્મી દ્વારા = અવિનયી રૂપી ધર્મીના પ્રરૂપણ દ્વારા દર્શાવે છે. (સીધો અવિનય નહિ બતાવે, પણ અવિનયી બતાવશે. એના ઉપરથી અવિનયને સમજી લેવાનો.)

---

||मू. गा. ३|| आणाऽनिद्देसकरे, गुरुणमणुववायकारए ।
पडिणीए असंबुद्धे, अविणीएत्ति वुच्चइ ||३|| (सूत्रम्)

૯ व्याख्या - पादद्वयं प्राग्वत्, नवरं नञ्योजनाद्व्यतिरेकतो व्याख्येयम्, 'प्रत्यनीकः' प्रतिकूलवर्ती शिलाक्षेपककूलवालकश्रमणवत्, दोषानीकं प्रति वर्तत इति प्रत्यनीकः, किमित्येवंविधोऽसावित्याह-

'असम्बुद्धः' अनवगततत्त्वः, 'अविनीतः' अविनयवान् 'इत्युच्यते' इति पूर्ववदिति सूत्रार्थः ।।३।।

ગાથાર્થ : આજ્ઞાના નિર્દેશને ન કરનાર, ગુરુનો અનુપપાતકારક, પ્રત્યનીક, અસંબુદ્ધ (જે હોય તે) 'અવિનીત' એ પ્રમાણે કહેવાય છે.

ટીકાર્થ : पादद्वयं... પહેલા બે પાદ પૂર્વની જેમ સમજવા.

માત્ર न નું જોડાણ હોવાથી વ્યતિરેકથી = પૂર્વની વ્યાખ્યા કરતા વિરુદ્ધ રીતે વ્યાખ્યા કરવી. (આજ્ઞાના નિર્દેશને ન કરનાર, ગુરુની પાસે ન રહેનાર...)

'प्रत्यनीकः'... પ્રત્યનીક = પ્રતિકૂલવર્તી ગુરુને મારી નાંખવા માટે પત્થર ફેંકનાર કૂલવાલક સાધુની જેમ !

પ્રશ્ન : પ્રત્યનીકની તમે જે વ્યાખ્યા કરી એ તો રૂઢિ-અર્થ છે, વ્યુત્પત્તિ અર્થ શું ?

दोषानीकं... ઉત્તર : દોષો રૂપી સૈન્ય પ્રત્યે જે વર્તે એ પ્રત્યનીક... (જેમ દરેક પદની સાથે જે હોય, તે પ્રતિપદ, प्रतिपदं गहनोऽर्थो अस्ति = દરેક પદમાં ગહન અર્થ છે. એમ દોષરૂપી શત્રુ સાથે જે વર્તે, તે પ્રત્યનીક.)

किमित्येवंविधो... પ્રશ્ન : એ સાધુ આવા પ્રકારનો કેમ છે ?

'असम्बुद्धः'... ઉત્તર : કારણ કે તે અસંબુદ્ધ છે, એટલે કે એણે તત્ત્વ જાણેલું નથી, માટે તે આવો વિપરીત વર્તનવાળો છે.

આવો સાધુ અવિનીત = 'અવિનયવાન' એ પ્રમાણે કહેવાય છે.

'इत्युच्यते' શબ્દ પૂર્વની જેમ સમજવો. એટલે કે इति સૂત્ર(ઉક્ત)પરામર્શમાં અને उच्यते તીર્થંકર વગેરે વડે... એ પ્રમાણે અર્થ સમજવો.

---

अवतरणिका :- साम्प्रतं दृष्टान्तपूर्वकमिहैवास्य सदोषतामाह-

---

અવતરણિકા :- હવે 'આ ભવમાં જ આ = અવિનયી દોષવાળો = નુકસાનવાળો થાય છે.' એ પદાર્થને દૃષ્ટાન્તપૂર્વક કહે છે-

---

।।मू. गा. ४।। जहा सुणी पुईकण्णी, णिक्कसिज्जइ सव्वसो ।
एवं दुस्सीलपडिणीए, मुहरि निक्कसिज्जइ ।।४।। (सूत्रम्)

व्याख्या - 'यथा' इत्युपदर्शने, श्वसितीति शुनी, स्त्रीनिर्देशोऽत्यन्तकुत्सोपदर्शकः, पूती-परिपाकतः कुथितगन्धौ कृमिकुलाकुलत्वाद्युपलक्षणमेतत्, तथाविधौ कर्णौ-श्रुती यस्याः, पक्वरक्तं वा पूतिस्तद्व्यासौ कर्णौ यस्याः सा पूतिकर्णा, सकलावयवकुत्सोपलक्षणं चैतत्, सा चेदृशी शुनी किमित्याह- 'निष्काश्यते' निर्वास्यते बहिर्निःसार्यत इतियावत्,

---

ગાથાર્થ : જેમ બગડેલા કાનવાળી કુતરી બધેથી નીકાળાય, એમ દુઃશીલ, પ્રત્યનીક, મુખરી નીકાળાય.

ટીકાર્થ : यथा શબ્દ ઉપદર્શનમાં છે. (દૃષ્ટાન્તને દેખાડવા માટે यथा પદ છે...) જે શ્વાસ લે તે શુની = કુતરી.

પ્રશ્ન : આપણે સાધુ ની સાથે પદાર્થ ઘટાવવાનો છે, તો ઉપમા પણ પુલ્લિંગની લેવી જોઈએ ને ? અર્થાત્ કુતરાની ઉપમા લેવી જોઈએ...

स्त्रीनिर्देशो... ઉત્તર : સ્ત્રીલિંગનો નિર્દેશ અત્યંત કુત્સા = બિભત્સતાનો ઉપદર્શક છે. (કુતરા કરતા પણ કુતરી સ્ત્રી હોવાથી વધુ જુગુપ્સાપાત્ર બને. એમ અવિનીત પણ અત્યંત જુગુપ્સાપાત્ર બને... એ દર્શાવવા સ્ત્રીલિંગનો નિર્દેશ છે.)

पूती – પાકી જવાથી કહોવાયેલીગંધવાળા થયેલા છે कर्णौ = श्रुती = કાન જેના, તે पूतिकर्णा !

प्रश्न : કાન માત્ર ખરાબ ગંધવાળા થયા છે એટલું જ ને ? બીજી કોઈ ખરાબી નથી ને ?

ઉત્તર : પૂતિ શબ્દ કૃમિકુલઆકુલત્વાદિનું ઉપલક્ષણ છે. એટલે કે આ શબ્દ એવો અર્થ પણ દર્શાવે જ છે કે એ કાન કીડાઓના સમૂહથી આકુળ છે, પરૂ નીકળે છે, માખીઓ બણબણે છે...

અથવા પાકેલું લોહી એટલે પૂતિ ! તેનાથી જેના કાન વ્યાપી ગયા છે તેવી કૂતરી !

प्रश्न : ભલે, માત્ર કાન જ આવા છે ને ?

ઉત્તર : पूतिकर्ण શબ્દ તમામ–અવયવની કુત્સાનું ઉપલક્ષણ છે, એટલે કે માત્ર કાન નહિ, બધા જ અવયવો ખરાબ ગંધાદિ દોષવાળા છે... એવું દર્શાવનાર છે.

सा चेदृशी... प्रश्न : તે આવા પ્રકારની કુતરી શું ? (એનું શું થાય છે ?)

'निष्काश्यते'... ઉત્તર : આવી કુતરી નિર્વાસિત કરાય છે, સાર એ કે બહાર નીકાળાય છે.

---

वृत्ति :- कुतः ?-'सव्वसो' त्ति सर्वतः सर्वेभ्यो गोपुरगृहाङ्गणादिभ्यः सर्वान् वा हतहतेत्यादिवि-रूक्षवचनलतालकुटलेष्टुघातादिकान् प्रकारानाश्रित्य 'छन्दोवत् सूत्राणि भवन्ती'ति छान्दसत्वाच्च सूत्रे शस्प्रत्ययः । उपनयमाह- 'एवम्' अनेनैव प्रकारेण, दुष्टमिति-रागद्वेषादिदोषविकृतं शीलं-स्वभावः समाधिराचारो वा यस्यासौ दुःशीलः,

---

कुतः ?... प्रश्न : ક્યાંથી નીકાળાય છે ?

सर्वतः... ઉત્તર : નગરના બારણામાંથી, ઘરના આંગણા વગેરે માંથી... (सर्वतः)

सर्वान् वा... અથવા (सव्वहा શબ્દનો અર્થ લેવો.) सर्वान् प्रकारान् आश्रित्य (सर्वथा) એટલે કે 'હટ, હટ' એવા અત્યંત રૂક્ષવચનો, ચાબુકનો ઘા, લાકડીનો ઘા, પત્થરનો ઘા વગેરે તમામ પ્રકારોને આશ્રયીને = તમામ પ્રકારો વડે બહાર નીકાળાય છે.

प्रश्न : તમે જે બે અર્થ કર્યા, એના માટે તો सव्वओ / सव्वहा શબ્દ જોઈએ, અહીં તો सव्वसो શબ્દ છે. એનો અર્થ તો સર્વવાર થાય, शस् પ્રત્યય વાર અર્થમાં લાગે છે...

छन्दोवत्... ઉત્તર : 'સૂત્રો છન્દવાળા = ઋષિમુનિઓની ઈચ્છા પ્રમાણેની રચનાવાળા હોય છે.' એટલે અહીં છાન્દસ પ્રયોગ હોવાથી એટલે કે આર્ષ પ્રયોગ હોવાથી સૂત્રમાં शस् પ્રત્યય લાગ્યો છે.

(અર્થાત્ ઋષિઓ વ્યાકરણાદિના નિયમ પ્રમાણે જ સૂત્ર–રચના કરે છે, એવું નથી. તેઓ પોતાની ઈચ્છા મુજબ અલગ પ્રયોગ પણ કરે, પણ એનો અર્થ પાછો અલગ જ થતો હોય. એટલે शस् પ્રત્યયનો અર્થ तस् + था પ્રત્યય પ્રમાણે લઈ શકાય...)

उपनयमाह–... દૃષ્ટાન્ત બતાવ્યા બાદ ઉપનયને = દૃષ્ટાન્તની દાર્ષ્ટાન્તિકમાં ઘટનાને કહે છે.

एवम् = આ જ પ્રકારથી નીકાળાય છે. કોણ નીકાળાય છે ? એ હવે દર્શાવે છે.

दु:शील: રાગ-દ્વેષ વગેરે દોષોથી વિકૃત એવું શીલ છે જેનું તે દુ:શીલ. શીલ = સ્વભાવ, સમાધિ કે આચાર...

જેનો સ્વભાવ રાગાદિથી વિકૃત હોય, જેની સમાધિ (શાંતિ=પ્રસન્નતા) રાગાદિથી વિકૃત હોય, કે-

જેનો આચાર રાગાદિથી વિકૃત હોય... (આચાર પાલનમાં અપ્રશસ્ત રાગાદિ ઘુસેલા હોય...) તે દુ:શીલ !

---

वृत्ति :- प्रत्यनीकः प्राग्वत्, मुखेनारिमावहति मुखमेव वेहपरलोकापकारितयाऽरिरस्य मुधैव वा कार्यं विनैवारयो यस्यासौ मुखारिर्मुधारिर्वा-बहुविधासम्बद्धभाषी, सूत्रत्वाद्वा 'मुहरि' त्ति मुखरो-वाचाटो निष्काश्यते 'सर्वतः' इतीहापि योज्यते, ततश्च सर्वतो निष्काश्यते, सर्वथा कुलगणसङ्घसमवाय-बहिर्वर्ती विधीयत इति सूत्रार्थः ।।४।।

---

प्रत्यनीक... પ્રત્યનીક પૂર્વની જેમ અર્થ કરવો. (પ્રતિકૂલવર્તી = दोषानीकं प्रति वर्तते...)

मुहरि આના ત્રણ અર્થ થાય.

मुखेनारिमावहति... - મુખ વડે જે અરિ=શત્રુને બોલાવે છે = ઉભા કરે છે તે મુખારિ (એવું વિચિત્ર બોલે કે જેથી શત્રુઓ પેદા થાય...)

मुखमेव... - મુખ એ જ શત્રુ છે જેને તે मुखारिः

પ્રશ્ન : મુખ શત્રુ શી રીતે ?

ઉત્તર : આલોકમાં અને પરલોકમાં અપકારી બનતું હોય, તો એ મુખ શત્રુ કહેવાય. (ગમે તેમ બોલવાથી ઈહલોક-અપકાર, સાવદ્ય બોલવાથી પરલોક-અપકાર.)

- मुधैव = કોઈપણ પ્રકારના કાર્ય વિના જ अरि = શત્રુ જેને છે તે मुधारिः (સામેવાળો ખરાબ હોય, તો તેની સાથે બોલાચાલી કરવી પડે, સ્વ-બચાવ માટે મારામારી કરવી પડે, એ રીતે પેલો શત્રુ બને... એ તો વ્યવહારમાં ય માન્ય બને. પણ આવો કોઈ જ ફાયદો ન હોય, છતાં ખરાબ વચનાદિ દ્વારા જે શત્રુઓ ઉભા કરે એ બને मुधारिः)

આ ત્રણ અર્થમાં પ્રાકૃત શબ્દ તો मुहरि જ રહેશે.

(અહીં ત્રણવાર मुहरि શબ્દ લેવો પડે, એટલે ત્રણ ગમ થયા. मुहारि માં मुख અને मुधा એમ બે અલગ અર્થ લેવામાં આવ્યા... આ અર્થો બદલ્યા એટલે અનેક પર્યાય થયા. આમ ગમ + પર્યાય વધારે હોય, ત્યાં અનેક વ્યાખ્યા થાય.)

मुखारिर्मुधारिर्वा... આ ત્રણ તો વ્યુત્પત્તિ અર્થ બતાવ્યા. રૂઢિ અર્થ છે मुखारि = ઘણુ બધું સંબંધ વિનાનું બોલનારો... અથવા मुहरि = મુખર = વાચાટ = બકબક કરનારો...

પ્રશ્ન : मुहरि નું મુખર શી રીતે થાય ? इ ક્યાં ગયો ?

ઉત્તર : સૂત્ર હોવાથી આવું બની શકે.

निष्काष्यते = નીકાળાય છે.

પૂર્વે જે सर्वतः શબ્દ હતો તે અહીં પણ જોડવાનો છે. તેથી આ પ્રમાણે અર્થ કે બધેથી નીકાળાય છે. એટલે કે સર્વ પ્રકારે કુલ, ગણ, સંઘ રૂપ સમૂહની બહાર કાઢી દેવામાં આવે છે. (सर्वथा = ગોચરી - પ્રતિક્રમણ - સ્વાધ્યાયાદિ બધી માંડલીમાંથી બહાર એ सर्वथा...) આવું કુલ, ગણ, સંઘમાં કરવામાં આવે.

(પૂર્વે सर्वतः શબ્દના બે અર્થ કર્યા છે : (૧) सर्वेभ्यः (૨) सर्वान् वा प्रकारान्... આ બંને અર્થો દૃષ્ટાન્તમાં ઘટાવેલા.

આ જ બંને અર્થો અહીં પણ ઘટાવવાના છે. માટે (૧) सर्वथा, (૨) कुलगणसङ्घ... આ બંને શબ્દો લખેલ છે. सर्वथा = બધા પ્રકારે... कुलगण... = સર્વ સ્થાનોમાંથી... = सर्वेभ्य ।

અવિનયી સાધુ ગોચરી-વંદનાદિ તમામ પ્રકારો વડે, કુળ-ગણાદિ તમામ સ્થાનોમાંથી બહાર કરાય છે.)

---

अवतरणिका :- आह- दौःशील्यनिमित्त एवायमविनीतस्य दोषः, प्रत्यनीकतामुखरत्वयोरपि तत्प्रभवत्वात् तत्र चैवमनर्थहेतौ किमसौ प्रवर्तत इति, अत्रोच्यते, पापोपहतमतित्वेन तत्रैवास्याभिरतिरितिकृत्वा, तामेव दृष्टान्तपूर्विकामाह-

---

અવતરણિકા :- आह... પ્રશ્ન : તમે અવિનીતને આ જે નુકસાન દર્શાવ્યું છે, કે નુકસાન એને એની દુઃશીલતાના કારણે જ થાય છે.

એટલે કે તમે એનામાં દુઃશીલતા, પ્રત્યનીકતા, મુખરતા એમ ત્રણ દુર્ગુણો બતાવ્યા, પણ નુકસાનની પ્રાપ્તિ તો દુઃશીલતાથી જ છે ને, કારણ કે બાકીના બે દુર્ગુણો પણ દુઃશીલતાથી જ ઉત્પન્ન થનારા છે. જો દુઃશીલતા નહિ, તો બેમાંથી એકેય દુર્ગુણ નહિ. એટલે સૌથી ખરાબ છે દુઃશીલતા !

तत्र चैवमन... હવે અમારો પ્રશ્ન એ છે કે આવી રીતે નુકસાનનું કારણ બનનારા એવા દુઃશીલતા દોષમાં આ જીવ શા માટે પ્રવૃત્તિ કરે છે ? (પોતાને જ નુકસાન થાય, તેવું તો કોણ કરે ?)

अत्रोच्यते... ઉત્તર : આ જીવની મતિ પાપથી ઉપહત = હણાયેલી છે, તેથી એને દુઃશીલતામાં જ આનંદ આવે છે, તેથી (इति कृत्वा) તે એમાં જ પ્રવૃત્તિ કરે છે.

तामेव... દૃષ્ટાન્તપૂર્વકની (આ દુઃશીલતામા વનાર) અભિરતિને જ દર્શાવે છે.

(પાંચમી ગાથામાં માત્ર દુઃશીલતામાં જ અભિરતિ દર્શાવવાના છે, હવે 'પ્રત્યનીકતા-મુખરતા આ બે દોષો ચોથી ગાથામાં બતાવ્યા બાદ પાંચમીમાં કેમ ન લીધા ?' એવો પ્રશ્ન થઈ શકે છે, એટલે ટીકાકારે એ કેમ નથી લીધા, એનું કારણ પણ દર્શાવી દીધું, કે મુખ્ય દોષ દુઃશીલતા છે... ઈત્યાદિ.)

(ધ્યાનમાં લો :- दृष्टान्तपूर्वकं શબ્દ હોત, તો એ आह ક્રિયાનું વિશેષણ બનત, તો અર્થ આ થાય કે 'અભિરતિને જ દૃષ્ટાન્તપૂર્વક બતાવે છે.'

પણ અહીં दृष्टान्तपूर्विकां શબ્દ છે, એટલે એ તો अभिरतिं શબ્દનું વિશેષણ છે. એટલે અર્થ આ થાય કે- 'દૃષ્ટાન્તપૂર્વકની અભિરતિને બતાવે છે.')

---

॥मू. गा. ५॥ कणकुंडगं जहित्ता णं, विट्ठं भुंजइ सूयरो ।
एवं सीलं जहित्ता णं, दुस्सिले रमइ मिए ॥५॥ (सूत्रम्)

व्याख्या - कणाः-तन्दुलास्तेषां तन्मिश्रो वा कुण्डकः-तत्क्षोदनोत्पन्नकुक्कुसः कणकुण्डकस्तं 'हित्वा' पाठान्तरतस्त्यक्त्वा वा 'विष्ठां' पुरीषं 'भुङ्क्ते' अभ्यवहरति 'सूकर' इति गर्तासूकरो, यथेति गम्यते, एवं 'शीलम्' उक्तरूपं प्रस्तावाच्छोभनं 'हित्वा' प्राग्वत्त्यक्त्वा वा दुष्टं शीलं दुःशील तस्मिन् भावप्रधानत्वाद्वा निर्देशस्य दुष्टं शीलमस्येति दुःशीलस्तद्भावो दौःशील्यं तस्मिन्, उभयत्र दुराचारादौ 'रमते' धृतिमाधत्ते मृग इव मृगः अज्ञत्वादविनीत इति प्रक्रमः,

---

ગાથાર્થ : કણના કુક્કુસને છોડીને ભૂંડ વિષ્ટાને ખાય છે, એમ મૃગ શીલને છોડીને દુઃશીલમાં રમે છે.

**ટીકાર્થ :** **कणः** = તંદુલ = ડાંગર. આ કણોનો કુંડક... અથવા કણથી મિશ્ર એવો કુંડક.

કુંડક = તંદુલનો ભુક્કો કરવાથી ઉત્પન્ન થયેલો કુક્કુસ. (તંદુલને = ડાંગરને ભુક્કો કરીને ચાળવામાં આવે, લોટ અલગ પડી જાય, ઉપર જે ફોતરા વગેરે રહે, એ જ કુંડક !) આ કુંડક તંદુલનો છે... માટે **कणानां कुण्डकः**

આ કુંડકમાં કણ રહી જ ગયા હોય, કેમકે હાથેથી ભુક્કો કરવામાં બધાં જ કણોનો ભુક્કો ન થાય, એટલે આ કુંડક કણથી મિશ્રિત હોય... માટે **तन्मिश्रो कुण्डकः**

આ કુક્કુસ પશુઓને ખવડાવાય, અને એ એમને માટે તો શ્રેષ્ઠતમ ખોરાક ગણાય. આવા કણકુંડકને...

**हित्वा** = છોડીને પાઠાંતર છે **त्यक्त्वा** = છોડીને ભૂંડ વિષ્ટાને ખાય છે. (પ્રાકૃતમાં **जहित्ता** = **हित्वा**, **चइत्ता** = **त्यक्त्वा** એ પ્રમાણે પાઠાંતર બને.)

**सूकरः** = ખાડાનો ભૂંડ લેવાનો. (કાદવ-કીચડ ખાડામાં ભેગો થતો હોય, એમાં જ જે બેસી રહે, એવો સાવ હલકી જાતિનો ભૂંડ... જંગલી ભૂંડ વિષ્ઠા ન ખાય, માટે તેનો વ્યવચ્છેદ પણ કરવાનો.)

(**भुङ्क्ते** ના અર્થ ઘણા થાય, 'રાજા રાજ્યને ભોગવે છે' ત્યાં 'રાજા રાજ્યનું પાલન કરે છે' અર્થ થાય. અહીં તો ખાવાના અર્થમાં લેવાનો છે. એટલે **अभ्यवहरति** અર્થ ટીકાકારે કર્યો છે. '**भुजि पालनाभ्यवहारयोः**' એ પ્રમાણે ધાતુ પાઠ છે.)

**પ્રશ્ન :** આ તો દૃષ્ટાન્ત છે ને ? તો દૃષ્ટાન્તસૂચક **यथा** શબ્દ કેમ લખ્યો નથી ?

**ઉત્તર :** એ સમજી લેવાનો છે. (**गम्यते**)

એ પ્રમાણે શીલને = જેનું સ્વરૂપ કહી ગયા છે, તેને.../ (સ્વભાવ, સમાધિ કે આચાર...)

**પ્રશ્ન :** પણ એ શીલ તો **सु** અને **दुस्** બંને પ્રકારનું હોય. અહીં કયા શીલને લેવું ?

**प्रस्तावाच्छोभनं... ઉત્તર :** પ્રસ્તાવ પ્રમાણે સમજવું કે **शोभन** = સારા શીલને **हित्वा** = છોડીને અથવા તો પૂર્વની જેમ (પાઠાંતરથી) **त्यक्त्वा** = ત્યાગીને મૃગ દુઃશીલમાં રમે છે. દુઃશીલ = દુષ્ટ એવું શીલ, તે દુઃશીલ ! તેમાં રમે છે.

**भावप्रधानत्वाद्वा...** અથવા તો આ 'દુઃશીલ' એ શબ્દનિર્દેશ ભાવપ્રધાન સમજવો, અર્થાત્ દુઃશીલતા = **दौःशील्यं** એ જ શબ્દ સમજવો.

એટલે સમાસ આ પ્રમાણે થશે કે- **दुष्टं शीलं यस्य स दुःशीलः** (બહુવ્રીહિ)

**तस्य भावः = दौःशील्यं**

હવે આ બેમાંથી ગમે તે સમાસ કરો, બંને જગ્યાએ અર્થ તો આ જ થશે કે દુરાચારાદિમાં (દુઃસ્વભાવમાં, દુઃસમાધિમાં કે દુરાચારમાં) **रमते** = દઢતાને ધારણ કરે છે.

મૃગ એટલે અવિનીત ! ('અવિનીત'ની વાત ચાલુ છે, એટલે પ્રક્રમથી **मृग** = અવિનીત લેવાય.) અવિનીત અજ્ઞાની છે, તેથી તે મૃગ જેવો છે, તેથી અહીં એને માટે **मृग** શબ્દ વાપર્યો છે.

---

वृत्ति :- इदमत्र हृदयं-यथा मृग उद्गीर्णासिपुत्रिकगौरिगायनपुरुषहेतुकमायतौ मृत्युरूपमपायमपश्यन्नज्ञः, एवमयमपि दौःशील्यहेतुकमागामिनं भवभ्रमणलक्षणमपायमनालोकयन्नज्ञ एव सन् गर्तासूकरोपमः सदा पुष्टिदायिकणकुण्डकसदृशं शीलमपहाय विवेकिजनगर्हिततया विष्ठोपमे दुःशीले दौःशील्ये वा रमते, इह च दृष्टान्तेऽपि विड्भुक्त्यभिरतिरेवार्थत उक्ता, तदविनाभावित्वात्तस्याः, यद्वा

शुभपरिहारेणाशुभाश्रयणमुभयत्रापि सादृश्यनिमित्तमस्तीति नोपमानोपमेयभावविरोध इति सूत्रार्थः ।।५।।

અહીં ભાવાર્થ આ છે.

**यथा मृग...** શિકારી પુરુષ હરણને પકડવા માટે ખુલ્લી છરી લઈને જંગલમાં જાય, હરણને ખેંચવા માટે સ્ત્રીની જેમ મધુર સ્વરે ગીતો ગાય, એનાથી હરણ ખેંચાય એટલે પુરુષ એને મારી નાંખે. આમ હરણને બહાર કાઢેલી = ખુલ્લી असिपुत्रिका = છરીવાળા અને સ્ત્રીના જેવા ગીત ગાનારા એવા પુરુષના કારણે ભવિષ્યમાં મૃત્યુ રૂપી અપાય = નુકસાન થાય છે. પણ હરણ ભવિષ્યમાં થનારા આ અપાયને જોઈ શકતો નથી, તેથી તે અજ્ઞ છે.

**एवमयमपि...** એમ આ અવિનીત પણ દુઃશીલતાના કારણે થનારા, ભાવિકાલ સંબંધી એવા ભવભ્રમણરૂપ નુકસાનને જોતો નથી, અને એટલે તે અજ્ઞાની જ છે. અને આવો અજ્ઞાની તે ગર્તાસૂકરના જેવો છે.

એ સદા માટે પુષ્ટિને આપનારા કણકુંડક જેવા શીલને છોડીને વિષ્ઠા જેવા દુઃશીલમાં કે દૌઃશીલ્યમાં (બે સમાસના આધારે બે શબ્દ લખેલા છે) રમે છે.

**પ્રશ્ન** : દુઃશીલ વિષ્ઠાતુલ્ય શા માટે ?

**विवेकिजनगर्हिततया... ઉત્તર** : વિષ્ઠા જેમ વિવેકી લોકોમાં નિંદાયેલ છે, તેમ દુઃશીલ પણ વિવેકી લોકોમાં નિંદાયેલ છે, તેથી તે વિષ્ઠાતુલ્ય છે. (બંને પક્ષે વર્તમાનમાં આનંદ અને ભવિષ્યમાં નુકસાન છે. મૃગમાં અને અવિનીતમાં...)

**પ્રશ્ન** : અહીં ઉપમા-ઉપમેયભાવ બરાબર નથી.

જેમ ભૂંડ વિષ્ઠાને ખાય છે, તેમ અવિનીત દુઃશીલમાં રમે છે...

આ બે વાક્યોમાં સાદૃશ્ય નથી આવતું. એકમા ખાવાની વાત, એકમાં અભિરતિની વાત...

હા ! જેમ ભૂંડ વિષ્ઠામાં રમે છે (રતિ કરે છે), એમ અવિનીત દુઃશીલમાં રમે છે...

આ રીતે વાક્ય હોય, તો બંનેમાં 'અભિરતિ' આવવાથી સાદૃશ્ય = ઉપમા-ઉપમેયભાવ ઘટે.

**इह च... ઉત્તર** : જેમ અવિનીતમાં અભિરતિ કહેવાઈ, તેમ દૃષ્ટાન્તમાં = ભૂંડમાં સાક્ષાત્ ભલે વિષ્ઠાભોજન દર્શાવાયું, પણ અર્થાપત્તિથી તો વિષ્ઠાભોજનની અભિરતિ જ કહેવાયેલી છે. કેમકે વિષ્ઠાભોજન વિષ્ઠાભોજનની અભિરતિ વિના થતું જ નથી. એટલે ભૂંડ વિષ્ઠાભોજન કરે છે, એનો અર્થ જ એ કે ભૂંડ વિષ્ઠાભોજનમાં અભિરતિવા ો `

આમ બંને જગ્યાએ અભિરતિ રૂપ સાદૃશ્ય મળી જાય છે.

**પ્રશ્ન** : સાદૃશ્ય અર્થાપત્તિથી નહિ, સાક્ષાત્ હોય એ જ વધુ શોભે ?

**ઉત્તર** : **यद्वा** (બીજી રીતે ઉપમા-ઉપમેયભાવ દર્શાવે છે) શુભના ત્યાગ વડે અશુભનો સ્વીકાર એ બંનેમાં સમાન છે. એટલે બે વચ્ચે જે સાદૃશ્ય = ઉપમા-ઉપમેયભાવ છે. તેનું નિમિત્ત આ જ સમજવું.

(ભૂંડે કુક્કુસરૂપી શુભ ત્યાગીને વિષ્ઠારૂપ અશુભનો સ્વીકાર કર્યો. અવિનીતે શીલ રૂપી શુભ ત્યાગીને દુઃશીલરૂપ અશુભનો સ્વીકાર કર્યો.)

આમ બે વચ્ચે ઉપમાન-ઉપમેયભાવનો વિરોધ નથી.

---

**अवतरणिका :- उक्तोपसंहारपूर्वकं कृत्योपदेशमाह-**

---

અવતરણિકા :- ઉપર જે કહી ગયા, એનો ઉપસંહાર કરવાપૂર્વક 'શું કરવું જોઈએ ?' એના ઉપદેશને કહે છે-

॥मू. गा. ६॥ सुणियाभावं साणस्स, सूयरस्स नरस्स य ।
विणए ठविज्ज अप्पाणं, इच्छंतो हियमप्पणो॥६॥ (सूत्रम्)

व्याख्या - 'श्रुत्वा' आकर्ण्य 'अभावं' नञः कुत्सायामपि दर्शनादशोभनं भावं-सर्वतो निष्काशन-लक्षणं पर्यायं *'साणस्स'* त्ति प्राकृतत्वादिवेत्यस्य गम्यमानत्वात् शून्या इव 'सूकरस्य' उक्तन्यायेन शूकरोपमस्य नरस्य, 'चः' पूरणे यद्वा शून्याः शूकरस्य च दृष्टान्तस्य नरस्य च दार्ष्टान्तिकस्याशोभनं भावं त्रयाणामप्युक्तरूपं श्रुत्वा,

---

ગાથાર્થ : કુતરીના, ભૂંડના અને માણસના અભાવને = નુકસાનને સાંભળીને આત્માના હિતને ઈચ્છતો જીવ આત્માને વિનયમાં સ્થાપે. (અથવા કુતરીના જેવા, ભૂંડના જેવા માણસના...)

ટીકાર્થ : श्रुत्वा = સાંભળીને

अभावं = अ = न એ ખરાબ અર્થમાં પણ દેખાય છે, તેથી અહીં અભાવ = અશો ાવ = ખરાબ બનાવ...

એ અશોભન ભાવ એટલે બધેથી નીકાળવામાં આવે, એ સ્વરૂપ પર્યાય...

(ભાવ = પર્યાય... એ માણસના જીવનમાં આ નવી ઘટના છે, એટલે કે એક પર્યાય છે.)

साणस्स = પ્રાકૃત હોવાથી પુલ્લિંગ કરેલું છે, સ્ત્રીલિંગમાં લેવાનું. અને इव એ શબ્દ ગમ્યમાન છે, તેથી 'કુતરીના જેવા' એમ અર્થ થશે.

सूकरस्य = અહીં પણ 'इव એ ગમ્યમાન છે.' એ પૂર્વે કહી ગયેલા ન્યાયથી 'ભૂંડના જેવા' એમ અર્થ થશે.

એટલે અર્થ આ પ્રમાણે થશે :- કુતરીના જેવા અને ભૂંડના જેવા માણસના ખરાબ પર્યાયને સાંભળીને...

અહીં च પૂરણમાં છે. (સમુચ્ચય કરવાનો જ નથી, એટલે ગાથામાં અક્ષર ઘટે છે, એની પૂર્તિ માટે આ च સમજવાનો...)

यद्वा (इव લીધા વિના અર્થ કરવાનો છે...) કુતરી અને ભૂંડ આ બે દૃષ્ટાન્તના નર એ દાર્ષ્ટાન્તિકના અશોભન ભાવને એટલે કે ત્રણેયનો જે ખરાબ પર્યાય પૂર્વે કહ્યો છે. તેને સાંભળીને... (કુતરીનો સર્વતો નિષ્કાશન રૂપ, ભૂંડનો વિષ્ઠામાં અભિરતિ રૂપ, માણસનો સર્વતો નિષ્કાશન + દુઃશીલમાં અભિરતિ રૂપ...)

---

वृत्ति :- किमित्याह- 'विनये' वक्ष्यमाणस्वरूपे, स्थापयेदात्मानम्, आत्मनैवेति गम्यते, 'इच्छन्' वाञ्छन् 'हितम्' ऐहिकमामुष्मिकं च पथ्यम् 'आत्मनः' स्वस्य, इह च पुनर्दृष्टान्ताभिधानमुपसंहारत्वेनाविनये शिष्यस्याशुभभावस्योत्पादनार्थत्वेन वा नाप्रकृतमिति सूत्रार्थः ।।६।।

---

किमित्याह... આ સાંભળીને શું કરવું ?

'विनये'... આગળ જેનું સ્વરૂપ કહેવાશે, એવા વિનયમાં આત્માને આત્મા વડે જ સ્થાપવો જોઈએ.

आत्मनैव શબ્દ સમજી લેવાનો છે. (અર્થાત્ કોઈની બળજબરાથી નહિ, પણ આપણી જાતથી જ આપણે આપણને વિનયમાં સ્થાપવો...)

'इच्छन्'... આવું કોણે કરવું ? એ કહે છે કે- પોતાના ઈહલોકિક અને પારલોકિક હિતને ઈચ્છનારાએ આ પ્રમાણે કરવું.

પ્રશ્ન : પૂર્વે જે કુતરી વગેરેના દૃષ્ટાન્ત આપી જ દીધા છે, પછી આ ગાથામાં ફરી એનું કથન કરવાની શી જરૂર ? સીધું જ तम्हा विणए ठविज्ज... એવો જ કોઈક શ્લોક બનાવવો જોઈએ ને ? આ તો અપ્રસ્તુત = અસ્થાન નિરૂપણ લાગે છે.

इह च... ઉત્તર : આ ગાથામાં ફરીથી દૃષ્ટાન્તનું જે કથન કરેલું છે, તે અપ્રકૃત = અપ્રસ્તુત ન સમજવું. કારણ કે આ ઉપસંહાર છે, અને ઉપસંહારમાં પૂર્વે કહેલી વાતનો જ પુનઃ ઉલ્લેખ કરવામાં આવે જ. અથવા તો–

अविनये... અવિનયમાં શિષ્યને અશુભભાવનું ઉત્પાદન કરવા માટે આ ફરી દૃષ્ટાન્ત કથન કરેલ છે. (વારંવાર આવા દૃષ્ટાન્ત સાંભળે, એટલે 'અવિનય અશુભ છે.' એવો ભાવ શિષ્યને થાય જ, અને એ જરૂરી છે.)

આ કારણસર આ પુનઃ દૃષ્ટાન્તકથન અપ્રસ્તુત નથી.

---

अवतरणिका :- यतश्चैवं ततः किमित्याह-

---

અવતરણિકા :- જે કારણથી આ પ્રમાણે છે, તે કારણથી શું ? (આત્માને વિનયમાં સ્થાપવો જોઈએ ? એ બરાબર, પણ એટલે કરવાનું શું ?)–

---

॥मू. गा. ७॥ तम्हा विणयमेसिज्जा, सीलं पडिलभे जओ ।
बुद्धउत्ते नियागट्ठी, न निक्कसिज्जइ कण्हुइ ॥७॥ (सूत्रम्)

व्याख्या - 'तस्माद्' इति यस्मादविनयदोषदर्शनादात्मा विनये स्थापनीयस्तस्मात् विनयम् 'एषयेत्' अनेकार्थत्वेन धातूनां पर्यवसितवृत्त्या वा कुर्यात्, एवं ह्यात्मा विनये स्थाप्यत इति, किं पुनरस्य विनयस्य फलम्? येनैवमत्रात्मनोऽवस्थापनमुद्दिश्यत इत्याशङ्क्याह- 'शीलम्' उक्तरूपं 'प्रतिलभेत' प्राप्नुयात् 'यत' इति विनयात्, अनेन विनयस्य शीलावाप्तिः फलमुक्तम्,

---

ગાથાર્થ : તેથી વિનયને કરવો, જેનાથી શીલને પામે. બુદ્ધપુત્ર, મોક્ષાર્થી સાધુ ક્યાંયથી પણ નીકાળાય નહિ.

ટીકાર્થ : तस्मात् = જે કારણથી અવિનયના દોષોનું દર્શન થવાના કારણે આત્મા વિનયમાં સ્થાપવો જોઈએ, તે કારણથી વિનયને કરવો જોઈએ.

પ્રશ્ન : एषयेत् = શોધવો જોઈએ... એવો અર્થ થાય, 'કરવો જોઈએ' નહિ.

ઉત્તર : ધાતુઓ અનેક–અર્થવાળા હોય છે, તેથી અહીં एष् ધાતુનો 'કરવું' અર્થ પણ થઈ શકે.

पर्यवसितवृत्त्या... અથવા તો પર્યવસિત વૃત્તિથી આવો અર્થ થઈ શકે છે.

વિશેષાર્થ :- (વૃત્તિ = સંબંધ... શબ્દનો પદાર્થ સાથેનો સંબંધ એ વૃત્તિ ! એના આધારે જ શબ્દ દ્વારા પદાર્થનો બોધ થાય. દા.ત. भूतले घटोऽस्ति માં ભૂતલ શબ્દની વૃત્તિ (સંબંધ) 'જમીન' પદાર્થમાં છે. ઘટ પદની વૃત્તિ (સંબંધ) ઘડામાં છે... એટલે 'જમીન ઉપર ઘડો છે' એમ બોધ થાય.

આ વૃત્તિ બે પ્રકારે (૧) શક્તિ (૨) લક્ષણા.

(૧) જ્યારે સીધે સીધો પ્રસિદ્ધ અર્થ બેસી જાય, ત્યારે શક્તિવૃત્તિથી બોધ થાય.

(૨)પણ गंगायां घोषः માં ગંગા = ગંગાપ્રવાહ (ધસમસતું પાણી) घोषः = ઝુંપડાઓનો સમૂહ. હવે ગંગાપ્રવાહમાં તો ઝુંપડાઓ ક્યાંથી હોય ? એટલે ગંગા શબ્દની વૃત્તિ પ્રવાહમાં નહિ, પણ ગંગાકિનારામાં લેવાની, આને લક્ષણા કહે છે. હવે આ જ પર્યવસિતવૃત્તિ કહેવાય. પર્યવસિત = અંત પામેલી = નિષ્કર્ષ પામેલી એવી વૃત્તિ ! પ્રવાહમાં વૃત્તિ ન ઘટી, તો છેવટે

એ કિનારામાં અંત પામી...

પ્રસ્તુતમાં વિનયને શોધવો... એ અર્થ સંગત નથી થતો, માટે ત્યાં एषयेत् ની વૃત્તિ શોધવાની ક્રિયાને બદલે 'કરવું' એ અર્થમાં અંત પામે છે, માટે અહીં पर्यवसितवृत्त्या 'कुर्यात्' આ પ્રમાણે અર્થ થાય.

एवं ह्यात्मा... (સાર એ કે વિનયને કરો, કેમકે) એ રીતે જ આત્મા વિનયમાં સ્થપાય છે. (છઠ્ઠી ગાથામાં વિનયમાં આત્માને સ્થાપવાની વાત કહી. એ કેવી રીતે સ્થપાય ? એનો ઉપાય બતાવ્યો કે વિનય કરવાથી આત્મા વિનયમાં સ્થપાય...)

पुनरस्य... **प्रश्न** : પણ આ વિનયનું એવું તે શું ફળ મળે છે ? કે જેથી આ પ્રમાણે આમાં = વિનયમાં આત્માનું અવસ્થાપન કહેવાય છે = ઉપદેશ અપાય છે. (આ રીતની આશંકા થાય, તો એવી આશંકા કરીને જવાબ આપે છે.)

**ઉત્તર** : જેના દ્વારા = વિનય દ્વારા પૂર્વે કહેવાયેલા સ્વરૂપવાળા શીલને જીવ પામે છે. આ પાદ દ્વારા (ગાથાના પૂર્વાર્ધ વડે) 'વિનયનું ફલ શીલની પ્રાપ્તિ છે.' એ દર્શાવી દીધું.

---

वृत्ति :- अस्यापि किं फलमित्याह-**बुद्धैः**-अवगततत्त्वैस्तीर्थकरादिभि**रुक्तम्**-अभिहितम्, तच्च तन्निजमेव **निजकं** च-ज्ञानादि तस्यैव बुद्धैरात्मीयत्वेन तत्त्वत उक्तत्वात्, बुद्धोक्तनिजकम्, तदर्थयते-अभिलषतीत्येवंशीलः **बुद्धोक्तनिजकार्थी** सन्,

---

अस्यापि... **प्रश्न** : આનું પણ = શીલનું પણ કોઈક ફળ હશે ને ? એ શું છે ?

**ઉત્તર** : એ હવે બતાવે છે. (ગાથામાં बुद्धउत्ते नियागट्ठी છપાયેલું છે. પણ ટીકાકારે बुद्धउत्तनियगट्ठी એ પ્રમાણે પાઠને આધારે પહેલો અર્થ કર્યો છે. પછી પાઠાન્તર તરીકે बुद्धउत्ते नियागट्ठी બતાવીને એનો અર્થ કર્યો છે. અને પછી बुद्धपुत्ते... એમ સમજીને ત્રીજો અર્થ કર્યો છે. આપણે ક્રમશઃ ત્રણેય અર્થો જોઈએ.) बुद्धउत्तनियगट्ठी ની સંસ્કૃત છાયા बुद्धोक्तनिजकार्थी થાય છે. બુદ્ધ = તત્ત્વને જાણી ચૂકેલા તીર્થંકરાદિ અને તેઓ વડે જે કહેવાયેલું હોય, તે બુદ્ધોક્ત...

તેઓ વડે કહેવાયેલું શું છે ? તે કહે છે निजकं, અહીં निजं એ જ निजकं (क સ્વાર્થમાં લાગેલો છે.) આ નિજક = પોતાનું = જ્ઞાનાદિ સમજવા.

**प्रश्न** : નિજક = આત્મીય = પોતાનું એટલે જ્ઞાનાદિ જ શા માટે ? પરિવારાદિ નહિ ?

तस्यैव... **ઉત્તર** : બુદ્ધોએ જ્ઞાનાદિ જ પરમાર્થથી આત્મીય = નિજક કહેલા છે. (બીજું બધું તો માત્ર વ્યવહારથી નિજક છે...)

સમાસ આ પ્રમાણે तच्च (बुद्धोक्तं च) तत् निजकं च इति बुद्धोक्तनिजकम् !

તેને જ ઈચ્છે છે, એટલે કે ઈચ્છવાના સ્વભાવવાળો જે છે, તે बुद्धोक्तनिजकार्थी (સારઃ રત્નત્રયીની ઈચ્છાવાળો...)

---

वृत्ति :- पठन्ति च-'बुद्धवुत्ते णियागट्ठि त्ति' **बुद्धैः**-उक्तरूपै**र्व्युक्तो**-विशेषेणाभिहितः, स च द्वादशाङ्गरूप आगमस्तस्मिन् स्थित इति गम्यते, यद्वा बुद्धानाम्-आचार्यादीनां पुत्र इव पुत्रो बुद्धपुत्रः, ''[1]*पुत्ता य सीसा य समं विहित्ता*' इति वचनात्, स्वरूपविशेषणमेतत्,

---

બીજો પાઠ આવો મળે છે કે 'बुद्धवुत्ते णियागट्ठि' આમાં बुद्धव्युक्ते (स्थितः) नियागार्थी એમ શબ્દો થશે.

એમાં બુદ્ધ એટલે જેનું સ્વરૂપ કહી ગયા તે...

1. पुत्रांश्च शिष्यांश्च समं विभज्य (विधाय) ।

તેઓ વડે वि = વિશેષથી જે કહેવાયેલ છે તે **बुद्धव्युक्त:** અને તે બુદ્ધવ્યુક્ત એટલે દ્વાદશાંગ રૂપ આગમ લેવો.

તેમાં જે રહેલો હોય... स्थित: શબ્દ સમજી લેવાનો છે.

અથવા બુદ્ધોના = આચાર્યાદિના પુત્ર જેવો જે છે તે બુદ્ધપુત્ર!

(અહીં પાઠાંતરની જરૂર નથી, પણ પ્રાકૃત શબ્દમાંથી અલગ-અલગ સંસ્કૃત છાયા થઈ શકે... એટલે वुत्त = व्युक्त:, पुत्र: બંને થાય.)

**प्रश्न :** પણ શિષ્ય પુત્રતુલ્ય શી રીતે કહેવાય ?

ઉત્તર : આવું શાસ્ત્રવચન છે કે "પુત્રોને અને શિષ્યોને સરખા કહીને = સમજીને = જાણીને..." આના આધારે શિષ્ય પુત્રતુલ્ય કહી શકાય છે.

આ સ્વરૂપવિશેષણ છે. (પહેલા તો **बुद्धोक्तनिजकार्थी** એ એક જ શબ્દ લઈ લીધેલો પણ હવે-

(૧) **बुद्धव्युक्ते स्थित: नियागार्थी...** (૨) **बुद्धपुत्र: नियागार्थी...** આમ એક વિશેષણ અને એક વિશેષ્ય એમ લીધેલ છે. હવે નિયાગાર્થી એટલે મોક્ષાર્થી એવો અર્થ કરવાનો છે.

જે નિયાગાર્થી હોય, તે બુદ્ધવ્યુક્તે સ્થિત હોય જ...

જે નિયાગાર્થી હોય, તે બુદ્ધપુત્ર કહેવાય જ...

એટલે આ બે વિશેષણો સ્વરૂપવિશેષણ છે, વ્યવચ્છેદક નથી. જો નિયાગાર્થી બે પ્રકારના હોય કે (૧) બુદ્ધવ્યુક્તે સ્થિત:, (૨) બુદ્ધવ્યુક્તે અસ્થિત... તો અસ્થિતનો વ્યવચ્છેદ કરવા માટે આ વિશેષણ કામ આવે, એટલે એ વ્યવચ્છેદક વિશેષણ કહેવાય, પણ એવું નથી. એ જ પ્રમાણે બુદ્ધપુત્ર માટે પણ વિચારી લેવું.)

---

वृत्ति :- नितरां यजनं यागः-पूजा यस्मिन् सोऽयं नियागो-मोक्षः, तत्रैव नितरां पूजासम्भवात्, तदर्थी सन्, किमित्याह- 'न निष्काश्यते' न बहिष्क्रियते, कुतश्चिद् गच्छगणादेः, किन्तु विनीतत्वेन सर्वगुणाधारतया सर्वत्र मुख्य एव क्रियते इति भावः, इति सूत्रार्थः ।।७।।

---

नियागार्थी શબ્દનો અર્થ કહે છે- नितरां = ખૂબ સારી રીતે यजनं = યાગ = પૂજા જેમાં છે, તે આ નિયાગ ! એટલે કે મો ! કારણ કે મોક્ષમાં જ નિતરાં પૂજાનો સંભવ છે. (પ્રભુ સાથે સર્વગુણોથી સમાનતા પ્રાપ્ત થવી, અભેદ થવો એ જ નિતરાં પૂજા છે, અને એ તો મોક્ષમાં જ છે. સંસારમાં પ્રભુ સાથે ભેદ હોવાથી અહીં નિતરાં પૂજા નથી.)

આવા મોક્ષની ઈચ્છાવાળો આત્મા કોઈપણ ગચ્છ, ગણ વગેરેમાંથી બહાર કઢાતો નથી. ઉલ્ટું એ વિનીત છે, તેથી તમામ ગુણોનો આધાર છે, તેથી બધા સ્થાને = બધી બાબતોમાં મુખ્ય જ કરાય છે... આ ભાવાર્થ છે.

શીલનું ફળ માત્ર નિષ્કાશન ન થવું એ જ નથી. પણ 'સર્વત્ર મુખ્યતાની પ્રાપ્તિ' એ છે.

એટલે इति भाव: કહીને એ વાસ્તવિક ફળ બતાવી દીધું.

---

अवतरणिका :- कथं पुनर्विनय एषयितव्य इत्याह -

---

અવતરણિકા :- 'આ વિનય વળી કેવી રીતે કરવો ? એ કહે છે-

---

।।मू. गा. ८।। णिसंते सिया अमुहरि, बुद्धाणमंतिए सया ।
अट्ठजुत्ताणि सिक्खिज्जा, निरट्ठाणि उ वज्जए ।।८।। (सूत्रम्)

व्याख्या - नितराम्-अतिशयेन शान्तः-उपशमवान् अन्तः क्रोधपरिहारेण बहिश्च प्रशान्ताकारतया निःशान्तः 'स्याद्' भवेत्, तथा 'अमुखारिः' प्राग्वत् अमुखरो वा सन् 'बुद्धानाम्' आचार्यादीनाम् 'अन्तिके' समीपे, न तु विनयभीत्याऽन्यथैव 'सदा' सर्वकालम्,

---

ગાથાર્થ : નિશાંત થાય, તથા અમુખરી છતોં બુદ્ધોની પાસે સદા અર્થયુક્ત વચનોને શીખે, નિરર્થક વચનોને છોડી દે. (કુલ બે વાક્ય છે)

ટીકાર્થ : नितराम्... નિ = નિતરાં = અતિશયથી = અત્યંતપણે શાન્ત = ઉપશમવાળો...

આ નિશાન્ત કેવી રીતે ?

क्रोधपरिहारेण... અંદર ક્રોધાદિના પરિહારથી અને બહાર પ્રશાન્ત-આકારથી એ નિશાન્ત થાય.

(અંદર ક્રોધાદિ નથી, પણ બહાર આકાર અશાંત છે, તો એ શાંત જ...

અંદર ક્રોધાદિ છે, પણ બહાર આકાર શાંત છે, તો પણ એ શાંત જ...

અંદર ક્રોધાદિ નથી, બહાર આકાર પણ શાંત છે, તો એ નિ-શાંત...) તથા

अमुखारिः (આનો અર્થ પૂર્વની જેમ કરવો. માત્ર अ હોવાથી વિપરીત અર્થ લેવો...)

અથવા પૂર્વની જેમ अमुखरः એ પ્રમાણે લેવું. આવો છતોં બુદ્ધોની = આચાર્યાદિની પાસે (આગમોને શીખે... એ પ્રમાણે અર્થ જોડવો.)

न तु... પણ 'આચાર્ય પાસે ભણીશ, તો મારે વિનય કરવો પડશે...' એવા ભયથી अन्यथैव = આચાર્યાદિની પાસે ભણવાનું જ બંધ કરી દે... એવું ન કરે.

---

वृत्ति :- अर्यते-गम्यत इति अर्थः, अर्तेरौणादिकस्थन् (उषिकुषिगाऽर्तिभ्यस्थन् उ० २-४) स च हेय उपादेयश्चोभयस्याप्यर्य्यमाणत्वात्, तेन युक्तानि-अन्वितानि अर्थयुक्तानि, तानि च हेयोपादेया-भिधायकानि, अर्थादागमवचांसि, यद्वा-मुमुक्षुभिरर्थ्यमानत्वादर्थो-मोक्षस्तत्र युक्तानि-उपायतया सङ्गतानि अर्थं वा-अभिधेयमाश्रित्य युक्तानि-यतिजनोचितानि 'शिक्षेत' अभ्यस्येत्,

---

अट्ठजुत्ताणि શબ્દને ખોલે છે. (૧) अर्यते = જે જણાય તે અર્થ.

स च हेय... તે હેય અને ઉપાદેય બે સ્વરૂપ છે. કારણ કે બંને પ્રકારનો અર્થ અર્યમાણ = ગમ્યમાન = જ્ઞાયમાન છે જ, તેથી બંને અર્થ કહેવાય. આ અર્થથી યુક્ત હોય, તે અર્થયુક્ત !

પ્રશ્ન : આ અર્થયુક્ત કોણ ?

तानि च... ઉત્તર : હેય અને ઉપાદેયનું નિરૂપણ કરનારા આગમવચનો એ અર્થયુક્ત કહેવાય. અહીં ગા ।માં आगमवचांसि લખેલ નથી. પણ અર્થાપત્તિથી સમજી શકાય છે કે अर्थयुक्त તો આગમવચનો જ હોય છે. यद्वा

मुमुक्षुभिर... (૨) અર્થ = મોક્ષ કારણ કે મોક્ષ એ મુમુક્ષઓ વડે अर्थ्यमान = ઈચ્છાતો છે...

જે अर्थ्यमान તે, અર્થ !

એ અર્થમાં = મોક્ષમાં યુક્ત = જોડાયેલા... એવા આગમવચનો...

પ્રશ્ન : આગમવચનો મોક્ષમાં શી રીતે જોડાઈ ગયા ?

उपायतया... ઉત્તર : મોક્ષ ઉપેય (=કાર્ય) છે, આગમવચનો મોક્ષનો ઉપાય છે, એટલે મોક્ષના ઉપાય તરીકે આગમવચનો મોક્ષમાં જોડાયેલા કહેવાય.

अर्थं वा... (૩) અથવા તો अर्थ = અભિધેય = વિષયને આશ્રયીને જે વચનો યુક્ત હોય = સાધુજનને ઉચિત હોય, તે વચનો અર્થયુક્ત કહેવાય. (એ પણ આગમવચનો જ બનશે.)

(કામશાસ્ત્રનો વિષય કામ છે, હવે આ વિષય સાધુઓ માટે નકામો છે. માટે આ વિષયને આશ્રયીને કામશાસ્ત્ર સાધુ માટે અયોગ્ય છે. એમ અર્થશાસ્ત્ર પણ અર્થને આશ્રયીને અયોગ્ય છે. આગમશાસ્ત્રોનો વિષય ધર્મ+મોક્ષ છે. આ વિષય સાધુઓ માટે જરૂરી છે. તેથી આગમશાસ્ત્રો અર્થને આશ્રયીને સાધુ માટે યોગ્ય છે.)

આમ (१) अर्थेन युक्तानि, (२) अर्थे युक्तानि, (३) अर्थं आश्रित्य युक्तानि... આમ ત્રણ રીતે અર્થ કર્યો.

(१) हेयोपादेयेन अर्थेन युक्तानि

(२) अर्थे = मोक्षे उपायतया युक्तानि = संगतानि

(३) अर्थं = विषयं आश्रित्य युक्तानि = साधुजनोचितानि

આમ સ્પષ્ટાર્થ જોયો. આ ત્રણેય વિશેષણોનું વિશેષ્ય છે आगमवचांसि...

'शिक्षेत'... આચાર્યાદિની પાસે આવા વચનોનો અભ્યાસ કરવો જોઈએ.

---

वृत्ति :- प्रपञ्चितज्ञविनेयानुग्रहाय व्यतिरेकत आह- 'निरर्थकानि' उक्तविपरीतानि डित्थडवित्थादीनि, यद्वा वैश्यिकवात्स्यायनादीनि स्त्रीकथादीनि वा 'तुः' पुनरर्थे 'वर्जयेत्' परिहरेत्,

---

('અર્થયુક્તને શીખવા' એટલું કહેવાથી એ ખબર પડી જ જાય કે 'નિરર્થક ન શીખવા, છોડી દેવા.' એ કહેવાની જરૂર નથી... પણ)

प्रपञ्चितज्ञविनेया... જે શિષ્યો એવા છે કે જે વિસ્તારથી કહેવાયેલા પદાર્થને જ સમજી શકે, તેવા શિષ્યો ઉપર ઉપકાર કરવાને માટે વ્યતિરેકથી (=નિષેધાત્મક ભાષાથી) કહે છે કે- નિરર્થક વચનોને છોડી દેવા.

'निरर्थकानि'... આમાં નિરર્થક એટલે જે અર્થયુક્ત બતાવ્યા છે, તેનાથી વિપરીત વચનો ! (હવે અર્થયુક્ત ત્રણ રીતે બતાવ્યા, એટલે નિરર્થક પણ ત્રણ રીતે બતાવે છે.)

જુઓ... (૧) હેય-ઉપાદેય-અર્થથી યુક્ત આ પહેલો અર્થ છે. તો ડિત્થ-ડવિત્થ વગેરે આ અર્થોથી રહિત છે... માટે નિરર્થક... (૨) મોક્ષમાં ઉપાય રૂપે યુક્ત = સંગત આ બીજો અર્થ છે... તો વૈશ્યિક (અર્થશાસ્ત્ર) વાત્સ્યાયન (કામશાસ્ત્ર) મોક્ષમાં ઉપાય તરીકે સંગત નથી. માટે નિરર્થક... (૩) વિષયને આશ્રયીને યતિજનને ઉચિત... આ ત્રીજો અર્થ છે. તો સ્ત્રીકથાદિ વિષયને= સ્ત્રી વગેરે વિષયને આશ્રયીને યતિજનોચિત નથી, માટે નિરર્થક... (આમ બીજી-ત્રીજી રીતે પણ વિચારી શકાય...)

---

वृत्ति :- इह च निशान्त इत्यनेन प्रशमादीनामुपलक्षितत्वात् तेषां च दर्शनाविनाभावित्वाद् दर्शनस्य च जिनोक्तभावश्रद्धानरूपत्वात् तस्यैव दर्शनविनयत्वात् अर्थतो दर्शनविनयो दर्शितः, उक्तं हि प्राक्-

*"दव्वाण सव्वभावा उवइट्ठा जे जहा जिणिंदेहिं ।*
*तं तह सद्दहइ णरो दंसणविणओ हवति तम्हा[1] ॥१॥"*

---

1. विनयव्याख्यानावसरे टीकायां निर्युक्तेः गाथे क्रमेण सप्तमी अष्टमी च ।

शेषेण तु श्रुतज्ञानशिक्षाऽभिधायिना ज्ञानदर्शन(ज्ञान)विनय उक्तः, तत्स्वरूपमाह- *''णाणं सिक्खइ णाणं गुणेइ णाणेण''* त्ति सूत्रार्थः ।।८।।

---

**પ્રશ્ન :** આમાં વિનય ક્યા બતાવ્યો ? એ ખબર પડતી નથી ?

**इह च... ઉત્તર :** निशान्त શબ્દ આ ગાથામાં વાપરેલો છે, એ શબ્દ વડે પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય આ પાંચેય ગુણો ઉપલક્ષિત કરાયા ` = લેવાયા છે = સૂચવાયા છે.

**तेषां च...** અને આ બધા ગુણો સમ્યગ્દર્શન વિના હોતા નથી, અને સમ્યગ્દર્શન પ્રભુએ કહેલા પદાર્થો ઉપરની શ્રદ્ધારૂપ છે. અને આ શ્રદ્ધા એ જ દર્શનવિનય છે... તેથી અર્થાપત્તિથી દર્શનવિનય દેખાડાયો.

(निशान्त શબ્દથી પ્રશમાદિગુણો... એનાથી સમ્યક્ત્વ... એમાંથી શ્રદ્ધા... એમાંથી દર્શનવિનય...)

આ વાત (જિનોક્તભાવની શ્રદ્ધા એ જ સમ્યક્ત્વ... એ પદાર્થ.) પૂર્વે નિર્યુક્તિકાર દસવૈ. નિ. માં કહી જ ગયા છે કે-

– જિનેન્દ્રો વડે દ્રવ્યોના જે સર્વપર્યાયો જે પ્રમાણે કહેવાયેલા છે, માણસ તે ભાવોને તે જ પ્રમાણે શ્રદ્ધા કરે છે = સ્વીકારે છે... તે કારણથી તે દર્શનવિનય છે.

**शेषेण तु... अमुहरि बुद्धाणं...** આ બાકીનું જે સૂત્ર છે, એ 'શ્રુતજ્ઞાન શીખવું જોઈએ' એ પ્રમાણે કહેનાર છે. આ સૂત્ર વડે જ્ઞાનવિનય કહેવાયો. ('શ્રુતજ્ઞાન શીખવું જોઈએ' એવું કહેનારૂં શેષ સૂત્ર = अमुहरि बुद्धाणं... દ્વારા ાનવિનય કહેવાયો)

('દર્શન' શબ્દ વધારાનો લાગે છે, છતાં જો લેવો જ હોય તો ' ાનવિનય દ્વારા દર્શનવિનય આવે છે, તેથી જ્ઞાનવિનયથી દર્શનવિનય પણ લઈ લીધો...' એ પ્રમાણે અર્થ સમજવો.)

**तत्स्वरूपमाह...** જ્ઞાનવિનયના સ્વરૂપને કહે છે કે- જ્ઞાનને શીખે છે, જ્ઞાનને ગુણે છે (=પુનરાવર્તન કરે છે), જ્ઞાન વડે... (સર્વભાવોને જાણે છે.) ઈત્યાદિ.

---

**अवतरणिका :- कथं पुनरर्थयुक्तानि शिक्षेतेत्याह-**

---

અવતરણિકા :- અર્થયુક્તોને કેવી રીતે શીખે ? એ કહે છે-

---

**।।मू. गा. ९।। अणुसासिओ न कुप्पिज्जा, खंतिं सेवेज्ज पंडिए ।**
**[1]बालेहिं सह संसग्गिं, हासं कीडं च वज्जए ।।९।। (सूत्रम्)**

व्याख्या - **'अनुशिष्ट'** इति अर्थयुक्तानि शिक्ष्यमाणः कथञ्चित् स्खलितादिषु गुरुभिः परुषोक्त्याऽपि शिक्षितः **'न कुप्येत्'** न कोपं गच्छेत्, किं तर्हि कुर्यादित्याह- **'क्षान्तिं'** परुषभाषणादिसहनात्मिकां **'सेवेत'** भजेत, [2]पण्डा बुद्धिः सा सञ्जाताऽस्येति पण्डितः, तथा **'क्षुद्रैः'** बालैः शीलहीनैर्वा पार्श्वस्थादिभिः **'सह'** समं **'संसग्गिं'** ति प्राकृतत्वात्संसर्गम्, हसनं हासस्तं, क्रीडां च अन्ताक्षरिकाप्रहेलिकादानादिजनितां च **'वर्जयेत्'** परिहरेत् सर्वेषामप्येषां विशिष्टशिक्षाक्षितिहेतुत्वात् लोकागमविरुद्धत्वाच्चेति सूत्रार्थः ।।९।।

---

**ગાથાર્થ :** ઠપકો અપાયેલો ગુસ્સે ન થાય. પંડિત ક્ષમાને સેવે, બાળજીવોની સાથે સંપર્કને, હાસ્યને અને ક્રીડાને છોડી દે.

---

1. खुड्डेहिं इति टीका । 2. पण्डा तत्त्वानुगा बुद्धिरित्युक्तेः ।

ટીકાર્થ : अणुसासिओ = अनुशिष्टः

अर्थयुक्तानि... ગુરુ એને અર્થયુક્ત વચનો શીખવાડતા હોય, આ શીખવાડાતો શિષ્ય કોઈપણ રીતે સ્ખલના વગેરે કરી બેસે, એ થાય, એટલે ગુરુ એને કઠોર વચનો વડે પણ ઠપકો આપે. પણ એ વખતે એ શિષ્ય ક્રોધ ન પામે.

किं तर्हि... પ્રશ્ન : તો પછી શું કરે ?

परुषभाषणादि... ઉત્તર : કઠોર વચનોને સહન કરવા રૂપી ક્ષાન્તિને = ક્ષમાને ધારણ કરે = સેવે.

पण्डितः = पण्डा એટલે બુદ્ધિ ! જેની પાસે બુદ્ધિ છે. તે પંડિત ! (આ વિશેષણ એવું દર્શાવવા માટે છે કે પંડિત જ આવા પ્રસંગોમાં ક્ષમાને ધારણ કરી શકે.) તથા ક્ષુદ્રો સાથે એટલે કે બાળકો સાથે અથવા બાળ એટલે કે શીલહીન એવા પાર્શ્વસ્થાદિની સાથે સંસર્ગને = સંપર્કને છોડી દે.

ગાથામાં संसग्गिं શબ્દ પ્રાકૃતના હિસાબે છે, તેથી શબ્દ તો संसर्गं જ લેવાનો.

क्रीडां... તથા હાસ્યને અને અન્ત્તાક્ષરિકા, ઉખાણા કહેવા વગેરેથી ઉત્પન્ન થયેલી ક્રીડાને છોડે.

પ્રશ્ન : બાળકો ાથે કે શિથિલો સાથે સંસર્ગ, હાસ્ય અને ક્રીડાની ના કેમ પાડી ?

ઉત્તર : આ ત્રણેય વસ્તુ વિશિષ્ટ શિક્ષાના ક્ષયનું કારણ બને છે, તેથી અને લોકવિરુદ્ધ તથા આગમ વિરુદ્ધ છે, તેથી આ ત્રણેય છોડી દેવા જોઈએ.

(– હાસ્ય અને ક્રીડા તો ાલાદિની સાથે કે કોઈની પણ સાથે કરવાના નથી, એટલે ત્યાં बालैः सह हासं... એમ અન્વય ન કરવો.

– બાલકોની સાથે કે શિથિલોની સાથેનો સંપર્ક અનેક દોષોનું કારણ બને જ. તેઓમાં રહેલા ચંચળતાદિ દોષો આપણામાં આવે, બાળકને વિશે રાગ થાય, રમાડવાની ક્રિયા પણ થઈ જાય...

વળી આ બધામાં સમય બગડે, મનની એકાગ્રતા તૂટે, એટલે શાસ્ત્રાભ્યાસ તૂટે... વળી સાધુ આ બધું કરે એ લોકમાં પણ ખરાબ લાગે અને શાસ્ત્રવિરુદ્ધ તો છે જ.)

---

अवतरणिका :- पुनरन्यथा विनयमाह-

---

અવતરણિકા :- વળી બીજી રીતે વિનયને કહે છે-

---

॥मू. गा.१०॥ मा य चंडालियं कासी, बहुयं मा य आलवे ।
कालेण य अहिज्जित्ता, तत्तो झाइज्ज इक्कओ ॥१०॥ (सूत्रम्)

व्याख्या - 'मा' निषेधे 'चः' समुच्चये, चण्डः-क्रोधस्तद्वशादलीकम्-अनृतभाषणं चण्डालीकम्, भयालीकाद्युपलक्षणमेतत्, यद्वा-चण्डेनाऽऽलमस्य चण्डेन वा कलितश्चण्डालः, स चातिक्रूरत्वा-च्चण्डालजातिस्तस्मिन् भवं चाण्डालिकं कर्मेति गम्यते, अथवा अचण्ड ! सौम्य ! अलीकम्-अन्यथात्वविधानादिभिरसत्यम्, गुरुवचनमागमं चेति गम्यते, 'मा कार्षीः' मा विधाः, भगवदुद्दिष्टतिलोत्पा-टकस्वेच्छालापिगोशालकवत्,

---

ગાથાર્થ : ચંડ–અલીક = ક્રોધપૂર્વકનો મૃષાવાદ ન કરો, ઘણું ન બોલે, કાળથી = યોગ્ય કાળે ભણીને પછી એકલો ધ્યાન કરે.

ટીકા ' : मा = નિષેધમાં છે. च: સમુચ્ચયમાં છે.

चण्ड એટલે ક્રોધ, એના વશથી જે અનૃતભાષણ થાય, તે ચંડાલીક. ચંડાલીક ભયાલીકાદિનું ઉપલક્ષણ છે. (તેથી ભયના વશથી કે માનના વશથી કે કોઈપણ દોષના વશથી મૃષા ન બોલે...) यद्वा

चण्डेन = ક્રોધ વડે आलम् = આળ છે જેને તે ચંડાલ... જેના ઉપર એવું આળ છે કે 'આ તો ક્રોધી છે' તે ચંડાલ. અથવા चण्डेन कलितः = ક્રોધ વડે યુક્ત હોય તે ચંડાલ. (આ વ્યુત્પત્તિ અર્થ થયો, રૂઢિ-અર્થ શું ?)

ચંડાલ એટલે ચંડાલ જાતિ (=કસાઈ વિશેષ) લેવાની.

પ્રશ્ન : એ કેમ લેવાની ?

स चातिक्रूर... ઉત્તર : એ અતિક્રૂર હોય છે, તેથી બંને અર્થો એમાં ઘટે છે, તેથી તે લેવાની. તે ચંડાલમાં = ચંડાલ જાતિમાં થનાર જે કર્મ હોય, તે ચાંડાલિક કર્મ કહેવાય. कर्म શબ્દ સમજી લેવાનો છે. (ચંડાલ જાતિમાં થનાર મારામારી વગેરે કર્મો...) अथवा

હે અચંડ ! = ` ૌમ્ય !

તું ગુરુવચનને અને આગમને ઉંધી રીતે કરવા... બોલવા વગેરે વડે અસત્ય = ખોટું ન કર.

ગુરુવચન અને આગમ એ શબ્દ સમજી લેવાના. (गम्यते)

(ગુરુ જે બોલ્યા, એના કરતા વિપરીત આચરણ કરીએ, તો એ अन्यथात्वविधान કહેવાય. એના કારણે ગુરુનું વચન અસત્ય સાબિત થાય છે. એમ आगम માટે પણ સમજવું.

તથા અન્યથા ન કરીએ, પણ અડધું આચરીએ, અથવા તો વિપરીત બોલીએ... આ બધું आदि શબ્દથી લેવાશે.

ગાથામાં अ ગર્ભિત રીતે છે જ, એટલે अचंड એમ શબ્દ છૂટો પડે છે.)

(આવું કોણે કર્યુ છે ? એનું દૃષ્ટાન્ત બતાવે છે)

પ્રભુ મહાવીરે જે તલનો છોડ દેખાડીને કહેલું કે 'આ ઉગશે...' પ્રભુના વચનને ખોટું પાડવા માટે એ તલના છોડને ગોશાળાએ ઉખેડી નાંખ્યો. (અને છતાં એ છોડ કારણવશ ઉગ્યો, તો છેવટે) પોતાની ઈચ્છા પ્રમાણે નિયતિવાદાદિ પદાર્થોને બોલવા લાગ્યો... આવા ગોશાળાની જેમ ન કરવું.

---

**वृत्ति :- बह्वेव बहुकम्-अपरिमितमालजालरूपं 'मा च' इति प्राग्वत्, आङिति-स्त्र्यादिकथा-ऽभिव्याप्त्या लपेत्-भाषेत, बह्वालापनात् ध्यानाध्ययनक्षितिवातक्षोभादिसम्भवात्,**

---

તથા બહુ બોલવું નહિ.

बहुकं શબ્દ લખેલો છે, એમાં बहु એ જ बहुकं, (क સ્વાર્થમાં છે.) એટલે કે અપરિમિત = પુષ્કળ... એટલે કે આલજાલ = એલફેલ = ગમે તેવું... એ રૂપ ન બોલવું.

मा च પૂર્વની જેમ ! (मा નિપેધમાં, च સમુચ્ચયમાં)

आलपेत् = સ્ત્રી વગેરે કથાની અભિવ્યાપ્તિ વડે બોલવું તે.

(પ્રભુ છ કલાક દેશના આપે છે, ગુરુ અભ્યાસ કરાવે, ત્યારે કલાકો સુધી બોલે, પણ એમાં સ્ત્રી વગેરે કથા ન આવે... પણ જે એમને એમ બોલ-બોલ કરે, તેની વાત સ્ત્રી વગેરે કથાઓને વ્યાપીને જ નીકળતી હોય... એ ન ચાલે.)

પ્રશ્ન : બહુઆલપન કેમ ન કરવું ?

ઉત્તર : કારણ કે બહુ-આલપન કરવાથી ધ્યાનનો વ્યાઘાત, અધ્યયનનો વ્યાઘાત, વાયુનો પ્રકોપ વગેરે દોષોનો સંભવ છે.

---

वृत्ति :- किं पुनः कुर्यादिदत्याह-कालः अध्ययनाद्यवसरः प्रथमपौरुष्यादिस्तेन, 'चः' पुनरर्थे, 'अधीत्य' पठित्वा, प्रच्छनाद्युपलक्षणमेतत्, 'ततः' अध्ययनात्, अनन्तरमिति गम्यते, 'ध्यायेत्' चिन्तयेत्, 'एकक' इति भावतो रागद्वेषादिसाहित्यरहितः, द्रव्यतस्तु विविक्तशय्यादिसंस्थः, इत्थं हि चाण्डालिक-करणाद्यनुत्थानमधीतार्थस्थिरीकरणं च कृतं भवतीति भावः ।

---

किं पुनः... પ્રશ્ન : તો પછી શું કરવું ?

कालः... ઉત્તર : કાળથી ભણીને પછી એકલા ધ્યાન કરવું.

એમાં કાળ = અધ્યયન વગેરેનો અવસર, પહેલી પોરિસી વગેરે... તે કાળ વડે = યોગ્ય કાળે अधीत्वा = ભણીને સૂત્રની વાચના લઈને...

અહીં पठित्वा = સૂત્રની વાચના એ પૃચ્છના વગેરે સ્વાધ્યાયનું ઉપલક્ષણ છે. એટલે કે વાચનાની સાથે પૃચ્છના, પરાવર્તનાદિ પણ સમજી લેવાના.

ततः = અધ્યયનની (પૃચ્છનાદિ) પછી તરત જ... अनन्तरं સમજી લેવાનું.

ध्यायेत् = ચિંતન કરે. एककः = એકલો.

भावतो... ભાવથી એક એટલે રાગ-દ્વેષ વગેરેના સાહિત્યથી = સહચારથી રહિત...

द्रव्यतस्तु... દ્રવ્યથી એક એટલે સ્ત્ર્યાદિથી અસંસક્ત = વિવિક્ત એવા ઉપાશ્રયાદિમાં રહેલો...

इत्थं हि... જો આ રીતે કાળે અધ્યયનાદિ કર્યા બાદ એકલો ચિંતન કરે, તો ચાંડાલિકકરણ વગેરેનું ઉત્થાન જ ન થવું અને ભણેલા અર્થનું સ્થિરીકરણ થવું... આ બે વસ્તુ કરાયેલી થાય છે, માટે આ રીતે વર્તવું જોઈએ.

---

वृत्ति :- इह च पादत्रयेण साक्षाद्वाग्गुप्तिरुक्ता, ध्यायेदित्यनेन मनोगुप्तिः, आद्यपादोत्तरव्याख्यानद्वयेन तु कायगुप्तिरपि, एताश्च चारित्रान्तर्गता एव, यदुक्तम्-

"[1]पणिहाणजोगजुत्तो पंचहि समितीहि तिहिं गुत्तीहिं ।
एस चरित्तायारो अट्ठविहो होइ णायव्वो ।।१।।"

न च चारित्राचारस्तत्त्वतश्चारित्रविनयादतिरिच्यते इति देशतस्तस्याप्यनेनाभिधानमिति सूत्रार्थः ।।१०।।

---

इह च पादत्रयेण... અહીં ગાથાના ચાર પાદમાંથી પહેલા ત્રણ પાદ વડે સાક્ષાત્ વચનગુપ્તિ કહેવાઈ.

((૧) ચંડ-અલીકનો ત્યાગ, (૨) બહુભાષણનો ત્યાગ. આ બે નિવૃત્તિ રૂપ વચનગુપ્તિ છે. (૩) યોગ્યકાળે પાઠ આ પ્રવૃત્તિ રૂપી વચનગુપ્તિ છે.)

ध्यायेत् આના વડે મનોગુપ્તિ કહેવાઈ.

---

1. प्रणिधानयोगयुक्तः पञ्चभिः समितिभिस्तिसृभिर्गुप्तिभिः । एष चारित्राचारोऽष्टविधो भवति ज्ञातव्यः ।।१।।

आद्यपादोत्तर... હવે मा य चंडालीयं कासी આ પહેલા પાદની અમે પછીની જે બે વ્યાખ્યા કરી કે (૧) 'ચંડાલમાં થનારૂં કામ ન કરવું' (૨) ગુરુના વચનને વિપરીત આચરણ દ્વારા અસત્ય ન કરવું... આ બે વ્યાખ્યા વડે કાયગુપ્તિ પણ કહેવાઈ.

આ ત્રણ ગુપ્તિઓ ચારિત્રની અંદર સમાયેલી જ છે. કેમકે કહ્યું છે કે–

– પાંચ સમિતિઓ વડે અને ત્રણ ગુપ્તિઓ વડે પ્રણિધાન યોગથી યુક્ત જે હોય, તે આ આઠ પ્રકારનો ચારિત્રાચાર જાણવા યોગ્ય છે.

અને ચારિત્રાચાર એ પરમાર્થથી તો ચારિત્રવિનય કરતા ભિન્ન નથી જ. એટલે કે ચારિત્રાચાર અને ચારિત્રવિનય એક જ છે.

इति देशत–... એટલે આ સૂત્ર વડે દેશથી ચારિત્રવિનયનું પણ કથન થઈ ગયું.

(૯મી ગાથામાં જ્ઞાન + દર્શન વિનયનું અભિધાન થઈ ગયું. ચારિત્રવિનયનું બાકી હતું. આમાં આઠે ચારિત્રાચારનું કથન નથી, માટે सर्वतः ચારિત્રવિનયનું કથન ન ગણાય. પણ ત્રણ ગુપ્તિનું કથન છે, તેથી देशतः કથન થયેલું ગણાય.)

---

**अवतरणिका :-** इत्थमकृत्यनिषेधः कृत्यविधिश्चोपदिष्टः, कदाचिदेतद्विपर्ययसम्भवे च किं करणीयमित्याह–

---

અવતરણિકા :- આ પ્રમાણે અકૃત્યનો નિષેધ અને કૃત્યની વિધિ (સંમતિ = હા) ઉપદેશાઈ. (એટલે કે આ બેનો ઉપદેશ અપાયો.)

'ક્યારેક આના વિપર્યયનો સંભવ થાય, એટલે કે અકૃત્ય થઈ જાય, કૃત્ય ન થાય. તો શું કરવું ?' એ કહે છે.

---

**॥मू. गा. ११॥ आहच्च चंडालियं कट्टु, न निण्हविज्ज कण्हुइ ।**
**कडं कडंति भासिज्जा, अकडं नो कडंति य ॥११॥ (सूत्रम्)**

**व्याख्या** – 'आहत्य' कदाचित् चण्डालीकं च चाण्डालिकं चोक्तरूपं यद्वा चण्डश्चालीकं च चण्डालीकं 'कृत्वा' विधाय 'न निह्नुवीत' न कृतमेवेति नापलपेत्, कदाचिदपि, यदा परैरुपलक्षितो यदा वा नोपलक्षितस्तदापीत्यर्थः, किं तर्हि कुर्यादित्याह– 'कृतं' विहितं चाण्डालिकादि 'कृतमिति' इति कृतमेव, न भयलज्जादिभिरकृतमपि 'भाषेत' ब्रूयात्,

---

**ગાથાર્થ :** ક્યારેક ચંડ-અલીકને / ચાંડાલિકને કરીને ક્યારેય છુપાવે નહિ, કૃતને 'કૃત' જ બોલે અકૃતને 'અકૃત' જ બોલે.

**ટીકાર્થ :** आहत्य = ક્યારેક, चण्डालिकं = ક્રોધાદિપૂર્વક અસત્યવચન અથવા चांडालिकं = ચંડાલના જેવું કામ. (આ બંને શબ્દના અર્થ પહેલા કહી ગયા છે...) અથવા

चंडश्च अलीकं च इति चण्डालीकं = ક્રોધ અને અસત્યને કરીને એને છુપાવે નહિ. 'મેં નથી જ કર્યું' એ પ્રમાણે એ પાપનો અપલાપ = બચાવ = નિષેધ ન કરે. આવો અપલાપ ક્યારેય પણ ન કરે.

यदा परैरुपलक्षितो... ક્યારેય પણ = જ્યારે બીજાઓએ એને પાપ કરતો જાણ્યો હોય ત્યારે કે જ્યારે બીજાઓ ન જાણ્યો હોય ત્યારે પણ એ પાપ ન છુપાવે.

**પ્રશ્ન :** તો પછી શું કરે ?

**ઉત્તર :** જે ચાંડાલિકાદિ કરેલું હોય, તેને 'कृतमिति' એટલે કે કરેલું જ બોલે. ('આ મેં કરેલું છે.' એમ જ બોલે.)

(ગાથામાં રહેલા इतिं નો एव અર્થ કર્યો છે. માટે જ 'कृतमिति' એટલા શબ્દો ' ' ચિહ્નમાં લઈને પછી પાછું इति લખીને 'कृतमेव' લખેલું છે.) પણ ભય, લજ્જા વગેરેને કારણે अकृत પણ ન બોલે.

('આ મેં કરેલું છે' એમ જ બોલે, પણ ક્યારેક कृतं બોલે, અને ક્યારેક अकृतं પણ બોલે... એવું ન કરે.)

કોઈ એમ માનતું હોય કે – चंडालीकं कृत्वा 'कृतं' अपि भाषेत, 'अकृतं' अपि भाषेत – તો એનું નિરાકરણ કરવા કહે છે કે– कृतं 'कृतं' एव भाषेत, न तु 'अकृतं' अपि भाषेत – આ પ્રમાણે ભાવાર્થ લેવો.

– 'આ મેં કરેલું જ છે' એમ બોલે... પણ 'આ મેં નથી પણ કર્યું' એમ ન બોલે... આવી રીતે જ કે પણ લેવાના જ નથી. પરંતુ 'આ મેં કરેલું છે' એમ જ બોલે, પણ 'આ મેં નથી કર્યું' આવું પણ વાક્ય કૃતના સ્થાને (ક્યારેક બોલે, તો એ) ન બોલવું. આ રીતે જ અને પણ નો અર્થ છે.)

---

वृत्ति 'अकृतं' तदेवाविहितं 'नो कृतमिति' अकृतमेव भाषेत, न तु मायोपरोधादिना कृतमपि, अन्यथा मृषावादादिदोषसम्भवात्, उपलक्षणत्वाच्चास्य बह्वनालपनकालाध्ययनादिविपर्यय-सम्भवेऽप्येतदेव कृत्यम्,

---

तदेवाविहितं... હવે એજ ચંડાલીકાદિ જો અકૃત હોય, પોતે ન કરેલું હોય તો 'આ મેં કર્યું નથી' આમ જ બોલે. પણ માયા કે બીજાના આગ્રહ વગેરેને લીધે 'આ મેં કરેલું છે' એવું પણ બોલે, એ ન ચાલે. જો આવું બોલે તો – મૃષાવાદ વગેરે દોષોનો સંભવ છે, તેથી ન બોલે.

(પાપ ન કર્યું હોય છતાં માયાથી 'કરેલું' કહે, તે આ પ્રમાણે : કોઈકને એવી ઈચ્છા થાય કે– 'જોઉં તો ખરો કે હું આ પાપનો સ્વીકાર કરૂં, તો એના પ્રત્યાઘાત કેવા આવે છે ? બધાની પરીક્ષા થઈ જાય. હવે આવો વિચાર કરીને પાપને સ્વીકારે તો અંદર માયા છે....

એમ કોઈની ધાક–ધમકીથી સ્વીકાર કરવો પડે... એ તો સ્પષ્ટ જ છે.

मृषावादादि માં आदि શબ્દથી આપણી વિશ્વાસપાત્રતા તૂટી જાય... વગેરે.)

प्रश्न : ગાથા ૧૦માં ચંડાલીક + બહુ–આલપન આ બે અકૃત્યનો નિષેધ કરેલો અને કાલ–અધ્યયન + ચિંતન... આ બેનું વિધાન બતાવેલું.

૧૧મી ગાથાની અવતરણિકામાં તમે કહ્યું કે– 'આ ચારમાં ઉંધુ થાય, તો શું કરવું ?' એ બતાવે છે... પણ આ ગાથામાં તો માત્ર ચંડાલીક બાબતમાં જ શું કરવું ? એ દર્શાવ્યું, તો બાકીના બધામાં વિપરીત–આચરણમાં શું કરવું ? એ તો બતાવ્યું જ નથી.

उपलक्षणत्वाच्चास्य... ઉત્તર : આ નિરૂપણ ઉપલક્ષણ છે, એટલે આના પરથી આ સમજી જ લેવાનું કે બહુ–અનાલપન + કાલ–અધ્યયન + ચિંતન આ બધાનો જે વિપર્યય થાય, એટલે કે બહુ–આલપન + કાલ–અનધ્યયન + અચિંતન થાય, તો એ બાબતમાં પણ આ જ કાર્ય છે. (કે જો પાપ કર્યું હોય, તો 'કર્યું છે' એમ જ બોલવું. ન કર્યું હોય તો 'નથી કર્યું' એમ જ બોલવું.)

---

वृत्ति :- इदं चात्राकूतम्-कथञ्चिदतिचारसम्भवे लज्जाद्यकुर्वन् स्वयं गुरुसमीपमागत्य-

*'जह [1]बालो जंपंतो कज्जमकज्जं च उज्जुयं भणति ।*
*तं तह आलोएज्जा मायामयविप्पमुक्को उ ।।१।।'*

---

1. यथा बालो जल्पन् कार्यमकार्यं च ऋजुकं भणति । तत् तथाऽऽलोचयेत् मायामदविप्रमुक्तस्तु ।।१।।

इत्याद्यागममनुस्मरन् कथञ्चित् परैः प्रतीतमप्रतीतं वा मनःशल्यं यथावदालोचयेत्, ततश्चानेनान्तर-तपोऽन्तर्गताऽऽलोचनाख्यप्रायश्चित्तभेदाभिधानम्, अनेन च शेषतपोभेदानामप्युपलक्षितत्वात् तपोविनयमाह इति सूत्रार्थः ।।११।।

---

इदं चात्राकूतम्... અહીં આ અભિપ્રાય છે કે– જ્યારે કોઈપણ પ્રકારે અતિચારનો સંભવ થાય, ત્યારે લજ્જા વગેરેને નહિ કરતો સાધુ જાતે ગુરુની પાસે આવીને–

"જેમ બાળક જ્યારે બોલતો હોય, ત્યારે કાર્ય કે અકાર્ય (=સારું કે ખરાબ) બધું સરળતાથી બોલી દે છે. તે પ્રમાણે = બાળકના પ્રમાણે માયા અને મદથી વિપ્રમુક્ત બનેલો છતો જ સાધુ તેને = પાપને આલોચે = ગુરુને કહે."

इत्याद्यागममनुस्मरन्... આ બધા આગમને યાદ કરતો-કરતો બીજાઓ વડે કોઈક રીતે જણાયેલા કે બીજાઓ વડે નહિં જણાયેલા મનના દોષને=કાંટાને=પાપને યથાવદ્ = સાચી રીતે = જેવું બન્યું હોય, તેવી જ રીતે આલોચે = ગુરુને કહે.

ततश्चानेना... આ ભાવાર્થ છે, આવો ભાવાર્થ છે, તેથી આ શ્લોક વડે અભ્યન્તર તપના છ ભેદની અંતર્ગત એવા આલોચના નામના પ્રાયશ્ચિત્ત ભેદનું નિરૂપણ કરાયું. (પ્રાયશ્ચિત્ત અભ્યન્તર તપનો પ્રથમ ભેદ છે, તેના ૧૦ ભેદ છે, તેમાં પહેલો ભેદ આલોચના છે. તેનું કથન કરાયું.) અને તપના પેટા ભેદના આ કથન વડે બાકીના પણ તપભેદો ઉપલક્ષિત = થઈ જાય છે = જણાવાઈ જ જાય છે = સમજાઈ જાય છે...

(બાકીના તપભેદો = પ્રાયશ્ચિત્તના શેષ ૯ ભેદ અને અનશનાદિ શેષ ૧૧ ભેદ... એ બધા લેવાના)

આમ બારેય પ્રકારના તપનું કથન થઈ ગયું. તેથી આ સૂત્ર વડે તપવિનયને દર્શાવી દીધો.

---

अवतरणिका :- इहैवं पुनः पुनरुपदेशश्रवणाद् यदैव गुरोरुपदेशस्तदैव प्रवर्तितव्यं निवर्तयितव्यं चेति स्यादाशङ्का, तदपनोदायाह-

---

અવતરણિકા :- અહીં = આ અધ્યયનમાં વારંવાર ઉપદેશનું શ્રવણ થવાથી આવી શંકા સંભવી શકે છે કે- 'જ્યારે ગુરુનો ઉપદેશ થાય, ત્યારે જ સારામાં પ્રવૃત્તિ અને ખરાબમાંથી નિવૃત્તિ કરવાની... એટલે ગુરુના વચન પ્રમાણે જ કરવાનું... આવી આશંકાના નિરાકારણને માટે કહે છે કે-

---

।।मू. गा. १२।। मा गलियस्सेव कसं, वयणमिच्छे पुणो पुणो ।
कसं व दट्ठुमाइन्ने, पावगं परिवज्जए ।।१२।। (सूत्रम्)

व्याख्या - 'मा' निषेधे, गलिः-अविनीतः, स चासावश्वश्च गल्यश्वः स इव, कशतीति कशस्तम् उपलक्षणत्वात् कशप्रहारम्, 'वचनं' प्रवृत्तिनिवृत्तिविषयमुपदेशम्, प्रस्तावाद्गुरूणाम्, 'इच्छेत्' अभिलषेत्, 'पुनः पुनः' वारं वारं, कोऽभिप्रायः ?-यथा गल्यश्वो दुर्विनीततया न पुनः पुनः कशप्रहारं विना प्रवर्तते निवर्त्तते वा, नैवं भवताऽपि प्रवृत्तिनिवृत्त्योः पुनः पुनर्गुरुवचनमपेक्षणीयम्, किन्तु 'कसं व दट्ठुमाइण्णे'त्ति इवशब्दस्य भिन्नक्रमत्वात् कशं-चर्मयष्टिं दृष्ट्वाऽऽ*कीर्णो*-विनीतः, स चेह प्रस्तावादश्वः स इव, सूचकत्वात् सूत्रस्य, सुशिष्यो गुरोराकारादि दृष्ट्वा, पापमेव पापकम्, गम्यमानत्वादनुष्ठानं 'परिवर्जयेत्' सर्वप्रकारं परिहरेत्,

---

ગાથાર્થ : અવિનીત ઘોડો જેમ ચાબુકને વારંવાર ઈચ્છે, તેમ (અવિનીત શિષ્ય) વારંવાર ગુરુવચનને ન ઈચ્છે... પણ વિનીત ઘોડો જેમ ચાબુકને જોઈને... તેમ શિષ્ય પણ (ગુરુના આકારાદિ જોઈને) પાપને છોડી દે.

ટીકા ' : मा નિષેધમાં છે. गलि એટલે અવિનીત ! गलि એવો अश्व તે गल्यश्वः

જે કશે ` = ઘસે છે, છોલે છે (પશુની ચામડીને ઉખેડે છે...) તે કશ = ચાબુક... અહીં કશ એટલે ઉપલક્ષણથી 'ચાબુકનો પ્રહાર' લેવો. જેમ અવિનીત અશ્વ ચાબુકના પ્રકારને ઈચ્છે.

તેમ સાધુ ગુરુના વચનને = પ્રવૃત્તિ અને નિવૃત્તિ સંબંધી ઉપદેશને વારંવાર ન ઈચ્છે.

અહીં 'કોના વચનને ન ઈચ્છે ?' એ લખેલું નથી, પણ પ્રસ્તાવ ઉપરથી સમજી લેવું કે गुरूणां !

**પ્રશ્ન** : અહીં ગ્રન્થકારનો આશય શું છે ?

ઉત્તર : જેમ અવિનીત ઘોડો અવિનીત હોવાના લીધે વારંવાર ચાબુકના પ્રહાર વિના પ્રવૃત્તિ કે નિવૃત્તિ (ઝડપી ગમન કે અટકવાદિ રૂપ) ન કરે. એમ શિષ્ય ! તારે પણ પ્રવૃત્તિમાં અને નિવૃત્તિમાં વારંવાર ગુરુવચનની અપેક્ષા ન રાખવી જોઈએ. (પણ વચન વિના જ સારામાં પ્રવૃત્તિ અને ખરાબમાંથી નિવૃત્તિ કરવી જોઈએ.)

પરંતુ 'कशमिव दृष्ट्वा आकीर्णः' અહીં इव શબ્દ ભિન્નક્રમવાળો છે. તેથી તે आकीर्णः શબ્દની પછી લેવો.

જેમ વિનીત ઘોડો કશને = ચામડાની લાકડીને = ચાબુકને જોઈને (યોગ્ય પ્રવૃત્તિ કરે).

અહીં આકીર્ણ = વિનીત... પણ વિનીત કોણ ? એ લખેલ નથી, પણ પ્રસ્તાવથી સમજી લેવાનું કે તે = વિનીત એટલે અહીં વિનીત ઘોડો... તે જેમ... તેમ...

સૂત્ર સૂચક હોય છે, એટલે એમાં ઘણી વસ્તુ ન લખેલી હોય, તો પણ સૂચના માત્રથી સમજવાની હોય છે, તેથી આ અર્થ સમજી લેવો કે–

સુશિષ્ય ગુરુના આકારાદિને (આટલું સમજી લેવું) જોઈને પાપ રૂપ અનુષ્ઠાનને પરિહરે. = બધા પ્રકારે ત્યાગ કરે.

અહીં ગાથામાં पापकं શબ્દ છે, पापं એ જ पापकं છે. (क સ્વાર્થમાં છે.) પાપ રૂપ શું ? એ કહ્યું નથી, પણ अनुष्ठानं એ ગમ્યમાન હોવાથી સમજી લેવું. પરિહાર કરે = સર્વ પ્રકારે છોડી દે.

---

वृत्ति :- उपलक्षणत्वादितरच्चानुतिष्ठेत्, पठन्ति च-*'पावगं पडिवज्जइ'* त्ति तत्र च पुनातीति पावकं-शुभमनुष्ठानं 'प्रतिपद्येत' अङ्गीकुर्यात्, इहापि प्राग्वदितरत् परिहरेत्, किमुक्तं भवति ?- यथाऽऽकीर्णोऽश्वः कशग्रहणादिनाऽऽरोहकाभिप्रायमुपलभ्य कशेनाताडित एव तदभिप्रायानुरूपं प्रवर्तते निवर्तते वा, तथा सुशिष्येण(ष्योऽ)प्याकारादिभिराचार्याशयमवगम्य, वचनेनाप्रेरित एव प्रवर्तते, मा भूदन्यथाऽऽरोहकस्येव गुरोरायास इति सूत्रार्थः ।।१२।।

---

**પ્રશ્ન** : પૂર્વાર્ધમાં એવો ભાવાર્થ દર્શાવ્યો કે 'પ્રવૃત્તિમાં કે નિવૃત્તિમાં ('અવિનીત-અશ્વ જેમ ચાબુકને') વારંવાર ગુરુવચનની અપેક્ષા ન રાખે.' આ તો બરાબર... પણ ઉત્તરાર્ધમાં ગુરુવચન વિના જ પાપને ત્યાગે = નિવૃત્તિ કરે' આ એક જ વસ્તુ કેમ બતાવી ? 'ગુરુવચન વિના જ પુણ્યને આદરે = પ્રવૃત્તિ કરે' આ વાત પણ બતાવવી જોઈએ ને ?

**उपलक्षणत्वादि... ઉત્તર** : 'પાપને ત્યાગે' એ કથન ઉપલક્ષણ છે, તેથી આ પણ સમજી જ લેવાનું કે 'ગુરુવચન વિના જ પુણ્યને = શુભાનુષ્ઠાનને આદરે.'

**पठन्ति च...** આવો પાઠાંતર પણ છે કે 'पावगं पडिवज्जइ = प्रतिपद्यते = સ્વીકારે છે.' (અહીં पापकं અર્થ તો ન જ લેવાય. કારણ કે 'પાપને સ્વીકારે' એવો ઉપદેશ તો આપવાનો નથી.) આ પાઠાંતરમાં આ રીતે અર્થ કરવો કે पुनाति = જે પવિત્ર કરે તે पावकं । (पावगं શબ્દનું पापकं નહિ, પણ पावकं લેવું.) પાવક એટલે શુભ અનુષ્ઠાન... એને સ્વીકારે.

પ્રશ્ન : પણ આમાં વળી પ્રવૃત્તિ આદરવાની વાત આવી, નિવૃત્તિની વાત તો રહી જ જાય છે...

ઉત્તર : જેમ पापकं परिवर्जयेत् માં ઉપલક્ષણથી पुण्यं अनुतिष्ठेत् લીધું, એમ અહીં પણ पावकं प्रतिपद्येत એમાં प्राग्वत् = ઉપલક્ષણથી इतरत् = 'पापकं परिहरेत्' લઈ લેવું.

किमुक्तं भवति = ભાવાર્થ શું છે ? શું કહેવાયેલું થાય છે ? એ બતાવે છે-

જેમ વિનીત ઘોડો ઘોડેસવારની ચાબુકને પકડવા વગેરે રૂપ ક્રિયા દ્વારા ઘોડેસવારના અભિપ્રાયને જાણીને ચાબુક વડે નહિ મરાયેલો છતાં જ ઘોડેસવારની ઈચ્છાને અનુસારે પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરે છે.

तथा सुशिष्येण... તેમ સુશિષ્ય પણ આચાર્યના આકાર વગેરે વડે આચાર્યના અભિપ્રાયને જાણીને વચન વડે નહિ પ્રેરાયેલો છતો જ (એમના અભિપ્રાય પ્રમાણે) પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરે છે.

અન્યથા = જો એવું ન કરે તો જેમ અવિનીત ઘોડાના કારણે ઘોડેસવારને આયાસ = પરિશ્રમ = હેરાનગતિ થાય, તેમ શિષ્યના કારણે ગુરુને હેરાનગતિ થાય.

अन्यथा = અભિપ્રાય વિપરીત આચરણ કરવામાં આવું થાય છે... તે ન થાઓ... એ માટે શિષ્ય વચન વિના જ ગુરુની ઈચ્છા પ્રમાણે પ્રવૃત્તિ કરે.

---

अवतरणिका :- अत्र च निर्युक्तिकृत् गल्याकीर्णौ व्याचिख्यासुः 'तत्त्वभेदपर्यायैर्व्याख्या' इति तत्पर्यायानाह-

---

અવતરણિકા :- આ ગાથા આવી, એટલે એમાં નિર્યુક્તિકાર गलि + आकीर्ण એ બેની વ્યાખ્યા કરવાની ઈચ્છાવાળા છે. હવે 'વ્યાખ્યા તત્ત્વ, ભેદ અને પર્યાય વડે થાય' તેથી (इति) નિર્યુક્તિકાર તેના = ગલિ અને આકીર્ણના પર્યાયવાચી શબ્દોને કહે છે.

---

॥निर्यु. गा. ६४॥ गंडी गली मराली अस्से गोणे य हुंति एगट्ठा ।
आइन्ने य विणीए य भद्दए यावि एगट्ठा ॥६४॥

व्याख्या - गच्छति प्रेरितः प्रतिपथादिना डीयते च कूर्दमानो विहायोगमनेनेति गण्डिः, गिलत्येव केवलं न तु वहति गच्छति वेति गलिः, म्रियत इव शकटादौ योजितो राति च-ददाति लत्तादि लीयते च भुवि पतनेनेति मरालिः, अमी च 'अश्वे' तुरगे 'गोणे च' बलीवर्द्दे भवन्ति 'एकार्थाः' एकोऽर्थो-दुष्टतालक्षणः अनन्तरोक्तनीत्या प्रवृत्तिनिमित्तभेदेऽप्यमीषामितिकृत्वा ।

---

ગાથાર્થ : અશ્વમાં અને બળદમાં ગંડી, ગલી, મરાલી એકાર્થ શબ્દો છે. અશ્વમાં અને બળદમાં આકીર્ણ, વિનીત અને ભદ્રક એકાર્થ શબ્દો છે.

ટીકાર્થ : गंडी = (ચાબુકાદિ વડે) પ્રેરાયેલો જે ઉંધા રસ્તા વગેરે વડે ચાલવા માંડે તે गं કુદતો કુદતો આકાશમાં ગમન વડે જે ઉડે (અર્થાત્ ધરતી પર બરાબર ચાલવાને બદલે ઉંચા કુદકા મારી...મારીને ચાલે...) તે ડી, गं + डि = गण्डिः

गलिः = જે માત્ર ગ ે = માત્ર ખાધા કરે, ગળ્યા કરે... પણ વહે નહિ (ભાર ઊંચકે નહિ) કે ચાલે નહિ તે गलि ।

मराली = ગાડા વગેરેમાં જોડાયેલો જે મરેલા જેવો જ થઈ જાય તે म,

જે લાત વગેરે રાતિ = આપે = મારે તે रा,

જે ધરતી પર પતન પામવા વડે ત્યાં જ લીન થાય = પડી રહે, તે ली, म + रा + ली = મરાલી.

अमी च... ઘોડામાં અને બળદમાં આ ત્રણ શબ્દો એકઅર્થવાળા છે.

પ્રશ્ન : આ શબ્દો એક-અર્થવાળા શી રીતે કહેવાય ? કેમકે તમે હમણા જ બતાવી ગયા, એ નીતિથી તો દરેક શબ્દોની પ્રવૃત્તિના નિમિત્તનો ભેદ છે. એટલે દરેક શબ્દોની પ્રવૃત્તિનું નિમિત્ત અલગ-અલગ છે.

(શબ્દનો પ્રયોગ એ શબ્દની પ્રવૃત્તિ છે. એ ગમે ત્યાં ન થાય, પણ એનું ચોક્કસ નિમિત્ત હોય છે, એ નિમિત્ત જ્યાં હોય, ત્યાં જ એ શબ્દની પ્રવૃત્તિ થાય.

દા. ત. જે રસોઈ બનાવે, તેમાં पाचक શબ્દની પ્રવૃત્તિ થાય. તો અહીં રસોઈ બનાવવાની ક્રિયા એ पाचक શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત છે.

પ્રસ્તુતમાં गण्डि, गली, मराली શબ્દની પ્રવૃત્તિના નિમિત્ત જ અલગ-અલગ છે. એ નિમિત્ત એ જ એ શબ્દોનો અર્થ છે. એ તો અલગ-અલગ છે, તો એકઅર્થવાળા આ શબ્દો શી રીતે કહેવાય ?)

ઉત્તર : આ શબ્દોની પ્રવૃત્તિના નિમિત્તનો ભેદ હોય, તો પણ દુષ્ટતા રૂપી અર્થ તો આ ત્રણેય શબ્દોનો એક જ છે. અર્થાત્ ઘોડામાં કે બળદમાં, જેનામાં દુષ્ટતા હોય, તેને વિશે આ ત્રણ શબ્દોનો વપરાશ થાય છે. એટલે એ રીતે આ ત્રણ શબ્દો દુષ્ટતા રૂપી એક અર્થવાળા છે... માટે એમને એકાર્થવાળા કહ્યા છે.

---

वृत्ति :- 'आकीर्यते' व्याप्यते विनयादिभिर्गुणैरिति आकीर्णः 'चः' पूरणे, विशेषेण नीतः- प्रापितः प्रेरकचित्तानुवर्तनादिभिः श्लाघादीति विनीतः, भाति-शोभते स्वगुणैर्ददाति च प्रेरयितुश्चित्तनिर्वृतिमिति भद्रः स एव भद्रकः, चशब्द इहाप्यश्वे गोणे चेति विषयानुवृत्त्यर्थः, अपिशब्द इह पूर्वत्र चानुक्तपर्यायान्त-रसमुच्चयार्थः, 'एकार्थां' इति प्राग्वदिति गाथार्थः ।।६४।।

---

आकीर्ण = વિનયાદિ ગુણો વડે જે आकीर्यते = व्याप्यते = ભરાઈ જાય તે આકીર્ણ.

चः પૂરણમાં છે.

विनीत = वि = વિશેષથી नीतः = પ્રેરણા કરનારાના મનને અનુવર્તવા વગેરે દ્વારા જે પ્રશંસાદિને પમાડાયેલો છે તે વિનીત (જેમ પ્રતાપનો ઘોડો ચેતક...)

भद्रकः = भाति = જે પોતાના ગુણો વડે શોભે છે. =

ददाति = જે પ્રેરણા કરનારને ચિત્તની પ્રસન્તા આપે છે, તે = द्र

भ + द्र = भद्र. ભદ્ર એ જ भद्रक.

यावि માં જે च છે, તે અહીં પણ 'अश्वे गोणे च' એ પ્રમાણે આ બે વિષયોની અનુવૃત્તિ માટે છે.

(જેમ गंडी मराली... એ ત્રણ શબ્દો અશ્વ અને બળદ રૂપ વિષયમાં એકાર્થ હતા. તેમ આકીર્ણ વગેરે શબ્દો પણ અશ્વ અને બળદ રૂપ વિષયમાં એકાર્થ લેવાના છે. પણ એ બેનો ઉલ્લેખ અહીં તો કરેલો નથી, એટલે અહીં પણ એ બે વિષયને ખેંચી લાવવા માટે च શબ્દ છે.)

अपि શબ્દ અહીં = આકીર્ણાદિ શબ્દોમાં અને પૂર્વે ગંડી વગેરે શબ્દોમાં નહિ કહેવાયેલા એવા બીજા પર્યાયવાચી શબ્દોના સમુચ્ચય માટે છે.

एकार्था એ શબ્દ પૂર્વની જેમ (માત્ર અહીં શોભનતા રૂપ એક અર્થ લેવો...)

(વૃત્તિને આધારે એમ લાગે છે કે ઉત્તરાર્ધમાં आइन्ने य विणीए भद्दए यावि एगट्ठा એમ પાઠ હોવો જોઈએ.

છાપેલી પ્રતમાં विणीए य છે. પણ ટીકાકારે એ य = च નો અર્થ બતાવ્યો નથી, માટે એમની સામે એ પાઠ નહિ હોય. એમ છાપેલી પ્રતમાં वावि = वाऽपि છે. પણ ટીકાકારે તો च શબ્દ લઈને એ પ્રમાણે અર્થ ખોલ્યો છે.)

---

अवतरणिका :- न चैवं गल्याकीर्णतुल्यशिष्ययोर्गुरोरायासजननाजनने एव गुणदोषौ, किन्तु गलिसदृशस्यानाश्रवत्वादेराकीर्णतुल्यस्य चित्तानुगतत्वादेः सम्भव इति तद्वशतः कोपनप्रसादने अपि, अत एवाह-

---

અવતરણિકા :- પ્રશ્ન : ૧૨મી ગાથાની ટીકામાં તમે જે દર્શાવ્યું છે કે 'गुरोरायासः...' એ પ્રમાણે તો એમ જ લાગે છે કે- ગલિ સમાન શિષ્ય ગુરુને આયાસ ઉત્પન્ન કરનાર બને છે... બસ આ જ દોષ છે. આકીર્ણ સમાન શિષ્ય ગુરુને આયાસ ઉત્પન્ન કરનાર ન બને છે... બસ આ જ ગુણ છે. બરાબર ને ?

न चैवं... ઉત્તર : ના, ભાઈ ! માત્ર આ એક જ દોષ કે ગુણ નથી,

પરંતુ આ પ્રમાણે (નિર્યુ. ગા. ની ટીકામાં બતાવ્યું, તે પ્રમાણે) ગલિસદૃશને અનાશ્રવત્વાદિ (દોષોનો પણ) સંભવ છે.

આકીર્ણસદૃશને ચિત્તાનુગતત્વાદિ (ગુણોનો પણ) સંભવ છે. અને આનો સંભવ છે, તેથી (इति).

ગલિસદૃશને એ દોષોના વશથી ગુરુને ક્રોધ કરાવવા રૂપ દોષ પણ છે.

આકીર્ણ સદૃશને એ ગુણોના વશથી ગુરુને પ્રસન્નતા કરાવવા રૂપ ગુણ પણ છે. અને

આથી જ કહે છે (એ જ પદાર્થ આગળ દેખાડે છે.)

---

॥मू. गा. १३॥ अणासवा थूलवया कुसीला मिउंपि चंडं पकरंति सीसा ।
चित्ताणुया लहु दक्खोववेया पसायए ते हु दुरासयंपि ॥१३॥ (सूत्रम्)

व्याख्या- 'अणासव' त्ति आ-समन्तात् शृण्वन्ति-गुरुवचनमाकर्णयन्तीत्याश्रवा न तथा प्रतिभासाविषयस्य तस्याश्रवणादनाश्रवाः, पठ्यते च- 'अणासुण' त्ति अस्यार्थः स एव, स्थूलम्-अनिपुणं यतस्ततो भाषितया वचो येषां ते स्थूलवचसः 'कुशीला' इति दुःशीलाः, 'मृदुमपि' अकोपनमपि कोमलालापिनमपि वा 'चण्डं' कोपनं परुषभाषिणं वा 'प्रकुर्वन्ति' प्रकर्षेण विदधति 'शिष्याः' विनेयाः, सम्भवति ह्येवंविधशिष्यानुशासनाय पुनः पुनर्वचनात्मकं खेदमनुभवतो मृदोरपि गुरोः कोप इति ।

---

ગાથાર્થ : અનાશ્રવ, સ્થૂલવચનવાળા, કુશીલ શિષ્યો મૃદુ (આચાર્ય)ને પણ ક્રોધી કરી નાંખે છે. ચિત્તાનુગ, લઘુ દક્ષતોપપેત તેઓ (શિષ્યો) દુરાશ્રયને પણ પ્રસન્ન કરી દે છે.

ટીકાર્થ : अनाश्रवाः જેઓ ચારે બાજુથી ગુરુના વચનને સાંભળે, તે आश्रव !

જેઓ તેવા પ્રકારના નથી, એટલે કે બરાબર ગુરુવચન સાંભળતા નથી, તે अनाश्रव !

પ્રશ્ન : તેઓ શા માટે નથી સાંભળતા ?

ઉત્તર : તેઓને એ ગુરુવચનોનો પ્રતિભાસ = બોધ જ થતો નથી, (અથવા ગુરુવચનોની રુચિ જ થતી નથી.) એટલે બોધનો વિષય નહિ બનનારા એવા ગુરુવચનોનું તેઓ શ્રવણ કરતા નથી. (અવિનીત છે, તેથી ગુરુવચનના આશયાદિ સમજાય

નહિ, ગમે નહિ... તેથી સાંભળે નહિ.) પાઠાંતર આ પ્રમાણે છે **अणासुणा** આનો અર્થ તે જ થાય, જે **अणासवा** નો કર્યો.

स्थूलवचसः જેઓનું વચન સ્થૂલ = અનિપુણ છે, તે સ્થૂલવચનવાળા કહેવાય.

પ્રશ્ન : વચન અનિપુણ કેમ છે ?

ઉત્તર : ગમે તેમ બોલે છે, તેથી...

कुशीलः એટલે દુ:શીલ (અર્થ પૂર્વે આવી ગયો છે.)

मृदुमपि આવા શિષ્યો મૃદુને પણ = ક્રોધ ન કરનારાને પણ અથવા કોમળ વચન બોલનારાને પણ **चंड** = ક્રોધ કરનારા અથવા કર્કશ વચન બોલનારા પ્રકર્ષથી કરી દે છે. = જોરદાર ક્રોધી બનાવી દે...

ખરેખર અનાશ્રવત્વાદિ દોષોવાળા શિષ્યનું અનુશાસન કરવા માટે વારંવાર બોલવા રૂપ ખેદને અનુભવતા એવા મૃદુ પણ ગુરુને ક્રોધ સંભવિત છે.

---

वृत्ति :- इत्थं गलितुल्यस्य दोषमभिधायेतरस्य गुणमाह-चित्तं-हृदयं प्रक्रमात् प्रेरकस्यानुगच्छन्ति-कसपातानपेक्ष्य जात्याश्ववदनुवर्तयन्तीति चित्तानुगाः 'लघु' शीघ्रमेव दक्षस्य भावो दाक्ष्यम् अविलम्बित-कारित्वं तेन 'उववेय' त्ति उपपेता-युक्ता दाक्ष्योपपेताः 'प्रसादयेयुः' सप्रसादं कुर्युः 'ते' इति शिष्याः, 'हुः' पुनरर्थः, दुःखेनाऽऽश्रयन्ति तमतिकोपनत्वादिभिरिति दुराश्रयस्तमपि, प्रक्रमाद्गुरुम्, किं पुनरनुत्कट-कषायमित्यपिशब्दार्थः ।

---

આ પ્રમાણે ગલિતુલ્ય શિષ્યના દોષને કહીને ઈતરના – આકીર્ણતુલ્યના ગુણને કહે છે.

चित्तानुगाः = પ્રેરકના = પ્રેરણા કરનારના ચિત્તને જેઓ અનુસરે, તે શિષ્યો ચિત્તાનુગ ! જેમ જાતિમાન ઘોડો પ્રેરકના= ઘોડેસવારના ચાબુકના ઘા નો અપેક્ષા રાખ્યા વિના એના ચિત્તને અનુસરે છે... તેમ.

અહીં चित्त કોનુ લેવું ? એ પ્રક્રમથી સમજવાનું કે प्रेरकस्य गुरोः...

लघु दाक्ष्योपपेतः લઘુ=શીઘ્ર.

दाक्ष्य = दक्षनो ાવ = અવિલમ્બિતકારિત્વ. આના વડે જે યુક્ત હોય, તે દાક્ષ્યોપપેત કહેવાય. જે વિલંબ વિના કાર્ય કરવાના ગુણથી યુક્ત હોય, તે...

विशेषार्थ :- જ્યારે કામ સોંપાય ત્યારે જ ચાલુ કરવું એ શીઘ્ર ! પણ ચાલુ કર્યા બાદ ધીમે-ધીમે કરવાને બદલે જલ્દી પૂરું કરવું એ અવિલમ્બિતકારી.

૧૦ વાગે કામ સોંપાય, ૧૦ વાગે જ શરૂ કરે, ૧૧ વાગે પૂરું કરે તે શીઘ્ર–અવિલમ્બિતકારી.

૧૦ વાગે કામ સોંપાય, ૧૦ વાગે જ શરૂ કરે, ૪ વાગે પૂરું કરે તે શીઘ્ર–વિલમ્બિતકારી.

૧૦ વાગે કામ સોંપાય ૧૨ વાગે શરૂ કરે, ૧ વાગે પૂરું કરે તે અશીઘ્ર–અવિલમ્બિતકારી.

૧૦ વાગે કામ સોંપાય ૧૨ વાગે શરૂ કરે, ૬ વાગે પૂરું કરે તે અશીઘ્ર–વિલમ્બિતકારી.

જેમ કોઈ સાધુ ખૂબ ઝડપી ચાલવાવાળો હોય, પણ ચાલવાનું શરૂ જલ્દી ન કરે, મોડો તૈયાર થાય, પછી જલ્દી ચાલે...

જ્યારે વહેલો તૈયાર થાય, પછી જલ્દી ચાલે... તો એ વધુ ઉપયોગી.... ટુંકમાં કાર્યનો પ્રારંભ શીઘ્ર કરવો અને પ્રારબ્ધ

કાર્ય શીઘ્ર કરવું... આમ બે અર્થો બતાવવા માટે लघु दाक्ष्योपपेत વિશેષણ લીધું છે.

આવા તે = તેઓ = શિષ્યો વળી દુરાશ્રય એવા પણ ગુરુને પ્રસન્નતાવાળા કરી દે છે.

**પ્રશ્ન :** दुराश्रय એટલે શું ?

**ઉત્તર :** અતિ ક્રોધ વગેરે દોષો જેમનામાં હોવાના લીધે બીજાઓ જેમનો આશ્રય દુ:ખેથી કરે. (એટલે કે બીજાઓ જેમની નિશ્રા માંડ-માંડ સ્વીકારે.) તે દુરાશ્રય...

દુરાશ્રય કોણ ? એ પ્રક્રમથી સમજી લેવું કે ગુરુ...

**પ્રશ્ન :** दुराश्रयमपि માં अपि નો શું અર્થ ?

**ઉત્તર :** જો દુરાશ્રયને પણ પ્રસન્ન કરી દે, તો પછી અનુત્કટ = મંદ કષાયવાળા ગુરુને તો શું ? એમને તો પ્રસન્ન કરી જ દે... આ પ્રમાણે अपि શબ્દનો અર્થ છે.

---

**वृत्ति :- अत्रोदाहरणं चण्डरुद्राचार्यशिष्यः, तत्र च सम्प्रदायः- [1]अवंतीजणवए उज्जेणीणयरीए ण्हवणुज्जाणे साहुणो समोसरिया, तेसिं सगासं एगो जुवा उदत्तवेसो वयंससहिओ उवागतो, सो ते वंदिऊण भणति- भयवं ! अम्हे संसाराउ उत्तारेह, पव्वयामित्ति, एस एमेव पवंचेतित्ति काऊण 'घृष्यतां कलिना कलिरि'ति चंडरुद्दं आयरियं उवदिसंति, एस ते नित्थारेहित्ति, सोऽवि य सभावेणं फरुसो, तओ सो वंदिऊण भणइ-भगवं ! पव्वावेह (हि)ममंति, तेण भणितो-छारं आणेहत्ति, आणिए लोयं काऊण पव्वाविओ, वयंसगा से अद्धीइं काऊण पडिगया,**

---

આ વિષયમાં ચંડરુદ્રાચાર્યના શિષ્ય ઉદાહરણ રૂપ છે. તે ઉદાહરણમાં સંપ્રદાય = પરંપરા આ પ્રમાણે છે. (પરંપરાથી એનું કથાનક આ પ્રમાણે જાણવા મળે છે.)

અવંતી જનપદમાં = દેશમાં ઉજ્જૈન નગરીમાં સ્નપન-ઉદ્યાનમાં સાધુઓ સમવસર્યા. (રહ્યા.) તેમની પાસે સારા વસ્ત્રોવાળો, મિત્રો સહિતનો એક યુવાન આવ્યો.

તે યુવાન તેઓને = સાધુઓને વંદન કરીને કહે છે કે- 'ભગવન ! અમને સંસારમાંથી પાર ઉતારો, હું દીક્ષા લઉં.'

'આ યુવાન એમને એમ જ પ્રપંચ કરે છે = માયા-મશ્કરી કરે છે...' એમ કરીને = વિચારીને 'કલિયુગ સાથે કલિયુગને લડાવો...' (અર્થાત્ આ વિચિત્ર છે, તો એને એવા જ વિચિત્ર સાધુનો ભેટો કરાવો, એ જ આને ઠેકાણે પાડી દેશે...) એ પ્રમાણે વિચારીને સાધુઓ ચંડરુદ્ર આચાર્યને દેખાડે છે અને કહે છે- 'આ તને પાર ઉતારશે.' એ આચાર્ય પણ સ્વભાવથી કર્કશ હતા.

ત્યારબાદ તે યુવાન વંદન કરીને (આચાર્યને) કહે છે કે- 'ભગવન ! મને દીક્ષા આપો.' તેમણે કહ્યું- 'રાખ લાવ.'

યુવાને રાખ લાવી, એટલે એનો લોચ કરીને દીક્ષા આપી.

(ખરેખર એ યુવાન સાચા ભાવથી જ દીક્ષા લેવા આવ્યો હશે... એમ લાગે છે... નહિ તો આખો ને આખો લોચ શી

---

1. अवन्तीजनपदे उज्जयिनीनगर्यां स्नपनोद्याने साधवः समवसृताः, तेषां सकाशे एको युवा उदात्तवेषो वयस्यसहित उपागतः, स तान् वन्दित्वा भणति-भगवन्तः ! मां संसारादुत्तारयत, प्रव्रजामीति, एष एवमेव प्रवञ्चयते इतिकृत्वा चण्डरुद्रमाचार्यमुपदिशन्ति (उपदर्शयन्ति), एष त्वां निस्तारयिष्यति, सोऽपि च स्वभावेन परुषः, ततः स वन्दित्वा भणति-भगवन् ! प्रव्राजय मामिति, तेन भणितः-क्षारं (भस्म) आनयेति, आनीते लोचं कृत्वा प्रव्राजितः, वयस्यकास्तस्याधृतिं कृत्वा प्रतिगताः, तेऽपि उपाश्रयं निजं गताः, विलम्बिते (किञ्चिच्छेषे) सूर्ये पन्थानं प्रतिलेखय(स्वे)ति, परं प्रत्युषसि व्रजाव इति विसृष्टः, प्रतिलिख्यागतः, प्रत्युपसि निर्गतौ, पुरतो व्रजेति भणितः, व्रजन् पथः स्फिटितश्चण्डरुद्रः स्थाणौ प्रस्खलितः, रुष्टेन हा दुष्टशैक्ष ! इति दण्डेन मस्तके आहतः, शिरः स्फोटितम्, तथाऽपि सम्यक् सहते, विमले प्रभाते चण्डरुद्रेण गलद्रुधिरमूर्धा दृष्टः, हा दुष्टं कृतमिति संवेगमापन्नेन क्षमितः ।

રીતે એ કરવા દે ? કાં તો ત્યારે ભાવ થઈ ગયા હોય. વાર્તામાં તો સાધુઓનો વિચાર બતાવ્યો છે કે 'આ કપટી છે.' એ ખરેખર કપટી હતો કે નહિ ? એનો ખુલા ો નથી...)

તેના મિત્રો અધૃતિને = ખેદને કરીને પાછા જતા રહ્યા.

---

वृत्ति :- तेऽवि उवस्सयं नियगं गया, विलंबिए सूरे पंथं पडिलेहेइ, परं पच्चूसे वच्चामित्ति विसज्जिओ, पडिलेहिउमागओ, पच्चूसे निग्गया, पुरतो वच्चति(त्ति) भणितो, वच्चंतो पंथातो फिडितो चंडरुद्दो खाणुए पक्खलितो, रुसिएण हा दुट्ठसेहत्ति दंडएण मत्थए आहतो, सिरं फोडितं, तहावि सम्मं सहइ, विमले पहाए चंडरुद्देण रुहिरोग्गलंतमुद्धाणो दिट्ठो, हा ! दुट्ठु कयंति संवेगमावण्णेण खामिओ ।। एवं गुरुप्रसादात् चण्डरुद्राचार्यशिष्यस्येव सकलसमीहितावाप्तिरिति मत्वा मनोवाक्कायैर्गुरुचित्तानुवृत्तिपरैर्भाव्यमिति, अनेनानन्तरेण च सूत्रेण प्रतिरूपयोगयोजनात्मक औपचारिको विनय उक्त इति सूत्रार्थः ।।१३।।

---

તે ગુરુ-શિષ્ય પણ પોતાના ઉપાશ્રયમાં ગયા.

ગુરુએ કહ્યું કે- 'સૂર્ય વિલંબિત છે = અસ્ત પામ્યો નથી, ત્યાં સુધીમાં તું રસ્તો જોઈ લે, કે જેથી વહેલી સવારે જતા રહીએ... એ સારું.' એ પ્રમાણે એને મોકલ્યો.

શિષ્ય રસ્તો જોઈને આવી ગયો. સવારે બંને નીકળ્યા. ગુરુએ કહ્યું- 'તું આગળ ચાલ.' (રસ્તો એણે જોયો હતો ને...) શિષ્ય આગળ ચાલતો ચાલતો રસ્તામાંથી ભૂલો પડી ગયો... (એટલે બે ય ખોટા રસ્તે ચડ્યા.)

ચંડરુદ્ર ઠુંઠા સાથે અથડાયા અને પડવા જેવા થઈ ગયા, એટલે ગુસ્સે થયેલા એમણે 'દુષ્ટ શૈક્ષ (નૂતન)' એ પ્રમાણે વિચારીને (બોલીને) એના માથા પર દંડ વડે પ્રહાર કર્યો.

એનું માથું ફૂટી ગયું, (લોહી નીકળવા લાગ્યું.) તો પણ સારી રીતે સહન કરે છે. જ્યારે નિર્મળ પ્રભાત થયું, (એટલે કે પ્રકાશવાળું પ્રભાત થયું) ત્યારે ચંડરુદ્રે જોયું કે 'નૂતન દીક્ષિતના મસ્તક ઉપરથી લોહી ટપકી રહ્યું છે.'

'અરે ! મેં ખોટું કર્યું' એમ ચંડરુદ્ર સંવેગ ભાવને પામ્યા, શિષ્યની પાસે ક્ષમા માંગી.

આ પ્રમાણે 'ગુરુની કૃપાથી ચંડરુદ્રાચાર્યના શિષ્યની જેમ ગુરુની કૃપાથી તમામ ઈષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે.'

એ પ્રમાણે માનીને શિષ્યોએ મનથી, વચનથી અને કાયાથી ગુરુના ચિત્તને અનુસરવામાં તત્પર બનવું જોઈએ.

આ ૧૩માં સૂત્ર વડે અને અનંતર = ૧૨માં સૂત્ર વડે પ્રતિરૂપયોગયોજન રૂપ ઔપચારિક વિનય કહેવાયો.

('ગુરુને અનુકૂળ યોગ આચરવા એ પ્રતિરૂપયોગયોજન રૂપ વિનય છે' એમ સામાન્યથી સમજવું.)

---

अवतरणिका :- कथं पुनर्गुरुचित्तमनुगमनीयमित्याह-

---

અવતરણિકા :- ગુરુના ચિત્તને કેવી રીતે અનુસરવું ? એ કહે છે-

---

।।मू. गा. १४।। णापुट्ठो वागरे किंचि, पुट्ठो वा नालियं वए ।
कोहं असच्चं कुव्विज्जा, धारिज्जा पियमप्पियं ।।१४।। (सूत्रम्)

व्याख्या - 'नापृष्टः' कथमिदम् ? इत्याद्यजल्पितः, गुरुणेति गम्यते, 'व्यागृणीयात्' वदेत्, तथाविधं कारणं विना, 'किञ्चित्' स्तोकमपि, पृष्टो वा न 'अलीकम्' अनृतं 'वदेत्' कारणान्तरेण च

गुरुभिरतिनिर्भर्त्सितोऽपि न तावत् क्रुध्येत्, कथञ्चिदुत्पन्नं वा क्रोधम् 'असत्यं' तदोत्पन्नकुविकल्प-विफलीकरणेन 'कुर्वीत' विदध्यात्, कथम् ?- 'धारयेत्' स्थापयेत्, मनसीति शेषः,

---

**ગાથાર્થ :** નહિ પૂછાયેલો કંઈ ન બોલે, પૂછાયેલો ખોટું ન બોલે, ક્રોધને અસત્ય = નિષ્ફળ કરે, અપ્રિયને પ્રિય તરીકે ધારે.

**ટીકાર્થ :** **नापृष्टः** ગુરુએ જ્યાં સુધી પૂછ્યું ન હોય કે 'આ વસ્તુ આ પ્રમાણે કેમ છે ?' ત્યાં સુધી એ નહિ પૂછાયેલો શિષ્ય किंचित् = થોડુંક પણ ન બોલે.

આ ગાથામાં **गुरुणा** એ શબ્દ નથી, પણ એ સમજી લેવાનો છે. (गम्यते)

**પ્રશ્ન :** ક્યારેક એવું બને કે ગુરુએ પૂછ્યું ન હોય, પણ આપણી પાસે જાણકારી હોય, ગુરુને આપણે ન જણાવીએ, તો નુકસાન થવાની શક્યતા હોય. કદાચ પાછળથી ગુરુ એવું પણ કહે કે– 'તને ખબર હતી, તો તારે કહેવું જોઈએ ને ?' તો શું કરવું ?

**तथाविधं... ઉત્તર :** તેવા પ્રકારનું કારણ હોય, તો તો ગુરુની પૃચ્છા વિના પણ બોલે. પણ એવા કોઈ કારણ ન હોય, તો ગુરુના પૂછ્યા વિના (ડહાપણ દેખાડવા) બોલે નહિ.

**पृष्टो वा...** તથા જ્યારે ગુરુ પૂછે ત્યારે અસત્ય ન બોલે.

**कारणान्तरेण...** બીજા કારણસર ગુરુ અત્યંત ઠપકો આપે, તો પણ ક્રોધ ન કરે....

(જો **कारणान्तरेण** ન લખે, તો કોઈ એમ સમજી બેસે કે, ગુરુએ કોઈ બાબતમાં પૂછ્યું હોય, અને શિષ્યએ સા ો જવાબ પણ આપેલો હોય, પણ તેમાં શિષ્યનો અપરાધ જાણીને આચાર્યએ ઠપકો આપ્યો હોય, ત્યારની આ વાત છે, પણ ખરેખર આ વાત બીજા સામાન્ય સંજોગો માટે છે. તેથી '**कारणान्तरेण**' લખવું પડ્યું.)

**कथञ्चिदुत्पन्नं...** ધારો કે કોઈપણ રીતે ક્રોધ ઉત્પન્ન થઈ જાય, તો એને ખોટો કરે.

**પ્રશ્ન :** ક્રોધને ખોટો કેવી રીતે કરે ?

**ઉત્તર :** ક્રોધ વખતે ઉત્પન્ન થયેલા ખરાબ વિચારોને નિષ્ફળ કરવા વડે ક્રોધને ખોટો કરે. (મનના વિચારોને વચન-કાયામાં ન ઉતરવા દેવા, એ જ એ વિચારોનું નિષ્ફલીકરણ ! એ જ ક્રોધને અસત્ય કરવો તે...)

**પ્રશ્ન :** પણ ક્રોધ વખતે ઉત્પન્ન થયેલા કુવિચારોને નિષ્ફળ કરવા શી રીતે ? **कथं** ?

**ઉત્તર :** અપ્રિય એવા પણ ગુરુવચનને મનમાં પ્રિયની જેમ સ્થાપે. ગાથામાં **मनसि** શબ્દ નથી, એ શેષ લેવાનો. (પ્રિયને ક્યાં સ્થાપે ? એ લખેલું નથી, એટલે **मनसि** શબ્દ શેષ લેવો પડે છે.)

---

वृत्ति :- *'पियमप्पियं'* ति इवाप्योर्गम्यमानत्वात् प्रियमिवेष्टमिव सदा गुणकारणतया अप्रियमपि कर्णकटुकतया तदाऽनिष्टमपि, गुरुवचनमिति गम्यते, अत्र श्लोकपूर्वार्धेन वाचा यथा गुरुरनुवर्तनीयः तथोक्तमुत्तरार्धेन तु मनसेति, अथवा नापृष्ट इति न गुरुणैव किन्तु येन केनचिदपीत्यादिक्रमेण पादत्रयं सामान्येन प्राग्वन्नेयम्, नवरं क्रोधम् उपलक्षणत्वान्मानादिकषायं चोत्पन्नमसत्यं कुर्वीत,

---

અહીં पियमप्पियं શબ્દ છે, ત્યાં इव અને अपि ગમ્યમાન છે, તેથી આ પ્રમાણે અર્થ થશે.

अप्रियमपि... प्रियमिव मनसि स्थापयेत् ।

આમાં અપ્રિય કોણ ? એ લખેલું નથી. પણ ગુરુવચનં એ સમજી લેવાનું. (गम्यते)

પ્રશ્ન : ગુરુવચન અપ્રિય હોવું એટલે શું ?

ઉત્તર : कर्णकटुकतया– એ વચન કાનને માટે કડવું છે, તેથી ત્યારે તે અનિષ્ટ છે = ગમતું નથી, માટે તે અપ્રિય કહેવાય. આવા વચનને પણ પ્રિય જેવું = ઈષ્ટની જેમ મનમાં સ્થાપવું. એટલે કે મનમાં એને ઈષ્ટ જ માનવાનું.

પ્રશ્ન : પણ એ પ્રિય જેવું શી રીતે કહેવાય ? એ તો અપ્રિય છે.

ઉત્તર : गुणकारणतया– કર્ણકટુ હોવાથી ભલે અપ્રિય છે, પણ કાયમ એ ગુણકારી છે, તેથી એ પ્રિય જેવું છે.

अत्र श्लोकपूर्वार्धेन... આ ગાથામાં શ્લોકના પૂર્વાર્ધ વડે 'ગુરુનું અનુવર્તન વાણી વડે જે રીતે કરવાનું છે.' તે રીતે બતાવી દીધું. અને ઉત્તરાર્ધ વડે 'ગુરુનું અનુવર્તન મનથી જે રીતે કરવાનું છે.' તે રીતે બતાવી દીધું.

(અર્થાત્ ગુરુ ન પૂછે, ત્યાં સુધી ન બોલવું, પૂછે ત્યારે સાચું બોલવું... આ વાણીથી ગુરુનું અનુવર્તન છે. જ્યારે ગુરુ ઉપર ગુસ્સો આવે, તો એ મનમાં જ ખતમ કરી દેવો, ગુરુના કડવા વચનોને મનમાં ારા માનવા... આ મનથી ગુરુનું અનુવર્તન છે.) અથવા

नापृष्टः એમાં માત્ર 'ગુરુ વડે નહિ પૂછાયેલો...' એટલો જ અર્થ ન લેવો. પરંતુ ગુરુ કે જે કોઈપણ...

(૧) જ્યાં સુધી ન પૂછે, ત્યાં સુધી ન બોલવું...

(૨) જ્યારે કોઈપણ પૂછે, ત્યારે ખોટું ન બોલવું...

(૩) કોઈના ઉપર પણ ક્રોધ આવે, તો એને અસત્ય કરવો...

त्यादिक्रमेण पादत्रयं... આમ આ ક્રમથી પહેલા ત્રણ પાદ તો પૂર્વની જેમ જ લેવાના, પણ આ સામાન્યથી લેવાના. (માત્ર ગુરુને લઈને નહિ, પણ તમામની = સામાન્યની અપેક્ષાએ ઘટાવવાના.)

नवरं क्रोधम्... માત્ર ત્રીજા પાદમાં વિશેષ અર્થ આ પ્રમાણે કે– क्रोधं લખેલું છે પણ એ ઉપલક્ષણ હોવાથી માનાદિ કષાય પણ લેવા. એટલે 'ઉત્પન્ન થયેલા માનાદિ કષાયોને અસત્ય કરવા...' આ પ્રમાણે અર્થ થશે.

---

वृत्ति :– क्रोधासत्यतायामुदाहरणसम्प्रदायः– [1]कस्सवि कुलपुत्तयस्स भाया वेरिएण वावाइओ, तओ सो जणणीए भण्णइ–पुत्त ! पुत्तघाययं घायसुत्ति, तओ सो तेण जीवग्गाहं गिण्हिऊण जणणीसमीवमुवणीओ, भणिओ अणेण–भायघायय ! कहिं ते आहणामित्ति, तेण भणिओ–जहिं सरणागया आहम्मंति, तेण जणणी अवलोकिया, ताए भण्णइ–ण पुत्त ! सरणागया आहम्मंति, तेण भण्णइ–कहं रोसं सफलं करेमित्ति, तेण भण्णइ–ण पुत्त ! सव्वत्थ रोसो सफलो कज्जइ, पच्छा सो तेण विसज्जिओ।। एवं क्रोधमसत्यं कुर्वीत, मानादिविफलीकरणे उदाहरणान्यागमादवधारणीयानि, इत्थमुदितानां क्रोधादीनां विफलीकरणमुपदिष्टम्,

---

'ક્રોધને કેવી રીતે અસત્ય કરવો ?' એમાં ઉદાહરણનોં સંપ્રદાય આ પ્રમાણે છે. (સંપ્રદાયથી આ દૃષ્ટાન્ત જાણવા મળેલું છે.)

---

1. कस्यापि कुलपुत्रकस्य भ्राता वैरिणा व्यापादितः, ततः स जनन्या भण्यते–पुत्र ! पुत्रघातकं घातयेति, ततः स तेन जीवग्राहं गृहीत्वा जननीसमीपमुपनीतः, भणितोऽनेन–भ्रातृघातक ! कुत्र त्वामाहन्मीति, तेन भणितः–यत्र शरणागता आहन्यन्ते, तेन जननी अवलोकिता, तया भण्यते–पुत्र ! न शरणागता आहन्यन्ते, तेन भण्यते–कथं रोषं सफलं करोमीति, तया भण्यते–न पुत्र ! सर्वत्र रोषः सफलः क्रियते, पश्चात्स तेन विसृष्टः ।

કોઈક કુલપુત્રકના = કુલવાન પુત્રના ભાઈને શત્રુએ મારી નાંખ્યો. તેથી માતા કુલપુત્રકને કહે છે કે 'પુત્ર ! તું પુત્રઘાતકને (તારા ભાઈના અને મારા દીકારાના હત્યારાને) મારી નાખ.'

તેથી તે એના જીવને હાથમાં પકડ્યો હોય, એ રીતે પકડીને માતાની પાસે લાવ્યો... (નિષ્ઠુરતા, નિર્દયતાથી પકડીને) કુલપુત્રકે એને કહ્યું – 'મારા ભાઈના હત્યારા ! બોલ, તને ક્યાં હણું ?' (તારા શરીરના ક્યાં અંગ પર ઘા કરું...) તેણે જવાબ આપ્યો– 'શરણે આવેલાઓને જે અંગ પર હણવામાં આવે તે અંગ પર ઘા કર.'

કુલપુત્રકે માતા સામે જોયું. માતાએ કહ્યું– 'પુત્ર ! શરણે આવેલાઓને હણવામાં આવતા નથી.'

કુલપુત્રકે કહ્યું– 'મારા ક્રોધને કેવી રીતે સફળ કરું ?

માતાએ કહ્યું – 'પુત્ર ! બધે જ ક્રોધ સફળ ન કરાય.' પછી કુલપુત્રકે તેને છોડી દીધો. (દૃષ્ટાન્ત પૂર્ણ)

**एवं क्रोधमसत्यं...** આ પ્રમાણે ક્રોધને અસત્ય કરવો જોઈએ. માન વગેરેને નિષ્ફલ કરવામાં દૃષ્ટાન્તો આગમથી અવધારી લેવા.

**इत्थमुदितानां...** આ પ્રમાણે ઉદયમાં આવી ચૂકેલા ક્રોધ વગેરેના વિફલીકરણનો ઉપદેશ આપી દીધો.

---

वृत्ति :- सम्प्रति यथैषामुदय एव न स्यात् तथोपदेष्टुमाह- *'धारयेत्'* स्वरूपेणावधारयेत्, न तद्वशतो रागं द्वेषं वा कुर्यात्, *'प्रियं'* प्रीत्युत्पादकं शेषजनापेक्षया स्तुत्यादि, *'अप्रियं'* तद्विपरीतं निन्दादि,

---

**सम्प्रति यथैषामुदय...** હવે જે રીતે આ ક્રોધાદિનો ઉદય જ ન થાય, તે રીતે કરવાનો ઉપદેશ આપવા માટે કહે છે. (હવે ગાથાના ચોથાપાદનો અર્થ કરે છે.)

(પહેલા ગુરુને લઈને ચારેય પાદોનો અર્થ કરી દીધો, એ પછી ગુરુ નહિ, પણ તમામને લઈને પહેલા ત્રણ પાદનો અર્થ કર્યો, એમાં ત્રીજા પાદમાં વિશેષ અર્થ થોડોક બતાવ્યો. હવે આ બીજી વખતના વ્યાખ્યાનમાં ચોથાપાદનું વર્ણન કરે છે.)

**स्वरूपेणा...** પ્રિયને અને અપ્રિયને એના સ્વરૂપથી અવધારે. અર્થાત્ માત્ર એના સ્વરૂપને જાણે... પણ તે પ્રિયના વશથી રાગને કે અપ્રિયના વશથી દ્વેષને ન કરે.

**प्रियं** = પ્રીતિને ઉત્પન્ન કરનાર સ્તુતિ વગેરે. **अप्रियं** = પ્રિયથી વિપરીત = અપ્રીતિને ઉત્પન્ન કરનાર નિંદા વગેરે.

આ સ્તુત્યાદિ પ્રિય અને નિંદાદિ અપ્રિય કહ્યા, એ બાકીના લોકોની અપેક્ષાથી સમજવું. (બાકી પ્રસ્તુત સાધુ માટે તો બધું સમાન જ છે, એને પ્રશંસાદિ રાગોત્પાદક ન બને, નિંદાદિ દ્વેષોત્પાદક ન બને... એટલે એના માટે તો પ્રિય અને અપ્રિય એ બે શબ્દો જ નથી... એટલે કે એના માટે આવો કોઈ ભેદ જ નથી.)

---

वृत्ति :- तत्रोदाहरणसम्प्रदायः- [1]असिवोवद्दुए णयरे तिन्नि भूयवाईया रायाणमुवगया भणंति- अम्हे असिव उवसमेमोत्ति, राइणा भणियं-सुणिमो केणोवाएणंति, तत्थेगो भणइ-अस्थि महेगं भूयं, ते

---

1. अशिवोपद्रुते नगरे त्रयो भूतवादिका राजानमुपगता भणन्ति-वयमशिवमुपशमयाम इति, राज्ञा भणितम्-शृणुमः केनोपायेनेति, तत्रैको भणति-अस्ति ममैको भूतः, स सुरूपं विकुर्व्य गोपुररथ्यादिषु पर्यटति, सो न निभालयितव्यः, स निभालितो रुष्यति, यः पुनस्तं निभालयति स विनश्यति, यस्तं प्रेक्ष्याधोमुखस्तिष्ठति स रोगान्मुच्यते, राजा भणति-अलमेतेनातिरोषणेनेति । द्वितीयो भणति-मामकीनो भूतो महातिमहालयं रूपं विकुर्वति, लम्बोदरं विवृतकुक्षि पञ्चशिरस्कमेकपादं विशिखं विस्वरूपं (विश्वरूपम्) अट्टाट्टहासं मुञ्चत् गायत् प्रणृत्यत्, तं विकृतरूपं दृष्ट्वा यः प्रहसति प्रवञ्चयते वा तस्य सप्तधा शिरः स्फुटति, यः पुनस्तं शुभाभिर्वाग्भिरभिनन्दति धूपपुष्पादिभिः पूजयति स सर्वथाऽऽमयात् मुच्यते, राजा भणति-अलमेतेनापि । तृतीयो भणति-ममाप्येवंविध एव, .नातिविशेषकरः भूतोऽस्ति, प्रियाप्रियकारिणं दर्शनादेव रोगेभ्यो मोचयति, एवं भवत्विति, तेन तथा कृते अशिवमुपशान्तम् । एवं साधुरपि असारूप्यत्वे सति शब्दादिप्रतिकूलत्वे च परैः परिभूयमानः प्रवञ्च्यमानो हस्यमानो वा स्तूयमानो वा पूज्यमानो वा तत् प्रियाप्रियं सहेत १ ।

सुरूवं विऊव्विऊणं गोपुररत्थाइसु परियडइ, तं न णिहालेयव्वं, तं णिहालियं रुसइ, जो पुण तं निहालेति सो विणस्सइ, जो पुण पिच्छिऊण अहोमुहो ठाइ सो रोगाओ मुच्चइ, राया भणति-अलाहि एएण अइरोसणेणंति । बिइओ भणति महच्चयं भूयं महतिमहालयं रूवं विउव्वति, लंबोयरं विवृतकुक्षि पंचशिरं एगपादं विसिहं विस्सरुवं अट्टट्टहासं मुयंतं गायंतं पणच्चंतं, तं विकृतरूपं दट्ठूणं जो पहसति पवंचेति वा तस्स सत्तहा सिरं फुट्टइ, जो पुण तं सुहाहिं वायाहिं अभिणंदति धूवपुप्फाईहिं पूएइ सो सव्वहाऽऽमयातो मुच्चइ, राया भणइ- अलमेएणंपि । ततितो भणइ-ममवि एवंविहमेव णातिविसेसकरं भूयमत्थि, प्रियाप्रियकारिणं दरिसणादेव रोगेहिंतो मोचयति, एवं होउत्ति, तेण तहाकए असिवं उवसंतं ।

---

તેમાં ઉદાહરણનો સંપ્રદાય આ પ્રમાણે છે.

અશિવથી ઉપદ્રુત = પરેશાન થયેલા = ઉપદ્રવવાળા બનેલા નગરમાં ત્રણ ભૂતવાદીઓ રાજાની પાસે આવ્યા અને કહે છે કે 'અમે અશિવને ઉપશાંત કરીએ...'

રાજાએ કહ્યું 'સાંભળું તો ખરો, કયા ઉપાયથી શાંત કરો

તેમાં એક ભૂતવાદી કહે છે કે 'મારી પાસે એક ભૂત છે તે સારૂ રૂપ વિકુર્વીને નગરના દરવાજા, શેરી વગેરે સ્થાનોમાં ફરશે, તેને જોવું નહિ. જો એને જોવામાં આવે, તો એ ગુસ્સે થાય, જે એને જુએ, તે મરી જાય, પણ જે એને જોઈને નીચું મોઢું કરીને ઉભો રહેશે, તે રોગથી મુક્ત થશે.

રાજા કહે 'અતિક્રોધવાળા એ ભૂત વડે મારે સર્યું.'

બીજો કહે છે 'મારું ભૂત ઘણા મોટા રૂપને વિકુર્વે છે. લાંબા પેટવાળું, પહોળી થયેલી કુક્ષિવાળું, પાંચમાથાવાળું, એક પગવાળું, વિચિત્ર ચોટલીવાળું, વિચિત્રસ્વરૂપવાળું (અનેકરૂપવાળું) ખડખડાટ હાસ્યને કરતું, ગાતું, નાચતું, વિકૃતરૂપવાળું એ ભૂત છે. તેને જોઈને જે હસે છે કે એની મશ્કરી કરે છે, તેના માથાને એ સાત ટુકડામાં ફોડી નાંખે છે.

જે તેને શુભ વાણી વડે અભિનંદન આપે છે, ધૂપ-પુષ્પ વગેરે વડે પૂજે છે. તે સર્વ પ્રકારે રોગથી મુક્ત થાય છે.'

રાજા કહે 'આના વડે પણ સર્યું.'

ત્રીજો કહે 'મારે પણ આવા પ્રકારનું જ અતિવિશેષને ન કરનારું (બીજા ભૂત કરતા ઝાઝા ભેદ વિનાનું, એના જેવું જ) ભૂત છે. (માત્ર મુખ્ય વિશેષતા એ કે) પ્રિય કે અપ્રિય કરનારાને પોતાના દર્શન માત્રથી જ રોગોથી છોડાવે છે. (કોઈ એને પ્રિય કરે, કોઈ અપ્રિય કરે... બધાને નીરોગી બનાવે.)

રાજા કહે 'આવા પ્રકારનું ભૂત થાઓ... (બરાબર છે.)' તે ત્રીજાએ તે પ્રમાણે ભૂતની વ્યવસ્થા ગોઠવી, એટલે અશિવ ઉપશાંત થયું.

---

वृत्ति :- एवं साधूवि असारूप्यत्वे सति शब्दादिप्रतिकूलत्वे च परेहिं परिभूयमाणो पवंचिज्जमाणो हसिज्जमाणो वा तथा थुव्वमाणो वा पूइज्जमाणो वा तं प्रियाप्रियं सहेत । अनेन च मनोगुप्त्यभिधानाच्चारित्रविनय उक्तः, इति सूत्रार्थः ।।१४।।

---

'एवं साधूवि... એમ સાધુ પણ બીજાઓ વડે પરાભવ કરાતો = અપમાનિત કરાતો, મશ્કરી કરાતો કે હસાતો = હાસ્યાસ્પદ કરાતો તથા સ્તવના કરાતો કે પૂજા કરાતો છતાં તે પ્રિય અને અપ્રિયને સહન કરે.

પ્રશ્ન : સાધુની લોકો સ્તુતિ-પૂજા કરે એ બરાબર, પણ એનો પરાભવ, મશ્કરી, હાસ્ય... શા માટે કરે ?

ઉત્તર : असारूप्यत्वे सति = સાધુનું રૂપ = બાહ્ય સ્વરૂપ બધા કરતા અલગ પ્રકારનું હોય છે. (વસ્ત્રો, વાળ, ભોજનાદિ પ્રક્રિયા વગેરે બધું...) એટલે તે તે લોકો એ વિચિત્ર વેષાદિને (તેઓ કરતા તો સાવ અલગ જ છે ને !) પરાભવાદિ કરે... એ શક્ય છે.

शब्दादिप्रतिकूलत्वे च = સાધુનો શબ્દ ઘોઘરો-કર્કશ હોય, એવું પણ બને. એમ મુખાકૃતિ વિચિત્ર હોય એ પણ બને... આ બધું જે લોકોને પ્રતિકૂલ થઈ પડે, તે લોકો સાધુનું અપમાનાદિ કરે. (ચોથા પાદની વ્યાખ્યા પૂરી થઈ.)

अनेन च... આ ચોથાપાદ વડે મનોગુપ્તિનું કથન કરવા દ્વારા ચારિત્રવિનય કહેવાયો.

---

अवतरणिका :- आह- क्रोधासत्यताकरणादिभिरात्मदमनोपाय उक्तः, तत्र च बाह्येष्वपि दमनीयेषु सत्सु किमिति तस्यैव दमनोपाय उद्दिश्यते ? किं वा तद्दमने फलमिति, अत्रोच्यते-

---

અવતરણિકા :- પ્રશ્ન : ક્રોધની અસત્યતા કરવા વગેરે વડે આત્માના દમનનો ઉપાય કહેવાયો, પણ આમાં પ્રશ્ન એ છે કે આપણા વિરોધીઓ વગેરે બાહ્ય લોકો પણ દમનીય છે, એમને પણ દબાવવા જરૂરી છે. તો પહેલા એ કામ કરવું જોઈએ ને ? એને બદલે એ બાહ્ય દમનીય હોવા છતાં પણ આત્માના જ દમનનો ઉપાય શા માટે કહેવાય છે ? ઉપદેશાય છે ?

(અથવા બીજી રીતે અવતરણિકા કહે છે)

પ્રશ્ન : આત્માનું દમન કરીએ, તો શું ફળ મળે ?

ઉત્તર : આ પ્રશ્ન થયો, એટલે એમાં હવેની ગાથા દ્વારા જવાબ આપે છે.

---

॥मू. गा. १५॥ अप्पामेव दमेए, अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दंतो सुही होइ, अस्सिं लोए परत्थ य ॥१५॥ (सूत्रम्)

व्याख्या - अतति-सन्ततं गच्छति शुद्धिसङ्क्लेशात्मकपरिणामान्तराणीत्यात्मा तमेव 'दमयेत्' इन्द्रियनोइन्द्रियदमेन मनोज्ञेतरविषयेषु रागद्वेषवशतो दुष्टगजमिवोन्मार्गगामिनं स्वयं विवेकाङ्कुशेनोपशमनं नयेत्, पठन्ति च- *'अप्पा चेव दमेयव्वो'*त्ति स्पष्टम्, किमेवमुपदिश्यत इत्याह-आत्मैव, हुशब्दस्यैवकारार्थत्वात् 'खलु' इति यस्मात् 'दुर्दमः' दुर्जयः, ततस्तद्दमने दमिता एव बाह्यदमनीया इति न तद्दमनमुपदिश्यत इति भावः,

---

ગાથાર્થ : આત્માને જ દમવો જોઈએ. કારણ કે આત્મા જ દુર્દમ છે. દાન્ત આત્મા ઈહલોકમાં અને પરલોકમાં સુખી થાય છે.

ટીકાર્થ : अतति = સતત પામે છે... તે આત્મા.

જે શુદ્ધિસ્વરૂપ અને સંક્લેશ સ્વરૂપ એવા બીજા પરિણામોને પામે છે તે આત્મા.

(વર્તમાનમાં વિવક્ષિત કોઈપણ એક પરિણામ તો છે જ, બીજા-ત્રીજા... સમયે આત્મા એ સિવાયના બીજા પરિણામોને પામે છે... એટલે परिणामान्तराणि લખેલ છે.)

આ આત્માને જ દમવો જોઈએ. = ઉપશમભાવને પમાડવો જોઈએ = શાંત કરવો જોઈએ.

પ્રશ્ન : પણ કેવી રીતે શાંત કરવો ?

इन्द्रियनोइन्द्रियदमेन... ઉત્તર : પાંચ ઈન્દ્રિયો અને મનના દમન વડે આત્માને દમવો. આત્મા મનોજ્ઞ = ઈષ્ટ અને

ઈતર = અનિષ્ટ એવા વિષયોમાં રાગ અને દ્વેષને વશ થતો હોય છે. એ રાગ અને દ્વેષની પરવશતાના કારણે આત્મા દુષ્ટહાથીની જેમ ખોટા રસ્તે આગળ વધતો હોય છે.

स्वयं... આવા આત્માને જાતે જ વિવેકરૂપી અંકુશ વડે ઉપશમભાવને પમાડવો. (વિવેક અંકુશથી ઈન્દ્રિયાદિનું દમન થશે. એનાથી આત્મા ઉપશમભાવને પામશે...)

(વૃત્તિકારે दमयेत् રૂપ લીધું છે. એટલે अप्पाणमेव दमए... આ પાઠ હોવો જોઈએ. છપાયેલો પાઠ બરાબર નથી લાગતો... પાઠાંતર રૂપે પણ બરાબર નથી...)

પાઠાંતર આ પ્રમાણે છે કે 'अप्पा चेव दमेयव्वो' આ તો સ્પષ્ટ જ છે.

પ્રશ્ન : કેમ આ પ્રમાણે ઉપદેશ અપાય છે ?, કે 'આત્માને જ દમવો.'

आत्मैव... ઉત્તર : જે કારણથી = કેમકે = કારણ કે આત્મા જ દુર્દમ = દુર્જય છે.

हु શબ્દ एव કાર અર્થવા ો છે, તેથી 'જ' લીધો છે. खलु = यस्मात्

ततः = આત્મા જ દુર્જય છે, બીજા નહિ, તેથી તેનું = આત્માનું દમન થઈ જાય, તો બાહ્ય-દમનીય લોકો તો દમન થઈ જ ગયેલા છે. સાર એ કે આ કારણથી જ બાહ્યોનું દમન કરવાનો ઉપદેશ અપાતો નથી.

---

वृत्ति :- उक्तं हि- "*सव्वमप्पे[1] जिए जियं*", कः पुनरेवं गुण इत्याह- *आत्मा 'दान्त'* उपशममानीतः, सुखमस्यास्तीति *सुखी, भवति* क्व ?- *'अस्मिन्'* इत्यनुभूयमानायुषि विनेयाध्यक्षे *'लोके'* भवे *'परत्र च'* इत्यागामिनि भवान्तरे, दान्ताऽऽत्मानो हि परमर्षय इहैव सुरैरपि पूज्यन्ते, अदान्ताऽऽत्मानस्तु चौरपारदारिकादयो विनश्यन्ति, तथा-

*"[2]सद्देण मओ रूवेण पयंगो महुयरो (य) गंधेणं ।*
*आहारेण य मच्छो वज्झइ फरिसेण य गइंदो ॥१॥"*

---

કહ્યું છે કે 'આત્મા જીતાય, એટલે બધું જ જીતાયું.'

कः पुनरेवं... પ્રશ્ન : આ રીતે આત્માનું દમન કરીએ તો એમાં વળી ગુણ = લાભ શું ?

आत्मा... ઉત્તર : ઉપશમને પમાડાયેલો આત્મા સુખી થાય છે.

પ્રશ્ન : ક્યાં ? (क्व)

'अस्मिन्'... ઉત્તર : જેનું (જેમાં) આયુષ્ય અનુભવાય છે. તેવા શિષ્યને પ્રત્યક્ષ એવા આ લોકમાં અને આવનારા ભવાન્તરમાં સુખી થાય છે.

(अस्मिन् = इदं નું રૂપ છે. એ પ્રત્યક્ષ વસ્તુ માટે જ વપરાય છે, તેથી શિષ્યને પ્રત્યક્ષ... એવું દર્શાવ્યું. વર્તમાન લોક તો શિષ્ય પ્રત્યક્ષ જ છે...)

પ્રશ્ન : આ લોકમાં શી રીતે સુખી જાય ?

दान्ताऽऽत्मानो... ઉત્તર : જેમણે પોતાના આત્માને દમાવી દીધો છે, એવા પરમઋષિઓ આ જ લોકમાં દેવો વડે પણ

1. सर्वमात्मनि जिते जितम् । 2. शब्देन मृगो रूपेण पतङ्गो मधुकरश्च गन्धेन । आहारेण च मत्स्यो बध्यते स्पर्शेन च गजेन्द्रः ॥१॥

પૂજાય છે.

अदान्ताऽऽत्मानस्तु... જ્યારે પોતાના આત્માને નહિ દમનારા, (માટે જ) ચોરી કરનારા, પરસ્ત્રીગમન કરનારા વગેરે (ઈહલોકમાં જ) વિનાશ પામે છે.

તથા હરણ શબ્દવડે, પતંગીયું રૂપવડે, ભમરો ગંધવડે, માછલું આહારવડે હાથી = ગજેન્દ્ર સ્પર્શવડે બંધાય છે = વધ કરાય છે. (હરણ ગીતના શબ્દોથી ખેંચાઈ શિકારીનો શિકાર બને. પતંગીયું અગ્નિના રૂપથી ખેંચાઈ સળગી મરે. ભમરો કમળની ગંધથી ખેંચાઈ કમળ બીડાઈ જતા કમળમાં જ સ્વયં બીડાઈ જાય. માછલું માંસથી ખેંચાઈ કાંટામાં વીંધાય, હાથી હાથણીના સ્પર્શ માટે ખેંચાઈ ખાડામાં પડીને બંધાય.)

---

वृत्ति :- तद्विपर्ययतस्तु-इह परत्र च नन्दन्ति, तत्र चोदाहरणम्-[1]दो भायरो चोरा, तेसिं उवस्सए साहुणो वासावासं उवागया, तेहिं वासारत्तपरिसमत्तीए गच्छंतेहिं तेसिं चोराणं अन्नं वयं किंचि अपडिवज्जमाणाणं रत्तिं न भोत्तव्वंति वयं दिण्णं । अन्नया तेहिं उद्दाइएहिं सुबहुयं गोमाहिसं आणियं, तत्थ अन्ने महिसं मारेउं पइउमारद्धा, अन्ने मज्जस्स गया, मंसइत्ता संपहारेन्ति-अद्धगे मंसे विसं पक्खिवामो तो मज्जइत्ताणं दाहामो, तओ अम्हं सुबहुं गोमाहिसं भागेण आगमिस्सइ,

---

तद्विपर्ययतस्तु... તેના વિપર્યયથી = ઈન્દ્રિયોને પરવશ ન થવાથી = આત્મદમનથી ઈહલોકમાં અને પરલોકમાં આનંદને પામે છે. તેમાં દૃષ્ટાન્ત આ છે.- બે ભાઈઓ ચોર હતા. તેમના ઉપાશ્રયમાં = ઘરમાં સાધુઓ વર્ષાવાસ = ચોમાસું આવ્યા. (રહ્યા.) ચોમાસાની સમાપ્તિ બાદ વિહાર કરતા તે સાધુઓએ બીજું કોઈપણ વ્રત ન લેતા તે ચોરોને 'રાત્રે ન ખાવું' એ પ્રમાણે વ્રત આપ્યું.

એકવાર (કોઈકવાર) ચોરી-લુંટ કરતા તેઓ પુષ્કળ ગાય-ભેંસ લાવ્યા (=મેળવ્યા.) તેમાં કેટલાક સાથીચોરો ભેંસને મારીને પકાવવા માંડ્યા. કેટલાક સાથીચોરો દારૂ લેવા માટે ગયા.

માંસ રાંધનારાઓ નિર્ણય કરે છે કે 'અડધા માંસમાં ઝેર નાંખી દઈએ, પછી એ દારૂવાળાઓને આપશું. તેથી અમને ભાગ રૂપે ઘણા બધા ગાય-ભેંસ આવશે=મળશે.''

---

वृत्ति :- मज्जइत्तावि एवं चेव सामत्थेहिंति, एवं तेहिं विसं पक्खित्तं, आइच्चो य अत्थं गतो, ते भायरो न भुत्ता, इयरे परोप्परं विससंजुत्तेण मज्जमंसेण उवभुत्तेण मया, मरिऊण य कुगइं गया, इयरे इह परलोए य सुहभागिणो जाया, एवं ताव जिब्भिंदियदमे, एवं सेसेसुवि इंदिएसु, 'अप्पा दंतो सुही होइ, अस्सिं लोए परत्थ य' इति सूत्रार्थः ।।१५।।

---

દારૂવાળાઓ પણ આ જ પ્રમાણે નિર્ણય કરે છે. આ પ્રમાણે તે બંને લોકોએ માંસ-દારૂમાં (પોતપોતાની રીતે) ઝેર નાંખ્યું. આ બાજુ સૂર્ય અસ્ત પામ્યો.

તે બે ભાઈઓએ વ્રત હોવાથી રાત્રે ન ખાધું. બીજા બધા ચોરસાથીઓ પરસ્પર વિષમિશ્રિત કરાયેલા દારૂ-માંસ ખાઈ-પીને મરી ગયા. મરીને દુર્ગતિમાં ગયા.

---

1. द्वौ भ्रातरौ चौरौ, तयोरुपाश्रये साधवो वर्षावासमुपागताः तैर्वर्षारात्रपरिसमाप्तौ गच्छद्भिस्तयोः चोरयोरन्यत् किञ्चिद्व्रतमप्रतिपद्यमानयो रात्रौ न भोक्तव्यमिति व्रतं दत्तम् । अन्यदा तैरुद्धावितैः सुबहुकं गोमाहिषमानीतं, तत्रान्ये महिषं मारयित्वा पक्तुमारब्धाः, अन्ये मद्याय गताः, मांसीयाः संप्रधारयन्ति-अर्धे मांसे विषं प्रक्षिपामः ततो मद्यीयेभ्यो दास्यामः, ततोऽस्माकं सुबहु गोमाहिषं भागेनागमिष्यति, मद्यीया अपि एवमेव संप्रधारयन्ति, एवं तैर्विषं प्रक्षिप्तम्, आदित्यश्चास्तं गतः, तौ भ्रातरौ न भुक्तौ, इतरे परस्परं विषसंयुक्तेन मद्यमांसेनोपभुक्तेन मृताः मृत्वा च कुगतिं गताः, इतरौ इह परलोके च सुखभागिनौ जातौ, एवं तावत् जिह्वेन्द्रियदमे, एवं शेषेष्वपीन्द्रियेषु, आत्मा दान्तः सुखी भवति अस्मिन् लोके परत्र च ।।

બાકીના = બે ભાઈઓ ઈહલોકમાં અને પરલોકમાં સુખભાગી થયા. આમ આ તો જીભ-ઈન્દ્રિયનું દમન કરવામાં શું ફળ મળે એ દર્શાવ્યું.

એ રીતે બાકીની ઈન્દ્રિયોને વિશે પણ દમન કરાયેલો આત્મા ઈહલોકમાં અને પરલોકમાં સુખી થાય છે. (ગાથાનો ઉત્તરાર્ધ ફરી મૂક્યો છે, એ વાક્યમાં જ એનો અર્થ લેવા માટે છે. બાકી એનો શબ્દાર્થ તો ટીકામાં પહેલા આપી જ ગયા છે.)

---

अवतरणिका :- किं पुनः परिभावयन्नात्मानं दमयेदित्याह -

---

અવતરણિકા :- પ્રશ્ન : 'શું વિચારતા વિચારતા આત્માને દમવો જોઈએ ?' એ કહે છે.

---

॥मू. गा. १६॥ वरं मे अप्पा दंतो, संजमेण तवेण य ।
माऽहं परेहिं दम्मंतो, बंधणेहिं वहेहि य ॥१६॥ (सूत्रम्)

व्याख्या - 'वरं' प्रधानं 'मे' मया 'आत्मा' अभिहितरूपस्तदाधाररूपो वा देहः, 'दान्त' इति दमं ग्राहितः असमञ्जसचेष्टातो व्यावर्तितः, केन हेतुना ?- 'संयमेन' पञ्चाश्रवविरमणादिना, 'तपसा च' अनशनादिना, चशब्दो द्वयोरप्यनपेक्षितायां मुक्तिहेतुताविरहात् परस्परसापेक्षतासूचनार्थः सम्यग्ज्ञानसमुच्चयार्थो वा,

---

ગાથાર્થ :- મારા વડે સંયમથી અને તપથી આત્મા દમાયેલો થાય, એ શ્રેષ્ઠ ! બીજાઓ વડે બંધનો અને વધ દ્વારા હું દમાયેલો ન થાઉં...

ટીકાર્થ :- જેની વ્યાખ્યા કહી ગયા છીએ એ આત્મા કે એના આધારરૂપ એવો દેહ મારા વડે દમન કરાય = દમનને ગ્રહણ કરાવાય = ખોટી ચેષ્ટાઓથી અટકાવાય એ શ્રેષ્ઠ !

પ્રશ્ન : પણ કયા હેતુથી = કારણથી આત્મા દાંત કરાય, તો એ શ્રેષ્ઠ !

ઉત્તર : પાંચ આશ્રવના વિરમણ વગેરે રૂપી સંયમવડે અને અનશનાદિ તપવડે. અર્થાત્ આ બે હેતુવડે આત્માને દમેલો હોય... તો શ્રેષ્ઠ !

ચ શબ્દ 'સંયમ અને તપ બંને એકબીજાની અપેક્ષાવાળા `.' એવું સૂચન કરવા માટે છે.

પ્રશ્ન : પણ એકબીજાની અપેક્ષા શા માટે ?

ઉત્તર : જો તેઓ એકબીજાની અપેક્ષા ન રાખે તો બેયની મોક્ષ કારણતાનો વિરહ થાય છે. એટલે કે સંયમ એ તપ વિના મોક્ષનું કારણ ન બને. તપ એ સંયમ વિના મોક્ષનું કારણ ન બને.

(સંયમ નવા કર્મોને અટકાવે, પણ જુના કર્મોના ક્ષય વિના મોક્ષ ન થાય. અને એ ક્ષય તો તપથી જ થાય. માટે તપ જોઈએ જ. એમ તપ એ જૂનાનો ક્ષય કરે, પણ સંયમ ન હોય, તો નવા કર્મો બંધાયા જ કરે. તોય મોક્ષ ન થાય, માટે સંયમ પણ જોઈએ. આ રીતે બંનેને એકબીજાની અપેક્ષા છે.)

અથવા તો

ચ શબ્દ સમ્યગ્જ્ઞાનનો સમુચ્ચય = સંગ્રહ કરવા માટે છે.

---

वृत्ति :- विपर्यये दोषदर्शनायाह-'मा' प्राग्वत्, 'अहम्' इत्यात्मनिर्देशः, 'परैः' आत्मव्यतिरिक्तैः 'दम्मंतो'त्ति आर्षत्वाद्दमितः, कैः ?- 'बन्धनैः' वर्ध्रादिविरचितैर्मयूरबन्धादिभिः 'वधैश्च' लतालकुटादिताडनैः,

વિપર્યયમાં = સંયમાદિવડે આત્મ-દમન ન કરવામાં દોષને દેખાડવા માટે કહે છે કે मा हं...

मा = પૂર્વની જેમ = નિષેધ અર્થમાં છે.

अहम् = એ પોતાની જાતનો નિર્દેશ છે.

परैः = પોતાના કરતા બીજાઓ વડે.

दम्मंतो = આર્ષ પ્રયોગ હોવાથી दमितः એ પ્રમાણે લેવું.

બીજાઓ વડે શેના દ્વારા દમાયેલો... એ કહે છે-

बन्धनैः = वर्धा = ચામડું વગેરેવડે બનાવાયેલા મયૂરબંધ વગેરે વડે.

(મયૂરબંધ = એક પ્રકારના બંધનનો પ્રકાર છે... એવા અનેક પ્રકારના બંધનો...)

वधैः = ચાબુક, લાકડી વગેરેના મારવડે.

(ભાવાર્થ એ કે જો હું સંયમાદિવડે આત્માને દમિત નહિ કરું તો બીજાઓ મને બંધનો અને વધ વડે દમિત કરશે... આવું ન થાય, એ માટે મારે દમન કરવું જોઈએ.)

---

वृत्ति :- अत्रोदाहरणं सेयणओ[1] गंधहत्थी-अडवीए हत्थिजूहं महल्लं परिवसइ, तत्थ जूहवती जाए जाए गयकलभए विणासेइ, तत्थेगा करिणी आवण्णसत्ता चिंतेइ-जइ कहंचि गयकलभतो जायइ, सोऽवि एतेण विणासिज्जिहित्तिकाउं लंगंती ओसरइ, जूहाहिवेण जूहे छुब्भइ, पुणो ओसरइ, ताहे बितियततियदिवसे जूहेण मिलइ, ताहे एगं रिसिआसमपयं दिट्ठं, सा तत्थ अल्लीणा संवणिया य अणाए रिसओ, सा पसूया गयकलहं, सो तेहिं रिसिकुमारेहिं सहिओ पुप्फारामं सिंचइ, सेयणउत्ति से नामं कयं, वयत्थो जातो, जूहं दट्ठूण जूहपतिं हंतूण जूहं णेण पडिवण्णं, गंतूण य अणेण सो आसमो विणासितो, नो अन्नावि कावि एवं काहितित्ति ।

---

આમાં ઉદાહરણ છે સેચનક નામનો ગંધહસ્તી (જેના મદજલની ગંધથી બીજા હાથીઓ ભાગી જાય, તે ગંધહસ્તી)

જંગલમાં મોટું હાથીઓનું યૂથ રહે છે, તેમાં યૂથપતિ જે જે હાથીનું બચ્ચું જન્મે, તેને તેને મારી નાંખે છે. તેમાં એક હાથિણી ગર્ભવતી થઈ (आपन्नसत्त्वा = પેટમાં જેને જીવ આવેલો છે તે) તે વિચારે છે કે 'મુશ્કેલીથી આ હાથીનું બચ્ચું જન્મે છે, અને તેને પણ આ મારી નાંખશે.' એ પ્રમાણે કરીને = વિચારીને ધીમે ધીમે ચાલતી એ દૂર સરકે છે. ('ગર્ભવતી છે. માટે ચાલવામાં ધીમી પડી છે' એવું યૂથપતિને લાગે.)

યૂથાધિપતિ એને પાછી યૂથમાં નાંખે છે = જોડી દે છે. પેલી પાછી છૂટી પડે છે. એમ છેવટે બીજા-ત્રીજા દિવસે યૂથની સાથે મળે છે.

---

1. सेचनको गन्धहस्ती, अटव्यां हस्तियूथं महत् परिवसति, तत्र यूथपतिर्जातान् जातान् गजकलभकान् विनाशयति, तत्रैका करिणी आपन्नसत्त्वा चिन्तयति-यदि कथञ्चिद् गजकलभको जायते (जनिष्यते) सोऽप्येतेन विनङ्क्ष्यते इतिकृत्वा शनैः शनैः (खञ्जन्ती)अवसर्पति, यूथाधिपेन यूथे क्षिप्यते, पुनरपसर्पति, ततो द्वितीयतृतीयदिवसे यूथेन मिलति, तत एकमृष्याश्रमपदं दृष्टं, सा तत्राश्रिता, परिचिताश्चानया ऋषयः, सा प्रसूता गजकलभं, स तैः ऋषिकुमारैः सहितः पुष्पारामं सिञ्चति, सेचनक इति तस्य नाम कृतं, वयःस्थो जातः, यूथं दृष्ट्वा यूथपतिं हत्वा यूथमनेन प्रतिपन्नं, गत्वा चानेन स आश्रमो विनाशितः, मा अन्याऽपि काऽप्येवं कार्षीदिति ।

ततस्ते ऋषयो रुष्टाः, पाणिगृहीतपुष्पफलाः श्रेणिकस्य राज्ञः सकाशमुपगताः, कथितं चैभिः-ईदृशः सर्वलक्षणसंपूर्णो गन्धहस्ती सेचनको नाम, श्रेणिको हस्तिग्रहणाय गतः, स च हस्ती देवतया परिगृहीतः, ततः (तया) अवधिना आभोगितं (अवलोकितं)-यथा अवश्यमेषो ग्रहीष्यते, ततस्तया स भण्यते-पुत्र ! वरं तव (त्वया) आत्मा दान्तः, न चासि परैर्दम्यमानो बन्धनैर्वधैश्च, स एवं भणितः स्वयमेव रात्रावागत्यालानस्तम्भमाश्रितः ।

એકવાર એણીએ ઋષિઓનું આશ્રમસ્થાન જોયું, તે ત્યાં રહી ગઈ. એણીને ઋષિઓ પરિચિત થઈ ગયા. તેણે હાથીના બચ્ચાને જન્મ આપ્યો. તે બચ્ચું ઋષિકુમારોની સાથે પુષ્પોના બગીચાને સીંચે છે. એટલે તેનું સેચનક એ પ્રમાણે નામ કરાયું. તે મોટો થયો. (वयस्थः = મોટી ઉંમરનો = યુવાન) યૂથને જોઈને યૂથપતિને મારી નાંખીને એણે આખું યૂથ સ્વીકારી લીધું. (પોતે જ માલિક બની ગયો.) પછી આશ્રમમાં જઈને આખો આશ્રમ તોડી નાંખ્યો. કેમકે બીજી પણ કોઈક હાથિણી આ પ્રમાણે કરે. (આશ્રમમાં જઈને બચ્ચાને જન્મ આપી દે...) એવું ન થાય. (આશ્રમ જ ન હોય, એટલે એવું ન બની શકે.)

---

वृत्ति :- ताहे ते रिसितो रुसिया, पुप्फफलगहियपाणी सेणियस्स रण्णो सयासं उवगया, कहियं चऽणेहिं-एरिसो सव्वलक्खणसंपुण्णो गंधहत्थी सेयणतो णाम, सेणिओ हत्थिगहणाय गतो, सो य हत्थी देवयाए परिगहितो, ताहे(ए) ओहिणा आभोइयं-जहा अवस्सं एसो घेप्पति, ताहे ताए सो भण्णइ-पुत्त ! वरं ते अप्पा दंतो, ण यऽसि परेहिं दंमंतो बंधणेहिं वहेहि य, सो एवं भणिओ सयमेव रत्तीए गंतूण आलाणखंभं अस्सितो । यथा हि अस्य स्वयंदमनान्महागुणः तथा मुक्त्यर्थिनोऽपि विशिष्टनिर्जरातः, इतरथा त्वकामनिर्जरातो न तथेति सूत्रार्थः।।१६।।

---

આવું થયું એટલે ઋષિઓ ગુસ્સે થયા. પુષ્પ-ફલ હાથમાં લઈને શ્રેણિકરાજાની પાસે ગયા અને તેઓએ કહ્યું કે- 'આવો સર્વલક્ષણથી સંપૂર્ણ સેચનક નામનો ગંધહસ્તી છે.'

શ્રેણિક હાથીને લેવા માટે ત્યાં ગયો. તે હાથી દેવતાથી પરિગૃહીત હતો = દેવાધિષ્ઠિત હતો. દેવતાએ અવધિજ્ઞાનથી ઉપયોગ મૂક્યો = જાણ્યું કે- 'આ હાથી અવશ્ય ગ્રહણ કરાશે.'

તેથી દેવતાએ હાથીને કહ્યું કે- 'પુત્ર ! તારા આત્માને દમી નાંખ, એ સારું, પણ બીજાઓવડે બંધનો અને વધ દ્વારા દમન કરાયેલો તું ન થા. (એ સારું નહિ.)'

(તું રાજાને વશ થઈ જા, નહિ તો મારી-મારીને ય તને વશ તો કરશે જ...) દેવતા વડે આ પ્રમાણે કહેવાયેલો તે જાતે જ રાત્રે (હસ્તિશાળામાં) જઈને આલાનસ્તંભમાં = હાથીને બાંધવાના થાંભલા પાસે આશ્રિત બન્યો. (એટલે કે સામે ચાલીને થાંભલે બંધાઈ ગયો.)

જેમ આ હાથીને સ્વયં દમન કરવાથી મોટો ફાયદો થયો. તેમ મુક્તિના અર્થીને પણ સ્વયં દમન દ્વારા વિશિષ્ટ નિર્જરાની પ્રાપ્તિ થવાથી મોટો લાભ થાય છે.

ઈતરથા = સ્વયં દમન ન કરે, તો બળજબરીથી કરાતા વધ-બંધનાદિવડે અકામનિર્જરા જ થાય, અને તેનાથી મોટો ફાયદો ન થાય. (न तथा)

---

अवतरणिका :- गुर्वनुवृत्त्यात्मकं प्रतिरूपविनयमाह -

---

અવતરણિકા :- ગુરુને અનુવર્તવા રૂપ પ્રતિરૂપ વિનયને કહે છે-

---

॥मू. गा. १७॥ पडिणीयं च बुद्धाणं, वाया अदुव कम्मुणा ।
आवि वा जइवा रहस्से, नेव कुज्जा कयाइवि ॥१७॥ (सूत्रम्)

व्याख्या - 'प्रत्यनीकम्' इति प्रतिकूलम्, चः पूरणे, चेष्टितमित्युपस्कारः, भावप्रधानत्वाद्वा निर्देशस्य प्रत्यनीकत्वम्, केषाम् ?-'बुद्धानाम्' अवगतवस्तुतत्त्वानां गुरुणामितियावत्, कया ?- वाचा, किं त्वमपि किञ्चिज्जानीषे ? इत्येवंरूपया विपरीतप्ररूपणायां प्रेरितस्त्वयैवैतदित्थमस्माकं प्ररूपित-मित्याद्यात्मिकया वा,

ગાથાર્થ : વાણીથી કે ક્રિયાથી, જાહેરમાં કે ખાનગીમાં ક્યારેય પણ આચાર્યોને પ્રતિકૂલ (વર્તન) ન જ કરે.

ટીકાર્થ :- પ્રત્યનીક = પ્રતિકૂલ

च પૂરણમાં `

પ્રતિકૂલ એવું શું ? એ લખેલ નથી, તેથી પ્રતિકૂલ ચેષ્ટા = વર્તન એ પ્રમાણે ઉપસ્કાર કરવો (વાક્ય જોડવું...) અથવા તો 'નિર્દેશ ભાવપ્રધાન હોય છે.' તેથી પ્રત્યનીક = પ્રત્યનીકત્વ = પ્રતિકૂલપણું (=પ્રતિકૂલ આચરણ... એમ ભાવાર્થ તો એ જ આવશે.)

પ્રશ્ન : કોનું (પ્રતિકૂલત્વ ન કરવું ?)

ઉત્તર : વસ્તુતત્ત્વને જાણી ચૂકેલાઓનું = બુદ્ધોનું (આવા તો ગુરુ જ હોય, એટલે સાર કહે છે કે) गुरुणामिति यावत्...

પ્રશ્ન : શેના વડે પ્રત્યનીકત્વ થાય છે ? (કે જે નથી કરવાનું...)

ઉત્તર : વાણી વડે = 'તમે પણ શું કંઈક જાણો છો ?' (અર્થાત્ અમને તો બધી ખબર પડે. પણ તમને ય ખબર પડે, એ શક્ય નથી. તમને વળી શું સમજણ પડે ?) આવા પ્રકારની વાણી વડે...

અથવા તો

શિષ્ય જ્યારે ખોટી પ્રરૂપણા કરી બેસે, ત્યારે ગુરુ એને પ્રેરણા કરે કે– 'તું ખોટું બોલે છે, આ પદાર્થ બરાબર નથી.'

એ રીતે પ્રેરાયેલો શિષ્ય આવું બોલે કે– "તમે જ અમને આ વસ્તુ આ પ્રમાણે પ્રરૂપેલી હતી." (એટલે હું પણ એ જ પ્રમાણે બોલું છું, એમાં કોઈ ભૂલ હોય, તો એ તમારી ભૂલ છે...)

આવા પ્રકારની વાણીવડે ગુરુનું પ્રતિકૂલત્વ ન કરવું.

---

वृत्ति :- अथवा 'कर्मणा' संस्तारकातिक्रमणकरचरणसंस्पर्शनादिना 'आविः' जनसमक्षं प्रकाश-देश इतियावत्, यदिवा 'रहस्ये' विविक्तोपाश्रयादौ 'न' इति निषेधे 'एवः' अवधारणे, स च 'शत्रोरपि गुणा ग्राह्याः, दोषा वाच्या गुरोरपी'ति कुमतनिराकरणार्थः, 'कुर्यात्' इति विदध्यात्, 'कदाचिदपि' परुषभाषणादावपि इति सूत्रार्थः ।।१७।।

---

(વાણીવડે) અથવા તો

ક્રિયા વડે = સંથારાને ઓળંગતો, હાથ-પગને સ્પર્શવા (કે હાથ-પગ વડે સ્પર્શવા.) વગેરે રૂપી ક્રિયા વડે પ્રતિકૂલત્વ ન કરવું. (કારણસર સ્પર્શનો નિષેધ નથી, પણ નિષ્કારણ સ્પર્શ ન કરવો.)

આવું પ્રત્યનીકપણું आविः = લોકોની સામે એટલે કે ખુલ્લા સ્થાનમાં...

કે પછી रहस्ये = વિવિક્ત (લોકરહિત) ઉપાશ્રય વગેરેમાં... નહિ જ કરવું.

न નિષેધમાં છે, एव અવધારણમાં = જકારમાં છે.

પ્રશ્ન : જ ની = एव ની જરૂર શું ?

ઉત્તર : એવો કુમત છે કે– શત્રુના પણ ગુણો ગ્રહણ કરવા. ગુરુના પણ દોષો બો

(આમાં શત્રુના ય ગુણો ગ્રહણ કરવાની વાત અપેક્ષાએ સાચી છે. પણ ગુરુના ય દોષ બોલવાની વાત બરાબર નથી.

આ મતવાળાનો અભિપ્રાય એવો છે કે વ્યક્તિદ્વેષ કે વ્યક્તિરાગ ન જોઈએ, તટસ્થતા હોવી જોઈએ. એટલે જ કોઈ આપણો શત્રુ હોય તોય એના પર દ્વેષ ન રાખવો, એનામાં ય જો સારા ગુણો હોય, તો એ ગ્રહણ કરવા. એમ આપણા ગુરુ ભલે ને આપણા ગમે તેટલા ઉપકારી હોય, પણ એમના દોષો તો દોષ જ છે. એ બોલવા જ જોઈએ.)

कदाचिदपि = ગુરુ કર્કશવચન સંભળાવી દે, લાફો મારી દે... વગેરે પરિસ્થિતિમાં પણ ગુરુનું પ્રત્યનીકત્વ ન જ કરવું. (તો પછી ગુરુએ આવું કશું જ કર્યુ ન હોય, ત્યારની તો વાત જ અલગ છે...)

(આખી ગાથાનો ભાવાર્થ આ છે કે– ગુરુ કર્કશભાષણાદિ કરે, ત્યારે પણ જાહેરમાં કે ખાનગીમાં વાણી વડે, કે ક્રિયા વડે ગુરુ તરફ પ્રતિકૂલ વર્તન ન જ કરવું.)

---

अवतरणिका :- पुनः शुश्रूषणात्मकं तमेवाह-

---

અવતરણિકા :- ફરી શુશ્રૂષણાત્મક તેને જ (પ્રતિરૂપવિનયને જ) બતાવે છે.

---

(ઉપર ગુરુ–અનુવૃત્તિ રૂપ પ્રતિરૂપ વિનય બતાવ્યો, અહીં પ્રતિરૂપ વિનય જ બતાવે છે, પણ શુશ્રૂષા રૂપ પ્રતિરૂપવિનય બતાવે છે.)

---

॥मू. गा. १८॥ ण पक्खओ ण पुरओ, णेव किच्चाण पिट्ठओ ।
न जुंजे उरुणा ऊरुं, सयणे ण पडिस्सुणे ॥१८॥ (सूत्रम्)

व्याख्या - 'न पक्षतः' दक्षिणादिपक्षमाश्रित्य, उपविशेदिति सर्वत्रोपस्कारः, तथोपवेशने तत्पङ्क्तिसमावेशतः तत्साम्यापादनेनाविनयभावात्, गुरोरपि वक्रावलोकने स्कन्धकन्धरादिबाधासम्भवात्, न 'पुरतः' अग्रतः, तत्र वन्दकजनस्य गुरुवदनानवलोकनादिनाऽप्रीतिभावात्,

---

ગાથાર્થ : ગુરુની પડખે (બેસે) નહિ, આગળ નહિ, પાછળ નહિ... સાથળ વડે સાથળને જોડે નહિ... શયન ઉપર (રહીને જ) પ્રતિશ્રવણ (ગુરુના વચનનો જવાબ આપવો તે...) ન કરે.

ટીકાર્થ : न पक्षतः = જમણી બાજુ, ડાબી બાજુ... એ પડખાને આશ્રયીને એટલે કે એ સ્થાનમાં...

उपविशेत् = બેસે નહિ... આ શબ્દ બધે જ વધારાનો લેવો.

પ્રશ્ન : ગુરુની જમણે–ડાબે બેસવામાં દોષ શું ?

तथोपवेशने... ઉત્તર : જો એ રીતે બેસવામાં આવે, તો શિષ્યનો ગુરુની પંક્તિમાં = ગુરુની પંગતમાં સમાવેશ થઈ ગયેલો ગણાય, તેનાથી શિષ્યમાં ગુરુની સમાનતા આવી પડે, એનાવડે ગુરુનો અવિનય થાય... તેથી આ પ્રમાણે બેસવું નહિ.

(ગુરુ–શિષ્ય બાજૂ–બાજુમાં એક જ લાઈનમાં બેસે, તો જોનારાને બેય સમાન જ લાગે, એનાથી ગુરુનો અવિનય થાય જ... કેમકે ગુરુને ઉચિત બહુમાન ન મળે...)

गुरोरपि... બીજી વાત એ કે– જમણે–ડાબે બેઠેલા શિષ્ય સાથે વાત કરવી હોય તો ગુરુએ મોઢું આડું કરીને જોવું પડે, આ રીતે વક્ર–અવલોકન કરવામાં ખભા, ગળું વગેરેને બાધા=પીડા થવાનો સંભવ છે. તેથી આ પ્રમાણે ન બેસવું.

न पुरतः= આગળ ન બેસવું. કારણ કે ત્યાં બેસવામાં આવે, તો ગુરુને વંદન કરવા આવેલા લોકોને ગુરુનું મુખ ન દેખાય, (ગુરુની એમના પર દૃષ્ટિ ન પડે...) આ બધાના કારણે તેઓને અપ્રીતિ થાય. તેથી આગળ ન બેસવું.

---

वृत्ति :- 'नैव' इति पूर्ववत्, कृतिः-वन्दनकं तदर्हन्ति कृत्याः 'दण्डादित्वाद् यप्रत्ययः' ते

चार्थादाचार्यादयस्तेषां 'पृष्ठतः' पृष्ठदेशमाश्रित्य, द्वयोरपि मुखादर्शने तथाविधरसवत्ताऽभावादि-दोषसंभवात्, 'न युज्यात्' न सङ्घट्टयेद् अत्यासन्नोपवेशादिभिः, 'उरुणा' आत्मीयेन, 'उरुं' कृत्यसम्बन्धिनं, तथाकरणेऽत्यन्ताविनयसम्भवात्, उपलक्षणं चैतत् शेषाङ्गस्पर्शपरिहारस्य,

---

नैव = પૂર્વની જેમ (न નિષેધમાં, एव જકારમાં...)

कृत्याः = કૃતિ = વંદન, એને માટે જે યોગ્ય હોય, તે કૃત્ય... (य પ્રત્યય લાગ્યો છે.) એ કૃત્ય તરીકે બીજા કોઈ ન લેવા, પણ અર્થાપત્તિથી સમજીને આચાર્ય વગેરે જ લેવા. (જેવા પ્રકારના વિનયની વાત ચાલે છે, તે બધો આચાર્યાદિમાં કરવાનો છે, તેથી 'કૃત્ય' તરીકે એ જ લેવાય.)

(આ कृत्यानां શબ્દ આગળ પણ पक्षतः पुरतः માં જોડી દેવાનો છે, જે આપણે અર્થમાં તો જોઈ જ ગયા.)

पृष्ठतः = પીઠના ભાગને આશ્રયીને = પાછળના ભાગમાં ન બેસવું.

प्रश्न : શા માટે ?

द्वयोरपि... ઉત્તર : શિષ્ય જો ગુરુની પાછળ બેસે, તો શિષ્યને ગુરુનું મુખ નહિ દેખાય, ગુરુને શિષ્યનું મુખ નહિ દેખાય... બેયને મુખનું દર્શન નહિ થાય.

હવે મુખ ન દેખાય એટલે શાસ્ત્રીય પદાર્થોની વિચારણા વગેરેમાં તેવા પ્રકારનો રસ ન પ્રગટે, મજા ન આવે... આ વગેરે ઘણા દોષોનો સંભવે છે... તેથી પાછળ ન બેસવું. (શિષ્ય પાછળ હોવાથી ગુરુ શરમના કારણે વાછૂટ રોકે, એનાથી મોટા રોગો થવાની શક્યતા છે.)

'न युज्यात्'... તથા પોતાના ઉરુ = સાથળ વડે આચાર્ય સંબંધી સાથળનો

प्रश्न : પણ આવું તો શક્ય જ નથી ને ?

ઉત્તર : શક્ય છે. ગુરુની ખૂબ જ નજીકમાં બેસે, (કે ચાલે કે ઉંઘે) તો એ બધાવડે પોતાના ઉરુવડે ગુરુના ઉરુનો સંઘટ્ટો શક્ય છે.

प्रश्न : પણ આ સંઘટ્ટો થાય, તો વાંધો શું ?

तथाकरणे-... ઉત્તર : આવું જો કરે, તો અત્યંત અવિનયનો સંભવ છે, તેથી સંઘટ્ટો ન કરે.

प्रश्न : એ સિવાય બીજા અંગોવડે ગુરુના બીજા અંગોના સંઘટ્ટો કરે, તો ચાલે ?

उपलक्षणं... ઉત્તર : આ જે ઉરુ સંઘટ્ટાનો નિષેધ કર્યો, એ બાકીના પણ તમામ અંગોના સ્પર્શના પરિહારનું ઉપલક્ષણ છે. (એટલે કે આનાથી સમજી જ લેવું કે બીજા પણ અંગોવડે બીજા પણ અંગોનો સ્પર્શ નથી જ કરવાનો.)

---

वृत्ति :- 'शयने' शय्यायां शयित आसीनो वेति शेषः, किमित्याह- न प्रतिशृणुयात्, किमुक्तं भवति ?-कदाचिच्छय्यागतो गुरुणाऽऽकारित उक्तो वा कृत्यं प्रति न तथास्थित एवावज्ञया कुर्म एवमित्या-दिवचनतः प्रतिजानीयात्, किन्तु गुरुवचनसमनन्तरमेव सम्भ्रान्तचेता विनयविरचितकराञ्जलिः समीपमागत्य पादपतनपुरस्सरमनुगृहीतोऽहमिति मन्यमानो भगवन्निच्छामोऽनुशिष्टिमिति वदेदिति सूत्रार्थः ।।१८।।

---

'शयने'... તથા શયનમાં = શય્યામાં = સંથારાદિ ઉપર ઉંઘેલો કે બેઠેલો... પ્રતિશ્રવણ ન કરે. અહીં शयितः आसीनो वा એ ગાથામાં નથી, તે શેષ લેવું.

પ્રશ્ન : એટલે શું ? કહેવાનો ભાવાર્થ શું છે ?

कदाचिच्छय्या... ઉત્તર : ક્યારેક એવું બને કે શિષ્ય સંથારાદિમાં રહેલો હોય, અને ગુરુ એને બોલાવે કે કંઈપણ કહે = સૂચના કરે = કામ સોંપે... ત્યારે तथास्थितः = સંથારાદિમાં રહેલો છતોં જ અવજ્ઞાથી = તિરસ્કારથી 'હા ! હા ! એ પ્રમાણે કરું છું...' ઈત્યાદિ વચનદ્વારા ગુરુ પ્રત્યે જવાબ ન આપે. (प्रतिजानीयात् = પ્રતિજ્ઞા કરવી કે 'હું આમ કહીશ' પણ એનો ભાવાર્થ આ કે જવાબ આપવો...)

किन्तु गुरुवचन... પરંતુ ગુરુનું વચન સાંભળ્યા પછી તરત જ ઉત્કંઠાયુક્ત મનવાળો = ઉલ્લાસયુક્ત મનવાળો = ગુરુકાર્ય કરવામાં ઉત્સાહયુક્ત મનવાળો, વિનયવડે બે હાથની અંજલિ કરીને રહેલો ગુરુની નજીક આવીને ગુરુના પગમાં પડવા પૂર્વક અને 'ગુરુએ મને બોલાવીને મારા ઉપર ઉપકાર કર્યો' એ પ્રમાણે માનતો આ પ્રમાણે ોલે કે– 'હે ભગવન! ાપની હિતશિક્ષાને= સૂચનાને = પ્રેરણાને ઈચ્છું છું.

---

अवतरणिका :- पुनस्तमेवाह -

---

અવતરણિકા :- ફરી તેને જ = શુશ્રૂષા રૂપ ગુરુવિનયને જ કહે છે.

---

॥मू. गा. १९॥ नेव पल्हत्थियं कुज्जा, पक्खपिंडं व संजए ।
पाए [1]पसारए वावि, न चिट्ठे गुरुणंतिए ॥१९॥(सूत्रम्)

व्याख्या - नैव 'पर्यस्तिकां' जानुजङ्घोपरिवस्त्रवेष्टनाऽऽत्मिकां कुर्यात्, 'पक्षपिण्डं वा' बाहुद्वयकायपिण्डात्मकं, 'संयतः' साधुः, तथा पादौ प्रसारयेत् वाऽपि नैव, वा समुच्चयार्थः, अपिः किं पुनरित इतो विक्षिपेदिति निदर्शनार्थः,

---

ગાથાર્થ : સાધુ પર્યસ્તિકાને ન જ કરે, પક્ષપિંડને ન જ કરે, અને બે પગને ન જ પ્રસારે, ગુરુની અતિનજીકમાં ન બેસે.

ટીકાર્થ : સાધુ પર્યસ્તિકાને ન કરે, જાનુ અને જંઘાની ઉપર વસ્ત્રને વીંટાળવું એ પર્યસ્તિકા !

(જાનુ = ઘુંટણની ઉપરનો ભાગ, જંઘા = ઘુંટણની નીચેનો ભાગ અને પગના પંજા સુધીનો ભાગ... ગામડાઓમાં ભરવાડો જ્યારે ઝાડ વગેરેની નીચે આરામથી બેઠા હોય ત્યારે પાછળ ટેકો લેવા માટે મોટા ફેંટા રૂપી વસ્ત્રથી પીઠ + જંઘા + ઘુંટણને એવી રીતે વીંટે કે પાછળ ટેકો ન હોવા છતાં પણ ટેકો થઈ જાય... આગળ વસ્ત્ર વીંટળાયેલ હોવાથી પાછળ પડી ન જવાય... ઘણીવાર આપણે બે ઘુંટણ ઉંચા કરીને, બે હાથને બંને ઘુંટણ + પગ ઉપર વીંટાળીને એવી રીતે બેસીએ છીએ ને, કે જેથી પાછળની તરફ ઢળી ન જવાય... આવી પર્યસ્તિકા ન કરાય.)

તથા પક્ષપિંડને ન કરે.

પક્ષપિંડ એટલે બે બાહુવડે કાયાનો પિંડ કરવો = શરીરને બાંધવું તે. (જેને આપણે 'અદફ વાળીને બેસવું' કહીએ તે.)

સંયત = સાધુ (આ શબ્દ કર્તૃવાચક ઉપર–નીચે બધે જોડવાનો છે.)

તથા સાધુ બે પગને પ્રસારે નહિ જ. (વૃત્તિ પ્રમાણે મૂળપાઠ पाए पसारए वावि જોઈએ.) (नैव અહીં પણ જોડવાનું...)

वावि માં જે वा છે એ સમુચ્ચય અર્થવાળો છે. અને જે अपि છે, એ એવું દર્શાવવા માટે છે કે– બે પગને આમ તેમ ફેકે = મૂકે = હલાવ્યા કરે... એની તો શું વાત કરવી ? અર્થાત્ વારંવાર પગ હલાવ્યા કરવા એ તો ન જ ચાલે, પણ 'પગ લાંબા કરવા' એય ન ચાલે.

---

1. पसारे नो वावि प्र० ।

वृत्ति :- अन्यच्च- 'न तिष्ठेत्' नाऽऽसीत, क्व ? - गुरूणामन्तिके इति, प्रक्रमादतिसन्निधौ, किन्तूचितदेश एव, अन्यथाऽविनयदोषसम्भवात्, अथवा 'पाए पसारिए वावि'त्ति पाठात् पादौ प्रसारितौ वाऽपि, कृत्वेति शेषः, एकारस्यालाक्षणिकत्वात् प्रसार्य वा न तिष्ठेद्गुरूणामन्तिके उचितप्रदेशेऽपीति, उपलक्षणं चैतद्दण्डपादिकाऽवष्टम्भादीनामिति सूत्रार्थः ।।१९।।

---

બીજી વાત એ કે- ન રહે = ન બેસે.

**પ્રશ્ન :** ક્યાં ન બેસે ?

**ઉત્તર :** ગુરુની પાસે ન બેસે.

**પ્રશ્ન :** उववायकारए માં તો એમ કહેલું કે ગુરુની નજીકમાં બેસે... તો અહીં કેમ ના પાડો છો ?

**ઉત્તર :** પ્રક્રમથી સમજી લેવું કે ગુરુની ઘણી નજીકમાં ન બેસે. પરંતુ ઉચિતદેશમાં જ બેસે. નહિ તો (ખૂબ નજીક બેસવામાં આવે તો) અવિનય દોષનો સંભવ છે, એ હોવાથી ઉચિતદેશમાં જ બેસે.

અથવા पाए पसारिए वा वि આવો પણ પાઠ છે, આ પાઠને આધારે આ પ્રમાણે અર્થ કરવો કે બે પગ પ્રસારેલા = લાંબા કરીને ગુરુની નજીકમાં ઉચિતપ્રદેશમાં પણ ન બેસે. આમાં कृत्वा એ લખેલ નથી, એ શેષ લેવાનું છે.

અથવા તો पसारिए માં જે ए કાર છે એ અલાક્ષણિક છે. તેથી पसारिए = प्रसार्य શબ્દ થશે. એટલે હવે कृत्वा શેષ લેવું નહિ પડે. પગ પ્રસારીને ગુરુની પાસે ઉચિતદેશમાં પણ ન બેસે.

**પ્રશ્ન :** ગુરુની સામે પગ નહિ લંબાવવાના, એટલુ જ ને ? ટેકો તો લઈ શકાય ને ? પલાઠી તો વાળી શકાય ને ?

**ઉત્તર :** પગ પ્રસારણ એ દંડપાદિકા = પલાઠી, ટેકો લેવો વગેરેનું ઉપલક્ષણ છે, એટલે એ બધાનો પણ નિષેધ સમજી જ લેવાનો.

---

अवतरणिका :- पुनः प्रतिश्रवणविधिमेव सविशेषमाह -

---

અવતરણિકા :- પ્રતિશ્રવણની વિધિને જ વિશેષતા સાથે ફરી કહે છે-

(ગુરુની વાતનું શ્રવણ કર્યા બાદ જે ઉત્તર આપવાદિ રૂપ વિધિ એ જ પ્રતિશ્રવણવિધિ !)

---

**।।मू. गा. २०।।** **आयरिएहिं वाहिंतो, तुसिणीओ ण कयाइवि ।**
**पसायपेही नियागट्ठी, उवचिट्ठे गुरुं सया ।।२०।। (सूत्रम्)**

व्याख्या - 'आचार्यैः' उपलक्षणत्वादुपाध्यायादिभिः 'वाहिंतो'त्ति व्याहृतः- शब्दितः 'तुसिणीओ'त्ति तूष्णीकः तूष्णीशीलः 'न कदाचिदपि' ग्लानाद्यवस्थायामपि, भवेदिति गम्यते, किन्तु- 'धन्यस्योपरि निपतत्यहितसमाचरणघर्मनिर्वापी । गुरुवदनमलयनिसृतो वचनरसश्चन्दनस्पर्शः ।।१।।'

---

**ગાથાર્થ :** આચાર્યવડે બોલાયેલો શિષ્ય ક્યારેય પણ મુંગો ન રહે, પણ પ્રસાદપ્રેક્ષી અને મોક્ષની ઇચ્છાવાળો સદા ગુરૂની પાસે ઉપસ્થિત થાય.

**ટીકાર્થ :** આચાર્યવડે, (આ શબ્દ ઉપલક્ષણ હોવાથી સમજી લેવાનુ કે ) ઉપાધ્યાય વગેરેવડે બોલાવાયેલો શિષ્ય માંદગી વગેરે અવસ્થામાં પણ મુંગો ન રહે.

भवेत् ક્રિયાપદ સમજી લેવાનુ

પરંતુ "અહિતના = પાપના સમાચરણ રૂપી બફારાને=તાપને= ગરમીને શાંત કરનાર, દૂર કરનાર એવો, ગુરૂના મુખરૂપી મલયાચલ પર્વતમાંથી નીકળેલો, ચંદનના જેવા સ્પર્શવાળો વચનરૂપી રસ ધન્યાત્માની ઉપર પડે છે. "

(મલયાચલમાંથી ચંદન પાકે, તેને ઘસીને તેનો રસ શરીર પર લગાડો એટલે ઠંડક મળે. એમ ગુરૂના મુખમાંથી જે વચનો નીકળે છે, એ ચંદનનો રસ છે. એનો સ્પર્શ ચંદનના જેવો છે. એનાથી પાપ રૂપી ગરમી દૂર થાય. ચંદન પુણ્યશાળીને જ મળે. તો આ ગુરૂવચનો પણ પુણ્યવંતને જ પ્રાપ્ત થાય.)

---

वृत्ति :- इति प्रसादोऽयं यदन्यसद्भावेऽपि मामादिशन्ति गुरव इति प्रेक्षितुम्-आलोचितुं शीलमस्येति प्रसादप्रेक्षी, पाठान्तरतः 'प्रसादार्थी' वा गुरूपरितोषाभिलाषी 'णियागट्ठी'त्ति पूर्ववत्, 'उपतिष्ठेत' मस्तकेनाभिवन्द इत्यादि वदन् सविनयमुपसर्पेत्, गुरुं 'सदा' सर्वकालमिति सूत्रार्थः ।।२०।।

---

આ પ્રમાણે (ઉક્ત શ્લોકમાં દર્શિત ભાવનાને અનુસારે) શિષ્ય વિચારે કે 'ગુરૂની મારા ઉપર આ કૃપા છે કે જેથી બીજાઓની હાજરી હોવા છતાં પણ ગુરૂ મને આદેશ કરે છે' અને આ પ્રમાણે ગુરૂ- આજ્ઞાદિને પ્રસાદ=કૃપા સ્વરૂપે જોવાના સ્વભાવવાળો આ સાધુ...

પાઠાંતર પ્રમાણે प्रसादार्थी= ગુરૂના આનંદની=સંતોષની અભિલાષાવા ો આ સાધુ... (વૃત્તિકારે पसायपेही પાઠ પ્રમાણે પ્રથમ અર્થ કર્યો છે.)

नियागट्ठी= નિયાગાર્થી=મોક્ષાર્થી એ પૂર્વની જેમ સમજવું. (નિયાગ=नितरां पूजा) આવો શિષ્ય સર્વકાલ

उपतिष्ठेत= 'મત્થએણ વંદામિ' એ પ્રમાણે બોલતો વિનયપૂર્વક ગુરૂની નજીક સરકે.

---

अवतरणिका :- तथा -

---

અવતરણિકા :- વળી -

---

।।मू. गा. २१।। आलवंते लवंते वा,ण णिसीज्जा कयाइवि ।
चइत्ता आसणं धीरो, जओ जत्तं पडिस्सुणे ।।२१।। (सूत्रम्)

व्याख्या - आङिति ईषल्लपति-वदति 'लपति वा' वारं वारमनेकधा वाऽभिदधति 'न निषीदेत्' न निषण्णो भवेत्, 'कदाचिदपि' व्याख्यानादिना व्याकुलतायामपि, किन्तु ?- 'त्यक्त्वा' अपहाय 'आसनं' पादपुञ्छनादि, धिया राजते धीरः, अक्षोभ्यो वा परीषहादिभिः,

---

ગાથાર્થ : ગુરૂ અલ્પ બોલે કે વધારે બોલે ત્યારે ક્યારેય પણ શિષ્ય બેસી ન રહે. ધીર, યત્નવાન શિષ્ય આસનને છોડીને ગુરૂ જે કહે, તેને સ્વીકારે.

ટીકાર્થ : ગુરૂ ક્યારેક થોડુંક જ બોલે, ગુરૂ ક્યારેક વારંવાર કે અનેક પ્રકારે બોલે.... (ભલે એક જ વાત એક જ વાર કરે, પણ એ અનેક રીતે કરે.....) આ વખતે શિષ્ય બેસી ન રહે.

પ્રશ્ન :- પણ વ્યાખ્યાનાદિ ચાલુ હોય તો ?

ઉત્તર :- कदाचिदपि = વ્યાખ્યાન વગેરેને લીધે પોતે વ્યાકુળ હોય= કાર્યશીલ હોય, તો પણ બેસી ન રહે.

(ગુરૂ સાવ નાની વાત જ કરતા હોય તો શિષ્ય દૂર રહીને જ સાંભળી લે.. એવુ બને. અલ્પ વાત સાંભળવા માટે નજીક જવાનો ઉલ્લાસ ન જાગે. એમ ગુરૂ એક જ વાત ચાર-પાંચ-દસ વાર કરે, કે એક જ વાત એક જ વાર પણ અનેક પ્રકારે કરતા હોય ત્યારે પણ નજીક જવા વગેરે બાબતમાં પ્રમાદ સંભવિત છે. એમાં વળી પોતે વ્યાખ્યાન = અર્થપાઠ કરતો-કરાવતો હોય...

ઈત્યાદિ પરિસ્થિતિમાં તો વધુ ઉપેક્ષા શક્ય છે... એની આમાં સ્પષ્ટ ના પાડી છે.)

પરંતુ પાદપુંછનાદિ રૂપ આસન છોડીને (પહેલાં ઓઘારિયું પગ પૂંજવામાં અને બેસવામાં બંનેમાં કામ આવતું....એટલે એ જ પાદપુંછન અને એ જ આસન.)

ધીર = બુદ્ધિથી શોભતો અથવા ધીર=પરીષહાદિ વડે ક્ષોભ ન પામે એવો.

---

'यत' इति यतो यत्नवान् 'जत्तं' ति प्राकृतत्वाद्बिन्दुलोपे तस्य च द्वित्वे यद्गुरव आदिशन्ति तत् 'प्रतिशृणुयात्' अवश्यविधेयतया अभ्युपगच्छेदितियावत्, यद्वा यत इति यत्र गुरवः, तत्र गत्वेति गम्यते, 'यात्रां' संयमयात्रां प्रस्तावाद् गुरूपदिष्टां प्रतिशृणुयादिति सूत्रार्थः ।।२१।।

---

यत = यतः (यम् ધાતુને त પ્રત્યય)= યત્નવાળો શિષ્ય – ગુરૂ જેને આદેશે= જેનો આદેશ કરે, તેને પ્રતિશ્રવણ કરે = 'હું અવશ્ય કરીશ' એ પ્રમાણે સ્વીકારે.

ગાથામાં जत्तं છે. એમાં ખરેખર તો जं = यत् तं = तत् એમ શબ્દો છે.

પણ પ્રાકૃત હોવાના લીધે जं ના બિન્દુનો લોપ થયો છે, અને तं નો त બેવડાયો છે = ડબલ થયો છે, એટલે जत्तं એ પ્રમાણે થાય.

इति यावत् = એ प्रतिशृणुयात् નો ભાવાર્થ બતાવવા માટે છે.

અથવા તો जओ जत्तं पडिसुण નો અર્થ આ પ્રમાણે કરો.

जओ= यतः = જ્યાં ગુરૂ હોય

तत्र गत्त्वा = ત્યાં જઈને આ શબ્દ મૂળમાં નથી, પણ સમજી લેવાનો.

जत्तं = यात्रा = સંયમયાત્રાને.

પ્રસ્તાવથી સમજી લેવું કે ગુરૂ વડે ઉપદેશાયેલી સંયમયાત્રાને પ્રતિશ્રવણ કરે, અર્થાત્ 'હું આ પ્રમાણે સંયમયાત્રા પાળીશ' એમ કહે.

(ગુરૂ બોલાવે, ત્યારે આસન છોડી, પાસે જઈ વાત સાંભળી સહર્ષ સ્વીકાર કરવો....)

---

अवतरणिका :- पुनः प्रतिरूपविनयमेवाऽऽह -

---

અવતરણિકા :- ફરી પ્રતિરૂપવિનયને જ કહે છે -

---

||मू. गा. २२|| आसणगओ ण पुच्छिज्जा, णेव सिज्जागओ कया ।
आगम्मुक्कुडुओ संतो, पुच्छिज्जा पंजलीगडे ||२२|| (सूत्रम्)

व्याख्या - 'आसनगतः' इति आसनासीनो न पृच्छेत्, सूत्रादिकमिति गम्यते, नैव 'शय्यागत' इति संस्तारकस्थितः, तथाविधावस्थां विनेत्युपस्कारः, 'कदाचिदपि' बहुश्रुतत्वेऽपि, किमुक्तं भवति?- बहुश्रुतेनापि संशये सति न न प्रष्टव्यं, पृच्छताऽपि नावज्ञया, सदा गुरुविनयस्यानतिक्रमणीयत्वात्, तथा चाऽऽगमः-

"जहाहिअग्गी जलणं नमंसे, णाणाहुईमंतपयाहिसित्तं ।
एवायरियं उवचिट्ठएज्जा, अणंतणाणोवगओऽवि संतो ।।१।।"

ગાથાર્થ :- ક્યારેય પણ આસન ઉપર રહેલો કે શય્યા પર રહેલો છતોં ન પૂછે. (ગુરૂ પાસે) આવીને, ઉત્કુટુક છતોં બે હાથ જોડીને પૂછે.

ટીકાર્થ :- આસન ઉપર બેઠો-બેઠો ન પૂછે...

પ્રશ્ન : શું ન પૂછે ?

ઉત્તર : સૂત્ર-અર્થ વગેરે ન પૂછે. सूत्रादिकं લખેલું નથી, એ સમજી લેવું. એમ સંથારામાં રહેલો છતોં ન પૂછે.

પ્રશ્ન : પણ માંદગી વગેરે અવસ્થામાં ઉભા જ થવાય એમ ન હોય તો ?

ઉત્તર : આમાં એટલો સુધારો-વધારો સમજવાનો કે તેવા પ્રકારની અવસ્થા વિના... (અર્થાત્ એવી અવસ્થા હોય, તો આસનાદિમાં બેઠા-બેઠા પણ પૂછવાની છૂટ...)

कदाचिदपि = પોતે હાલ બહુશ્રુત હોય તો પણ આ રીતે નહિ પૂછવાનું.

પ્રશ્ન : કહેવાનો ભાવાર્થ શું છે ?

ઉત્તર : બહુશ્રુત હોય, તેણે પોતાને સંશય પડે, ત્યારે 'ન પૂછવું' એવું નહિ, (પણ પૂછવું જ...) અને પૂછે, ત્યારે પણ અવજ્ઞાથી = આસનાદિ પર બેસીને ન પૂછે... કારણ કે ગુરુનો વિનય સદા માટે અનતિક્રમણીય છે. (એટલે કે ગુરુના વિનયનું ઉલ્લંઘન ક્યારેય પણ = બહુશ્રુતત્વાદિ દશામાં પણ ન કરાય.)

આ માટે શાસ્ત્રપાઠ છે કે- જેમ અગ્નિનો હોમ-હવન કરી ચૂકેલો બ્રાહ્મણ અનેક પ્રકારની આહૂતિ અને મંત્રપદોથી અભિષિક્ત = સિંચન કરાયેલ અગ્નિને (દેવ માનીને) નમન કરે છે. એમ શિષ્ય અનંતજ્ઞાનથી યુક્ત એવો થયેલો છતોં પણ આચાર્યની પાસે ઉપસ્થિત થાય. (આચાર્યની સેવા-શુશ્રૂષા-પ્રશ્નાદિ કરે...)

એટલે બહુશ્રુત પણ સંશય પડે, ત્યારે પણ ન પૂછે કે અવજ્ઞાથી પૂછે એ ન ચાલે.

किं तर्हि कुर्यादित्याह- 'आगम्य' गुर्वन्तिकमेत्य 'उत्कुटुक' इति मुक्तासनः, कारणतो वा पाद-पुञ्छनादिगतः सन् शान्तो वा 'पृच्छेत्' पर्यनुयुञ्जीत, सूत्रादिकमितीहापि गम्यते, प्रकर्षेण-अन्तःप्रीत्यात्मकेन कृतो-विहितोऽञ्जलिः-उभयकरमीलनात्मकोऽनेनेति प्रकृताञ्जलिः प्राकृतत्वाच्च कृतशब्दस्य परनिपातः, 'पंजलिउड'त्ति पाठे च प्रकृष्टं भावान्विततयाऽञ्जलिपुटमस्येति प्राञ्जलिपुट इति सूत्रार्थः ।।२२।।

પ્રશ્ન : તો પછી શું કરે ?

ઉત્તર : ગુરુની પાસે આવીને ઉત્કુટુક રહેલો = આસન છોડીને રહેલો અથવા ઘણું પૂછવાનું હોય કે આસન વિના બેસવાની શક્તિ ન હોય... ઈત્યાદિ કારણથી પાદપુંછનાદિ ઉપર રહેલો,

संतो = सन् અથવા તો શાન્ત,

पृच्छेत् = પૂછે.

'શું પૂછે ?' સૂત્રાદિને પૂછે, सूत्रादिकं ઉપરની જેમ અહીં પણ સમજી લેવું.

1. यथाऽऽहिताग्निर्ज्वलनं नमस्यति नानाहुतिमन्त्रपदाभिषिक्तम् । एवमाचार्यमुपतिष्ठेतानन्तज्ञानोपगतोऽपि सन् ।।१।।

पंजलिगडे = प्रकृताञ्जलिः, प्र = પ્રકર્ષથી = ગુરુ પ્રત્યેની અંતરની પ્રીતિ રૂપી પ્રકર્ષથી,

कृतः = કરાયેલો

अञ्जलिः = બે હાથને જોડવા સ્વરૂપ, જેના વડે અંજલિ પ્રકર્ષથી કરાયેલી છે તે પ્રકૃતાંજલિ.

प्रश्न : ગાથા પ્રમાણે તો प्राञ्जलिकृतः શબ્દ છે. તમે प्रकृतांजलिः શબ્દ લીધો.

ઉત્તર : પ્રાકૃતના કારણે कृतः શબ્દ ગાથામાં છેલ્લે આવેલો છે, બાકી અર્થ પ્રમાણે प्र-कृत-अञ्जलिः એ પ્રમાણે થશે.

पंजलिउडे એ પ્રમાણે જે પાઠ છે તેમાં प्रकृष्टं अञ्जलिपुटं यस्य स प्राञ्जलिपुटः જેનું અંજલિપુટ પ્રકૃષ્ટ છે તે...

પ્રશ્ન : પ્રકૃષ્ટ શી રીતે ?

ઉત્તર : ભાવથી યુક્ત છે, તેથી...

---

अवतरणिका :- ईदृशस्य शिष्यस्य गुरुणा यत् कृत्यं तदाह -

---

અવતરણિકા :- આવા પ્રકારના શિષ્ય પ્રત્યે ગુરુએ જે કરવું જોઈએ તેને હવે દર્શાવે છે-

---

॥मू. गा. २३॥ एवं विणयजुत्तस्स, सुत्तं अत्थं तदुभयं ।
पुच्छमाणस्स सिस्सस्स, वागरिज्ज जहासुयं ॥२३॥(सूत्रम्)

व्याख्या - 'एवम्' इत्युक्तप्रकारेण 'विनययुक्तस्य' विनयान्वितस्य 'सूत्रं' कालिकोत्कालिकादि 'अर्थं च' तस्यैवाभिधेयं 'तदुभयं' सूत्रार्थोभयं 'पृच्छतः' ज्ञीप्सतः 'शिष्यस्य' स्वयंदीक्षितस्योपसम्पन्नस्य वा 'व्यागृणीयात्' विविधमभिव्याप्त्याऽभिदध्यात् व्याकुर्याद्वा प्रकटयेत्, यथा-येन प्रकारेण श्रुतम्-आकर्णितं, गुरुभ्य इति गम्यते, न तु स्वबुध्यैवोत्प्रेक्षितमित्यभिप्रायः,

---

ગાથાર્થ : આ પ્રમાણે વિનયથી યુક્ત તથા સૂત્ર, અર્થ અને તદુભયને પૂછતા શિષ્યને યથાશ્રુત (= ગુરુ પાસે સાંભળ્યા પ્રમાણે) કહેવું જોઈએ = જવાબ આપવો જોઈએ.

ટીકાર્થ : एवम् = કહેવાયેલા પ્રકારથી

विनययुक्तस्य = વિનયથી સંપન્ન એવા...

सूत्रं = કાલિક-ઉત્કાલિકાદિ સૂત્રને,

अर्थं च = આ જ સૂત્રના વિષયને = પદાર્થને.

तदुभयं च = સૂત્ર અને અર્થ બંનેને

पृच्छतः = જાણવાને માટે ઈચ્છતા એવા

शिष्यस्य = સ્વયંદીક્ષિતને કે નિશ્રાવર્તી બનેલાને

व्यागृणीयात् = वि = વિવિધ રીતે आ = અભિવ્યાપ્તિથી = ઉચિત બધા સૂત્રો અને બધા અર્થો આવી જાય, કશું બાકી ન રહે એ રીતે કહે.

અથવા व्याकुर्यात् = પ્રગટ કરે.

यथाश्रुतम् = જે પ્રકારે ગુરુ પાસેથી સાંભળેલું હોય, તે પ્રકારે...

गुरुभ्य શબ્દ ગાથામાં નથી, સમજી લેવાનો.

અભિપ્રાય એ છે કે પોતાની બુદ્ધિથી જ વિચારી લીધેલું = કલ્પી લીધેલું ન કહે.

(સાર એ કે- જે સૂત્રાદિ શિષ્ય ભણ્યો જ નથી, એ સૂત્રાદિ એ પૂછે શી રીતે ? એટલે જ ज्ञीप्सतः અર્થ કર્યો છે. શિષ્યને સૂત્રાદિને જાણવાની ઈચ્છા તો હોય જ.

શિષ્ય તરીકે માત્ર પોતાના નામે દીક્ષા લેનારા જ નથી લેવાના, નિશ્રાવર્તી પણ લેવાના છે. કારણ કે શ્રુતજ્ઞાન સુપાત્રને આપવું જ જોઈએ, પછી એ ગમે તે હોય...)

---

वृत्ति :- अनेन च-

*"[1]आयारे सुयविणए विक्खिवणे चेव होइ बोद्धव्वे ।*
*दोसस्स य निग्घाए विणए चउहेस पडिवत्ती ॥१॥"*

इत्यागमाभिहितचतुर्विधाचार्यविनयान्तर्गतस्य

*"[2]सुत्तं अत्थं च तहा हियकर णिस्सेसयं च वाएइ ।*
*एसो चउव्विहो खलु सुयविणओ होइ णायव्वो ॥१॥*
*सुत्तं गाहेति उज्जुत्तो अत्थं च सुणावए पयत्तेणं ।*
*जं जस्स होइ जोगं परिणामगमाइ तं तु सुयं ॥२॥*
*निस्सेसमपरिसेसं जाव समत्तं च ताव वाएइ ।*
*एसो सुयविणओ खलु निद्दिट्ठो पुव्वसूरीहिं ॥३॥"*

इत्याद्यागमाभिहितस्य श्रुतविनयस्य साक्षादभिधानं,

---

अनेन च = આ ગાથાસૂત્રવડે આગમમાં કહેવાયેલા શ્રુતવિનયનું સાક્ષાત્ કથન કરી દીધું. (પણ આચારવિનયાદિનું ગાથાસૂત્રવડે વર્ણન નથી કરાયું... એટલે કે સાક્ષાત્ અભિધાન નથી કરાયું.) તે આ પ્રમાણે -

(૧) આચારવિનય, (૨) શ્રુતવિનય, (૩) વિક્ષેપણ વિનય, (૪) દોષનો નિર્ઘાત.

વિનયમાં આ ચાર પ્રકારે પ્રતિપત્તિ છે. (વિનયમાં આ ચાર ભેદ માન્ય છે...) આ આગમ પાઠ છે.

આમાં આચાર્યનો વિનય ચારપ્રકારનો કહેવાયેલો છે. (આચાર્યનો વિનય = આચાર્યે જે વિનય આચરવાનો છે તે વિનય ! નહિ કે શિષ્યે આચાર્ય પ્રત્યે જે વિનય કરવાનો હોય... તે.)

હવે, આ વિનયની અંતર્ગત = સમાવેશ પામેલ શ્રુતવિનય છે. એ શ્રુતવિનયના ચાર ભેદ આગમમાં બતાવેલા છે. તે આ પ્રમાણે છે કે-

---

1. आचारे श्रुतविनये विक्षेपणे चैव भवति बोद्धव्यः । दोषस्य च निर्घाते विनये चतुर्धैषा प्रतिपत्तिः ॥१॥ 2. सूत्रमर्थं च तथा हितकरं निःशेषं च वाचयति । एष चतुर्विधः खलु श्रुतविनयो भवति ज्ञातव्यः ॥१॥ सूत्रं ग्राहयत्युद्युक्तोऽर्थं च श्रावयति प्रयत्नेन। यद्यस्य भवति योग्यं परिणामकादि (आश्रित्य) तत्तु श्रुतम् ॥२॥ निःशेषमपरिशेषं यावत्समाप्तं च तावद्वाचयति । एष श्रुतविनयः खलु निर्दिष्टः पूर्वसूरिभिः ॥३॥

(૧) ● સૂત્રને ભણાવે, ● અર્થને ભણાવે, ● હિતકર ભણાવે, ● નિઃશેષ = સંપૂર્ણ ભણાવે... આ ચાર પ્રકારનો શ્રુતવિનય જાણવા યોગ્ય છે. ॥૧॥

(૨) ઉદ્યમવાળા આચાર્ય સૂત્રને ગ્રહણ કરાવે... પ્રયત્ન પૂર્વક અર્થને સંભળાવે... પરિણામકાદિ જીવોને આશ્રયીને જેને જે યોગ્ય શ્રુત હોય, તે શ્રુત તેને ભણાવે ॥૨॥

(૩) નિઃશેષ એટલે અપરિશેષ ! જ્યાં સુધી શ્રુત સમાપ્ત ન થાય, ત્યાં સુધી ભણાવે, પૂર્વસૂરિઓએ આ શ્રુતવિનય નિર્દેશેલો છે = બતાવેલો ` ॥૩॥

આગમની આ ત્રણ ગાથાઓમાં શ્રુતવિનય કહેવાયેલો છે.

(એમાંથી 'સૂત્ર-અર્થ શિષ્યને ભણાવવો...' ઈત્યાદિ કથન દ્વારા આ ગાથાસૂત્રમાં આચાર્યના શ્રુતવિનયનું સાક્ષાત્ કથન કરાઈ ગયું.)

(આચારવિનય, વિક્ષેપણવિનય, દોષનિર્ઘાત વિનય... આ બધા વિનયનું સ્વરૂપ બીજા ગ્રન્થોમાંથી જાણી લેવું.)

---

**वृत्ति :- यच्च विनयं प्रादुष्करिष्यामीति प्रतिज्ञाय 'अब्भुट्ठाणं अंजलि' तथा 'दंसणणाणचरित्ते' इत्यादिना ग्रन्थेनेव न तस्य शुद्धस्वरूपाभिधानं, किन्तु 'णिसंते सिया अमुहरी' इत्यादि लिङन्तादिपदैरुपदेशरूपतया, तदपि प्रसङ्गत एव यथायोगमाचार्यविनयोपदर्शनपरमिति भावनीयमिति सूत्रार्थः ।।२३।।**

---

**પ્રશ્ન** : શ્રુતવિનયનું સાક્ષાત્ અભિધાન કર્યું, તો આચારવિનયાદિનું કેમ ન કર્યુ ?

ઉત્તર : (પૂર્વની ગાથાઓમાં એ કહેલું જ છે, તે આ પ્રમાણે)

विनयं प्रादुष्करिष्यामि એવી પહેલી ગાથામાં જ પ્રતિજ્ઞા કરેલી, અને વિનયનું શુદ્ધસ્વરૂપ દેખાડનારી ગાથાઓ તો –

अब्भुट्ठाणं अंजलिकरणं.....વગેરે दंसणणाणचरित्त વગેરે છે.

હવે જેમ દસ વૈ. આદિમાં આ નિર્યુક્તિગાથાઓવડે વિનયના શુદ્ધસ્વરૂપનું અભિધાન કરાયું છે. એ પ્રમાણે અહીં વિનય પ્રગટ કરવાની પ્રતિજ્ઞા કર્યા બાદ પણ આવી કોઈ ગાથાઓવડે વિનયના શુદ્ધસ્વરૂપનું કથન કરવામાં આવ્યું નથી.

એને બદલે णिसंते सिया अमुहरी આ બધી ગાથાઓમાં લિઙન્તાદિ પદો વડે = વિધ્યર્થ પ્રયોગો વડે ઉપદેશ રૂપે જ વિનય બતાવવામાં આવેલો છે. (णिसन्ते सिया.... આઠમી ગાથા છે એની અવતરણિકા આ પ્રમાણે હતી કે 'વિનય કેવી રીતે કરવો ? ' એટલે મુખ્યત્વે એ આઠમી ગાથાથી વિનયનુ નિરૂપણ આવ્યું, પણ એ ય ઉપદેશરૂપે...સાક્ષાત્ નહિ...)

यच्च આવું બધું જે કર્યુ છે. तदपि પ્રસંગોપાત જ યથાયોગ આચાર્યવિનયનું ઉપદર્શન કરવામાં પર છે. એટલે કે વિનય અધ્યયન ચાલુ છે, એ પ્રસંગથી આચાર્યે વિનય શી રીતે કરવો ? એ દર્શાવવું જરૂરી બને છે. એટલે यथायोग આચાર્યમાં જે વિનય જે પ્રમાણે ઘટતો હોય તે પ્રમાણે આચાર્ય વિનય બતાવવા માટે જ આ પદાર્થ વિચારી લેવો.

(णिसंते सिया = આચાર્યે શાંત રહેવું... આ વિનય આચાર્યે કરવાનો જ છે. એટલે આચાર્યમાં પણ એ વિનયપ્રતિપાદન સંભવે જ છે. હા ! એમાંથી જે વિનય એવો જ હોય કે જે આચાર્યે કરવાનો જ ન હોય. તો એ આચાર્યમાં નહિ લેવો એ માટે જ તો यथायोग શબ્દ છે.

સાર એ કે

૨૩મી ગાથામાં આચાર્યવિનયના ચાર ભેદમાંથી માત્ર શ્રુતવિનય જ બતાવ્યો તો બાકીના ત્રણ કેમ નથી બતાવ્યા ?

એવો પ્રશ્ન કોઈકને થાય, તેના ઉત્તરરૂપે આ ખુલાસો છે કે ગાથા ૮થી માંડીને જે વર્ણન છે એ યથાયોગ આચાર્યવિનય દેખાડનાર સમજી લેવાનું.

એમાંનો કોઈક વિનય આચારવિનયરૂપ કોઈક વિક્ષેપણવિનયરૂપ.... બનશે. એટલે એ માટે પણ **यथायोग** શબ્દ છે.)

अवतरणिका :- पुनः शिष्यस्य वाग्विनयमाह-

અવતરણિકા :- ફરી શિષ્યના વાણીવિનયને કહે છે.

॥मू. गा. २४॥ **मुसं परिहरे भिक्खू, न य ओहारिणीं वए ।**
**भासादोसं परिहरे, मायं च वज्जए सया ॥** ॥२४॥ (सूत्रम्)

व्याख्या- 'मृषा' इत्यसत्यं भूतनिह्नवादि 'परिहरेत्' सर्वप्रकारमपि त्यजेत्, भिक्षुः, 'न च' नैव 'अवधारणीं' गम्यमानत्वाद् वाचं गमिष्याम एव वक्ष्याम एव इत्येवमाद्यवधारणात्मिकां 'वदेत्' भाषेत, किं बहुना ? 'भाषादोषम्' अशेषमपि वाग्दूषणं सावद्यानुमोदनादिकं परिहरेत्, न च कारणोच्छेदं विना कार्योच्छेद इत्याह-मायां, चशब्दात् क्रोधादींश्च तद्धेतून् वर्जयेत् 'सदा' सर्वकालमिति सूत्रार्थः।।२४।।

ગાથાર્થ :- ભિક્ષુ મૃષાને ત્યાગે, અવધારણી ભાષા ન બોલે, ભાષાના દોષને ત્યાગે અને સદા માયાને ત્યાગે.

ટીકાર્થ :- मृषा = અસત્ય, સદ્ભુત વસ્તુનો નિષેધ વગેરે (ઘટ છે, છતાં ન કહેવો....)

परिहरेत् = परि = સર્વપ્રકારે છોડી દે.

न च = नैव (च નો અર્થ एव)

अवधारणीं = 'હું જઈશ જ', 'હું બોલીશ જ' આવી બધી જ કાર સ્વરૂપ ભાષાને ન બોલે.

वाच શબ્દ ગમ્યમાન હોવાથી લીધો છે. વધારે કહેવા વડે શું ?

સાવદ્યની અનુમોદના વગેરે રૂપ તમામે તમામ વચનદૂષણને છોડી દે. પણ કારણના ઉચ્છેદ વિના કાર્યનો ઉચ્છેદ ન થાય તેથી જો મૃષા-અવધારણી વગેરે ભાષાદોષનો ત્યાગ કરવો હોય તો એ કાર્ય છે. એના કારણભૂત કષાયોના ઉચ્છેદ વિના ન થાય.

એટલે એ કહે છે કે માયાને

च શબ્દથી ભાષાદોષના કારણભૂત એવા ક્રોધાદિને સર્વકાળ માટે છોડી દે.

अवतरणिका :- किञ्च-

અવતરણિકા :- વળી

॥मू. गा. २५॥ **ण लविज्ज पुट्ठो सावज्जं, न निरट्ठं न मम्मयं ।**
**अप्पणट्ठा परट्ठा वा, उभयस्संतरेण वा** ॥२५॥ (सूत्रम्)

व्याख्या - 'न लपेत्' न वदेत् 'पृष्ट' इति पर्यनुयुक्तः 'सावद्यं' सपापं न 'निरर्थम्' अर्थविरहितं दशदाडिमादि एष वन्ध्यासुतो यातीत्यादि वा 'न' नैव, म्रियतेऽनेन राजादिविरूद्धेनोच्चारितेनेति मर्म तद्गच्छति वाचकतयेति मर्मगं, वचनमिति सर्वत्र शेषः,

ગાથાર્થ : પૂછાયેલો છતાં (૧) પોતાને માટે, (૨) બીજાને માટે, (૩) બંનેને માટે, (૪) કારણ વિના જ સાવદ્ય, નિરર્થક કે મર્મગ વચન ન બોલે.

ટીકાર્થ : સાધુને કોઈ કંઈપણ પૂછે તો સાધુ सावद्यं = પાપવાળું વચન ન બોલે.

निरर्थ = અર્થરહિત વચન ન બોલે.

નિરર્થ એટલે દશદાડમ વગેરે શબ્દો... અથવા તો 'આ વન્ધ્યાપુત્ર જાય છે' વગેરે વાક્યો.

(પ્રથમમાં વાક્ય જ પૂરું ન થવાથી અર્થબોધ જ ન થાય, માટે નિરર્થ !

બીજામાં વાક્ય પૂરું થાય, અર્થબોધ થાય, પણ વન્ધ્યાનો પુત્ર જ ન હોય, એટલે આ વાક્ય અર્થ વિનાનું=નિરર્થ બની જાય.)

તથા मर्मगं=મર્મગ ન બોલે.

બોલાયેલા એવા રાજાદિવિરૂદ્ધ જે પદવડે બોલનારાએ મરવું પડે, તે મર્મ ! (દા. ત. 'રાજા વ્યભિચારી છે' આવું બોલવામાં આવે તો આ પદ રાજવિરુદ્ધ છે, એટલે રાજાની વ્યભિચારિતા એ મર્મ કહેવાય. એ બોલનારે મરવું પડે.)

આવા મર્મમાં જે જાય તે મર્મગ ! વચન એ મર્મનું વાચક છે, તેથી વાચક તરીકે તે મર્મગ કહેવાય. અહીં वचनं એ શબ્દ सर्वत्र = सावद्यं + निरर्थं + मर्मगं એ બધે જ શેષ લેવો.

---

अतिसङ्क्लेशोत्पादकत्वात् तस्याः, अत्राह च-

*"तहेव[1] काणं काणत्ति, पंडगं पंडगत्ति वा ।*
*वाहियं वावि रोगित्ति, तेणं चोरेत्ति नो वए ॥१॥*
*एएणऽण्णेण अट्ठेणं, परो जेणुवहम्मई ।*
*आयारभावदोसण्णू, ण तं भासेज्ज पण्णवं ॥२॥"*

'आत्मार्थम्' आत्मप्रयोजनं 'परार्थं वा' परप्रयोजनम् 'उभयस्स'त्ति आत्मनः परस्य च, प्रयोजनमिति गम्यते 'अंतरेण व'त्ति विना वा प्रयोजनमित्युपस्कारः,

---

પ્રશ્ન : આવું વચન કેમ ન બોલવું ? (મર્મગ વચન...)

ઉત્તર : કારણ કે આવું વચન અતિ-સંકલેશનું ઉત્પાદક છે, તેથી ન બોલવું.

(વૃત્તિમાં तस्याः લખેલું છે, પણ પ્રસ્તુતમાં वचन શબ્દ છે, એટલે तस्य હોવું જોઈએ. જો तस्याः લેવું હોય, તો वाक् સ્ત્રીલિંગ શબ્દને આધારે એ પ્રયોગ સમજવો પડે. પણ એ શબ્દ પ્રસ્તુત તો નથી જ...

તથા 'अतिसंक्लेशोत्पादक' વિશેષણ લખેલું છે, તેથી માત્ર છેલ્લું મર્મગ વચન જ લેવું, કેમકે નિરર્થક વચન તો એવું બનતું જ નથી અને સાવદ્ય વચન પણ શ્રોતાને સંક્લેશોત્પાદક નથી બનતું... (હિંસાદિ ઉત્પન્ન થાય, એ અલગ વસ્તુ છે...) માટે મર્મગ વચન માટે જ પ્રસ્તુત વાત સમજવી. વળી જે શાસ્ત્રપાઠ આપવામાં આવશે તેમાં પણ મર્મગ વચનની જ વિચારણા છે.)

---

1. तथैव काणं काण इति, पण्डकं पण्डक इति वा । व्याधिमन्तं वाऽपि रोगी इति, स्तेनं चौर इति नो वदेत् ॥१॥ एतेनान्येनार्थेन, परो येनोपहन्यते। आचारभावदोषज्ञो, न तद्भाषेत प्रज्ञावान् ॥२॥

આ મર્મગ વચન બાબતમાં શાસ્ત્રોમાં કહ્યું છે કે–

(૧) તે જ પ્રમાણે :– કાણાને 'આ કાણો છે' એમ, નપુંસકને 'આ નપુંસક છે' એમ,

રોગીને ' આ રોગી છે' એમ, ચોરને 'આ ચોર છે' એમ ન કહેવું... ॥૧॥

(૨) આ અર્થથી કે બીજા જે અર્થથી પર = બીજો આત્મા હણાતો હોય = પરેશાન થતો હોય... આચાર અને ભાવના દોષોને જાણનાર, પ્રજ્ઞાવાન સાધુ તે વચનને ન બોલે... ॥૨॥

(આવા સાવદ્ય, નિરર્થક કે મર્મગ વચન બોલવાના નથી. પણ ધારો કે એ બોલવાના થતા હોય તો–)

आत्मार्थं = પોતાના કોઈક કાર્યને માટે,

परार्थं = બીજાના કોઈક કાર્યને માટે,

उभयस्य = પોતાના + બીજાના બંનેના કાર્યને માટે.

અહીં प्रयोजनम् એ શબ્દ સમજી લેવાનો. (લખેલો નથી...)

अंतरेण वा = વિના = વગર.

શેના વગર ? એ લખેલ નથી પણ પ્રયોજન = કાર્ય વગર... એમ प्रयोजनं શબ્દ વધારાનો લઈ લેવો. એટલો અધ્યાહાર કરવો.

આમ આત્માને માટે પણ આવા વચનો ન બોલવા.

બીજાને માટે પણ આવા વચનો ન બોલવા.

ઉભયને માટે પણ આવા વચનો ન બોલવા.

વગર કારણે પણ આવા વચનો ન બોલવા.

---

वृत्ति भाषादोषं परिहरेदित्यनेनैव गते पृष्टविषयत्वादस्यापौनरुक्त्यं, यद्वा भाषादोषो जकारमकारादिरेव तत्र गृह्यत इति न दोषः, सूत्रद्वयेन चानेन वाग्गुप्त्यभिधानतश्चारित्रविनय उक्त इति सूत्रार्थः ।।२५।।

---

પ્રશ્ન : ગાથા – ૨૪માં 'भाषादोषं परिहरेत्' કહી જ દીધું છે. એમાં सावद्यं, निरर्थं, मर्मगं આ ભાષા દોષો જ છે, તો એનો ત્યાગ કરવાનો પદાર્થ તો ૨૪મી ગાથાના એ પાદથી જ આવી જ જાય છે તો ફરી શા માટે અહીં બતાવો છો ?

ઉત્તર : સાચી વાત, भासादोसं परिहरे એ પાદ વડે જ આ ગાથાનો પદાર્થ આવી જ ગયો છે. છતાં ૨૪મી ગાથામાં જે વાત હતી તે કોઈ સાધુને પૂછે કે ન પૂછે... એ વખતની સામાન્યથી વાત હતી.

આ ગાથામાં જે વાત છે તે 'કોઈ જ્યારે સાધુને તે તે બાબત પૂછે, ત્યારે સાધુએ શું બોલવું ?' એ અંગેની વાત છે. એટલે આ ગાથાસૂત્ર પૃષ્ટસાધુવિષયક છે, તેથી આમાં પુનરુક્તિ દોષ લાગતો નથી.

અથવા તો ૨૪મી ગાથામાં જે भाषादोसं શબ્દ છે, એનાથી સાવદ્યાદિ તમામ ભાષાદોષ નહિ લેવાના. પરંતુ જ કાર (અવધારણી) મ કાર (મા, મા... અર્થાત્ નિષેધ કરવો, નિષ્ઠુરતાથી ના પાડવી...) એ જ ત્યાં ભાષાદોષ લેવો.

(એટલે સાવદ્ય, નિરર્થ વગેરે ભાષાદોષો તો બાકી જ રહે છે, એટલે ૨૫મી ગાથામાં એનું વર્ણન કરે, તો પુનરુક્તિ દોષનો સંભવ જ નથી.)

પ્રશ્ન : પણ આ ૨૪-૨૫ સૂત્રમાં વિનય તો બતાવ્યો જ નથી, એવું કેમ ચાલે ?

ઉત્તર : આ બે સૂત્રોવડે વાગ્ગુપ્તિનું અભિધાન કરાયું છે અને તેથી તેના દ્વારા ચારિત્રવિનય કહેવાયો છે. (કેમકે વાગ્ગુપ્તિ ચારિત્રવિનયનો જ ભેદ છે...)

---

अवतरणिका :- इत्थं स्वगतदोषपरिहारमभिधायोपाधिकृतदोषपरिहारमाह -

---

અવતરણિકા :- આ પ્રમાણે - પોતાનામાં રહેલા = પોતાનામાં સંભવતા દોષોના ત્યાગને બતાવીને હવે ઉપાધિ વડે = બીજી વસ્તુ વડે કરાયેલા = ઉત્પન્ન થનારા એવા દોષોના ત્યાગને બતાવે છે.

---

॥मू. गा. २६॥ समरेसु अगारेसुं, गिहसंधिसु अ महापहेसु ।
एगो एगित्थीए सद्धिं, नेव चिट्ठे न संलवे ॥२६॥ (सूत्रम्)

व्याख्या :- 'समरेषु' खरकुटीषु, तथा च चूर्णिकृत्- *'समरं[1] नाम जत्थ हेट्ठा लोयारा कम्मं करेंति'* उपलक्षणत्वादस्यान्येष्वपि नीचास्पदेषु 'अगारेषु' गृहेषु 'गृहसन्धिषु च' गृहद्वयान्तरालेषु च 'महापथेषु' राजमार्गादौ, किमित्याह- 'एकः' असहायः एका-असहाया सा चासौ स्त्री च एकस्त्री तया 'सार्द्धं' सह 'नैव तिष्ठेत्' असंलपन्नेव चोर्ध्वस्थानस्थो न भवेत्, 'न संलपेत्' न तयैव सह संभाषं कुर्यात्, अत्यन्तदुष्टतोद्भावनपरं चैकग्रहणम्,

---

ગાથાર્થ :- લુહારની શાળામાં, ઘરોમાં, બે ઘરની વચ્ચેની જગ્યામાં, રાજમાર્ગોમાં એક સાધુ એક સ્ત્રીની સાથે (મૌન પણ ન) ઉભો રહે, વાત પણ ન કરે.

(અથવા) સ્ત્રીની દૃષ્ટિ સાથેનો દૃષ્ટિનો સંપર્ક મહા ... વાત પણ ન કરે. (બીજો અર્થ પૂર્વની જેમ)

ટીકાર્થ :- समर = લુહારોનું કામ કરવાનું સ્થાન... ચૂર્ણિકારે આ વ્યાખ્યા કહી છે કે- 'સમર એટલે જ્યાં નીચે લુહારો કામ કરે...' આ ઉપલક્ષણ છે, તેથી આ શબ્દથી બીજા પણ નીચસ્થાનો લઈ લેવા.

अगार = ઘર.

गृहसन्धि = બે ઘરની વચ્ચેનો ખાલી ભાગ.

महापथ = રાજ-માર્ગ વગેરે.

આ બધા સ્થાનોમાં

एकः = સહાય વિનાનો = એકલો સાધુ,

एकस्त्री = સહાય વિનાની = એકલી એવી સ્ત્રીની સાથે,

न तिष्ठेत् = નહિં બોલતો છતોં જ (પણ) ઉભો ન રહે. (મૌન રાખીને પણ ન ઉભો રહે)

न संलपेत् = એ એકલીસ્ત્રીની સાથે જ સંભાષણને ન કરે = વાત ન કરે.

(જે સ્ત્રીની સાથે ઉભા રહેવાનો નિષેધ કરેલો છે, એ જ સ્ત્રીની સાથે વાતચીતનો નિષેધ કર્યો છે... એ માટે एव છે. એનો અર્થ એવો ન કરવો કે બીજી સ્ત્રીની સાથે વાતની છૂટ... પણ પૂર્વે એ જ સ્ત્રીની વાત હતી... એટલે એના ઉલ્લેખ માટે

---

1. समरं नाम यत्राधस्तात् लोहकाराः कर्म कुर्वन्ति ।

જ છે...)

**પ્રશ્ન** : એકલી સ્ત્રી સાથે ઉર્ધ્વસ્થાન + સંભાષણનો નિષેધ કર્યો એનો અર્થ એ જ કે બે સ્ત્રી હોય તો તો એની સાથે ઉર્ધ્વસ્થાનાદિ કરી શકાય ?

**ઉત્તર** : ના, એક સ્ત્રી સાથે ઉર્ધ્વસ્થાનાદિ તો અત્યંત ખરાબ છે, અને એ અત્યંતદુષ્ટતાનું ઉદ્ભાવન કરવા માટે જ આ एक નું ગ્રહણ કરેલું છે. એનો મતલબ એ નથી કે બે સ્ત્રી સાથે ઉર્ધ્વસ્થાનાદિ નિર્દોષ છે.

---

**वृत्ति :- अन्यथा ससहायस्यापि ससहायया अपि च स्त्रिया सहावस्थानं सम्भाषणं चैवंविधास्पदेषु दोषायैव, प्रवचनमालिन्यादिदोषसम्भवात्, अथवा सममरिभिर्वर्तन्त इति समरा द्रव्यतो जनसंहारकारिणः संग्रामाः भावात्तु स्त्रीणामरिभूतत्वात् ज्ञानादिजीवस्वतत्त्वघातिनः तासामेव दृष्टया दृष्टिसम्बन्धाः, तत्रेह भावसमरैरधिकारः, सप्तमी चेयं,**

---

अन्यथा = એકસ્ત્રીની વાત તો બાજુ પર રાખો, પણ સહાયવાળા એવા સાધુનું સહાયવાળી એવી પણ સ્ત્રીની સાથે અવસ્થાન અને સંભાષણ એ સમરાદિ (આવા પ્રકારના) સ્થાનોમાં દોષને માટે જ થાય છે કારણ કે શાસનની મલિનતા, સાધુનિંદા, આરોપ વગેરે દોષોનો સંભવ છે. તેથી એ દોષ માટે જ છે.

અથવા (બીજો અર્થ કરે છે)

समर = समम् अरिभिः वर्तन्ते જેઓ શત્રુઓની સાથે વર્તે, તે समरः

દ્રવ્યથી સમર લોકોના સંહારને કરનાર યુદ્ધો, ભાવથી સમર સ્ત્રીઓની દષ્ટિ સાથે દષ્ટિસંબંધ

**પ્રશ્ન** : આને સમર શી રીતે કહેવાય ?

**ઉત્તર** : સ્ત્રીઓ અરિભૂત છે = શત્રુરૂપ છે.

તેથી તેમની દષ્ટિ સાથે દષ્ટિસંબંધ જીવના જ્ઞાનાદિરૂપ સ્વતત્ત્વનો ઘાત કરનાર છે. એટલે સમરમાં જેમ આપણી હત્યા થાય, તેમ સ્ત્રીની આંખ સાથે આંખના મિલનમાં ાનાદિની હત્યા થાય છે, તેથી સ્ત્રીઓની જ આંખ સાથે આંખનો સંબંધ એ ભાવથી સમર છે.

પૂર્વના અર્થમાં સ્ત્રી સાથેના અવસ્થાનાદિનો નિષેધ હતો, અહિં પણ તે જ સ્ત્રીની સાથે દૃષ્ટિ સંબંધ કરવાનો નિષેધ છે. આ જકારનો અર્થ થયો.

તેમાં અહીં ભાવસમર વડે અધિકાર છે.

અને આ સાતમી વિભકિત છે. = સતી સાતમી છે. (સપ્તમી શબ્દનો અર્થ જ છે સતી સપ્તમી)

---

**वृत्ति :- ततोऽयं भावार्थः- द्रव्यसमरा हि न स्युरपि प्राणापहारिणः, भावसमरास्तु ज्ञानादिभावप्राणापहारिण एव, विशेषतस्त्वेकाकितायां, तत एवमेतेष्वपि दारूणेषु भावसमरेषु सत्सु नैक एकस्त्रिया सार्द्धमगारादिषु तिष्ठेत् संलपेद्वा, अनेनापि चारित्रविनय एवोक्तः, उपदेशाधिकाराच्च न पौनरूक्त्यम्, एवमन्यत्रापि भावनीयमिति सूत्रार्थः।।२६।।**

---

તેથી આ ભાવાર્થ છે.

દ્રવ્ય સમર = યુદ્ધો તો પ્રાણોનો અપહાર કરનારા ન પણ થાય .

ભાવસમર = સ્ત્રીની આંખ સાથે આંખોનુ મિલન તો જ્ઞાનાદિરૂપ ભાવપ્રાણનો અપહાર કરનાર બને જ છે.

એમાંય સ્ત્રી એકલી હોય, સાધુ એકલો હોય ત્યારે તો વિશેષથી આ ભાવસમર ભાવપ્રાણઘાતક બને. તેથી આ પ્રમાણે આ અતિભયંકર ભાવસમર હોતે છતે (ભાવસમર અતિભયંકર છે તેથી) સાધુ એકલો એકસ્ત્રીની સાથે ઘર વગેરેમાં (મૌન પણ) ઉભો ન રહે કે વાતચીત ન કરે.

( આ બીજા વ્યાખ્યાનમાં समरेषु सत्सु એમ પહેલુ પદ સતી સપ્તમીમાં છે. અને अगारेषु વગેરે પદ અધિકરણ સપ્તમીમાં છે. સમર હોતે છતે, ઘરોમાં... એમ અર્થ થાય)

આ ગાથાસૂત્ર વડે પણ ચારિત્રવિનય જ કહેવાયો.

**પ્રશ્ન :** પણ ચારિત્રવિનય પૂર્વે કહેવાઈ જ ગયો છે કાયગુપ્તિ પણ કહેવાઈ ગઈ છે તો વારંવાર એક જ વાત શા માટે? પુનરુકિત દોષ ન લાગે.

**ઉત્તર :** આ ઉપદેશનો અધિકાર ચાલે છે, તેથી એમાં પુનરુકિત દોષ ન લાગે. (ઉપદેશમાં એક જ પદાર્થ અનેકવાર બોલી શકાય, તેને દોષ નથી ગણ્યો.)

આ પ્રમાણે બીજા સૂત્રોમાં પણ વિચારી લેવું. (જ્યાં પુનરુકિત લાગે,ત્યાં આ સમજવું કે ઉપદેશાધિકાર હોવાથી એક જ વાત વારંવાર કહી છે.. માટે દોષ નથી)

---

अवतरणिका :- कदाचित् स्खलिते च गुरूभिः शिक्षितो यत्कुर्यात् तदेवाह-

---

**અવતરણિકા :-** શિષ્યથી કયારેક ભૂલ થાય, ત્યારે ગુરૂ એને શિક્ષા કરે. (હિતશિક્ષા આપે, ઠપકો આપે) એ વખતે શિષ્ય જે કરે, તેને જ દર્શાવે છે.

---

**॥मू. गा. २७॥ जं मे बुद्धाणुसासंति, सीएण फरूसेण वा ।**
**मम लाभुत्ति पेहाए, पयओ य (तं) पडिस्सुणे ॥२७॥ (सूत्रम्)**

व्याख्या - यन्मां बुद्धा 'अनुशासन्ति' शिक्षां ग्राहयन्ति 'शीतेन' सोपचारवचसा, '*शीलेन वे*'ति पाठः, तत्र शीलं-महाव्रतादि उपचारात्तज्जनकं वचोऽपि शीलं तेन, यद्वा 'शील समाधौ' ततः *शीलेन*-समाधानकारिणा-भद्र ! भवादृशामिदमनुचितमित्यादिना, 'परूषेण' कर्कशेन, उभयत्र वचसेति गम्यते,

---

**ગાથાર્થ :** 'આચાર્ય મને શીતવચનવડે કે કર્કશવચનવડે જે હિતશિક્ષા આપે છે. તે મારો લાભ છે' એ પ્રમાણે વિચારીને પ્રયત્નવાન સાધુ તે વચનને સ્વીકારે.

**ટીકાર્થ :** બુદ્ધ = આચાર્યાદિ મને શિક્ષાને ગ્રહણ કરાવે છે = શીખવાડે છે.

**પ્રશ્ન :** શેના વડે શીખવાડે છે ?

**ઉત્તર :** શીત વચન વડે = ઉપચારપૂર્વક વચન વડે = શાંત વચન વડે,

शीलेन वा એ પ્રમાણે પણ પાઠ છે. ત્યાં शील = મહાવ્રતાદિ... ગુરૂના વચનો મહાવ્રતાદિના જનક = ઉત્પાદક છે, એટલે કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી ગુરૂવચન પણ શીલ તરીકે લઈ શકાય.

અથવા 'शील समाधौ' એ ધાતુપાઠ પ્રમાણે शील શબ્દ સમાધિ અર્થમાં છે. એથી शीलेन = समाधिकारिणा 'હે

ભદ્ર ! તારા જેવા માટે આ અનુચિત છે' ઈત્યાદિ વચનવડે,

તથા परूषेण = કર્કશ વચનવડે

ગાથામાં વચન શબ્દ લખ્યો નથી, પણ उभयत्र = शीतेन परूषेण वा એ બંને સ્થાને એ શબ્દ સમજી લેવાનો.

---

वृत्ति :- तत् 'प्रतिशृणुयात्' विधेयतया अङ्गीकुर्यादित्युत्तरेण सम्बन्धः, किमभिसन्धायेत्याह- मम 'लाभः' अप्राप्तार्थप्राप्तिरूपः, यन्मामनाचारकारिणममी शासन्तीति 'पेहाएत्ति' एकारस्यालाक्षणिकत्वात् प्रेक्ष्य-आलोच्य प्रेक्षया वा एवंविधबुद्ध्या 'पयतो'त्ति प्रयतः-प्रयत्नवान्, पदतो वा-तथाविधानुस्मर्यमाण-सूत्रालापकादिति सूत्रार्थः।।२७।।

---

આવા વચનને સાધુ સ્વીકારે = 'આ મારે કર્તવ્ય છે' એ રીતે એનો અંગીકાર કરે.

ગાથામાં `લ્લે तं पडिस्सुणे શબ્દ છે, તેની સાથે આનો સંબંધ છે. (जं નો ાથે સંબંધ હોય જ, એટલે આ उत्तरेण સંબંધ વચ્ચે બતાવ્યો છે. બાકી તો વચ્ચે એક પાદનો અર્થ બાકી જ છે.)

**પ્રશ્ન :** શું વિચારીને તે વચનને સ્વીકારે ?

ઉત્તર : 'આ મારો લાભ છે = નહિ મળેલા અર્થની પ્રાપ્તિરૂપ આ લાભ છે કે જેથી અનાચારને કરનારા મને આ ગુરૂજનો શાસન કરે છે = હિતશિક્ષા આપે છે.' આ પ્રમાણે વિચારીને–

**પ્રશ્ન :** ગાથામાં पेहाए શબ્દ છે, તેનો તમે प्रेक्ष्य પ્રમાણે અર્થ શી રીતે લીધો ?

ઉત્તર : એમાં ए અલાક્ષણિક છે, એટલે प्रेक्ष्य શબ્દ લેવાય.

અથવા તો पेहाए = प्रेक्षया = આવા પ્રકારની બુદ્ધિ વડે

प्रयतः = પ્રયત્નવાંન્ સાધુ તે વચનને સ્વીકારે.

અથવા पयओ = पदतः = તેવા પ્રકારના યાદ કરાવાતા એવા સૂત્રના આલાવા દ્વારા એ વચનને સ્વીકારે. (અર્થાત્ એવા વચનોનો સ્વીકાર કરવો અઘરો પડતો હોય, તો દસ વૈ. વગેરેના જે સુંદર શ્લોકો છે એને યાદ કરી એના દ્વારા ભાવિત બની ગુરુવચનને સ્વીકારે. 'धन्यस्योपरि निपतति... ગુરુની ગાળ ઘી ની નાળ... વગેરે પદોનો આધાર લઈને ગુરુવચન સ્વીકારે.)

---

अवतरणिका :- किमिह परत्र चात्यन्तोपकारि गुरुवचनमपि कस्यचिदन्यथा सम्भवति ?, येनैवमुपदिश्यते इत्याह –

---

**અવતરણિકા :- પ્રશ્ન :** ઈહલોકમાં અને પરલોકમાં અત્યંત ઉપકારી એવું ગુરુવચન પણ શું કોઈકને અન્યથા = ઉંધુ પડનારું = ન ગમતું સંભવે ખરું ? કે જેથી આ પ્રમાણે ઉપદેશ અપાય છે. (વચન સીધું જ પડતું હોય, તો આવા ઉપદેશની જરૂર જ નથી... છતાં ઉપદેશ આપ્યો છે એટલે આવી શંકા પડે એ સ્વાભાવિક છે.)

---

॥मू. गा. २८॥ **अणुसासणमोवायं, दुक्कडस्स य पेरणं ।**
**हियं तं मन्नए पन्नो, वेस्सं भवइ असाहुणो ॥२८॥ (सूत्रम्)**

व्याख्या – 'अनुशासनम्' उक्तरूपम् 'ओवायं'ति उपाये-मृदुपरुषभाषणादौ भवमौपायं, यद्वा 'ओवायंति' सूत्रत्वात् उपपतनमुपपातः-समीपभवनं तत्र भवमौपपातं-गुरुसंस्तारास्तरणविश्रामणादिकृत्यं

ઉત્તર :

ગાથાર્થ :- ઔપાય (ઉપાય સંગત) અનુશાસન + દુષ્કૃત અંગે ઠપકો... પ્રજ્ઞાવાન તેને હિતકારી માને, અસાધુને તે દ્વેષોત્પાદક બને.(અથવા અનુશાસન + ઔપપાત = ગુરુકાર્યો... શેષ ઉપર પ્રમાણે...)

ટીકાર્થ : અનુશાસન એટલે જેનું સ્વરૂપ ૨૭મી ગાથામાં બતાવી ગયા...

જે અનુશાસન ઔપાય છે. એટલે કે ઉપાયને વિશે થયેલું છે. એટલે કે મૃદુભાષણ કે કર્કશભાષણ વગેરે રૂપી ઉપાયને વિશે આ અનુશાસન થયેલું છે. માટે તે ઔપાય છે.

અથવા તો (औपायं ને અનુશાસનનું વિશેષણ બનાવવાને બદલે સ્વતંત્ર જ શબ્દ દર્શાવી રહ્યા છે કે)

ओवायं શબ્દ સૂત્ર હોવાથી લખેલ છે. ખરેખર ओववायं શબ્દ રૂપે સમજવો. એમાં उपपात = નજીકમાં થવું = હોવું તે...

ગુરુની નજીકમાં જે કાર્ય થાય, તે औपपात...

ગુરુનો સંથારો પાથરવો, પગ દબાવવા વગેરે કાર્ય औपपात છે. (ગુરુની નજીકમાં જ આ બધા કાર્યો થાય... કરવાના જ હોય...)

---

वृत्ति :- 'दुष्कृतस्य च' कुत्सिताचरितस्य प्रेरणं-हा ! किमिदमित्थमाचरितमित्याद्यात्मकं, गुरुविहितमिति गम्यते, 'हितम्' इहपरलोकोपकारि, 'तदि' त्यनुशासनादि मन्यते 'प्राज्ञः' प्रज्ञावान् 'द्वेष्यं' द्वेषोत्पादकं 'भवति' जायते, कस्य ?- 'असाधोः' अपगतभावसाधुत्वस्य, तदनेनासाधोर्गुरुवचनस्याप्यन्यथात्वसम्भव उक्त इति सूत्रार्थः ।।२८।।

---

તથા શિષ્યથી કોઈક ખરાબ આચરણ થઈ જાય તો ગુરુ એ ખરાબ આચરણ અંગેની પ્રેરણા કરે કે 'હા ! આ આ પ્રમાણે કેમ કર્યુ ?' વગેરે...

गुरुविहितं = ગુરુ વડે કરાયેલી પ્રેરણા... આ શબ્દ લખ્યો નથી, પણ સમજી લેવાનો છે.

(૧) અનુશાસન (૨) ઔપપાત (૩) દુષ્કૃતપ્રેરણ અથવા–

(૧) ઔપાય અનુશાસન (૨) દુષ્કૃત પ્રેરણ (આ પ્રથમવ્યાખ્યા પ્રમાણે)

પ્રજ્ઞાવાન સાધુ આ અનુશાસનાદિને ઈહલોક અને પરલોકમાં ઉપકારી માને. જ્યારે असाधोः = જેનામાંથી ભાવ સાધુતા નીકળી ગઈ છે, તેવા વેષધારી સાધુને તે અનુશાસનાદિ દ્વેષને ઉત્પન્ન કરનાર બને.

(असाधोः = સંસારી ન લેવાય, કારણ કે ગુરુ એને અનુશાસનાદિ પ્રાયઃ ન કરે. એમ વેષત્યાગી પણ ન લેવાય... માટે ઉપર મુજબની વ્યાખ્યા કરી છે...)

तत् = તેથી આ ચોથાપાદ વડે – 'અસાધુને ગુરુવચન પણ ઉંધુ પડે' એ સંભાવના દર્શાવી દીધી. (એટલે તમારા પ્રશ્નનો જવાબ આવી ગયો કે અસાધુને ગુરુવચન ન ગમવાની શકયતા છે, માટે ૨૭મી ગાથામાં તેવા પ્રકારનો ઉપદેશ આપેલો છે.)

---

अवतरणिका :- अमुमेवार्थं व्यक्तीकर्तुमाह –

---

અવતરણિકા :- આ જ અર્થને વ્યક્ત = પ્રગટ = સ્પષ્ટ કરવાને માટે કહે છે–

॥मू. गा. २९॥ हियं विगयभया बुद्धा, फरुसमप्पणुसासणं ।
वेस्सं तं होइ मूढाणं, खंतिसुद्धिकरं पयं ॥२९॥ (सूत्रम्)

व्याख्या - 'हितं' पथ्यं 'विगतभयाः' सप्तभयरहिताः 'बुद्धाः' अवगततत्त्वाः, मन्यन्त इति शेषः, 'परुषमपि' कर्कशमपि, अनुशासनं शिष्याणां गुरुविहितमिति प्रक्रमः, 'द्वेष्यं' द्वेषोत्पादि 'तद्' इत्यनुशासनं भवति 'मूढानाम्' अज्ञानानां, क्षान्तिः-क्षमा शुद्धिः-आशयविशुद्धता तत्करणं, यद्वा-क्षान्तेः शुद्धिः-निर्मलता क्षान्तिशुद्धिस्तत्करम्, अमूढानां विशेषतः क्षान्तिहेतुत्वाद् गुर्वनुशासनस्य,

---

ગાથાર્થ : ભયરહિત, તત્ત્વજ્ઞાતાઓ કર્કશ પણ અનુશાસનને હિતકારી માને છે. ક્ષમાની વિશુદ્ધિને કરનાર, જ્ઞાનાદિગુણોનું પદ = સ્થાન એવું તે અનુશાસન મૂઢોને દ્વેષોત્પાદક બને છે.

ટીકાર્થ : हित = પથ્ય = ઉપકારી.

विगतभयाः = સાતભયથી રહિત.

बुद्धाः = તત્ત્વને જાણી ચૂકેલા મહાપુરુષો.

मन्यन्ते = 'માને છે.' આ ક્રિયાપદ શેષ તરીકે લેવું.

બુદ્ધો કર્કશ એવા પણ અનુશાસનને હિતકારી માને છે.

પ્રશ્ન : આ કયું અનુશાસન ?

ઉત્તર : 'શિષ્યો પ્રત્યે ગુરુએ કરેલું અનુશાસન' એ અહીં પ્રસ્તુત છે.

જ્યારે મૂઢ જીવોને = અજ્ઞાનીઓને તે અનુશાસન દ્વેષોત્પાદક બને છે.

પ્રશ્ન : એ અનુશાસન ખરેખર કેવું છે ?

ઉત્તર : ખરેખર તો એ ક્ષમા અને આશયની પવિત્રતાને કરનારું છે. અથવા ક્ષમાની નિર્મલતાને કરનારું છે.

પ્રશ્ન : પણ એ અનુશાસન ખરેખર આવું છે, એવું તમે કયા આધારે કહી શકો ?

ઉત્તર : કારણ કે ગુરુનું અનુશાસન અમૂઢ જીવોને તો વિશેષથી ક્ષમાનું કારણ બને જ છે, તેથી ચોક્કસ કહી શકાય કે એ અનુશાસન ખરેખર તો ક્ષમાની નિર્મલતાનું = વધુને વધુ સારી ક્ષમાનું કારણ છે.

---

वृत्ति :- मार्दवादिशुद्धिकरत्वोपलक्षणं चैतद्, अत एव पद्यते-गम्यते गुणैर्ज्ञानादिभिरिति पदं-ज्ञानादिगुणस्थानमित्यर्थः, अथवा-परुषमपीत्यपिशब्दो भिन्नक्रमः, ततश्च हितमप्यायत्यां विगतभयाद् 'बुद्धाद्' आचार्यादेः, उत्पन्नमिति शेषः, परुषं यच्छ्रुत्यसुखदमनुशासनं, तत्किमित्याह-द्वेष्यं तद्भवति मूढानां, शेषं प्राग्वदिति सूत्रार्थः ॥२९॥

---

પ્રશ્ન : ગુરુનું અનુશાસન શું માત્ર ક્ષમાની જ શુદ્ધિ કરે ?

ઉત્તર : માર્દવાદિશુદ્ધિકરત્વનું ઉપલક્ષણ આ છે. અર્થાત્ 'ગુરુ-અનુશાસન ક્ષમાશુદ્ધિકર છે.' એ વચન ઉપલક્ષણ છે, તેથી સમજી લેવાનું કે ગુરુ-અનુશાસન માર્દવાદિશુદ્ધિકર પણ છે....

આથી જ તો = ક્ષમાદિશુદ્ધિકારક હોવાથી જ તો એ અનુશાસન પદ છે.

पद्यते = गम्यते જ્ઞાનાદિ ગુણો વડે જે જણાય તે પદ ! અનુશાસનમાં જ્ઞાનાદિ ગુણો રહેલા ` = ઉત્પન્ન થાય છે, માટે એ ગુણોવડે અનુશાસન જણાય છે, માટે એ પદ છે એટલે કે જ્ઞાનાદિગુણોનું સ્થાન છે.

(વહ્નિમાંથી ધૂમ ઉત્પન્ન થાય છે, તેથી ધૂમવડે વહ્નિ જણાય છે, તેથી વહ્નિ ધૂમનું સ્થાન કહી શકાય છે. એ રીતે અનુશાસન જ્ઞાનાદિગુણોત્પાદક હોવાથી એ જ્ઞાનાદિગુણોનું સ્થાન કહી શકાય. ક્ષમાદિગુણોની ઉત્પત્તિ હમણાં જ બતાવી ગયા છે.) અથવા (બીજી રીતે અર્થ બતાવે છે.)

फरुसंपि = परुषमपि માં જે अपि શબ્દ છે, તે ભિન્નક્રમવાળો છે. તેથી આ પ્રમાણે અર્થ કરવો.

विगयभया = विगतभयात् बुद्धा = बुद्धात् = आचार्यादे: (પાંચમી છે.) એટલે ભયરહિત આચાર્યાદિથી ઉત્પન્ન થયેલ,

हितमपि = ભવિષ્યમાં હિતકારી એવું પણ જે અનુશાસન પરુષ છે એટલે કે જે કાનને દુઃખ આપનાર છે, તે મૂઢ જીવોને દ્વેષ્ય બને છે...

બાકી બધું પૂર્વની જેમ છે...

(પહેલી વ્યાખ્યામાં :- ભયરહિત બુધ પુરુષો કર્કશ એવા પણ અનુશાસનને હિતકારી માને છે, પણ ક્ષમાશુદ્ધિકર અને જ્ઞાનાદિગુણસ્થાન તે અનુશાસન મૂઢોને દ્વેષોત્પાદક બને છે.

બીજી વ્યાખ્યામાં :- ભય રહિત બુદ્ધ પુરુષથી ઉત્પન્ન થયેલ, ક્ષમાશુદ્ધિકર, જ્ઞાનાદિગુણસ્થાન, ભવિષ્યમાં હિતકારી એવું પણ કર્કશ અનુશાસન મૂઢોને દ્વેષોત્પાદક બને છે... આ પ્રમાણે બેમાં અર્થ ભેદ થશે.

પહેલામાં मन्यन्ते શેષ છે, બીજામાં उत्पन्नं શેષ છે.

शेषं प्राग्वत् = खंतिसोहिकरं पयं... આ ગાથાના `લ્લા પાદનો અર્થ પ્રથમ વ્યાખ્યા પ્રમાણે હોવાથી બીજી વ્યાખ્યામાં આનો અર્થ ફરી દર્શાવ્યો નથી, એટલે એ શેષ તરીકે લેવાનું અને એ પૂર્વની જેમ સમજી લેવાનું.)

---

अवतरणिका :- पुनर्विनयमेवाह -

---

અવતરણિકા :- ફરી વિનયને જ દર્શાવે છે. -

---

॥मू. गा. ३०॥ आसणे उवचिट्ठिज्जा, अनुच्चेऽकुक्कुए थिरे ।
अप्पुत्थाई निरुत्थाई, निसीज्जा अप्पकुक्कुई ॥३०॥ (सूत्रम्)

व्याख्या - 'आसनं' पीठादि वर्षासु ऋतुबद्धे तु पादपुञ्छनं तत्र पीठादौ 'उपतिष्ठेत्' उपविशेत्, 'अनुच्चे' द्रव्यतो नीचे भावतस्त्वल्पमूल्यादौ, गुर्वासनात् इति गम्यते, 'अकुक्कुचे' अस्पन्दमाने, न तु तिनिशफलकवत् किञ्चिच्चलति, तस्य शृङ्गाराङ्गत्वात्, 'स्थिरे' समपादप्रतिष्ठिततया निश्चले, अन्यथा सत्त्वविराधनासम्भवात्,

---

ગાથાર્થ : અનુચ્ચ = નીચા, અકુક્કુચ અને સ્થિર આસન ઉપર બેસે. (કારણ આવે ત્યારે પણ) અલ્પોત્થાનવાળો, (કારણ વિના) ઉત્થાનાભાવવાળો, કૌકુચના અભાવવાળો (આસન ઉપર) બેસે.

ટીકાર્થ : સાધુ ચોમાસામાં પાટલાદિ રૂપ આસન ઉપર અને શેષકાળમાં પાદપુંછનરૂપ આસન ઉપર બેસે.

પ્રશ્ન : એ આસન કેવું હોવું જોઈએ ?

ઉત્તર : अनुच्च = દ્રવ્યથી અનુચ્ચ એટલે નીચું. વળી ભાવથી અનુચ્ચ એટલે અલ્પમૂલ્યવાળું, અલ્પશોભાવાળું ઇત્યાદિ

પ્રશ્ન : પણ કોના કરતા નીચું ? કોના કરતા સસ્તુ ?

ઉત્તર : ગુરુના આસન કરતા. गुर्वासनात् એ શબ્દ સમજી લેવાનો

તથા अकुक्कुच = અસ્પંદમાન = પોચું હોય, તો એના ઉપર બેસવાથી એ સ્પંદન પામે (જેમકે ડનલોપની ગાદીવાળી ખુરશી, સોફો...) તિનિશફલકની જેમ કંઈક ચાલતું હોય (અર્થાત્ પોચું હોય એટલે દબાય.) તેવા આસન પર ન બેસે. (તિનિશ = વનસ્પતિ વિશેષ, એનામાંથી બનેલુ ફલક = પાટીયું...)

પ્રશ્ન : પણ કુકકુચમાં વાંધો શું ?

ઉત્તર : તે શ્રૃંગારનું કારણ છે. (આવું આસન વિભૂષારૂપ બને તેથી. આજે એવા સોફા,ગાદી વિભૂષા માટે રખાય જ છે. )

તથા स्थिर = નિશ્ચલ. એના ચાર પાદ જમીન પર એક સરખા પ્રતિષ્ઠિત હોવાથી એ હલે નહિ, માટે સ્થિર ! (જો સરખા પ્રતિષ્ઠિત ન હોય, તો દબાણ આવવાથી એ આસન ઉચું-નીચું થયા કરે. અસ્થિર રહે.)

अन्यथा = જો નિશ્ચલ આસન ન રાખે તો જીવોની વિરાધનાનો સંભવ છે તેથી આસન નિશ્ચલ જોઈએ. (આ જ કારણસર अस्पन्दमान નો અર્થ પોચી ગાદી વગેરે કરેલો છે. નહિ તો નિશ્ચલ + અકુકકુચમાં ભેદ નહિ રહે.

વળી કુકકુચમાં શૃંગાર દોષ દર્શાવ્યો, જીવવિરાધના નહિ. જયારે અનિશ્ચલમાં જીવવિરાધના દોષ બતાવ્યો,

એટલે એના આધારે પણ ઉપર મુજબનો અર્થ યોગ્ય લાગે છે.

---

वृत्ति :- ईदृश्यप्यासने अल्पमुत्थातुं शीलमस्येति अल्पोत्थायी, प्रयोजनेऽपि न पुनः पुनरूत्थानशीलः, 'निरूत्थायी' न निमित्तं विनोत्थानशीलः, उभयत्रान्यथाऽनवस्थिततत्वसम्भवात्, एवंविधश्च किमित्याह- 'निषीदेत्' आसीत, 'अप्पकुक्कुइ' त्ति अल्पस्पन्दनः, करादिभिरल्पमेव चलन्, यद्वा-अल्पशब्दोऽभावाभिधायी, ततश्चाल्पम-असत्, कुक्कुयं'ति कौत्कुचं-करचरणभ्रूभ्रमणाद्यसच्चेष्टात्मकमस्येत्यल्पकौत्कुचः, अनेनाप्यौपचारिकविनयः प्रकारान्तरेणोक्त इति सूत्रार्थः ।।३०।।

---

આવા પ્રકારના = અકુક્કુચ અને સ્થિર એવા પણ આસન વાપરે, તોય સાધુ

अप्पुत्थाइ... અલ્પ (=કયારેક જ) ઉભા થવાનો સ્વભાવ છે જેનો તે અલ્પોત્થાયી. આશય એ છે કે કાર્ય આવી પડે તો પણ વારંવાર ઉભા થવાનો સ્વભાવ ન હોય. (પ્રયત્ન એવો જ કરે કે બધા કાર્યો ક્રમશઃ એક સાથે પતી જાય, એટલે વારંવાર ઉભા ન થવું પડે...)

निरुत्थायी... કારણ વિના તો ઉભો ન જ થાય...

પ્રશ્ન : પણ કારણસર વારંવાર ઉભા થવામાં કે કારણ વિના પણ એક-બે વાર ઉભા થવામાં દોષ શું ?

ઉત્તર : બંનેમાં = અલ્પોત્થાનમાં અને નિરુત્થાનમાં જો ઉંધુ કરે, તો અનવસ્થિતત્વનો = અસ્થિરતાનો = ચંચળતાનો સંભવ છે, તેથી એ પ્રમાણે ન કરે.

આવા પ્રકારનો સંયમી શું કરે ? એ કહે છે કે- निसीज्जा अप्पकुक्कुइ = હાથ વગેરે વડે અલ્પ જ હલન-ચલન કરતો બેસે.

यद्वा 'અલ્પ' શબ્દ અભાવવાચક સમજવો. તેથી અલ્પ = અવિદ્યમાન છે કૌત્કુચ = હાથ, પગ, ભ્રમરને ભમાવવા

વગેરે રૂપ ખોટી ચેષ્ટા સ્વરૂપ કૌત્કુચ જેને તે અલ્પકૌત્કુચ...

એટલે કે જે હસ્તાદિને ભમાવવાદિ રૂપ ખોટી ચેષ્ટાઓ સંપૂર્ણપણે છોડી દઈને બેસે... તે.

આ સૂત્રવડે પણ બીજા પ્રકારથી ઔપચારિક વિનય કહેવાયો. (પૂર્વેના સૂત્રોવડે જે પ્રકારથી કહેવાયો, એના કરતા આ બીજો પ્રકાર છે... તથા પૂર્વસૂત્રોમાં જેમ ઔપ. વિનય કહેવાયો, તેમ આ સૂત્રવડે પણ કહેવાયો...)

अवतरणिका :- सम्प्रति चरणकरणविनयात्मिकामेषणासमितिमाह -

અવતરણિકા :- હવે ચરણ-કરણ વિનય સ્વરૂપ એવી એષણા સમિતિને દર્શાવે છે.-

॥मू. गा. ३१॥ कालेण णिक्खमे भिक्खू, कालेण य पडिक्कमे ।
अकालं च विवज्जित्ता, काले कालं समायरे ॥३१॥ (सूत्रम्)

व्याख्या - 'कालेण' त्ति ससम्यर्थे तृतीया, काले प्रस्तावे 'निष्क्रामेत्' गच्छेत् भिक्षुः, अकालनिर्गमे आत्मक्लामनादिदोषसम्भवात्, तथा कालेन च 'प्रतिक्रामेत्' प्रतिनिवर्त्तेत, भिक्षाटनादिति शेषः, इदमुक्तं भवति-अलाभेऽपि- '[1]*अलाभोत्ति न सोइज्जा, तवोत्ति अहियासए*' इति समयमनुस्मरन्, अल्पं मया लब्धं न लब्धं वेति लाभार्थी नाटन्नेव तिष्ठेत्,

**ગાથાર્થ :** યોગ્ય કાળે ગોચરી નીકળે, યોગ્ય કાળે ગોચરીમાંથી પાછો ફરે, કારણ કે (અથવા તો 'અને') અકાળને છોડીને યોગ્ય કાળે તે કાળને ઉચિત ક્રિયા આચરે.

**ટીકાર્થ :** कालेण એ ત્રીજી વિભક્તિ સાતમીના અર્થમાં છે. તેથી काले = પ્રસ્તાવમાં = ગોચરીનો સમય થાય ત્યારે ભિક્ષુ નીકળે. જો અકાળે નીકળે, તો ગોચરી ન મળવાથી વધારે ફરવું પડે, એમાં પોતાને જ પરિશ્રમ = થાક લાગે, ગૃહસ્થો પણ લાભ ન લઈ શકવાથી ખેદ પામે... વગેરે દોષ લાગે. તેથી ગોચરીના કાળે જ સાધુ નીકળે.

તથા કાલથી = ઉપાશ્રયે આવી જવાનો યોગ્ય કાળ હોય, તે કાળ થાય એટલે ભિક્ષાટનમાંથી પાછો ફરે.

भिक्षाटनात् એ શબ્દ શેષ લેવાનો. કહેવાનો ભાવ એ છે કે- યોગ્ય કાળે ગોચરી નીકળવા છતાં ગોચરીનો લાભ ન થાય, તો પણ - 'લાભ ન થાય, તો 'મને નથી મળ્યું' એ પ્રમાણે શોક ન કરવો. પણ 'મારે આજે અનશન, ઉણોદરી રૂપ તપ થશે.' એ પ્રમાણે સહન કરવું.' આ શાસ્ત્રને યાદ કરતો (પાછો જ ફરે, પણ) 'મને ઓછું મળ્યું છે' કે 'મને મળ્યું જ નથી' એટલે ગોચરીના લાભની ઈચ્છાવાળો એ ફરતો જ રહે, એવું ન કરે.

(ફરવા માટે પ્રેરક ચિંતન છે 'મને મળ્યું નથી...' વગેરે. એને નબળું પાડનાર अलाभोति શાસ્ત્ર છે, એના આધારે એ ફરવાનું અટકાવે...)

वृत्ति :- किमित्येवमत आह- 'अकालं' तत्तत्क्रियाया असमयं चेति यस्माद्विवर्ज्य काले प्रस्तावे प्रत्युप्रेक्षणादिसम्बन्धिनि 'कालमि'ति तत्तत्कालोचितं क्रियाकाण्डं 'समाचरेत्' कुर्यात्, अन्यथा कृषीवलकृषिक्रियाया इवाभिमतफलोपलम्भासम्भव इति गर्भार्थः, अनेन च कालनिष्क्रमणादौ हेतुरुक्तः, प्रसङ्गात् शेषक्रियाविषयतया वा नेयं, समुच्चयार्थश्च तदा चशब्द इति सूत्रार्थः ।।३१।।

**પ્રશ્ન :** પણ આવું શા માટે ? ગોચરી ઓછી મળે કે ન મળે, તો વધારે ફરવું જ પડે ને ? યોગ્ય કાળે પાછા આવી જવાનો આગ્રહ શા માટે ?

1. अलाभ इति न शोचेत् तप इत्यध्यासीत ।

ઉત્તર : કારણ કે તે ક્રિયાઓના અકાળને = અયોગ્ય કાળને છોડીને કાળમાં = તે તે ક્રિયાઓના યોગ્ય કાળમાં = પ્રતિલેખનાદિ સંબંધી ઉચિત કાળમાં,

कालं = તે તે કાળને ઉચિત એવા પ્રતિલેખનાદિ રૂપ ક્રિયાકાંડને આચરે.

च એ यस्मात् અર્થમાં છે = કારણ કે = જે કારણથી

અહીં ગર્ભિત અર્થ એ છે કે– જો યોગ્ય કાળે યોગ્ય ક્રિયા ન કરે, તો જેમ ખેડુતની અકાળે કરાતી ખેતીની ક્રિયાથી ઈષ્ટ ફલની પ્રાપ્તિનો સંભવ નથી. તેમ અકાળે કરાતી પ્રતિલેખનાદિ ક્રિયાઓથી ઈષ્ટ ફલની પ્રાપ્તિનો સંભવ નથી.

('યોગ્ય કાળે પાછા કેમ કરવું ?' એ પ્રશ્નના ઉત્તર રૂપે ઉત્તરાર્ધ છે, એટલે च = 'કારણ કે' એ અર્થ જરૂરી છે.

પણ 'અકાલને છોડીને કાલમાં કાળને આચરે.' આ ઉત્તરાર્ધથી પેલા પ્રશ્નનો ઉત્તર મળતો નથી. પ્રશ્નકાર તો કહે છે કે– 'આ તો તમે વાત કરી જ ગયા, પણ આવું ન કરે, તો વાંધો શું... ?'

એટલે ટીકાકાર કહે છે કે ઉત્તરાર્ધનો ગર્ભાર્થ = રહસ્યાર્થ આ છે...

એ ગર્ભાર્થમાં ઉત્તર સ્પષ્ટ મળે છે કે– યોગ્ય કાળે ક્રિયા ન કરો, તો ફલ ન મળે, તેથી યોગ્યકાળે પાછા આવી જવાનું કહેલું છે. આમ અહીં च = यस्मात् અર્થમાં છે.)

अनेन च = ગર્ભાર્થ દ્વારા = ગર્ભાર્થવાળા ઉત્તરાર્ધ દ્વારા 'યોગ્ય કાળે ગોચરી જવું, યોગ્ય કાળે પાછું આવવું...' એ બધાને વિશે શું કારણ છે ? એ દર્શાવી દીધું કે જો આ બધું યોગ્ય કાળે નહિ કરો, તો ફળ નહિ મળે,

(હવે ઉત્તરાર્ધનું બીજી રીતે વ્યાખ્યાન કરે છે કે–)

ગોચરી યોગ્યકાળે જવું અને યોગ્યકાળે પાછા ફરવું... આ વાત કરી, આ વાત ગોચરી માટે કરી, પણ આ જ વાત બધી જ ક્રિયાઓમાં લાગુ પડે જ છે. એટલે જ્યારે આ વાત કરી જ છે, તો એ પ્રસંગથી બાકીની ક્રિયાઓમાં પણ આ જ પદાર્થ બતાવી દેવો જોઈએ... એટલે આ ઉત્તરાર્ધ મૂકવામાં આવ્યો કે– 'ગોચરી જ નહિ, પણ કોઈપણ ક્રિયા એના અકાળને છોડીને એના યોગ્યકાળમાં આચરવી.'

આમ ઉત્તરાર્ધ પ્રસંગોપાત શેષક્રિયાવિષયક તરીકે અહીં લઈ જવો = જોડવો.

પ્રશ્ન : તો પછી च નો यस्मात् અર્થ ન થાય, કેમકે એ તો પેલા પ્રશ્નના ઉત્તરરૂપે ઉત્તરાર્ધ હોય, ત્યારે જ એ અર્થ જરૂરી હતો... હવે તો એવો કોઈ પ્રશ્ન કર્યા વિના જ ઉત્તરાર્ધનું ઉપર મુજબ વ્યાખ્યાન લીધું છે.

ઉત્તર : ત્યારે = બીજું વ્યાખ્યાન લો ત્યારે च શબ્દ સમુચ્ચય અર્થવાળો લેવો. (... યોગ્ય કાળે પા ો ફરે અને અકાળને છોડીને...)

---

अवतरणिका :- निर्गतश्च यत्कुर्यात्तदाह -

---

અવતરણિકા :- ગોચરી માટે નીકળેલો સાધુ જે કરે, તે દર્શાવે છે.-

---

||मू. गा. ३२|| परिवाडिए ण चिट्ठिज्जा, भिक्खू दत्तेसणं चरे ।
पडिरूवेण एसित्ता, मियं कालेण भक्खए ||३२|| (सूत्रम्)

व्याख्या - 'परिपाटी' गृहपङ्क्तिः, तस्यां 'न तिष्ठेत्' न पङ्क्तिस्थगृहभिक्षोपादानायैकत्रावस्थितो भवति, तत्र दायकदोषाऽनवगमप्रसङ्गात्, यद्वा-पङ्क्त्यां-भोक्तुमुपविष्टपुरुषादिसम्बन्धिन्यां न तिष्ठेत्,

अप्रीत्यदृष्टकल्याणतादिदोषसम्भवात्, किञ्च ? 'भिक्षुः' यतिः, दत्तं-दानं तस्मिन् गृहिणा दीयमाने 'एषणां' तद्गतदोषान्वेषणात्मिकां 'चरेत्' आसेवेत, *'चरतिः आसेवायामपि वर्त्तते'* इति वचनात्, अनेन ग्रहणैषणोक्ता,

ગાથાર્થ : ઘરોની પંક્તિમાં (ભોજનની પંગતમાં) ન ઉભો રહે. શ્રેષ્ઠ રૂપવડે (પ્રાચીન મુનિના પ્રતિબિંબ સમાન રૂપવડે) ગવેષણા કરીને ભિક્ષુ દાનમાં = અપાતી વસ્તુમાં ગ્રહણૈષણાને સેવે. યોગ્ય કાળે માપસર વાપરે.

ટીકાર્થ : परिपाटी = ઘરની પંક્તિ... તેમાં ન ઉભો રહે. એટલે કે લાઈનમાં રહેલા ઘરોની ભિક્ષાના ગ્રહણને માટે એક સ્થાને ઉભો ન રહે.

પ્રશ્ન : કેમ ?

ઉત્તર : કારણ કે ત્યાં દાયકદોષોનો બોધ ન થવાની આપત્તિ છે, તેથી ત્યાં ન ઉભો રહે. (પંક્તિમાં રહેલા ઘરોમાં તો બધાને ખબર પડી ગઈ કે 'સાધુ આવી ગયા છે' એટલે તેઓ તો હાથ લુંછવાદિ ઘણા દોષો સેવી નાંખે... હવે સાધુની નજર બધે તો પહોંચવાની જ નથી, એટલે એ દોષોની સાધુને ખબર જ ન પડે.

હા ! ઘરો પંક્તિમાં ન હોય તો સાધુ જે ઘરમાં જાય, ત્યાં જ બધાને ખબર પડે. બીજા ઘરોમાં નહિ. એટલે સાધુને દોષ ન લાગે...)

यद्वा = પરિપાડી = પંક્તિ = ભોજન કરવા માટે બેઠેલા પુરુષો વગેરે સંબંધી પંગત... એમાં ઉભો ન રહે. કારણ કે-

(૧) તેઓને 'સાધુ જુએ છે' એ વિચારથી અપ્રીતિ થાય...

(૨) 'આ સાધુઓએ પૂર્વે ક્યારેય સારા ભોજનાદિ મળવા રૂપ કલ્યાણની પ્રાપ્તિ જોઈ જ નથી, માટે જ આ રીતે ગરીબની જેમ, ભિખારીની જેમ જોયા કરે છે...' એમ સાધુને 'અદષ્ટકલ્યાણ' માની બેસે... આ વગેરે દોષોનો સંભવ છે. તેથી પંગતમાં ઉભો ન રહે.

બીજી વાત એ કે भिक्षु = સાધુ જ્યારે ગૃહસ્થવડે દાન અપાતું હોય, ત્યારે તે દાનમાં તેમાં રહેલા દોષોની તપાસ કરવા રૂપ એષણાને આચરે = સેવે.

दाने=दत्ते... एषणा = दत्तेषणा...

પ્રશ્ન : चर् ધાતુ તો 'ખાવું-ફરવું' અર્થમાં છે ને ?

ઉત્તર : 'चर् ધાતુ આસેવન કરવાના અર્થમાં પણ વર્તે છે' આવું વચન હોવાથી અમે એ પ્રમાણે અર્થ લીધો છે.

अनेन = दत्तेसणं चरे એ પાદ વડે ગ્રહણૈષણા કહેવાઈ.

वृत्ति :- किं विधाय दत्तैषणां चरेत् ?- 'प्रतिरूपेण' प्रधानेन रूपेणेति गम्यते, यद्वा-प्रति प्रतिबिम्बं चिरन्तनमुनीनां यद्रूपं तेन, उभयत्र पतद्ग्रहादिधारणात्मकेन सकलान्यधार्मिकविलक्षणेन, न तु-

*'वस्त्रं छत्रं छात्रं पात्रं यष्टिं च चर्चयेद् भिक्षुः ।*
*वेषेण परिकरेण च कियताऽपि विना न भिक्षाऽपि ॥१॥'*

इत्यादिवचनाकर्णनाद् विभूषणात्मकेनैषयित्वा, अनेन च गवेषणाविधिरुक्तः,

પ્રશ્ન : શું કરીને દત્તૈષણાને સેવે ?

ઉત્તર : पडिरूवेण एसित्ता... પ્રતિરૂપ વડે ગવેષણા કરીને દત્તૈષણાને સેવે.

प्रतिरूपेण = प्रधानेन અહીં रूपेण એ શબ્દ સમજી લેવાનો છે. શ્રેષ્ઠરૂપવડે ગવેષણા કરીને...

यद्वा

प्रति = પ્રતિબિમ્બ

પ્રાચીન મુનિઓના પ્રતિબિંબ સમાન જે રૂપ = સ્વરૂપ... તે પ્રતિરૂપ...

બંને પ્રકારની વ્યાખ્યામાં પ્રતિરૂપ = પાત્રાદિને ધારણ કરવા રૂપ જે તમામ અન્યધાર્મિકો કરતા અલગ જ પ્રકારનો આકાર-વેષ... એમ અર્થ થશે.

તેના વડે...

(પાત્રાદિ ધારણ કરવા એ પ્રધાન રૂપ છે, માટે प्रतिरूप કહેવાય.

પાત્રાદિ ધારણ કરવા એ પ્રાચીન મુનિઓના પ્રતિબિંબ સમાન રૂપ છે, માટે પ્રતિરૂપ કહેવાય. આમ બંને વ્યુત્પત્તિ-અર્થમાં રૂઢિ-અર્થ એક જ આવશે.)

પણ આવા જે ખોટા વચનો છે કે-

વસ્ત્ર, છત્ર, છાત્ર, પાત્ર અને દાંડાને ભિક્ષુ ચર્યે = ધારણ કરે = સાથે રાખે = શણગાર કરે. કારણ કે ભિક્ષા પણ કેટલાક પ્રમાણના વેષ વિના અને પરિકર વિના મળતી નથી. (છત્રાદિ વેષ અને છાત્રાદિ પરિકર... આ ખોટું છે.)

એ વચનોને સાંભળીને વિભૂષા રૂપ એવા પ્રતિરૂપ વડે ગવેષણા કરવાની નથી.

एषयित्वा = गवेषयित्वा આના વડે = 'पडिरूवेण एसित्ता' એ પાદ વડે ગવેષણાવિધિ કહેવાઈ.

---

**वृत्ति :-** ग्रासैषणाविधिमाह- 'मितं' परिमितमतिभोजनात् स्वाध्यायविघातादिबहुदोषसंभवात्, *'कालेन'* इति-

*'णमोक्कारेण पारित्ता, करित्ता जिणसंथवं ।*
*सज्झायं पट्ठवित्ता णं, वीसमेज्ज खणं मुणी ।।१।।'*

इत्याद्यागमोक्तप्रस्तावेनाद्रुताविलम्बितरूपेण वा 'भक्षयेत्' भुञ्जीतेति सूत्रार्थः ।।३२।।

---

હવે ગ્રાસૈષણાવિધિને કહે છે.- યોગ્ય કાળે મિત = માપસર વાપરે. मितं = પરિમિત = માપસર.

પ્રશ્ન : વધારે વાપરે તો શું વાંધો ?

ઉત્તર : અતિ ભોજન દ્વારા સ્વાધ્યાયનો વિઘાત વગેરે ઘણા દોષોનો સંભવ છે, તેથી અલ્પ જ વાપરે.

कालेन = જે આગમ પાઠ છે કે- નવકારથી પારીને, જિનસંસ્તવ કરીને, સ્વાધ્યાય પ્રસ્થાપીને મુનિ ક્ષણવાર વિશ્રામ કરે, (ગોચરીથી આવ્યા બાદ નવકાર દ્વારા પચ્ચ. પારવાનું, જિનસંસ્તવ કરવાનો, જઘન્યથી પણ ૧૭ ગાથાનો સ્વાધ્યાય કરવાનો, પછી ક્ષણવાર વિશ્રામ કરવાનો... એટલે કે રાહ જોવાની = વાપરવાનું નહિ... પછી વાપરવાનું.)

---

1. नमस्कारेण पारयित्वा कृत्वा (च) जिनसंस्तवम् । स्वाध्यायं प्रस्थाप्य विश्राम्येत् क्षणं मुनिः ।।१।।

આ બધા આગમમાં દર્શાવેલા એવા ગોચરી વાપરવાના કાળ વડે (=એ કાળમાં)

અથવા તો कालेन = બહુ ઝડપી પણ નહિ, બહુ ધીમે પણ નહિ... એ રૂપી કાળવડે. (અલ્પકાળમાં જ ન વાપરે, કે લાંબાકાળે ન વાપરે... બેય કાળ ખોટા... પણ માપસર કાળમાં જ વાપરી લે...)

આવા કાળવડે = કાળમાં વાપરે.

(ગવેષણા = 'વસ્તુ આધાકર્માદિ છે કે નહિ ?' એની તપાસ...

ગ્રહણૈષણા = વસ્તુ નિર્દોષ જણાય, એ પછી એને વહોરવાની છે, એ વખતે જે દોષોની સંભાવના હોય, એની તપાસ...

ગ્રાસૈષણા = વાપરતી વખતની કાળજી...)

---

**अवतरणिका :-** यत्रान्यभिक्षुकासंभवस्तत्र विधिरुक्तः, यत्र तु पुराऽऽयातान्यभिक्षुकसम्भवस्तत्र विधिमाह-

---

**અવતરણિકા :-** ગોચરી ગયા, ત્યાં જ્યાં બીજા ભિક્ષુકનો સંભવ ન હોય, ત્યાં શું વિધિ કરવી ? એ દર્શાવી.

પણ જ્યાં આપણા કરતા પહેલા જ આવી ચડેલા બીજા ભિક્ષુકનો સંભવ હોય, ત્યાં શું વિધિ કરવી ? એ હવે બતાવે છે-

---

**॥मू. गा. ३३॥ नाइदूरं(?) अणासण्णे, नन्नेसिं चक्खुफासओ ।**
**एगो चिट्ठेज्ज भत्तट्ठं, लंघित्ता तं नइक्कमे ॥३३॥ (सूत्रम्)**

**व्याख्या -** 'नातिदूरं' सुब्व्यत्ययात् नातिदूरे-अतिविप्रकर्षवति देशे, तिष्ठेदिति सम्बन्धः, तत्र च तन्निर्गमावस्थानानवगमप्रसङ्गाद् एषणाशुद्ध्यसम्भवाच्च,

---

ગાથાર્થ :- (ગોચરી ગયેલો સાધુ ત્યાં બીજો ભિક્ષુ પૂર્વે ગોચરી માટે પ્રવેશેલો હોય તો...) અતિદૂર નહિ, અતિ-નજીક નહિ, બીજાઓની ચક્ષુના સ્પર્શને પામેલો નહિ એવો એકલો ભોજનને માટે ઉભો રહે. પૂર્વના ભિક્ષુને ઓળંગીને પ્રવેશ ન કરે.

**ટીકાર્થ :** ભિક્ષુ ઘરમાં પહોંચે, ત્યાં પહેલેથી જ કોઈ બીજો ભિક્ષુ ગોચરી = ભિક્ષા વહોરવા પ્રવેશેલો હોય, તો આ ભિક્ષુ-

नातिदूरं = બહુ દૂર નહિ, એવા સ્થાનમાં ઉભો રહે.

ગાથામાં બીજી વિભક્તિ છે, પણ વિભક્તિનો ફેરફાર થાય છે, તેથી અહીં સાતમી લેવાની, એટલે અર્થ આ થશે કે-

नातिदूरे = ઘણા વિપ્રકર્ષવાળા = અંતરવાળા એવા દેશમાં = ભાગમાં = સ્થાનમાં ન ઉભો રહે.

ઉત્તરાર્ધમાં चिट्ठेज्ज = तिष्ठेत् ધાતુરૂપ છે, એનો અહીં સંબંધ થાય છે.

**પ્રશ્ન :** અતિદૂર ઉભા રહેવામાં શું વાંધો ?

**ઉત્તર :** અતિદૂર ઉભો રહે તો એમાં- પૂર્વનો ભિક્ષુ એ ઘરમાંથી નીકળી ગયો ? કે ત્યાં જ છે ? એનો બોધ ન થાય... (તેના નિર્ગમ અને અવસ્થાનનો અબોધ થવાનો પ્રસંગ આવે...)

ગોચરીના દોષોની શુદ્ધિ સંભવિત ન બને. (દાતા કંઈપણ દોષ ઉભો કરી દે, તો નજીક રહેલા ભિક્ષુને ખબર પડે... અતિદૂર રહેલાને નહિ...) આ બે કારણથી બહુ દૂર ન ઉભા રહેવું.

---

**वृत्ति :-** तथा '*अणासण्णे*'त्ति प्रसज्यप्रतिषेधार्थत्वात् नञोऽनासन्ने प्रस्तावान्नातिनिकटवर्तिनि

भूभागे तिष्ठेत्, तत्र पुराप्रविष्टापरभिक्षुकाप्रीतिप्रसक्तेः

તથા अनासन्ने = બહુ નજીકમાં નહિ રહેલા એવા ભૂમિ ભાગ ઉપર ઉભો રહે.

પ્રશ્ન : आसन्न = નજીકમાં, अनासन्न = નજીકમાં નહિ... આવો અર્થ થાય. તમે અતિનજીકમાં નહિ... એવો અર્થ ક્યાંથી લાવ્યા ?

ઉત્તર : પ્રસ્તાવ જે રીતનો ચાલે છે, તેનાથી એ અર્થ લઈ શકાય. (અતિદૂરની ના પાડી, હવે નજીકની ના પડી... તેમાં પણ સમજી જ લેવાય કે અતિનજીકમાં નહિ...)

પ્રશ્ન : ભલે, પણ ભૂભાગ અર્થ ક્યાંથી લાવ્યા ?

ઉત્તર : એ પણ પ્રસ્તાવથી સમજી શકાય છે. (સાધુ ક્યાં ઉભો રહેવાનો ? જમીન ઉપર જ ને ? માટે એ અર્થ તો સમજી જ લેવાય. સાધુની ગોચરી ચર્યાનો પ્રસ્તાવ છે. માટે ભૂભાગ સિવાય બીજે ક્યાંય = સંથારાદિ ઉપર કે પલંગાદિ પર ઉભા રહેવાની વાત જ ન આવે.)

'अनासन्न'માં જે ન છે એ 'प्रसज्यप्रतिषेध' અર્થવાળો છે, તેથી અનાસન્ન = આસન્નનો અભાવ અર્થ નથી લેતા, પણ આસન્નભિન્ન ભૂમિભાગ એમ અર્થ લઈએ છીએ.

('भूतले अघटो अस्ति' એમ સાવ ખાલી જગ્યાને ઉદ્દેશીને બોલાય, ત્યારે ત્યાં अघटः = ઘટાભાવ અર્થ થાય. આ પર્યુદાસ પ્રતિષેધ કહેવાય. પણ ભૂતલ ઉપર વસ્ત્રો પડેલા હોય અને તેને ઉદ્દેશીને બોલાય કે 'भूतले अघटो अस्ति' તો એનો અર્થ એ કે 'ભૂતલમાં ઘટભિન્ન કોઈક વસ્તુ છે...' આ પ્રસજ્ય પ્રતિષેધ છે.

પ્રસ્તુતમાં अनासन्न = આસન્ન સ્થાનના અભાવમાં ઉભો રહે... એવો અર્થ નથી લેવો. પણ अनासन्न = આસન્ન સ્થાન ભિન્ન સ્થાનમાં ઉભો રહે... એવો અર્થ લેવો છે. એટલે જ 'नातिनिकटवर्ती' એવું સ્થાન લીધું...)

ટુંકમાં अनासन्न = आसन्नभिन्न = अनिकटवर्ती આ અર્થ प्रसज्यप्रतिषेध થી લીધો,

नातिनिकटवर्ती આ अति શબ્દાર્થ પ્રસ્તાવથી લીધો.

પ્રશ્ન : અતિનજીક ઉભા રહીએ, તો શું દોષ ?

ઉત્તર : જો ભિક્ષુ અતિનજીકના સ્થાનમાં ઉભો રહે, તો તેમાં પૂર્વે પ્રવેશેલા બીજા ભિક્ષુને અપ્રીતિ થવાની આપત્તિ આવે. (આ આવ્યો, એટલે મને આ ગૃહસ્થો ઓછુ વહોરાવશે = આપશે... વગેરે.) તેથી આસન્નમાં ન ઉભો રહે.

वृत्ति :- 'नान्येषां' भिक्षुकापेक्षया परेषां गृहस्थानां 'चक्षुःस्पर्शत' इति सप्तम्यर्थे तसिः, ततः चक्षुःस्पर्शे-दृग्गोचरे चक्षुःस्पर्शगो वा दृग्गोचरगतः 'तिष्ठेत्' आसीत, किन्तु विविक्तप्रदेशस्थो यथा न गृहिणो विदन्ति, यदुत-एष भिक्षुको निष्क्रमणं प्रतीक्षत इति, तथा 'एगो'त्ति किममी मम पुरतः प्रविष्टा इति तदुपरि द्वेषरहितः 'भक्तार्थं' भोजननिमित्तं,

તથા अन्येषां = ભિક્ષુની અપેક્ષાએ અન્ય = ગૃહસ્થો, તેઓના चक्षुःस्पर्शतः = દૃષ્ટિના વિષયમાં ભિક્ષુ ન ઉભો રહે.

स्पर्शतः માં तस् પ્રત્યય સપ્તમીના અર્થમાં છે.

અથવા चक्खुफासगो = चक्षुःस्पर्शगः ગૃહસ્થોના ચક્ષુના વિષયભૂત સ્થાનમાં ગયેલો ન રહે. પરંતુ એકાંત પ્રદેશમાં ઉભો રહે, કે જેથી ગૃહસ્થો જાણે નહિ કે 'આ બીજો ભિક્ષુ પણ આવેલો છે, અને એ આ પૂર્વે આવેલા ભિક્ષુના નીકળવાની રાહ

જુએ છે.' (પૂર્વભિક્ષુ ન જુએ, પણ જો ગૃહસ્થો જોઈ જાય, તો તેઓ પૂર્વભિક્ષુને જલ્દી જલ્દી વિદાય આપવાનો પ્રયત્ન કરે, જેથી નવા ભિક્ષુને ઉભા રહેવું ન પડે. આમાં પૂર્વ-ભિક્ષુને ગોચરી પ્રાપ્તિમાં અંતરાય થવા વગેરે રૂપ દોષ લાગે...)

તથા ભોજનને માટે એકલો ઉભો રહે.

**પ્રશ્ન :** સાધુ તો સંઘાટક ગોચરી જતા, તો એ એકલો શી રીતે હોય ?

ઉત્તર : અહીં એકલો એટલે ભાવથી એકલો લેવાનો. "આ ભિક્ષુઓ શા માટે મારી પહેલા પ્રવેશી ગયા ?" આવા તે ભિક્ષુ ઉપરના દ્વેષથી રહિત થઈને ઉભો રહે. (જો આવો દ્વેષ થાય, તો એ भावतः एकः ન કહેવાય.)

---

वृत्ति :- न च 'लंघित्तं'त्ति उल्लङ्घ्य, 'तम्' इति भिक्षुकम्, 'अतिक्रामेत्' प्रविशेत्, तत्रापि तदप्रीत्यपवादादिसम्भवाद् । इह च मितं कालेन भक्षयेदिति भोजनमभिधाय यत्पुनर्भिक्षाटनाभिधानं तत् ग्लानादिनिमित्तं स्वयं वा बुभुक्षावेदनीयमसहिष्णोः पुनर्भ्रमणमपि न दोषायेति ज्ञापनार्थम्, उक्तं च-

*"[1]जइ तेण न संथरे । तओ कारणमुप्पण्णे, भत्तपाणं गवेसए ।।१।।"*

इत्यादि, सूत्रार्थः ।।३३।।

---

એ પૂર્વભિક્ષુને ઉલ્લંઘીને પ્રવેશ ન કરે.

**પ્રશ્ન :** કેમ ? ભલેને એ ઉભો હોય, તો ય આપણે અંદર પ્રવેશ કરી દેવો.

ઉત્તર : આવી રીતે પ્રવેશ કરવામાં આવે, તો એમાં પણ તે ભિક્ષુને અપ્રીતિ થાય...

'આ સાધુને ઔચિત્યનું ભાન નથી, એક ભિક્ષુ ભિક્ષા લેવા આવે છે, ત્યારે આમ એને ઓળંગીને ભિક્ષા લેવા શી રીતે પ્રવેશાય ?' આ પ્રમાણે ગૃહસ્થોમાં ભિક્ષુની નિંદા થાય. આ બધા દોષોનો સંભવ છે, તેથી જો બીજો ભિક્ષુ ઘરમાં પ્રવેશતો હોય, તો એને ઓળંગીને (ઉતાવળથી આગળ થઈને) ન પ્રવેશે.

**પ્રશ્ન :** ૩૨મી ગાથામાં તો 'मिअं कालेण भक्खए' કહી દીધું, એના દ્વારા ભોજનની વિધિ બતાવી દીધી. હવે ભોજનવિધિ બતાવ્યા બાદ ફરી પાછી ગોચરીવિધિ આમાં શા માટે બતાવી ? આતો ક્રમ જ તૂટી જાય છે.

ઉત્તર : मितं कालेन... એ પ્રમાણે ભોજનવિધિને બતાવીને આ ગાથામાં જે ફરીથી ગોચરી ફરવાનું વિધાન કર્યું છે એ એવું બતાવવા માટે છે કે- ગ્લાન વગેરેને માટે અથવા તો સ્વયં બુભુક્ષાવેદનીયને = ભૂખને સહન ન કરી શકે, તો પોતાના માટે (ગોચરી વાપર્યા બાદ ભૂખ બાકી જ હોય તો) ફરીથી ગોચરી માટે ભ્રમણ કરે, તો પણ એ દોષ માટે નથી.

**દસ વૈ.માં કહ્યું જ છે કે-** "(પૂર્વે લાવેલી ગોચરી વાપરી પણ) જો તેનાથી નિર્વાહ ન થાય. (હજી ખૂબ ભૂખ હોય) તો પછી આવું કારણ ઉત્પન્ન થયે છતેં ફરી ભોજન-પાણીની ગવેષણા કરે. ઈત્યાદિ.

(આમ પહેલા ગોચરી ચર્યા, પછી ભોજનવિધિ, પછી પાછી ગોચરી વિધિ... બતાવી... પણ એ ઉપરોક્ત કારણસર યોગ્ય જ છે.)

---

अवतरणिका :- पुनस्तद्गतविधिमेवाभिधित्सुराह -

---

અવતરણિકા :- ફરી ગોચરી સંબંધી વિધિને જ કહેવાની ઈચ્છાવાળા કહે છે.-

---

1. यदि तेन न संस्तरेत् । ततः कारण उत्पन्ने, भक्तपानं गवेषयेत् ।।१।।

||मू. गा. ३४||  नाइउच्चे नाइ(व)नीए (वा), नासन्ने नाइदूरओ ।
फासुयं परकडं पिंडं, पडिगाहिज्ज संजए ||३४|| (सूत्रम्)

व्याख्या - 'नात्युच्चे' प्रासादोपरिभूमिकादौ (वा) नीचे वा-भूमिगृहादौ, तत्र तदुत्क्षेपनिक्षेप-निरीक्षणासम्भवाद् दायकापायसम्भवाच्च, यद्वा *'नात्युच्चः'* उच्चस्थानस्थिततत्वेन ऊर्द्ध्वीकृतकन्धरतया वा द्रव्यतो भावतस्त्वहो ! अहं लब्धिमानिति मदाध्मातमानसः नीचोऽत्यन्तावनतकन्धरो निम्नस्थानस्थितो वा द्रव्यतः भावतस्तु न मयाऽद्य किञ्चित् कुतोऽप्यवाप्तमिति दैन्यवान्,

---

ગાથાર્થ :- અતિઉંચા સ્થાનમાં નહિ (અથવા અતિઉંચા સ્થાનમાં રહેલો નહિ.) નીચા સ્થાનમાં નહિ (અથવા અતિનીચા સ્થાનમાં રહેલો નહિ...) અતિનજીક નહિ રહેલો, અતિદૂર નહિ રહેલો સંયત પ્રાસુક, પરકૃત પિંડને ગ્રહણ કરે.

**ટીકાર્થ :** અતિઉચ્ચ સ્થાનમાં = મહેલની ઉપરિભૂમિકા = અગાસી, પહેલો માળ વગેરેમાં અથવા નીચા સ્થાનમાં = ભોંયરા વગેરેમાં સંયત ગોચરી ન વહોરે.

**પ્રશ્ન :** આવા સ્થાનમાં ગોચરી શા માટે ન વહોરે ?

**ઉત્તર :** સંયત તો એક સ્થાને ઉભો રહે, હવે દાયક = ગોચરી વહોરાવનાર પહેલા માળ વગેરે ઉપર જઈને કે ભોંયરા વગેરેમાં જઈને ગોચરી લાવે...

હવે એ દાયક ઉપર કે નીચે જઈને શું ઉંચકે છે, શું મૂકે છે ? કયાંથી ઉંચકે છે ? કયાં મૂકે છે ?... વગેરેનું નિરીક્ષણ સાધુ માટે અસંભવિત બને. (એટલે સચિત્તસંઘટ્ટાદિ દોષોનો ખ્યાલ જ ન આવે.) તેથી ત્યાં ન વહોરે.

તથા-

ઉપર ચડવામાં કે નીચે ઉતરવામાં દાયક પડી જાય... વગેરે અપાયોનો સંભવ છે. (જૂના ઘરો વગેરેમાં ચડવા-ઉતરવાના લાકડા વગેરેના દાદરો જોયા છે કે ?) તેથી ત્યાં ન વહોરે.

આ પ્રમાણે ગાથાનો **उच्चे...** **नीए** શબ્દ સપ્તમી વિભક્તિમાં લીધો છે. હવે **यद्वा** કરીને એ જ બે શબ્દો પહેલી વિભક્તિમાં લે છે. ઉપરનો અર્થ અને આ અર્થ... બંનેનો બરાબર સમન્વય કરી લેવો, અર્થ યોગ્ય રીતે જોડી લેવો.)

યદ્વા સંયત અતિ-ઉચ્ચ સ્થાને રહેલો છતોં અથવા અતિ ઉંચો થયેલો છતોં ન વહોરે.

એમાં **દ્રવ્યતઃ અતિ-ઉચ્ચ** :- દાયકની અપેક્ષાએ ઉંચા સ્થાનમાં ઉભો હોય તેથી અથવા ડોક ઉંચી કરેલી હોય તેથી-

**ભાવતઃ અતિ-ઉચ્ચ** :- 'અહો ! હું લબ્ધિવાળો છું.' એ પ્રમાણે અહંકારથી ધમધમતા મનવા ો...

**દ્રવ્યતઃ નીચો** :- ખૂબ નમાવેલી ડોકવાળો અથવા દાયકની અપેક્ષાએ નીચા સ્થાનમાં રહેલો...

**ભાવતઃ નીચો** :- 'આજે મને કયાંયથી પણ કંઈપણ ન મળ્યું.' આવી દીનતાવાળો...

---

वृत्ति :- उभयत्र वा समुच्चये, तथा 'नासन्ने' समीपवर्तिनि 'नातिदूरे' अतिविप्रकर्षवति प्रदेशे, स्थित इति गम्यते, यथायोगं जुगुप्साशङ्कैषणाशुद्ध्यसम्भवादयो दोषाः, अथवा अत एव नासन्नो नातिदूरगः,

---

બંને સ્થાને = (नाइउच्चे व नीए वा) वा શબ્દ સમુચ્ચયમાં છે.

(છપાયેલો પાઠ વૃત્તિકારે નથી લીધો, એમની સામે **व नीए वा...** એવો પાઠ હોવો જોઈએ. **अतिनीए** એમણે લીધું નથી અને **उभयत्र** શબ્દથી બે **वा** નું સૂચન કરેલું છે.)

તથા બહુ નજીક નહિ રહેલા એવા પ્રદેશમાં, બહુ દૂર નહિ રહેલા એવા પ્રદેશમાં રહેલો

स्थितः શબ્દ સમજી લેવો.

**પ્રશ્ન** : આવુ શા માટે ?

**ઉત્તર** : બહુ નજીકમાં ઉભો રહીને ગોચરી વહોરે તો...

– મલિનતા, દુર્ગંધ આદિના કારણે જુગુપ્સા થાય,

– 'સાધુ સ્પર્શ કરવા માંગે છે ? ચોરી કરવા માંગે છે ?' વગેરે શંકા થાય.

બહુ દૂરમાં ઉભો રહીને ગોચરી વહોરે... તો... ગોચરીના દોષોની શુદ્ધિનો અસંભવ થાય... આ બધા દોષો લાગે.

(યથાયોગં લખેલું છે, એ પ્રમાણે અતિ-નજીકમાં બે દોષો, અતિદૂરમાં એક દોષ... એ રીતે વિચારણા કરી છે...)

અથવા अत एव = જુગુપ્સાદિ દોષોનો સંભવ હોવાથી,

नासन्न = બહુ નજીકમાં નહિ રહેલો,

नातिदूरग = બહુ દૂરમાં નહિ રહેલો.

(પહેલા વ્યાખ્યાનમાં સપ્તમી કરીને स्थितः અધ્યાહારથી લીધેલું, બીજા વ્યાખ્યાનમાં સીધી જ પહેલી વિભક્તિ લીધી.)

---

**वृत्ति :- प्रगता असव इति सूत्रत्वेन मतुब्लोपादसुमन्तः-सहजसंसक्तिजन्मानो यस्मात् तत् प्रासुकं, परेण-गृहिणाऽऽत्मार्थं परार्थं वा कृतं-निर्वर्त्तितं परकृतं, किं तत् ?- 'पिण्डम्' आहारं 'प्रतिगृह्णीयात्' स्वीकुर्यात्, 'संयतः' यतिरिति सूत्रार्थः ।।३४।।**

---

આવો સાધુ પ્રાસુક, પરકૃત પિંડને ગ્રહણ કરે.

પ્રાસુક = प्रगताः असवः यस्मात् तत् प्रासुकं જેમાંથી પ્રાણ નીકળી ગયા છે, તે પ્રાસુક.

**પ્રશ્ન** : માણસ મરે, તો એ દેહમાંથી પ્રાણ નીકળી જાય કે પ્રાણવાન જીવ નીકળી જાય. ખરેખર તો જીવ જ નીકળે છે ને ? તો પછી प्रगताः असुमन्तः કરવું જોઈએ ને ?

**ઉત્તર** : સાચી વાત છે, હકીકતમાં असुमन्तः જ શબ્દ છે, પણ સૂત્ર હોવાના કારણે અહીં मतुब् પ્રત્યયનો લોપ થયો છે, તેથી प्रगताः असवः (= असुमन्तः) यस्मात् એમ જ અર્થ લેવાનો છે.

હવે એ જીવો પાછા બે પ્રકારના છે : (૧) સહજ, (૨) સંસક્તિ જન્મ...

દા. ત. પાણીમાં પાણીના જીવો સહજ છે. પાણીના જન્મની સાથે જ એ જીવો જન્મેલા છે. પણ એ પાણીમાં પાછળથી પોરા વગેરે થાય, તો એ કોઈક સંસકિતથી = વિચિત્ર વસ્તુના સંપર્કથી જન્મેલા છે. આવા બંને પ્રકારના જીવો જેમાંથી નીકળી ગયેલા છે, તે प्रासुक !

[परकृतं] परेण = ગૃહસ્થ વડે પોતાના માટે કરાયેલું હોય, તે **પરકૃત** !

परार्थं वा = અથવા પર માટે = બીજા માટે ગૃહસ્થે જે કરાવેલું હોય, તે **પરકૃત** !

(परेण कृतं, परार्थं कृतं એમ બે રીતે સમાસ ખોલેલો છે. બંને નિર્દોષ જ છે. કારણ કે परेण आत्मार्थं कृतं... છે.)

પ્રશ્ન : આવું પ્રાસુક, પરકૃત શું ?

ઉત્તર : पिंड ! = આહાર... તેને સંયત = યતિ ગ્રહણ કરે.

अवतरणिका :- इत्थं सूत्रद्वयेन गवेषणाग्रहणैषणाविषयं विधिमुक्त्वा ग्रासैषणाविधिमाह -

અવતરણિકા :- આ પ્રમાણે બે સૂત્રો વડે ગવેષણા અને ગ્રહણૈષણા સંબંધી વિધિને કહીને હવે ગ્રાસૈષણાની વિધિને કહે છે. -

॥मू. गा. ३५॥ अप्पपाणेऽप्पबीए वा, पडिच्छन्ने य संवुडे ।
समयं संजओ भुंजे, जयं अप्परिसाडियं ॥३५॥ (सूत्रम्)

व्याख्या - अल्पशब्दोऽभावाभिधायी, तथेहापिं सूत्रत्वेन मत्वर्थीयलोपात् प्राणाः-प्राणिनस्तत-श्चाल्पाअविद्यमानाः प्राणाः-प्राणिनो यस्मिंस्तदल्पप्राणं तस्मिन्-अवस्थितागन्तुकजन्तुविरहिते, उपाश्रया-दाविति गम्यते, तथा अल्पानि-अविद्यमानानि बीजानि-शाल्यादीनि यस्मिंस्तदल्पबीजं तस्मिन्, उपलक्षणत्वाच्चास्य सकलैकेन्द्रियविरहिते,

ગાથાર્થ : અલ્પપ્રાણવાળા, અલ્પબીજવાળા, પ્રતિચ્છન્ન તથા સંવૃત્ત એવા ઉપાશ્રયમાં સંયત બધા સાધુઓની સાથે (અથવા સમભાવ પૂર્વક) જયણા કરતો છતોં ન ઢોળાય એ રીતે વાપરે.

ટીકાર્થ : अल्पप्राणे = અહીં અલ્પ શબ્દ અભાવવાચક છે, તથા અહીં પણ સૂત્ર હોવાથી મત્વર્થીયપ્રત્યયનો લોપ થયો છે, તેથી प्राण શબ્દથી प्राणी લેવાના. એટલે अल्पाः = अविद्यमानाः प्राणिनः यस्मिन्... જે ઉપાશ્રયમાં બેઈન્દ્રિયાદિ પ્રાણીઓ નથી, તે ઉપાશ્રયમાં...

પ્રાણીઓ બે પ્રકારના છે (૧) ઉપાશ્રયમાં પૂર્વેથી રહેલા, (૨) બહારથી આવનારા...

આ બંને પ્રકારના પ્રાણીઓથી રહિત એવો ઉપાશ્રય જોઈએ.

'ઉપાશ્રયાદિ' શબ્દ ગમ્યમાન છે.

તથા अल्पानि = अविद्यमानानि... જેમાં ડાંગર વગેરે બીજો નથી, તે અલ્પબીજ ઉપાશ્રય... આ अप्पबीअंमि શબ્દ ઉપલક્ષણ છે, તેથી સમજી લેવાનું કે– તમામ એકેન્દ્રિયોથી વિરહિત એવા ઉપાશ્રયમાં... (પૃથ્વી–પાણી–અગ્નિ... વગેરે કશું જ ન હોય, તેમાં...)

वृत्ति :- ननु चाल्पप्राण इत्युक्ते अल्पबीज इति गतार्थं, बीजानामपि प्राणत्वाद्, उच्यते, मुखनासिकाभ्यां यो निर्गच्छति वायुः स एवेह लोके रूढितः प्राणो गृह्यते, अयं च द्वीन्द्रियादीनामेव संभवति, न बीजाद्येकेन्द्रियाणामिति कथं गतार्थता ?, तत्रापि 'प्रतिच्छन्ने' उपरिप्रावरणान्विते, अन्यथा सम्पातिमसत्त्वसम्पातसम्भवात्,

પ્રશ્ન : अल्पप्राणे એ શબ્દ કહ્યો, એટલે એમાં अल्पबीजे એનો અર્થ આવી જ ગયો. બીજ પણ પ્રાણી = જીવ તો છે જ, તો પછી અલગ શબ્દ શા માટે ?

ઉત્તર : જુઓ... પ્રાણ = દસ પ્રાણ આપણે સમજીએ છીએ, પણ મુખ અને નાકમાંથી જે વાયુ નીકળે તે જ આ લોકમાં રૂઢિથી પ્રાણ કહેવાય છે. હવે આ પ્રાણ તો બેઈન્દ્રિયાદિઓને જ સંભવે છે, એટલે પ્રાણી તરીકે બેઈન્દ્રિયાદિ જ આવે.

બીજ વગેરે એકેન્દ્રિયોને આ પ્રાણ સંભવતો નથી, તેથી તેઓ પ્રાણી ન કહેવાય. તો પછી સામાન્ય લોકોને ગમ્ય એવી વિવક્ષાથી અલ્પપ્રાણ શબ્દમાં અલ્પબીજ નો અર્થ આવી ગયેલો શી રીતે કહેવાય ? માટે અલ્પબીજે શબ્દ જરૂરી છે.

तत्रापि = આવો ઉપાશ્રય પણ (સપ્તમી છેલ્લે જોડાશે...)

प्रतिच्छन्ने = ઉપર પ્રાવરણથી યુક્ત હોવો જોઈએ, એટલે કે ઢંકાયેલો જોઈએ.

પ્રશ્ન : ખુલ્લો હોય તો શું વાંધો ?

ઉત્તર : अन्यथा = ઉપર ઢંકાયેલો ન હોય તો – માખી વગેરે સંપાતિમ જીવોનો તે ભોજનાદિમાં પડવાનો સંભવ છે. તેથી ઉપાશ્રય ઉપરથી ઢંકાયેલો જોઈએ.

---

वृत्ति :- 'संवृते' पार्श्वतः कटकुट्यादिना सङ्कटद्वारे, अटव्यां कुडङ्गादिषु वा, अन्यथा दीनादियाचने दानादानयोः पुण्यबन्धप्रद्वेषादिदर्शनात्, संवृतो वा सकलाश्रवविरमणात्, 'समकम्' अन्यैः सह, न त्वेकाक्येव रसलम्पटतया समूहासहिष्णुतया वा,

---

संवृते = પડખે = આજુબાજુ સાદડી, દિવાલ વગેરેથી સાંકડા દ્વારવાળા ઉપાશ્રયમાં...

(ઉપર ઢંકાયેલું હોય, પણ ચારેબાજુથી ખુલ્લું હોય, તો એમાં આવવા માટે બધા જ રસ્તા ખુલ્લા ગણાય. પણ દિવાલ વગેરે હોય, તો જ્યાં આવવા-જવાની જગ્યા રાખી હોય, એ નાની જગ્યા જ અવર-જવર માટે કામમાં આવે, આમાં બારણું સાંકડુ થઈ ગયેલું કહેવાય.

દિવાલાદિ ન હોય, તો મોટું બારણું... દિવાલાદિ હોય, તો સાંકડુ બારણું.)

પ્રશ્ન : જંગલમાં વાપરવાનું થાય તો ?

ઉત્તર : તો કુડંગાદિમાં વાપરે. (કુડંગ એટલે ચારે બાજુ વાંસ ઉગેલા હોય, વચ્ચે બેસવાની જગ્યા હોય... આ સ્થાન ચારે બાજુથી ઢંકાઈ જાય...)

પ્રશ્ન : પણ ગોચરી વાપરવા માટે ઉપાશ્રય સંવૃત શા માટે જોઈએ ?

ઉત્તર : જો (ગોચરી વાપરતી વખતે) ઉપાશ્રય સંવૃત ન હોય તો ગરીબો, ભૂખ્યાઓ, પશુઓ સાધુને ખાતા જોઈને ભોજનની યાચના કરે.

હવે જો તેમને ભોજન આપો તો પુણ્ય બંધ થાય.

જો તેમને ભોજન ન આપો, તો પ્રદ્વેષાદિ થાય.

('આ સાધુઓ મને આપતા નથી...' વગેરે વિચારથી ગુસ્સો, જૈનધર્મ પ્રત્યે તિરસ્કાર...) આ બધા દોષો દેખાય છે. તેથી ગોચરી માટે ઉપાશ્રય સંવૃત જોઈએ.)

અથવા (संवृते શબ્દ ઉપાશ્રયનું વિશેષણ કરવાને બદલે) સંવૃત એવો સાધુ

એણે તમામ આશ્રવોનું વિરમણ = અટકાવ કરેલ છે, તેથી તે સંવૃત છે.

આ સાધુ समकं = બીજા સાધુઓની સાથે વાપરે. પણ રસની લંપટતાના કારણે એકાકી જ વાપરે... એ ન ચાલે

અથવા સમૂહને સહન નહિ કરી શકવાના કારણે એકાકી જ વાપરે... એ ન ચાલે...)

अत्राह च -

"[1]साहवो तो चियत्तेणं, निमंतिज्ज जहक्कमं ।
जइ तत्थ कोइ इच्छेज्जा, तेहिं सद्धिं तु भुंजए ॥१॥" त्ति,

गच्छस्थितसामाचारी चेयं गच्छस्यैव जिनकल्पिकादीनामपि मूलत्वख्यापनायोक्ता, उक्तं हि- '[2]*गच्छे च्चिय निम्माओ*' इत्यादि, यद्वा 'समयं'ति सममेव समकं-सरसविरसादिष्वभिष्वङ्गादिविशेषरहितं, सम्यग् यतः संयतः यतिरित्यर्थः, 'भुञ्जीत' अश्नीयात् 'जयं'ति यतमानः 'अप्परिसाडियं'ति परिसाटविरहितमिति सूत्रार्थः ।।३५।।

---

આ વિષયમાં = સાથે વાપરવા બાબતમાં શાસ્ત્રમાં પણ કહ્યું છે કે– સાધુ ગોચરી લાવ્યા બાદ યથાક્રમ = રત્નાધિકાદિના ક્રમ પ્રમાણે સાધુઓને સ્નેહથી નિમંત્રણ આપે. જો તેમાં કોઈ ઈચ્છે, તો તેઓની સાથે ગોચરી વાપરે.

પ્રશ્ન : આ સામાચારી ગચ્છની છે, જિનકલ્પિકાદિની નથી, તેઓ તો એકલા જ વાપરે છે. તો તેઓની સામાચારી પણ કેમ ન બતાવી ?

ઉત્તર : આ ગચ્છમાં રહેલી સામાચારી કહેવાઈ તે 'જિનકલ્પિકાદિઓનું પણ મૂળ તો ગચ્છ જ છે.' એવું દર્શાવવા માટે કહેવાઈ છે.

શાસ્ત્રમાં પણ જિનકલ્પિકાદિ માટે કહ્યું છે કે– ગચ્છમાં જ નિર્માણ પામેલા = તૈયાર થયેલા...' (એવા જિનકલ્પિકાદિ) ઈત્યાદિ.

यद्वा

समयं = समकं પણ આ શબ્દ **'સાથે'** અર્થવાળો નથી લેવાનો.

समम् = સમતા એ જ समकं (क સ્વાર્થમાં છે.)

સાધુ સમતા પૂર્વક વાપરે.

એટલે કે સરસ વસ્તુમાં અભિષ્વંગ = રાગ કે વિરસ = ખરાબ વસ્તુમાં દ્વેષ વગેરે વિશેષોથી રહિત જે રીતે થાય, તે રીતે વાપરે. (समकं ક્રિયાવિશેષણ થશે...)

संयतः = सम्यक् यतः संयतः એટલે કે યતિ...

जयं = યતના કરતો...

अप्परिसाडियं = ઢોળાય નહિ એ રીતે વાપરે.

---

**अवतरणिका :-** यदुक्तं 'यतमान' इति, तत्र वाग्यतनामाह -

---

**અવતરણિકા :-** ૩૫મી ગાથામાં જે કહ્યું કે - जयं = यतमान તેમાં વાણીની યતનાને બતાવે છે. -

---

**॥मू. गा. ३६॥** सुकडंति सुपक्कंति, सुछिन्नं सुहडे मडे ।
सुनिट्ठिए सुलट्ठित्ति, सावज्जं वज्जए मुणी ॥३६॥ (सूत्रम्)

---

1. साधून् ततः प्रीत्या निमन्त्रयेत् यथाक्रमम् । यदि तत्र कोऽपीच्छेत् तेन सार्धं तु भुञ्जीत ॥१॥ 2. गच्छ एव निर्मातः ।

व्याख्या – 'सुकृतं' सुष्ठु निर्वतितमन्नादि 'सुपक्वं' घृतपूर्णादि, 'इतिः' उभयत्र प्रदर्शने, 'सुच्छिन्नं' शाकपत्रादि 'सुहृतं' शाकपत्रादेस्तिक्तत्वादि घृतादि वा सूपविलेपिकादीनां, तथा 'मडे'त्ति प्रक्रमात् सुष्ठु मृतं घृताद्येव सक्तुसूपादौ, तथा सुष्ठु निष्ठितमित्यतिशयेन निष्ठां-रसप्रकर्षपर्यन्तात्मिकां गतं, 'सुलट्ठि'त्ति सर्वैरपि रसादिभिः प्रकारैः शोभनमिति, 'इतिः' एवंप्रकारार्थः, एवंप्रकारमन्यदपि सावद्यं प्रक्रमाद्वचो, वर्जयेन्मुनिः ।

---

ગાથાર્થ : 'આ સુકૃત છે', 'આ સુપક્વ છે', 'આ સુછિન્ન છે', 'આ સુહૃત છે', 'આ સુમૃત છે', 'આ સુનિષ્ઠિત છે', 'આ સુલષ્ટ છે'... મુનિ આવા સાવદ્યવચનને છોડે.

ટીકાર્થ :- (૧) સુકૃતઃ 'અન્નાદિ સારી રીતે બનાવાયેલા

(૨) સુપક્વ - 'ઘેબરાદિ સારી રીતે પકાવાયેલા છે'

બંને જગ્યાએ इति એ પ્રદર્શનમાં છે. ('સાવદ્યભાષાનો આકાર કેવો હોય ?' એ દેખાડવા માટે इति છે. ' ાષાનું સ્વરૂપ કેવું હોય ?' એ દેખાડનાર इति છે...)

(૩) સુછિન્ન - 'શાક, પાંદડા વગેરે સારી રીતે છેદાયેલા છે.'

(૪) સુહૃત - 'શાકપત્રાદિની કડવાશ વગેરે સારી હરણ કરાઈ છે. (દૂર કરાઈ છે.)'

અથવા સૂપ, વિલેપિકા વગેરેનું 'ઘી વગેરે સારી રીતે હરણ કરાયું છે.' (ઘણું બધું ઘી એમાં વપરાય, છતાં ખબર જ ન પડે એ રીતે પચાવ્યું હોય. દા.ત. ખીચડીમાં, બાટામાં પુષ્કળ ઘી વપરાઈ જાય...)

(૫) મૃત - પ્રક્રમથી સુમૃત સમજી લેવાનું.

સુહૃતમાં જેમ ઘૃતાદિ બતાવેલું, તેમ અહીં પણ ઘૃતાદિ જ લેવાના છે. (એટલે જ घृतादि एव લખેલું છે.)

'સાથવામાં, સૂપ વગેરેમાં ઘી વગેરે સારા મરી ગયેલા છે.'

(નિવીયાતામાં જેમ ઘી મરી ગયેલું ગણાય, એની વિગઈશક્તિ ખતમ થયેલી ગણાય. એમ સાથવા વગેરેમાં એ એવી રીતે એક-મેક થાય કે ઘી ની અપાચ્યતા વગેરે ન રહે.)

(૬) સુનિષ્ઠિત - 'આ અતિશયથી નિષ્ઠાને પામેલું છે' એટલે કે 'આ વસ્તુ રસપ્રકર્ષના પર્યન્ત રૂપ નિષ્ઠાને પામેલી છે. (એટલે કે આ વસ્તુ અત્યંત સ્વાદિષ્ટ છે.)

(૭) સુલષ્ટ - 'આ વસ્તુ રસ વગેરે તમામે તમામ પ્રકારો વડે શોભન છે.'

इति એ एवंप्रकार અર્થમાં છે. આવા પ્રકારનું બીજું પણ સાવદ્ય વચન મુનિ વર્જે = ન બોલે.

सावद्यं શું ? એ પ્રક્રમથી સમજી લેવું કે વચન !

(ઉપર બધું ગોચરી-રસોઈ સંબંધી સાવદ્યવચન દર્શાવ્યું. આ જ વચનો ગોચરી સિવાય પણ અન્ય વિષયોમાં ાવદ્ય બનતા હોય છે તે હવે દર્શાવે છે.)

---

वृत्ति :- यद्वा-सुष्ठु कृतं यदनेनारातेः प्रतिकृतं, सुष्ठु पक्वं मांसाशनादि, सुच्छिन्नोऽयं न्यग्रोधपादपादिः, सुहृतं कदर्यादर्थजातं, सुहतो वा चौरादिः, सुमृतोऽयं प्रत्यनीकधिग्वर्णादिः, सुनिष्ठितोऽयं प्रासादकूपादिः, 'सुलट्ठि'त्ति शोभनोऽयं करितुरगादिरिति सामान्येनैव सावद्यं वचो वर्जयेन्मुनिः ।

यद्वा

(૧) સુકૃત - આણે શત્રુનો પ્રતિકાર કર્યો, એ સારું કર્યું.

(૨) સુપક્વ - માંસ, અશન વગેરે સારા પકાવાયા.

(૩) સુછિન્ન - આ ન્યગ્રોધવૃક્ષ વગેરે સારી રીતે છેદાયા.

(૪) સુહૃત - કંજુસ પાસેથી પૈસો સારી રીતે ચોરી લીધો. = પડાવી પાડ્યો. અથવા

सुहडे = सुहत = ચોર વગેરે સારી રીતે હણાયા...

(૫) સુમૃત - આ શત્રુભૂત બ્રાહ્મણાદિ સારો મર્યો ('મરી ગયો' એ સારું થયું.)

(૬) સુનિષ્ઠિત - આ મહેલ, કુવો વગેરે સારી રીતે પૂર્ણતાને પામ્યો.

(૭) સુલષ્ટ - આ હાથી, ઘોડા વગેરે સરસ છે.

આ પ્રમાણે મુનિ સામાન્યથી જ સાવદ્ય વચનને વર્જે. (એટલે કે માત્ર ગોચરી સંબંધી જ સાવદ્યવચનનો ત્યાગ નથી કરવાનો, પણ કોઈપણ વિષય સંબંધી સાવદ્યવચનનો ત્યાગ કરે...)

---

वृत्ति :- निरवद्यं तु सुकृतमनेन धर्मध्यानादि, सुपक्वमस्य वचनविज्ञानादि, सुच्छिन्नं स्नेहनिगडादि, सुहृतमुपकरणमशिवोपशान्तये, सुहतं वा कर्मानीकादि, सुमृतमस्य पण्डितमरणमर्तुः, तथा सुनिष्ठितोऽसौ साध्वाचारविषये, 'सुलट्ठि'त्ति शोभनमस्य तपोऽनुष्ठानमित्यादिरूपं,

---

આ જ વચન નિરવદ્ય હોય, તો બોલે પણ ખરો.

તે આ પ્રમાણે :

(૧) સુકૃત - આણે ધર્મધ્યાનાદિ સારી રીતે કર્યા.

(૨) સુપક્વ - આના વચનો, વિજ્ઞાન વગેરે સારા પાકેલા છે. (પરિપક્વ છે...)

(૩) સુછિન્ન - સ્નેહની સાંકડ વગેરે આણે સારી રીતે છેદી છે.

(૪) સુહૃત - અશિવની ઉપશાન્તિને માટે ઉપકરણ સારી રીતે હરણ કરાયું. (જો તે તે ઉપકરણ લઈ ન લે, તો અશિવની ઉપશાન્તિ ન થાય... એવી કોઈક પરિસ્થિતિની અપેક્ષાએ આ નિરૂપણ છે.

(અથવા કોઈક સાધુ પાસે એવું વિચિત્ર વસ્ત્ર આવ્યું કે જેનાથી અશિવ = અહિત થાય છે, કારણ કે વસ્ત્રમાં એવા ખરાબ લક્ષણો છે, હવે શિષ્ય એ વસ્ત્રને છોડવા તૈયાર નથી, એ આ વાત સમજતો નથી, ત્યારે કોઈ એને બરાબર સમજાવીને એની પાસેથી વસ્ત્ર લઈ લે... તો આ કહેવાય કે अशिवोपशमनाय सुहृतं...)

અથવા સુહતં = કર્મ સૈન્યાદિ સારી રીતે હણાયું.

(૫) સુમૃત - પંડિતમરણથી મરનારા આનું સારુ મરણ થયું.

(૬) સુનિષ્ઠિત - સાધ્વાચાર રૂપી વિષયમાં આ સારી રીતે નિષ્ઠા પામ્યો છે = તૈયાર થયેલો છે.

(૭) સુલષ્ટ - આનું તપાનુષ્ઠાન શોભન છે. આ વગેરે સ્વરૂપવાળું નિરવદ્ય વચન બોલે પણ ખરો.

वृत्ति :- कारणतो वा-

*"पयत्तपक्केत्ति व पक्कमालवे, पयत्तछिन्नत्ति व छिन्नमालवे ।*
*पयत्तलट्ठेत्ति व कम्महेउयं, पहारगाढेत्ति व गाढमालवे ।।१।।"*[1]

इत्याप्तोपदेशात् प्रयत्नकृतपक्वादिरूपं वदेदपीति, अस्मिंश्च पक्षे प्रतिरूपयोगयोजनात्मको वाचिकविनय उक्त इति सूत्रार्थः ।।३६।।

---

અથવા

કોઈક કારણસર સારી રીતે પકાવાયેલા ઘેબરાદિ માટે 'આ સુપક્વ છે' એવું જણાવવું જરૂરી જ બને, (દા.ત. ગ્લાનાદિને તે વસ્તુ વપરાવવી હોય, તો એની સામે 'આ સુપક્વ છે.' ઈત્યાદિ જણાવીએ. તો એ વાપરવા તૈયાર થાય... આવા બીજા કારણો પણ વિચારી લેવા...)

ત્યારે જયણાપૂર્વક બોલે. તે આ પ્રમાણે –

– પક્વને 'આ પ્રયત્નપક્વ છે' એ પ્રમાણે બોલે. (સુપક્વ ન બોલે.)

– છિન્નને 'આ પ્રયત્નછિન્ન છે' એ પ્રમાણે બોલે. (સુછિન્ન ન બોલે.)

– કર્મ હેતુકને (પુરુષાર્થપૂર્વક કોઈક સુંદર વસ્તુ તૈયાર કરવામાં આવી હોય, તો એ કર્મહેતુક ગણાય, એને માટે = લષ્ટ વસ્તુને માટે) 'પ્રયત્નલષ્ટ આ છે.' એ પ્રમાણે બોલે. (સુલષ્ટ ન બોલે.)

ગાઢને (જોરદાર ઘા વગેરે લાગ્યો હોય... તેને) 'પ્રહારગાઢ આ છે' એ પ્રમાણે બોલે.

(ટુંકમાં સાચી હકીકત કારણવશ જણાવવાની છે, પણ એમાં શબ્દપ્રયોગ સંસારીઓના જેવો ન જોઈએ, એ માટે આ જયણા છે. દા. ત. ચમચી નહિ, પણ સાયણી... માટલું નહિ, પણ ઘડો... પપ્પા નહિ, પણ સંસારી પિતાશ્રી...)

આ બધું દસ વૈ. માં શય્યંભવસૂરિજીએ કહેલું છે. એટલે એ આપ્તપુરુષના ઉપદેશ પ્રમાણે પ્રયત્નકૃત, પ્રયત્નપક્વ વગેરે સ્વરૂપ એવા વચનને બોલે પણ ખરો.

આ પક્ષમાં = 'પ્રયત્નપક્વાદિ બોલવું, પણ સુપક્વાદિ નહિ.' આ વ્યાખ્યાપક્ષમાં પ્રતિરૂપયોગયોજનરૂપ વાચિક વિનય કહેવાયો.

(પ્રયત્નપક્વાદિ બોલવા દ્વારા ગુર્વાદિને વાસ્તવિકતા દર્શાવીને એમની ઉચિત ભક્તિ વગેરે કરી શકાય છે... તેથી આ પ્રતિરૂપયોગયોજનરૂપ વાચિકવિનય બને છે.)

---

अवतरणिका :- विनय एवादरख्यापनाय सुविनीतेतरोपदेशदानतो यद्गुरोर्भवति तदुपदेशयितुमाह-

---

અવતરણિકા :- 'આમને વિનયમાં જ આદર છે.' (અથવા વિનયમાં જ આદર કરવો જોઈએ) એ જણાવવાને માટે સુવિનીતને ઉપદેશ આપવાથી ગુરુને જે થાય છે. અને દુર્વિનીતને ઉપદેશ આપવાથી ગુરુને જે થાય છે. તેને દેખાડવાને માટે કહે છે.

---

**।।मू. गा. ३७।।** **रमए पंडिए सासं, हयं भद्दं व वाहए ।**
**बालं सम्मइ सासंतो, गलिअस्समिव वाहए ।।३७।।(सूत्रम्)**

---

1. प्रयत्नपक्व इति वा पक्वमालपेत्, पयत्नच्छिन्न इति वा छिन्नमालपेत् । प्रयत्नलष्ट इति वा कर्महेतुकं, प्रहारगाढ इति वा गाढमालपेत् ।।१।।

व्याख्या - 'रमते' अभिरतिमान् भवति, 'पण्डितान्' विनीतविनेयान्, 'शासत्' इत्याज्ञापयन् कथञ्चित् प्रमादस्खलिते शिक्षयित्वा, गुरुरिति शेषः, कमिव कः ? इत्याह- *'हयमिव'* अश्वमिव, कीदृशम्?- भाति भन्दते वा *भद्र*स्तं-कल्याणावहं *'वाहकः'* अश्वन्दमः,

---

ગાથાર્થ : ઘોડેસવાર જેમ કલ્યાણકારી ઘોડાને શાસન કરતા આનંદ પામે, તેમ ગુરુ પંડિતોને = વિનયી શિષ્યોને શાસન કરતા આનંદ પામે. ઘોડેસવાર જેમ ગલિ-અશ્વને, તેમ ગુરુ અજ્ઞાનીને શાસન કરતા શ્રમ પામે = ખેદ પામે.

ટીકાર્થ : पण्डितान् = વિનયવાળા શિષ્યોને,

शासत् = એટલે કે આજ્ઞા કરતા કોઈપણ રીતે પ્રમાદથી ભૂલ થાય, ત્યારે તેને ગુરુ શિક્ષા કરીને = હિતશિક્ષા આપીને આનંદ પામે છે. 'ગુરુ' એ શેષ લેવું.

પ્રશ્ન : કોની જેમ આનંદ પામે ? એ દૃષ્ટાન્ત બતાવો... (इव છે)

ઉત્તર : જેમ વાહક = અશ્વનું દમન કરનાર = ઘોડેસવાર કલ્યાણકારી = भद्रक ઘોડાને શાસન કરતો આનંદ પામે... તેમ. भद्र = भाति જે શોભે તે. અથવા भद्र = भन्दते = જે ભલો છે, સારો છે, સમૃદ્ધિવાળો છે... તે भद्र !

---

वृत्ति :- 'बालम्' अज्ञं 'श्राम्यति' खिद्यते शासत, स हि सकृदुक्त एव न कृत्येषु प्रवर्तते, तत इदं कुरु इदं च मा कार्षीरित्यादि पुनः पुनस्तमाज्ञापयन् शिक्षयित्वा, कमिव कः ? इत्याह- 'गलिम्' उक्तरूपमश्वमिव वाहक इति सूत्रार्थः ।।३७।।

---

જ્યારે બાલને = અજ્ઞાનીને આજ્ઞા કરતા ગુરુ ખેદ પામે.

પ્રશ્ન : કેમ ?

ઉત્તર : અજ્ઞાની એવો હોય કે એને એકવાર કહો, એટલા માત્રથી જ એ સારા કાર્યોમાં પ્રવૃત્તિ કરવા ન માંડે.

તેથી 'આ કર, આ ન કર' ઈત્યાદિ વારંવાર આજ્ઞા કરતા શિક્ષા કરી કરીને = શીખવાડી શીખવાડીને ગુરુ ખેદ પામે.

પ્રશ્ન : અહીં દૃષ્ટન્ત કોનું છે ? कः कमिव ? (કોના જેવા ગુરુ કોના જેવા શિષ્યને શાસન કરતા ખેદ પામે.)

ઉત્તર : જેમ વાહક = ઘોડેશ્વાર ગલિઅશ્વને શાસન કરતો ખેદ પામે... તેમ ! ગલિ = જેનું સ્વરૂપ પહેલા કહી ગયા છે... તે.

(અવિનયી ગુરુને ત્રાસ પમાડે છે, માટે અવિનયમાં આદર ન થાય. પણ વિનયમાં જ આદર થાય.)

('આનંદ પામવું'નો અર્થ એટલો જ કે શિષ્ય સારો પ્રતિભાવ આપે, એટલે ગુરુ ખુશ થાય. બાકી ગુરુ કોઈકને ખખડાવીને અભિમાનનો આનંદ પામનારા નથી...)

---

अवतरणिका :- गुरोः श्रमहेतुत्वमुद्भावयन् बालस्याभिसन्धिमाह -

---

અવતરણિકા :- અજ્ઞાની શિષ્ય ગુરુના ખેદનું કારણ બને છે.... એ વાતને પ્રગટ કરતા = સ્પષ્ટ કરતા ગ્રન્થકાર એ બાલના વિચારને દર્શાવે છે. -

---

||मू. गा. ३८|| खड्डुयाहिं चवेडाहिं, अक्कोसेहि वहेहि य ।
कल्लाणमणुसासंतं, पावदिट्ठित्ति मन्नइ ।।३८।। (सूत्रम्)

व्याख्या - 'खड्डुकाभिः' टक्कराभिः 'चपेटाभिः' करतलाघातैः 'आक्रोशैः' असभ्यभाषणैः 'वधैश्च' दण्डिकादिघातैः, चशब्दादन्यैश्चैवंप्रकारैर्दुःखहेतुभिरनुशासनप्रकारैस्तमाचार्यं 'कल्याणम्' इहपरलोकहितम् 'अनुशासन्तं' शिक्षयन्तं, पापा दृष्टिः-बुद्धिरस्येति पापदृष्टिः, अयमाचार्य इति मन्यते, यथा-पापोऽयं मां हन्ति निर्घृणत्वात्, चारकपालकवत्,

---

ગાથાર્થ : ટપલીઓ વડે, લાફાઓ વડે, આક્રોશો વડે અને વધો વડે અનુશાસન કરનારા, કલ્યાણકારી આચાર્યને (અજ્ઞાની જીવ) 'આ પાપદષ્ટિવા ા છે' એ પ્રમાણે માને છે.

ટીકાર્થ : खड्डुकाभिः = માથે ટપલી મારે, ટકોરા મારે તે...

चपेटाभिः = હાથના તળીયાના આઘાત = માર, એટલે કે લાફાઓ.

आक्रोशैः = અસભ્ય ભાષણો વડે (હલકા શબ્દો વડે).

वधैः = દાંડા વગેરેના ઘાતો વડે.

ગાથામાં च શબ્દ છે, તેનાથી આ અર્થ લેવો કે આવા પ્રકારના બીજા પણ, દુઃખહેતુ બનનારા એવા અનુશાસનના પ્રકારો વડે અનુશાસન કરનારા, (અને માટે જ) કલ્યાણકારી = ઈહલોક અને પરલોકમાં હિતકારી બનનારા તે આચાર્યને = ગુરુને,

અવિનયી સાધુ 'આ આચાર્ય પાપ દષ્ટિવાળા = દુષ્ટ બુદ્ધિવાળા છે' એ પ્રમાણે માને છે.

દા. ત. આ પાપી નિર્દય હોવાથી મને મારે છે. જાણે કે જેલનો જેલર હોય, એ રીતે મારે છે. (घृणा = દયા)

(चारक = જેલ...)

---

वृत्ति :- पठन्ति च- 'खुड्डुया मे' इत्यादि, अत्र व्यवच्छेदफलत्वाद् वाक्यस्य खड्डुकादय एव मम नापरं किञ्चित् समीहितमस्तीत्यभिसन्धिना कल्याणमनुशासन(त)माचार्यं पापदृष्टिं मन्यते, यद्वा-वाग्भिरप्यनुशास्यमानोऽसौ खड्डुकादिरूपा वाचो मन्यत इति सूत्रार्थः ।।३८।।

---

પાઠાંતર આ પ્રમાણે છે 'खड्डुया मे चवेडा मे' ઈત્યાદિ આ પાઠાંતરમાં આ પ્રમાણે અર્થ થશે,

વાક્ય વ્યવચ્છેદરૂપી ફલવાળુ હોય છે. (એટલે કે કોઈપણ વાક્યમાં एव લઈને એ સિવાયની વસ્તુનો નિષેધ લઈ શકાય છે. = વ્યવચ્છેદ કરી શકાય છે.)

તેથી खड्डुया मे... વગેરે બધામાં एव લેવાનો. એટલે અર્થ આ થશે. અવિનયી શિષ્ય આ પ્રમાણે વિચારે છે કે -

"મને માત્ર ટપલીઓ = ટકોરાઓ, લાફાઓ, આક્રોશો અને વધ જ મળે છે, એ સિવાય બીજું કશું જ ઈષ્ટ તો થતું જ નથી." અને આ પ્રમાણેના વિચારથી- કલ્યાણને (= સારી વસ્તુને = હિતકારી વસ્તુને) અનુશાસન કરતા = શીખવાડતા એવા આચાર્યને દુષ્ટ બુદ્ધિવાળા માની લે છે.

यद्वा

ગુરુ એને કંઈ ટપલી, લાફા વગેરે મારતા ન હોય, ગુરુ તો વાણીથી જ અનુશાસન કરતા હોય. પણ માત્ર વાણી વડે પણ અનુશાસન કરાતો અવિનયી શિષ્ય ગુરુની વાણીને ટપલી-લાફા વગેરે રૂપ માને છે.

(અને આ જ કારણે એ શિષ્ય ગુરુના ખેદનું કારણ બને છે... એટલે ગાથાની અવતરણિકાનો અર્થ બરાબર બેસી જાય

છે. બાલ જીવ જે વિચારો કરે છે, એને લીધે જ તો ગુરુના ખેદનું કારણ બને છે.)

अवतरणिका :- गुरोरतिहितत्वं प्रचिकाशयिषुर्विनीताभिसन्धिमाह -

અવતરણિકા :- 'ગુરુ અતિહિતકારી છે' એ પદાર્થને પ્રકાશિત કરવાની ઈચ્છાવાળા ગ્રન્થકાર વિનીતના વિચારને દર્શાવે છે. -

॥मू. गा. ३९॥ पुत्तो मे भाय नाइत्ति, साहू कल्लाण मन्नइ ।
पावदिट्ठि उ अप्पाणं, सासं दासं व मन्नइ ॥३९॥ (सूत्रम्)

व्याख्या - पुत्रो मे भ्राता ज्ञातिरिति, अत्रेवार्थस्य गम्यमानत्वात् पुत्र इवेत्यादिबुद्ध्याऽऽचार्यो मामनुशास्तीति 'साधुः' सुशिष्यः 'कल्याणं' कल्याणहेतुमाचार्यमनुशासनं वा मन्यते, स हि विवेचयति शिष्यः-सौहार्दादसौ मां शास्ति, दुर्विनीतत्वे हि मम किमस्य परिहीयते ?, ममैव त्वर्थभ्रंश इति ।

ગાથાર્થ ; 'ગુરુ મને પોતાનો પુત્ર, ભાઈ, સ્વજન જેવો માનીને ઠપકો દે છે.' એ પ્રમાણે સાધુ = સુશિષ્ય (ગુરુને) કલ્યાણકારી માને છે. જ્યારે પાપદષ્ટિવાળો કુશિષ્ય અનુશાસન કરાતા પોતાના આત્માને દાસ જેવો માને છે.

ટીકાર્થ : વિનયી સાધુ આ પ્રમાણે વિચારે છે કે– આચાર્ય મને ઠપકો આપે છે, એ તો 'આ મારા પુત્ર જેવો છે.' 'આ મારા ભાઈ જેવો છે.' ' આ મારો સ્વજન જેવો `.' એ પ્રમાણે મને પુત્ર, ભાઈ, સ્વજન જેવો માનીને... આવા પ્રકારની બુદ્ધિથી ઠપકો આપે છે...

આમ સાધુ = સુશિષ્ય તો આચાર્યને કે આચાર્યના અનુશાસનને કલ્યાણ = કલ્યાણનું કારણ માને છે.

અહીં ગાથામાં इव નથી, પણ इव નો અર્થ ગમ્યમાન છે, તેથી पुत्र इव, भ्राता इव, मम ज्ञाति इव... એ પ્રમાણે इव નો અર્થ લીધો છે.

ખરેખર તે શિષ્ય વિવેક કરે છે = વિચારે છે કે– "આ આચાર્ય મૈત્રીભાવથી = મારૂં હિત કરવાની બુદ્ધિથી મને ઠપકો આપે છે. બાકી હું દુર્વિનીત રહું, તો મારા દુર્વિનિતપણામાં એમને શું ઘટે છે ? (શું નુકશાન છે ?) મારે જ તો અર્થનો વિનાશ છે. (વિકાસનો વિનાશ છે.)" આમ એ આચાર્યને કલ્યાણકારી માને છે.

वृत्ति :- बालोऽप्येवं किं न मन्यत इत्याह- 'पापदृष्टिस्तु' कुशिष्यः पुनरात्मानं 'सासं'ति प्राकृतत्वाद्धितानुशासनेनापि शास्यमानं दासमिव मन्यते, यथा असौ दासवन्मामाज्ञापयति, ततोऽस्य शास्तरि पापदृष्टिताऽभिसन्धिरेव सम्भवतीति सूत्रार्थः ।।३९।।

પ્રશ્ન : તો પેલો અજ્ઞાની પણ કેમ આવા સારા વિચાર નથી કરી શકતો ? (અથવા શું અજ્ઞાની પણ આવું નથી માનતો?)

ઉત્તર : પાપદષ્ટિવા ો = કુશિષ્ય તો ગુરુ વડે હિતકારી અનુશાસન દ્વારા પણ શાસન કરાતા પોતાના આત્માને દાસ જેવો માને છે. અર્થાત્ ગુરુ એને એના હિત માટેની શિક્ષા આપે = શીખ આપે, તો પણ એને એવું જ લાગે કે– 'હું તો દાસ જેવો છું. શેઠ જેમ દાસને = નોકરને ટોકટોક કરે. એમ આ ગુરુ મને ટોકટોક કર્યા કરે છે.'

તેથી આને = કુશિષ્યને અનુશાસકને વિશે માત્ર ને માત્ર 'આ દુષ્ટબુદ્ધિવાળા છે' એવો જ વિચાર સંભવે છે.

(ગાથામાં सासं છે એનું સંસ્કૃત આમ તો शासत् થાય. પણ આ પ્રાકૃત છે, તેથી सासं લખેલું છે, તેનો અહીં અર્થ शास्यमानं એમ લેવાનો છે.)

अवतरणिका :- विनयसर्वस्वमुपदेष्टुमाह -

અવતરણિકા :- 'વિનયનું જે સર્વસ્વ છે.' તેનો ઉપદેશ આપવાને માટે કહે છે. -

।।मू. गा. ४०।। ण कोवए आयरियं, अप्पाणंपि ण कोवए ।
बुद्धोवघाई न सिया, न सिया तोत्तगवेसए ।।४०।। (सूत्रम्)

व्याख्या - 'न कोपयेत्' न कोपोपेतं कुर्यात्, आचार्यम्, उपलक्षणत्वादपरमपि विनयार्हम्, 'आत्मानमपि' गुरुभिरतिपरुषभाषणादिनाऽनुशिष्यमाणं न कोपयेत्, कथञ्चित् सकोपतायामपि 'बुद्धोपघाती' आचार्योपघातकृत् 'न स्यात्' न भवेत्,

ગાથાર્થ : આચાર્યને ગુસ્સે ન કરે, પોતાને પણ ગુસ્સે ન કરે, આચાર્યનો ઉપઘાતક ન થાય. તોત્રનો ગવેષક = (આચાર્યને વ્યથા ઉત્પન્ન કરનારાનો, આચાર્ય=દોષપ્રદર્શક વચનનો શોધનારો) ન થાય.

ટીકાર્થ : આચાર્યને ગુસ્સે ન કરે. આચાર્ય શબ્દ ઉપલક્ષણ છે, તેથી સમજી લેવું કે બીજા પણ જે વિનયયોગ્ય હોય, તેને (રત્નાધિકાદિને) ગુસ્સે ન કરે.

એમ ગુરુ અતિકર્કશ વચનો, લાફાઓ વગેરે વડે અનુશાસન કરે, ત્યારે આ રીતે અનુશાસન કરાતા પોતાના આત્માને પણ ગુસ્સે ન કરે... (એટલે કે આવા ઠપકાઓ, લાફાઓ મળે, તો પણ પોતે ગુરુ ઉપર બિલકુલ ક્રોધ ન કરે.)

તથા કોઈપણ રીતે ગુરુ ઉપર સકોપતા = ક્રોધ આવી જાય, તો પણ આચાર્યનો ઉપઘાત કરનારો ન બને.

(આચાર્યની નિંદા, સામે બોલવું, રીસાઈ જવું... વગેરે આચાર્યનો ઉપઘાત છે. ટુંકમાં મનના ક્રોધને વચન-કાયામાં ન જવા દે.)

वृत्ति :- तथा न स्यात् तुद्यते-व्यथ्यतेऽनेनेति तोत्रं-द्रव्यतः प्राजनको भावतस्तु तद्दोषोद्भावकतया व्यथोपजनकं वचनमेव, तद् गवेषयति किमहममीषां जात्यादिदूषकं वच्मि ? इत्यन्वेषयतीति तोत्रगवेषकः, प्रक्रमाद्गुरूणां, न स्यादिति चादरख्यापनार्थत्वात्र पुनरुक्तं,

તથા તોત્રની ગવેષણા કરનારો ન થાય.

પ્રશ્ન : તોત્ર એટલે શું ?

ઉત્તર : જેના વડે બીજાને વ્યથા પમાડાય તે વસ્તુ તોત્ર ! દ્રવ્યથી તોત્ર એટલે ચાબુક વગેરે. (એનાથી ઘોડાદિને વ્યથા પમાડાય છે.) ભાવથી તોત્ર એટલે ગુરુને વ્યથા ઉત્પન્ન કરનાર એવું વચન જ !

પ્રશ્ન : કેવા પ્રકારનું વચન ગુરુને વ્યથા ઉત્પન્ન કરે ?

ઉત્તર : જે વચન ગુરુના દોષોને પ્રગટ કરનાર હશે, તે આવું દોષોદ્ભાવક હોવાથી ગુરુને વ્યથા-જનક બનશે. એ જ भावत: तोत्र !)

આવા તોત્રને જે गवेषयति = अन्वेषयति = શોધે તે તોત્ર-ગવેષક !

"હું આ ગુરુના જાતિ, કુલ, જ્ઞાનાદિને દુષિત કરનાર એવું કયું વચન બોલું." આ પ્રમાણે જે ગુરુદોષોદ્ભાવક વચનોને શોધે, (શોધીને બોલે) તે તોત્રગવેષક !

ગાથામાં 'તોત્રગવેષક' શબ્દ છે, તોત્ર = વ્યથોપજનક વચન અર્થ કર્યો. પણ કોને વ્યથા ઉત્પન્ન કરનાર ? એ લખ્યું

નથી. પણ વિષય ગુરુવિનયનો જ ચાલે છે, તેથી પ્રક્રમથી સમજી લેવું કે ગુરુને વ્યથાને ઉત્પન્ન કરનાર... !

પ્રશ્ન : उत्तरार्धમાં न सिया, न सिया બે વાર લખ્યું છે, એના બદલે ૧ જ વાર લખત તો પણ ચાલત ને ? એનો અન્વય તો બંને બાજુ થાત...

ઉત્તર : न स्यात् એ બીજીવાર લખેલ છે, તે ગુરુ પ્રત્યે, ગુરુ અવિનયત્યાગ પ્રત્યે આદર બતાવવા માટે લખેલ છે, તેથી પુનરુક્તિ દોષ નથી.

(જ્યારે પાપત્યાગાદિ ઉપર વિશેષ આદર = ભાર દર્શાવવો હોય, ત્યારે એક જ શબ્દ બે વાર પણ બોલાય. દા. ત. मा मा जंपह बहुयं... બહુ ન બોલ, ન બોલ...)

---

वृत्ति :- यदुक्तं-बुद्धोपघाती न स्यात्तत्रोदाहरणं-कश्चिदाचार्या(श)दिगणिगुणसम्पत्समन्वितो युगप्रधानः प्रक्षीणप्रायकर्माऽऽचार्योऽनियतविहारितया विहर्तुमिच्छन्नपि परिक्षीणजङ्घाबलः क्वचिदेकस्थान एवावतस्थे, तत्रत्यश्रावकजनेन चैतेषु भगवत्सु सत्सु तीर्थं सनाथमिति विचिन्तयता तद्वयो-ऽवस्थासमुचितस्निग्धमधुराहारादिभिः प्रतिदिवसमुपचर्यते स्म, तच्छिष्याश्च गुरुकर्मतया कदाचिदचिन्तयन्, यथा-कियच्चिरमयमजङ्गमोऽस्माभिरनुपालनीयः,

---

જે કહ્યું કે – 'આચાર્યનો ઉપઘાતી ન થાય.' એ બાબતમાં એક દૃષ્ટાન્ત છે.

કોઈક આચાર્ય ગણિની આચારાદિ ગુણસંપત્તિથી સમન્વિત (પૂર્વે ૩૬ ગુણો બતાવ્યા છે તે), યુગપ્રધાન, લગભગ કર્મોનો ક્ષય કરી ચૂકેલા હતા.

તે અનિયતવિહારથી વિચરવાને ઈચ્છતા હતા, પણ એમનું જંઘાબલ ક્ષીણ થઈ ગયેલું, તેથી કયાંક એક જ સ્થાને રહ્યા.

તે સ્થાનમાં રહેનારા શ્રાવકો વિચારે છે કે– 'આ આચાર્ય ભગવંત છે, તો આ તીર્થ સનાથ છે.' આમ વિચારતા શ્રાવકો તેમની ઉંમરની અવસ્થાને ઉચિત એવા સ્નિગ્ધ, મધુર આહાર વગેરે વડે એમની સેવા-કાળજી કરતા હતા.

તે આચાર્યના શિષ્યોએ ભારે કર્મી હોવાથી કયારેક વિચાર કર્યો કે– 'આ સ્થિરવાસી = વિહાર ન કરનારા આ આચાર્યને કેટલા કાળ સુધી અમારે સાચવવાના ?'

---

वृत्ति :- ततस्तमनशनमादापयितुमिच्छवोऽतिभक्तश्रावकजनानुदिनदीयमानमुचितमशनादि तस्मै न समर्पयामासुः, अन्तप्रान्तादि च समुपनीय सविषादमिव तत्पुरत उक्तवन्तः-किमिह कुर्मः ?, यदीदृशामपि भवतामुचितमशनादि नामी विवेकविकलतया सदपि सम्पादयितुमीशते,

---

તેથી તેઓ આચાર્યને અનશન અપાવવાની ઈચ્છાવાળા બન્યા... તેથી તેઓએ અતિભક્ત એવા શ્રાવકલોકવડે રોજેરોજ અપાતા, ઉચિત અશનાદિ આચાર્યને આપવાના બંધ કર્યા.

અને અન્ત-પ્રાન્ત વગેરે અશનાદિ લાવીને જાણે કે ખેદપૂર્વક આચાર્યની આગળ કહેવા લાગ્યા કે– "અહીં અમે શું કરીએ ? કે આવા પ્રકારના = યુગપ્રધાનાદિ રૂપ એવા પણ આપને ઉચિત અશનાદિ આ શ્રાવકો વિવેક વિનાના હોવાથી (અશનાદિ) હોવા છતાં પણ આપતા નથી."

---

वृत्ति :- श्राद्धानभिदधति च, यथा-अत्यन्तनिःस्पृहतया शरीरयापनामपि प्रत्यनपेक्षिणः प्रणीतं भक्तपानमाचार्या नेच्छन्ति, किन्तु संलेखनामेव विधातुमध्यवस्यन्तीति । ततस्ते तद्वचनमाकर्ण्य मन्युभरनिभृतचेतसस्तमुपसृत्य सगद्गदं जगदुः-भगवन् ! भुवनभवभावस्वभावावभासिष्वर्हत्सु चिरतरातीतेष्वपि प्रतपत्सु भवत्सु भुवनमवभासवदिवाभाति, तत्किमयमत्र भवद्भिरकाल एव

संलेखनाविधिरारब्धः ?,

બીજી બાજુ શ્રાવકોને આ પ્રમાણે કહે છે કે– "આચાર્ય અત્યંત નિઃસ્પૃહ છે, તેથી શરીરની સાચવણી પ્રત્યે પણ અપેક્ષા વિનાના છે. તેથી પ્રણીત ભોજનપાનને ઈચ્છતા નથી, પરંતુ સંલેખના જ કરવાનો વિચાર કરે છે."

તેથી તે શ્રાવકો તેમના વચનને સાંભળીને શોકના સમૂહથી ભરેલા ચિત્તવાળા છતાં આચાર્ય પાસે આવીને ગદ્ગદ સ્વરે કહેવા લાગ્યા. –

"હે ભગવન્ ! સંસારમાં થતા પદાર્થોના સ્વભાવનો બોધ કરનારા અરિહંતો તો લાંબા કાળ પહેલા ।, છતાં પણ આપ તપો છો... (પ્રતાપવાળા છો.) એટલે આ ભુવન જાણે કે પ્રકાશવાળું હોય, એમ લાગે છે.

તો પછી શા માટે આપે અકાળે જ સંલેખનની વિધિ શરૂ કરી દીધી ?

वृत्ति :- न च वयममीषां निर्वेदहेतव इति मन्तव्यं, यतः-शिरःस्थिता अपि भवन्तो न भारमस्माकममीषां वा शिष्याणां कदाचिदादधति, ततस्तैरिङ्गितज्ञैरवगतं-यथाऽस्मन्शिष्यमतिविजृम्भितमेतत्, किममीषामप्रीतिहेतुना प्राणधारणेन?, न खलु धर्मार्थिनां कस्यचिदप्रीतिरुत्पादयितुमुचितेति चेतसि विचिन्त्य मुकुलितमेव तत्पुरत उक्तं-कियच्चिरमजङ्गमैरस्माभिरुपरोधनीयास्तपस्विनो भवन्तश्च, तद्वरमुत्तमाचरितमुत्तमार्थमेव च प्रतिपद्यामहे इति तानसौ संस्थाप्य भक्तमेव प्रत्याचचक्षे । इत्येवं बुद्धोपघाती न स्यादिति सूत्रार्थः ।।४०।।

આપ એવું ન માનશો કે – "અમે (આપ) આ લોકોને (શ્રાવકોને) કંટાળાનું કારણ બન્યા છો ?"

કેમકે આપ મસ્તક ઉપર રહેલા પણ આપ અમને કે શિષ્યોને કયારેય પણ ભાર આપનારા (ભાર કરનારા) નથી થવાના."

શ્રાવકો આ પ્રમાણે બોલ્યા, તેથી પછી ઇંગિતને જાણનારા (શિષ્યાદિની સૂક્ષ્મ ચેષ્ટાઓ વડે તેમના ભાવને જાણી લેનારા) આચાર્ય જાણી ગયા કે – "મારા શિષ્યોની બુદ્ધિનું જ આ કામ છે. તો પછી શિષ્યોને અપ્રીતિનું કારણ બનનારા એવા પ્રાણધારણ વડે = જીવન વડે શું કામ ? ધર્માર્થી આત્માઓને કોઈને પણ અપ્રીતિ ઉત્પન્ન કરવી ઉચિત નથી."

આ પ્રમાણે મનમાં વિચારીને શ્રાવકોની આગળ મોઘમમાં જ = અસ્પષ્ટ ભાષામાં જ બોલ્યા (મુકુલિત = બંધ = અસ્પષ્ટ...)

અજંગમ = સ્થિરવાસી એવા મારે કેટલા કાળ સુધી સાધુઓને અને તમને ઉપરોધવા. (મારા કાર્યમાં રોકવા)

તેથી ઉત્તમ પુરુષોએ આચરેલ ઉત્તમાર્થને જ = અનશનને જ હું સ્વીકારૂં એ સારું." આ પ્રમાણે તે શ્રાવકોને સમજાવી દઈને અનશન જ સ્વીકારી લીધું. (દૃષ્ટાન્ત પૂર્ણ થયું.) આ પ્રમાણે આચાર્યના ઉપઘાતક ન થવું.

अवतरणिका :- एवं तावदाचार्यं न कोपयेदित्युक्तं, कथञ्चित् कुपिते वा यत् कृत्यं तदाह -

અવતરણિકા :- આ પ્રમાણે 'આચાર્યને ગુસ્સે ન કરવા' એ તો કહી દીધું. પણ કોઈપણ પ્રકારે ધારો કે આચાર્ય ગુસ્સે થઈ જાય, તો જે કરવું જોઈએ તે બતાવે છે –

।।મૂ. ગા. ૪૧।। आयरियं कुवियं नच्चा, पत्तिएणं पसायए ।
विज्झविज्जा पंजलिउडे, वएज्जा न पुणोत्ति य ।।४१।। (सूत्रम्)

व्याख्या - 'आचार्यम्' उक्तस्वरूपम्, उपलक्षणत्वादुपाध्यायादिकमपि 'कुपितम्' इति

सकोपमनुशासनोदासीनताभिः, -

"[1]पुरिसजाएवि तहा विणीयविणयम्मि णत्थि अभिओगो ।
सेसंमि उ अभिओगो जणवयजाए जहा आसे ।।१।।'

इत्यागमात्, कृतबहिष्कोपं वा दृष्ट्यप्रदानादिना 'ज्ञात्वा' अवगम्य

---

ગાથાર્થ : આચાર્યને કોપવાળા જાણીને પ્રાતીતિક વડે = વિશ્વાસ-ઉત્પાદક શપથાદિ વડે ખુશ કરે. બે હાથ જોડીને ઉપશાંત કરે. અને બોલે કે 'ફરી આ નહિ કરું ?'

ટીકાર્થ : આચાર્યને કોપવાળા જાણીને પ્રાતીતિક વડે ખુશ કરે.

આચાર્યનું સ્વરૂપ પૂર્વે કહેવાઈ ગયું છે.

આચાર્ય પદ ઉપલક્ષણ હોવાથી ઉપાધ્યાયાદિ પણ લેવા.

પ્રશ્ન : પણ 'એ કોપવાળા થયા છે ?' એ જાણવું શી રીતે ?

ઉત્તર : ઠપકો આપે, ઉદાસીનતા ધારણ કરે... વગેરે વડે ખબર પડે કે- 'આચાર્ય સકોપ છે.'

આગમપાઠ છે કે- તથા (= જેમ જાતિવંત ઘોડાને વિશે બળજબરી કરવી ન પાડે.) તેમ વિનીતવિનયવાળા (=વિનયને પ્રાપ્ત કરી ચૂકેલા) પુરુષપ્રકારને વિશે પણ બળજબરી નથી.

પણ બાકીના પુરુષપ્રકારમાં (વિશિષ્ટવિનયવાળા નથી, તેવામાં) અભિયોગ = બળપ્રયોગ કરવાનો છે. જેમ મગધ જનપદમાં ઉત્પન્ન થયેલા એવા (સ્વચ્છંદી) અશ્વમાં બળપ્રયોગ કરવો પડે છે... તેમ

અથવા આ આગમને અનુસારે ગુરુ બહારથી ક્રોધ કરે એ વખતે એ શિષ્યની સામે દૃષ્ટિ ન કરે... તો દૃષ્ટિ-અપ્રદાન વગેરે દ્વારા 'બાહ્યકોપ ગુરુએ કર્યો છે.' એ પ્રમાણે જાણી લે.

---

वृत्ति :- 'पत्तिएणं'ति आर्षत्वात् प्रतीतिः प्रयोजनमस्येति प्रातीतिकं-शपथादि, अपिशब्दस्य चेह लुप्तनिर्दिष्टत्वात् तेनापि प्रसादयेत्, इदमुक्तं भवति-गुरुकोपहेतुकमबोध्याशातनामुक्त्यभावादिकं विगणयन् यया तया गत्या तत्प्रसादनमेवोत्पादयेत्,

---

પ્રશ્ન : 'પ્રાતીતિક વડે ખુશ કરે' એમાં પ્રાતીતિક એટલે શું ? વળી ગાથામાં તો पत्तिएण છે, તમે प्रातीतिकेन શબ્દ કેવી રીતે લીધો ?

ઉત્તર : આર્ષપ્રયોગ હોવાથી पत्तिएण શબ્દથી प्रातीतिकेन લેવાનું. હવે એનો અર્થ વિચારીએ.-

પ્રતીતિ = વિશ્વાસ એ છે પ્રયોજન = કાર્ય જેનું તે પ્રાતીતિક ! પ્રાતીતિક એટલે શપથ = બાધા વગેરે.

(કોઈકને આપણી વાત પર વિશ્વાસ ન બેસતો હોય, ત્યારે જો બાધા લઈએ કે 'ચાલ, હું રાત્રિભોજન ત્યાગની બાધા લઉં છું.' તો એને વિશ્વાસ બેસે કે 'આ હવે રાત્રિભોજન ત્યાગ કરશે જ.'

આમ બાધા એ પ્રતીતિને ઉત્પન્ન કરનાર છે, માટે તે પ્રાતીતિક કહેવાય. આવું બીજું પણ વિચારી લેવું.)

અહીં પ્રાતીતિક શબ્દમાં अपि શબ્દ લેવાનો છે, ગાથામાં એનો સાક્ષાત્ નિર્દેશ નથી, પણ લુપ્ત તરીકે જ એનો નિર્દેશ કરેલો છે, તેથી એનો અર્થ તો લેવાનો જ. એટલે આ પ્રમાણે અર્થ થશે કે- શપથાદિ વડે પણ ગુરુને પ્રસન્ન કરવા.

---

1. पुरुषजातेऽपि तथा विनीतविनये नास्त्यभियोगः । शेषे त्वभियोगो जनपदजाते यथाऽश्वे ।।१।।

(સહજ રીતે પ્રસન્ન ન થાય, તો છેલ્લે બાધાદિ વડે પણ પ્રસન્ન કરવા)

કહેવાનો ભાવાર્થ એ છે કે– 'ગુરુનો કોપ અબોધિ, આશાતના, તેના દ્વારા મુક્તિનો અભાવ વગેરેનું કારણ છે.'

આવા પ્રકારના ગુરુકોપને વિશેષથી ગણતો = ખુબ મહત્ત્વ આપતો શિષ્ય ગમે તે ગતિથી = ઉપાયથી ગુરુની પ્રસન્નતાને જ ઉત્પન્ન કરે. (એટલે કે ગુરુને ખુશ કરવા મોટી બાધા લેવી પડે, તો પણ લે...)

---

सर्वमपि वा प्रतीत्युत्पादकं वचः प्रातीतिकं तेन प्रसादयेत्, यद्वा 'पत्तिएणं'ति *प्रीत्या* साम्नैव, न भेददण्डाद्युपदर्शनेन, एतदेवाह- 'विध्यापयेत्' कथञ्चिदुदीरितकोपानलानप्युपशमयेत्, प्रकर्षेण-अन्तःप्रीत्यात्मकेन कृतो-विहितोऽञ्जलिः-उभयकरमीलनात्मकोऽनेनेति प्रकृताञ्जलिः, प्राकृतत्वाच्च कृतशब्दस्य परनिपातः, प्रकृष्टं वा-भावान्विततयाऽञ्जलिपुटमस्येति प्राञ्जलिपुटः,

---

(प्रातीतिकं ની એક વ્યાખ્યા કર્યા બાદ હવે બીજી વ્યાખ્યા કરે છે.)

वा = અથવા તો ગુરુને વિશ્વાસ ઉત્પન્ન કરનાર તમામે તમામ વચન એ જ પ્રાતીતિક ! એ વચનો વડે ગુરુને પ્રસન્ન કરે.

यद्वा (प्रातीतिक નો ત્રીજો અર્થ કરે છે.)

અથવા पत्तिएण = પ્રીતિથી = સામનીતિથી જ = શાંતિથી જ ગુરુને પ્રસન્ન કરે. ભેદ, દંડ વગેરે દેખાડીને, એના દ્વારા ગુરુને પ્રસન્ન ન કરે. ('જો તમે શાંત નહિ થાઓ, તો હું બીજા પાસે જતો રહીશ.' આ ભેદ-ઉપદર્શન ! 'તમે શાંત નહિ થાઓ, તો હું આત્મહત્યા કરીશ... ઉપાવસ કરીશ...' આ દંડ-ઉપદર્શન...)

આ જ વાત કહે છે (સામનીતિથી = પ્રીતિથી ગુરુને ખુશ કરવા' એ જ વાત...)

विध्यापयेत् = કોઈક કારણસર જેમનો ક્રોધ રૂપી અગ્નિ પ્રજ્વલિત થયેલો છે, એવા એ પ્રગટેલા કોપાગ્નિવાળા એવા પણ ગુરુને ઉપશાંત કરે.

**પ્રશ્ન** : કેવી રીતે કરે ?

ઉત્તર : प्र = અંતરની પ્રીતિરૂપ પ્રકર્ષ વડે

कृतः = કરાયેલી છે.

अञ्जलिः = બે હાથને ભેગા કરવા રૂપ અંજલિ

જેના વડે તે **પ્રકૃતાંજલિ**

પ્રાકૃત હોવાથી કૃત શબ્દનો ગાથામાં સમાસમાં છેલ્લે નિપાત થયો છે.

અથવા ભાવથી યુક્ત હોવાથી પ્રકૃષ્ટ છે અંજલિપુટ જેનું તે પ્રાંજલિપુટ ! આ પ્રમાણે બે હાથ જોડવા પૂર્વક ગુરુને ઉપશાંત કરે.

---

वृत्ति :- इत्थं कायिकं मानसं च विध्यापनोपायमभिधाय वाचिकं वक्तुमाह- 'वदेत्' ब्रूयात् न पुनरिति, चशब्दो भिन्नक्रमः, वदेदित्यस्यानन्तरं द्रष्टव्यः, ततोऽयमर्थः-कथञ्चित् कृतकोपानपि गुरुन् विध्यापयन् वदेत् यथा-भगवन्! प्रमादाचरितमिदं मम क्षमितव्यं, न पुनरित्थमाचरिष्यामीति सूत्रार्थः ॥४१॥

---

આ પ્રમાણે વિધ્યાપનનો = ગુરુના કોપની શાંતિનો કાયિક અને માનસિક ઉપાય બતાવીને હવે વાચિક ઉપાય કહેવાને માટે કહે છે. (હાથ જોડવા એ કાયિક, અને ભાવાન્વિતતા વડે માનસિક...)

શિષ્ય ગુસ્સે થયેલા ગુરુને કહે કે– ફરીથી આ ભૂલ = અપરાધ નહિ થાય.

च શબ્દ ભિન્નક્રમવાળો છે, અને એ वदेत् શબ્દની પછી તરત જોડવો. તેથી આ અર્થ થશે.

કોઈક પ્રકારે = કોઈક કારણસર કોપ કરી ચૂકેલા એવા પણ ગુરુને શાંત કરતો શિષ્ય બોલે કે– "ભગવન ! મારા આ પ્રમાદ–આચરણની ક્ષમા આપો... હું ફરી આ પ્રમાણે નહિ આચરું."

(च ને वदेत् પછી જોડવાનું કહ્યું છે, એટલે વાક્ય આ પ્રમાણે બનશે કે– प्राञ्जलिपुटः विध्यापयेत् वदेच्च = ઉપશાંત કરે અને બોલે...

છતાં ટીકાકારે છેલ્લે विध्यापयन् वदेत् લખ્યું છે એ એટલા માટે કે પહેલા વિધ્યાપન કરે અને પછી બોલે. એમ નથી બનતું પણ વિધ્યાપન કરતો કરતો જ બોલે, એટલે કે બોલવા દ્વારા જ વિધ્યાપન કરે, એટલે આ સાર બતાવવા ટીકાકારે એ રીતે લખ્યું.)

---

अवतरणिका :- साम्प्रतं यथा निरपवादतयाऽऽचार्यकोप एव न स्यात् तथाऽऽह -

---

અવતરણિકા :- જે રીતે કરવાથી નિરપવાદરૂપે આચાર્યને કોપ જ ન થાય, (એટલે કે એકાદવાર પણ આચાર્યને કોપ ન થાય,) તે રીતે હવે દર્શાવે છે. (એવી રીતે દર્શાવે છે કે જે રીતે આચાર્ય એકાંતે શાંત જ રહે...)

---

**।।मू. गा. ४२।। धम्मज्जियं च ववहारं, बुद्धेहाऽऽरियं सया ।**
**तमायरंतो ववहारं, गरहं नाभिगच्छइ ।।४२।। (सूत्रम्)**

व्याख्या - धर्मेण-क्षान्त्यादिरूपेणार्जितम्-उपार्जितं धर्मार्जितं, न हि क्षान्त्यादिधर्मविरहित इमं प्राप्नोतीति, 'चः' पूरणे, विविधं विधिवद्वाऽवहरणमनेकार्थत्वादाचरणं व्यवहारस्तं-यतिकर्तव्यतारूपं, 'बुद्धैः' अवगततत्त्वैः आचरितं, 'सदा' सर्वकालं, 'तं'मिति सदावस्थिततया प्रतीतमेव 'आचरन्' व्यवहरन्,

---

ગાથાર્થ : ધર્મથી અર્જિત, સદા બુદ્ધો વડે આચરિત, વ્યવહાર એવા તે વ્યવહારને આચરતો ગર્હાને ન પામે. (અથવા ધર્મથી અર્જિત, સદા બુદ્ધાચરિત જે વ્યવહાર છે, તે વ્યવહારને આચરતો... અથવા ધર્મયુક્ત જીતવ્યવહારને... શેષ પૂર્વવત્)

ટીકાર્થ : ધર્મથી ભેગા કરાયેલા, બુદ્ધો વડે સદા આચરાયેલા, વ્યવહારસ્વરૂપ તે વ્યવહારને આચરતો સાધુ ગર્હાને પામતો નથી.

(અહીં વ્યવહાર એ વિશેષ્ય છે. એના ચાર વિશેષણો છે : (૧) ધર્માર્જિત, (૨) બુદ્ધાચરિત, (૩) तं (૪) વ્યવહાર. એમાં વિશેષ્ય = વ્યવહાર એટલે સાધુઓના આચાર = યતિકર્તવ્યતા...

હવે આપણે ક્રમશઃ બધો અર્થ જોઈએ.)

ધર્માર્જિત - ક્ષમા વગેરે ધર્મો વડે એકઠો કરાયેલો વ્યવહાર એ ધર્માર્જિત ! ખરેખર ક્ષમા વગેરે ધર્મો વિનાનો સાધુ આ વ્યવહારને = સાધુ–આચારને પામી ન શકે. (માટે આ વિશેષણ મૂકેલ છે.)

च પૂરણમાં છે.

વ્યવહાર - वि = વિવિધ પ્રકારનું અથવા તો વિધિવાળું એવું अवहरण = આચરણ એ વ્યવહાર ! ધાતુઓ અનેક અર્થવાળા હોય છે. તેથી અવહરણનો અર્થ આચરણ પણ થઈ શકે. (વ્યવહારનો આ વ્યુત્પત્તિ-અર્થ બતાવ્યો... એના રૂઢિ-અર્થ હવે બતાવે છે કે-)

વ્યવહાર = યતિકર્તવ્યતા = સાધ્વાચાર...

(આ શબ્દ વિશેષ્ય છે, ગાથામાં ક્રમ પ્રમાણે આવેલ હોવાથી એનો અર્થ દર્શાવ્યો છે. બાકી ચાર વિશેષણો બાદ એનો અન્વય થશે.)

બુદ્ધાચરિત - આ વ્યવહાર તત્ત્વજ્ઞાતાઓએ સર્વકાળ આચરેલો છે.

तम् = આ વ્યવહાર સદા અવસ્થિત હોવાથી પ્રસિદ્ધ જ છે. (જ્યારે यत् ના પ્રયોગ વિના એકલો तत् નો પ્રયોગ થાય, ત્યારે એ પ્રસિદ્ધ વસ્તુ માટે જ થાય... એવો નિયમ છે. અહીં यत् વિના જ तद् નો પ્રયોગ છે... એટલે એનો અર્થ એ કે આ વ્યવહાર પ્રસિદ્ધ છે, એ પ્રસિદ્ધ શી રીતે ? એનું કારણ અહીં દર્શાવી દીધું.)

(તથા तत् નો પ્રયોગ એટલે तत् સર્વનામનો કોઈપણ વિભક્તિનો પ્રયોગ... यत्-तदोः नित्यसम्बन्धः માં પણ આ સમજી લેવાનું કે બંનેનો નિત્યસંબંધ ખરો, પણ બંનેની વિભક્તિ ૧ થી ૭ માંથી ગમે તે હોય)

આવા વ્યવહારને આચરતો સાધુ...

---

**वृत्ति :- यद्वा-यत्तदोर्नित्याभिसम्बन्धात् सुब्व्यत्ययाच्च धर्मार्जितो बुद्धैराचरितश्च यो व्यवहारस्तमाचरन्-कुर्वन्, विशेषेणापहरति पापकर्मेति व्यवहारस्तं, व्यवहारविशेषणमेतत्, एवं च किमित्याह-'गर्हाम्' अविनीतोऽयमित्येवंविधां निन्दां 'नाभिगच्छति' न प्राप्नोति, यतिरिति गम्यते ।**

---

**અથવા**

यत् + तत् સર્વનામનો નિત્યસંબંધ છે, તેથી (तत् ના પ્રયોગ ઉપરથી यत् નો પ્રયોગ સમજી જ લેવાનો હોય છે, તેથી) અને વિભક્તિનો વ્યત્યય થયેલો છે, તેથી-

ધર્માર્જિત, વ્યવહાર, બુદ્ધો વડે આચરિત.. આ ત્રણેય શબ્દો બીજી વિભક્તિમાં દેખાય છે, પણ એ વિભક્તિના વ્યત્યયથી પહેલીમાં સમજવાના છે.

એટલે આ પ્રમાણે અર્થ થશે કે – धर्मार्जितो, बुद्धैः आचरितश्च यो व्यवहारः (આમાં यत् નું રૂપ પણ આવી ગયું. અને વિભક્તિ વ્યત્યય પણ આવી ગયો.) तं आचरन् (આમાં तत् નો પ્રયોગ આવી ગયો.)

વ્યવહાર શબ્દનું વિશેષણ આ હવેનો વ્યવહાર શબ્દ બને છે, એનો અર્થ કરે છે.

વ્યવહાર = वि = વિશેષથી જે પાપકર્મને अपहरति = હરી લે, તે व्यवहारः ... આ વ્યવહાર શબ્દ પૂર્વના વ્યવહાર શબ્દનું વિશેષણ છે. (પણ એ વિશેષણ વિધેયવાક્યમાં લેવાનું છે.)

**પ્રશ્ન :** આવા પ્રકારનું આચરણ કરતો એ સાધુ શું ફળ પામે ?

**ઉત્તર :** 'આ અવિનયી છે' એવા પ્રકારની નિંદાને ન પામે.

यतिः શબ્દ લખ્યો નથી, એ સમજી લેવાનો છે.

(આમાં પહેલા અર્થ પ્રમાણે બે વ્યવહાર શબ્દો વિશેષણ-વિશેષ્ય રૂપે છે, પણ બીજા અર્થ પ્રમાણે એવું ખરેખર ન બને.

તે આ પ્રમાણે – ધર્માર્જિત, બુદ્ધ–આચરિત જે વ્યવહાર છે, તે વ્યવહારને આચરતો... આમાં બંને જગ્યાએ એક જ વ્યવહાર આવશે.

છતાંય વૃત્તિકારે એ રીતે ખુલાસો કરેલો નથી, એટલે તેઓશ્રી આ પ્રમાણે અર્થ કરતા હશે કે ધર્માર્જિત, બુદ્ધ–આચરિત જે વ્યવહાર છે, વ્યવહાર = પાપકર્મ–હરનાર એવા તેને (= વ્યવહારને) આચરતો... એટલે બંને અર્થમાં બે શબ્દો વિશેષણ–વિશેષ્ય જ બની રહે.)

---

वृत्ति :- यद्वा-आचार्यविनयमनेनाह, तत्र धर्मादनपेतो धर्म्यो-न धर्मातिक्रान्तः, 'जियं च ववहारं'ति प्राकृतत्वाच्चस्य भिन्नक्रमत्वाज्जीतव्यवहारश्च, अनेन चागमादिव्यवहारव्यवच्छेदमाह, अत एव 'बुद्धैः' आचार्यैराचरितः सदा-सर्वकालं त्रिकालविषयत्वात् जीतव्यवहारस्य,

---

અથવા

આ ગાથાસૂત્ર વડે 'આચાર્યે કયો વિનય કરવાનો છે ?' એ આચાર્યવિનયને દર્શાવે છે.

तत्र = તેમાં = આચાર્ય વિનય દર્શાવવો છે, તેમાં (આ પ્રમાણે અર્થ લેવો.)

धम्मजियं च व्यवहारं

धम्म = ધર્મ્ય = જે ધર્મથી રહિત ન હોય, ધર્મયુક્ત હોય તે ધર્મ્ય.

હવે जियं च व्यवहारं શબ્દ બાકી રહ્યો.

અહીં પ્રાકૃત હોવાથી जियं = जिय શબ્દ લેવો. અને च ભિન્નક્રમવાળો હોવાથી व्यवहार શબ્દ પછી જોડવો.

એટલે धर्म्यः जीतव्यवहारश्च આ રીતે શબ્દ બનશે.

અહીં જીત વ્યવહાર લીધો, એટલે આ પાદ વડે આગમાદિ વ્યવહારના વ્યવચ્છેદને દર્શાવ્યો. આ ધર્મ્ય એવો જીત વ્યવહાર છે, તેથી જ (अत एव)

આચાર્યો વડે સદા = સર્વકાળ આચરાયેલ છે...

જીતવ્યવહાર ભૂત–ભાવી–વર્તમાન ત્રણેય કાળમાં હોવાથી એ સદાકાળ આચાર્યો વડે આચરિત કહી શકાય છે.

---

वृत्ति :- य एवंविधो व्यवहारस्तं व्यवहारं-प्रमादात् स्खलितादौ प्रायश्चित्तदानरूपमाचरन् 'गर्हां' दण्डरुचिरयं निर्घृणो वेत्येवंरूपां जुगुप्सां नाभिगच्छति, आचार्य इति शेषः, न चायं निजक उपकारी वा मम विनेय इति न दण्डनीय इति ज्ञापनार्थं च धर्म्यजीतविशेषणं, पठन्ति च-'तमायरंतो मेहावि'त्ति सुगममेवेति सूत्रार्थः ।।४२।।

---

જે આવા પ્રકારનો વ્યવહાર છે, તે વ્યવહારને આચરતા આચાર્ય...

**પ્રશ્ન :** આવા જીતવ્યવહારનું સ્વરૂપ તો દર્શાવો ?

**ઉત્તર :** પ્રમાદથી સ્ખલના વગેરે થાય, ત્યારે પ્રાયશ્ચિત્તનું દાન આપવું એ રૂપ જીતવ્યવહાર !

(આ વ્યવહાર આચાર્ય જ આચરે, કેમકે પ્રાયશ્ચિત્તનું પ્રદાન એ જ કરે...)

આ આચાર્ય – 'આ તો દંડ કરવામાં જ રૂચિવાળા છે...' અથવા 'નિર્દય છે' એવા પ્રકારની જુગુપ્સાને ન પામે.

(ધર્મ્ય એવો જીત વ્યવહાર એવો છે કે અપરાધી તેનાથી ઉદ્વિગ્ન ન થાય, એટલે એના આધારે જો પ્રાયશ્ચિત્ત અપાય તો આચાર્યની ઉપર મુજબની નિંદા ન થાય.)

આમાં आचार्यः શબ્દ શેષ તરીકે લઈ લેવો.

**પ્રશ્ન :** ધર્મ્ય એ જીતનું વિશેષણ શા માટે મૂક્યું ?

**ઉત્તર :** 'આ મારો સ્વજન છે.' કે 'આ ઉપકારી છે' કે 'આ મારો શિષ્ય છે.' 'માટે એને દંડ ન કરાય' આવું નથી. કોઈપણ હોય, એને યોગ્ય દંડ કરવો જ જોઈએ. આ પદાર્થ જણાવવા માટે **ધર્મ્ય** એ જીતનું વિશેષણ મૂકેલ છે.

(જો સ્વજનાદિને પ્રાયશ્ચિત્ત ન આવે, બીજાને આપે... તો એ **અધર્મ્ય** જીત બને. પણ બધાને યથાયોગ્ય રીતે આપે, તો એ **ધર્મ્ય** જીત બને.)

આમાં પાઠાંતર આ પ્રમાણે છે કે 'तमायरंतो मेहावि' એ તો સુગમ જ છે. (મેધાવી = બુદ્ધિમાન, મર્યાદાવાન).

---

**अवतरणिका :- किं बहुना ? -**

---

અવતરણિકા :- વધારે કહેવા વડે શું ?

---

**॥મૂ. ગા. ૪૩॥ मणोगयं वक्कगयं, जाणित्ताऽऽयरियस्स उ ।**
**तं परिगिज्झ वायाए, कम्मुणा उववायए ॥४३॥ (सूत्रम्)**

**व्याख्या - मनसि-चेतसि गतं-स्थितं मनोगतं तथा वाक्ये-वचनरचनात्मनि गतं वाक्यगतं, कृत्यमिति शेषः, वाक्यग्रहणं तु पदस्यापरिसमासार्थाभिधायित्वेन क्वचिदप्रयोजकत्वात्, 'ज्ञात्वा' अवबुध्य 'आचार्यस्य' विनयार्हस्य गुरोः तुशब्दः कायगतकृत्यपरिग्रहार्थः,**

---

**ગાથાર્થ :** આચાર્યના મનમાં રહેલા અને વાક્યમાં રહેલા કૃત્યને જાણીને, તેને વાણી વડે સ્વીકારીને, ક્રિયા વડે પૂર્ણ કરે.

**ટીકાર્થ :** આચાર્યના મનમાં રહેલા તથા વાક્યમાં રહેલા કાર્યને જાણીને, તેને વચન વડે ગ્રહણ કરીને ક્રિયા વડે કરે.

આ અન્વય થઈ ગયો. શબ્દાર્થ જોઈએ.

વાક્ય = વચનોની = શબ્દોની રચના સ્વરૂપ વાક્ય...

कृत्य શબ્દ શેષ લેવો, એ ગાથામાં નથી.

**પ્રશ્ન :** 'વાક્ય' કેમ લીધું ? આચાર્યના પદ = એકાદ શબ્દમાં રહેલા કાર્યને પણ પૂરૂં પાડવું જ જોઈએ ને ?

**ઉત્તર :** પદ સંપૂર્ણ અર્થનો વાચક નથી હોતો, તેથી એ પદ કોઈક કાર્યમાં તેને પ્રયોજક = પ્રવૃત્તિ કરાવનાર બની ન શકે. તેથી **પદ** ને બદલે વાક્ય લીધું છે.

(ગુરુ 'પાણી' બોલે, તો ત્યાં તો 'પાણી લાવ' એ વાક્ય સમજાઈ જાય છે, અને તેથી શિષ્ય એ પ્રવૃત્તિ કરે છે. પણ 'ભગવતી વડે...' આટલું પદ બોલે, તો વાક્ય નથી થતું, તો ત્યાં શિષ્ય પ્રવૃત્તિ કરી શકતો નથી. એટલે વાક્યમાં જ કૃત્યનો બોધ થાય, માટે 'વાક્ય' લીધું છે.)

आचार्य = વિનયને યોગ્ય એવા ગુરુ...

**પ્રશ્ન :** મનોગત અને વચનગત કાર્યો લીધા, તો કાયગત પણ લેવું જોઈએ ને ?

ઉત્તર : લીધું જ છે. तु શબ્દ કાયાગત કાર્યોનો પરિગ્રહ કરવા માટે છે... (ગુરુ પાંચ આંગળીઓથી પાત્રીનો આકાર બતાવે, એટલે પાણી લાવવાનું કૃત્ય સૂચવે છે... ઈત્યાદિ)

वृत्ति :- 'तत्' मनोगतादि 'परिगृह्य' अङ्गीकृत्य 'वाचा' वचसा इदमित्थं करोमीत्यात्मकेन 'कर्मणा' क्रियया तन्निर्वर्तनात्मिकया तदुपपादयेत्-विदधीत, पठन्ति च-'मणोरुइं वक्करुइं, जाणित्ता-ऽऽयरियस्स उ'अत्र च मनसि रुचिः-अभिलाषस्तामाचार्यस्य ज्ञात्वा-इदममीषां भगवतामभिमतमित्यवगम्य, वाक्ये रुचिः-पर्यवसितकार्यवाञ्छा तां च, शेषं प्राग्वत्, अनेन सूक्ष्मो विनय उक्त इति सूत्रार्थः ।।४३।।

तं = આ મનોગતાદિ કાર્યને – परिगृह्य = સ્વીકારીને, वायाए = वाचा = 'હું આ પ્રમાણે કરીશ' એ સ્વરૂપ શબ્દ વડે સ્વીકારીને પછી તે કાર્યને કરવા રૂપ ક્રિયા વડે તે કાર્યને કરે = પૂર્ણ કરે.

પાઠાંતર આ પ્રમાણે છે કે मणोरुइं वक्करुइं... આમાં આ અર્થ કરવો.

આચાર્યના મનમાં રહેલી ઈચ્છાને જાણીને = 'આ ભગવંતને આ ઈષ્ટ છે' એમ જાણીને... તથા એમના વાક્યમાં જે અંતિમ કાર્યની ઈચ્છા હોય, તેને જાણીને... એ સિવાય બધુ પૂર્વની જેમ જાણવું.

(પર્યવસિત કાર્ય એટલે 'ગુરુ અંતે જેવા પ્રકારનું કાર્ય ઈચ્છે છે તે' દા. ત. ગુરુ કહે 'મુરબ્બો લાવજો...' આ વાક્યનું સીધું કાર્ય છે – 'મુરબ્બો લાવવો તે.'

પણ ગુરુને પિત્ત થયેલું હોય, એ પિત્તને શમાવવા માટે મુરબ્બો મંગાવતા હોય, તો એમનું પર્યવસિત કાર્ય તો પિત્તશમન છે. શિષ્યને આ ખબર પડે, તો એ મુરબ્બાને બદલે ગુલકંદ-વરિયાળીનો ભુક્કો વગેરે મળે, તો એ પણ લાવે.

પણ જે પર્યવસિત કાર્ય ન જાણે, તે તો મુરબ્બા વિના કશું ન લાવે... પાછો આવીને કહે કે 'મુરબ્બો ન મળ્યો, ગુલકંદાદિ મળતા હતા... એ ન લાવ્યો...)

આ ગાથાસૂત્ર વડે સૂક્ષ્મવિનય કહેવાયો.

(ગુરુના મનના ભાવો જાણીને, એ પ્રમાણે પ્રવૃત્તિ કરવી... એ સૂક્ષ્મવિનય છે.)

अवतरणिका :- स चैवं विनीतविनयतया यादृक् स्यात्तदाह –

અવતરણિકા :- તે શિષ્ય આ પ્રમાણે વિશેષથી વિનયને પામેલો હોવાને લીધે જેવા પ્રકારનો થાય છે, તે કહે છે–

।।मू. गा. ४४।। वित्ते अचोइए निच्चं, खिप्पं हवइ सुचोयए ।
जहोवइट्ठं सुकडं, किच्चाइं कुव्वई सया ।।४४।। (सूत्रम्)

व्याख्या - 'वित्ते' इति विनीतविनयतयैव सकलगुणाश्रयतया प्रतीतः प्रसिद्ध इतियावत्, 'अचोइए'त्ति यथा हि बलवद्विनीतधुर्यः प्रतोदोत्क्षेपमपि न सहते, कुतस्तन्निपतनम् ?, एवमयमप्यचोदित एव प्रतिप्रस्तावं गुरुकृत्येषु प्रवर्तत इति कुतः प्रेरितत्वमस्य ?, 'नित्यं' सदा, न कदाचिदेव,

ગાથાર્થ : પ્રસિદ્ધ સાધુ કાયમ અપ્રેરિત જ છતોં કાર્ય કરે. સારો પ્રેરક હોય, તો ઝડપી કરે. ગુરુના ઉપદેશ પ્રમાણે અને સંપૂર્ણ થાય એ રીતે સદા કાર્યો કરે.

ટીકાર્થ : વિત્ત સાધુ કાયમ માટે અનોદિત = અપ્રેરિત હોય.

પ્રશ્ન : વિત્ત એટલે શું ?

ઉત્તર : વિત્ત એટલે પ્રતીત એટલે કે પ્રસિદ્ધ !

પ્રશ્ન : પ્રસિદ્ધ કેમ બન્યો ?

ઉત્તર : વિનયને વિશેષથી પામેલો છે, તેથી જ એ તમામ ગુણોના આશ્રય તરીકે પ્રસિદ્ધ છે. જેમ – બલવાન એવો અને વિનયીઓમાં અગ્રેસર એવો ઘોડો 'ઘોડેસવાર પોતાને સૂચના આપવા માટે ચાબુક ઉપાડે' એને પણ સહન ન કરી શકે, તો પોતાના ઉપર ચાબુકનો માર પડે એની તો વાત જ શી કરવી ? (અર્થાત્ આ વિનીત અશ્વ ઘોડેસવાર એટલું પણ કષ્ટ આપવામાં પોતાની માનહાનિ સમજે !)

(બલવાન ન હોય, તો કામ કરવાની ઈચ્છા હોવા છતાં કશું ન કરી શકે, તો પછી માર પણ ખાય... માટે બલવદ્ વિશેષણ લીધું છે.)

એમ આ વિશિષ્ટ વિનયવા ો સાધુ પણ ગુરુ પાસેથી કોઈપણ પ્રકારે પ્રેરણા પામ્યા વિના જ દરેક પ્રસંગે ગુરુના કાર્યોમાં પ્રવૃત્તિ કરે.

इति = તેથી વગર પ્રેરણાએ પ્રવૃત્તિ કરતો જ હોય, તો ગુરુ શા માટે એને પ્રેરણા કરે ? ન જ કરે, તો પછી એ પ્રેરિત શી રીતે બને ? ન જ બને.

नित्यं = સદા, 'ક્યારેક જ અપ્રેરિત હોય' એમ નહિ.

---

वृत्ति :- स्वयं प्रवर्तमानोऽपि प्रेरितोऽनुशयवानपि स्यादिति कदाशङ्कापनोदायाह-'क्षिप्रम्' इति शीघ्रं भवति 'सुचोयए' त्ति शोभने प्रेरयितरि, गुराविति गम्यते, सोपस्कारत्वाच्च क्षिप्रमेव प्रेरके सति कृत्येषु वर्त्तते, नानुशयतो विलम्बितमेव, पठ्यते च-'वित्ते अ चोइए खिप्पं, पसन्ने थामवं करे' इति, अत्र च 'प्रसन्नः' प्रसत्तिमान्, नाहमाज्ञापित इत्यप्रसन्नो भवति, किन्तु ममायमनुग्रह इति मन्यते, क्षिप्रमेव च तत्कुरुते, 'थामवं'ति स्थाम-बलं तद्वान्,

---

પ્રશ્ન : આ શિષ્ય સ્વયં ગુરુકાર્યોમાં પ્રવૃત્તિ કરતો હોય, છતાં પણ ગુરુ ક્યારેક એને પ્રેરણા કરી બેસે, તો પ્રેરિત શિષ્ય ત્યારે ગુસ્સાવા ો પણ બને... કેમકે એ વિચારે કે 'હું બધું કરૂં જ છું, તો મને કહેવાની જરૂર શી ? આ તો મારા વિનયનું અવમૂલ્યન છે...' વગેરે.

ઉત્તર : (આ સાધુ અભિમાની નથી, પણ વિશિષ્ટ વિનયી છે, તેથી આવી ખોટી = ખરાબ આશંકા ન કરવી.) આ ખરાબ = આશંકાના નિરાકરણ માટે કહે છે કે- सुचोयए = સારા પ્રેરક ગુરુ હોય = ગુરુ સારી પ્રેરણા કરે ત્યારે સાધુ શીઘ્ર થાય છે.

પ્રશ્ન : 'શીઘ્ર થાય છે' એટલે ?

ઉત્તર : આ વાક્ય ઉપસ્કારવાળુ = પરિષ્કારવાળું = સુધારા-વધારાવાળું છે. તેથી આ અર્થ થશે કે ગુરુ પ્રેરણા કરે. તો એ ઝડપથી કાર્યોમાં પ્રવૃત્તિ કરે. પણ ક્રોધથી મોડી જ પ્રવૃત્તિ કરે... એવું ન બને.

(એ વિચારે કે 'હું વગર પ્રેરણાએ કામ કરૂં જ છું, છતાં ગુરુએ આજે પ્રેરણા કરી છે, એનો મતલબ એ કે આ કામ આજે ઉતાવળે કરવાનું હશે. જલ્દી કરવાનું હશે...' આમ વિચારીને જલ્દી પ્રવૃત્તિ કરે.)

પાઠાંતર આ પ્રમાણે છે – वित्ते अ चोइए खिप्पं पसन्ने थामवं करे

આમાં આ પ્રમાણે અર્થ થશે કે પ્રસિદ્ધ વિનયી સાધુ જ્યારે ગુરુ પ્રેરણા કરે, ત્યારે પ્રસન્ન બને, અને શક્તિવાળો તે સાધુ

ઝડપથી તે કાર્ય કરે.

પ્રસન્ન બને એટલે કે 'ગુરુએ મને આજ્ઞા કરી' એમ વિચારી અપ્રસન્ન ન બને, પરંતુ 'ગુરુએ આજ્ઞા કરી, એ તો મારા ઉપર ઉપકાર કર્યો' એમ માને. અને ઝડપથી કામ કરે.

थामवं = स्थाम = બલ, બલવાળો કાર્ય કરે.

---

वृत्ति :- किमुक्तं भवति ?-सति बले करोति, असति च सद्भावमेवाऽऽख्याति, यथाऽहमनेन कारणेन न शक्नोमीति । क्षिप्रमपि कुर्वन् कदाचिद्विपरीतमर्धविहितं वा विदध्यात् तद्व्यवच्छेदायाह-'यथोपदिष्टम्' उपदिष्टानतिक्रमेण, 'सुकृतं' सुष्ठु परिपूर्णं कृतं यथा भवत्येवं कृत्यानि 'करोति' निर्वर्तयति, सदा सता वा शोभनेन प्रकारेणेति सूत्रार्थः ।।४४।।

---

પ્રશ્ન : એટલે તમે શું કહેવા માંગો  ો ?

ઉત્તર : આ શબ્દથી એવું દર્શાવે છે કે– જો તે કામ કરવાનું પોતાનું બલ હોય, તો કામ કરે.

જો બલ ન હોય, તો સાચી હકીકત જ કહે, (જૂઠ ન બોલે કે બલ વિના પણ કામ કરવાનું ડહાપણ ન કરે.) કે 'હું આ કારણસર આ કાર્ય કરી શકું એમ નથી.'

(આ પાઠાંતરમાં अचोइए પાઠ બરાબર નથી લાગતો, 'अ चोइए' એવું કે પછી वित्ते चोइए એવું હોવું જોઈએ. કેમકે ટીકાકારે अहं आज्ञापित इति न अप्रसन्नो भवति... ઈત્યાદિ જે લખેલું છે, એ એવું દશાવે છે કે એ તો પ્રેરિત બનેલો છે, અપ્રેરિત નથી...)

કોઈક સાધુ ઝડપથી કરે, પણ ક્યારેક ઉંધુ કરે અથવા તો અડધું કરીને મૂકી દે... એવું અહીં નથી, એટલે તેના વ્યવચ્છેદને માટે કહે છે કે–

जहोवइट्ठं = જે પ્રમાણે કહેલું હોય, તે જ પ્રમાણે જે રીતે થાય, તે રીતે કરે. (અર્થાત્ વિપરીત ન કરે.)

सुकयं = સારી રીતે = સંપૂર્ણ કરાયેલું જે રીતે થાય એ રીતે કરે. (અર્થાત્ અપૂર્ણ ન કરે.)

આ રીતે ગુરુના કાર્યોને સદા કરે.

सया = સદા = હંમેશા અથવા सता = સારા પ્રકારે કરે.

---

अवतरणिका :- सम्प्रत्युपसंहर्तुमाह -

---

અવતરણિકા :- હવે ઉપસંહાર કરવા માટે કહે છે -

---

।।मू. गा. ४५।। णच्चा णमइ मेहावी, लोए कित्ती य जायइ ।
किच्चाणं सरणं होई, भूयाणं जगई जहा ।।४५।। (सूत्रम्)

व्याख्या - 'ज्ञात्वा' अनन्तरोक्तमखिलमध्ययनार्थमवगम्य 'नमति' तत्कृत्यकरणं प्रति प्रह्वीभवति 'मेधावी' एतदध्ययनार्थावधारणशक्तिमान् मर्यादावर्ती वा, तद्गुणं वक्तुमाह-लोके कीर्तिः-सुलब्धमस्य जन्म निस्तीर्णरूपो भवोदधिरनेनेत्यादिका श्लाघा चशब्दः-'एकदिग्व्यापिनी कीर्तिः, सर्वदिग्व्यापकं यशः' इति प्रसिद्धेर्यशश्चेति समुच्चिनोति, उभयमपि प्रक्रमात्रन्तुरेव 'जायते' प्रादुर्भवति, स एव भवति 'कृत्यानाम्' उचितानुष्ठानानां कलुषान्तःकरणवृत्तिभिरविनीतविनयैरतिदूरमुत्सादितानां 'शरणम्' आश्रय

इत्यर्थः, ('होइ' भवति) केषां केव ?-'भूतानां' प्राणिनां 'जगती' पृथ्वी यथेति सूत्रार्थः ।।४५।।

ગાથાર્થ : બુદ્ધિમાન (કહેવાયેલા પદાર્થોને) જાણીને નમે છે = ગુરુકાર્યો માટે ઉત્સાહિત બને છે. અને લોકમાં (તેની) કીર્તિ થાય છે. જેમ ધરતી પ્રાણીઓનું શરણ છે, તેમ આ ઉચિત-અનુષ્ઠાનોનું શરણ બને છે.

ટીકાર્થ : ज्ञात्वा = અનન્તર = હમણા કહેવાયેલા તમામ અધ્યયનાર્થને જાણીને

मेधावी = આ અધ્યયનના અર્થોની ધારણા કરવાની શક્તિવાળો અથવા તો મર્યાદાવાળો સાધુ.

नमति = તે અધ્યયનમાં દર્શાવેલા કાર્યોને કરવા પ્રત્યે ઉત્સાહવાળો બને છે,

'આવા સાધુને શું ગુણ = લાભ થાય ?' તેને કહેવાને માટે કહે છે. તેની લોકમાં કીર્તિ થાય છે કે - "આનો જન્મ સુલબ્ધ છે. (આણે જન્મ મેળવ્યો, એ સારો મેળવ્યો, સફળ થયો...) આણે તો સંસાર સમુદ્ર તરી લીધો." આવા બધા પ્રકારની શ્લાઘા = પ્રશંસા એ જ કીર્તિ !

ગાથામાં च શબ્દ છે એ -

જે એક દિશામાં ફેલાયેલી હોય, તે કીર્તિ ! જે તમામ દિશામાં ફેલાયેલો હોય તે યશ !

આ પ્રમાણે પ્રસિદ્ધિ હોવાથી यशश्च એ પ્રમાણે યશનો સંગ્રહ કરે છે. (એટલે આ સાધુને કીર્તિ + યશ બંને પ્રાપ્ત થાય છે.)

આ બંને વસ્તુ કોને પ્રાપ્ત થાય ? એ ગાથામાં નથી લખ્યું, પણ પ્રસ્તાવથી સમજી લેવાનું કે જે ગુરુકાર્ય પ્રત્યે નમે છે = ઉત્સાહિત બને છે, તેને જ આ બધું પ્રાપ્ત થાય છે.

આ જ સાધુ કૃત્યોનું = ઉચિત અનુષ્ઠાનોનું શરણ બને છે, કે જે ઉચિત અનુષ્ઠાનોને મનની ખરાબ વૃત્તિવાળા અને વિનયને નહિ પામેલા = અવિનયીઓએ દૂર ફેંકી દીધા છે. તે કૃત્યોનું આ શરણ બને છે.

(અર્થાત્ બધા સારા કાર્યો આનામાં ભેગા થાય છે.)

પ્રશ્ન : આ સાધુ કોના જેવો ? પેલા કાર્યો કોના જેવા ? અર્થાત્ સાધુ જેમ કાર્યોનું શરણ બને છે, તેમ એવું કોઈક દૃષ્ટાન્ત આપો કે જેમાં કોઈક વસ્તુ સાધુની જેમ કોઈક વસ્તુઓનું શરણ બનતી હોય.

ઉત્તર : જેમ પૃથ્વી પ્રાણીઓનો આધાર = આશ્રય છે... તેમ આ સાધુ સારા કાર્યોનો આધાર છે.

अवतरणिका :- ननु विनयः पूज्यप्रसादनफलः, ततोऽपि च किमवाप्यत इत्याह -

અવતરણિકા :- પ્રશ્ન : વિનયનું ફલ છે પૂજ્યોની = આચાર્યાદિની પ્રસન્નતા ! પણ એ પ્રસન્નતાનું પણ કંઈક ફળ હશે ને ? એ પ્રસન્નતાથી વળી શું મેળવાય છે ? (કે જેના માટે આ વિનય કરાય છે...)

ઉત્તર : એ કહે છે -

।।मू. गा. ४६।। पूज्जा जस्स पसीयंति, संबुद्धा पुव्वसंथुया ।
पसन्ना लंभइस्संति, विउलं अट्ठियं सुयं ।।४६।। (सूत्रम्)

व्याख्या - पूजयितुमर्हाः पूज्या-आचार्यादयः 'यस्य' इति विवक्षितशिष्योपदर्शकं सर्वनाम 'प्रसीदन्ति' तुष्यन्ति 'सम्बुद्धाः' सम्यगवगतवस्तुतत्त्वाः, पूर्वं-वाचनादिकालादारतो न तु वाचनादिकाल

एव, तत्कालविनयस्य कृतप्रतिक्रियारूपत्वेन तथाविधप्रसादाजनकत्वात्, संस्तुता-विनयविषयत्वेन परिचिताः

---

ગાથાર્થ : તત્ત્વજ્ઞાતા, પૂર્વસંસ્તુત પૂજ્યો જેના ઉપર પ્રસન્ન થાય છે, પ્રસન્ન થયેલા પૂજ્યો તેને વિપુલ, આર્થિક = મોક્ષસાધક શ્રુત આપે છે.

ટીકાર્થ : સંબુદ્ધ, પૂર્વસંસ્તુત પૂજ્યો જેના ઉપર પ્રસન્ન થાય છે, તેને પ્રસન્ન પૂજ્યો વિપુલ આર્થિક શ્રુત પમાડશે... આ પ્રમાણે સામાન્યથી અર્થ છે. હવે શબ્દાર્થ જોઈએ.

पूज्याः = પૂજવા માટે જે યોગ્ય હોય તે... એટલે કે આચાર્ય વગેરે.

यस्य = આ સર્વનામ વિવક્ષિત શિષ્યને દર્શાવનાર છે.

प्रसीदन्ति = ખુશ થાય છે.

सम्बुद्धाः = સમ્યક્ રીતે વસ્તુ તત્ત્વને જાણી ચૂકેલા...

पूर्वसंस्तुताः पूर्वं = વાચનાકાળની પહેલા જ संस्तुत = વિનયના વિષય=વિનય તરીકે પરિચિત થયેલા.

(શિષ્યે વાચનાદિની પહેલા પણ એમનો વિનય કરેલો હોય અને એ રીતે એ શિષ્યને પરિચિત થયેલા હોય.)

પ્રશ્ન : આમાં पूर्व શબ્દ શા માટે લીધો ? વાચનાદિ કાળની પહેલા સંસ્તુત શા માટે લીધો ? શું વાચનાદિ કાળે સંસ્તુત થાય, તો ન ચાલે ?

ઉત્તર : ના, વાચનાદિના કાળે જ સંસ્તુત થાય, એ ન ચાલે. અર્થાત્ શિષ્ય વાચનાદિના કાળે જ વિનય કરીને કે ગુણ પ્રશં । કરીને એમને સંસ્તુત કરે... એ અહીં ન લેવું.

કારણ કે વાચનાદિ કાળનો વિનય તો કૃતપ્રતિક્રિયારૂપ બને છે, તેથી તે વિનય આચાર્યને તેવા પ્રકારની પ્રસન્નતા ઉત્પન્ન કરનાર બનતો નથી.

(આચાર્ય વાચના આપે, એ કૃત = ઉપકૃત = ઉપકાર... એના બદલામાં શિષ્ય વિનય કરે, એ પ્રતિક્રિયા = પ્રત્યુપકાર= ઉપકારનો બદલો... આવો વિનય આચાર્યને એવી પ્રસન્નતા ન આપી શકે. પણ વાચનાદિ કાળની પહેલા જ વિનય-પ્રશંસાદિ કરાયેલા હોય, તો આ ઉપકારના બદલા રૂપ નથી, તેથી એમાં આચાર્યને જબરદસ્ત પ્રસન્નતા પ્રાપ્ત થાય...)

---

वृत्ति :- सम्यक्स्तुता वा सद्भूतगुणोत्कीर्तनादिभिः पूर्वसंस्तुताः, शेषविनयोपलक्षणमेतत्, 'प्रसन्ना' इति सप्रसादाः, पठ्यते च- 'सम्पन्नाः' ज्ञानादिगुणपरिपूर्णाः सम्यग्-अविपरीता प्रज्ञा येषां ते सत्प्रज्ञा वा, 'लम्भयिष्यन्ति' प्रापयिष्यन्ति, किमित्याह-'विपुलं'विस्तीर्णम्,

---

અથવા पूर्वं = વાચનાદિ કાળની પહેલા જ सं = सम्यक् स्तुताः સદ્ભૂતગુણોની પ્રશંસાદિ વડે સ્તવાયેલા. (શિષ્યે વાચનાદિ કાળની પહેલા જ એમના સદ્ભૂતગુણોની પ્રશંસા કરી હોય, તો એ પૂર્વસંસ્તુત બને.)

પુવ્વસંથુયા વડે પૂર્વસંસ્તવ રૂપ વિનય બતાવ્યો, આ બાકીના તમામ વિનયોનું ઉપલક્ષણ છે. એટલે કે યથોચિત તમામે તમામ વિનય સમજી જ લેવાના.

प्रसन्नाः = પ્રસાદવાળા = કૃપાવાળા... અહીં પાઠાંતર છે सम्पन्ना, એનો અર્થ જ્ઞાનાદિ ગુણો વડે પરિપૂર્ણ... અથવા सम् = અવિપરીત = સાચી પ્રજ્ઞા જેઓની પાસે છે તે सम्प्रज्ञाः

તેવા તે આચાર્ય વિપુલ, આર્થિક શ્રુત પમાડશે = આપશે. વિપુલ = વિસ્તીર્ણ = પુષ્કળ.

वृत्ति :- अर्यत इत्यर्थो-मोक्षः स प्रयोजनमस्येत्यार्थिकं, तदस्य "प्रयोजन" (पा० ५-१-१०९) मिति ठक्, अथवा- अर्थः स एव प्रयोजनरूपोऽस्यास्तीत्यार्थिकः, अत इनिठना (पा० ५-२-११५) विति ठन्,

---

आर्थिक = જે अर्यते=गम्यते = જણાય છે (=મેળવાય છે) તે અર્થ ! એટલે કે મોક્ષ !

આ અર્થ = મોક્ષ, જેનું પ્રયોજન = ફળ = કાર્ય છે, તેવું શ્રુત તે આર્થિક શ્રુત ! અથવા

અર્થ = તે જ = મોક્ષ જ લેવાનો. એ અર્થ પ્રયોજન રૂપ છે જેને, તે આર્થિક !

(બંનેનો અર્થ એક જ છે, માત્ર વ્યાકરણના અલગ અલગ નિયમ પ્રમાણે સમાસ થોડોક અલગ થયો `

अर्थः प्रयोजनं अस्य इति आर्थिकं

अर्थः प्रयोजनरूपः अस्य अस्ति इति आर्थिकं, આટલો સમાસ ભેદ છે.

स एव જે લખ્યું છે એ તો એ દર્શાવવા માટે કે પહેલી વ્યાખ્યામાં અર્થ એટલે મોક્ષ લીધેલો, બીજી વ્યાખ્યામાં પણ તે જ લેવાનો.)

---

वृत्ति :- 'श्रुतम्' अङ्गोपाङ्गप्रकीर्णकादिभेदमागमं, न तु हरहरिहिरण्यगर्भादिवत् साक्षात् स्वर्गादिकम्, अनेन पूज्यप्रसादस्यानन्तरफलं श्रुतमुक्तं, व्यवहितफलं तु मुक्तिरिति सूत्रार्थः ।।४६।।

---

श्रुतम् = અંગ-ઉપાંગ-પ્રકીર્ણક વગેરે ભેદોવાળું આગમ...

સાર :- પ્રસન્ન આચાર્ય વિપુલ, મોક્ષ સાધક શ્રુતજ્ઞાનને આપશે...

પણ શંકર, કૃષ્ણ, બ્રહ્મા વગેરેની જેમ સીધું સ્વર્ગાદિ નહિ આપે. (અજૈનો એવું માને છે, એટલે એનો નિષેધ કરેલો છે.) अनेन = ચોથાપાદવડે એ બતાવ્યું કે- 'પૂજ્યોની પ્રસન્નતાનું તત્કાલિક ફળ શ્રુતજ્ઞાન છે.

પ્રશ્ન : પરંપરાએ કયું ફળ મળે ? એ બતાવ્યું નથી.

ઉત્તર : વ્યવહિત ફલ = પરંપરાએ મળનારૂં ફળ = શ્રુતજ્ઞાન-સ્વર્ગાદિ વચ્ચેના ફલોના અંતર બાદ = વ્યવધાન બાદ મળનારૂં ફલ છે મોક્ષ !

(ગાથામાં जस्स = यद् પ્રયોગ છે, તેથી तद् નો પ્રયોગ આવવો જોઈએ. મૂળગાથામાં તો નથી જ, પણ વૃત્તિકારે પણ એનો કોઈ ખુલાસો કર્યો નથી. પણ અર્થ વિચારતા એમ લાગે છે કે 'પૂજ્યો તેને = વિવક્ષિત શિષ્યને શ્રુત પમાડશે.' આમ तत् નો પ્રયોગ અધ્યાહારથી પણ લેવો જોઈએ.)

---

अवतरणिका :- सम्प्रति श्रुतावासौ तस्यैहिकफलमाह -

---

અવતરણિકા :- 'શ્રુતની પ્રાપ્તિ થાય, એટલે એ શિષ્યને ઈહલૌકિક ફળ શું મળે ?' એ હવે બતાવે છે. -

---

॥મૂ. ગા. ૪૭॥ स पुज्जसत्थे सुविनीयसंसए, मणोरुई चिट्ठइ कम्मसंपया ।
तवोसमायारीसमाहिसंवुडे, महज्जुई पंच वयाइँ पालिया ॥४७॥ (सूत्रम्)

व्याख्या - 'स' इति शिष्यः प्रसादितगुरोरधिगतश्रुतः पूज्यं-सकलजनश्लाघादिना पूजार्हं शास्त्रमस्येति पूज्यशास्त्रः, विनीतस्य हि शास्त्रं सर्वत्र विशेषेण पूज्यते, यदि वा प्राकृतत्वात्पूज्यः शास्ता गुरुरस्येति

पूज्यशास्तृकः, विनीतो हि विनेयः शास्तारं पूज्यमपि विशेषतः पूजां प्रापयति, अथवा पूज्यश्चासौ शस्तश्च सर्वत्र प्रशंसास्पदत्वेन पूज्यशस्तः,

---

ગાથાર્થ : પૂજનીય શાસ્ત્રવાળો, સારી રીતે દૂર થયેલા સંશયવાળો, ગુરુના મનની પ્રીતિનું પાત્ર બનેલો, સાધ્વાચાર રૂપ કર્મસંપદથી યુક્ત તે રહે છે. તપ, સમાચારી અને સમાધિ વડે કર્મ નિરોધવા ે તે પાંચ મહાવ્રતો પાળીને મોટી–કાંતિવાળો થાય છે.

ટીકાર્થ : स = શિષ્ય, જે શિષ્યે ખુશ કરેલા ગુરુ પાસેથી શ્રુતજ્ઞાન મેળવેલું છે... તે શિષ્ય ! એ શિષ્ય કેવો છે ? એના વિશેષણો દર્શાવે છે.

पुज्जसत्थे = પૂજ્યશાસ્ત્ર = બધા લોકો એ શિષ્યના શાસ્ત્રની = શાસ્ત્રજ્ઞાનની પ્રશંસા વગેરે કરે છે, તેથી એનું શાસ્ત્ર પૂજ્ય = પૂજાને માટે યોગ્ય છે. વિનયીનું શાસ્ત્ર બધે વિશેષથી પૂજાય છે.

यद्विवा પ્રાકૃત હોવાથી सत्थे શબ્દનો અર્થ લેવાનો શાસ્તા... તેથી સમાસ આ થશે – પૂજ્ય છે શાસ્તા = ગુરુ જેને તે પૂજ્યશાસ્તૃક !

પ્રશ્ન : ગુરુ તો પૂજ્ય હોય જ ને ? એમાં કહેવાની જરૂર શી ?

ઉત્તર : વિનયી શિષ્ય પૂજ્ય એવા પણ શાસ્તાને = ગુરુને વિશેષથી પૂજા પ્રાપ્ત કરાવે છે. એટલે વિનયી શિષ્યના કારણે ગુરુ વધુ પૂજ્ય બને છે... એ દર્શાવવા માટે આ શબ્દ લખ્યો છે કે પૂજ્ય છે (શિષ્યના કારણે વધુ પૂજ્ય બન્યા છે) ગુરુ જે શિષ્યના તે... પૂજ્યશાસ્તૃક !

અથવા આ શિષ્ય પૂજ્ય છે, અને બધે જ પ્રશંસાનું સ્થાન બનતો હોવાથી શસ્ત છે. એટલે તે પૂજ્યશસ્ત કહેવાય.

---

वृत्ति :- सुष्ठु–अतिशयेन विनीत – अपनीतः प्रसादितगुरुणैव शास्त्रपरमार्थसमर्पणेन संशयो–दोलायमानमानसात्मकोऽस्येति सुविनीतसंशयः, सुविनीता वा संसत्–परिषदस्येति सुविनीतसंसत्कः, विनीतस्य हि स्वयमतिशयविनीतैव परिषद्भवति, 'मणोरुई'त्ति मनसः–चेतसः प्रस्तावाद् गुरुसम्बन्धिनी रुचिः–प्रतिभासोऽस्मिन्निति मनोरुचिः, 'तिष्ठति' आस्ते, विनयाधिगतशास्त्रो हि न कथञ्चिद्गुरूणाम–प्रीतिहेतुरिति,

---

હવે બીજું વિશેષણ सुविणीयसंसए જોઈએ.

सुविनीतसंशयः = ખુશ કરાયેલ ગુરુ વડે જ શાસ્ત્રના પરમાર્થનું સમર્પણ કરવા દ્વારા જેનો ચંચળ મન રૂપ (= 'આ પદાર્થ આમ હશે કે તેમ ?' ઈત્યાદિ હાલમડોલમ થતા મન રૂપ) સંશય सु = સારી રીતે દૂર કરાયો છે, તેવો શિષ્ય તે सुविनीतसंशय કહેવાય. અથવા–

सुविनीतसंसत्कः અત્યંત વિનયી છે સંસત્ = પર્ષદા = સભા જેની તે सुविनीतसंसत्क ! ખરેખર વિનયીને સ્વયં અતિશય વિનયવાળી એવી જ પર્ષદા મળે. (અર્થાત્ એ પર્ષદાને વિનય શીખવવો ન પડે, એ પહેલેથી જ સ્વયં જ વિનયવાળી હોય.)

ત્રીજું વિશેષણ मणोरुई

અહીં પ્રસ્તાવથી રુચિ ગુરુ સંબંધી લેવાની.

જે શિષ્યને વિશે ગુરુના મનની પ્રીતિ છે, તે મનોરુચિ ! (એટલે કે જે શિષ્ય ગુરુને ગમે છે એ મનોરુચિ)

રુચિ = પ્રતિભાસ = ગમો...

વિનયથી શાસ્ત્રોને ભણેલો શિષ્ય ખરેખર કોઈપણ રીતે ગુરુની અપ્રીતિનું કારણ ન બને. માટે જ એને મનોરુચિ કહ્યો છે. (ગુરુની પ્રીતિનું જ ભાજન બને.)

---

**વૃત્તિ :- तथा 'कम्मसंपय'त्ति कर्म-क्रिया दशविधचक्रवालसामाचारीप्रभृतिरितिकर्तव्यता तस्याः (? तस्य) सम्पत्-सम्पन्नता तया, लक्षणे तृतीया, ततः कर्मसम्पदोपलक्षितस्तिष्ठतीति सम्बन्धः, हेतौ वा तृतीया, मनोरुचित्वापेक्षया च हेतुत्वम्, अथवा मनोरुचितेव मनोरुचिता तिष्ठति-आस्ते कर्मणां-ज्ञानावरणादीनां सम्पद्-उदयोदीरणादिरूपा विभूतिः कर्मसम्पद्, अस्येति गम्यते,**

---

ચોથું વિશેષણ कर्मसंपदा

કર્મ એટલે દશવિધચક્રવાલ સામાચારી વગેરે રૂપ ઈતિકર્તવ્યતા (=સાધુ સમાચારી) રૂપ ક્રિયા, તેની સંપત્ = સંપત્તિ... તેના વડે...

**પ્રશ્ન :** આ વિશેષણ શી રીતે બને ? આ તો ત્રીજી વિભક્તિ છે, વિશેષ્ય પહેલી વિભક્તિમાં છે. બંનેને સરખી વિભક્તિ જોઈએ ને ?

**ઉત્તર :** અહીં ત્રીજી વિભક્તિ 'લક્ષણ' અર્થમાં છે. તેથી આ અર્થ થશે કે- કર્મની સંપત્તિથી ઉપલક્ષિત = યુક્ત... એવો તે રહે. तिष्ठति એ ક્રિયાનો સંબંધ કરવો. અથવા -

कर्मसंपदा ત્રીજી વિભક્તિ હેતુ અર્થમાં છે.

**પ્રશ્ન :** પણ હેતુ અર્થમાં હોય, તો કોનો હેતુ ? એ સ્પષ્ટ થવું જોઈએ ને ?

**ઉત્તર :** મનોરુચિત્વની અપેક્ષાએ કર્મસંપદ્‌ની હેતુતા જાણવી. (આશય એ છે કે- 'કર્મસંપદ્ રૂપ હેતુ વડે સાધુ મનોરુચિવાળો રહે છે.' આ પ્રમાણે અર્થ થશે.

આ સાધુ આચારપાલક છે, તેથી ગુરુના મનની રુચિ એને વિશે હોય જ. ગુરુને એના પ્રત્યે લાગણી હોય જ. એટલે કર્મસંપદ્ રૂપ હેતુને લીધે એ ગુરુના મનની રુચિ = પ્રીતિનું પાત્ર બને છે.)

અથવા -

मनोरुचिता इव = જાણે કે મનને પ્રતિભાસમાન હોય, તેવા પ્રકારની.... तिष्ठति = રહે છે. (કોણ ?)

कर्मसंपद् = कर्म = જ્ઞાનાવરણાદિ. એની संपद् = ઉદય-ઉદીરણા વગેરે રૂપ વિભૂતિ.

अस्य શબ્દ સમજી લેવાનો છે. (આશય એ છે કે આની જ્ઞાનાવરણાદિના ઉદય-ઉદીરણા વગેરે રૂપ સંપત્તિ જાણે કે એના = સાધુના મનને પ્રતિભાસતી હોય, ગમતી હોય... એ પ્રમાણે રહે છે.)

---

**વૃત્તિ :- तदुच्छेदशक्तियुक्ततयाऽस्य प्रतिभासमानतयेव तत्स्थितेरुपलक्ष्यमाणत्वात्, पठ्यते च- 'मणोरुइ'त्ति तत्र मनसो रुचिः-अभिलाषो यस्मिंस्तन्मनोरुचि-स्वप्रतिभासानुरूपं यथा भवत्येवं तिष्ठति, कया ?- 'कर्मसम्पदा' यत्युनुष्ठानमाहात्म्यसमुत्पन्नपुलाकादिलब्धिसम्पत्त्या, पठन्ति च- 'मणोरुइं चिट्ठइ कम्मसंपयं' तत्र च मनोरुचितफलसम्पादकत्वेन मनोरुचितां कर्मसम्पदं-शुभप्रकृतिरूपाम्, अनुभवन्निति शेषः,**

---

**પ્રશ્ન :** આવું કેમ કહો છો ?

ઉત્તર : આ સાધુ કર્મસંપદનો ઉચ્છેદ કરવાની શક્તિથી યુક્ત છે, તેમ છતાં આને હજી એ કર્મસંપદ હાજર છે = ઉદયાદિ ચાલુ છે, એટલે એમ કહી શકાય કે 'કર્મની સ્થિતિ આ સાધુને પ્રતિભાસમાન છે = ગમી રહી છે.'

અર્થાત્ કર્મ સ્થિતિ સાધુને પ્રતિભાસમાન = મનગમતી હોય, તેવી જણાય છે.

(સાધુ કર્મસંપદના ઉચ્છેદની શક્તિવાળો છે, છતાં અમુક કર્મો પોતાનો વિપાક બતાવ્યા કરતા હોય... એટલે એમ કહેવાય કે સાધુ શક્તિ હોવા છતાં કેમ આ કર્મસંપદનો ઉચ્છેદ નથી કરતો ? કદાચ સાધુને એ ગમી ગઈ લાગે છે, એટલે એ એનો ઉચ્છેદ નથી કરતો.

ખરેખર તો સાધુને કર્મસંપદ ગમે જ નહિ, છતાં આવી કલ્પના થઈ શકે છે, માટે જ इव નો અર્થ લીધો છે. જાણે કે સાધુના મનને ગમતી...)

ભાવાર્થ તો એ જ છે કે આ સાધુમાં કર્મનાશની શક્તિ પ્રગટી ગઈ છે.

આવો પાઠાંતર પણ છે **'मणोरुइं'** (આ નપુંસકલિંગ શબ્દ છે...) ત્યાં આ અર્થ થશે,

મનની રુચિ જે ક્રિયામાં જે રીતે થાય, તે રીતે તે રહે છે. (मनोरुइं એ तिष्ठति ધાતુનું ક્રિયાવિશેષણ છે.)

પોતાની રુચિને અનુરૂપ જે રીતે થાય, એ રીતે રહે.

**પ્રશ્ન** : સાધુ માટે એ શક્ય છે ? કે એ પોતાના મનની રુચિ પ્રમાણે રહી શકે ? એ શેના વડે આ રીતે રહી શકે ? (कया)

**ઉત્તર** : **कर्मसम्पदा** વડે આ રીતે રહી શકે. **कर्म** = સાધ્વનુષ્ઠાન. એના માહાત્મ્યથી ઉત્પન્ન થયેલી પુલાકાદિ લબ્ધિની સંપત્તિ વડે સાધુ પોતાની રુચિને અનુરૂપ રહી શકે. (નંદીશ્વરાદિની યાત્રાદિ કરવી... વગેરે.)

બીજો પાઠાંતર આ પ્રમાણે છે :- **मणोरुइं चिट्ठइ कम्मसंपयं** (कम्मसंपयं બીજી વિભક્તિ છે.) આનો અર્થ આ પ્રમાણે થશે. - મનને ગમેલી એવી કર્મસંપદ્‌ને અનુભવતો એ સાધુ રહે. **कर्मसंपद** શુભપ્રકૃતિ રૂપ લેવાની.

अनुभवन् એ શબ્દ શેષ તરીકે લેવાનો...

**પ્રશ્ન** : પણ સાધુને શુભપ્રકૃતિ મનને ગમેલી શી રીતે હોય ?

**ઉત્તર** : શુભપ્રકૃતિ મનોરુચિત (મનને ગમેલી) નથી, છતાં શુભપ્રકૃતિ મનોરુચિત એવા ફલને અપાવનાર છે, તેથી શુભપ્રકૃતિ રૂપ કારણમાં મનોરુચિત ફલનો ઉપચાર કરીને શુભપ્રકૃતિને મનોરુચિત કહી છે.

---

वृत्ति :- नागार्जुनीयास्तु पठन्ति-'मणिच्छियं संपयमुत्तमं गय'त्ति इह च सम्पदं-यथाख्यात-चारित्रसम्पदं, अन्यत् सुगममेव,

---

નાગાર્જુનીયમતવાળાઓ આ પ્રમાણે પાઠ બોલે છે.

मणिच्छियं संपयमुत्तमं गया

અહીં સંપત્તિ = યથાખ્યાતચારિત્ર રૂપી સંપત્તિ.

બાકી બધું સુગમ જ છે. (મનને ઈષ્ટ એવી ઉત્તમ સંપત્તિને = યથાખ્યાત ચારિત્રને પામેલા... ઈત્યાદિ સ્પષ્ટ જ છે.)

---

वृत्ति :- तपसः-अनशनाद्यात्मकस्य सामाचारीति-समाचरणं, यद्वा-तपश्च सामाचारी च-न्यक्षतो वक्ष्यमाणस्वरूपा समाधिश्च-चेतसः स्वास्थ्यं तैः संवृतः-निरुद्धाश्रवः तपःसामाचारीसमाधिसंवृतः,

यद्वा-तपःसामाचारीसमाधिभिः संवृतं-संवरणं यस्य स तथाविधः, महती द्युतिः-तपोदीप्तिस्तेजोलेश्या वाऽस्येति महाद्युतिः, भवतीति गम्यते, किं कृत्वेत्याह- 'पञ्च व्रतानि' प्राणातिपातविरमणादीनि, 'पालयित्वा' निरतिचारं संस्पृश्येति सूत्रार्थः ।।४७।।

---

હવે ઉત્તરાર્ધ જોઈએ.

तवोसमायारीसमाहिसंवुडे

અનશનાદિ રૂપ તપનું સમ્યક્ આચરણ એ તપ-સામાચારી !

અથવા તપ અને સામાચારી. સામાચારીનું સ્વરૂપ આગળ કહેવાશે...

સમાધિ એટલે ચિત્તની સ્વસ્થતા.

આ બધા વડે આશ્રવોને રુંધી ચૂકેલો... તે... તપ, સામાચારી અને સમાધિ વડે આશ્રવના રોધન = અટકાવવાળો...

यद्वा

તપ, સામાચારી અને સમાધિ વડે સંવૃત = સંવરણ = કર્મનિરોધ જેને છે તે...

મોટી તપકાન્તિ જેની પાસે છે, અથવા- મોટી તેજોલેશ્યા જેની પાસે છે તે महाद्युतिः

भवति એ સમજી લેવું.

**પ્રશ્ન** : શું કરીને 'મહાદ્યુતિઃ' થાય છે ?

**ઉત્તર** : પ્રાણાતિપાતનું વિરમણ વગેરે રૂપ પાંચ મહાવ્રતોને નિરતિચાર પાળીને = સ્પર્શીને એ મોટી કાંતિવાળો થાય છે. (સાધુને શ્રુતજ્ઞાનના ઈહલૌકિક ફળો દર્શાવ્યા.)

---

अवतरणिका :- पुनरस्यैवैहिकमामुष्मिकं च फलं विशेषेणाह -

---

અવતરણિકા :- ફરીથી આ વિનયીના જ ઐહિક અને પારલૌકિક ફળને વિશેષથી કહે છે. -

---

**।।मू. गा. ४८।। स देवगंधव्वमणुस्सपूइए, चइत्तु देहं मलपंकपुव्वयं ।**
**सिद्धे वा हवइ सासए, देवे वाऽप्परए महिड्ढिए ।।४८।। त्तिबेमि ।।**

व्याख्या - 'स' तादृग् विनीतविनयः, देवैः-वैमानिकज्योतिष्कैः गन्धर्वैश्च-गन्धर्वनिकायोपलक्षितैर्व्यन्तरभुवनपतिभिः मनुष्यैश्च-महाराजाधिराजप्रभृतिभिः पूजितः-अर्चितो देवगन्धर्वमनुष्यपूजितः, 'त्यक्त्वा' अपहाय 'देहं' शरीरं 'मलपंकपुव्वयं'ति जीवशुद्ध्यपहारितया मलवन्मलः स चासौ '[1]*पावे वज्जे वेरे पंके पणए य*'त्ति वचनात् पङ्कश्च कर्ममलपङ्कः स पूर्वं-कार्यात् प्रथमभावितया कारणमस्येति मलपङ्कपूर्वकं,

---

ગાથાર્થ : દેવ, ગંધર્વ અને મનુષ્યોથી પૂજિત + અલ્પકર્મવાળો + મહર્દ્ધિક એ સાધુ મલ-પંકપૂર્વકના દેહને છોડીને શાશ્વત સિદ્ધ થાય, અથવા અબ્રહ્મરહિત, મહર્દ્ધિક એવો દેવ થાય. (છેલ્લા બે વિશેષણો સાધુ + દેવ બંનેમાં ઘટાવ્યા છે.)

ટીકાર્થ : स = તેવા પ્રકારનો વિનયને વિશેષથી પામેલો સાધુ.

---

1. पापं वज्जं वैरं पङ्कः पनकश्च ।

देव = દેવો = વૈમાનિકો અને જ્યોતિષ્કો.

गन्धर्वो = ગંધર્વનિકાયવાળા દેવો... એ ઉપલક્ષણ છે, એટલે એના દ્વારા સમજી લેવું કે વ્યંતર, ભવનપતિ દેવો...

मनुष्य = મહારાજાધિરાજ (= ચક્રવર્તી) વગેરે...

આ બધા વડે પૂજાયેલો હોય, તે देवगन्धर्वमनुष्यपूजितः

આવો તે સાધુ મલ-પંકપૂર્વકના શરીરને છોડીને શાશ્વત સિદ્ધ થાય અથવા અલ્પરજવાળો = લઘુકર્મી, મોટી ઋદ્ધિવાળો દેવ થાય.

मलपंकपूर्वकं શબ્દનો અર્થ જોઈએ.

એમાં પંક = પાપ = કર્મ.... કારણ કે (૧) પાપ, (૨) અવદ્ય (વર્જ્ય), (૩) વૈર, (૪) પંક, (૫) પનક, કર્મ માટે આ સમાનાર્થી શબ્દો દર્શાવેલા છે. આ વચન પ્રમાણે પંક = પાપ = કર્મ.

હવે આ કર્મ જીવની શુદ્ધિનું અપહરણ કરનાર છે, તેથી તે મળ = મેલ જેવું છે, તેથી તે મલ કહેવાય.

હવે શરીર આ મલરૂપ એવા પંકથી ઉત્પન્ન થાય છે. મલપંક એ કારણ છે, શરીર કાર્ય છે... અને કારણ એ કાર્ય કરતા પહેલા થાય... એટલે મલ-પંક એ શરીરની પૂર્વમાં છે, તેથી શરીર મલપંકપૂર્વક કહેવાય.

---

वृत्ति :- यद्वा-'*माओउयं[1] पिऊसुक्कं*'त्ति वचनात् रक्तशुक्रे एव मलपङ्कौ तत्पूर्वकं, 'सिद्धो वा' निष्ठितार्थो वा 'भवति' जायते 'शाश्वतः' सर्वकालावस्थायी, न तु परपरिकल्पितस्तीर्थनिकारादिकारणतः पुनरिहागमवांनशाश्वतः, सावशेषकर्मवास्तु देवो वा भवति, 'अप्परए'त्ति *अल्प*मिति-अविद्यमानं रतमिति-क्रीडितं मोहनीयकर्मोदयजनितमस्येति अल्परतो-लवससमादिः, अल्परजा वा प्रतनुबध्यमानकर्मा,

---

અથવા माओउयं... એ શાસ્ત્રવચન પ્રમાણે માતાનું લોહી અને પિતાનું શુક્ર એ જ મલ-પંક તરીકે લેવા. શરીર તત્પૂર્વક છે. લોહી-શુક્રથી ઉત્પન્ન થાય છે...

આવા શરીરને છોડીને સર્વકાળ માટે રહેનારો એવો સિદ્ધ થાય છે.

સિદ્ધ એટલે જેના તમામે તમામ કાર્યો પૂર્ણ થયા છે તે !

બીજાઓ કહે છે કે ભગવાન જ્યારે પોતે સ્થાપેલા તીર્થનો = ધર્મનો વિનાશ થતો દેખાય... ત્યારે એવા બધા કારણોસર ફરી અહીં આવે...'

આમ તીર્થવિનાશાદિના કારણથી ફરી અહીં આવનાર એવા જે પરપરિકલ્પિત અશાશ્વત સિદ્ધ છે, તેવો આ સાધુ ન બને. એ શાશ્વત જ બને.

(परपरिकल्पितस्तीर्थ... પાઠ હોય, તો ઉપર પ્રમાણે અર્થ કરવો.

જો परपरिकल्पिततीर्थ... પાઠ હોય તો પરપરિકલ્પિત એવા કારણો... પણ પ્રથમ પાઠ વધુ સંગત થાય છે.)

પ્રશ્ન : સાધુને જો બધાં કર્મો ખતમ થાય, તો સિદ્ધ થાય, પણ થોડાક કર્મ બાકી રહે તો ?

ઉત્તર : થોડાક કર્મો બાકી રહે તો પછી એ દેવ થાય. (वा 'સિદ્ધ' ની અપેક્ષાએ છે.)

---

1. मातुरार्त्तवं पितुः शुक्रम् ।

પ્રશ્ન : કેવો દેવ થાય ?

ઉત્તર : અલ્પરતવાળો થાય.

અલ્પ : અવિદ્યમાન, રત = મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ ક્રીડા (અબ્રહ્માદિ...). જેને આવી ક્રીડા નથી, તેવો દેવ થાય. એટલે કે લવસપ્તમાદિ દેવ થાય. (લવસપ્તમ = સર્વાર્થસિદ્ધવિમાનવાસી).

અથવા अल्परजाः એવો આ સાધુ હોય, જેને પાતળા કર્મો બંધાય છે, તેવો આ સાધુ હોય.

---

वृत्ति :- महती-महाप्रमाणा प्रशस्या वा ऋद्धिः-चक्रवर्तिनमपि योधयेत् इत्यादिका विकरणशक्तिः तृणाग्रादपि हिरण्यकोटिरित्यादिरूपा वा समृद्धिरस्येति महर्द्धिकः, देवविशेषणं वा, 'इतिः' परिसमासावेवमर्थे वा, एतावद्विनयश्रुतमनेन वा प्रकारेण 'ब्रवीमि' इति गणभृदादिगुरूपदेशतः, न तु स्वोत्प्रेक्षया इति ।।४८।।

---

તથા મોટી ઋદ્ધિવાળો થાય. મોટી = મોટા પ્રમાણવાળી અથવા તો પ્રશંસાપાત્ર...

ઋદ્ધિ = ચક્રવર્તીની સાથે પણ લડી શકે... ઈત્યાદિ સ્વરૂપ વિકરણશક્તિ (ચક્રવર્તીને હરાવી દે... તેવા પ્રકારની વૈક્રિયશક્તિવાળો...

योधयेत् ને બદલે बोधयेत् પણ પાઠ છે, એનો અર્થ સ્પષ્ટ જ છે.) અથવા

તણખલાના અગ્રભાગમાંથી પણ કોટિસુવર્ણ પ્રગટ કરવાદિ રૂપ ઋદ્ધિ ! આવી ઋદ્ધિવાળો તે સાધુ હોય. અથવા તો महर्द्धिकः એ શબ્દ 'દેવ'નું વિશેષણ સમજવું. इति (त्ति) શબ્દ સમાપ્તિના અર્થમાં છે. અથવા इति एवं 'આ પ્રમાણે' અર્થમાં છે.

જો સમાપ્તિમાં લો, તો इति = આટલું વિનયશ્રુત છે. (સંપૂર્ણતા બતાવે છે.)

જો एवं માં લો, તો इति = આ પ્રકારથી = આ પ્રમાણે હું કહું છું.

ब्रवीमि = હું ગણધર વગેરે ગુરુના ઉપદેશના આધારે = અનુસારે કહું છું. પણ સ્વ-ઉત્પ્રેક્ષાથી = સ્વમતિ કલ્પનાથી નથી કહેતો.

(ઉત્તરાર્ધમાં अप्परए महिड्ढिए આ જે બે શબ્દો છે એ એકવાર સાધુના વિશેષણ તરીકે લીધા છે. એકવાર દેવના વિશેષણ તરીકે લીધા છે.

સાધુ કેવો ? (૧) અલ્પ બંધાતા કર્મોવાળો = अल्परजाः, (૨) ચક્રવર્તીને મારવાદિની વૈક્રિયશક્તિવા ો = महर्द्धिकः કે તણખલામાંથી કોટિ સુવર્ણ ઉત્પન્ન કરનાર = महर्द्धिकः

દેવ કેવો ? (૧) અલ્પ = અવિદ્યમાન અબ્રહ્મવાળો = अल्परतः, (૨) મહર્દ્ધિક... આમ અર્થ સ્પષ્ટ કરવો.)

આ પ્રમાણે પ્રથમ અધ્યયનની ૪૮ ગાથાઓ ટીકાસહિત પૂર્ણ થઈ.)

---

वृत्ति :- उक्तोऽनुगमः, सम्प्रति चतुर्थमनुयोगद्वारं नया इति, नयति-अनेकांशात्मकं वस्त्वेकांशा-वलम्बनेन प्रतीतिपथमारोपयति नीयते वा तेन तस्मिंस्ततो वा नयनं वा नयः-प्रमाणप्रवृत्त्युत्तरकालभावी परामर्श इत्यर्थः,

---

અનુગમ કહેવાઈ ગયો. (અનુયોગદ્વારનું ત્રીજું દ્વાર કહેવાઈ ગયું.)

હવે ચોથું અનુયોગદ્વાર નયા: એ શરૂ થાય છે.

પહેલા નય શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે.

नयति = દરેક વસ્તુ અનેક-અંશ રૂપ છે, એ વસ્તુને એક-અંશના અવલંબન દ્વારા પ્રતીતિપથમાં આરોપે = જ્ઞાનનો વિષય બનાવે = જણાવે તે નય.

(દા. ત. રામ પુત્ર-પિતા-પતિ-ભાઈ-રાજા... છે, એમાં 'રામ દશરથનો પુત્ર છે' આ વાક્ય રામના પુત્રત્વ રૂપી અંશને પકડીને એ અંશથી બોધ કરાવે છે. આથી એ નયવાક્ય કહેવાય. વક્તાનો એ અભિપ્રાય નય કહેવાય.)

આ કર્તૃસાધન શબ્દ ખોલ્યો. (योऽभिप्रायः नयति... स नयः... આમાં यो... એ કર્તા છે ને...) અથવા

अनेकांशात्मकं वस्तु एकांशावलम्बनेन प्रतीतिपथं नीयते तेन इति नयः

अनेकांशात्मकं वस्तु एकांशावलम्बनेन प्रतीतिपथं नीयते तस्मिन् (सति) इति नयः

अनेकांशात्मकं वस्तु एकांशावलम्बनेन प्रतीतिपथं नीयते तस्मात् इति नयः

આમ ક્રમશઃ કરણસાધન, અધિકરણસાધન, અપાદાનસાધન પણ આ શબ્દ બને.

(બધાનો અર્થ સરખો જ થાય, માત્ર બોલવામાં થોડોક ફરક પડે.

જેના વડે... પ્રતીતિપથમાં વસ્તુ આરોપાય... તે નય.

જે હોતે છતે.... પ્રતીતિપથમાં વસ્તુ આરોપાય... તે નય.

જેના કારણે... પ્રતીતિપથમાં વસ્તુ આરોપાય... તે નય....)

અથવા લઈ જવું તે નયઃ (આ ભાવસાધન શબ્દ બન્યો.)

(હવે રૂઢિ-અર્થ બતાવે છે.)

પ્રમાણની પ્રવૃત્તિની ઉત્તરકાળમાં થનારો બોધ એ નય !

('આત્મા નિત્યાનિત્ય છે' આ જ્ઞાન એ પ્રમાણ !

એ પછી 'આત્મા દ્રવ્યાર્થિકનયથી નિત્ય છે' એ જ્ઞાન થાય, તે નય!

'આત્મા પર્યાયાર્થિકનયથી અનિત્ય છે' એ જ્ઞાન થાય, તે નય !

જો પ્રમાણની પ્રવૃત્તિ થયા વિના આવો બોધ થાય કે- 'આત્મા નિત્ય છે' તો એ દુર્નય બને. કારણ કે આમાં એને અનિત્યતાનો ખ્યાલ ન હોવાથી એનામાં આત્માની અનિત્યતાનું ગર્ભિત રીતે ખંડન પડેલું જ છે.

એમ 'આત્મા અનિત્ય છે' એવો બોધ પણ જો પહેલા થાય, તો દુર્નય સમજવો. એટલે આ વ્યાખ્યા સારી કરી કે- પ્રમાણની પ્રવૃત્તિના ઉત્તરકાળમાં થનારો પરામર્શ એ નય !)

---

वृत्ति :- उक्तं च-

*"स[1] नयइ तेण तहिं वा ततोऽहवा वत्थुणो व जं णयणं ।*
*बहुहा पज्जायाणं संभवओ सो णतो णामं ॥१॥"*

---

1. स नयति तेन तत्र वा ततोऽथवा वस्तुनो वा यन्नयनम् । बहुधा पर्यायाणां संभवतः स नयो नाम ॥१॥

ननु सन्त्वमी नयाः, एषां तु क इहोपयोगः ?, उच्यते, उपक्रमेणोपक्रान्तस्य निक्षेपेण च यथासम्भवं निक्षिप्तस्य अनुगमेनानुगतस्य चास्यैवाध्ययनस्य विचारणा, उक्तं च-

*"संबंधोवक्कमतो समीवमाणीय णत्थणिक्खेवं ।*
*सत्थं तओऽणुगम्मइ णएहि णाणाविहाणेहिं ॥१॥"*

---

નય ના કુલ પાંચ અર્થો કર્યા, તે ગાથામાં પણ કહેલા જ છે. જુઓ...

તે नयति = વસ્તુને જણાવે છે, તેના વડે કે તેમાં (તે હોતે છતેં) કે તેનાથી (વસ્તુ જણાય છે, તેથી) તે નય !

અથવા

વસ્તુનું જે નયન = વસ્તુનું જે જ્ઞાન તે નય !

પર્યાયોનો (નય વગેરે શબ્દોની વ્યુત્પત્તિનો) અનેક પ્રકારે સંભવ છે, (તેથી આ પાંચ રીતે નય શબ્દ બને છે.) તે નય કહેવાય છે.

પ્રશ્ન : નયો છે ખરા, પણ એમનો અહીં શું ઉપયોગ છે ?

ઉત્તર : ઉપક્રમથી ઉપક્રાન્ત, નિક્ષેપથી સંભવ પ્રમાણે (=શક્યતા પ્રમાણે) નિક્ષિપ્ત, અને અનુગમથી અનુગત, આ જ અધ્યયનની વિચારણા એ નયોનો અહીં ઉપયોગ છે.

કહ્યું જ છે કે :– સંબંધ– ઉપક્રમથી શાસ્ત્રને નજીક લાવીને, શાસ્ત્રના નિક્ષેપાઓનો ન્યાસ કરીને, એ ન્યસ્તનિક્ષેપાવાળા શાસ્ત્રનો અનુગમ કરાય છે, પછી અનેકભેદવાળા નયોવડે વિચારાય છે.

---

वृत्ति :- अस्तु नयैर्विचारणा, साऽपि प्रतिसूत्रं समस्ताध्ययनस्य वा ?, न तावत् प्रतिसूत्रं, प्रतिसूत्रं नयावतारनिषेधस्यात्रैवाभिधानात्, अथ समस्ताध्ययनस्य, तदपि न, सूत्रव्यतिरिक्तस्य तस्यासम्भवाद्, उच्यते, यदुक्तं- प्रतिसूत्रं नयावतारनिषेध इति, तदित्थमेव, यत्तु सूत्रव्यतिरिक्तस्याध्ययनस्यैवासम्भव इति, तदसत्, कथञ्चित् समुदायस्य समुदायिभ्योऽन्यत्वात्, शिबिकावाहकपुरुषसमूहवत्,

---

પ્રશ્ન : ચાલો, નયો વડે વિચારણા ભલે થાઓ, પણ બે વિકલ્પ છે. (૧) એ દરેક સૂત્રમાં કરવાની ?, (૨) આખા અધ્યયનની ભેગી જ વિચારણા કરવાની.

(૧) દરેક સૂત્રમાં નયો વડે વિચારણા... એ વિકલ્પ તો શક્ય નથી. કારણ કે આ જ ગ્રન્થમાં કહી ગયા છે કે પ્રત્યેક સૂત્રોમાં નયોનો અવતાર ન કરવો. આમ દરેક સૂત્રમાં નયાવતારનો નિષેધ તો આ ગ્રન્થમાં જ કહ્યો હોવાથી એ પ્રથમ વિકલ્પ તો સ્વીકાર્ય નથી. (૨૮મી નિર્યુક્તિગાથાની વૃત્તિના વર્ણનમાં જુઓ...)

(૨) આખા અધ્યયનની નયો વડે વિચારણા... આ બીજો વિકલ્પ પણ બરાબર નથી. કારણ કે સૂત્રથી અલગ એવા તો સમસ્ત અધ્યયનનો સંભવ જ નથી. એટલે જો આખા અધ્યયનની વિચારણા કરો તો આખા અધ્યયનમાં તમામ સૂત્રો આવી જ ગયા, એથી એ તમામ સૂત્રોની વિચારણા પણ આવી જ ગઈ, તો એ તો પહેલો વિકલ્પ જ થઈ ગયો, અને એનો તો નિષેધ જ છે.

ઉત્તર : તમે જે કહ્યું કે– 'દરેક સૂત્રમાં નયોના અવતારનો = નયો વડે વિચારણાનો નિષેધ છે...' તે વાત તો બરાબર જ છે = એ પ્રમાણે જ છે. પણ તમે જે એ વાત કહી કે– 'સૂત્રથી અલગ અધ્યયનનો જ અસંભવ છે.' એ વાત ખોટી છે.

---

1. संवन्धोपक्रमतः समीपमानीय न्यस्तनिक्षेपम् । शास्त्रं ततोऽनुगम्यते नयैर्नानाविधानैः ॥१॥

અધ્યયન એ સમુદાય છે. પ્રત્યેક સૂત્ર સમુદાયી છે, સમુદાયના અંશ છે. (દા. ત. ૪૮ ગાથાનો સમુદાય એ પ્રથમ અધ્યયન ! પહેલી ગાથા એ સમુદાયી, બીજી ગાથા એ સમુદાયી, ત્રીજી ગાથા એ સમુદાયી...

હવે સમુદાય તો સમુદાયીથી કોઈક અપેક્ષાએ ભિન્ન જ છે. પહેલી ગાથા ૪૮ ગાથાના સમુદાયનો જ એક અંશ છે, સાવ જૂદી નથી, માટે અભિન્ન ! પણ પહેલી ગાથા જ ૪૮ ગાથા સમુદાય ન માની શકાય, માટે પરસ્પર ભિન્ન !

દા. ત. પાલખીને ઉપાડીને લઈ જતા પુરુષોનો સમૂહ, એ ચારેક માણ ોનો સમૂહ એમાંના એકાદ પુરુષથી કથંચિત્ ભિન્ન જ છે.

---

वृत्ति :- इतरथा प्रत्येकावस्थाविलक्षणकार्यानुदयप्रसङ्गाद्

---

પ્રશ્ન : પણ સમુદાય + સમુદાયીને પરસ્પર અભિન્ન જ માની લઈએ તો વાંધો શું ?

ઉત્તર : ઈતરથા = જો એ પ્રમાણે માનીએ તો - પ્રત્યેક અવસ્થામાં જે વિલક્ષણ કાર્ય થાય છે, તેનો ઉદય ન થવાની આપત્તિ આવે. (ધારો કે ચાર પુરુષોનો સમૂહ લઈએ, તો એ સમુદાય-અવસ્થા છે, એ એક-એક પુરુષ એ પ્રત્યેક - અવસ્થા છે. હવે પાલખી ઉપાડવાના જુદા-જુદા ચાર સ્થાનો છે.

.-૧ પુરુષ નં.-૧ સ્થાનને ઉંચકે છે = ઉપાડે છે.

નં.-૨ પુરુષ નં.-૨ સ્થાનને ઉંચકે છે = ઉપાડે છે.

.-૩ પુરુષ નં.-૩ સ્થાનને ઉંચકે છે = ઉપાડે છે.

નં.-૪ પુરુષ નં.-૪ સ્થાનને ઉંચકે છે = ઉપાડે છે.

આ સમુદાય જો પાલખીને ઉપાડે, તો આખી પાલખી ઉપડે. આ સમુદાય-અવસ્થાનું કાર્ય છે.

પણ ધારો કે છેલ્લા ત્રણ પુરુષ ન ઉપાડે તો શું થાય ? નં.-૧ પુરુષથી નં.-૧ સ્થાન ઉંચુ થાય, પણ આખી પાલખી ન ઉપડે. એટલે પ્રત્યેક-અવસ્થામાં સમુદાયાવસ્થા કરતા અલગ પ્રકારનું જ કાર્ય થાય છે. એમ નં.-૨-૩-૪ પુરુષમાં પણ સમજવું. પણ હવે જો સમુદાય + સમુદાયીને એક જ માનો તો નં.-૧ પુરુષ એ ચાર પુરુષનો સમૂહ જ ગણાય...

તો પછી જેમ સમૂહથી આખી પાલખી ઉપડવાનું કાર્ય થાય છે.

તેમ નં.-૧ પુરુષથી પણ આખી પાલખી ઉપડવાનું કાર્ય થવું જ જોઈએ. પણ આવું થતું તો નથી. કાર્ય તો અલગ જ થાય છે. પણ એ પ્રત્યેક અવસ્થામાં થનાર (સમુદાયાવસ્થાના કાર્યથી) અલગ પ્રકારનું કાર્ય ન થવાની આપત્તિ આવે. જે ઈષ્ટ નથી.

માટે સમુદાય અને સમુદાયી કથંચિત્ ભિન્ન માનવા જ જોઈએ. અને એટલે જ સમસ્ત અધ્યયન એ પ્રત્યેક સૂત્રથી ભિન્ન છે, માટે પ્રત્યેકસૂત્રની ભલે નયો વડે વિચારણા ન કરીએ, પણ સમસ્ત અધ્યયનની નયો વડે વિચારણા કરી શકાય છે. અને એ જ કરશું.)

---

वृत्ति :- अस्त्वेवं तथाऽपि किमस्य समस्तनयैर्विचार उत कियद्भिरेव ?, न तावत् समस्तैरिति पक्षः क्षमः, तेषामसङ्ख्यत्वेन तैर्विचारस्य कर्तुमशक्यत्वात्, तथाहि-यावन्तो वचनमार्गास्तावन्त एव नयाः, यथोक्तम्-

*"जावइया[1] वयणपहा तावइया चेव होंति नयवाया ।*
*जावइया नयवाया तावइया चेव परसमया ॥१॥"*

---

1. यावन्तो वचनपथास्तावन्त एव भवन्ति नयवादाः । यावन्तो नयवादास्तावन्त एव परसमयाः ॥१॥

પ્રશ્ન : ભલે એ પ્રમાણે થાઓ. તો પણ હજી બે વિકલ્પ છે. (૧) સમસ્તઅધ્યયનનો શું બધા નયો વડે વિચાર કરશો? કે (૨) સમસ્તઅધ્યયનનો કેટલાક જ નયો વડે વિચાર કરશો ?

એમાં– 'સમસ્ત નયો વડે' એ પહેલો વિકલ્પ તો = પહેલો પક્ષ તો ક્ષમ = યોગ્ય નથી. કેમકે બધા જ નયો લેવાના હોય, તો એ તો અસંખ્ય છે, અને અસંખ્યનયો વડે વિચાર કરવો શક્ય જ નથી.

'નયો અસંખ્ય શી રીતે ?' એવો કોઈને પ્રશ્ન થાય, તો સાંભળો– 'નયો અસંખ્ય છે' તે આ પ્રમાણે (तथा हि)

જેટલા વચનમાર્ગો છે, તેટલા જ નયો છે. શાસ્ત્રમાં આ જ પ્રમાણે કહ્યું છે કે–

– જેટલા વચનમાર્ગો છે, તેટલા જ નયવાદો છે. જેટલા નયવાદો છે, તેટલા જ પરસમયો છે = મિથ્યામતો છે.

(વચન માર્ગ = વાક્ય... અલગ અલગ વિષયોનું નિરૂપણ કરનાર વાક્ય. દા. ત. (૧) જીવ ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારના છે. (૨) ગુણસ્થાનો ચૌદ છે. (૩) પાંચમા આરામાં મોક્ષ ન થાય...

આ બધા વાક્યો એ જ વચનમાર્ગો ! એ જેટલા છે, એટલા જ નયવાદો છે. એ જેટલા છે, એટલા જ મિથ્યામતો છે.

આ બધા વાક્યો એકાંતથી દૂષિત બને, ત્યારે મિથ્યામત બને છે...)

---

वृत्ति :- न च निजनिजाभिप्रायविरचितानां वचनमार्गाणां सङ्ख्याऽस्ति, प्रतिप्राणि भिन्नत्वादभिप्रायाणां, नापि कियद्भिरिति वक्तुं शक्यम्, अनवस्थाप्रसङ्गात्, सङ्ख्यातीतेषु हि तेषु यावदेभिर्विचारणा क्रियते तावदेभिरपि किं नेत्यनवस्थाप्रेरणायां न नैयत्यावस्थापकं हेतुमुत्पश्यामः,

---

હવે પોત-પોતાના અભિપ્રાયોને અનુસારે રચાયેલા વચનમાર્ગોની તો કોઈ સંખ્યા જ નથી. કેમકે અભિપ્રાયો તો દરેક જીવમાં અલગ-અલગ છે. (જીવો અસંખ્ય, તેથી અભિપ્રાયો અસંખ્ય, તેથી વચનમાર્ગો અસંખ્ય, તેથી નયો અસંખ્ય... અને અસંખ્ય નયો વડે સમસ્તાધ્યયનની વિચારણા અશક્ય...)

કેટલાક નયો વડે વિચારણા – એ પ્રમાણે બોલવું પણ શક્ય નથી. કારણ કે એમાં અનવસ્થાનો પ્રસંગ આવે છે.

તે આ પ્રમાણે – જ્યારે નયો અસંખ્ય છે, ત્યારે જ્યાં તમે અમુક જ નયો વડે વિચારણા કરો, ત્યાં તો તરત કોઈ પ્રેરણા કરનાર = ભૂલ કાઢનાર મળી જ જશે કે– 'આ નયો વડે વિચારણા કરો છો, તો આ બીજા પણ નયો વડે કેમ નહિ ?'

આવી જે આપત્તિ આપવામાં આવે, એ જ અનવસ્થાની પ્રેરણા ! આ નયો કે આ નયો ? આ જ કેમ નહિ ? આ જ કેમ ? આમાં કોઈ અવસ્થા = વ્યવસ્થા છે જ નહિ, માટે અનવસ્થા = અવ્યવસ્થા થાય જ.

હવે આવી પ્રેરણા થાય, ત્યારે 'આ જ નયો વડે વિચારણા યોગ્ય છે ? બીજાવડે નહિ જ.' આ પ્રમાણે નૈયત્ય = ચોક્કસતા = નિશ્ચયને સ્થાપી આપે, એવો કોઈ હેતુ = યુક્તિ અમે જોતા નથી.

---

वृत्ति :- अथापि स्याद्-असङ्ख्येयत्वेऽप्येषां सकलनयसङ्ग्राहिभिर्नयैर्विचारः, ननु तेषामप्यनेकविधत्वात् पुनरनवस्थैव, तथाहि-पूर्वविद्भिः सकलनयसङ्ग्राहीणि सप्त नयशतानि विहितानि, यत्प्रतिबद्धं सप्तशतारं नयचक्राध्ययनमासीत्, तत्सङ्ग्राहिणः पुनर्द्वादश विध्यादयो, यत्प्रतिपादकमिदानीमपि नयचक्रमास्ते, तत्सङ्ग्राहिणोऽपि सप्त नैगमादयो, यावत् तत्सङ्ग्रहेऽपि द्वयमेवेति सङ्ग्राहिनयानामपि तेषामनेकविधत्वात् पूर्ववदनवस्थैव,

---

આવો પણ તમે જવાબ આપી શકો (अथापि स्यात्) કે

નયો ભલે અસંખ્ય હોય, તો પણ એ તમામ નયોનો સંગ્રહ કરનારા જે મુખ્ય નયો છે, તેના વડે જ વિચાર કરશું. એટલે

'કયા લેવા ને કયા નહિ ?' એની વ્યવસ્થા આ રીતે થઈ શકશે કે બધા નયોના સંગ્રાહક એવા મુખ્ય નયો લેવાના. મુખ્યનયોના પેટાનયો નહિ લેવાના.

પણ આ જવાબ પણ બરાબર નથી.

કારણ કે એ સંગ્રાહક નયો પણ અનેકપ્રકારના છે, તેથી પાછી અનવસ્થા જ થશે. તે આ પ્રમાણે :

(૧) પૂર્વજ્ઞાતાઓએ તમામનયોનો સંગ્રહ કરનારા ૭૦૦ નયો બતાવ્યા છે = કહ્યા છે, કે જે ૭૦૦ નયોથી પ્રતિબદ્ધ (= ૭૦૦ નયોનું નિરૂપણ કરનાર) **સપ્તશતાર નયચક્ર** નામનું અધ્યયન હતું.

હવે (૨) એ ૭૦૦નો સંગ્રહ કરનાર વળી વિધિ વગેરે બાર નયો છે કે જે બાર નયોનું પ્રતિપાદક દ્વાદશારનયચક્ર અધ્યયન અત્યારે પણ છે.

(૩) એ ૧૨ નયોનો સંગ્રહ કરનારા પણ નૈગમાદિ સાત નયો છે. એમ છેલ્લે (યાવત્)

(૪) એ ૭ નયોના સંગ્રહમાં પણ બે જ નયો છે. એટલે તમે જે કહ્યું કે– 'સંગ્રાહકનયો વડે વિચારણા કરવી.' પણ સંગ્રાહકનયો પણ ૭૦૦–૧૨–૭–૨ એમ અનેકપ્રકારના છે. તેથી એમાંથી કયા સંગ્રાહકનયો વડે વિચારણા કરશો ? ૭૦૦ વડે કરો, તો ૧૨ વડે કેમ નહિ ? ૧૨ વડે કરો, તો ૭૦૦ વડે કેમ નહિ ? આમ પૂર્વની જેમ અનવસ્થા જ થાય છે.

(સંગ્રાહિનયરૂપ એવા પણ તેઓનો = ૭૦૦નો, ૧૨નો, ૭નો, ૨નો...)

---

वृत्ति :- अथ संक्षिसरुचित्वादैदंयुगीनजनानामनेकविधत्वेऽपि सङ्ग्राहिनयानां द्वयेनैव विचारो न शेषैरिति नानवस्था, ननु द्वयमपि द्रव्यपर्यायार्थशब्दव्यवहारनिश्चयज्ञानक्रियादिभेदनानेकधैवेति तत्रापि स एवानवस्थालक्षणो दोष इति, अत्र प्रतिविधीयते-इहाध्ययने विनयो विचार्यते, स च मुक्तिफलः, ततो यदेवास्य मुक्तिप्राप्तिनिबन्धनं रूपं तदेव विचारणीयं, तच्च ज्ञानक्रियात्मकमेवेति ज्ञानक्रियानयाभ्यामेव विचारो न पुनरन्यैरिति ।

---

હવે જો તમે એમ કહો કે– આ યુગના લોકો સંક્ષિપ્તરુચિવાળા છે, (સંક્ષેપમાં જે કહેવાય, એમાં રસ ધરાવનાર છે.) તેથી સંગ્રાહક નયો ભલેને અનેકવિધ હોય, તો પણ બે જ સંગ્રાહક નયો વડે વિચાર કરવાનો. પણ ૭૦૦–૧૨–૭ સંગ્રાહક નયો વડે નહિ...

આમ અનવસ્થા નહિ આવે. (યોગ્ય હેતુ પણ મળી રહે છે...)

તો આ વાત પણ બરાબર નથી. કેમકે બે પણ = દ્વિક પણ– (૧) દ્રવ્ય + પર્યાય, (૨) અર્થ + શબ્દ, (૩) વ્યવહાર + નિશ્ચય, (૪) જ્ઞાન + ક્રિયા... વગેરે ભેદથી અનેક પ્રકારે જ છે.

इति = તેથી આ 'બે જ નયથી વિચારણા કરવી' એ બાબતમાં પણ એ જ અનવસ્થા રૂપ દોષ લાગે છે. (કે કઈ દ્વિક વડે વિચારણા કરવી ? આ દ્વિક વડે કરો, તો બીજી દ્વિક વડે કેમ નહિ...)

(અહીં પ્રશ્ન પૂરો થયો)

अत्र प्रतिविधीयते

**ઉત્તર** : આ અધ્યયનમાં વિનય વિચારાય છે. અને એનું ફળ મોક્ષ છે. તેથી આ વિનયનું મોક્ષની પ્રાપ્તિનું કારણ બનતું જે સ્વરૂપ હોય, તે જ સ્વરૂપ વિચારવું જોઈએ. અને એ તો જ્ઞાનક્રિયાત્મક સ્વરૂપ જ છે. તેથી જ્ઞાનનય અને ક્રિયાનય એ બે વડે જ વિચાર કરવાનો છે. પણ બીજા નયોવડે નહિ.

वृत्ति :- तत्र ज्ञाननय आह- ज्ञानमेव मुक्त्यवासिनिबन्धनं, तथा च तल्लक्षणाभिधायिनी निर्युक्तिगाथा-

*''णायंमि गिण्हियव्वे अगिण्हियव्वंमि चेव अत्थंमि ।*
*जइयव्वमेव इइ जो उवएसो सो णओ नाम ॥१॥''*

अस्याश्चार्थः- 'ज्ञाते' बुद्धे 'गिण्हियव्वि'त्ति गृह्यते-उपादीयते कार्यार्थिभिरिति ग्रहीतव्यः, कार्यसाधक इत्युक्तं भवति, उक्तं हि- ''[1]*गेज्झो सो कज्जसाहतो होइ*' तस्मिन्, अग्रहीतव्यः-तद्विपरीतः, स च हेय उपेक्षणीयश्च, उभयोरपि कार्यासाधकत्वात्, तस्मिंश्च,

---

તેમાં = જ્ઞાન + ક્રિયા આ બે નયમાં જ્ઞાનનય કહે છે કે- જ્ઞાન જ મોક્ષની પ્રાપ્તિનું કારણ છે. અને જ્ઞાનના લક્ષણનું નિરૂપણ કરનારી નિર્યુક્તિ ગાથા આ પ્રમાણે છે.

(નિર્યુક્તિ ગાથાનો ટુંકો અર્થ :) 'ગ્રહણ કરવા યોગ્ય = ઉપાદેય અને નહિ ગ્રહણ કરવા યોગ્ય = હેય અર્થ જણાયે છતેં જ પ્રયત્ન (ઉપાદેયને લેવાનો અને હેયને છોડવાનો) કરવો જોઈએ.' આ પ્રમાણે જે ઉપદેશ તે જ્ઞાનનય છે.

આ નિર્યુક્તિગાથાનો અર્થ આ પ્રમાણે

ज्ञाते = જણાયે છતેં

गिण्हियव्वे = કાર્યની ઈચ્છાવાળાઓ વડે જે ગ્રહણ કરાય, તે ગ્રાહ્ય ! એટલે કે જે વિવક્ષિત તે તે કાર્યનો સાધક પદાર્થ હોય તે. કહ્યું જ છે કે – 'જે કાર્યનો સાધક પદાર્થ હોય તે ગ્રાહ્ય છે.'

अगिण्हियव्वंमि = ગ્રાહ્યથી વિપરીત = કાર્યાર્થી વડે જે ગ્રહણ ન કરાય, એટલે કે જે વિવક્ષિત કાર્યનો સાધક ન હોય તે પદાર્થ. (= અગ્રાહ્ય)

**પ્રશ્ન** : આ અગ્રાહ્ય તરીકે કયા પદાર્થો આવે ?

**ઉત્તર** : અગ્રાહ્ય બે પ્રકારના છે. હેય + ઉપેક્ષણીય.

**પ્રશ્ન** : બંનેને કેમ અગ્રાહ્ય કહ્યા, માત્ર હેય જ અગ્રાહ્ય છે ને ?

**ઉત્તર** : બંનેય કાર્યના અસાધક છે, તેથી બંને અગ્રાહ્ય !

(ઠંડી દૂર કરવાની ઈચ્છાવાળો A.C.નો ઉપયોગ ન કરે, ઉલટું એને બંધ કરે. આમ A.C. હેય છે, અને શીતરક્ષણાત્મક કાર્યનો અસાધક છે. એમ એ જ માણસ તણખલાનો ઉપયોગ ન કરે, પણ એને દૂર કરવાનો ય પ્રયત્ન ન કરે. આમ તણખલું ઉપેક્ષ્ય છે, અને કાર્ય-અસાધક છે... પેલા માણસ માટે બંને અગ્રાહ્ય જ છે.)

---

वृत्ति :- 'चः' समुच्चये, 'एव' इति पूरणे, कस्मिन् पुनर्ग्राह्योऽग्राह्यो वेत्याह-'अत्थंमि'त्ति अर्थ्यत इत्यर्थः तस्मिन्-द्रव्ये गुणे वा, यत आह-''[2]अत्थो दव्वं गुणो वावि'' 'यतितव्य'मिति यत्नः कार्यः, किमुक्तं भवति ?-ग्राह्यः ग्रहीतव्यः इतरश्च परिहर्तव्यः, 'एवः' अवधारणे, स च व्यवहितसम्बन्धः, ततोऽयमर्थः-ज्ञात एव ग्रहीतव्येऽग्रहीतव्ये वाऽर्थे यतितव्यम्, अन्यथा प्रवर्तमानस्य फलविसंवाददर्शनात्,

---

च સમુચ્ચયમાં છે.

---

1. ग्राह्यः स (यः) कार्यसाधको भवति । 2. अर्थो द्रव्यं गुणो वाऽपि ।

एव પૂરણમાં છે.

**પ્રશ્ન** : આ ગ્રાહ્ય કે અગ્રાહ્ય શું ? કઈ વસ્તુ છે ?

ઉત્તર : આ ગ્રાહ્ય કે અગ્રાહ્ય એવો અર્થ બને. જે ઈચ્છાય તે અર્થ. તે વળી દ્રવ્ય કે ગુણ એમ બે પ્રકારનો હોય. કેમકે કહ્યું છે કે–'અર્થ એટલે દ્રવ્ય કે ગુણ.'

यतितव्यम् = યત્ન કરવો.

**પ્રશ્ન** : કહેવાનો ભાવ શું છે ? યત્ન કરવો એટલે શું ? શેનો યત્ન કરવો ?

ઉત્તર : ગ્રાહ્ય પદાર્થો ગ્રહણ કરવા અને અગ્રાહ્ય પદાર્થો ોડી દેવા.

जइयव्वमेव અહીં જે एव છે, તે જ કાર અર્થમાં છે, અને તે વ્યવહિત સંબંધવાળો છે. (णायंमि एव = ज्ञात एव એમ જોડવાનો છે.) તેથી આ અર્થ થશે –

ગ્રાહ્ય અને અગ્રાહ્ય અર્થ જણાઈ જાય, પછી જ ગ્રાહ્યના ગ્રહણમાં અને અગ્રાહ્યના ત્યાગમાં પ્રયત્ન કરવો.

**પ્રશ્ન** : પણ જાણ્યા વિના જ યત્ન કરે તો શું વાંધો ?

ઉત્તર : अन्यथा = જાણ્યા વિના પ્રવૃત્તિ કરવામાં આવે, તો ફલનો વિસંવાદ દેખાય છે.

આશય એ કે જાણ્યા વિના પ્રવૃત્તિ કરનારને ઈષ્ટફળ નથી મળતું, ઉલટું ઉંધુ ફળ મળી જાય છે... આવું સ્પષ્ટ દેખાય છે. માટે ગ્રાહ્યાદિ પદાર્થોને જાણ્યા બાદ જ પ્રવૃત્તિ કરવી.

---

वृत्ति :- तथा चान्यैरप्युच्यते-"*सम्यग्ज्ञानपूर्विका सर्वपुरुषार्थसिद्धि*"रिति, अज्ञानस्यैव च बहुदोषत्वदर्शनात्, यतो बालैरप्युद्घुष्यते-

*"अज्ञानं खलु कष्टं क्रोधादिभ्योऽपि सर्वपापेभ्यः ।*
*अर्थं हितमहितं वा न वेत्ति येनाऽऽवृतो लोकः ॥१॥"*

---

અને આ પદાર્થ માત્ર અમે જ નહિ, જૈનેતરો પણ કહે છે કે– સર્વ પુરુષાર્થોની (ધર્માદિની) સિદ્ધિ સમ્યક્જ્ઞાનપૂર્વક થાય છે. બીજી વાત એ કે (च) 'અજ્ઞાન જ ઘણા દોષોવાળું છે' એ દેખાય છે.

કેમકે બાલ જીવો = મિથ્યાત્વીઓ પણ ઉદ્‌ઘોષણા કરે છે કે– ક્રોધાદિ રૂપ એવા પણ ભયંકર કષાયો કરતા (અથવા ક્રોધાદિ કષાયો કરતા પણ) અજ્ઞાન ખરેખર કષ્ટ છે = વધુ ખરાબ છે = વધુ નુકસાનકારી છે. કે જેનાથી ઢંકાયેલો આ લોક 'હિતકારી પદાર્થ શું ? અહિતકારી પદાર્થ શું ?' એને જાણતો નથી.

મિથ્યાત્વીઓ પણ આવું કહે, એટલે એનાથી અજ્ઞાન ઘણા દોષવાળું જણાઈ જ જાય છે.

(તેથી એ વાત બરાબર જ છે કે ગ્રાહ્ય-અગ્રાહ્યને જાણ્યા બાદ જ ગ્રહણાદિની પ્રવૃત્તિ કરવી.)

(... वाऽर्थे यतितव्यम् આ પ્રતિજ્ઞા વાક્ય છે, એની સિદ્ધિ માટે બે હેતુ આપ્યા, अन्यथा... दर्शनात् । अज्ञानस्यैव च... दर्शनात् ॥)

---

वृत्ति :- आगमोऽप्येवमेवावस्थितः, यतस्तत्र कर्मनिर्जरणाधीना मुक्तिरुक्ता, कर्मनिर्जरणे च ज्ञानमेवाऽऽत्यन्तिको हेतुः, तद्विरहितानां तामलिप्रभृतीनां कष्टानुष्ठायिनामपि अल्पफलत्वाभिधानात्, उक्तं हि-

*"जं [1]अन्नाणी कम्मं खवेइ बहुयाहिं वासकोडीहिं ।*
*तं नाणी तिहिँ गुत्तो खवेइ ऊसासमेत्तेणं ।।१।।"*

પ્રશ્ન : મિથ્યાત્વીઓ ગમે તે કહે, એમની વાત સાચી ન મનાય. આપણે તો આગમની વાતને જ સાચી માની શકીએ.

ઉત્તર : આગમ પણ આ જ પ્રમાણે વ્યવસ્થિત છે. (આગમ પણ અજ્ઞાનને જ મોટું પાપ અને જ્ઞાનને જ મોક્ષનું મુખ્ય કારણ માને છે.

પ્રશ્ન : એવું શેના આધારે કહી શકો કે આગમપાઠ છે ?

ઉત્તર : આગમ પણ આ જ પ્રમાણે માને છે... કારણ કે આગમમાં મોક્ષ કર્મની નિર્જરાને આધીન બતાવ્યો છે, અને કર્મની નિર્જરામાં તો જ્ઞાન જ આત્યન્તિક હેતુ છે. (પૂરેપૂરી કર્મનિર્જરા કરનાર કારણ છે.)

કારણ કે જ્ઞાન વિનાના તામલિ વગેરે કષ્ટાનુષ્ઠાનવાળા હોવા છતાં પણ તેઓને અલ્પફળનું જ કથન કરાયેલું છે. એનાથી નક્કી થાય છે કે નિર્જરા રૂપી ફળ સંપૂર્ણપણે આપનાર જ્ઞાન જ છે. (ऐकान्तिक = ફળ આપે જ..., आत्यन्तिक = ફલ સંપૂર્ણ આપે...)

શાસ્ત્રમાં કહ્યું જ છે કે– અજ્ઞાની ઘણા કરોડો વર્ષો વડે જે કર્મને ખપાવે, ત્રણગુપ્તિથી ગુપ્ત જ્ઞાની એક ઉચ્છ્વાસ માત્ર કાળ વડે તે કર્મને ખપાવે.)

**वृत्ति :- यदपि दर्शनसत्तायां चारित्ररहितस्यापि *'[2]सिज्झंति चरणरहिया दंसणरहिया न सिज्झंति'* इत्यागमेन मुक्तिप्रतिपादनं, तदपि ज्ञानप्राधान्यख्यापनपरं, दर्शनरहितस्य हि द्वादशाङ्गमप्यज्ञानमेवेति न तत्र कष्टक्रियासम्भवेऽपि मुक्तिः, दर्शनोत्पत्तौ तु क्रियां विनाऽपि मरुदेव्यादीनामिव सम्यग्ज्ञानमात्रादेव मुक्त्यवाप्तिरित्यर्थप्रतिपादकत्वादस्य, अत एव बहुश्रुतपूजाध्ययने बहुश्रुतस्यैव तथा तथा पूज्यताभिधानं, तथा च प्रयोगः–यद् येन विना न भवति तत् तन्निबन्धनमेव, यथा बीजाद्यविनाभावी तन्निबन्धन एवाङ्कुरः, ज्ञानाविनाभाविनी च मुक्त्यवाप्तिः,**

तथा सिज्झंति... આ પાઠમાં દર્શાવ્યું છે કે– 'ચારિત્ર વિનાનાઓ સિદ્ધ થાય, પણ દર્શનવિનાનાઓ સિદ્ધ ન થાય.'

હવે આ આગમ વડે દર્શનની હાજરી હોય, તો ચારિત્રરહિતને પણ જે મોક્ષનું પ્રતિપાદન કરાયું છે. તે પ્રતિપાદન પણ જ્ઞાનની પ્રધાનતાને દેખાડનારૂં છે.

કારણ કે આ આગમપાઠ આવા પ્રકારના અર્થનું પ્રતિપાદન કરે છે કે–

સમ્યગ્દર્શનથી રહિત એવી વ્યક્તિનું દ્વાદશાંગનું જ્ઞાન પણ અજ્ઞાન જ છે, એટલે એ અજ્ઞાનની હાજરીમાં ગમે એટલી કષ્ટ ક્રિયાનો સંભવ હોય, તો પણ મોક્ષ ન થાય.

જો સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થઈ જાય. (તો અલ્પ પણ જ્ઞાન સમ્યગ્જ્ઞાન ગણાય અને) તો ક્રિયા ન હોય, તો પણ મરૂદેવી વગેરેને જેમ સમ્યગ્જ્ઞાન માત્રથી જ મોક્ષની પ્રાપ્તિ થઈ, તેમ સમ્યગ્જ્ઞાનમાત્રથી જ મોક્ષની પ્રાપ્તિ (બીજાઓને પણ) થઈ જાય.

આમ પ્રસ્તુત પાઠ આવા અર્થનો પ્રતિપાદક હોવાથી એ પાઠ જ્ઞાનની પ્રધાનતાને જણાવનાર સિદ્ધ થાય છે.

अत एव = 'જ્ઞાનની પ્રધાનતા છે' તેથી જ–

1. यदज्ञानी कर्म क्षपयति बहुकाभिर्वर्षकोटिभिः । तज्ज्ञानी त्रिभिर्गुप्तः क्षपयत्युच्छ्वासमात्रेण ।।१।। 2. सिध्यन्ति चरणरहिता दर्शनरहिता न सिध्यन्ति।

બહુશ્રુતપૂજા અધ્યયનમાં બહુશ્રુતની જ તે તે પ્રકારે પૂજ્યતાનું નિરૂપણ કરેલું છે.

'જ્ઞાન જ મોક્ષનું કારણ છે' એ સાબિત કરવા માટેનો અનુમાનપ્રયોગ આ પ્રમાણે છે. જે જેના વિના ન થાય, તે તન્નિબંધન જ હોય = તજ્જન્ય જ હોય. દા.ત. બીજાદિ વિના ન થનાર અંકુરો બીજાદિજન્ય જ છે.

મોક્ષની પ્રાપ્તિ જ્ઞાન વિના ન થનારી છે, તેથી મોક્ષની પ્રાપ્તિ જ્ઞાનજન્ય જ છે.

---

वृत्ति :- 'इती'त्येवं यः 'उपदेशः' सर्वस्य ज्ञाननिबन्धनत्वाभिधानरूपः, स किमित्याह- 'नय' इति प्रस्तावात् ज्ञाननयः, नामेति वाक्यालङ्कारे, उक्तं हि- *''इति जो'त्ति एवमिह जो उवएसो जाणणाणतो सो त्ति ।'* अयं च ज्ञानदर्शनचारित्रतपउपचारात्मनि पञ्चविधे विनये ज्ञानदर्शनविनयावेवेच्छति, चारित्रतपउपचारविनयांस्तु तत्कार्यत्वात् तदायत्तत्वाच्च गुणभूतानेवेति गाथार्थः ।।

---

(णायंमि... ગાથામાં ઉત્તરાર્ધમાં इति શબ્દ છે, તેનો અર્થ હવે બતાવે છે.)

इति = एवं = ઉપર દર્શાવ્યો એ પ્રમાણે

જે ઉપદેશ = 'મોક્ષાદિ બધા કાર્ય જ્ઞાનજન્ય છે.' એ કથન રૂપ ઉપદેશ તે નય છે=પ્રસ્તાવથી સમજવું કે તે જ્ઞાનનય છે.

નામ શબ્દ વાક્યની શોભામાં છે. આ અંગે શાસ્ત્રપાઠ પણ છે કે-

'इति जो त्ति एवमिह जो उवएसो जाणणाणतो सो'

णायम्मि ગાથામાં ઉત્તરાર્ધમાં જ 'इति जो' છે, તેનો અર્થ છે આ પ્રમાણે અહીં જે ઉપદેશ (કર્યો) તે जाणणा-नय છે= જ્ઞાનનય છે. (આ તો સામાન્યથી જ્ઞાનનયની પ્રધાનતા દર્શાવી, પણ આ નય પ્રસ્તુત વિનય-અધ્યયન માટે શું અભિપ્રાય ધરાવે છે. એ વિચારવાનું છે. કેમકે વિનય-અધ્યયનમાં જ જ્ઞાન + ક્રિયા બે નય વડે વિચારણા કરવાની છે. એટલે જ્ઞાનનય વડે વિનયને વિશે વિચારણા દર્શાવે છે.)

વિનય જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-ઉપચાર રૂપ પાંચ પ્રકારનો છે. એમાં આ ાનનય જ્ઞાનવિનય અને દર્શનવિનયને જ ઈચ્છે છે = માને છે.

ચારિત્ર, તપ અને ઉપચાર વિનય તો જ્ઞાનદર્શનના કાર્યભૂત છે. (જ્ઞાનદર્શન વિનયના કાર્યભૂત છે) તેથી

અને જ્ઞાનદર્શનને આધીન છે. (જ્ઞાનદર્શનવિનયને આધીન છે.) તેથી ગૌણ રૂપે જ સ્વીકારે છે.

(જ્ઞાનવિનય = જ્ઞાન આવે, તો જ ચારિત્રવિનય આવે...

દર્શનવિનય = ચારિત્રવિનયાદિમાં શ્રદ્ધા આવે, તો જ ચારિત્રાદિવિનય આવે...)

(આ અધ્યયન ભણો, એટલે જ્ઞાનવિનય ! એમાં શ્રદ્ધા કરો, એટલે દર્શનવિનય ! તો જ એમાં દર્શાવેલા વિનયોનું પાલન કરવા રૂપ ચારિત્રાદિ વિનય આવે.)

આ પ્રમાણે णायंमि गिण्हियव्वे... આ ગાથાનો જ્ઞાનનયના આધારે અર્થ થઈ ગયો. (જ્ઞાનનયની પ્રરૂપણા પૂર્ણ થઈ.)

---

वृत्ति :- क्रियानयस्त्वाह-

*''सव्वेसिंपि नयाणं बहुविहवत्तव्वयं निसामेत्ता ।*
*तं सव्वणयविसुद्धं जं चरणगुणट्ठिओ साहू ।।१।।''*

---

1. इति य इति-एवमिह य उपदेशो ज्ञाननयः सः ।

'सर्वेषामपी'ति नैगमादिनयोत्तरोत्तरभेदानामविशुद्धानां विशुद्धानां च, किं पुनर्मूलनयानां विशुद्धानामेवेत्य-पिशब्दार्थः, 'नयानाम्' उक्तरूपाणां बहवो विधाः-प्रकारा यस्यां सा बहुविधा तां, 'वक्तव्यतां' सामान्यमेव विशेषा एव उभयनिरपेक्षं चो(वो)भयं, यदिवा द्रव्यं पर्यायाः प्रकृतिः पुरुषो विज्ञानं शून्यमित्यादिस्वस्वाभिप्रायानु-रूपार्थप्रतिपादनपरां निशम्य-आकर्ण्य,

---

क्रियानयस्त्वाह

તમામે તમામ નયોની ઘણા બધા પ્રકારની પ્રરૂપણાને સાંભળ્યા બાદ ચરણ ગુણમાં રહેલો જે સાધુ તે સર્વનયથી વિશુદ્ધ જાણવો. (આ સામાન્યથી ગાથાર્થ જોયો. હવે ટીકામાં એનો સ્પષ્ટ-અર્થ દર્શાવે છે, તે જોઈએ.)

सर्वेषामपि = નૈગમાદિ નયોના ઉત્તર-ઉત્તર જે ભેદો છે, જે અવિશુદ્ધ અને વિશુદ્ધ બંને પ્રકારના છે, તે તમામે તમામ નયોની (=જેનું સ્વરૂપ કહી ગયા છે, તે નયોની)

अपि શબ્દનો અર્થ એ છે કે- 'વિશુદ્ધ જ એવા મૂલનયોની તો શી વાત કરવી ? અર્થાત્ એ તો ખરા જ પણ એના પેટાભેદો, એ પેટાભેદોના પણ પેટાભેદો... એ તમામે તમામ નયોની...

(નૈગમાદિ મૂલનયોમાં શુદ્ધ-અશુદ્ધ ભેદ ન પડે, એના પેટા વિભાગમાં જ શુદ્ધ નૈગમ... અશુદ્ધનૈગમ વગેરે ભેદો પડે...)

આ નયોની ઘણા બધા પ્રકારની વક્તવ્યતાને = પ્રરૂપણાને સાંભળીને...

**પ્રશ્ન** : વક્તવ્યતા બહુવિધ શી રીતે છે ? એ સમજાવશો ?

ઉત્તર : (૧) કોઈક નય કહે છે કે 'સામાન્ય જ છે, વિશેષ નથી.'

(૨) કોઈક નય કહે છે કે 'વિશેષ જ છે, સામાન્ય નથી.'

(૩) કોઈક નય કહે છે કે 'સામાન્ય અને કોઈ વિશેષ બંને છે, પણ બંને પરસ્પર નિરપેક્ષ = સ્વતંત્ર છે.'

અથવા કોઈક નય દ્રવ્યને જ, કોઈક પર્યાયને જ, કોઈક પ્રકૃતિ અને પુરુષને, કોઈક 'બધું જ જ્ઞાનમય છે એમ માને, કોઈક 'બધું જ શૂન્ય છે' એમ માને...

પોત-પોતાના અભિપ્રાયને અનુરૂપ એવા અર્થનું પ્રતિપાદન કરનારી એવી આ અનેક પ્રકારની વક્તવ્યતાઓ તે તે નયોની છે. (સામાન્ય શું ?... ઇત્યાદિ પદાર્થો અન્યગ્રન્થમાંથી જાણી લેવા.)

---

वृत्ति :- किमित्याह-'तदि'ति वक्ष्यमाणं सर्वे निरवशेषास्ते च ते नयाश्च सर्वनयास्तेषां, विशुद्धं-निर्दोषतया सम्मतं, यत् किमित्याह-चर्यत इति चरणं-चारित्रं, गुणः साधनमुपकारकमित्यनर्थान्तरं, ततश्चरणं चासौ गुणश्च निर्वाणात्यन्तोपकारितया चरणगुणस्तस्मिन् स्थितः-तदासेवितया निविष्टः, 'साधु'रिति साधयति पौरुषेयीभिः क्रियाभिरपवर्गमित्यन्वर्थनामतयोच्यते,

---

**પ્રશ્ન** : આ બધી પ્રરૂપણાને સાંભળીને શું કરવાનું ?

ઉત્તર : તમામે તમામ નયોને વિશુદ્ધ = 'આ નિર્દોષ છે' એ રીતે માન્ય તદ્ = તે એટલે જે હમણાં જ કહેવામાં આવશે તે...

**પ્રશ્ન** : એ કઈ વસ્તુ છે ? કે જે તમામ નયોને નિર્દોષ તરીકે માન્ય છે.

ઉત્તર : ચારિત્રગુણમાં સ્થિર રહેલો સાધુ સર્વનયવિશુદ્ધ છે. એમાં चरणगुणट्ठिओ साहु

चरणं = ચારિત્ર

गुण = સાધન = ઉપકારક આ બધા સમાનાર્થી શબ્દો છે.

ચારિત્ર એ મોક્ષને અત્યંત ઉપકારક છે. તેથી ચારિત્ર એ જ ગુણ = ઉપકારક ! આવા ચારિત્રગુણમાં રહેલો સાધુ !

**પ્રશ્ન :** સાધુ એમાં રહે શી રીતે ?

**ઉત્તર :** ચારિત્રગુણનું આચરણ કરે, એટલે એ રીતે એ તેમાં રહેલો કહેવાય.

साधुः = પ્રહર સંબંધી (સૂત્રપોરિસિ આદિ) ક્રિયાઓ વડે જે મોક્ષને સાધે, તે સાધુ ! આમ અન્વર્થ નામવાળો = વ્યુત્પત્તિ-અર્થવાળો સાધુ કહેવો. (માત્ર વેષધારી હોય, વ્યવહારમાં સાધુ કહેવાતો હોય... એ ન લેવો. કેમકે એને બધા નયો માનતા નથી. માત્ર વ્યવહાર નય જ માને છે.) (આ ગાથાનો અર્થ બતાવ્યા બાદ ક્રિયાનયની માન્યતા બતાવે છે.)

---

**वृत्ति :- अस्यायमाशयः-बहुविधायामपि वक्तव्यतायां क्रियात एव फलप्राप्तिः, तथाहि-तृप्त्यर्थी जलादिकमवलोकयन्नपि न यावत् पानादिक्रियायां प्रवृत्तस्तावत्तृप्तिलक्षणफलमवाप्नोति, अत एव सम्यग्ज्ञानमपि तदुपयोगितयैव विचार्यते, तथा च तद्विचारप्रवृत्तैरुक्तम्- *''न ह्याभ्यामर्थं परिच्छिद्य प्रवर्तमानोऽर्थक्रियायां विसंवाद्यत''* इति, आगमोऽप्येवमेवावस्थितः, यतस्तत्रापि क्रियाविकलं विफलमेव ज्ञानम्, उक्तं हि-**

*''जहा[1] खरो चंदणभारवाही, भारस्स भागी न हु चंदणस्स ।*
*एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी न हु सुग्गईए ।।१।।''*

---

ક્રિયાનયનો આ અભિપ્રાય છે કે- -

નયોની ભલે ને ગમે તેટલા પ્રકારની પ્રરૂપણા હોય, તો પણ એ બધામાં આ નિશ્ચિત છે કે 'ક્રિયાથી જ ફળની પ્રાપ્તિ થાય છે.' તે આ પ્રમાણે -

તૃપ્તિની ઈચ્છાવાળો જીવ પાણી વગેરેને જોતો હોય = જ્ઞાનવાળો હોય, તો પણ જ્યાં સુધી પીવા વગેરે રૂપી ક્રિયામાં પ્રવૃત્તિ ન કરે, ત્યાં સુધી તૃપ્તિરૂપી ફળને પામતો નથી.

अत एव = 'જ્ઞાન હોવા છતાં પ્રવૃત્તિ વિના ફળ નથી મળતું' તેથી જ સમ્યગ્જ્ઞાન પણ ક્રિયામાં ઉપયોગી તરીકે જ વિચારાય છે. એટલે કે સમ્યગ્જ્ઞાન તેને જ કહેવાય છે કે જે ક્રિયામાં ઉપયોગી થાય, જે ક્રિયા ન કરાવે, તે જ્ઞાન નકામું જ છે. કેમકે ફળ તો મળતું જ નથી.

જુઓ, સમ્યગ્જ્ઞાનની વિચારણામાં પ્રવર્તેલાઓએ કહ્યું જ છે કે- આ બે વડે (જ્ઞાન + દર્શન વડે અથવા મતિ-શ્રુત વડે) અર્થને જાણીને પ્રવૃત્તિ કરનારો પુરુષ અર્થક્રિયામાં = ફળ પ્રાપ્તિમાં વિસંવાદ પામતો નથી.

(પાણીને જાણીને + શ્રદ્ધા કરીને પાણી-પીવાની પ્રવૃત્તિ કરે, એને તૃપ્તિ રૂપી ફળ મળે જ છે... 'ન મળે' એવું ન બને.)

**પ્રશ્ન :** અમે તો જ્ઞાનની મુખ્યતા માટે આગમપાઠ આપેલા છે, તમે ક્યાં આગમપાઠ દર્શાવ્યો ?

**ઉત્તર :** આગમ પણ આ જ પ્રમાણે વ્યવસ્થિત છે. (આગમ પણ ક્રિયાની જ મુખ્યતા દર્શાવે છે.) કારણ કે આગમમાં પણ ક્રિયા વિનાનું જ્ઞાન નિષ્ફળ જ દર્શાવ્યું છે. કહ્યું છે કે-

---

1. यथा खरश्चन्दनभारवाही भारस्य भागी नैव चन्दनस्य । एवमेव ज्ञानी चरणेन हीनो ज्ञानस्य भागी नैव सद्गतेः ।।१।।

જેમ ચંદનના ભારને વહન કરનારો ગધેડો ભારનો ભાગી થાય છે, પણ ચંદનનો નહિ. એમ ચરિત્રથી રહિત એવો જ્ઞાની જ્ઞાનનો ભાગી થાય છે, પણ સદ્ગતિનો નહિ.

---

वृत्ति :- यदि च ज्ञानमेव मुक्तिसाधनं ज्ञानाविनाभाव्यनुत्तरदर्शनसम्पत्समन्वितानां दशार्हसिंहादीनामपि स्यात्, अथ चाधोगतिगामिन एवैते श्रूयन्ते, यत आह-

*"दसार[1]सीहस्स य सेणियस्स, पेढालपुत्तस्स य सच्चइस्स ।*
*अणुत्तरा दंसणसंपया तया, विणा चरित्तेणऽहरं गइं गया ॥१॥"*

किञ्च-यदि ज्ञानमेव मुक्तिकारणमिष्यते, तदा यदुच्यते-*'विहरति मुहूर्तकालं, देशोनां पूर्वकोटिं च'* इत्येतदपि विरुध्येत, ज्ञानेषु निखिलवस्तुविस्तरपरिच्छेदकरूपतां बिभ्रत् केवलज्ञानमेवोत्तममिति तत्समनन्तरमेव मुक्त्यवाप्तौ कथं विहरणसम्भवः ?,

---

જો જ્ઞાન જ મોક્ષનું સાધન હોત તો તો જ્ઞાનને અવિનાભાવી એવી અનુત્તર દર્શન સંપત્તિથી (=ક્ષાયિક સમ્યક્ત્વરૂપ સંપત્તિથી) યુક્ત એવા કૃષ્ણ, શ્રેણિક વગેરેને પણ તે જ્ઞાન મોક્ષનું સાધન થાત.

(દર્શન છે એટલે ત્યાં જ્ઞાન છે જ, કેમકે દર્શન જ્ઞાન વિના ન હોય. છતાં તેઓને મોક્ષની પ્રાપ્તિ નથી થઈ...)

જ્યારે કૃષ્ણાદિ તો નરકગતિગામી જ સંભળાય છે. કારણ કે કહ્યું છે કે– કૃષ્ણની પાસે, શ્રેણિકની પાસે અને પેઢાલપુત્ર એવા સત્યકિની પાસે અનુત્તર દર્શન સંપત્તિ (= ક્ષાયિક સમ્યક્ત્વ) હતી ત્યારે પણ ચારિત્ર વિના નીચી ગતિમાં ગયા.

વળી, જો જ્ઞાન જ મોક્ષનું સાધન ઈષ્ટ હોય, તો પ્રશમરતિમાં જે કહ્યું છે કે 'કેવલી જઘન્યથી મુહૂર્તકાલ વિચરે, ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડ વર્ષ વિચરે.' આ કથન પણ વિરોધવાળું થાય. કારણ કે–

પાંચ જ્ઞાનોમાં કેવલજ્ઞાન જ ઉત્તમ છે. કારણ કે એ તમામે તમામ વસ્તુઓના વિસ્તારનું પરિચ્છેદક છે, એટલે એ પરિચ્છેદકરૂપતાને ધારણ કરનાર છે.

હવે જો કેવળજ્ઞાન જ ઉત્તમ હોય, તો તો એની પ્રાપ્તિ પછી તરત જ મોક્ષની પ્રાપ્તિ થઈ જ જવી જોઈએ, કારણ કે તમારા મતે તો જ્ઞાન જ મોક્ષકારણ છે અને એ તો ઉત્તમમાં ઉત્તમ કક્ષાનું આવી ગયું છે... અને જો મોક્ષ મળી જ જાય, તો તો પછી મુહૂર્ત કે દેશોનપૂર્વક્રોડ વર્ષ વિચરણનો સંભવ જ શી રીતે થાય ?

(પણ પ્રશમરતિના પાઠમાં વિચરણ દેખાડ્યું છે, તેથી જ્ઞાન જ મોક્ષ સાધન ન મનાય.)

---

वृत्ति :- अतः सत्यपि ज्ञाने शैलेश्यवस्थाऽवाप्तौ सर्वसंवररूपक्रियाऽनन्तरमेव मुक्त्यवाप्तिरिति क्रियाया एव मुक्तिकारणत्वं, प्रयोगश्चात्र-यद् यत्समनन्तरभावि तत् तत्कारणं, यथा पृथिव्यादिसामग्यनन्तरभावी पृथिव्यादिकारणो-ऽङ्कुरः, क्रियाऽनन्तरभाविनी च मुक्तिरिति, अयं च पञ्चविधेऽपि विनये चारित्रतपउपचारविनयानेवेच्छति, ज्ञानदर्शनविनयौ तु तत्कारणत्वाद् गुणभूतावेवेति । आह-एवं सति किं ज्ञानं तत्त्वमस्तु, आहोस्वित् क्रिया ?, उच्यते, परस्परसव्यपेक्षमुभयमिदं मुक्तिकारणं, निरपेक्षं तु न कारणमिति तत्त्वम्,

---

આ કારણથી માનવું જોઈએ કે– જ્ઞાન હોય તો પણ જ્યારે શૈલેશી–અવસ્થાની પ્રાપ્તિ થાય, ત્યારે એ સર્વસંવર રૂપ ક્રિયાની પછી તરત જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી ક્રિયા જ મોક્ષનું કારણ છે. (શૈલેશીમાં કર્મબંધ સંપૂર્ણ બંધ થાય છે, માટે ત્યાં

---

1. दशार्हसिंहस्य च श्रेणिकस्य पेढालपुत्रस्य च सत्यकिनः । अनुत्तरा दर्शनसंपद् तदा विना चारित्रेणाधमां गतिं गताः ॥१॥

સર્વસંવર રૂપ ક્રિયા કહેવાય છે.)

આ વિષયમાં અનુમાન આ છે – જે જેના પછી તરત જ થાય, તે તત્કારણ (तत् कारणं यस्य तत् = तत्कारणं) = તજ્જન્ય હોય. દા. ત. અંકુર પૃથ્વ્યાદિસામગ્રીની પછી તરત જ થાય છે, તેથી અંકુર પૃથ્વ્યાદિથી જન્ય છે. મોક્ષ એ ક્રિયાની પછી તરત જ થનાર છે, માટે મોક્ષ ક્રિયાથી જન્ય છે.

(આ પ્રમાણે સામાન્યથી ક્રિયાનય દર્શાવી દીધો. હવે પ્રસ્તુતમાં વિનય-અધ્યયનમાં ક્રિયાનય વડે વિચારણા કરવાની શરૂ કરે છે.) આ ક્રિયાનય પાંચેય પ્રકારના વિનયમાં ચારિત્ર, તપ, ઉપચાર એ ત્રણ વિનયને જ ઈચ્છે છે.

જ્ઞાન-દર્શન વિનય તો ચારિત્રવિનયાદિના કારણ હોવાથી તેને ગૌણ તરીકે જ ઈચ્છે છે. (આ પ્રમાણે ક્રિયાનયનું પ્રતિપાદન પૂર્ણ થયું.)

**પ્રશ્ન :** एवं सति = બંને નયોની પ્રરૂપણા પોતપોતાની રીતે સાચી છે, એટલે જ અમને શંકા પડે છે કે તત્ત્વ શું છે? = સાચું શું છે ? શું જ્ઞાન તત્ત્વ છે ? કે પછી ક્રિયા તત્ત્વ છે ?

**ઉત્તર :** એકબીજાની વિશેષથી અપેક્ષા રાખનારા એવા આ ઉભય મોક્ષનું કારણ છે. એકબીજાની અપેક્ષા વિનાના જ્ઞાન કે ક્રિયા એકેય કારણ નથી. આ અહીં તત્ત્વ છે = સત્ય છે.

(જ્ઞાનનય ક્રિયાની ગૌણરૂપે અપેક્ષા રાખે, તે ન ચાલે. માટે વિશેષથી અપેક્ષા = વ્યપેક્ષા કહ્યું છે. એમ ક્રિયાનય માટે પણ સમજી લેવું. બંને પરસ્પર પ્રધાન રૂપે અપેક્ષા રાખે, તો જ સત્ય.)

---

वृत्ति :- एतदर्थाभिधायिका चेयमेव गाथा 'सव्वेसिंपि नयाणं' इत्यादि, इह च गुणशब्देन ज्ञानमुच्यते, 'बहुविधवक्तव्यताम्' उक्तरूपां नामादीनां कः कं साधुमिच्छतीत्येवंरूपां वा, निशम्य-श्रुत्वा 'तत् सर्वनयविशुद्धं, तत् सर्वनयसम्मतं यच्चरणगुणस्थितः साधुरिति,

---

આ અર્થનું નિરૂપણ કરનારી ગાથા सव्वेसिंपि... આ જ છે. માત્ર અહીં चरणगुणट्ठिओ માં गुण શબ્દથી જ્ઞાન કહેવું.

बहुविधवक्तव्यतां = સામાન્ય, વિશેષ, દ્રવ્ય, પર્યાય... ઇત્યાદિ જે પૂર્વે જણાવી ગયા, તેવા પ્રકારની બહુવિધવક્તવ્યતા... તેને

અથવા તો નામ, સ્થાપનાદિ ચાર નયોની... 'નામ નય કોને સાધુ માને ? સ્થાપના નય કોને માને ?' એવા પ્રકારની બહુવિધવક્તવ્યતા... તેને निशम्य = સાંભળીને તે વસ્તુ સર્વનયોને સંમત જાણવી કે 'ચારિત્ર + જ્ઞાનમાં રહેલો સાધુ.' આમ આ ગાથાનો જ્ઞાન-ક્રિયા-ઉભયની પ્રધાનતાની અપેક્ષાએ અર્થ કર્યો.

---

वृत्ति :- अयमभिप्रायः-यत्तावद् ज्ञानवादिनोक्तम्-यद् येन विना न भवति तत्तन्निबन्धनमेव, यथा बीजाद्यविनाभावी तन्निबन्धन एवाङ्कुरः, ज्ञानाविनाभाविनी च मुक्तिरिति, अत्राविनाभावित्वमनैकान्तिको हेतुः, तथाहि- यथाऽनेन ज्ञाननिबन्धनत्वं मुक्तेः साध्यते, तथा क्रियानिबन्धनत्वमपि, यथा हि ज्ञानं विना नास्ति मुक्तिरिति ज्ञानाविनाभाविनी एवं क्रियामपि विना नासौ भवतीति तदविनाभावित्वमपि समानमेवेति कथं नोभयनिबन्धनत्वसिद्धिः ?,

---

अयमभिप्रायः (જ્ઞાનવાદ અને ક્રિયાવાદના એકાંતનું ખંડન કરીને અનેકાન્તની સ્થાપના કરે છે.)

જ્ઞાનવાદીએ જે કહેલું હતું કે- જે જેના વિના ન થાય, તે તેનાથી જન્ય જ હોય, દા. ત. અંકુરો બીજાદિ વિના નથી હોતો, તેથી અંકુરો બીજાદિજન્ય જ હોય. મોક્ષ જ્ઞાનને અવિનાભાવી છે. (જ્ઞાન વિના ન થનાર છે.) માટે મોક્ષ જ્ઞાનજન્ય જ છે.

अत्र = આ અનુમાનમાં અવિનાભાવિત્વ હેતુ અનૈકાન્તિક છે = વ્યભિચારી છે.

(अनुमान = मोक्षः ज्ञानजन्यः ज्ञानं विनाऽभवनात् बीजाद्यविनाभावि-अंकुरवत्) તે આ પ્રમાણે –

જેમ આ હેતુ વડે મુક્તિની જ્ઞાનજન્યતા સિદ્ધ કરાય છે, તેમ આ હેતુ વડે મુક્તિની ક્રિયાજન્યતા પણ સિદ્ધ કરાય છે.

(मोक्षः क्रियाजन्यः क्रियां विनाऽभवनात्...). જેમ જ્ઞાન વિના મોક્ષ નથી, તેથી મુક્તિ જ્ઞાનને અવિનાભાવી છે.

તેમ મુક્તિ ક્રિયા વિના પણ નથી, તેથી મુક્તિનું ક્રિયા- અવિનાભાવિત્વ પણ સમાન જ છે. તેથી (इति) મુક્તિની જ્ઞાન-ક્રિયા-ઉભયજન્યત્વની સિદ્ધિ શા માટે ન થાય ? (એટલે માત્ર જ્ઞાનને મોક્ષ કારણ માની શકાય એમ નથી.)

---

वृत्ति :- तथा चाह -

*"[1]णाणं सविसयनियय़ं ण णाणमित्तेण कज्जनिप्फत्ती ।*
*मग्गण्णू दिट्ठंतो होइ सचिट्ठो अचिट्ठो य ॥१॥*

*जाणंतोऽवि य तरिउं काइयजोगं न जुंजई तो जो उ ।*
*सो वुज्झइ सोएणं एवं नाणी चरणहीणो ॥२॥"*

न च मरुदेव्यादीनामपि सर्वसंवररूपा क्रिया नास्ति,

---

શાસ્ત્રમાં કહ્યું જ છે કે- (૧) જ્ઞાન સ્વવિષયને નિયત છે. (જ્ઞાનનો સ્વવિષય = પદાર્થોનો બોધ કરાવવો તે. જ્ઞાન આમાં બંધાયેલું છે.) જ્ઞાનમાત્રથી કાર્યની નિષ્પત્તિ થતી નથી. (કેમકે કાર્ય નિષ્પત્તિ જ્ઞાનના વિષયમાં ન આવે, એ એની બહાર છે. એટલે જ્ઞાન એમાં કશું ન કરી શકે.)

ચેષ્ટાવાળો અને ચેષ્ટારહિત માર્ગજ્ઞાતા દૃષ્ટાન્ત છે. (માર્ગજ્ઞાન માત્ર રસ્તાનો બોધ કરાવે. પણ ઈષ્ટસ્થાનની પ્રાપ્તિ માત્ર એનાથી ન થાય. જે ગમનચેષ્ટા કરે, તે ઈષ્ટસ્થાનને પામે, જે ન કરે, તે ન પામે.) ॥૧॥

(૨) તરવાના જ્ઞાનવાળો પણ જે માણસ કાયિકયોગને ન જોડે = તરવાનો પ્રયત્ન ન કરે. તે પાણીના પ્રવાહ વડે ડુબી જાય. એમ ચારિત્રહીન એવો જ્ઞાની (સંસાર પ્રવાહ વડે ડુબી જાય) ॥૨॥

ાનવાદી. !

તે મરુદેવી વગેરેના દૃષ્ટાન્તો આપ્યા કે 'એમને ક્રિયા વિના જ જ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થઈ.' પણ આ વાત ખોટી છે.

મરુદેવી વગેરેને પણ છેલ્લે સર્વસંવર રૂપ ક્રિયા હતી જ, 'એ ન હતી' એવું તો છે જ નહિ. (ચૌદમા ગુણસ્થાનક વિના મોક્ષ ન થાય. ચૌદમું = સર્વસંવર રૂપ ક્રિયા.) (આ પ્રમાણે જ્ઞાનનયના એકાંતનું ખંડન કરીને હવે ક્રિયાનયના એકાંતનું ખંડન કરે છે.)

---

वृत्ति :- एवं क्रियावादिनाऽपि-'यद् यत्समनन्तरभावि तत् तत्कारणं, यथा पृथिव्यादिसामग्र्यनन्तरजन्मा तत्कारणोऽङ्कुरः, तथा च क्रियानन्तरभाविनी मुक्तिरिति यो हेतुरुपन्यस्तः सोऽप्यनेकान्तिकः, यतः स एवं वाच्यः-यदा शैलश्यवस्थायां सर्वसंवररूपा क्रिया यदनन्तरं मुक्त्यवासिस्तदा ज्ञानमस्ति वा न वेति ?, नास्ति चेच्छैलेश्यवस्थाऽपि कथम्, न हीयं केवलज्ञानं विनाऽवाप्यते,

---

1. ज्ञानं स्वविषयनियतं न ज्ञानमात्रेण कार्यनिष्पत्तिः । मार्गज्ञो दृष्टान्तो भवति सचेष्टोऽचेष्टश्च ॥१॥ जानन्नपि च तरीतुं कायिकयोगं न युनक्ति यस्तु। स उह्यते श्रोतसा एवं ज्ञानी चरणहीनः ॥२॥

अथास्त्येव तदा सकलभावस्वभावावभासि केवलज्ञानम्, एवं च सति कथमुभयाविनाभावित्वेऽपि नोभयफलत्वं मुक्तेः, उक्तं च-[1]"*सहचारित्तेऽवि कहं कारणमेगं न उण एगं*"

---

એમ ક્રિયાવાદીએ પણ ક્રિયાની મોક્ષકારણતા સિદ્ધ કરવા માટે જે હેતુ મુકેલો = બતાવેલો કે–

જે જેના પછી તરત જ થાય, તે તેનાથી જન્ય હોય. દા. ત. અંકુરો પૃથ્વ્યાદિ સામગ્રીની પછી તરત જ થનારો છે, તેથી અંકુરો પૃથ્વ્યાદિ સામગ્રીથી જન્ય છે. પ્રસ્તુતમાં મુક્તિ ક્રિયા પછી તરત થનારી છે, તેથી મુક્તિ ક્રિયાથી જન્ય છે.

(प्रयोगः मुक्तिः क्रियाजन्या क्रियासमनन्तरभावित्वात्) હે ક્રિયાવાદી ! તે હેતુ પણ અનૈકાન્તિક = વ્યભિચારી છે. (જ્ઞાનવાદીનો હેતુ તો વ્યભિચારી છે જ... इति अपि शब्दार्थः)

કારણ કે ક્રિયાવાદીને આ પ્રમાણ કહેવું કે– જ્યારે શૈલેશી અવસ્થામાં સર્વસંવર રૂપ ક્રિયા હોય છે કે જેની પછી તરત જ મોક્ષની પ્રાપ્તિ થાય છે, ત્યારે જ્ઞાન હોય છે ? કે નહિ ?

જો એમ કહો કે– 'જ્ઞાન નથી હોતું' તો એ વાત બરાબર નથી. કારણ કે જો ત્યારે જ્ઞાન નથી તો શૈલેશી–અવસ્થા પણ શી રીતે હોય ? આ શૈલેશી અવસ્થા કેવલજ્ઞાન વિના તો મેળવાતી જ નથી. હવે જો એમ કહો કે– 'ત્યારે તમામ પદાર્થોના સ્વભાવનો ેધ કરાવનાર કેવલજ્ઞાન છે જ.'

તો જો આ પ્રમાણે હોય, તો મુક્તિ જ્ઞાન–ક્રિયા–ઉભયને અવિનાભાવી બની ગઈ. હવે ઉભય–અવિનાભાવી હોય, છતાં પણ તમે મુક્તિને ઉભયજન્ય ન માનો, તો એ શી રીતે સંભવે ? શા માટે મુક્તિ ઉભય–અવિનાભાવી હોવા છતાં ય ઉભયજન્ય ન ગણાય ? ગણાય જ. (અન્યથા તમારો હેતુ ખોટો ઠરે !)

કહ્યું જ છે કે– શૈલેશીદશામાં ાન + ક્રિયા બંને સાથે જ રહેલા છે, છતાં 'ક્રિયા રૂપ એક પદાર્થ કારણ બને, અને જ્ઞાન રૂપ એક પદાર્થ કારણ ન બને.' એ શી રીતે ઘટે ?)

---

वृत्ति :- आह-एवं ज्ञानक्रिययोः प्रत्येकं मुक्तेरवापिका शक्तिरसती कथं समुदायेऽपि भवति ?, न हि यद् येषु प्रत्येकं नास्ति तत्तेषां समुदायेऽपि भवति, यथा प्रत्येकमसत् समुदितास्वपि सिकतासु तैलं, प्रत्येकमसती च ज्ञानक्रिययोः मुक्तेरवापिका शक्तिः,

---

**પ્રશ્ન** : एवं = તમે જે પ્રરૂપણા કરી, એ પ્રમાણે તો નક્કી થાય છે કે એકલા જ્ઞાનમાં મોક્ષને મેળવી આપવાની શક્તિ નથી. એકલી ક્રિયામાં મોક્ષને મેળવી આપવાની શક્તિ નથી. પણ જ્ઞાન–ક્રિયા–ઉભયમાં મોક્ષને મેળવી આપવાની શક્તિ છે.

અહીં પ્રશ્ન એ થાય કે જે શક્તિ પ્રત્યેકમાં નથી, તે શક્તિ એ બધાના સમુદાયમાં પણ શી રીતે હોઈ શકે ? ન જ હોય.

જે વસ્તુ જે દરેકમાં નથી, તે વસ્તુ તેના સમુદાયમાં પણ ન હોય. જેમ તેલ રેતીઓના દરેક કણમાં નથી, તે તેલ રેતીઓના સમુદાયમાં પણ નથી. (એક કાંકરામાં તેલ નથી, તો એવા લાખો કાંકરા ભેગા કરો, તોય એમાંથી ૧ ટીપું પણ તેલ ન નીકળે. પણ ખાંડના એક કણમાં મીઠાશ છે, તો પુષ્કળ ખાંડમાં = સમુદાયમાં પણ મીઠાશ છે.)

પ્રસ્તુતમાં જ્ઞાન અને ક્રિયામાં પ્રત્યેકમાં = એકલા જ્ઞાનમાં કે એકલી ક્રિયામાં મોક્ષને મેળવી આપવાની શક્તિ નથી, તેથી તદુભયમાં પણ એ શક્તિ ન જ માની શકાય.

---

वृत्ति :- तदुक्तम्-

"*पत्तेयमभावाओ निव्वाणं समुदियासुवि ण जुत्तं ।*
*णाणकिरियासु वुत्तुं सिकयासमुदाय तिल्लं व ॥१॥*"[2]

---

1. सहचारित्वेऽपि कथं कारणमेकं न पुनरेकम् । 2. प्रत्येकमभावात् निर्वाणं समुदितयोरपि न युक्तम् । ज्ञानक्रिययोर्वक्तुं सिकतासमुदाये तैलमिव ॥१॥

उच्यते, स्यादेवं यदि सर्वथा प्रत्येकं तयोर्मुक्त्यनुपकारितोच्येत, यदा तु तयोः प्रत्येकं देशोपकारिता समुदाये तु सम्पूर्णहेतुतोच्यते तदा न कश्चिद्दोषः,

---

આ જ પદાર્થ દર્શાવનારો શ્લોક આ પ્રમાણે છે :-

पत्तेयमभावाओ = એકલા જ્ઞાન કે એકલી ક્રિયામાં મોક્ષ નથી, તેથી

समुदियासुवि = ભેગા થયેલા જ્ઞાન-ક્રિયામાં પણ = જ્ઞાન-ક્રિયાના સમૂહમાં પણ મોક્ષ કહેવો યોગ્ય નથી. જેમ રેતીના સમુદાયમાં તેલ...

ઉત્તર : જો એકલા જ્ઞાનમાં મુક્તિની સર્વપ્રકારે અનુપકારિતા = મુક્તિ-અકારણતા કહી હોત,

જો એકલી ક્રિયામાં મુક્તિની સર્વપ્રકારે અનુપકારિતા = મુક્તિ-અકારણતા કહી હોત,

તો एवं स्यात् = જ્ઞાન-ક્રિયા-ઉભયમાં મુક્તિકારણતા = મુક્તિપ્રાપક શક્તિ ન જ માની શકાત. (પણ એવું 'સર્વથા મુક્તિ-અનુપકારિત્વ' કહ્યું જ નથી.) પણ જ્યારે અમે એમ કહીએ છીએ કે- 'એકલા જ્ઞાનમાં મોક્ષની દેશોપકારિતા છે. (મોક્ષ પ્રત્યે દેશતઃ = અંશતઃ કારણતા છે.) એકલી ક્રિયામાં મોક્ષની દેશોપકારિતા છે. (મોક્ષ પ્રત્યે દેશતઃ = અંશતઃ કારણતા છે.)

અને સમુદાયમાં સંપૂર્ણકારણતા `.' ત્યારે કોઈ દોષ નથી.

(સરબતમાં મીઠાશ લાવવી છે, તેનું કારણ છે ખાંડ ! પણ ખાંડનો એક જ કણ સરબતમાં નાંખો તો મીઠાશ આવે ? ના, બે-ચાર નાંખો તો ? તો પછી ત્રણ ચમચી ખાંડ નાંખો, તો મીઠાશ આવે ? હા ! કારણ ?

ખાંડનો એક કણ સરબતમાં થોડીક મીઠાશ તો લાવે જ છે. પણ સંપૂર્ણ મીઠાશ ન લાવી શકે. એટલે કે દરેક કણમાં મીઠાશ રૂપ કાર્ય પ્રત્યે દેશતઃ કારણતા છે જ, એટલે જ કણસમૂહમાં મીઠાશ રૂપ કાર્ય પ્રત્યે સર્વતઃ કારણતા = સંપૂર્ણ કારણતા આવે છે.)

---

वृत्ति :- आह च-

*"वीसुं [1]ण सव्वहु च्चिय सिकयातिल्लं व साहणाभावो ।*
*देसोवकारिया जा सा समवायंमि संपुण्णा ॥१॥"*

अतः स्थितमेतत्-ज्ञानक्रिये समुदिते एव मुक्तिकारणं न तु प्रत्येकमिति तत्त्वं, तथा च पूज्याः-

*"णाणा[2]हीणं सव्वं णाणणओ भणति किं च किरियाए ? ।*
*किरियाए चरणनओ तदुभयगाहो य सम्मत्तं ॥१॥"*

---

કહ્યું છે કે- જેમ રેતીમાં તેલ છે જ નહિ, એમ એકલા જ્ઞાનમાં કે એકલી ક્રિયામાં (वीसुं = विष्वक् = पृथक् = અલગ-અલગ) સાધનનો = કારણતાનો = મોક્ષ કારણતાનો અભાવ છે... એવું નથી. પણ દરેકમાં જે દેશોપકારિતા છે, તે સમવાયમાં = જ્ઞાન-ક્રિયા-ઉભયમાં સંપૂર્ણ થાય છે.

अतः = આથી – स्थितमेतत् = આ પદાર્થ નિશ્ચિત થયો કે- "ભેગા થયેલા એવા જ જ્ઞાન-ક્રિયા મોક્ષનું કારણ છે. પણ એકલું જ્ઞાન કે એકલી ક્રિયા નહિ." આ તત્ત્વ છે = સત્ય છે.

---

1. विष्वग् न सर्वथैव सिकतातैलवत्साधनाभावः । देशोपकारिता या सा समवाये संपूर्णा ॥१॥

2. ज्ञानाधीनं सर्वं ज्ञाननयो भणति किं च क्रियया ? । क्रियायाश्चरणनयः तदुभयग्रहश्च सम्यक्त्वम् ॥१॥

પૂજ્યપુરુષો કહે છે કે – જ્ઞાનનય બોલે છે : બધું જ જ્ઞાનને આધીન છે, ક્રિયા વડે શું કામ છે ?

ચરણનય = ક્રિયાનય બોલે છે : બધું જ ક્રિયાને આધીન છે. (જ્ઞાન વડે શું કામ છે !)

તે બંનેનો = જ્ઞાનનય + ક્રિયાનય બંનેનો સ્વીકાર એ સમ્યક્ત્વ છે.

---

**क्वचित् सौत्र्या शैल्या क्वचिदधिकृतप्राकृतभुवा,**
**क्वचिच्चार्थापत्त्या क्वचिदपि समारोपविधिना ।**

**क्वचिच्चाध्याहारात् क्वचिदविकलप्रक्रमबलादियं**
**व्याख्या ज्ञेया क्वचिदपि तथाऽऽम्नायवशतः ॥१॥**

---

વિનય-અધ્યયનની વ્યાખ્યાનો અંતિમ શ્લોક

આ વ્યાખ્યા જાણવી. (व्याख्या ज्ञेया)

(કેવી જાણવી ? કઈ રીતે થયેલી જાણવી ?)

(૧) કયાંક = કોઈક ગાથામાં સૂત્ર સંબંધી શૈલીથી વ્યાખ્યા કરી છે.

(૨) કયાંક = કોઈક ગાથામાં અધિકૃત = પ્રસ્તુત પ્રાકૃતભાષા રૂપ ભૂમિથી = ભૂમિકાથી આ વ્યાખ્યા કરી છે. (પ્રાકૃતભાષાના આધારથી વ્યાખ્યા કરી છે.)

(૩) કયાંક = અર્થાપત્તિથી વ્યાખ્યા કરી છે.

(૪) કયાંક = સમારોપ-વિધિથી વ્યાખ્યા કરી છે.

(૫) કયાંક = અધ્યાહારથી વ્યાખ્યા કરી છે.

(૬) કયાંક = અવિકલ = યુક્તિ સંગત એવા પ્રક્રમ = પ્રસ્તાવના બળથી વ્યાખ્યા કરી છે.

(૭) કયાંક = તેવા પ્રકારની પરંપરાને અનુસારે વ્યાખ્યા કરી છે. આમ આ વ્યાખ્યા આ સાત પ્રકારે થયેલી જાણવી.

આ સાતેય બાબત સમજવા જેવી છે.

(૧) सौत्रशैलिः – સૂત્રની શૈલિ તે સૌત્ર શૈલિ !

દા. ત. ગાથા-૪માં मुहरि निक्कसिज्जइ શબ્દ છે. ટીકામાં એનો मुखरः અર્થ કરવો છે, પણ मुहरि નો मुखरः શી રીતે થાય ? रि ના इ નું શું ? એટલે ત્યાં વૃત્તિમાં सूत्रत्वाद् वा એમ લખી દીધું.

આ સૂત્રની શૈલિ કહેવાય કે એ मुखर શબ્દ માટે પણ मुहरि શબ્દ વાપરે. (આને प्राकृतत्वात् ન કહેવાય. કારણ કે પ્રાકૃતમાં પણ मुखर ને માટે मुहरो શબ્દ જ વપરાય છે... એટલે જ્યાં પ્રાકૃતભાષા પણ બંધ બેસતી ન હોય, ત્યાં સૂત્રશૈલિ સમજીને વ્યાખ્યા કરવામાં આવે.)

(૨) अधिकृतप्राकृतः પ્રાકૃતભાષાના આધારે વ્યાખ્યા કરાય.

દા. ત. ગા ૧-૯માં संसग्गिं શબ્દ છે, એનો અર્થ કરવો છે, સંસર્ગ ! તો એ શી રીતે થાય ? संसग्गिं તો इ કારાન્ત છે. આ સ્થાને ટીકાકારે प्राकृतत्वात् હેતુ આપ્યો. પ્રાકૃતભાષામાં संसग्गि શબ્દ જ વપરાય છે, તેથી એ પ્રમાણે એ લખ્યો છે. બાકી એનો સંસ્કૃત શબ્દ संसर्गं જ થાય.

(અહીં સૂત્રશૈલિ લેવાની જરૂર નથી, કારણ કે પ્રાકૃતભાષામાં જ संसग्गिं વપરાય છે. ઉપર પ્રાકૃતમાં मुहरि શબ્દ मुखर માટે વપરાતો ન હતો, માટે સૂત્રશૈલિ લેવી પડી.)

(૩) अर्थापत्तिः 'જો આમ ન હોય, તો આ ન ઘટે... માટે આમ હોવું જોઈએ.' આ રીતે જે પદાર્થનો નિર્ણય થાય, તે અર્થાપત્તિ કહેવાય.

દા. ત. 'જાડો દેવદત્ત દિવસે નથી ખાતો...' હવે દેવદત્ત દિનભોજન કરતો નથી, અને સ્થૂલ છે. ખાધા વિના તો સ્થૂલ બને જ નહિ. એટલે એ ખાય છે એ નક્કી, જો. દિનભોજન નહિ કરતો હોય, તો રાત્રિભોજન કરતો જ હશે. એટલે–

'દેવદત્ત રાત્રે ખાય છે' આ નિર્ણય અર્થાપત્તિથી થયેલો નિર્ણય ગણાય. પ્રસ્તુતમાં જોઈએ તો–

૧૮મી ગાથામાં ''જે વંદનને યોગ્ય હોય તે કૃત્ય'' આ પ્રમાણે અર્થ કર્યો. પણ ત્યાં 'એ કૃત્યની આજુ–બાજુ ન બેસવું...' વગેરે જે બતાવ્યું છે એ બધું સામાન્ય સાધુ એવા રત્નાધિકની સાથે તો ઘટે નહિ. હવે ખરેખર તો તેઓ પણ કૃત્ય છે જ. પણ આજુ–બાજુનો વિચાર કરતા અર્થાપત્તિથી સ્પષ્ટ ખ્યાલ આવે કે અહીં કૃત્યની આજુ–બાજુમાં પણ ન બેસવાદિની જે વાત છે, તે આચાર્યાદિ રૂપ વિશિષ્ટ પ્રકારના કૃત્યોમાં જ લેવાય. એટલે જ ટીકાકારે अर्थादाचार्यादयः લખેલ છે. આવા બીજા પણ પદાર્થો अर्थापत्ति થી સમજી લેવા.

(૪) समारोपविधिः કારણમાં કાર્યનો ઉપચાર, કાર્યમાં કારણનો ઉપચાર, વિષયમાં વિષયીનો ઉપચાર, વિષયીમાં વિષયનો ઉપચાર... આવું કહીને જે પદાર્થો નિરૂપેલા હોય, તે સમારોપવિધિ છે. એ ઉપચારને નજર સામે રાખીને પણ ટીકા=વ્યાખ્યા કરવામાં આવે છે.

દા. ત. ૩૧મી ગાથામાં कालं = तत्तत्कालोचितं क्रियाकाण्डं समाचरेत् આમ અર્થ કરેલો છે. અહીં કાલોચિત ક્રિયાકાંડને જ કાલ કહી દીધા. એટલે કે કાલોચિત ક્રિયાકાંડોનો કાલમાં ઉપચાર = આરોપ કરેલો કહેવાય.

ઉપચાર + આરોપ એક જ સમજવા.

૩૫મી ગાથામાં अल्प શબ્દનો અભાવ અર્થ કર્યો. આ પણ આરોપ જ છે.

૩૯મી ગાથામાં कल्याणं = कल्याणहेतुं आचार्य... અહીં આચાર્ય કારણ છે, કલ્યાણ કાર્ય છે, પણ કાર્યમાં જ કારણનો ઉપચાર કરીને = આરોપ કરીને કહ્યું. આ રીતે સમારોપવિધિને અનુસારે વ્યાખ્યાઓ થાય.

(૫) अध्याहारः જે ગાથામાં લખેલું ન હોય, છતાં પદાર્થની પુષ્ટિ માટે = સ્પષ્ટતા માટે બહારથી લેવામાં આવે તે अध्याहार !

ગ્રન્થમાં ઢગલાબંધ વાર गम्यते... થી બહારના શબ્દો, પદાર્થો લેવામાં આવ્યા છે, એનાથી નિર્ણય થાય છે કે આ બધા અધ્યાહાર રૂપે લેવામાં આવે છે. આમ વ્યાખ્યા અધ્યાહારથી થાય.

(૬) प्रक्रमः જે વિષય ચાલતો હોય, એના આધારે જ કેટલુંક સમજી લેવાય તે પ્રક્રમ !

દા. ત. सैन्धवमानय બોલવામાં આવે, તો જો ભોજન સમયે બોલાય તો ભોજન પ્રક્રમથી સમજી શકાય કે सैन्धव = મીઠું... પણ બહિર્ગમન સમયે બોલાય, તો એ બહિર્ગમન પ્રક્રમથી સમજી શકાય કે सैन्धव = ઘોડો...

પ્રસ્તુતમાં ઢગલાબંધ વખત પ્રક્રમ થી અર્થ કરેલા જ છે.

(૭) आम्नायः શબ્દનો બીજો કોઈ અર્થ થતો હોય, એ પ્રસિદ્ધ પણ હોય અને તે તે ગાથામાં તે શબ્દનો એ અર્થ આમ બેસી પણ જતો હોય, પરંતુ પ્રાચીન મુનિઓની પરંપરામાં એનો જે અર્થ માન્ય હોય એને અનુસારે વ્યાખ્યાન કરાય.

દા. ત. સમરેસુ નો પ્રસિદ્ધ અર્થ યુદ્ધ છે, પણ ચૂર્ણિકારે સમર = લુહારોનું કામ કરવાનું સ્થાન... અર્થ લીધો છે. તો ટીકાકારે એ આમ્નાય = પરંપરા પ્રમાણે પહેલા એ જ અર્થ લીધો. આમ આ સાત વસ્તુને અનુસારે વ્યાખ્યાન થાય છે.

**इति श्रीशान्तिसूरिविरचितायां शिष्यहितायामुत्तराध्ययनटीकायां विनयश्रुताख्यं प्रथममध्ययनं समाप्तं ।।**

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના પ્રથમ વિનય-અધ્યયનનો અક્ષરાનુવાદ + ભાવાનુવાદ સંપૂર્ણ થયો.

**नमोऽस्तु तस्मै जिनशासनाय**